


न्यायविशारद-न्यायाचार्य
महोपाध्यायश्री
यशोविजयविरचित टीका-उपेता श्री

# कर्म प्रकृतिः

## ( कम्मपयडि )

• વિવેચનકાર • ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા-સુરત

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||
|| શ્રી જિન પ્રવચનાય નમો નમઃ ||
|| શ્રી સરસ્વતી દેવ્યૈ નમઃ ||










પરમ પૂજ્ય શ્રી શિવશર્મસૂરીશ્વરજી કૃત

# કર્મપ્રકૃતિ અર્થાત્ કમ્મપયડિ બન્ધનકરણ

પરમ પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત
સંસ્કૃત ટીકાના અનુવાદ સ્વરૂપ ભાવાર્થ સાથે

ભાગ-૧

: વિવેચક :
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
(સુઈગામવાળા)

: પ્રકાશક :
શ્રી જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ
સુરત

**પ્રકાશક : જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ગુજરાત, (INDIA)
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦, મો : ૯૮૯૮૩૩૦૮૩૫

**પ્રાપ્તિસ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૯, Ph. (0261) 2763070
Mob. : 9898330835

**શ્રી યશોવિજયજી જૈન**
**સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા. (ઉ. ગુજરાત)
Ph. (02762) 222927

**સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ, ૧લી લેન,
સી.પી. ટેન્ક રોડ, મુંબઈ-૪
Ph. : (022) 2240 4717
2241 2445

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૫૬૬૯૨

**જૈન પ્રકાશન મંદિર**
ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
Ph. (079) 25956806



**પ્રકાશન વર્ષ**
વીર સંવત ૨૫૪૧
વિક્રમ સંવત ૨૦૭૧
ઈસ્વીસન્ ૨૦૧૪-૧૫

**કિંમત :**
**રૂ. ૩૦૦-૦૦**

મુદ્રક : **ભરત ગ્રાફીક્સ,**
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો, ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

॥ શ્રી મહાવીરાય નમઃ ॥





# સાદર સમર્પણ



અમારા પૂજ્ય પિતાશ્રી અને માતુશ્રી

સ્વ. રજનીકાંત હરગોવિંદદાસ તથા સ્વ. કાંતાબેન રજનીકાંત શાહ

અને

સ્વ. રતિભાઈ ત્રિભોવનદાસ તથા સ્વ. કાંતાબેન રતિભાઈ શાહની

સ્મૃતિમાં

## શ્રી સંઘના કરકમલમાં
## સપ્રેમ સમર્પણ

જીતેન્દ્ર રજનીકાંત શાહ

ચેતના જીતેન્દ્ર શાહ

હ્યુસ્ટન, ટેક્સાસ, U.S.A

આ
વ
કા
ર

કમ્મપયડી-કર્મપ્રકૃતિના કર્તા આચાર્ય શ્રી શિવશર્મસૂરિ પ્રાયઃ દસ પૂર્વધર હતા એવું માનવામાં આવે છે. પંદરસો - સોળસો વર્ષ પૂર્વે થયેલા આ મહાપુરુષ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમકાલીન કે પૂર્વકાલીન હોવાનું ઈતિહાસકારો માને છે

'કર્મપ્રકૃતિ'માં જે ગહન કર્મગ્રંથ સંબંધિ ચિંતન છે એ જોતાં ગ્રંથકારશ્રીની વિદ્વત્તા એમની બહુશ્રુતતા આગળ માથું ઝુકી જાય છે.

પાંચમો કર્મગ્રંથ 'શતક' પણ આચાર્ય શ્રી શિવશર્મસૂરિની જ રચના છે. કેટલાક વિદ્વાનો છઠ્ઠા કર્મગ્રંથની રચના પણ તેઓની જ માને છે.

(બીજા કેટલાક વિદ્વાનોના મતે છઠ્ઠો કર્મગ્રંથ 'સપ્તતિકા' શ્રી ચંદ્રમહર્ષિની રચના છે.)

વ્યાખ્યા સાહિત્ય :

ચૂર્ણિ : 'કર્મપ્રકૃતિ' ઉપર સર્વપ્રથમચૂર્ણિની રચના થઈ છે. ચૂર્ણિકાર શ્રી જિનદાસ ગણિ મહત્તર વિક્રમના છઠ્ઠા સૈકામાં થયા હોવાનું ઈતિહાસકારોનું માનવું છે. ૭૦૦૦ શ્લોકપ્રમાણ ચૂર્ણિ ઉપર ૧૯૨૦ શ્લોકપ્રમાણ ટીપ્પણ આચાર્ય મુનિચંદ્રસૂરિએ વિક્રમના બારમા શતકમાં રચ્યું છે.

કર્મપ્રકૃતિને વિશદતાથી સમજાવનાર પ્રારંભિક સાધન તરીકે ચૂર્ણિ ઘણી મહત્ત્વની વ્યાખ્યા છે.

૧૨મા સૈકામાં કર્મપ્રકૃતિ ઉપરની સંસ્કૃતમાં વિશદ વ્યાખ્યા રચનાર આચાર્ય શ્રી મલયગિરિસૂરિએ પોતે જે કંઈ કહ્યું છે એનો સંપૂર્ણ યશ ચૂર્ણિકારશ્રીને આપતાં જણાવ્યું છે કે, <u>अयं गुणश्चूर्णिकृतः समग्रो यदस्मदादिर्वदतीह किञ्चित्</u>

આચાર્ય શ્રી મલયગિરિસૂરિજી કૃત ટીકા :

આચાર્ય શ્રી મલયગિરિસૂરિજીનું સ્થાન ટીકાકારોમાં શ્રેષ્ઠ છે. એમની વ્યાખ્યા સરળ, સુબોધ હોવાથી 'માના ધાવણ'ની ઉપમા એને અપાય છે. ૮૦૦૦ શ્લોકપ્રમાણ આ ટીકા થકી 'કર્મપ્રકૃતિ'ને સમજવાનું સુંદર સાધન બારમા સૈકામાં પ્રાપ્ત થયું.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત ટીકા :

૧૮ મા સૈકામાં ૧૩૦૦૦ શ્લોકપ્રમાણ વિશદ વ્યાખ્યા રચનાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરનું નામ શ્રીસંઘમાં જાણીતું છે. અનેક ગ્રંથો તેઓશ્રીએ રચ્યા છે કાશી જઈને નવ્યન્યાય વગેરેનો અભ્યાસ કરનારા અને ગ્રંથ રચનામાં નવ્ય ન્યાયની શૈલીનો પ્રયોગ કરનારા તેઓશ્રી પ્રથમ છે.

સામાન્ય રીતે આચાર્ય શ્રી મલયગિરિસૂરિજીની રચના થયા પછી બીજા કોઈને તે ગ્રંથ ઉપર કલમચલાવવાની જરૂર ન રહે. ઉપાધ્યાયજી મહારાજ પણ ટીકાના પ્રારંભમાં આ વાત કરતાં જણાવે છે કે, मलयगिरिगिरां या व्यक्तिरत्रास्ति तस्याः किमधिकमिति भक्तिर्मेऽधिगन्तुं न दत्ते ॥

'કર્મપ્રકૃતિ' ગ્રંથ ઉપરની આવી ભક્તિના કારણે રચના કરી છે. એવું પ્રારંભમાં ઉપાધ્યાયજી લખે છે અને અંતે જણાવે છે કે, प्राक्तनार्थलिखनाद्विन्वतो नेह कश्चिदधिको मम श्रमः वीतरागवचनानुरागतः पुष्टमेव सुकृतं तथाख्यतः ॥६॥

મને આમાં શ્રમનથી પડ્યો. કારણ કે

इह चूर्णिकृद्ध्वदर्शकोऽमून्मलयगिरिर्व्यतनोदकष्टकं तम् इति तत्र पदप्रचारमात्राद् पथिकस्येव ममास्त्वभीष्टसिद्धिः ॥३॥मंगलाचरण॥

ટીકાકાર મહોપાધ્યાયજી પોતાની લઘુતા બતાવે છે અને બંન્ને પૂર્વ વ્યાખ્યાકારોને જ જશ આપે છે. છતાં તેઓની પ્રતિભાની છાંટ આ ટીકામાં સ્થળે - સ્થળે દેખાય છે. અનેક વિશિષ્ટ બાબતો તેઓએ ટીકામાં આપી છે.

'કર્મપ્રકૃતિ' ના કર્તા તરીકે ગ્રંથકારનો ઉલ્લેખ ચૂર્ણિકારશ્રીએ કે આચાર્ય મલયગિરિજીએ ક્યાંય કર્યો નથી. જ્યારે ઉપાધ્યાયજીએ સ્પષ્ટ ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે, इह हि भगवान् शिवशर्मसूरिः कर्मप्रकृत्याख्यं प्रकरणमारिप्सुर्ग्रंथादौ...



અને આ ગ્રંથ પૂર્વોદ્ધૃત પદાર્થોથી પવિત્ર છે એવા પણ જણાવતાં કહ્યું છે કે, इदं हि शास्त्रं श्रुतकेवलिस्फुटाधिगम्य पूर्वोद्धृतभावपावनम्

આમઅનેક કર્મગ્રંથ વિષયક રહસ્યનું ઉદ્‌ઘાટન કરતી ઉપાધ્યાયજીની ટીકા અભ્યાસીઓ માટે શ્રેષ્ઠ સાધન છે.


ગૂર્જરાનુવાદ :

કર્મપ્રકૃતિ અને અન્ય વ્યાખ્યા આધારિત અનુવાદ પૂર્વે પ્રગટ થયા છે પણ ઉપાધ્યાયજી મહારાજની ટીકા આધારિત અનુવાદ પંડિતવર્ય શ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતાએ કર્યો છે. આ અનુવાદ અભ્યાસીઓને ઘણો જ સહાયક થશે. એ નિઃશંક છે.

પંડિતજી છ દસકા જેટલા દીર્ઘકાળથી અધ્યાપન કાર્ય કરાવતા રહ્યા છે. કમ્મપયડિનો અભ્યાસ સેંકડો સાધુ-સાધ્વીજીઓને કરાવ્યો છે એટલે વિદ્યાર્થીઓને કઠીનમાં કઠીન પદાર્થ સરળ-સુબોધ કરી સમજાવવાની હથોટી પ્રાપ્ત થયેલ છે.

બાકીના ગ્રંથનો અનુવાદ પણ પંડિતજી શીઘ્ર આપે એ જ આશા.

અભ્યાસીઓ ઉપાધ્યાયજી મ. ની ટીકાનું અધ્યયન વધુ ને વધુ કરે.



-આચાર્ય મુનિચન્દ્રસૂરિજી

# પ્રસ્તાવના...

અનાદિ કાળથી સંસારી આ આત્મા કર્મોના બોજા નીચે ચાર ગતિરૂપ સંસારમાં ભટક્યા જ કરે છે. સર્વે પણ જીવો કર્મને પરવશ હોવાથી સુખ-દુઃખમય આ સંસારમાં ઉપર-નીચે ગમનાગમન કરે છે. તેમાંથી બચવા માટે કર્મતત્ત્વ અવશ્ય જાણવું જોઈએ.

કર્મનું પ્રાથમિક ઘણું વર્ણન છ કર્મગ્રંથોમાં મહાત્મા પરુષોએ કર્યું છે. પરંતુ તેનાથી વધારે સૂક્ષ્મ વર્ણન હાલ વર્તમાનકાળે કર્મ પ્રકૃતિમાંથી જાણવા મળે છે. ભૂતકાળમાં તો કર્મપ્રવાદ નામના પૂર્વમાંથી ઘણું ઘણું જાણવા મળતું હતું. પરંતુ કાળ પ્રભાવે પૂર્વો વિચ્છેદ જતાં હાલ આ શ્રુત જ આપણને ઘણા આધારરૂપ છે. માટે યોગ્ય અભ્યાસાર્થીએ આવા કઠીન ગ્રન્થોનો પણ અભ્યાસ કરવો અતિશય જરૂરી છે. તેમાં સહાયક થવાની ભાવનાથી જ આ ગુજરાતી વિવેચન લખવાને યત્કિંચિત્ આ પ્રયાસ કર્યો છે.

આત્મા અને પુદ્ગલ આ બન્ને પદાર્થો અનાદિકાળથી સંસારમાં છે અને પરસ્પર જોડાયેલા છે. સ્ત્રી-પુરુષના યુગલની જેમ આ બન્ને દ્રવ્યોનું પણ યુગલ જ બનેલું છે. પુદ્ગલ દ્રવ્યના સંયોગે આ જીવ દુઃખ અને ભૌતિક સુખ પામે છે. અને તે દુઃખ-સુખમાંથી મૂકાય પણ છે. આ બધો ઔદયિકભાવ છે. સુખ મળે તો પણ પર એવા કર્મના ઉદયના કારણે જ મળે છે. માટે સુખ મળે તો પણ પરાધીન જ છે. એટલે જ ઉત્તમ આત્માઓ આવા પરતંત્ર સુખને ન ઈચ્છતાં પોતાના આત્માના ગુણોના અનુભવરૂપ સ્વાભાવિક સુખની સદાકાળ ઈચ્છા રાખતા હોય છે કે જેમાં કોઇ ટેન્શન નહીં, કોઇ કાળે તે સુખ ચાલ્યું જાય નહીં.તથા કોઈ પર પદાર્થની જરૂરિયાત જ નહી.

પ્રગટ થયેલું ક્ષાયિકભાવનું સુખ ક્યારેય પણ જતું નથી. તે સુખ મેળવવા માટે અને પ્રતિબંધક એવા કર્મને કાઢવા માટે આઠકરણનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

મિથ્યાત્વાદિ ચાર અથવા પ્રમાદ સાથે પાંચ બંધહેતુઓ વડે આત્માની સાથે જે કાર્મણવર્ગણા બંધાય છે અને આત્માને દુઃખ-સુખ આપવામાં કારણ બને છે તેને કર્મ કહેવાય છે. આ કર્મ પુદ્ગલદ્રવ્ય છે. સૂક્ષ્મ છે, ઈન્દ્રિયથી અગોચર છે. કર્મ એ જડ હોવા છતાં આત્મા ઉપર સામ્રાજ્ય જમાવે છે. માટે તેને દૂર કરવું જ જોઈએ. તે માટે તેનું પણ જ્ઞાન પ્રાપ્ત કરવું અતિશય આવશ્યક છે.

કર્મો કુલ ૮ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. તેના અનુક્રમે ૫+૯+૨+૨૮+૪+૧૦૩+૨+૫=કુલ ૧૫૮ ભેદો છે. તેનું વધારે વર્ણન છ કર્મગ્રંથોમાં આવે જ છે.

કર્મપ્રકૃતિ નામના ગ્રંથમાં આ બંધાયેલા કર્મોમાં બાંધ્યા પછી જે ઉથલ-પાથલ થાય છે. પરિવર્તન થાય છે તેમાં કારણભૂત વપરાતા વીર્યનું જ વધારે વર્ણન છે. કર્મના બંધમાં કારણભૂત જે વીર્ય તે બંધનકરણ, સંક્રમ, થવામાં કારણભૂત જે વીર્ય તે સંક્રમણકરણ એમ કર્મોમાં થતા જુદાં જુદાં જે આઠ કાર્યો છે. તે કાર્યોમાં કારણભૂતપણે વપરાતું જે વીર્ય તે વીર્યને બંધનકરણ, સંક્રમણકરણ ઈત્યાદિ નામે વ્યવહાર થાય છે તેનું જ આ ગ્રંથમાં ઘણા જ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

કરણ કુલ-૮ (આઠ) છે. (૧) બંધનકરણ, (૨) સંક્રમણકરણ, (૩) ઉદ્વર્તનાકરણ, (૪) અપવર્તનાકરણ, (૫) ઉદીરણાકરણ, (૬) ઉપશમનાકરણ, (૭) નિદ્ધતિકરણ અને (૮) નિકાચનાકરણ. આ આઠ કરણોને સમજાવતો આ કર્મપ્રકૃતિ નામનો ગ્રંથ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી શિવશર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબે બનાવેલ છે.

આ ગ્રંથના હાર્દને સમજાવનારાં મુખ્યત્વે ત્રણ આલંબનો છે. (૧) પૂર્વાચાર્ય કૃત ચૂર્ણિ :- જે પ્રાપ્ત થાય છે. તે સૌથી પ્રથમ આલંબન છે. (૨) આ ગ્રંથ ઉપર પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી મલયગિરિજી મહારાજશ્રીએ બનાવેલી સરળ ભાષામય સંસ્કૃત ટીકા આ બીજું આલંબન છે. (૩) તથા પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વાચકવરે બનાવેલી સંસ્કૃત ટીકા આ ત્રીજું આલંબન છે. જો કે ગુજરાતી ભાષામાં થયેલાં ભાષાન્તરો વિગેરે તો ઘણાં આલંબનો છે. પરંતુ મહાત્મા પુરુષો વડે સંસ્કૃત-પ્રાકૃત આદિ ભાષામાં લખાયેલ ગ્રંથરૂપે તો મુખ્યત્વે આ ત્રણ આલંબનો હાલ મળે છે.

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ તથા તેમની પાસે અભ્યાસ કરતા મહાત્મા પુરુષોએ આ ત્રણે ટીકાની સાથે કર્મપ્રકૃતિ નામનો આ ગ્રંથ થોડાક વર્ષો પહેલાં પ્રકાશિત કર્યો છે. જે હાલ ભણવા-ભણાવવાના કામમાં મુખ્યત્વે આધારરૂપે લેવાય છે.

પૂજ્ય ચંદ્રર્ષિ મહત્તરાચાર્યે પણ પંચસંગ્રહ નામના ગ્રંથની સુંદર રચના કરી છે. તેના બીજા ભાગમાં આ જ કર્મપ્રકૃતિમાં આવતાં આઠ કરણોનું જ સુંદર વિવેચન કરેલું છે. પંચસંગ્રહની મૂળગાથાઓની રચના વધારે સરળ ભાષામાં છે. જ્યારે કમ્મપયડિની ગાથાઓની રચના કંઈક અંશે કઠીન રચનાવાળી છે. પરંતુ બન્નેમાં વિષય આઠ કરણો સમજાવવાનો એક જ છે. તેથી એક બીજા ગ્રંથો એક બીજાના પૂરક થાય છે.

હાલ વર્તમાનકાળે આ ગ્રંથો સુધીનું જ લગભગ જ્ઞાન પ્રવર્તે છે. કાળ પ્રભાવે ઘણું ઘણું જ્ઞાન નાશ પામી ગયું છે. હાલ છે તેને ભણનારા જીવોની સંખ્યા પણ ઘણી જ અલ્પ છે આપણે આશા રાખીએ કે પાંચમા આરાના છેડા સુધી આવા ગ્રંથો રચાતા રહે અને ભણાતા રહે.

આઠે કરણોમાં પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ એમ ચારે પ્રકારે વિષય સમજાવવામાં આવ્યો છે. આ ગ્રંથને સમજાવવામાં પૂજ્ય ગુરુજી શ્રી પુખરાજભાઈ અમીચંદભાઈએ કરેલ પંચસંગ્રહ બીજા ભાગનું વિવેચન ઘણું જ ઉપયોગી થાય તેમ છે. તો ખંતથી આવા મહાગ્રંથોનો અભ્યાસ કરવો જીવનમાં ઘણો જ જરૂરી છે.

કમ્મપયડિ ભણનારા જીવો દિન-પ્રતિદિન ઘટતા જાય છે. તેને ધ્યાનમાં રાખીને આ વિષયને શક્ય બને તેટલો સરળ બનાવવા અમે આ પ્રયત્ન કર્યો છે. પૂજ્ય યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત સંસ્કૃત ટીકાનો આધાર લઇને કમ્મપયડિના વિષયો ચાર ભાગમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

(૧) પ્રથમ ભાગમાં માત્ર બંધનકરણ સમજાવાશે.

(૨) બીજા ભાગમાં સંક્રમણ, ઉદ્વર્તના અને અપવર્તનાકરણ સમજાવાશે.

(૩) ત્રીજા ભાગમાં ઉદીરણા અને ઉપશમનાકરણ સમજાવાશે. તથા

(૪) ચોથા ભાગમાં નિદ્ધતિનિકાચના, ઉદય, સત્તા અને સ્પર્ધક વિગેરે બાકીના તમામ વિષયો સમજાવાશે.

અભ્યાસક વર્ગને મારી ખાસ વિનંતી છે કે ચિત્તને આ વિષયમાં બરાબર પરોવીને આ ગ્રંથ ભણજો. જો સાંગોપાંગ સંપૂર્ણ આ ગ્રંથ સમજાશે તો તમને તથા તમારા દ્વારા શ્રી સંઘને ઘણો જ ઘણો લાભ થશે. કર્મગ્રંથના જ વિષયો છે. કમ્મપયડિ ભણવાથી અને ભણાવવાથી કર્મગ્રંથો વધારે ખીલે છે અને અભ્યાસ મજબૂત થાય છે.

આઠે આ કરણો એક પ્રકારનું જીવનું વીર્ય વિશેષ જ છે. વીર્ય એ કરણ છે અને બંધસંક્રમ વિગેરે આઠ કાર્યો છે. તે આઠ કાર્યો માટે વપરાતા વીર્યનું જ આ વર્ણન છે.

પૂજ્ય શિવશર્મસૂરીશ્વરજી મહારાજશ્રી પૂર્વધર હતા. એટલે આ ગ્રંથ ઘણો જુનો છે. પ્રાકૃત ભાષામાં તેઓશ્રીએ રચ્યો છે.

હાલ વર્તમાનકાળે ભણાતી સંસ્કૃત ટીકાઓ પૂજ્ય શ્રી મલયગિરિજી મ.શ્રીની તથા ન્યાયવિશારદ પૂજ્ય શ્રી યશોવિજયજી મહારાજશ્રીની છે. તેથી પાછલી ટીકાનો આધાર લઇને આ ગુજરાતી વિવેચન તૈયાર કર્યું છે.

ચતુર્વિધ શ્રીસંઘને મારી ખાસ વિનંતી છે કે, શક્ય બને તેટલો વધારે સારો આ ગ્રંથનો અભ્યાસ કરજો અને કરાવજો. પરમાત્મા શ્રી મહારવીરસ્વામી ભગવંતે પ્રગટ કરેલા આ શ્રુતજ્ઞાનરૂપી દીપકમાં ચમચી ચમચી ઘી પૂરવારૂપે કાર્ય કરવાનું ચાલુ રાખજો. તો પાંચમા આરાના છેડા સુધી આ ગ્રંથો ચાલશે અને ઘણા ભવ્ય આત્માઓનું કલ્યાણ પણ થશે.

વિવેચન લખવામાં ઘણી કાળજી રાખી છે, છતાં છદ્મસ્થતાના કારણે કંઇપણ ભૂલચૂક થઇ હોય તો ચતુર્વિધ સંઘ સમક્ષ ક્ષમાયાચના કરું છું.

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,

નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ, સુરત - ૯

**ફોન : (૦૬૧) ૨૭૬૩૦૭૦**

**મો. : ૯૮૯૮૩ ૩૦૮૩૫**

# અમારા અન્ય પ્રકાશનો

૧. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત :-** નવકારથી સામાઈય-વયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણ-સ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ :-** દેવસી-રાઈઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા :-** પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ :-** જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. **યોગવિંશિકા :-** ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. **યોગશતક :-** સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. **યોગદૃષ્ટિ સમુચ્ચય :-** પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. **પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક) :-** સરળ ગુજરાતી વિવેચન.

૯. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૨. **પંચમકર્મગ્રન્થ (શતક) :-** પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

१३. **છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા) :-** છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

१४. **તત્ત્વાર્થાધિગમસૂત્ર :-** સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

१५. **સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય :-** ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

१६. **આઠ દૃષ્ટિની સજ્ઝાય :-** પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

१७. **સવાસો ગાથાનું સ્તવન :-** પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

१८. **નવસ્મરણ :-** મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઈંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઈંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

१९. **પૂજા સંગ્રહ સાર્થ :-** પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

२०. **સ્નાત્રપૂજા સાર્થ :-** પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

२१. **શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત :-** વિવેચન સહ.૯

२२. **શ્રી વાસ્તુપૂજા સાર્થ :-** પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

२३. **રત્નાકરાવતારિકા(ભાગ-१) :-** પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નાપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

२४. **રત્નાકરાવતારિકા (ભાગ-२) :-** પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

२५. **રત્નાકરાવતારિકા (ભાગ-3) :-** પરિચ્છેદ ૬-૭-૮. પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

૨૬. **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ :-** પૂ. ઉ. શ્રીયશોવિ. મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન અર્થ સાથે.

૨૭. **અઢાર પાપસ્થાનકની સજ્ઝાય :-** અર્થ વિવેચન સાથે.

૨૮. **સમ્મતિ પ્રકરણ :-** પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

૨૯. **ગણધરવાદ :-** પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂજ્યપાદ આચાર્ય શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે ''ગણધરવાદ''.

૩૦. **જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી :-** દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

૩૧. **અમૃતવેલની સજ્ઝાય :-** અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

૩૨. **યોગસાર :-** પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન છે.

૩૩. **શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨)** : પ્રથમ ભાગમાં ૧થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩થી૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે.

૩૪. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. (માત્ર બંધનકરણ)

૩૫. **નિહ્નવવાદ :-** પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિકૃત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત ભગવાન મહાવીર પ્રભુની વાત ન સ્વીકારનારા નિહ્નવોની માન્યતા તથા ચર્ચા.

૩૬. **અધ્યાત્મ ગીતા :-** પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મરસથી ભરેલી ગીતા.

## ભાવિમાં પ્રકાશિત થનારા ગ્રંથો

૩૪. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. (સંક્રમણકરણ આદિ બાકીના ત્રણ ભાગો)

# અનુક્રમણિકા


| | વિષય (બંધનકરણ) | ગાથા નંબર | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | મંગલાચરણ | ૧ | ૨ |
| ૨ | આઠ કરણોના અર્થ | ૨ | ૫૮ |
| ૩ | યોગ પ્રરૂપણા(દ્વાર - ૧૦) | ૩ થી ૫ | ૫૯ થી ૬૬ |
| ૪ | યોગની વર્ગણા અને સ્પર્ધકો | ૬ થી ૧૦ | ૬૭ થી ૭૬ |
| ૫ | યોગની વૃદ્ધિનો કાળ | ૧૧-૧૨ | ૭૭-૭૮ |
| ૬ | યોગસ્થાનકોમાં જીવનો અવસ્થિતિ કાળ | ૧૩ | ૭૮ થી ૮૦ |
| ૭ | યોગસ્થાનકનું અલ્પ બહુત્વ | ૧૪ થી ૧૬ | ૮૧ થી ૮૪ |
| ૮ | યોગ દ્વારા પુદ્ગલનું ગ્રહણ | ૧૭ | ૮૪ થી ૮૫ |
| ૯ | પુદ્ગલોની ગ્રાહ્ય-અગ્રાહ્ય વર્ગણા | ૧૮ થી ૨૧ | ૮૬ થી ૧૦૦ |
| ૧૦ | સ્નેહ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા | ૨૨ | ૧૦૧ થી ૧૦૪ |
| ૧૧ | નામ પ્રત્યય તથા પ્રયોગ પ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા | ૨૩ | ૧૦૫ થી ૧૦૭ |
| ૧૨ | સ્થાન પ્રરૂપણા | ૨૩ | ૧૦૮ થી ૧૧૩ |
| ૧૩ | પ્રકૃતિબંધ આદિ ચાર પ્રકારના બંધની વિચારણા | ૨૪ | ૧૧૪ થી ૧૧૬ |
| ૧૪ | પ્રકૃતિબંધમાં જઘન્યાદિ ચાર પ્રકારના બંધની વિચારણા | ૨૪ | ૧૧૬ થી ૧૧૭ |
| ૧૫ | પ્રકૃતિબંધમાં સાદ્યાદિના ભાંગા | ૨૪ | ૧૧૮ થી ૧૧૯ |
| ૧૬ | પ્રદેશબંધમાં દલિકોની વહેંચણી | ૨૫ થી ૨૮ | ૧૨૦ થી ૧૩૩ |
| ૧૭ | પ્રદેશબંધમાં સાદ્યાદિના ભાંગા | ૨૮ | ૧૩૪ થી ૧૩૮ |
| ૧૮ | પ્રદેશબંધમાં સ્વામિત્વની પ્રરૂપણા | ૨૮ | ૧૩૯ થી ૧૪૮ |
| ૧૯ | રસબંધનો પ્રારંભ(૧૪ દ્વારો) વર્ગણા સ્પર્ધક અને સ્થાનની પ્રરૂપણા | ૨૯ થી ૩૧ | ૧૪૯ થી ૧૫૨ |
| ૨૦ | કંડકની તથા ષડ્સ્થાનની પ્રરૂપણા | ૩૨ થી ૩૭ | ૧૫૩ થી ૧૬૨ |
| ૨૧ | અધસ્તન સ્થાન પ્રરૂપણા | ૩૭ | ૧૬૨ થી ૧૬૮ |
| ૨૨ | વૃદ્ધિસ્થાન પ્રરૂપણા | ૩૮ | ૧૬૮ થી ૧૬૯ |
| ૨૩ | અવસ્થાન કાળની પ્રરૂપણા | ૩૯ | ૧૬૯ થી ૧૭૦ |
| ૨૪ | યવમધ્ય તથા ઓજોયુગ્મ પ્રરૂપણા | ૪૦ થી ૪૨ | ૧૭૦ થી ૧૭૪ |
| ૨૫ | અલ્પબહુત્વની પ્રરૂપણા | ૪૩ | ૧૭૫ થી ૧૮૦ |
| ૨૬ | અનુભાગબંધના સ્થાનોમાં જીવની પ્રરૂપણા | ૪૪ | ૧૮૧ થી ૧૮૨ |
| ૨૭ | અનુભાગબંધના સ્થાનોમાં કાળની પ્રરૂપણા | ૪૫ | ૧૮૩ |

| | વિષય | ગાથા નંબર | પાના નંબર |
|---|---|---|---|
| ૨૮ | અનુભાગબંધના સ્થાનોમાં જીવોનું અલ્પબહુત્વ | ૪૬ | ૧૮૪ |
| ૨૯ | અનુભાગબંધના સ્થાનોમાં જીવોની પરંપરોપનિધા | ૪૭ થી ૪૮ | ૧૮૫ |
| ૩૦ | અનુભાગબંધના સ્થાનોમાં સ્પર્શના કાલ | ૪૯ થી ૫૧ | ૧૮૬ થી ૧૯૦ |
| ૩૧ | સ્થિતિસ્થાનો, સ્થિતિબંધના હેતુભૂત કાષાયિક સ્થાનો તથા અનુભાગબંધના હેતુભૂત લેશ્ય જન્ય સ્થાનોનું અલ્પબહુત્વ | ૫૨ થી ૫૪ | ૧૯૦ થી ૧૯૪ |
| ૩૨ | સ્થિતિસ્થાનોમાં અનુભાગબંધના અધ્યવસાય સ્થાનોનું અલ્પબહુત્વ | ૫૬ | ૧૯૫ થી ૧૯૬ |
| ૩૩ | પ્રકૃતિઓના ચાર વર્ગની અનુકૃષ્ટિ | ૫૭ થી ૬૧ | ૧૯૬ થી ૨૦૩ |
| ૩૪ | તિર્યંચદ્વિક અને નીચગોત્રની અનુકૃષ્ટિ | ૬૨ થી ૬૩ | ૨૦૩ થી ૨૦૫ |
| ૩૫ | ત્રસાદિ ચતુષ્કની અનુકૃષ્ટિ | ૬૪ | ૨૦૬ થી ૨૦૭ |
| ૩૬ | તીવ્રમંદતાની પ્રરૂપણા | ૬૫ થી ૬૭ | ૨૦૭ થી ૨૨૨ |
| ૩૭ | અનુભાગબંધમાં સાદ્યાદિની પ્રરૂપણા | ૬૭ | ૨૨૨ થી ૨૨૬ |
| ૩૮ | અનુભાગબંધમાં સ્વામિત્વની પ્રરૂપણા | ૬૭ | ૨૨૬ થી ૨૪૨ |
| ૩૯ | સ્થિતિસ્થાન પ્રરૂપણા | ૬૮-૬૯ | ૨૪૨ થી ૨૪૪ |
| ૪૦ | સર્વેપણ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ પ્રરૂપણા | ૭૦ થી ૭૫ | ૨૪૫ થી ૨૫૩ |
| ૪૧ | સર્વેપણ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ પ્રરૂપણા | ૭૬ થી ૭૯ | ૨૫૩ થી ૨૬૩ |
| ૪૨ | એકેન્દ્રિયાદિ જીવોમાં બંધાતા કર્મોની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિબંધની પ્રરૂપણા | ૮૦ થી ૮૨ | ૨૬૪ થી ૨૬૭ |
| ૪૩ | નિષેક રચનાની પ્રરૂપણા | ૮૩ થી ૮૪ | ૨૬૮ થી ૨૭૦ |
| ૪૪ | અબાધા કંડકની પ્રરૂપણા | ૮૫ | ૨૭૦ થી ૨૭૧ |
| ૪૫ | દશ બોલોનું અલ્પબહુત્વ | ૮૬ | ૨૭૨ થી ૨૭૬ |
| ૪૬ | સ્થિતિ સમુદાહારમાં પ્રગણનાનું કથન | ૮૭-૮૮ | ૨૭૬ થી ૨૭૯ |
| ૪૭ | પ્રકૃતિ સમુદાહારનું વર્ણન | ૮૯ | ૨૮૦ થી ૨૮૨ |
| ૪૮ | જીવ સમુદાહારનું વર્ણન | ૯૦ | ૨૮૨ થી ૨૮૩ |
| ૪૯ | પુણ્યપ્રકૃતિઓના ચતુઃસ્થાનિક આદિ ત્રણ પ્રકારના રસના બંધક જીવોનું વર્ણન | ૯૧ થી ૯૫ | ૨૮૩ થી ૨૮૯ |
| ૫૦ | દ્વિસ્થાનિક-ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક રસના બંધક જીવોમાં અલ્પબહુત્વ | ૯૬ થી ૯૭ | ૨૯૦ થી ૨૯૨ |
| ૫૧ | સ્થિતિબંધમાં કેટલાક બોલોનું અલ્પબહુત્વ | ૯૮ થી ૧૦૦ | ૨૯૩ થી ૨૯૬ |
| ૫૨ | અનુભાગબંધના બંધક જીવોનું અલ્પબહુત્વ | ૧૦૧ | ૨૯૭ |
| ૫૩ | સ્થિતિબંધમાં સાદ્યાદિની પ્રરૂપણા | ૧૦૧ | ૨૯૭ થી ૩૦૦ |
| ૫૪ | સ્થિતિબંધમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધનું સ્વામિત્વ | ૧૦૧ | ૩૦૧ થી ૩૦૬ |
| ૫૫ | સ્થિતિબંધમાં જઘન્ય સ્થિતિબંધનું સ્વામિત્વ | ૧૦૧ | ૩૦૭ થી ૩૦૮ |
| ૫૬ | ગ્રન્થનો ઉપસંહાર | ૧૦૨ | ૩૦૯ |

॥ ॐ ह्रीं श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

॥ श्री सरस्वत्यै नमः ॥

॥ महोपाध्यायश्री श्रीकल्याणविजयजीगणि शिष्यगणपण्डित
श्री लाभविजयगणि शिष्यशिरोमणि पण्डित श्रीनयविजय गुरुभ्यो नमः ॥

न्यायविशारद-न्यायाचार्य-महोपाध्यायश्री
यशोविजयविरचित टीका-उपेता
पूज्य श्री शिवशर्मसूरिजी कृता

# कर्मप्रकृतिः ( कम्मपयडि )

ऐन्द्री समृद्धिर्यदुपास्तिलभ्या, तं पार्श्वनाथं प्रणिपत्य भक्त्या ।
व्याख्यातुमीहे सुगुरुप्रसादमासाद्य कर्मप्रकृतिं गभीराम् ॥१॥

मलयगिरिगिरां या व्यक्तिरस्ति तस्याः ।
किमधिकमिति भक्तिर्मेऽधिगन्तुं न दत्ते ॥
वद वदन पवित्री भावमुद्भाव्य भाव्यः ।
श्रम इह सफलस्ते नित्यमित्येव वक्ति ॥२॥

इह चूर्णिकृदध्वदर्शकोऽभूत्मलयगिरिर्व्यतनोदकण्टकं तम् ।
इति तत्र पदप्रचारमात्रात्, पथिकस्येव ममास्त्यभीष्टसिद्धिः ॥३॥

ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય એવા મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ** દ્વારા રચાયેલી એવી સંસ્કૃત ટીકાથી યુક્ત **પૂજ્યશ્રી શીવશર્મસૂરિજી** કૃત **"કર્મપ્રકૃતિઃ"** (**કમ્મપયડિ**) શરૂ કરાય છે.

જેમની સેવા કરવાથી ઇન્દ્રસંબંધી સમૃદ્ધિ પણ પ્રાપ્ત કરી શકાય છે. એવા (પ્રભાવશાળી)શ્રી પાર્શ્વનાથ પરમાત્માને (હૃદયના) ભક્તિભાવ પૂર્વક નમસ્કાર કરીને તથા સુગુણ એવા ગુરુ ભગવંતોની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત કરીને ગંભીર એવા **કર્મપ્રકૃતિ** નામના ગ્રંથનું વિવેચન કરવાને હું (યશોવિજયજી) ઇચ્છુ છું (હું તૈયાર થયો છું) ॥૧॥

આ કર્મપ્રકૃતિ ઉપર શ્રી મલયગિરિજી મહારાજ સાહેબની બનાવેલી સ્પષ્ટ સમજાય તેવી ટીકા છે તે વાણીથી અધિક હું શું કહેવાનો છું ? (કે જેના કારણે મારે આ પ્રયાસ કરીને

ટીકા બનાવવી પડે) આવો વિચાર કરવાની તક પણ આ ગ્રન્થ ઉપરથી ભક્તિ મને આપતી નથી (તેને બદલે આ ગ્રન્થ ઉપરની ભક્તિ તો) મને દરરોજ આમ કહ્યા જ કરે છે કે વદન! (હે મુખ!) હૃદયમાં પવિત્રભાવ ધારણ કરીને (કર્મપ્રકૃતિ નામના આ મહાગ્રન્થ ઉપર) કંઈક બોલ, (કંઈક લખ). આ ગ્રંથ ઉપર તારો લખવાનો પુરુષાર્થ (પરિશ્રમ) સફળ જ છે. આમ જ તું સમજ. આ ગ્રન્થ ઉપરની ભક્તિ સદા મને આમ જ કહ્યા કરે છે. પ્રેરણા કર્યા જ કરે છે. તેથી આ વિવેચન લખવા હું પ્રેરાયો છું. ।।૨।।

આ કર્મપ્રકૃતિ ગ્રન્થ ઉપર સંસ્કૃત ભાષામાં ટીકા બનાવવામાં સૌથી પ્રથમ તો ચૂર્ણિકાર ગુરુભગવંત મને માર્ગદર્શક થયા છે. (ગ્રન્થ ઘણો જ કઠીન અને દુર્ગમ હતો. અંદર પ્રવેશ કરવો શક્ય જ ન હતો. પરંતુ ચૂર્ણિકારે ચૂર્ણિ રચી છે. તે વાંચીને હું તે ગ્રંથમાં કંઈક પ્રવેશ પામ્યો). ત્યારબાદ પૂજ્ય શ્રીમલયગિરિજી મહારાજશ્રીએ ટીકાની રચના કરીને તે ગ્રન્થનું અધ્યયન કરવાના માર્ગને કાંટા-કાંકરા વિનાનો બનાવ્યો. (પૂજ્ય મલયગિરિજી મહારાજશ્રીએ સંસ્કૃત ટીકા બનાવીને તે ગ્રંથમાં આદિથી અંત સુધી પ્રવેશ કરવાના માર્ગને કાંટા-કાંકરા વિનાનો બનાવીને પાકો રોડવાળો રસ્તો કર્યો છે.

એટલે મારે તો તે પાકા રોડ રસ્તા ઉપર મુસાફરની જેમ પગલાં જ માંડીને ચાલવાનું જ (દોડવાનું જ) માત્ર કરવાનું છે. આમ ચાલવાની પ્રક્રિયા માત્ર કરવાથી જ મારા ઈષ્ટની સિદ્ધિ રહેલી છે. (મારે ઘણી મહેનત કરવાની છે જ નહીં. ચૂર્ણિકાર અને મલયગિરિજી મહારાજશ્રીએ બનાવેલા અને નિષ્કંટક કરેલા રોડમાર્ગ ઉપર મારે તો દોડવાનું જ માત્ર છે) ।।૩।।

**इह हि भगवान् शिवशर्मसूरिः कर्मप्रकृत्याख्यं प्रकरणमारिप्सुर्ग्रन्थादौ विघ्नविघाताय शिष्टाचारपरिपालनाय च मङ्गलमाचरन् प्रेक्षावत्प्रवृत्तयेऽभिधेयप्रयोजनादि प्रतिपादयति-**

અહીં કર્મપ્રકૃતિ નામનો આ મહાગ્રન્થ આરંભ કરવાની ઈચ્છાવાળા ભાગ્યશાળી એવા શ્રી શિવશર્મસૂરીશ્વરજી મહારાજશ્રી કર્મપ્રકૃતિ નામનો ગ્રન્થ પ્રારંભ કરતાં પ્રથમ વિઘ્નોના વિનાશ માટે તથા શિષ્ટ પુરુષોના આચારોનું પાલન કરવા માટે **મંગલાચરણનું** આચરણ કરતા એવા તેઓશ્રી "વિદ્વાન્ માણસો આ ગ્રન્થનું અધ્યયન કરવાની પ્રવૃત્તિ કરે" તે માટે અભિધેય અને પ્રયોજન વિગેરે સમજાવે છે.

**सिद्धं सिद्धत्थसुअं, वंदिय णिद्धोयसव्वकम्ममलं ॥**
**कम्मट्ठगस्स करणट्ठग मुदयसंताणि वोच्छामि ॥१॥**

ગાથાર્થ - સિદ્ધ થયેલા (મુક્તિ પામી ચુકેલા), અને સિદ્ધાર્થરાજાના પુત્ર, તથા ધોઈ નાખ્યો છે સર્વકર્મમલ જેમણે એવા શ્રી મહાવીર પરમાત્માને પ્રણામ કરીને આઠ કર્મોનાં આઠ કરણો અને ઉદય તથા સત્તાનું સ્વરૂપ (હું આ ગ્રન્થમાં) સમજાવીશ. ।।૧।।

व्याख्या :- सिद्धं वन्दित्वेति क्रियायोगः । स च नामतोऽपि कश्चिद् भवतीति तद्व्यवच्छेदार्थं विशेषणमाह- निर्धौतसर्वकर्ममलं नितरामपुनर्भावेन धौतो ज्ञानदर्शनचारित्र सलिलेन प्रक्षालितः सर्व एव कर्ममलो येन स तथा, तं । विशेष्यमाह- सिद्धार्थसुतं- सिद्धार्थनरेन्द्रापत्यं वर्धमानमित्यर्थः । यद्वा- सिद्धमित्येव विशेष्यं, सिद्धत्थसुअमिति विशेषणं, तत्र च सिद्धार्थं सिद्धप्रयोजनं संसारनिस्तारकरणेन श्रुतं = प्रवचनं यस्येत्यर्थाद् वचनातिशयो लभ्यते ।

स्वकीयानन्तज्ञानाकलितभावावबोधात्सिद्धार्थाः सिद्धप्रयोजनाः सुता इव सुताः शिष्या गणधरादयो यस्य स तथा तमित्यर्थादावृत्त्या ज्ञानातिशयो लभ्यते । "सिद्धार्थ" इति भावप्रधाननिर्देशादमरनरेन्द्रादिपूजार्हत्वगुणेन सिद्धार्थतया श्रुतं प्रसिद्धमित्यर्थादावृत्त्या पूजातिशयो लभ्यते ।

अपायापगमातिशयस्तु निर्धौतसर्वकर्ममलमित्यनेनावेदित एवेति भगवतोऽतिशयचतुष्टयं निष्टंकितं भवति । तमित्थंभूतं वन्दित्वा वक्ष्यामि- कथयिष्यामि कर्माष्टकस्य बन्धसङ्क्रमादि हेतुभूतं करणाष्टकमुदयसत्ते च ।

तत्र कर्माष्टकस्वरूपमिह बहूपयोगीति सप्रभेदं पञ्चसङ्ग्रहानुसारेण लिख्यते -

ભાષાન્તર- "सिद्धं वन्दित्वा" સિદ્ધ થયેલા પરમાત્માને વંદના કરીને આમ ક્રિયાપદ સાથે सिद्धं પદને જોડવું. હું સિદ્ધ પરમાત્માને અથવા સિદ્ધગતિ પામેલા એવા પરમાત્મા શ્રી મહાવીર પ્રભુને વંદના કરીને આ ગ્રન્થનો પ્રારંભ કરું છું. આમ सिद्धं પદને वन्दित्वा પદ સાથે જોડવું.

सिद्धं શબ્દથી સિદ્ધ એવા પરમાત્માને હું વંદના કરૂં છું ત્યાં તે સિદ્ધ તો કોઈક નામમાત્રથી પણ હોઈ શકે છે. હાલ વર્તમાન કાલમાં પણ સિદ્ધકુમાર આવાં નામો જોવા મળે છે એટલે આગલ-પાછળ જો કોઈ વિશેષણ ન લખીએ તો આવા નામધારી સિદ્ધને પણ નમસ્કાર થઈ જાય તે વાતનો વ્યવચ્છેદ કરવા માટે એક વિશેષણ કહે છે કે- णिद्धोय-सव्वकम्ममलं=ધોઈ નાખ્યાં છે સર્વ-કર્મમલ જેઓએ એવા પરમાત્માને વંદના કરીને ॥

અહીં निर्धौत શબ્દમાં જે निर् ઉપસર્ગ છે. એનો અર્થ नितरां = અતિશય ધોઈ નાખ્યાં છે એટલે કે ફરીથી ક્યારેય પણ આવે નહીં આમ અપુનર્ભાવે ધોયો છે કર્મમેલ જેઓએ એવા મહાવીર પ્રભુ અર્થાત્ જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ આત્માના ત્રણ ગુણો રૂપી પાણી વડે ધોઈ નાખ્યો છે સર્વ કર્મમેલ જેઓએ તેવા પ્રકારના તે (મહાવીર પ્રભુને). ॥

આવા પ્રકારના સર્વ કર્મમેલને ધોનારા કોણ છે ? તો હવે તેનું વિશેષ્ય જણાવે છે કે- सिद्धार्थसुतं = સિદ્ધાર્થરાજાના પુત્ર અર્થાત્ શ્રી વર્ધમાનસ્વામી ચરમતીર્થપતિ. તેમને નમસ્કાર કરીને હું આ ગ્રન્થ શરૂ કરૂ છું.

यद्वा सिद्धमित्येव विशेष्यं= અથવા सिद्धं આ પ્રમાણે જે પ્રથમ શબ્દ છે. તે વિશેષ્યવાચી છે. અને "सिद्धत्थसुअम्" આ પદ વિશેષણવાચી છે. ત્યાં આ પ્રમાણે અર્થ થાય છે. ત્યાં સિદ્ધાર્થ એટલે સિદ્ધ પ્રયોજન વાળું એટલે કે જીવોને સંસારથી પાર કરવા વડે શ્રુતં એટલે પ્રસિદ્ધ એવું છે પ્રવચન જે મહાત્માપુરુષનું આવો અર્થ કરવાથી સંસારનો પાર કરાવે એવા પ્રવચનવાળા પરમાત્મા આમ અર્થ થવાથી પરમાત્માનો **વચનાતિશય** ધ્વનિત થાય છે.

તથા પોતાના અનંતજ્ઞાન દ્વારા (કેવળજ્ઞાન દ્વારા) પદાર્થોના સર્વ ભાવો જાણેલા હોવાથી सिद्धार्थाः = સિદ્ધ પ્રયોજનવાળા, પુત્રની જેવા સુત એટલે શિષ્યો ગણધર વિગેરે થયા છે જેઓને એવા તે શ્રી મહાવીરસ્વામીને, આમ सिद्धार्थसुयं આ પદને आवृत्त्या= બીજીવાર લેવાથી પરમાત્માનો જ્ઞાનાતિશય પણ જણાય છે.

તથા સિદ્ધાર્થ એવું જે પદ મૂલગાથામાં છે. તે ભાવપ્રધાન નિર્દેશવાળુ હોવાથી सिद्धार्थता અર્થ કરવો. તેથી આ પરમાત્મા દેવેન્દ્રો વડે અને રાજા-મહારાજા આદિ વડે પૂજાને યોગ્ય છે. આવા पूजार्हत्व નામના ગુણ વડે સિદ્ધ અર્થ વાળા પણે પ્રસિદ્ધ આવો અર્થ કરવાથી આ सिद्धार्थसुअ શબ્દની आवृत्त्या= આવૃત્તિ કરવાથી એટલે ફરી ફરી લેવાથી પૂજાતિશય પણ જણાય છે.

તથા निर्धौतसर्वकर्ममलम् આ પદ વડે અપાયાપગમાતિશય તો પૂર્વે જણાવેલો જ છે. આમ આ ગાથામાં આ ત્રણે પદો વડે પરમાત્માના ચારે મૂલ અતિશયો જણાવેલા થાય છે તે આવા પ્રકારના ચાર અતિશયો વાળા પરમાત્મા શ્રી મહાવીરપ્રભુને વન્દન-નમસ્કાર કરીને આઠે પ્રકારના કર્મોના બંધ-સંક્રમાદિ કાર્યોમાં હેતુભૂત એવાં આઠ કરણોનું સ્વરૂપ તથા ઉદય અને સત્તા આમ ૧૦ દ્વારો આ ગ્રંથમાં હુ (આચાર્ય શિવશર્મસૂરિ) કહીશ અર્થાત્ સમજાવીશ.

આ ગ્રન્થનો અભ્યાસ કરનારા જીવો પ્રાયઃ આઠે કર્મોનું ભેદ-પ્રભેદવાળું સ્વરૂપ જાણતા જ હોય છે તો પણ અહીં તે સ્વરૂપ અતિશય ઉપયોગી છે.તેથી ભેદ-પ્રભેદ સહિત આઠે કર્મોનું સ્વરૂપ પંચસંગ્રહ નામના ગ્રન્થને અનુસારે લખાય છે.

જ્ઞાનાવરણીય ૧, દર્શનાવરણીય ૨, વેદનીય ૩, મોહનીય ૪, આયુષ્યકર્મ ૫, નામકર્મ ૬, ગોત્રકર્મ ૭, અને અંતરાય કર્મ ૮, આમ કર્મોની મૂલપ્રકૃતિઓ (કર્મોના

મૂલભેદો) આઠ છે ત્યાં સંસારમાં વર્તતા સર્વે પણ પદાર્થો સામાન્ય અને વિશેષ એમ ઉભયધર્મવાળા છે આમ ઉભયધર્માત્મક પદાર્થોમાં વિશેષધર્મોને જાણવા સ્વરૂપ જે બોધ તે જ્ઞાનગુણ કહેવાય છે આવા પ્રકારનો આ જ્ઞાનગુણ આવૃત થાય (આચ્છાદિત થાય-ઢંકાય) જે કર્મ વડે તે કર્મને જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

તથા સામાન્યધર્મને જાણવા સ્વરૂપ જે બોધ= આવી જે આત્મશક્તિ તે દર્શન ગુણ કહેવાય છે આવા પ્રકારનો આ દર્શન ગુણ આવૃત કરાય જે કર્મવડે તે કર્મને દર્શનાવરણીય કર્મ કહેવાય છે. वेद्यते इति वेदनीयम् જે વેદાય અર્થાત જે સુખદુઃખ રૂપે અનુભવાય એવું જે કર્મ તે વેદનીય કર્મ. જો કે સર્વેપણ કર્મો પોતે પોતાના નિયત સ્વરૂપ પણે અનુભવાય જ છે તો પણ **પંકજાદિ** પદની જેમ **વેદનીય** આવું જે પદ છે. તે રૂટિ ના વિષયવાળું હોવાથી સાતા અને અસાતા સ્વરૂપવાળા આ એક કર્મને જ વેદનીય કર્મ કહેવાય છે. બીજાં સાતે કર્મો વેદાય છે અનુભવાય છે ખરાં, તો પણ તે સાત કર્મોને વેદનીય કહેવાતાં નથી.

पङ्क એટલે કાદવ. તે કાદવમાં જે ઉત્પન્ન થાય તે પંકજ આવો શબ્દાર્થ છે. કાદવમાં તો કીડા.. મચ્છર.. કમળ. રોગો વિગેરે ઘણી ઘણી વસ્તુઓ ઉત્પન્ન થાય છે તો પણ पङ्कज શબ્દ માત્ર કમળ અર્થમાં જ રૂઢ છે. બીજા અર્થોમાં નહીં. તેની જેમ અહીં वेदनीय શબ્દ પણ સાતા અને અસાતા રૂપ ત્રીજા કર્મમાં જ વપરાય છે. બીજા કર્મોમાં આ શબ્દ વપરાતો નથી.

તથા मोहयति = આ આત્માને જે કર્મ मोह પમાડે सद् અને असद् ના વિવેકથી શૂન્ય બનાવે, કરવા જેવું શું? અને ન કરવા કેવું શું ? આદરવા જેવું શું ? અને ન આદરવા જેવું શું ? આવી યથાર્થ સમજણમાં જે કર્મ ગરબડ કરાવે તે મોહનીય કર્મ કહેવાય છે. मोहनीय શબ્દમાં मुह् ધાતુને अनीय પ્રત્યય લાગ્યો છે तव्य अनीय અને य આ ત્રણે પ્રત્યયો જોકે કર્મણિ છે એટલે કર્મકારકમાં થાય છે. અહીં કર્મકારકમાં જો अनीय પ્રત્યય લઇએ તો मुह्यते यः असौ જેને મોહ પમાડાય અર્થાત્ જે મોહ પામે તે મોહનીય આવો અર્થ થાય, આમ અર્થ કરવાથી તો आत्मा પોતે જ मोहनीय કર્મ કહેવાય. આવો અર્થ થઈ જાય તે અર્થ ન થાય તે માટે આ अनीय પ્રત્યય કર્મકારકમાં ન કરતાં कृद्बहुलम् (સિદ્ધહેમવ્યાકરણ૫-૧-૧૦) આ સૂત્રથી કર્તાકારકમાં अनीय પ્રત્યય જાણવો. તેથી આ આત્માને જે કર્મ મોહ પમાડે-મુગ્ધ કરે તે કર્મ મોહનીય કર્મ કહેવાય છે. मोहयति इति मोहनीयम् આવી વ્યુત્પતિ કરવી.

તથા एति = आगच्छति इति आयुः = કુગતિમાંથી નીકળવાની ઇચ્છાવાળા આ જીવને જે કર્મ આડુ આવે. પ્રતિબંધકરૂપે બને. આ જીવને કુગતિમાંથી નિકળવા ન દે. ત્યાં જ ઝકડી

રાખે. પકડી રાખે એવું જે કર્મ તે આયુષ્ય કર્મ, આ એક અર્થ સમજાવ્યો. અથવા બીજો અર્થ પણ થાય છે. તે આ પ્રમાણે છે- एति = समन्तादेति गच्छति = એક ભવથી બીજા ભવમાં જતા જીવને ચારે બાજુથી જે ઉદયમાં આવે અને પ્રતિબન્ધકતાને પમાડે. ભવમાંથી જવા ન દે. કોઈને કોઈ ભવમાં જકડી રાખે, પોતાના નિયત ભવમાં પકડી રાખે એવું જે કર્મ તે આયુષ્ય કર્મ જાણવું. આ બન્ને વ્યુત્પત્તિ કરવામાં उणादिक સૂત્રથી उस् પ્રત્યય થયેલો છે આમ જાણવું. इ ધાતુ, તેની વૃદ્ધિ ऐ, તેનો आय् આદેશ અને ઉસ્ પ્રત્યય आय् + उस् = આયુઃ થાય છે.

नामयति = ગતિ. જાતિ- શરીર આદિ પર્યાયો ભોગવવા માટે જે કર્મ જીવને નમાવે. દબાવે-વાળે તે કર્મ નામકર્મ કહેવાય છે ગતિ આદિ પર્યાયો ભોગવવા તરફ જીવને દબાવે તે કર્મ નામકર્મ જાણવું તથા "गूयते" એટલે शब्द्यते = જે કર્મથી આ આત્મા ઉચ્ચ છે નીચ છે આમ બોલાવાય. તે કર્મને ગોત્રકર્મ કહેવાય છે गु ધાતુથી કર્મણિમાં त्र પ્રત્યય લાગેલો છે. તથા अन्तरा = व्यवधानापादनाय एति = गच्छति = વચમાં આડુ આવે એવું જે કર્મ અર્થાત્ વ્યવધાન કરે-વિઘ્ન કરે તે અંતરાયકર્મ જાણવું. अन्तरा અવ્યય છે અને इ ધાતુ છે.

આ આઠે કર્મોના અનુક્રમે ૫-૯-૨-૨૮-૪-૪૨-૨-૫ પેટાભેદો છે. જે પેટાભેદોને ઉત્તરપ્રકૃતિઓ કહેવાય છે ત્યાં મતિજ્ઞાન શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન આમ પાંચ જ્ઞાનો છે. તેના ઉપરનાં આવરણો પણ પાંચ છે. તેથી જ્ઞાનાવરણીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ પાંચ છે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન આદિ પાંચે જ્ઞાનોનું સ્વરૂપ કર્મગ્રન્થાદિક અન્ય ગ્રન્થોમાં સુવ્યક્ત છે અર્થાત્ અતિશય પ્રસિદ્ધ છે જાણીતું છે. માટે ત્યાંથી જ જાણી લેવું.

દર્શનાવરણનીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ કુલ ૯ છે. તે આ પ્રમાણે છે (૧) ચક્ષુદર્શનાવરણ, (૨) અચક્ષુદર્શનાવરણ,, (૩) અવધિદર્શનાવરણ, (૪) કેવળદર્શનાવરણ, (૫) નિદ્રા, (૬) નિદ્રાનિદ્રા (૭) પ્રચલા, (૮) પ્રચલા પ્રચલા, (૯) સ્ત્યાનર્દ્ધિ.

ત્યાં ચક્ષુ દ્વારા વસ્તુમાં રહેલા સામાન્યધર્મને જાણવું તે ચક્ષુદર્શન, તેના ઉપર કર્મનું જે આવરણ તે ચક્ષુદર્શનાવરણ ૧, ચક્ષુ વિનાની શેષ બાકીની ચાર ઈન્દ્રિયો અને મન દ્વારા વસ્તુમાં રહેલા સામાન્યધર્મનું જે જાણવું તે અચક્ષુદર્શન, તેના ઉપર કર્મનું જે આવરણ તે અચક્ષુદર્શનાવરણ ૨, મર્યાદા પૂર્વકનું રૂપી પદાર્થોનું જે સાક્ષાત્ જ્ઞાન કરવું તે અવધિદર્શન, તેના ઉપર કર્મનું જે આવરણ તે અવધિદર્શનાવરણ, ૩, કેવલ એવું જે દર્શન અર્થાત્ સર્વ રૂપી અરૂપી ભાવોનું ઇન્દ્રિયોની સહાય વિના સાક્ષાત્ પણે સામાન્ય જ્ઞાન કરવું તે કેવલ દર્શન. તેના ઉપરનું કર્મનું જે આવરણ તે કેવલદર્શનાવરણ.૪

निद्रा શબ્દમાં द्रा ધાતુ છે. આ द्रा ધાતુ कुत्सायां કુત્સા એટલે નિંદા અર્થ છે જે અવસ્થામાં આત્માનું ચૈતન્ય નક્કી અસ્પષ્ટપણાને પામે અર્થાત્ કુત્સિતપણાને પામે, ચૈતન્ય એ ચૈતન્ય હોવા છતાં પણ ચૈતન્યપણે કામ આપે નહીં આવા પ્રકારની અલ્પમાત્રાવાળી અલ્પ નિદ્રા (ઊંઘ) તે નિદ્રા, આ આત્મા નખચ્છોટિકા માત્ર વડે (ચપટી માત્ર વગાડવા વડે) સાધ્ય છે જાગૃતિ જેમાં આવા પ્રકારની અલ્પમાત્રા વાળી નિદ્રાવસ્થા તે નિદ્રા ૫, આવી નિદ્રા કરતાં ભારે માત્રાવાળી અતિશયપ્રમાણવાળી જે નિદ્રા તે નિદ્રાનિદ્રા, અહીં મધ્યમપદલોપી સમાસ થયેલો છે. આમ જાણવું निद्रातोऽतिशायिनी निद्रा તે निद्रानिद्रा આ સમાસમાં વચ્ચેનું अतिशायिनी પદ લોપાઇ ગયું છે. તેથી આ મધ્યમ પદલોપી સમાસ થયેલો છે આમ જાણવું. જે નિદ્રામાં ચૈતન્ય અત્યન્ત અસ્પષ્ટપણાને પામ્યું છે કે જ્યાં ઘણા ઘણા પ્રયત્નો કરવામાં આવે ત્યારે જ આ જીવ જાગૃતિને પામે આવા પ્રકારની ગાઢ જે નિદ્રા તે નિદ્રાનિદ્રા ૬.

બેઠેલો અથવા ઉભો રહેલો જીવ જે નિદ્રાવસ્થામાં ઊંઘે=ઘોર તાણે તેવી નિદ્રા કરે તે પ્રચલા ૭, પ્રચલા કરતાં વધારે ભારે જે નિદ્રા તે પ્રચલાપ્રચલા, આ નિદ્રા ચંક્રમણ આદિ (હાલવા-ચાલવાનું) કાર્ય કરતાં કરતાં ઉદયમાં આવે છે આવી જે ઘોર નિદ્રા તે પ્રચલા-પ્રચલા. પ્રચલાથી અતિશાયિપણું (ગાઢ-નિદ્રાપણું) જે નિદ્રામાં છે તે પ્રચલાપ્રચલા ૮, स्त्याना=पिण्डीभूता ऋद्धिरात्मशक्तिरूपा પિંડીભૂત થઈ છે ઘણી જ એકઠી થઈ છે ઋદ્ધિ એટલે આત્માની શક્તિ જે નિંદ્રામાં તે નિદ્રા સ્ત્યાનર્દ્ધિ નિદ્રા કહેવાય છે ૯, આ નિદ્રા જ્યારે આવે ત્યારે પ્રથમ સંઘયણવાળો જો જીવ હોય તો અર્ધચક્રી (વાસુદેવ)ના બળ કરતાં અર્ધબળ સમાન શક્તિ તે જીવમાં પ્રગટ થાય છે આવી અધિકબળવાળી જે નિદ્રા તે સ્ત્યાનર્દ્ધિનિદ્રા ૯.

અહીં નિદ્રાપંચક અને ચાર દર્શનાવરણીય એમ નવ ભેદો જે દર્શનાવરણીય કર્મ રૂપે કહેવામાં આવ્યા છે તેમાં ચાર દર્શનાવરણીય કર્મો ચક્ષુદર્શનાદિ મૂલભૂત આત્માના ચાર દર્શનગુણોની ઉત્પત્તિનો જ ઊચ્છેદ કરનાર હોવાથી મૂલભૂતગુણનો જ ઘાત કરે છે માટે તેને દર્શનાવરણીય કહ્યું છે અને જે નિદ્રાદિ પાંચ પ્રકૃતિઓ છે તે ચક્ષુદર્શનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમથી પ્રગટ થયેલી જે દર્શનલબ્ધિ છે તેનો ઉપઘાત કરવામાં વર્તે છે. ચાર પ્રકૃતિઓ મૂલગુણનો જ ઉચ્છેદ કરનાર છે અને પાંચ પ્રકારની નિદ્રા, પ્રાપ્ત થયેલી દર્શન લબ્ધિને આચ્છાદિત કરે છે. આમ નવે પણ પ્રકૃતિઓમાં દર્શનાવરણીયપણું રહેલું છે આમ ગન્ધહસ્તી નામની ટીકામાં કહેલું છે.

આ પ્રમાણે પાંચ નિદ્રા, પ્રાપ્તદર્શનલબ્ધિની નાશક હોવાથી અને ચાર દર્શનાવરણીય-કર્મો અપ્રાપ્ત દર્શનલબ્ધિનો પ્રતિબંધ કરનાર (અટકાયત કરનાર) હોવાથી નવે પણ પ્રકૃતિઓમાં દર્શનગુણનું આવરણ કરવાપણું વર્તે છે. માટે દર્શનાવરણીય કહેવાય છે.

હવે ત્રીજું વેદનીયકર્મ સમજાવે છે તેના સાતા અને અસાતા એમ બે ભેદ છે. ત્યાં

આ જીવ જે કર્મના ઉદયથી શારીરિક આરોગ્ય તથા પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયોનો ઉપભોગ આદિ કરવા દ્વારા તેનાથી થનારા આહ્લાદ રૂપ (આનંદ-પ્રમોદ રૂપ) સાતાને અનુભવે તે સાતાવેદનીય કહેવાય છે. તેનાથી જે વિપરીત કર્મ હોય એટલે જે પીડા રૂપે અનુભવાય તે અસાતાવેદનીયકર્મ જાણવું.

હવે ચોથું મોહનીયકર્મ સમજાવે છે. મિથ્યાત્વ, મિશ્ર, સમ્યક્ત્વમોહનીય, સોળ કષાયો અને નવ નોકષાયો એમ કુલ ૨૮ મોહનીય કર્મની પ્રકૃતિઓ છે. ત્યાં જે કર્મના ઉદયથી જિનેશ્વર પરમાત્માએ કહેલાં યથાર્થ તત્ત્વો ઉપર રૂચિ-શ્રદ્ધા-પ્રીતિ ન થાય તે મિથ્યાત્વમોહ કહેવાય, જે કર્મના ઉદયથી જિનેશ્વર પરમાત્મા દ્વારા પ્રણીત તત્ત્વો ઉપર ન તો સમ્યક્ શ્રદ્ધા થાય અને ન તો તેના ઉપર અશ્રદ્ધા થાય એટલે કે તેની પ્રશંસા કે નિંદા ન કરે તે સમ્યગ્મિથ્યાત્વ એટલે કે મિશ્રમોહનીય કર્મ કહેવાય છે. અને જે કર્મના ઉદયથી જિનેશ્વર પરમાત્મા પ્રણીત તત્ત્વ ઉપર સમ્યક્ પ્રકારે આ જીવ શ્રદ્ધા કરે છે. પણ ક્યાંક ક્યાંક શંકા કાંક્ષા આદિ થાય. તે સમ્યક્ત્વ મોહનીયકર્મ કહેવાય છે આ ત્રણે પ્રકૃતિઓનું એકી સાથે નામ દર્શનમોહનીયકર્મ કહેવાય છે.

ચારિત્રમોહનીયકર્મના ૧૬ કષાયો અને ૯ નોકષાયો એમ કુલ ૨૫ ભેદો છે. ત્યાં कष એટલે સંસાર (જન્મ-મરણાદિની વ્યાધિ). તેનો आय એટલે લાભ અર્થાત્ જન્મમરણની પરંપરા રૂપ સંસારની વૃદ્ધિ થાય જેનાથી તે કષાય કહેવાય છે. આ કષાય ક્રોધ માન-માયા અને લોભ સ્વરૂપ છે. તે ચારે કષાયના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ, અને સંજ્વલનના ભેદથી ચાર ચાર પ્રકાર હોવાથી કુલ ૧૬ કષાયો છે.

ત્યાં આ જીવને અનંતા સંસારની સાથે જે બાંધે આવા પ્રકારના સ્વભાવવાળા જે કષાયો તે અનંતાનુબંધી કષાય. આ કષાયો એટલા બધા તીવ્ર હોય છે કે તેના ઉદયથી આ જીવ અનંત જન્મમરણની પરંપરા વધારે છે તે કષાયનું संयोजना આવા પ્રકારનું બીજું નામ પણ છે. "જે કષાયો કરવાથી આ જીવ अनन्तैः भवैः संयोज्यन्ते = અનંત અનંત ભવોની પરંપરા સાથે જોડાય તેવી તીવ્રતાવાળા જે કષાયો તે અનંતાનુબંધી કષાય કહેવાય છે આમ વ્યુત્પત્તિ કરવી.

તથા જે કષાયોના ઉદયથી આ જીવને અલ્પભાવવાળું પણ પચ્ચક્ખાણ ન થાય. પચ્ચક્ખાણ (ત્યાગ) માત્રને જે અટકાવે તે અપ્રત્યાખ્યાન નામના કષાય કહેવાય છે અને જે કષાયોના ઉદયથી સર્વવિરતિ રૂપ જે પચ્ચક્ખાણ છે. તેનું આવરણ થાય એટલે કે જે કષાયોના ઉદયથી સર્વવિરતિપચ્ચક્ખાણ (સાધુપણું) આ જીવને ન આવે તેવા જે કષાયો તે પ્રત્યાખ્યાનાવરણ કષાય કહેવાય છે તથા સારા ચારિત્રવાળા મુનિને પણ પરીષહો અને

ઉપસર્ગો આવી પડે ત્યારે કંઈક અંશે બાળે. મનમાં પણ પીડાના અથવા ખુશીના ભાવ લાવે આવા જે કષાયો તે સંજ્વલન કષાય.

હવે નોકષાય સમજાવાય છે. नोकषाय શબ્દમાં नो શબ્દ સાહચર્ય (સાથે રહેવું) એવા અર્થમાં વપરાયેલો છે "કષાયોની સાથે જે ચાલે અર્થાત્ કષાયોની સાથે જે વર્તે" તે નોકષાય કહેવાય છે.

**પ્રશ્ન :-** આ નવ નોકષાયો, અનંતાનુબંધી આદિ ૧૬ કષાયોમાંથી ક્યા કષાયોની સાથે વર્તનારા હોય છે ?

**ઉત્તર :-** નોકષાયો પ્રથમના બાર કષાયોની સાથે રહેનારા છે કારણ કે પ્રથમના બાર કષાયોનો ક્ષય થયે છતે આ જીવ ક્ષપકશ્રેણીમાં તુરત જ નવ નોકષાયોનો ક્ષય કરવાનો પણ આરંભ કરે છે. સારાંશ કે આદ્ય બાર કષાયોનો ક્ષય થયે છતે નોકષાયો ટકતા નથી. બાર કષાયોનો ક્ષય કર્યા પછી તુરત જ નવ નોકષાયોનો પણ ક્ષય કરવા માટે આ જીવ ક્ષપકશ્રેણીમાં વર્તતો છતો પ્રયત્ન કરે છે આ રીતે પ્રથમના બાર કષાયોની સાથે રહેનાર હોવાથી હાસ્યાદિ ભાવોની નોકષાય એવી કષાયતા કહેલી છે.

અથવા આ નવ નોકષાયો વૃદ્ધિ પામ્યા છતા અવશ્ય અનંતાનુબંધી આદિ કષાયોને ઉદ્દીપ્ત કરે છે. પ્રજ્વલિત કરે છે માટે પણ નોકષાય એવી કષાયતા તે હાસ્યાદિમાં રહેલ છે તેથી હાસ્યાદિ નવ નોકષાયો અનંતાનુબંધી આદિ બાર કષાયોના સહચારી છે. સહવર્તી છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે-

**कषाय सहवर्तित्त्वात्कषाय प्रेरणादपि**
**हास्यादिनवकस्योक्ता नोकषायकषायता ॥ १ ॥**

**અર્થ** - હાસ્યાદિ નવે નોકષાયોમાં અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોનું સહવર્તિપણું હોવાથી તથા કષાયોનું પ્રેરકપણું હોવાથી હાસ્યાદિ નવને નોકષાય એવી કષાયતા કહેલી છે. નવ નોકષાયોમાં ત્રણ વેદ અને હાસ્યાદિષટ્ક આમ નવ નોકષાય જાણવા.

ત્રણ વેદમાં સ્ત્રીવેદ પુરૂષવેદ અને નપુંસકવેદ આ ૩ વેદ સમજવા. ત્યાં જે કર્મના ઉદયથી સ્ત્રીના જીવને પુરૂષ સાથેના ભોગની ઇચ્છા થાય. જેમ કે શરીરમાં પિત્તનો ઉદય થાય ત્યારે મધુર રસવાળી વસ્તુ ખાવાની ઇચ્છા થાય છે તેમ આવી ભોગની ઇચ્છાને સ્ત્રીવેદ કહેવાય છે. તથા જેમ શ્લેષ્મના ઉદયથી આમ્લ રસવાળી વસ્તુ ખાવાની ઇચ્છા થાય તેની જેમ જે કર્મના ઉદયથી પુરુષને સ્ત્રીની સાથેના ભોગની ઇચ્છા થાય તે પુરુષવેદ કહેવાય છે. અને પિત્ત તથા શ્લેષ્મ એમ બન્નેના ઉદયકાળે જેમ મજીઠ ખાવાની ઇચ્છા થાય. તેની

જેમ જે કર્મના ઉદયથી સ્ત્રી તથા પુરુષ આમ બન્નેની સાથે ભોગની તીવ્ર ઇચ્છા થાય તે નપુંસકવેદ કહેવાય છે. આ રીતે સાંસારિક ભોગસુખો ભોગવવાની ઇચ્છા થવી તે વેદનો ઉદય જાણવો.

હવે હાસ્યાદિ ષટ્કમાં હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા આમ છ કર્મપ્રકૃતિઓ જાણવી. ત્યાં જે કર્મના ઉદયથી નિમિત્ત મળે તો પણ અથવા નિમિત્ત ન મળે તો પણ હસવું આવે તે કર્મને હાસ્ય મોહનીયકર્મ કહેવાય છે તથા બાહ્ય પદાર્થો પ્રત્યે કે અભ્યન્તર પદાર્થો પ્રત્યે આ જીવને જે કર્મના ઉદયથી પ્રીતિવિશેષ થાય. રાગ વિશેષ થાય તે રતિ મોહનીય કર્મ જાણવું. તથા તે બાહ્ય અને અભ્યન્તર પદાર્થો પ્રત્યે આ જીવને જે કર્મના ઉદયથી અપ્રીતિવિશેષ અર્થાત્ નાખુશીભાવ પ્રાપ્ત થાય તે અરતિમોહનીયકર્મ કહેવાય છે.

**પ્રશ્ન** :- આ પ્રીતિ અને અપ્રીતિ થાય તે તો સુખકારી અને દુઃખકારી હોવાથી સાતા-અસાતા વેદનીયમાં જ સમાઈ જાય છે. સાતા-અસાતા વેદનીયનું સ્વરૂપ જ છે. તેથી વેદનીય કર્મરૂપે જ છે. આમ માનવાથી રતિ-અરતિ મોહનીયકર્મ માનવાની અન્તથાસિદ્ધિ થાય છે. અર્થાત્ રતિ-અરતિ મોહનીયકર્મ માનવાની કંઈ જ જરૂર નથી. સાતા-અસાતામાં જ સમાઈ જાય છે.

**ઉત્તર** :- આવી શંકા ન કરવી. કારણ કે તે સાતાવેદનીયના ઉદયથી સુખમાં સાધનો અને અસાતાવેદનીયના ઉદયથી દુઃખનાં સાધનો સામે હોવા છતાં પણ તેમાં ચિત્તનો જે અન્યથાભાવ છે. તેમાં આ રતિ-અરતિ મોહનીયકર્મનો વિપાક છે. સુખમાં સાધનો મળતાં તેનાથી સુખનો અનુભવ થાય તે સાતાવેદનીય. પરંતુ તેમાં પ્રીતિ થવી. ખુશી ઉપજવી તે રતિ મોહનીય જાણવું તેવી જ રીતે દુઃખનાં સાધનો પ્રાપ્ત થવાં અને દુઃખનો અનુભવ થવો તે અસાતાવેદનીય પણ તે દુઃખમાં અપ્રીતિભાવ થવો તે અરતિ મોહનીય જાણવું. વિષયો દ્વારા સુખ-દુઃખ પ્રાપ્ત થવાં તે સાતા-અસાતા અને તેમાં સુખ બુદ્ધિ અને દુઃખ બુદ્ધિ થવી તથા પ્રીતિ અપ્રીતિ થવી તે રતિ-અરતિ મોહનીય જાણવું.

જે કર્મના ઉદયથી પ્રિયના વિયોગાદિ કાલે આ જીવ રડે, આક્રન્દન કરે, ભૂમિપીઠ *ઉપર આળોટે, લાંબા લાંબા દીર્ઘ નિઃસાસા નાખે તે શોકમોહનીય. જે કર્મના ઉદયથી બહારનાં* નિમિત્ત મળે તો અથવા બહારમાં નિમિત્ત ન મળે તો પણ પોતાના મનના સંકલ્પ-વિકલ્પોથી જ ભયભીત થાય. તે ભયમોહનીય. જે કર્મના ઉદયથી શુભ વસ્તુ અથવા અશુભ વસ્તુ જોઈને તેના ઉપર નાખુશીભાવ અથવા ઉદ્વેગ પ્રાપ્ત થાય તે જુગુપ્સામોહનીયકર્મ જાણવું. ત્રણ વેદ અને હાસ્યાદિ ષટ્ક એમ નવ નોકષાય જાણવા. તથા ૧૬ કષાયો અને ૯ નોકષાયો એમ ૨૫ કર્મ પ્રકૃતિઓ તે ચારિત્રમોહનીયકર્મની સંજ્ઞાવાળી છે. ત્રણ દર્શનમોહનીય અને પચ્ચીસ ચારિત્રમોહનીય મળીને કુલ ૨૮ મોહનીયકર્મની પ્રકૃતિઓ છે.

આ જીવને પોત પોતાના ભવમાં પકડી રાખે. નીકળવા ન દે તે આયુષ્યકર્મ. તેના દેવઆયુષ્ય-૧, મનુષ્યઆયુષ્ય-૨, તિર્યંચઆયુષ્ય-૩ અને નરકઆયુષ્ય-૪ આમ આયુષ્યકર્મની ચાર પ્રકૃતિઓ છે.

હવે નામકર્મના ભેદ સમજાવાય છે. ૧૪ પિંડપ્રકૃતિઓ ૮ અપ્રતિપક્ષ એવી પ્રત્યેક પ્રકૃતિઓ, અને ૨૦ પ્રતિપક્ષ સાથેની પ્રત્યેક પ્રકૃતિઓ એટલે ત્રસાદિ દશક આમ મળીને કુલ ૧૪+૮+૨૦= ૪૨ નામકર્મની પ્રકૃતિઓ જાણવી ત્યાં ૧-ગતિનામકર્મ, ૨-જાતિનામકર્મ, ૩-શરીરનામકર્મ, ૪-અંગોપાંગનામકર્મ, ૫-બંધનનામકર્મ, ૬-સંઘાતનનામકર્મ, ૭-સંઘયણ નામકર્મ, ૮-સંસ્થાનનામકર્મ, ૯-વર્ણનામકર્મ, ૧૦-ગંધનામકર્મ, ૧૧-રસનામકર્મ, ૧૨-સ્પર્શનામકર્મ, ૧૩-આનુપૂર્વીનામકર્મ અને ૧૪-વિહાયોગતિનામકર્મ આમ ૧૪ પિંડપ્રકૃતિઓ જાણવી. પિંડપ્રકૃતિમાં પિંડ એટલે બે-ત્રણ ચાર વિગેરે પેટાભેદ યુક્ત એવી જે પ્રકૃતિ તે પિંડપ્રકૃતિ કહેવાય છે. અવાન્તર ભેદોથી જે યુક્ત હોય તે પિંડપ્રકૃતિ કહેવાય છે.

ત્યાં गम्यते = તેવા પ્રકારના કર્મની પ્રધાનતાવાળા જીવો વડે જે જે પર્યાય પ્રાપ્ત કરાય તે ગતિ. નરકત્વ, તિર્યંચત્વ-માનવત્વ ઇત્યાદિ પર્યાયની પરિણતિ પ્રાપ્ત થવી તે ગતિ. તે ગતિ ચાર પ્રકારે છે. ૧ નરકગતિ, ૨ તિર્યંચગતિ, ૩ મનુષ્યગતિ. ૪. દેવગતિ. જેમ સંસારમાં ગતિ ચાર પ્રકારની છે. તેમ તેવા તેવા વિપાકરૂપે ભોગવાય એવી કર્મપ્રકૃતિને પણ ગતિ જ કહેવાય છે તે કર્મપ્રકૃતિ પણ ચાર પ્રકારે છે. નરકગતિ પ્રાપ્ત કરાવનારૂં જે કર્મ તે નરકગતિનામકર્મ. આ પ્રમાણે ચારે ગતિમાં જાણવું.

એકેન્દ્રિય આદિ જીવોમાં "આ એકેન્દ્રિય, આ એકેન્દ્રિય" આમ એકેન્દ્રિયાદિ શબ્દની પ્રવૃત્તિમાં કારણભૂત એવું જે કર્મ તથા તેવા પ્રકારની સમાન પર્યાયની પરિણતિ પ્રાપ્ત થવારૂપ સામાન્યપણું (સમાનપણું) તેને જાતિનામકર્મ કહેવાય છે તેવા વિપાકને આપનારું જે કર્મ તે જાતિનામકર્મ જ કહેવાય છે.

જાતિનામકર્મની બાબતમાં પૂર્વના આચાર્ય મહાપુરુષોનો આવો અભિપ્રાય છે કે-આંખ-કાન-નાક વિગેરે શરીરમાં પુદ્‌ગલની રચનારૂપે બનેલી અને બહાર દેખાતી દ્રવ્યઇન્દ્રિયો આ જીવને જે પ્રાપ્ત થાય છે તે અંગોપાંગનામકર્મ અને ઇન્દ્રિયપર્યાપ્તિનામકર્મના ઉદયથી સિદ્ધ થાય છે. અને આંખ-કાન-નાક દ્વારા રૂપ-શબ્દ અને ગંધાદિ ભાવોને જાણવાની જ્ઞાનશક્તિરૂપ જે ભાવેન્દ્રિયો છે તે સ્પર્શનેન્દ્રિયાવરણ, રસનેન્દ્રિયાવરણ આદિ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમના સામર્થ્યથી સિદ્ધ થાય છે શાસ્ત્રમાં જ કહ્યું છે કે "ઇન્દ્રિયો (ભાવેન્દ્રિયો એટલે) કે વિષયોને જાણવાની આત્માની જે શક્તિ છે તે જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. પરંતુ "આ એકેન્દ્રિય આ એકેન્દ્રિય આ પણ એકેન્દ્રિય" આમ એકેન્દ્રિય આદિ શબ્દોની પ્રવૃત્તિમાં કારણભૂત એવું જે સામાન્ય (સમાનપણું) છે. તે સમાનપણું અન્ય કોઈ કર્મથી સાધ્ય નથી. માટે તેમાં સમાનપણાના પરિણામમાં કારણભૂત જે કર્મ છે તે જાતિનામકર્મ છે.

અહીં કોઈક શિષ્ય આવો પ્રશ્ન કરે છે કે - "આ એકેન્દ્રિય છે, આ એકેન્દ્રિય છે" આવા પ્રકારના સમાનપણે શબ્દપ્રવૃત્તિના નિમિત્તરૂપે જાતિનામકર્મની તમે જે સિદ્ધિ કરો છો તે ઉચિત્ નથી. કારણ કે આમ જો સમાન શબ્દ પ્રવૃત્તિના કારણપણે જાતિની સિદ્ધિ કરીએ તો "આ હરિ (ઇન્દ્ર) છે આ હરિ છે" "આ રવીન્દ્ર છે આ રવીન્દ્ર છે" ઇત્યાદિ પદોની પ્રવૃત્તિના નિમિત્ત રૂપે હરિત્વ-રવીન્દ્રત્વ વિગેરે અનેક જાતિની સિદ્ધિ થઈ જાય. અને આમ થાય તો પાંચ જાતિને બદલે અનેક જાતિ માનવી પડે માટે "આ એકેન્દ્રિય છે આ એકેન્દ્રિય છે" આવા પ્રકારનો જે સમાનપણાનો વ્યવહાર થાય છે તે ઉપાધિવિષયક જ હો અર્થાત્ એક જ ઇન્દ્રિય મળી છે. તે માટે એકેન્દ્રિય કહેવાય છે, બે જ ઇન્દ્રિયો મળી છે તે માટે બેઇન્દ્રિય કહેવાય છે. આમ ઉપાધિવિષયક માનવાથી ચાલે તેમ છે. તેથી આવા પ્રકારના સમાનવ્યવહારના કારણરૂપે કર્મને કારણ માનવાની કંઈ જરૂર નથી. તેથી જાતિનામકર્મ માનવાની જરૂર નથી. તેના વડે સર્યું. તે ન હોય તો પણ ઉપાધિવિષયક આ વ્યવહાર થઈ જશે. અને કદાચ કોઈક શિષ્ય આવો આગ્રહ જ રાખે કે "એકેન્દ્રિયાદિનો જે સમાનપણે વ્યવહાર થાય છે. તેમાં કારણભૂત તરીકે જાતિનામકર્મ માનવું જ જોઈએ. તો "આ જીવ નરક છે. આ જીવ નરક છે." આમ નારકાદિના વ્યવહારમાં નિમિત્તભૂત તરીકે નારકત્વ. તિર્યંચત્વ વિગેરેને પણ પંચેન્દ્રિયત્વની અપેક્ષાએ વ્યાપ્યતાવાળી (ન્યૂન દેશમાં વર્તનારી) જાતિ માનવાની આપત્તિ આવશે. અને આમ જો નારકત્વ. તિર્યંચત્વને પણ પંચેન્દ્રિય ની વ્યાપ્યજાતિ માનવામાં આવે તો ચાર ગતિનામકર્મ માનવાનું રહેતું જ નથી. ગતિનામકર્મ માનવા વડે સર્યુ. હવે તેનું કંઈ પ્રયોજન નથી. સારાંશ કે વ્યવહાર માત્રનું કારણ જો જાતિ કહો તો હરિત્વાદિ પણ જાતિ થાય. અને સમાનવ્યવહારનું કારણ જો જાતિ કહો તો નારકત્વાદિ પણ જાતિ થાય. જેથી ગતિનામકર્મ માનવાની જરૂર જ ન રહે આમ બન્ને બાજુ દોષો આવે છે.

तत्र ब्रुमः = ત્યાં આવા વિકટ પ્રશ્નનો ઉત્તર અમે આપીએ છીએ. આમ કહીને શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે "હીનાધિકપણે ચૈતન્યાદિની પ્રાપ્તિના કારણપણે એકેન્દ્રિયત્વાદિ જાતિની સિદ્ધિ થાય છે." ખરેખર તો જાતિનામકર્મ હીનાધિક ચૈતન્યાદિ ગુણોની પ્રાપ્તિનું નિમિત્ત કારણ છે તે અપાવનારૂં જે કર્મ છે તે જાતિનામકર્મ છે. ચૌદ પૂર્વ ભણેલો આત્મા પણ જો મૃત્યુ પામીને એકેન્દ્રિયમાં જાય તો એકેન્દ્રિયના ભવ યોગ્ય જ ચૈતન્ય ખુલ્લુ રહે છે બીજું બધું ચૈતન્ય અવરાઈ જ જાય છે. ચૈતન્યની પ્રાપ્તિ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ થાય છે. પણ તેની સમાનતાની પ્રાપ્તિ (સાધારણતાની પ્રાપ્તિ)માં આ જાતિનામકર્મ કારણ છે.

**પ્રશ્ન :-** જેમ "એકેન્દ્રિયત્વ બેઇન્દ્રિયત્વ, તેઇન્દ્રિયત્વ વિગેરેને જાતિ માનો છો તેમ નારકત્વ તિર્યંચત્વ- મનુષ્યત્વ અને દેવત્વ આ ચારને પણ જાતિનામકર્મ જ માનો ને ? આમ માનવામાં આવે અને ગતિનામકર્મ ન માનવામાં આવે તો શું દોષ ?

ઉત્તર :- જો એકેન્દ્રિયાદિ પાંચ અને નારકત્વાદિ ચાર મળીને કુલ નવ જાતિ માનવામાં આવે તો ન્યાયની નીતિરીતિ પ્રમાણે સંકરદોષ આવે છે.

પ્રશ્ન :- સંકરદોષ કોને કહેવાય ? અને નવ જાતિ માનવાથી સંકરદોષ કેવી રીતે લાગે?

ઉત્તર :- "व्यधिकरणयोः एकत्र समावेशः संकरः" ન્યાયદર્શનમાં સંકરદોષની આવી વ્યાખ્યા કરવામાં આવી છે કે "ભિન્ન ભિન્ન અધિકરણમાં રહેલા બે ધર્મનું એકસ્થાનમાં સાથે રહેવું તે સંકર કહેવાય છે. જેમ કે પૃથ્વી-પાણી-તેજ-વાયુ અને આકાશ આ પાંચ ભૂત છે અને પૃથ્વી-પાણી-તેજ-વાયુ અને મન આ પાંચ મૂર્ત પદાર્થ છે. હવે આકાશભૂત છે પણ મૂર્ત નથી અને મન મૂર્ત છે પણ ભૂત નથી. એટલે ભૂતત્વ અને મૂર્તત્વ ભિન્ન ભિન્ન અધિકરણમાં રહેનારાં તત્વો છે. છતાં આ બન્ને તત્ત્વો પૃથ્વી-પાણી-તેજ અને વાયુમાં સાથે રહે છે. તેથી તેને જાતિ માનો તો સંકરદોષ આવે છે. અને જયાં સંકરદોષ આવતો હોય ત્યાં જાતિ મનાતી નથી. તેવી જ રીતે અહીં નવ જાતિ માનતાં તિર્યંચત્વ અને પંચેન્દ્રિયત્વનો સંકરદોષ થાય છે. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં તિર્યંચત્વ છે પણ પંચેન્દ્રિયત્વ નથી અને દેવ-માનવ તથા નારકીમાં પંચેન્દ્રિયત્વ છે પણ તિર્યંચત્વ નથી અને ગાય-હાથી ઘોડા-ગધેડા આદિમાં તિર્યંચત્વ અને પંચેન્દ્રિયત્વ આમ બન્ને સાથે રહે છે તેથી સંકરદોષ લાગે છે માટે નારકત્વાદિ ચારને જાતિ મનાતી નથી. પરંતુ ગતિ એટલે પ્રાપ્તિ અર્થાત્ સુખ દુઃખ નો વિશેષ પણે ઉપભોગ કરવામાં નિયામક (નિશ્ચિત પણે) કારણવિશેષ તરીકે ગતિ (અર્થાત્ પ્રાપ્તિ) રૂપ કર્મ કહેવાય છે. તથા તેવા પ્રકારના પર્યાયની પ્રાપ્તિ થવામાં કારણરૂપે ગતિનામકર્મની સિદ્ધિ થાય છે આમ ન્યાયની પરિભાષા પ્રમાણે નારકત્વ-તિર્યંચત્વ-માનવત્વ અને દેવત્વ આ ચારને જાતિ મનાતી નથી પરંતુ પ્રાપ્તિ અર્થ વાળી ગતિ જ મનાય છે તેથી ગતિ નામકર્મની સિદ્ધિ થાય છે આટલી ચર્ચા કરવા વડે સર્યું.

તે જાતિ પાંચ પ્રકારની છે એકેન્દ્રિય જાતિ ૧, બેઇન્દ્રિય જાતિ ૨, તેઇન્દ્રિય જાતિ ૩, ચઉરિન્દ્રિય જાતિ ૪, અને પંચેન્દ્રિય જાતિ ૫, આમ જાતિના પાંચ ભેદ છે તેવા પ્રકારની જાતિના વિપાકને આપનારાં કર્મ પણ પાંચ પ્રકારનાં છે એકેન્દ્રિય જાતિનામકર્મ ૯, બેઈન્દ્રિયજાતિ નામકર્મ ૨, થી પ્રારંભીને યાવદ્ પંચેન્દ્રિય જાતિનામકર્મ સુધીનાં આ જાતિનામકર્મ પણ પાંચ પ્રકારનાં જાણવાં.

शीर्यते इति शरीरम् = જે સડી જાય વિનાશ પામે તે શરીર शृ ધાતુ ઉપરથી ઉણાદિનો ईर् પ્રત્યય લાગીને આ શરીર શબ્દ બનેલો છે. જીવ વિનાનું શરીર પડ્યું પડ્યું સડી જાય, કીડા થાય અને ધીરે ધીરે વિનાશ પામે છે માટે તેને શરીર કહેવાય છે તે શરીર પાંચ પ્રકારનાં છે ઔદારિક-વૈક્રિય-આહારક, તૈજસ અને કાર્મણ.

ત્યાં જે કર્મના ઉદયથી આ જીવ ઔદારિકશરીરને યોગ્ય (ઔદારિક વર્ગણાનાં) પુદ્ગલોને ગ્રહણ કરીને ઔદારિક શરીર રૂપે પરિણમાવે છે અને પરિણમાવીને આત્મપ્રદેશની સાથે એકાકારપણે સંબંધિત કરે છે તે કર્મનું નામ ઔદારિકશરીરનામકર્મ. આ જ પ્રમાણે વૈક્રિયશરીરનામકર્મ વિગેરે પણ જાણવાં.

હવે ચોથું નામકર્મ અંગોપાંગનામકર્મ આ પ્રમાણે જાણવું. શરીરના મુખ્ય અવયવને अङ्ग કહેવાય છે મસ્તક વિગેરે મુખ્ય આઠ ભાગને આઠ અંગ કહેવાય છે શાસ્ત્રમાં કહ્યું છે કે (૧) શીર્ષ એટલે મસ્તક, (૨) ઉર એટલે છાતીનો ભાગ, (૩) ઉદર એટલે પેટ, (૪) પિઠ= છાતીની પાછલો ભાગ, (૫-૬) બે હાથ અને (૭-૮) બે ઉરુ (સાથળ અથવા પગ) આ આઠ અંગ કહેવાય છે. તે અંગોના અવયવભૂત જે અંગ તે ઉપાંગ કહેવાય છે. જેમ કે હાથ એ અંગ છે પણ હાથના અવયવ આંગળી-અંગુઠો તે ઉપાંગ જાણવાં. આ ઉપાંગના પણ જે પેટાભાગો તે અવયવના પણ પેટા અવયવ તે અંગોપાંગ કહેવાય છે. જેમકે હાથ એ અંગ, આંગળી તે ઉપાંગ અને આંગળીના જે વેઢા તે અંગોપાંગ. શીર્ષ-મસ્તક તે અંગ, આંખ તે ઉપાંગ અને પાંપણ કીકી વિગેરે ભાગો તે અંગોપાંગ. આમ અંગ-ઉપાંગ-અને અંગોપાંગ ત્રણ તત્ત્વો જાણવાં.

**પ્રશ્ન :-** અંગોપાંગ શબ્દની સન્ધિ છુટી પાડીએ તો અંગ અને ઉપાંગ આમ બે જ તત્ત્વ જણાય છે ત્રણ તત્ત્વ આ શબ્દમાં કેવી રીતે જાણવાં?

**ઉત્તર :-** અહીં એકશેષ સમાસ જાણવો अङ्गानि च उपाङ्गानि च इति अङ्गोपाङ्गानि, આમ કર્યા પછી अङ्गोपाङ्गानि च अङ्गोपाङ्गानि च "આ બન્ને પદોનો દ્વન્દ્વ સમાસ થતાં" स्यादावसङ्ख्येयः (સિદ્ધહેમ વ્યાકરણ ૩-૧-૧૧૯) આ સૂત્રથી બન્ને પદો સાથે મળીને એક પદ રહે છે બીજુપદ ઊડી જાય છે તેને એકશેષ કહેવાય છે તેમ અહીં એક અંગોપાંગ શબ્દ રહે છે બીજો અંગોપાંગ શબ્દ ઉડી જાય છે. આ રીતે એકશેષ થયેલ હોવાથી અંગોપાંગ શબ્દમાં અંગ અને ઉપાંગ બે શબ્દ જ છે પણ તેનો અર્થ કરવામાં ત્રણ લેવાના છે મસ્તક એ અંગ, આંખ, કાન, નાક એ ઉપાંગ અને કીકી વિગેરે જે પેટા અવયવ તે અંગોપાંગ જાણવાં. તેવા પ્રકારના અંગ-ઉપાંગ અને અંગોપાંગોને અપાવનારૂ જે કર્મ તે અંગોપાંગનામકર્મ કહેવાય છે.

તે અંગોપાંગનામકર્મ ત્રણ પ્રકારનું છે. ૧ ઔદારિકઅંગોપાંગનામકર્મ, ૨ વૈક્રિય અંગોપાંગનામકર્મ અને ૩ આહારકઅંગોપાંગનામકર્મ. તે ત્રણેના અર્થ આ પ્રમાણે છે (૧) જે કર્મના ઉદયથી ઔદારિક શરીરપણે પરિણામ પામેલાં પુદ્ગલોની અંગ અને ઉપાંગના વિભાગરૂપે પરિણામ (પરિણમન) પ્રાપ્ત થાય તે ઔદારિકઅંગોપાંગનામકર્મ જાણવું. આ જ પ્રમાણે વૈક્રિયઅંગોપાંગનામકર્મ અને આહારકઅંગોપાંગનામકર્મ પણ જાણવાં. આમ ત્રણ શરીરમાં અંગ-ઉપાંગની રચના હોય છે માટે અંગોપાંગનામકર્મ પણ ત્રણ જ છે.

તૈજસશરીર અને કાર્મણશરીર તો આત્માના પ્રદેશોનો જેવો આકાર બને તેવા જ આકારે પરિણામ પામતાં હોવાથી તે બન્ને શરીરોમાં અંગ-ઉપાંગની ભિન્ન રચના સંભવતી નથી.

बध्यतेऽनेन इति बन्धनम् = જે કર્મના ઉદયથી પુદગલો પરસ્પર બંધાય જોડાય તે બંધનનામકર્મ. આ જીવ ઔદારિક આદિ વર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરીને તે ગૃહીત (ગ્રહણકરેલાં) અને ગૃહ્યમાણ (ગ્રહણ કરાતાં) પુદ્ગલોનો પરસ્પર એકમેકતારૂપે જે સંબંધ કરે તે બંધનનામકર્મ જાણવું. જેમ લાખના સંબંધથી લાકડાના અથવા કાગળના બે ટુકડા જોડાય છે તેમ આ બંધનનામકર્મથી શરીરરૂપે ગ્રહણ કરેલા પુદ્ગલો તથા દરરોજ શરીરમાં નખાતાં આહારાદિમાં પુદ્ગલોનું જે એકીકરણ કરવું. તેનું નામ બંધનનામકર્મ. તે બંધનનામકર્મ પણ ઔદારિકાદિ શરીર પાંચ હોવાથી ઔદારિકબંધન આદિ નામે પાંચ પ્રકારનાં છે.

હવે સંઘાતનનામકર્મનો અર્થ સમજાવે છે. सङ्घात्यन्ते = गृहीत्त्वा पिण्डीक्रियन्ते = જે કર્મના ઉદયથી આ જીવ ઔદારિક આદિ શરીરને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને શરીરરચના કરવા માટે તે પુદ્ગલોને એકઠાં કરે ઢગલા કરે ભેગાં કરે તે સંઘાતનનામકર્મ, તે ઔદારિક આદિ શરીરના નામે પાંચ પ્રકારનાં છે.

**પ્રશ્ન :-** આ સંઘાતનનામકર્મનું કામ શું ? પુદ્ગલોને એકઠાં કરવાં તેને જો સંઘાતનામકર્મ કહો તો આવા પ્રકારની સંહતિ એટલે એકઠાં કરવાં તે તો ગ્રહણ માત્રથી જ સિદ્ધ થાય છે. જેને જે ગ્રહણ કરવું હોય તે જીવ તેને એકઠું કરે જ તેમાં અધિક ભિન્ન કર્મ માનવાની જરૂર નથી. હવે કદાચ કોઈ આવો બચાવ કરે કે ઔદારિકાદિ શારીરિક રચનાને અનુકુળ જથ્થાવિશેષ ગ્રહણ કરવા તે સંઘાતનનામકર્મ. આવો સંઘાત (જથ્થો) કરવામાં સંઘાતન-નામકર્મનો ઉદય કામ કરે છે. આવો સંપ્રદાયનો મત છે (પૂર્વાચાર્યનો અભિપ્રાય છે) આવો કોઈ બચાવ કરે તો તે વાત પણ યુક્તિ સિદ્ધ નથી કારણ કે જેમ જીવ જાડું કપડુ બનાવવું હોય તો તેવા જાડા તન્તુ જ ગ્રહણ કરે છે. અને ઝીણું કપડું બનાવવું હોય તો ઝીણા તાર જ ગ્રહણ કરે છે. પટને અનુરૂપ તન્તુ સમૂહને ગ્રહણ કરે તેવી રીતે ઔદારિકશરીરની રચના કરવામાં ઔદારિક વર્ગણા રૂપે બનેલાં પુદ્ગલોનો સમુદાય જ કામ આવે. વૈક્રિયશરીર બનાવવામાં વૈક્રિયવર્ગણા રૂપે બનેલા પુદ્ગલોનો સમુદાય જ કામ આવે તેમાં અધિકકર્મ (ભિન્ન કર્મ) માનવાની જરૂર રહેતી નથી માટે શરીરનામકર્મ જ આ સઘળું કાર્ય કરશે. સંઘાતનનામકર્મ માનવાની જરૂર નથી. આવો કોઈક પ્રશ્ન કરે છે.

**ઉત્તર :-** વાત તમારી બરાબર છે. સાચી છે. શરીર બનાવવા માટે તે તે વર્ગણાનાં પુદ્ગલોનું એટલે કે પુદ્ગલના જથ્થાઓનું ગ્રહણ કરવું આટલું તો શરીરનામકર્મથી જ સિદ્ધ

થઈ જાય છે. પરંતુ મુઠીપ્રમાણ પુદ્ગલો ગ્રહણ કરવાં કે ખોબા પ્રમાણ કે કોઠી ભરાય તેટલાં પુદ્ગલો લેવાં ? આમ પ્રતિનિયતપ્રમાણવાળા (અમુક ચોક્કસ પ્રમાણવાળા) શરીરની રચના કરવા માટે તે રચનાને અનુકૂલ સમુદાયવિશેષ અવશ્ય સ્વીકારવો જોઈએ જેમ કોઇક હાથી જેવું ભરાવદાર શરીર બનાવે તો ત્યાં અધિક પુદ્ગલો ગ્રહણ કરવાં પડે અને કોઈક સુક્લકડી શરીર બનાવે તો ત્યાં ઓછાં પુદ્ગલો ગ્રહણ કરવાં પડે. આમ સંહતિવિશેષ (નાના-મોટા ભિન્ન ભિન્ન જથ્થા) અવશ્ય સ્વીકારવા જોઈએ. તેથી તેવા નાના-મોટા જથ્થા વિશેષને ગ્રહણ કરવામાં કારણભૂત સંઘાતનનામકર્મ છે. આમ સંઘાતનનામકર્મની સિદ્ધિ જાણવી. આવા પ્રકારનો પૂર્વાચાર્યોના સંપ્રદાયનો અભિપ્રાય જ યોગ્ય છે.

ઔદારિક વર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરવાં અને શરીરરૂપે બનાવવાં તે શરીરનામકર્મ જાણવું. પરંતુ પાતળું શરીર બનાવવું હોય તો થોડો જથ્થો લેવો અને જાડુ શરીર બનાવવાનું હોય તો મોટો જથ્થો ગ્રહણ કરવો આમ જથ્થાના પ્રમાણ વિશેષમાં કારણભૂત આ સંઘાતનનામકર્મ કારણ છે આમ જાણવું અને જુનાં ગ્રહણ કરેલાં અને સમયે સમયે નવાં ગ્રહણ કરાતાં પુદ્ગલોનું જે એકીકરણ કરાય છે તન્મય રૂપે બનાવાય છે ત્યાં બંધનનામકર્મ કારણ જાણવું. આવો વિવેક કરવો.

હવે સંહનન (સંઘયણ) એટલે હાડકાની રચનાવિશેષ કરવી તે. આ કર્મ છ પ્રકારનું છે (૧) વજ્રઋષભનારાચ, (૨) ઋષભનારાચ, (૩) નારાચ, (૪) અર્ધનારાચ, (૫) કીલિકા, અને (૬) સેવાર્ત. આ બધા જ શબ્દોમાં વજ્ર શબ્દનો અર્થ કીલિકા (ખીલી-ખીલો). ઋષભ શબ્દનો અર્થ પાટો, અને નારાચ શબ્દનો અર્થ બન્ને બાજુનો મર્કટબંધ આવો અર્થ કરવો. તેથી બે હાડકાંનો બન્ને બાજુ મર્કટબંધ હોય એક હાડકુ બીજા હાડકામાં અને બીજું હાડકું પ્રથમ હાડકામાં ઓતપ્રોત (આરપાર) ગયેલું હોય.તેને મર્કટબંધ અથવા નારાચ કહેવાય છે. તથા તે બન્ને હાડકાં આઘાં પાછાં ખસી ન જાય તે માટે વસ્ત્રના પાટાના જેવા આકારવાળા ત્રીજા હાડકા વડે બન્ને હાડકાં વીંટાયેલાં હોય તથા તે બંધન ઢીલું ન થઈ જાય તે માટે તે ત્રણે હાડકાને વીંધીને આરપાર ગયેલું (ખીલીની તુલ્ય) કીલિકા નામવાળું હાડકું છે જ્યાં આવા પ્રકારનો અતિશય મજબૂત હાડકાંનો જે બાંધો તે વજ્રઋષભનારાચસંઘયણ કહેવાય છે.

હવે જ્યાં બે હાડકાંની આરપાર જવા રૂપે મર્કટબન્ધના જેવી રચનાવિશેષ હોય તથા તેના ઉપર પાટા બાંધેલા જેવું હાડકુ હોય પરંતુ તે ત્રણેને વીંધી આરપાર જાય એવું ખીલીનું *કામ કરનારૂં હાડકું ન હોય તે બીજું ઋષભનારાચસંઘયણ કહેવાય છે તથા જ્યાં કેવળ* મર્કટબંધ જ માત્ર હોય પરંતુ તેને વીંટનારૂં પાટારૂપે કે ત્રણેને વીંધનાર ખીલીરૂપે હાડકાં

ન હોય તે નારાચસંઘયણ જાણવું તથા મર્કટબંધ પણ એક બાજુ હોય અને બીજી બાજુ બન્ને હાડકાં સ્વતંત્ર હોય તે અર્ધનારાચ નામનું ચોથું સંઘયણ જાણવું પરંતુ જ્યાં મર્કટબંધ ન હોય માત્ર બે હાડકાંને જોડવા એકલી ખીલી જ મારેલી હોય તેવી રચના તે કીલિકા-નામનું પાંચમું સંઘયણ જાણવું. તથા જ્યાં ન તો મર્કટબંધ હોય કે ન પાટો હોય કે ન ખીલિરૂપ હાડકું હોય પરંતુ બન્ને હાડકાંના છેડા જ માત્ર સ્પર્શેલા હોય કે જ્યાં વારંવાર તેલ ચોપડવું, મસળવું, દબાવવું આવી સેવાને પામેલાં હાડકાં તેલમર્દન આદિ સેવાની સદા અપેક્ષા રાખે છે તે સેવાર્ત નામનું છઠ્ઠું સંઘયણ કહેવાય છે.

આ પ્રમાણે સંઘયણ છ પ્રકારનાં છે. તેથી તેને અપાવનારાં કર્મો પણ છ પ્રકારનાં છે. તે વજ્રઋષભનારાચ નામકર્મ ઇત્યાદિપણે કહેવાય છે.

સંસ્થાન એટલે આકારવિશેષ. શરીરના ભિન્ન ભિન્ન જે આકારવિશેષ તે સંસ્થાન. તેમાં કારણભૂત જે કર્મ તે સંસ્થાનનામકર્મ. સંગૃહીત એટલે કે સંગ્રહ રૂપે કરેલાં, સંઘાતિત એટલે એકઠાં કરેલાં અને બદ્ધ એટલે પરસ્પર ચોંટાડેલાં એવાં ઔદારિકાદિ પુદ્ગલોનો જે કર્મના ઉદયથી આકારવિશેષ (રચનાવિશેષ) થાય તે સંસ્થાનનામકર્મ કહેવાય છે. તે છ પ્રકારનાં છે. (૧) સમચતુરસ્ર, (૨) ન્યગ્રોધપરિમંડળ, (૩) સાદિ અથવા સાચી, (૪) કુબ્જ, (૫) વામન અને (૬) હુંડક.

ત્યાં સામુદ્રિકશાસ્ત્રમાં કહેલા પ્રમાણવાળા અનેક લક્ષણોવાળા, શાસ્ત્રની સાથે વિસંવાદ ન આવે તેવા અર્થાત્ તેમાં કહ્યા પ્રમાણેના માપવાળા છે ચારે ખૂણા જેના એવા પ્રમાણોપેત માપવાળા છે. અર્થાત્ ચારે દિશામાં જેના ભાગ શરીર અને અવયવો સમાન માપવાળા છે, તે સમચતુરસ્રસંસ્થાન.

ન્યગ્રોધ એટલે વડલાનું ઝાડ તે વડલાના ઝાડની જેમ નાભિથી ઉપરના અવયવો સંપૂર્ણ પ્રમાણવાળા અને નીચેના અવયવો તેવા પરિપૂર્ણ પ્રમાણવાળા નહીં એટલે કે ઉપરના ભાગમાં શાસ્ત્રમાં કહ્યા મુજબના માપવાળા અને નીચેના ભાગમાં શાસ્ત્રોક્ત માપથી હીનતાવાળા અવયવો છે જે શરીરમાં તે ન્યગ્રોધપરિમંડલ = વડલાના વૃક્ષ જેવું પરિમંડળ = શરીરનો આકાર છે જ્યાં તે ન્યગ્રોધપરિમંડળ.

ત્રીજુ સંસ્થાન सादि. આ સાદિ શબ્દમાં જે आदि શબ્દ છે તે आदि નો અર્થ उत्सेध છે નામ જેનું એવો નાભિથી નીચેનો શરીર ભાગ, એવો અર્થ જાણવો. તેથી आदि સાથે જે વર્તે તે सादि, નાભિથી નીચેનો શરીરભાગ યથોક્ત શાસ્ત્ર પ્રમાણે લક્ષણોથી યુક્ત હોય તે सादिसंस्थान, "आदि વાળો" આવું વિશેષણ અન્યથા અનુપપન્ન હોવાથી બીજી રીતે ઘટતું ન હોવાથી આવા પ્રકારનો વિશિષ્ટ અર્થનો લાભ થાય છે. તે માટે આવા પ્રકારનો વિશિષ્ટ

અર્થ કરવો. બીજા કેટલાક આચાર્યો सादि ને બદલે साचि આમ પણ કહે છે. ત્યાં શાસ્ત્રોના અર્થને જાણનારા મહાત્મા પુરુષો साचि શબ્દનો અર્થ શાલ્મલી વૃક્ષ કહે છે, તેથી સાચિ ના જેવું એટલે શાલ્મલીવૃક્ષ જેવું જે સંસ્થાન તે साचि. જેમ શાલ્મલી વૃક્ષનો નીચેનો થડનો ભાગ અતિશય પુષ્ટ હોય છે. તેવા પ્રકારનો અતિશય પુષ્ટ ભાગ ઉપરમાં હોતો નથી તથા ઉપરના ભાગમાં તેવી મહાન વિશાલતા પણ હોતી નથી. તેની જેમ આ साचि સંસ્થાનમાં પણ શરીરનો નાભિ નીચેનો ભાગ પરિપૂર્ણ પ્રમાણોપેત હોય છે. પ્રમાણયુક્ત હોય છે. પરંતુ નાભિથી ઉપરના ભાગમાં તેવા પ્રકારનું પ્રમાણયુક્ત શરીર હોતું નથી તેને साचि સંસ્થાન કહેવાય છે આ ત્રીજું સંસ્થાન જાણવું.

ચોથું કુબ્જસંસ્થાન તેને કહેવાય કે જે સંસ્થાનમાં મસ્તક-ગ્રીવા અને હાથ તથા પગના ભાગો શાસ્ત્રમાં કહેલા માપથી યુક્ત હોય પરંતુ ઉર (છાતી) તથા ઉદરાદિ (પેટ વિગેરે) શરીરના બીજા કેટલાક ભાગો તેવા પ્રમાણોપેત ન હોય (શાસ્ત્રોક્ત પ્રમાણ વિનાના હોય) શાસ્ત્રમાં કહેલા માપ કરતાં હીનાધિક માપવાળા હોય તે કુબ્જ અને શરીરમાં કુબ્જથી વિપરીત અવયવો હોય એટલે કે ઉર અને ઉદરાદિ શરીરના કેટલાક અવયવો પ્રમાણ અને લક્ષણોથી યુક્ત હોય પરંતુ હાથ પગ મસ્તક અને ગ્રીવા આ ચાર મુખ્ય અવયવ જ તેવા ન હોય શાસ્ત્રોક્ત પ્રમાણયુક્ત ન હોય તે વામન.

તથા જે શરીરમાં સર્વે પણ અવયવો પ્રમાણ અને લક્ષણોથી પરિભ્રષ્ટ (રહિત) હોય તે હુંડકસંસ્થાન કહેવાય છે. હવે વર્ણ-ગંધ-રસ અને સ્પર્શના અર્થ સમજાવે છે.

वर्ण्यते = શરીર શોભાવાય જેના વડે તે વર્ણ. તે વર્ણ પાંચ પ્રકારના છે. શ્વેત (ધોળો), પીત (પીળો), રક્ત (લાલ), નીલ (નીલો) અને કૃષ્ણ (કાળો) આમ વર્ણના પાંચ ભેદથી પાંચ પ્રકાર છે. તેવા તેવા વર્ણોની શરીરમાં પ્રાપ્તિ થવામાં કારણભૂત કર્મ પણ પાંચ પ્રકારનું છે. ત્યાં જે કર્મના ઉદયથી પ્રાણીઓના શરીરમાં શ્વેતવર્ણ પ્રાપ્ત થાય. જેમ બગલા આદિ પક્ષીઓને હોય છે તેવો શ્વેતવર્ણ શરીરમાં થાય તે શ્વેતવર્ણનામકર્મ. આ પ્રમાણે પાંચ વર્ણ નામકર્મમાં સમજી લેવું.

"बस्त गंध अर्दने" (बस्ति गन्धिणू अर्दने चौरादिक आत्मनेपदी) बस् ધાતુ અને गन्ध् ધાતુ સુંઘવા અર્થમાં છે. વળી તે ચૌરાદિક ગણવર્તી પણ છે અને આત્મનેપદી છે. તેથી गन्ध्यते-आघ्रायते इति गन्धः = નાક દ્વારા જે સુંઘાય-ઘ્રાણેન્દ્રિય દ્વારા જેનું જ્ઞાન કરાય તે ગન્ધ. આ ગન્ધ બે પ્રકારની છે. એક સુરભિગન્ધ અને બીજી દુરભિગન્ધ, ત્યાં જે કર્મના ઉદયથી પ્રાણીઓના શરીરમાં સુરભિગન્ધ ઉત્પન્ન થાય જેમ શતપત્રાદિ કમળોમાં હોય છે તેમ. તે સુરભિગન્ધનામકર્મ, આનાથી વિપરીત એટલે કે જે કર્મના ઉદયથી પ્રાણીઓના શરીરમાં લસણની જેમ દુરભિગન્ધ ઉત્પન્ન થાય તે દુરભિગન્ધનામકર્મ.

"रस आस्वादनस्नेहनयोः" रस् ધાતુ છે તે ચાખવું અને સ્નેહ આમ બે અર્થમાં છે. ત્યાં रस्यते = आस्वाद्यते इति रसः જે ચખાય, સ્વરૂપે અનુભવાય તે રસ, આ રસ પાંચ પ્રકારનો છે. તિક્ત (તીખો), કટુ (કડવો), કષાય (તુરો), આમ્લ (ખાટો), મધુર (મીઠો). આવા ભેદથી પાંચ પ્રકારનો જાણવો. તેના કારણભૂત કર્મ પણ પાંચ પ્રકારનું જાણવું.

ત્યાં જે કર્મના ઉદયથી પ્રાણીઓના શરીરમાં, તીખો રસ ઉત્પન્ન થાય જેમ મરચાં આદિમાં હોય છે તેમ, તે તિક્તરસનામકર્મ. આ પ્રમાણે આગળ આગળ બીજા બધા રસમાં પણ સ્વયં સમજવું.

"छुप स्पर्श संस्पर्शे" छुप् ધાતુ અને स्पर्श् ધાતુ સ્પર્શ અર્થમાં છે. તથા (स्पृशंत् संस्पर्शे तौदादिकः) स्पृश् ધાતુ સ્પર્શ અર્થમાં તુદાદિક ગણનો (છઠ્ઠા ગણનો) પણ છે स्पृश्यते इति स्पर्शः જે સ્પર્શ કરાય તે સ્પર્શ. આ સ્પર્શ કર્કશ, મૃદુ, લઘુ, ગુરુ, સ્નિગ્ધ, રૂક્ષ, શીત અને ઊષ્ણના ભેદથી આઠ પ્રકારનો છે. તે તે સ્પર્શની પ્રાપ્તિ થવામાં કારણભૂત કર્મ પણ આઠ પ્રકારનું છે. ત્યાં જે કર્મના ઉદયથી જીવોના શરીરમાં પત્થર આદિની જેમ કર્કશસ્પર્શની પ્રાપ્તિ થાય તે કર્કશસ્પર્શનામકર્મ, આ પ્રમાણે આગળ આગળ શેષ સ્પર્શમાં પણ સમજવું.

વિગ્રહ વડે એટલે કે એકભવથી બીજા ભવમાં ઉત્પત્તિ સ્થાન તરફ જતા જીવને આકાશપ્રદેશોની પંક્તિને અનુસારે નિયતપણે ગતિ કરવાનો જે ક્રમ છે તે આનુપૂર્વી. તે આનુપૂર્વી ચાર પ્રકારની છે (૧) નરકગતિઆનુપૂર્વી, (૨) તિર્યંચગતિઆનુપૂર્વી, (૩) મનુષ્યગતિઆનુપૂર્વી, (૪) દેવગતિઆનુપૂર્વી. જે આનુપૂર્વીથી નરકગતિમાં જવાય તે નરકગતિઆનુપૂર્વીકર્મ જાણવું. આ પ્રમાણે ચારે આનુપૂર્વીમાં સમજી લેવું.

विहायसा गतिः = विहायोगतिः આકાશ દ્વારા જે ગતિ તે વિહાયોગતિ. જો કે સર્વે પણ જીવો અને પુદ્‌ગલો આકાશ દ્વારા જ (અવકાશ દ્વારા જ) ગતિ કરે છે અવકાશ વિના કોઈ ગતિ કરતું નથી તો પણ विहायो આવું જે વિશેષણ મૂકવામાં આવ્યું છે. તે પ્રથમ પ્રકૃતિના વ્યવચ્છેદ માટે જ કરવામાં આવ્યું છે એટલે કે જો विहायो આ વિશેષણ ન લખીએ તો गति આટલો જ માત્ર શબ્દ કહેવાથી ૧૪ પિંડપ્રકૃતિઓમાં જે પ્રથમ પ્રકૃતિ ગતિનામકર્મ છે. તે અને આ ચૌદમી વિહાયોગતિનામકર્મ બન્ને એક સરખા સમાન શબ્દો થઈ જાય. તેથી તે બન્નેને પૃથક્ કરવા માટે અહીં ગતિ શબ્દની આગળ विहायो આવું વિશેષણ મૂકવામાં આવ્યું છે.

તે વિહાયોગતિ બે પ્રકારની છે પ્રશસ્ત અને અપ્રશસ્ત. (અર્થાત્ શુભ અને અશુભ), ત્યાં જે કર્મના ઉદયથી શરીરમાં પગની ચાલ સારી પ્રશંસનીય લોકપ્રિય પ્રાપ્ત થાય જેમકે હંસની ચાલ, હાથીની ચાલ અને વૃષભાદિની ચાલ. તે પ્રશસ્ત વિહાયોગતિનામકર્મ. અને

જે કર્મના ઉદયથી શરીરમાં પગની ચાલ અપ્રશસ્ત પ્રાપ્ત થાય જેમકે ગધેડો, ઊંટ, અને પાડો આદિ પ્રાણીઓની જેમ અશુભ ચાલ હોય. શરીરનાં બધા અવયવો જેમાં ઉછળે તે અશુભ વિહાયોગતિ. તે બન્ને પ્રકારની ચાલ પ્રાપ્ત થવામાં કારણભૂત જે કર્મપ્રકૃતિ છે. તે કર્મપ્રકૃતિ પણ બે પ્રકારની છે. શુભવિહાયોગતિનામકર્મ અને અશુભવિહાયોગતિનામકર્મ.

આ પ્રમાણે ચૌદ પિંડપ્રકૃતિઓ કહી. તેના ઉત્તરભેદો પાંસઠ (૬૫) થાય છે અનુક્રમે ૪-૫-૫-૩-૫-૫-૬-૬-૫-૨-૫-૮-૪-૨ =૬૫ આમ ઉત્તરભેદો જાણવા. હવે પ્રત્યેક પ્રકૃતિઓ કહેવાની છે તેમાં કેટલીક સપ્રતિપક્ષી છે અને કેટલીક અપ્રતિપક્ષી છે. આમ બે પ્રકારની છે તે બન્નેમાં અલ્પ વક્તવ્ય (થોડુંક જ કહેવાનું) હોવાથી પહેલાં અપ્રતિપક્ષપ્રકૃતિઓ કહેવાય છે તે અપ્રતિપક્ષપ્રકૃતિઓ (૧)અગુરુલઘુ, (૨) ઉપઘાત, (૩) પરાઘાત, (૪) ઉશ્વાસ, (૫) આતપ, (૬) ઉદ્યોત, (૭) નિર્માણ અને (૮) તીર્થંકર નામ કર્મના ભેદથી આઠ પ્રકારની છે તેના અર્થો આ પ્રમાણે છે.

(૧) જે કર્મના ઉદયથી પ્રાણીઓને પોતાનાં શરીરો ન ભારે લાગે ન હલકાં લાગે. કે ન ભારે-હલકાં લાગે. પરંતુ ભારે પણ નહીં અને લઘુ પણ નહીં આવાં લાગે અર્થાત્ અગુરુલઘુ પરિણામથી પરિણત લાગે તે અગુરુલઘુનામકર્મ. હાથી હાથીનું શરીર લઈને ફરે છે અને કીડી કીડીનું શરીર લઈને ચાલે છે પરંતુ એકેને પોતાનું શરીર ભારે કે હલકું લાગતું નથી. આપણને પણ આપણું પોતાનું શરીર લઈને ચાલતાં નથી વજન લાગતું કે નથી હલકાપણાનો અનુભવ થતો તે અગુરુ લઘુ નામકર્મ.

(૨) જે કર્મના ઉદયથી પોતાના શરીરના અવયવો વડે પોતે જ દુઃખી થાય. જેમકે જીભની નીચે બીજી જીભ હોય. ગળાના ભાગમાં લાંબો આંચળ હોય અથવા ડબલદાંત હોય કે જેને ચોરદાંત કહેવાય. આવા પ્રકારના વધારે અવયવો મળવાથી ખાવા-પીવાની પ્રક્રિયામાં આ જીવ દુઃખી દુઃખી થાય તે ઉપઘાતનામકર્મ. અથવા સ્વયં પોતે જ પોતાના શરીરને કુવામાં નાખે પર્વત ઉપરથી પડતુ મુકે, પોતાના શરીરના ભાગોને પોતે જ દોરડાથી બાંધે આમ પોતાના શરીરવડે પોતે જ દુઃખી દુઃખી થાય તે ઉપઘાતનામકર્મ.

(૩) જે કર્મના ઉદયથી જીવ પોતે ઓજસ્વી (તેજસ્વી) બને, દર્શનમાત્રવડે અથવા બોલવાની સુંદરતા વડે મોટી સભામાં ગયો હોય ત્યારે સભ્યોને ત્રાસ પમાડે. શારીરિક પ્રતિભાના કારણે જોનારા લોકોને ભયભીત કરી દે. રાજસભા આદિમાં વાદવિવાદ માટે ઉભો થાય ત્યારે જેને જોઈને જ પ્રતિપાદી દબાઈ જાય. પ્રતિવાદીની પ્રતિભાને જે હણી નાખે તે પરાઘાતનામકર્મ.

(૪) જે કર્મના ઉદયથી આ જીવને ઉશ્વાસ નિશ્વાસ લેવા મુકવાની લબ્ધિ (શક્તિ) બરાબર પ્રગટ થાય તે ઉશ્વાસ નામ કર્મ.

(૫) જે કર્મના ઉદયથી જીવોનાં શરીરો સ્વરૂપે ઉષ્ણ ન હોવા છતાં પણ લોકોને ઉષ્ણ પ્રકાશ રૂપ આતપ આપે તે આતપ નામકર્મ. તેનો વિપાકોદય સૂર્યના વિમાનમાં રહેલા રત્નોના પૃથ્વીકાય જીવોને હોય છે. પરંતુ અગ્નિકાયને આતપનામકર્મ હેતુ નથી. વીતરાગ પ્રભુના વચનમાં તેઓને (અગ્નિકાયને)આતપનામકર્મના ઉદયનો નિષેધ છે અગ્નિમાં જે ઉષ્ણપણું છે તે ઉષ્ણસ્પર્શનામકર્મના ઉદયથી છે અને જે પ્રકાશપણું છે. તે ઉત્કટ લોહિત વર્ણનામકર્મના ઉદયથી છે આમ જાણવું પરંતુ આતપનામકર્મનો ઉદય નથી.

(૬) જે કર્મના ઉદયથી જીવોનાં શરીરો અનુષ્ણપ્રકાશ (શીતળ પ્રકાશ) રૂપ ઉદ્યોત ને કરે જેમ ચંદ્રમાની ચાંદણી તે ઉદ્યોત નામકર્મ આ કર્મનો ઉદય મુનિના વૈક્રિયશરીરમાં, દેવોના ઉત્તર વૈક્રિયમાં, ચંદ્રમા-ગ્રહ-નક્ષત્ર અને તારાનાં વિમાનોમાં રહેલા રત્નોને તથા ઔષધિઓને હોય છે જ્યાં જઈને લોકો શીતળતાનો જે અનુભવ કરે છે. તે તેવા પ્રકારની વનસ્પતિ આદિને ઉદ્યોત નામકર્મનો ઉદય જાણવો.

(૭) જે કર્મના ઉદયથી પ્રાણીઓના શરીરોમાં હાથ-પગ-આંખ-કાન-નાક આદિ અંગો અને પ્રતિ અંગો પોતપોતાના નિયત સ્થાને જ ગોઠવાય તે નિર્માણ નામકર્મ. આ કર્મ સૂત્રધાર તુલ્ય છે. મુખ્ય સુથાર સમાન છે. જો આ કર્મ ન હોય તો તેના સેવકભૂત એવા અંગોપાંગનામકર્મ આદિ નામકર્મો વડે બનાવાયેલા મસ્તક છાતી-પેટ આદિ અવયવોની યથાસ્થાને ગોઠવણીનો નિયમ જ ન રહે પરંતુ આમ અનિયત પણું જે નથી બનતું તે આ કર્મનો ઉદય જાણવો.

(૮) જે કર્મના ઉદયથી જીવને આઠ મહાપ્રાતિહાર્યાદિ અતિશયો પ્રાપ્ત થાય. તે તીર્થંકર નામકર્મ જાણવું. આ પ્રમાણે અપ્રતિપક્ષ એવી પ્રત્યેક પ્રકૃતિઓ કહી.

હવે સપ્રતિપક્ષ એવી પ્રત્યેક પ્રકૃતિઓ સમજાવાય છે. તે (૧) ત્રસ, (૨) બાદર, (૩) પર્યાપ્ત, (૪) પ્રત્યેક, (૫) સ્થિર, (૬) શુભ, (૭) સુસ્વર, (૮) સુભગ, (૯) આદેય અને (૧૦) યશકીર્તિ આમ આ ત્રસનો દશકો જાણવો તથા તેનાથી પ્રતિપક્ષી (૧) સ્થાવર, (૨) સૂક્ષ્મ, (૩) અપર્યાપ્ત, (૪) સાધારણ, (૫) અસ્થિર, (૬) અશુભ, (૭) દુઃસ્વર, (૮) દૌર્ભાગ્ય, (૯) અનાદેય અને (૧૦) અયશકીર્તિ આમ પ્રતિપક્ષ સાથે ૨૦ પ્રકૃતિઓ જાણવી.

(૧) ત્યાં ગરમી ઠંડી આદિથી ત્રાસ પામ્યા છતા જે જીવો પોતાના એક સ્થાનથી બીજા સ્થાનમાં જઈ શકે તેને ત્રસ કહેવાય છે. આવા જીવો બેઈન્દ્રિય આદિ જાણવા (બેઈન્દ્રિય-તેઈન્દ્રિય ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો સમજવા) તેવા ભવને આપનારૂં, તેવા વિપાક રૂપે વેદાય એવું જે કર્મ તે પણ ત્રસનામકર્મ. તેનાથી જે વિપરીત કર્મ તે સ્થાવરનામકર્મ,

જેના ઉદયથી ઉષ્ણતા (ગરમી) અને ઠંડી આદિથી તપ્યા છતાં અને ઠર્યા છતાં જે સ્થાને પોતે હોય તે સ્થાન છોડીને નિર્ભય સ્થાને જવાને અસમર્થ હોય તેવા પૃથ્વીકાય અપ્કાય. તેજસ્કાય વાયુકાય અને વનસ્પતિકાય આ જીવો સ્થાવર જાણવા.

જે કર્મના ઉદયથી જીવોને ચક્ષુથી દેખી શકાય એવા શરીરસ્વરૂપ બાદરપણાની (મોટાપણાની) પ્રાપ્તિ થાય તે બાદરનામકર્મ. પૃથ્વીકાયાદિ પાંચે સ્થાવર જીવોમાં એક એક જીવનું એક એક શરીર ચક્ષુર્ગોચર ન હોવા છતાં પણ બાદરપણાની પ્રાપ્તિના કારણે ઘણા જીવોનાં ઘણા શરીરોનો સમુદાય સાથે મળ્યો હોય ત્યારે ચક્ષુર્ગોચર થાય છે તે બાદર કહેવાય છે. તેનાથી વિપરીત જે કર્મ તે સૂક્ષ્મનામકર્મ કે જેના ઉદયથી ઘણા જીવોનાં ઘણાં શરીરોનો સમુદાય ભેગો થાય તો પણ ચક્ષુર્ગોચરતાને ન પામે આવું શરીર જીવને અપાવનારૂં જે કર્મ તે સૂક્ષ્મનામકર્મ.

જે કર્મના ઉદયથી આ જીવ પોતપોતાના જીવને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવાને સમર્થ બને તે પર્યાપ્તનામકર્મ અને તેનાથી વિપરીત જે કર્મ તે અપર્યાપ્તનામકર્મ, કે જેના ઉદયથી પોતાના ભવને યોગ્ય પર્યાપ્તિઓ સમાપ્ત કરવામાં આ જીવ સમર્થ ન બને તે અપર્યાપ્તનામકર્મ.

જે કર્મના ઊદયથી દરેકજીવને ભિન્નભિન્ન સ્વતંત્ર શરીર પ્રાપ્ત થાય તે પ્રત્યેક નામકર્મ.

**પ્રશ્ન :-** કપિત્થ અશ્વત્થ પીલુ વિગેરેનાં વૃક્ષોમાં મૂલ થડ શાખા-પ્રશાખા અને છાલ વિગેરે ભાગોમાં દરેકમાં અસંખ્યાત અસંખ્યાત જીવો છે આવું જૈનશાસ્ત્રોમાં જોવા અને સાંભળવા મળે છે અને મૂલ થડ શાખા પ્રશાખા વિગેરે ભાગો દેવદત્તના શરીરની જેમ અખંડ એક શરીર રૂપે આકારવાળા હોય એમ દેખાય છે તો તે જીવોમાં અસંખ્ય જીવો સાથે હોવાથી પ્રત્યેક શરીરવાળા પણું કેમ કહેવાય ! કારણ કે પ્રત્યેક જીવોને (એક એક જીવને) ભિન્ન ભિન્ન શરીર હોવું જોઈએ પણ તેવા ભિન્ન ભિન્ન શરીરનો તો અભાવ છે. ઘણા જીવો વચ્ચે અખંડ એક શરીર જ દેખાય છે. તો આવા જીવોને પ્રત્યેક કેમ કહેવાય !

**ઉત્તર :-** આવો પ્રશ્ન કરતા હો તો ન કરવો કારણ કે તે મૂલ થડ શાખા પ્રશાખા વિગેરે ભાગોમાં અસંખ્યાત જીવો અવશ્ય છે પરંતુ તે સર્વે પણ જીવોને પોતપોતાનું ઔદારિક શરીર ભિન્ન ભિન્ન જ છે. ફક્ત શ્લેષ્મ દ્રવ્યથી (ચીકાશવાળા દ્રવ્યથી-તેલ-ઘીથી) મિશ્ર કરાયેલા સરસવના દાણાની બનાવેલી વાટની જેમ અથવા તલની બનાવેલી સુખડીની જેમ અતિશય ગાઢ રાગ અને દ્વેષથી બાંધેલા વિચિત્ર એવા પ્રત્યેક નામકર્મના પુદ્ગલોનો ઉદય હોવાથી અરસપરસ અતિશય મિશ્ર થયેલાં શરીરો દેખાય છે. પરંતુ વાસ્તવિકપણે દરેક જીવને પોત પોતાનું શરીર ભિન્ન ભિન્ન છે આમ સમજવું.

જે કર્મના ઉદયથી અનન્ત જીવો વચ્ચે માત્ર એક જ શરીર હોય તે સાધારણ નામકર્મ. બટાકા ગાજર વિગેરે અનંતકાય જીવોનાં આ શરીરો સાધારણ નામકર્મના ઉદયવાળાં છે.

જે કર્મના ઉદયથી મસ્તક હાડકાં અને દાંત વિગેરે શરીરના કેટલાક અવયવોમાં સ્થિરતા પ્રાપ્ત થાય, હલાવો તો પણ હાલે નહી આવી સ્થિરતા અપાવનારૂં જે કર્મ તે સ્થિરનામકર્મ. તેનાથી વિપરીત જે કર્મ તે અસ્થિરનામકર્મ. જે કર્મના ઉદયથી જીભ પાંપણ આંખની કીકી વિગેરે શરીરના કેટલાક અવયવોમાં અસ્થિરતા જ પ્રાપ્ત થાય તે અસ્થિરનામકર્મ.

જે કર્મના ઉદયથી નાભિથી ઉપરના અવયવો પેટ ગર્દન મસ્તક મુખ વિગેરે ભાગો શુભ પ્રાપ્ત થાય તે શુભ નામ કર્મ અને તેનાથી વિપરીત તે અશુભ નામકર્મ, કે જેના ઉદયથી નાભિથી નીચેના પગ પાની વિગેરે કેટલાક અવયવો અશુભ પ્રાપ્ત થાય છે તે અશુભનામકર્મ. આ પ્રમાણે મસ્તકવડે (હાથવડે) કોઈ મનુષ્યને સ્પર્શ કરાયો હોય તો તે મનુષ્ય ખુશ થાય છે. પરંતુ પગવડે સ્પર્શ કરાયો હોય તો તે મનુષ્ય ગુસ્સે થાય છે. માટે નાભિથી ઉપરના અવયવો શુભ છે તે શુભનામકર્મ.

કામિનીના (પોતાની પત્ની આદિ જીવોના) પગના સ્પર્શથી પણ જે ખુશી ઉપજે છે તે મોહના કારણે છે પરંતુ પારમાર્થિક નથી માટે તેની સાથે વ્યભિચાર અર્થાત્ ઉપરોક્ત અર્થમાં કોઈ દોષ આવતો નથી.

જે કર્મના ઉદયથી જીવનો સ્વર સાંભળનારા જીવોને સાંભળવાની બાબતમાં પ્રીતિનું કારણ બને તે સુસ્વરનામકર્મ. તેનાથી વિપરીત તે દુસ્વર નામકર્મ. જે કર્મના ઉદયથી ગાનારાનો સ્વર સાંભળનારાને અપ્રીતિનું કારણ બને તે દુઃસ્વર નામકર્મ.

જે કર્મના ઉદયથી જીવ બીજાનો કંઈ ઉપકાર ન કરતો હોય બીજાનું કંઈ કામ કરતો ન હોય તો પણ સર્વના મનને પ્રિય થાય વહાલ થાય તે સૌભાગ્ય નામકર્મ. તેનાથી વિપરીત તે દૌર્ભાગ્યનામકર્મ કે જેના ઉદયથી ઉપકાર કરવા છતાં પણ માણસોને દ્વેષ્ય થાય તે દુર્ભગનામકર્મ તથા વળી તીર્થંકરભગવન્તો કે જે અતિશય પુણ્યશાળી જીવો છે તેવા જીવો પણ અભવ્ય જીવોને દ્વેષ્ય બને છે તેમના ઉપર અભવ્યજીવોને દ્વેષ થાય છે ત્યાં તીર્થંકર પરમાત્માના જીવોનું દુર્ભગનામકર્મ કારણ નથી. પરંતુ તે અભવ્યજીવોમાં રહેલા તીવ્ર મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય જ કારણ છે આમ સમજવું.

જે કર્મના ઉદયથી વક્તાનું બોલાયેલું જે કોઇ વચન હોય પણ તેને લોકો પ્રમાણ કરે, સ્વીકારી લે. આવા વક્તા પુરુષનાં દર્શન થતાંની સાથે જ ઉભા થવું. સામા જવુ ઈત્યાદિ વિનયવિવેક આચરે તે આદેયનામકર્મ. તેનાથી વિપરીત જે કર્મ તે અનાદેય

નામકર્મ, જે કર્મના ઉદયથી યુક્તિયુક્ત વચનો બોલવા છતાં પણ બોલનારો પુરુષ ઉપાદેયવચનવાળો ન બને યુક્તિપૂર્વકનું બોલવા છતાં પણ ગ્રાહ્યવચનવાળો ન બને, તે અનાદેય નામકર્મ તથા જ્યારે વક્તા આવે ત્યારે લોકોનું ઉભા થવું. સામા જવું વળાવા જવું ઇત્યાદિ વિવેકને યોગ્ય ન બને તે દૌર્ભાગ્યનામકર્મ.

તપ, શૂરવીરતા અને ત્યાગ આદિ ગુણો વડે પ્રાપ્ત કરેલા યશ દ્વારા જીવનું નામ જે ગવાય તે યશકીર્તિનામકર્મ. અથવા સામાન્યથી જીવની જે પ્રસિદ્ધિ થાય તે યશ; અને ગુણોથી પ્રસિદ્ધિ અર્થાત્ ગુણો દ્વારા જીવની જે પ્રસિદ્ધિ તે કીર્તિ. અથવા એક દિશામાં જે નામ્ના વૃદ્ધિ પામે તે કીર્તિ અને સર્વદિશામાં જે નામ્ના વૃદ્ધિ પામે તે યશ. અથવા દાન-પુણ્ય આદિ શ્રેષ્ઠ કાર્યો કરવા દ્વારા જે પ્રસિદ્ધિ તે કીર્તિ અને પરાક્રમ દ્વારા જે પ્રસિદ્ધિ તે યશ આવા પ્રકારની કીર્તિ અને યશ પ્રાપ્ત થાય જેનાથી તે યશકીર્તિનામકર્મ.

તેનાથી વિપરીત એવું જે કર્મ તે અપયશકીર્તિનામકર્મ. જેના ઉદયથી આ જીવ મધ્યસ્થ માણસોને પણ અપ્રિય થાય અપ્રશંસનીય બને તે અપયશકીર્તિનામકર્મ.

આ પ્રમાણે સપ્રતિપક્ષ એવી પ્રત્યેક પ્રકૃતિઓ કહી આ ૨૦ પ્રકૃતિઓમાં ત્રસ આદિ દશ પ્રકૃતિઓના સમુદાયને ત્રસદશક અને સ્થાવરનામકર્મ આદિ દશ પ્રકૃતિઓના સમુદાયને સ્થાવરદશક કહેવાય છે. આવા પ્રકારની સંજ્ઞા જાણવી.

ગોત્રકર્મની બે ઉત્તરપ્રકૃતિઓ છે ઉચ્ચગોત્ર અને નીચગોત્ર. ત્યાં જે કર્મના ઉદયથી આ જીવ ઉત્તમ જાતિ. ઉત્તમબલ, તપ, રૂપ ઐશ્વર્ય, વિશિષ્ટ એવું શ્રુત, સત્કાર, અભ્યુત્થાન (ઉભા થવું) આસનપ્રદાન અંજલિપ્રગ્રહ વિગેરે ભાવોને પ્રાપ્ત કરે તે ઉચ્ચગોત્રકર્મ, અને જેના ઉદયથી જ્ઞાનાદિ ગુણોથી યુક્ત જીવ હોય તો પણ નિંદાને પામે. તે નીચગોત્રકર્મ અથવા હલકી જાતિમાં જન્મ વિગેરેને પણ નીચગોત્રકર્મ કહેવાય છે.

અન્તરાયકર્મના દાન લાભ ભોગ ઉપભોગ અને વીર્યનો અંતરાય આવા ભેદોથી અંતરાયકર્મની પાંચ ઉત્તર પ્રકૃતિઓ જાણવી.

ત્યાં જે કર્મના ઉદયથી ઘરમાં ધનનો વૈભવ હોવા છતાં, ઘરે ગુણવાન પાત્ર લેવા આવ્યો હોય છતાં, "આ મહાત્માને આપીશું તો ઘણો લાભ થશે આમ જાણવા છતાં પણ વસ્તુ આપવાનું મન ન થાય તે દાનાન્તરાય કર્મ જાણવું.

દાતાને ઘેર આપવા યોગ્ય દાનસામગ્રી હોય, લેવા આપનાર પાત્ર ગુણવાન હોય વિનયાદિથી વસ્તુની માગણી કરે છતાં પણ લેનાર આત્મા દાતા પાસેથી તે વસ્તુ પ્રાપ્ત ન કરી શકે તે લાભાન્તરાય કર્મ.

જે કર્મના ઉદયથી વિશિષ્ટ આહાર આદિ ભોગસામગ્રી પ્રાપ્ત થવા છતાં પણ વસ્તુનો ત્યાગ કરવાનાં પચ્ચક્ખાણ કરવાની ભાવના ન હોવા છતાં પણ કૃપણતા માત્રથી (કંજુસાઈથી) વસ્તુને ભોગવવાની જે મનોવૃત્તિ ન થાય તે ભોગાન્તરાય કર્મ જાણવું. આ જ પ્રમાણે ઉપભોગાતરાયકર્મ પણ જાણવું. પરંતુ ભોગ અને ઉપભોગમાં આ વિશેષતા છે કે જે વસ્તુ એકવાર ભોગવાય તે ભોગ અને વારંવાર ભોગવાય તે ઉપભોગ.

જે કર્મના ઉદયથી નિરોગી શરીર હોવા છતાં પણ તથા યૌવન અવસ્થામાં વર્તતો હોવા છતાં પણ અલ્પશક્તિવાળો જીવ બને તે વીર્યાન્તરાય કર્મ. આ પ્રમાણે ઉત્તરપ્રકૃતિઓના અર્થ કહ્યા.

નામકર્મમાં અપ્રતિપક્ષ પ્રત્યેકપ્રકૃતિ ૮, સપ્રતિપક્ષ પ્રત્યેક પ્રકૃતિઓ ૨૦ એમ કુલ આ ૨૮ પ્રકૃતિઓ પૂર્વે કહેલી ૬૫ પિંડ પ્રકૃતિઓની સાથે મેલવતાં ૨૮ + ૬૫ = ૯૩ કુલ ત્રાણું પ્રકૃતિઓ નામકર્મની થાય છે ત્યાં બન્ધમાં અને ઉદયમાં પાંચ બંધન અને પાંચ સંઘાતન પોતાના શરીરની અંદર જ ગણાય છે. પૃથક્પણે ગણાતાં નથી તેથી એ ૧૦ પ્રકૃતિઓ બંધમાં અને ઉદયમાં ન્યૂન ગણાય છે. તથા વર્ણાદિચતુષ્ક ઉત્તમભેદરહિત સામાન્યથી જ વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ આમ ચાર જ લેવાય છે તેથી બંધની વિચારણામાં નામકર્મની ત્રાણું પ્રકૃતિઓમાંથી બંધન પાંચ, સંઘાતન પાંચ અને વર્ણાદિના (૨૦ ઉત્તરભેદને બદલે ચાર મૂલભેદ લેવાથી) સોળભેદ એમ ૫ +૫ + ૧૬ = ૨૬ ભેદો દૂર કરવાથી નામકર્મના ૬૭ ભેદો બંધમાં તથા ઉદય ઉદીરણામાં ગણવામાં આવે છે.

મોહનીય કર્મમાં સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય કર્મ બંધમાં ગણાતું નથી જે મિથ્યાત્વનાં પુદ્ગલો બંધાયાં હોય છે. તે જ સમ્યક્ત્વને અનુકુળ વિશુદ્ધિવિશેષથી ત્રણ પ્રકારે કરાય છે. શુદ્ધ, અર્ધશુદ્ધ અને સર્વથા અશુદ્ધ આમ મિથ્યાત્વમોહમાં જ પુદ્ગલોને શુદ્ધ કરવા દ્વારા સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય આવા પ્રકારના નામનો વ્યવહાર થાય છે તેથી આઠે કર્મની બંધમાં ૧૨૦ પ્રકૃતિઓ લેવાય છે અને ઉદયાધિકારમાં સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનાં પુદ્ગલોનો ઉદય સંભવતો હોવાથી ૧૨૨ ઉદયમાં લેવામાં આવે છે.

સત્તામાં પૂર્વે દૂર કરેલી (પાંચ બંધન પાંચ સંઘાતન અને વર્ણાદિકની સોળ એમ) ૨૬ પ્રકૃતિઓ પણ ગણાય છે. તેથી ૧૪૮ પ્રકૃતિઓ લેવાય છે. આવા પ્રકારનો ગ્રંથકારશ્રી શીવશર્મસૂરીશ્વરજી આદિ મહાત્માઓનો અભિપ્રાય છે.

પરંતુ ગર્ગષિ મુનિ વિગેરે અન્ય મહાત્માઓની દૃષ્ટિએ બંધન પાંચને બદલે પન્નર લેવાય છે. આમ કરવાથી ૧૫૮ પ્રકૃતિ ભેદો પણ જાણવા. હવે અહીં કદાચ આવો પ્રશ્ન થાય કે પન્નર બંધનો કેવી રીતે થાય ? તો તે સમજાવે છે.

ઔદારિક વૈક્રિય અને આહારક આ ત્રણને પોતાની સાથે, તૈજસની સાથે, અને કાર્મણની સાથે જોડવાથી નવ બંધનો થાય છે. તથા તે જ ઔદારિકાદિ ત્રણને તૈજસ કાર્મણ એમ ઉભયની સાથે જોડવાથી બીજાં ત્રણ બંધનો થાય છે આમ ૯ + ૩ = ૧૨ બંધનો થાય છે. તથા તૈજસ અને કાર્મણનાં ત્રણ બંધનો જુદાં થાય છે આમ કુલ ૧૫ બંધનો છે.

૧. ઔદારિક ઔદારિક બંધન
૨. ઔદારિક તૈજસ બંધન
૩. ઔદારિક કાર્મણ બંધન
૪. વૈક્રિય વૈક્રિય બંધન
૫. વૈક્રિય તૈજસ બંધન
૬. વૈક્રિય કાર્મણ બંધન
૭. આહારક આહારક બંધન
૮. આહારક તૈજસ બંધન
૯. આહારક કાર્મણ બંધન
૧૦. ઔદારિક તૈજસ કાર્મણ બંધન
૧૧. વૈક્રિય તૈજસ કાર્મણ બંધન
૧૨. આહારક તૈજસ કાર્મણ બંધન
૧૩. તૈજસ તૈજસ બંધન
૧૪. તૈજસ કાર્મણ બંધન
૧૫. કાર્મણ કાર્મણ બંધન

**આમ પન્નર બંધન જાણવાં**

(૧) પૂર્વકાલમાં ગૃહીત થયેલાં ઔદારિક પુદ્ગલોની સાથે વર્તમાન કાલે ગ્રહણ કરાતાં ઔદારિક પુદ્ગલોનો પરસ્પર જે સંબંધ થવો તે ઔદારિક ઔદારિકબંધન નામકર્મ કહેવાય છે.

(૨) પૂર્વકાલમાં ગૃહીત થયેલાં અને વર્તમાનકાલે ગ્રહણ કરાતાં ઔદારિક પુદગોલોનો ગૃહીત અને ગૃહ્યમાણ એવાં તૈજસ પુદ્ગલોની સાથે જે સંબંધ કરવો તે ઔદારિક તૈજસ બંધન.

(૩) પૂર્વકાલમાં ગૃહીત અને વર્તમાનકાલે ગૃહ્યમાણ એવાં તે જ ઔદારિક પુદ્ગલોનો ગૃહીત અને ગૃહ્યમાણ એવાં કાર્મણ પુદ્ગલોની સાથે જે સંબંધ કરવો તે ઔદારિક કાર્મણ બંધન.

(૪) પૂર્વકાલમાં ગ્રહણ કરાયેલાં વૈક્રિયપુદ્ગલોનો વર્તમાન કાલે ગ્રહણ કરાતાં વૈક્રિય પુદ્ગલોની સાથે જે સંબંધ થવો તે વૈક્રિય વૈક્રિય બંધન કહેવાય છે.

*(૫) પૂર્વકાલમાં ગૃહીત અને વર્તમાનકાલે ગૃહ્યમાણ એવાં વૈક્રિય પુદ્ગલોનો ગૃહીત અને* ગૃહ્યમાણ એવાં તૈજસ પુદ્ગલોની સાથે જે પરસ્પર સંબંધ થવો તે વૈક્રિયતૈજસ બંધન કહેવાય છે.

(૬) પૂર્વકાલમાં ગૃહીત અને વર્તમાનકાલે ગૃહ્યમાણ એવાં વૈક્રિયપુદ્ગલોનો ગૃહીત અને ગૃહ્યમાણ એવાં કાર્મણ પુદ્ગલોની સાથે જે સંબંધ થવો તે વૈક્રિય કાર્મણબંધન કહેવાય છે.

(૭) પૂર્વકાલમાં ગૃહીત એવાં આહારક પુદગલોનો વર્તમાન કાળે ગૃહ્યમાણ એવાં આહારક પુદ્ગલોની સાથે જે સંબંધ થવો તે આહારક આહારક બંધન કહેવાય છે.

(૮) પૂર્વકાલમાં ગૃહીત અને વર્તમાનકાલે ગૃહ્યમાણ એવાં આહારક પુદ્ગલોનો ગૃહીત અને ગૃહ્યમાણ એવાં તૈજસ પુદ્ગલોની સાથે જે સંબંધ કરવો તે આહારક તૈજસબંધન જાણવું.

(૯) પૂર્વકાલમાં ગૃહીત અને વર્તમાનકાલે ગૃહ્યમાણ એવા આહારક પુદ્ગલોનો ગૃહીત અને ગૃહ્યમાણ એવાં કાર્મણપુદ્ગલોની સાથે જે સંબંધ કરવો તે આહારકકાર્મણ બંધન કહેવાય છે.

(૧૦) પૂર્વકાલમાં ગૃહીત અને વર્તમાનકાલે ગૃહ્યમાણ એવાં ઔદારિક-તૈજસ અને કાર્મણ પુદ્ગલોનો પરસ્પર જે સંબંધ કરવો તે ઔદારિક તૈજસ કાર્મણ બંધન કહેવાય છે.

(૧૧) પૂર્વકાલમાં ગૃહીત અને વર્તમાનકાલે ગૃહ્યમાણ એવાં વૈક્રિય-તૈજસ અને કાર્મણ પુદ્ગલોનો જે પરસ્પરસંબંધ કરવો તે વૈક્રિય તૈજસ કાર્મણ બંધન કહેવાય છે.

(૧૨) પૂર્વકાલમાં ગૃહીત અને વર્તમાનકાલમાં ગૃહ્યમાણ એવાં આહારક-તૈજસ અને કાર્મણ પુદ્ગલોનો જે પરસ્પર સંબંધ કરવો તે આહારક તૈજસ-કાર્મણ બંધન કહેવાય છે.

(૧૩) પૂર્વગૃહીત એવાં તૈજસપુદ્ગલોનો ગૃહ્યમાણ એવાં તૈજસ પુદ્ગલોની સાથે જે પરસ્પર સંબંધ કરવો તે તૈજસ તૈજસ બંધન કહેવાય છે.

(૧૪) પૂર્વગૃહીત અને વર્તમાનકાલે ગૃહ્યમાણ એવાં તૈજસ પુદ્ગલોનો પૂર્વગૃહીત અને ગૃહ્યમાણ એવાં કાર્મણ પુદ્ગલોની સાથે જે સંબંધ થવો તે તૈજસકાર્મણ બંધન કહેવાય છે.

(૧૫) પૂર્વકાલમાં ગ્રહણ કરેલાં કાર્મણ પુદ્ગલોનો વર્તમાન કાલે ગ્રહણ કરાતાં કાર્મણપુદ્ગલોની સાથે પરસ્પર જે સંબંધ થવો તે કાર્મણકાર્મણ બંધન કહેવાય છે.

આ પ્રમાણે ગર્ગર્ષિ મુનિ આદિના મતે ૧૫ બંધન જાણવાં.

**પ્રશ્ન :-** જે આચાર્યો પાંચ જ બંધન માને છે ઔદારિકાદિકનો પરજાતિના પુદ્ગલોની સાથે સંયોગ થવા રૂપે બંધન હોવા છતાં પણ તેની અવિવક્ષા કરીને સજાતીય બંધનને જ મહત્ત્વ આપીને પાંચ બંધન જ માને છે તેમના મતે સંઘાતન પણ પાંચ બરાબર સંભવી શકે છે. પરંતુ ગર્ગર્ષિ મુનિ આદિ જે આચાર્યો પન્નર બંધન માને છે તેમના મતે તો "પુદ્ગલોના જથ્થાઓનો સંઘાત કર્યા વિના બંધન થાય જ નહીં" આવા પ્રકારનો ન્યાય હોવાથી સંઘાતન પણ પન્નર થશે જ, અને આમ થાય તો સંઘાતન પણ પન્નર માનવાં

જોઈએ. આમ થવાથી ઉપર નામકર્મની ૧૦૩ અને સર્વકર્મની ૧૫૮ જે સંખ્યા કહી છે તે સંખ્યાનો વિલય (વિનાશ) થાય અર્થાત્ શાસ્ત્રોક્ત તે સંખ્યા સંગત થાય નહીં આવો કોઈને પ્રશ્ન થાય તો-

ઉત્તર :- શાસ્ત્રકાર ભગવંત ઉત્તર કહે છે કે તે આચાર્યોના મતે બન્ધનને અનુકૂલ પુદ્ગલોનું એકીકરણ કરવું તે સંઘાતન એવો અર્થ નથી. પરંતુ ઔદારિક આદિ પાંચ શરીરોની રચનાને અનુકૂલ એવાં પુદ્ગલોનું એકીકરણ કરવું તે સંઘાતન આવું સંઘાતનનું લક્ષણ છે આમ અર્થ કરવાથી કોઈ દોષ આવતો નથી કારણ કે ઔદારિકાદિ શરીરો પાંચ છે. તેને અનુકૂલ પુદ્ગલોનું એકીકરણ કરવાથી સંઘાતન પણ પાંચ જ થશે જેથી કૂલ જે ૧૫૮ ભેદ છે તે સંખ્યાનો વિપ્લવ થશે નહીં.

તે આ પ્રમાણે મૂલ આઠ કર્મ અને તે કર્મોની સર્વ ઉત્તર પ્રકૃતિ કહી. બંધ-ઉદય-ઉદારણા અને સત્તામાં મૂલ કર્મ આઠ અને ઉત્તર પ્રકૃતિઓ બંધમાં ૧૨૦, ઉદય-ઉદારણામાં ૧૨૨, અને સત્તામાં ૧૪૮ અથવા ૧૫૮ હોય છે.

હવે આ ૧૪૮ ઉત્તરપ્રકૃતિઓમાં ૧. ધ્રુવબંધિત્વ, ૨. ધ્રુવોદયત્વ, ૩. ધ્રુવસત્તાકત્વ, ૪. સર્વઘાતિત્વ, ૫. પરાવર્તમાનત્વ, અને ૬. અશુભત્વ આમ આ છ દ્વારો પ્રતિપક્ષ દ્વારો સાથે કુલ ૧૨ દ્વારો, તથા પુદ્ગલવિપાકિત્વ ભવવિપાકિત્વ, ક્ષેત્રવિપાકિત્વ, અને જીવવિપાકિત્વ આમ ચાર દ્વાર (એટલે કુલ ૧૨+૪=૧૬) તથા ૧૭. સ્વાનુદયબંધિ, ૧૮. સ્વોદયબંધિ, ૧૯. ઉભયબંધિ, ૨૦. સમકાલવ્યવચ્છિદ્યમાન બંધોદય, ૨૧. ક્રમવ્યવચ્છિદ્યમાન બંધોદય અને ૨૨. ઉત્ક્રમવ્યવચ્છિદ્ય-માનબંધોદય, ૨૩. સાન્તરબન્ધ, ૨૪. સાન્તરનિરન્તરબંધ, ૨૫. નિરન્તરબંધ, ૨૬. ઉદયસંક્રમોત્કૃષ્ટ, ૨૭. અનુદયસંક્રમોત્કૃષ્ટ, ૨૮. ઉદયબંધોત્કૃષ્ટ, ૨૯. અનુદયબંધોત્કૃષ્ટ ૩૦. ઉદયવતી અને ૩૧. અનુદયવતી આવા પ્રકારની બત્રીશ સંજ્ઞાઓ દ્વારા આ ૧૪૮ પ્રકૃતિઓમાં જે જે વિશેષતા છે તે વિસ્તારથી સમજાવાય છે.

**૧-૨ ધ્રુવબંધિત્વ અને અધ્રુવબંધિત્વ :-** પોત પોતાના બંધના હેતુઓ (મિથ્યાત્વ અવિરતિ આદિ) હોતે છતે અવશ્ય થનારો છે બંધ જે પ્રૃતિઓનો તે ધ્રુવબંધી કહેવાય છે આવી ૪૭ પ્રકૃતિઓ છે. જ્ઞાનાવરણનીયકર્મની ૫, અન્તરાયકર્મની ૫, દર્શનાવરણીયકર્મની ૯, અનંતાનુબંધી આદિ કષાયો ૧૬, મિથ્યાત્વ ભય, જુગુપ્સા, ૩, આમ ૩૮ ઘાતિકર્મની પ્રકૃતિઓ, તથા અગુરુલઘુ ઉપઘાત, નિર્માણ, તૈજસ, કાર્મણ અને વર્ણાદિ ચતુષ્ક આમ નામકર્મની ૯ પ્રકૃતિઓ કુલ ૩૮ + ૯ = ૪૭ સર્વસંખ્યાએ ૪૭ ધ્રુવબંધિ પ્રકૃતિઓ છે આ ૪૭ પ્રકૃતિઓનો પોતાનો બંધવિચ્છેદ થાય ત્યાં સુધી અવશ્ય બંધાય જ છે તે માટે ધ્રુવબંધી કહેલી છે.

ત્યાં આ ૪૭ પ્રકૃતિઓમાં મિથ્યાત્વમોહનીયકર્મ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે અવશ્ય બંધાય જ છે. સાસ્વાદન આદિ ગુણસ્થણકોમાં બંધના કારણભૂત મિથ્યાત્વનો ઉદય ન હોવાથી બંધ થતો નથી તે મિથ્યાત્વમોહનીય કર્મ એવું છે કે "यावद् वेद्यते तावदेव बध्यते" જ્યાં સુધી વેદાય છે ત્યાં સુધી જ બંધાય છે અને જ્યાં સુધી વેદાય છે ત્યાં સુધી અવશ્ય બંધાય જ છે जे वेयइ से बज्झइ આવા પ્રકારનો શાસ્ત્રપાઠ હોવાથી

અનંતાનુબંધી ચાર કષાય અને સ્ત્યાનર્દ્ધિત્રિક સાસ્વાદન ગુણસ્થાનક સુધી અવશ્ય બંધાય જ છે સાસ્વાદનથી આગળ અનંતાનુબંધિનો ઉદય ન હોવાથી બંધ થતો નથી આ જ પ્રમાણે અપ્રત્યાખ્યાનાવરણ ચાર કષાય અવિરત સમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણસ્થાનક સુધી અવશ્ય બંધાય જ છે.

પ્રત્યાખ્યાનાવરણ નામના ચાર કષાયો દેશવિરતિ ગુણસ્થાનક સુધી અવશ્ય બંધાય જ છે. નિદ્રા અને પ્રચલા અપૂર્વકરણગુણસ્થાનકના પ્રથમભાગ સુધી અવશ્ય બંધાય જ છે. તેનાથી આગળ તેના બંધને યોગ્ય અધ્યવસાયસ્થાન જીવોમાં ન હોવાથી તે નિદ્રા-પ્રચલાનો બંધ થતો નથી. આ પ્રમાણે નામકર્મની નવ ધ્રુવબંધી પ્રકૃતિઓ અપૂર્વકરણ ગુણસ્થાનકના (છઠ્ઠાભાગના) ચરમસમય સુધી અવશ્ય બંધાય છે.

સંજ્વલન ચાર કષાય અનિવૃત્તિબાદરગુણસ્થાનક સુધી અવશ્ય બંધાય જ છે તેનાથી આગળ કષાયોદય ન હોવાથી તેના બંધનો અભાવ છે. તથા જ્ઞાનાવરણીય ૫, અંતરાય ૫, દર્શનાવરણીય ૪ આમ ૧૪ કર્મપ્રકૃતિઓ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી અવશ્ય બંધાય જ છે તેનાથી આગળલા ગુણસ્થાનકોમાં કષાયનો ઉદય ન હોવાથી તેના બંધનો અયોગ છે. આ પ્રમાણે ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિઓ સમજવી.

પોતાનો બંધહેતુ હોતે છતે પણ વિકલ્પનીય છે બંધ જેનો (બંધ થાય અથવા ન પણ થાય) એવી જે કર્મપ્રૃતિઓ છે, તે અધ્રુવબંધી કહેવાય છે ઉપર જે ધ્રુવબંધી ૪૭ કહી તેનાથી બાકી રહેલી ૭૩ પ્રકૃતિઓ અધ્રુવબંધી જાણવી.

ઔદારિકદ્વિક, વૈક્રિદ્વિક, આહારકદ્વિક, વિહાયોગતિદ્વિક, ગોત્રદ્વિક, વેદનીયદ્વિક, વેદત્રિક, આયુષ્યચતુષ્ક, ગતિનું ચતુષ્ક, આનુપૂર્વીનું ચતુષ્ક, જાતિ પંચક, સંસ્થાન ષટ્ક, સંઘયણ ષટ્ક, આનુપૂર્વી ચતુષ્ક ત્રસદશક અને સ્થાવરદશક એમ ત્રસાદિ વીસ કર્મ પ્રકૃતિઓ, ઉશ્વાસનામકર્મ, તીર્થંકરનામકર્મ, આતપ-ઉદ્યોતનામકર્મ, અને પરાઘાતનામકર્મ સ્વરૂપ ૭૩ અધ્રુવબંધી પ્રકૃતિઓ છે.

આ ૭૩ પ્રકૃતિઓ પોતપોતાના બંધ હેતુઓનું સામ્રાજ્ય હોવા છતાં પણ અવશ્ય બંધાય જ એવો નિયમ નથી તેથી અધ્રુવબંધી કહેવાય છે. પરાઘાત અને ઉશ્વાસનામકર્મ

અવિરતિ આદિ તેના બંધ હેતુ હોવા છતાં પણ અપર્યાપ્ત નામકર્મ બંધાતુ હોય તે કાલે બંધ ન હોવાથી અને પર્યાપ્તનામકર્મ બંધાતું હોય ત્યારે જ તેનો બંધ હોવાથી અધ્રુવબંધી છે આતપનામકર્મનો બંધ મિથ્યાત્વગુણ સ્થાનકે હોય છે તો પણ એકેન્દ્રિયપ્રાયોગ્ય બંધ હોય ત્યારે જ તેનો (આતપનો) બંધ થાય છે અન્યથા બંધ હોતો નથી.

તથા ઉદ્યોતનામકર્મનો બંધ પણ મિથ્યાત્વાદિ બંધ હેતુ હોવા છતાં પણ તિર્યંચગતિ પ્રાયોગ્ય પ્રકૃતિઓનો બંધ થતો હોય ત્યારે જ બંધ થાય છે. શેષકાલે બંધ થતો નથી. તથા જિનનામકર્મ અને આહારકદ્વિકનાં બંધ હેતુ અનુક્રમે સમ્યક્ત્વ અને સંયમ વિદ્યમાન હોવા છતાં પણ ક્યારેક જ બંધ થાય છે માટે આ સર્વ પ્રકૃતિઓ અધ્રુવબંધી છે.

બાકીની ઔદારિકદ્વિક આદિ ૬૬ પ્રકૃતિઓ અંદરોઅંદર પ્રતિપક્ષવાળી હોવાથી કોઈ એક બંધાતી હોય ત્યારે બીજી બંધાતી નથી અને બીજી બંધાતી હોય ત્યારે પહેલી બંધાતી નથી આમ હોવાથી તે ૬૬ પ્રકૃતિઓ અધ્રુવબંધી છે.

અહીં આવો પ્રશ્ન થાય છે કે મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય અને યોગ આ પાંચમાંથી કોઈ એકાદ બંધહેતુ પણ હોય છતાં ન બંધાય તે અધ્રુવબંધી આવું અધ્રુવબંધીનું લક્ષણ જો કરીએ તો અતિવ્યાપ્તિ દોષ આવે કારણ કે ૧૧-૧૨-૧૩ આ ત્રણે ગુણસ્થાનકોમાં યોગ નામનો બંધ હેતુ છે છતાં ત્યાં ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓ બંધાતી નથી અને ૧ થી ૧૦ ગુણસ્થાનકોમાં મિથ્યાત્વાદિ હોતે છતે બંધાય છે આમ તે ૪૭ પ્રકૃતિઓ પણ વિકલ્પિત. બંધવાળી થઈ માટે તેને પણ અધ્રુવબંધી કહેવી પડશે. આ રીતે અધ્રુવબંધીનું લક્ષણ ધ્રુવબંધીમાં પણ જવાથી અતિવ્યાપ્તિ દોષ આવે છે.

તથા જેના જેટલા બંધ હેતુ હોય તેટલા તમામ બંધહેતુઓ હોય છતાં વિકલ્પિત બંધ હોય (એટલે બંધ હોય પણ ખરો અને બંધાભાવ પણ હોય) તે અધ્રુવબંધી આવું જો અધ્રુવબંધીનું લક્ષણ કરીએ તો અસંભવદોષ આવે છે.કારણ કે જેટલા બંધનાં કારણો હોય તેટલા સઘળાં પણ બંધના કારણો પ્રાપ્ત થયાં હોય તો કર્મપ્રકૃતિ ન બંધાય તેમ બને જ નહીં કોઈક કારણ ખુટતુ હોય તો જ ન બંધાય અન્યથા તો અવશ્ય બંધાય જ માટે અધ્રુવબંધીનું લક્ષણ અધ્રુવબંધીમાં જ ઘટતું હોવાથી અસંભવદોષ આવે છે તો અધ્રુવબંધીનું લક્ષણ શું કરવું ?

સામાન્યથી ઉપરોક્ત તર્કના આધારે અતિવ્યાપ્તિ અને અસંભવદોષ અવશ્ય આવે છે. તો પણ મિથ્યાત્વાદિ સામાન્ય ૪ અથવા પ્રમાદ સાથે પાંચ બંધહેતુઓમાંથી પોત પોતાનો બંધ હેતુ હોવા છતાં પણ અવશ્ય બંધ જેનો છે તે ધ્રુવબંધી અને તેનાથી વિપરીત હોય તો એટલે કે મિથ્યાત્વાદિ પાંચ બંધહેતુમાંથી પોતપોતાનો બંધહેતુ હોવા છતાં પણ જે પ્રકૃતિઓનો બંધ થાય અથવા ન પણ થાય તે અધ્રુવબંધી કહેવાય આમ ધ્રુવબંધી અને અધ્રુવબંધી આ નામોની ભાષાનું આવું રહસ્ય જાણવું.

બીજા કર્મગ્રંથ આદિ શાસ્ત્રોમાં જે પ્રકૃતિઓનો જે જે ગુણસ્થાનકે ઉદયકાલનો વ્યવચ્છેદ કહેલો છે. તેની પૂર્વે ધ્રુવ એટલે કે નિરન્તર - સતત ઉદય છે જેનો તે ધ્રુવોદય કહેવાય છે. તે નિર્માણનામકર્મ સ્થિર અસ્થિર તૈજસકાર્મણ વર્ણાદિ ચતુષ્ક અગુરુલઘુ શુભ અને અશુભ સ્વરૂપ નામકર્મની ૧૨ પ્રકૃતિઓ, તથા જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મની પાંચ પાંચ એમ દશ, દર્શનાવરણીયની ચાર, અને મિથ્યાત્વમોહનીય એક એમ ઘાતિકર્મની કુલ ૧૫ પ્રકૃતિઓ બન્ને મળીને ૨૭ કર્મપ્રકૃતિઓ ધ્રુવોદયી છે.

ત્યાં મિથ્યાત્વમોહનીયકર્મ મિથ્યાદષ્ટિગુણસ્થાનક સુધી ધ્રુવોદયી છે. બાકીની ઘાતિકર્મની ૧૪ પ્રકૃતિઓ ક્ષીણમોહગુણસ્થાનકના ચરમસમય સુધી ધ્રુવોદયી છે અને નામકર્મની બાર પ્રકૃતિઓ સયોગિકેવલિગુણસ્થાનકના ચરમસમય સુધી ધ્રુવોદયી છે. આ પ્રમાણે આ ૨૭ પ્રકૃતિઓ ધ્રુવોદયી સમજવી.

જે પ્રકૃતિઓના ઉદયનો શાસ્ત્રોમાં જે ગુણસ્થાનક સુધી સંભવ કહ્યો છે. ત્યાં સુધીનાં ગુણસ્થાનકોમાં પણ અમુક પ્રકારના દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ આવે છતે ઉદયનો વ્યવચ્છેદ થયો હોય તો પણ અન્ય દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ આવે છતે તેવા પ્રકારના હેતુઓની સંપ્રાપ્તિ થવાથી ફરીથી પણ જે પ્રકૃતિઓ ઉદયમાં આવે છે અથવા ઉદય ચાલુ હોવા છતાં વિપરીત સંજોગો ઉભા થતાં ઉદયમાંથી વિરામ પામે છે. તે અધ્રુવોદયી પ્રકૃતિ જાણવી.

તે સ્થિર અસ્થિર શુભ અને અશુભ વિનાની બાકીની અધ્રુવબંધી (૭૩—૪ =) ૬૯, મિથ્યાત્વ વિના મોહનીયકર્મની ધ્રુવબંધી (૧૯—૧ = ૧૮), નિદ્રા ૫, ઉપઘાતનામકર્મ, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય આમ કુલ ૯૫ અધ્રુવોદયી પ્રકૃતિઓ છે.

**પ્રશ્ન :-** મિથ્યાત્વ મોહનીયકર્મને અધ્રુવોદયી કેમ કહ્યું નથી ? કારણ કે સમ્યક્ત્વાદિ ગુણસ્થાનકે જીવ જયારે જાય છે ત્યારે ઉદય વિરામ પામે છે અને ત્યાંથી પડે છે ત્યારે ફરીથી ઉદય શરૂ થાય છે માટે વિકલ્પિત ઉદયવાળી આ પ્રકૃત થઈ. તો તેને અધ્રુવોદયી કેમ કહી નથી ? અને ધ્રુવોદયી કેમ કહી ?

**उच्यते = હવે તેનો ઉત્તર કહે છે.** - જે જે પ્રકૃતિઓનો જે જે ગુણસ્થાનકે ઉદયવિચ્છેદ શાસ્ત્રમાં કહેલો નથી. પણ જયાં સુધી ઉદય કહેલો છે ત્યાં સુધીનાં ગુણસ્થાનકોમાં જેનો ઉદય અવશ્ય હોય જ તે ધ્રુવોદયી અને જે કર્મ પ્રકૃતિઓનો ઉદય જયાં સુધી કહ્યો છે ત્યાં સુધીનાં ગુણસ્થાનકોમાં પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ ક્યારેક ઉદય હોય અને ક્યારેક ઉદય ન હોય તે અધ્રુવોદયી પ્રકૃતિ જાણવી જેમ નિદ્રાદ્વિકનો બારમા ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી સતત ઉદય કહેલો છે છતાં ક્યારેક ઉદયમાં હોય અને ક્યારેક ઉદયમાં ન પણ હોય તેથી તે અધ્રુવોદયી છે અને મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય પ્રથમ મિથ્યાદષ્ટિગુસ્થાનકે કહ્યો છે

ત્યાં પ્રથમગુણસ્થાનકના ચરમ સમય સુધી પોતાનો ઉદય વિચ્છેદ ન પામે ત્યાં સુધી સતત ઉદયમાં છે જ. તેથી મિથ્યાત્વમોહને અધ્રુવોદયી કહ્યુ નથી પણ ધ્રુવોદયી જ કહ્યું છે.

**પ્રશ્ન :-** આમ જો કહીએ તો જેમ મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે કહેલો છે અને ત્યાં સતત નિરંતર ઉદયમાં છે જ. તેથી તમે તેને ધ્રુવોદયી કહો છો તો મિશ્રમોહનીયનો ઉદય પણ મિશ્ર ગુણસ્થાનકે જ શાસ્ત્રમાં કહ્યો છે અને ત્યાં તે ગુણસ્થાનકે મિશ્રમોહનીયકર્મનો ઉદય પણ સતત છે જ. તો તેને પણ ધ્રુવોદયી કહેવી જોઇએ ?

**ઉત્તર :-** આવો પ્રશ્ન કરવો નહી કારણ કે ગુણસ્થાનકના નિમિત્તે જે પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ જયાં થાય છે ત્યાં સુધીના પૂર્વના તમામ ગુણસ્થાનકોમાં (જેનો અવશ્ય ઉદય છે તે ધ્રુવોદયી અને) જેનો ઉદય હોય અથવા ન પણ હોય તે અધ્રુવોદયી આવું લક્ષણ કહેલું હોવાથી મિશ્રમોહનીય ભલે ત્રીજા ગુણસ્થાનકે સતત ઉદયવાળી પ્રકૃતિ છે તો પણ પહેલા-બીજા ગુણસ્થાનકે તેનો ઉદય નથી અને ત્રીજા ગુણસ્થાનકે છે માટે વિકલ્પિત ઉદયવાળી છે તેથી અધ્રુવોદયી જ કહેવાય છે.

જો પોતાના ઉદયવાળા એક જ ગુણસ્થાનકને આશ્રયી જેનો ઉદય હોય અને ન હોય આમ બન્ને હોય એટલે ઉદયનું હોવાપણું અને ઉદયનું ન હોવાપણું (એટલે ઉદયનું પ્રતિયોગિપણું) ("यस्याभावः स प्रतियोगी" આવો ન્યાય હોવાથી) જે પ્રકૃતિ આવી હોય તેને અધ્રુવોદયત્વ કહ્યું હોત તો અમને આ દોષ અવશ્ય આવત. પરંતુ અમે તો અધ્રુવોદયી તેને કહીએ છીએ કે જે પ્રકૃતિનો ઉદય જે ગુણસ્થાનકે કહ્યો હોય ત્યાં સુધીનાં તમામ ગુણસ્થાનકોમાં જેનો ઉદય અવશ્ય હોય તે ધ્રુવોદયી બને ત્યાં સુધીનાં તમામ ગુણસ્થાનકોમાં જે અવશ્ય ઉદયમાં હોય જ એવો નિયમ નહી તે અધ્રુવોદયી. આ વ્યાખ્યા પ્રમાણે મિશ્રમોહનીય કર્મ ત્રીજા ગુણસ્થાનકે અવશ્ય ઉદયમાં છે પરંતુ પહેલા-બીજા ગુણસ્થાનકે ઉદયમાં નથી. માટે વિકલ્પિત ઉદયવાળી જ થઈ તેથી શાસ્ત્રકારોએ તેને અધ્રુવોદયી પણું જે કહ્યું છે. તે બરાબર જ છે.

સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિ વિના ધ્રુવ એટલે નિરન્તર અર્થાત્ સતત છે સત્તા જે કર્મ પ્રકૃતિઓની તે પ્રકૃતિઓ ધ્રુવસત્તાક કહેવાય છે. અને તે ૧૩૦ ધ્રુવસત્તા પ્રકૃતિઓ છે તે આ પ્રમાણે = ત્રસાદિ વીશ. (ત્રસદશક અને સ્થાવરદશક). વર્ણાદિ (વર્ણ ગંધ રસ અને સ્પર્શ)ના ઉત્તરભેદો ૨૦, તૈજસ અને કાર્મણ શરીર, તૈજસ તૈજસ બંધન, તૈજસ કાર્મણબંધન, કાર્મણકાર્મણબંધન, તૈજસસંઘાતન અને કાર્મણસંઘાતન આમ તૈજસકાર્મણસપ્તક, (વર્ણચતુષ્ક અને તૈજસ કાર્મણ ઉપરમાં કહેવાઇ ગઈ હોવાથી) તે છ વિના ધ્રુવબંધિની એકતાલીસ, વેદત્રિક, સંસ્થાન ષટ્ક સંઘયણ ષટ્ક, જાતિપંચક, સાતા-

અસાતા વેદનીય, હાસ્ય-રતિ અને અરતિ-શોક રૂપ બે યુગલ, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ. ઔદારિક સંઘાતન, ઔદારિક ઔદારિક બંધન, ઔદારિક તૈજસ બંધન, ઔદારિક કાર્મણ બંધન, ઔદારિક તૈજસ કાર્મણ બંધન સ્વરૂપ ઔદારિક સપ્તક, ઉચ્છ્વાસ, ઉદ્યોત આતપ અને પરાઘાત સ્વરૂપ ઉશ્વાસચતુષ્ક, વિહાયોગતિદ્વિક, તિર્યંચદ્વિક, અને નીચગોત્ર આમ ૧૩૦ પ્રકૃતિઓ ધ્રુવસત્તાવાળી જાણવી. આ ૧૩૦ પ્રકૃતિઓ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે સર્વે પણ જીવોને સદાકાળ સત્તામાં હોય છે. માટે ધ્રુવસત્તા કહેવાય છે.

ક્યારેક સત્તામાં હોય અને ક્યારેક સત્તામાં ન હોય આ પ્રમાણે અનિયત સત્તા છે જે કર્મપ્રકૃતિઓની તે કર્મપ્રકૃતિઓ અધ્રુવસત્તાક કહેવાય છે તે ઉચ્ચગોત્ર, તીર્થંકરનામકર્મ, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, દેવગતિ-દેવાનુપૂર્વી-નરકગતિ-નરકાનુપૂર્વી-વૈક્રિય શરીર-વૈક્રિયાંગોપાંગ સ્વરૂપ વૈક્રિય ષટ્ક, ચાર આયુષ્ય, મનુષ્યગતિ મનુષ્યાનુપૂર્વીસ્વરૂપ મનુષ્યદ્વિક, આહારક શરીર આહારક અંગોપાંગ સ્વરૂપ આહારકદ્વિક, આમ કુલ ૧૮ પ્રકૃતિઓ અધ્રુવસત્તા વાળી જાણવી. તે આ પ્રમાણે-ઉચ્ચગોત્ર અને વૈક્રિયષટ્ક આમ આ સાત પ્રકૃતિઓ ત્રસપણુ ન પામ્યા હોય તેવા જીવોને સત્તામાં હોતી જ નથી. અને ત્રસત્વ પામ્યા હોય તેવા જીવોને હોય છે. માટે વિકલ્પિત સત્તાવાળી છે.

અથવા ત્રસત્વ અવસ્થાને પામીને પુનઃ સ્થાવરભાવને પામ્યા છતા તેવા પ્રકારની અવસ્થાવિશેષને પામીને ઉદ્વલના પણ કરે છે. તેથી સત્તામાંથી ચાલી પણ જાય છે. માટે આ સાત પ્રકૃતિઓ અધ્રુવસત્તાવાળી છે.

સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમહનીય જ્યાં સુધી આ જીવ તથાભવ્યત્વના પરિપાકને પામતો નથી (સમ્યક્ત્વ પામતો નથી) ત્યાં સુધી સત્તામાં હોતી જ નથી અથવા તથાભવ્યત્વનો પરિપાક થવા વડે સત્તામાં પ્રાપ્ત થઈ હોય તો પણ પુનઃ મિથ્યાત્વે જવા દ્વારા ફરીથી પણ ઉદ્વલના કરે છે. અને સત્તામાંથી દૂર કરે છે. તથા અભવ્યજીવોને તો તે પ્રકૃતિઓ સત્તામાં ક્યારેય હોતી જ નથી. માટે આ બન્ને મોહનીય અધ્રુવસત્તાક છે.

તીર્થંકરનામકર્મ નિર્મળ સમ્યક્ત્વ હોતે છતે સત્તામાં હોય છે. અન્યકાળે સત્તામાં હોતુ નથી. આહારકદ્વિક પણ તેવા પ્રકારનો વિશિષ્ટ સંયમ હોતે છતે જ બંધમાં આવે છે. તેવા પ્રકારનો વિશિષ્ટ સંયમ ન હોય તો બંધમાં આવતું નથી. તથા આહારકદ્વિક બંધાયુ હોય તો પણ અવિરતિના નિમિત્તે ઉદવલના કરાય છે. તેથી અધ્રુવસત્તાક છે.

મનુષ્યદ્વિક પણ તેઉકાયનો ભવ અને વાઉકાયનો ભવ પામવાથી ઉદ્વલના કરાય છે માટે અધ્રુવસત્તાક છે. તથા દેવાયુષ્ય અને નરકાયુષ્ય સ્થાવરજીવોને, તિર્યંચાયુષ્ય અહમિન્દ્રોને (નવમા દેવલોકથી ઉપરના તમામ દેવોને), મનુષ્યાયુષ્ક તેઉકાય-વાઉકાય અને સાતમી

નારકીના જીવોને બંધનો અભાવ હોવાથી સર્વથા સત્તામાં સંભવતું જ નથી અન્ય જીવોને સત્તામાં સંભવે છે માટે તીર્થંકરનામકર્મ આદિ (૧+૨+૨+૨+૧+૧=૯) આ નવ પ્રકૃતિઓની અધ્રુવસત્તા જાણવી. આ પ્રમાણે ૭+૨+૯+ઉપરોક્ત ૯=૧૮ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક જાણવી.

**પ્રશ્ન :-** આ ૧૮ માંથી ચાર આયુષ્ય અને તીર્થંકરનામ કર્મ એમ પાંચ ઓછી કરીએ અને અનંતાનુબંધી ચાર કષાયો ઉમેરીએ તો કુલ સત્તર (૧૭) પ્રકૃતિઓ શ્રેણીના આરોહણ વિના ઉદ્વલના યોગ્ય કહેલી છે. ઉદ્વલનાયોગ્ય ૧૭માં અનંતાનુબંધી ચાર કષાયો પણ આવે છે તો આ ચાર કષાયોની સમ્યગ્દૃષ્ટિ જીવ ઉદ્વલના કરે છે સત્તામાંથી નિર્મૂળ કરે છે. અને ફરીથી પડીને પહેલે ગુણસ્થાનકે આવે ત્યારે પુનઃ બાંધે છે જેથી તેની સત્તા શરૂ થાય છે તો આ ચાર અનંતાનુબંધી કષાયની સત્તા પણ વિકલ્પવાળી જ થઈ. તો તેની ધ્રુવસત્તા કેમ કહેવાય? તે ચાર કષાયને પણ અધ્રુવસત્તામાં ગણવી જોઈએ ?

**ઉત્તર :-** અનંતાનુબંધી ચાર કષાયોની ઉદવલના સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત કર્યા પછી જ થાય છે એટલે સમ્યક્ત્વાદિ ગુણ પ્રાપ્ત કર્યા પૂર્વે "કદાચિદ્ ભાવિત્વ" (ક્યારેક હોય અર્થાત્ ક્યારેક ન હોય) આવું અધ્રુવસત્તાનું જે લક્ષણ છે. તે લક્ષણ અનંતાનુબંધીમાં લાગુ પડતું નથી. કારણકે સમ્યકૃત્વ પ્રાપ્ત કર્યા પૂર્વે તે અવશ્ય સત્તામાં છે. માટે ધ્રુવસત્તાક જ છે.

જો ઉત્તરગુણોની પ્રાપ્તિ થયે છતે સત્તાનો ઉપરમ થાય તેને અધ્રુવસત્તાક કહીએ તો સર્વે પણ પ્રકૃતિઓ તેવી (અધ્રુવસત્તાક) જ થઈ જાય કારણ કે આ જીવનું જેમ જેમ ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં આરોહણ થાય છે તેમ તેમ દરેક પ્રકૃતિઓની સત્તા ચાલી જાય જ છે માટે જો આમ કહીએ તો ૧૪૮ અધ્રુવસત્તાક જ બની જાય, માટે અધ્રુવસત્તાનો અર્થ આવો નથી. પરંતુ સમ્યકૃત્વાદિ ગુણો પામ્યા પહેલાં જે અધ્રુવ સત્તાક હોય તે જ અધ્રુવસત્તા કહેવાય છે આ જ વાત ઉચિત હોવાથી સમ્યકૃત્વગુણ આવવાથી તેના વડે ઉદ્વલના કરાતા એવા અનંતાનુબંધી ચાર કષાયોની તે સમ્યકૃત્વ ન પામેલા સર્વેપણ જીવોને કાયમ સત્તા હોવાથી તેમાં કાદાચિત્કત્વ ન હોવાથી તેમાં ધ્રુવસત્તાકત્વ અવશ્ય રહેલું જ છે તે દૂર થતું નથી.

પોતાના આવાર્ય ગુણનો સંપૂર્ણપણે જે ઘાત કરે એટલે કે પોતાનાથી આવરણ કરી શકાય તેવા ગુણને સર્વથા ઢાંકે અલ્પમાત્રાએ પણ પ્રગટ થવા ન દે, તે કર્મને સર્વઘાતી કર્મ કહેવાય છે તે કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ, આદ્ય બાર કષાય, મિથ્યાત્વમોહનીય અને પાંચ નિદ્રા આમ કુલ ૨૦ કર્મપ્રકૃતિઓ સર્વઘાતી છે. આ ૨૦ પ્રકૃતિઓ યથાયોગ્ય પોતાનાથી હણવા લાયક એવા આત્મગુણ સમ્યક્ત્વ જ્ઞાન દર્શન અથવા ચારિત્ર ગુણનો સર્વથા ઘાત કરે છે માટે તે ૨૦ પ્રકૃતિઓ સર્વઘાતી છે.

ચાર મૂલઘાતીકર્મની કુલ ૫+૯+૨૬+૫ = ૪૫ કર્મ પ્રકૃતિઓ છે તેમાંથી આ ૨૦ વિના બાકીની જે ૨૫ છે તે દેશઘાતી જાણવી. બાકીની તે પ્રકૃતિઓ જ્ઞાનાદિ ગુણોના એકદેશનો જ ઘાત કરે છે. ભાવાર્થ આ પ્રમાણે છે. અહીં કેવલજ્ઞાનાવરણીય નામનું કર્મ જો કે જ્ઞાન નામના આત્માના ગુણને સર્વથા હણવા (ઢાંકવા) માટે પ્રવૃત્તિ કરે છે. કારણ કે તે સર્વઘાતી છે. તો પણ તે કર્મવડે તે ગુણ સર્વથા હણી શકાતો નથી તેવા પ્રકારનો જીવનો સ્વભાવ હોવાથી. જેમ મોટા એવા વાદળના સમૂહવડે સૂર્ય અને ચંદ્રનાં કિરણોનું આવરણ કરવાની પ્રવૃત્તિ કરાવા છતાં પણ તે સૂર્ય અને ચંદ્રની પ્રભા સંપૂર્ણપણે આવૃત કરાતી નથી અન્યથા એટલે કે જો સર્વથા આવૃત કરાય તો દિવસ અને રાત્રિનો જે આ વિભાગ (ભેદ) દેખાય છે તે ઘટી શકે નહીં. બન્નેના ભેદનો સર્વથા અભાવ જ થાય.

તેવી રીતે કેવલજ્ઞાનાવરણીય વડે કેવલજ્ઞાન નામના ગુણનું સર્વથા આવરણ કરવાની પ્રવૃત્તિ કરાવા છતાં પણ તેમાં રહેલો મન્દપ્રકાશ, વિશિષ્ટપ્રકાશ, વિશિષ્ટતરપ્રકાશ સ્વરૂપ જ્ઞાનગુણોનો જે એક અંશભાગ કે જેનું નામ મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન છે તે ચારે અલ્પમાત્રાવાળા ગુણો ખુલ્લા જ રહે છે તે ખુલ્લા રહેલા ચાર ગુણોને મતિજ્ઞાનાવરણીય-શ્રુતજ્ઞાનાવરણીય-અવધિજ્ઞાનાવરણીય અને મનઃપર્યવજ્ઞાના-વરણીય કર્મ આવૃત કરે છે. ઢાંકે છે તેથી ચાર જ્ઞાનાવરણીય કર્મને દેશઘાતી કર્મ કહેવાય છે.

આ જ પ્રમાણે કેવલદર્શનાવરણીય કર્મ વડે કેવલ દર્શન નામનો ગુણ સર્વથા હણવા પ્રવૃત્તિ કરાયે છતે જીવસ્વભાવથી જ તે સર્વથા ન હણાયે છતે મન્દ, વિશિષ્ટ અને વિશિષ્ટતર એવો જે દર્શનગુણ અનાવૃત રહ્યો તે ગુણને ચક્ષુદર્શન અચક્ષુ દર્શન અને અવધિદર્શન કહેવાય છે આવા પ્રકારની આ અલ્પ પ્રભાને જે કર્મ ઢાંકવાનો પ્રયત્ન કરે છે તે કર્મ ચક્ષુદર્શનાવરણીય અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીયકર્મ કહેવાય છે. આ પ્રમાણે આ ત્રણે કર્મો દર્શનગુણના એકદેશનો જ ઘાત કરનાર હોવાથી દેશઘાતી કહેવાય છે.

નિદ્રા પંચક જો કે દર્શનગુણના એકદેશને જ હણે છે કારણ કે છદ્મસ્થને જ નિદ્રા આવે છે કેવલીને નિદ્રા આવતી નથી. એટલે કેવલદર્શનાવરણીય વડે દર્શનગુણનો સર્વ ઘાત કરાયે છતે જીવસ્વભાવે જે દર્શનગુણની અલ્પમાત્રા અનાવૃત રહી. તે અલ્પમાત્રાને જ નિદ્રાપંચક ઢાંકે છે. તો પણ તે નિદ્રાપંચક દેશભાગવાળા તે દર્શનગુણને सर्वथा हन्ति સર્વથા હણે છે. માટે સર્વઘાતી કહેવાય છે અહીં सर्वं हन्ति અર્થ ન કરવો પરંતુ सर्वथा हन्ति આવો અર્થ કરવો. એટલે તે નિદ્રાપંચક ચક્ષુદર્શનાવરણીય આદિ ત્રણ કર્મોના ક્ષયોપશમથી ઉઘાડી રહેલી અલ્પ દર્શનલબ્ધિને સર્વથા સમૂલ કાષપણે એટલે સર્વથા મૂલસહિત હણે છે આવરે છે તે માટે તે સર્વઘાતી જ કહેવાય છે. આ પ્રમાણે સર્વઘાતી ૨૦ કર્મપ્રકૃતિઓ સમજાવી.

આદ્ય બાર કષાયોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી આંશિક ચારિત્રલબ્ધિને સંજ્વલન ચાર કષાય, અને નવ નોકષાય, આમ આ મોહનીયકર્મની ૧૩ કર્મપ્રકૃતિઓ દેશથી જ હણે છે કારણ કે તેર કર્મપ્રકૃતિઓ તે પ્રગટ થયેલી ચારિત્રલબ્ધિમાં માત્ર અતિચાર જ ઉત્પન્ન કરી શકે છે. મલીન કરી શકે છે પણ ચારિત્રગુણને સર્વથા હણી શકતી નથી. તે માટે તે તેર પ્રકૃતિઓને દેશઘાતી જ કહેવાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે "સર્વે પણ અતિચારો સંજ્વલન ચાર કષાયના ઉદયથી જ થાય છે. મૂલભૂત જે ચારિત્રગુણ છે તે તો આદ્ય બાર કષાયો દ્વારા જ છેદ્ય છે." તે કારણથી આ તેર પ્રકૃતિઓને દેશઘાતી કર્મ કહેવાય છે. તથા વળી અન્યત્ર શાસ્ત્રમાં જ કહ્યું છે કે "જીવને ઘાતીકર્મોના ક્ષયોપશમથી જે સમ્યક્ત્વ અને ચારિત્રગુણ પ્રગટ થાય છે તેના પણ એક દેશ ભાગને સંજ્વલન ચાર કષાયો અને નવ નોકષાયો હણે છે અતિચાર લગાડે છે." આ કારણે પણ તે તેર કર્મપ્રકૃતિઓ દેશઘાતી કહેવાય છે.

તથા ગ્રહણ-ધારણ આદિ પ્રક્રિયાને યોગ્ય, જે પુદ્ગલદ્રવ્ય છે તે પુદ્ગલદ્રવ્યનું આ જીવ દાન ન કરે, તેવા પુદ્ગલદ્રવ્યની આ જીવ પ્રાપ્તિ ન કરી શકે. અને પ્રાપ્ત થયેલાં પુદ્ગલદ્રવ્યનો ભોગ (એકવાર ભોગવાય તે) અને ઉપભોગ (વારંવાર ભોગવાય તે) ન કરી શકે તેને દાનાન્તરાય-લાભાન્તરાય-ભોગાન્તરાય અને ઉપભોગાન્તરાયનો વિષય કહેવાય છે.

આવા પ્રકારનાં દાનને યોગ્ય, લાભને યોગ્ય, ભોગને યોગ્ય અને ઉપભોગને યોગ્ય પુદ્ગલો સર્વ પુદ્ગલકાસ્તિકાયનો અનંતમો ભાગ છે તેથી તેવા પ્રકારના સર્વ પુદગલાસ્તિકાય દ્રવ્યના એકભાગને (દાનને યોગ્ય-લાભને યોગ્ય-ભોગને યોગ્ય અને ઉપભોગને યોગ્યએવા પુદ્ગલોના એકભાગને) દાનાદિ ક્રિયા કરવામાં જે કર્મ વિઘાત કરનારૂં છે તે કર્મ દાનાન્તરાયાદિ દેશઘાતી કર્મ કહેવાય છે.

અહીં દેશઘાતીનું લક્ષણ સર્વઘાતીથી અન્યત્વ રૂપે જાણવું. એટલે જ્યાં દેશઘાતી અને સર્વઘાતી એમ બન્નેનાં લક્ષણો લાગુ પડતાં હોય ત્યાં સર્વઘાતી પણું જ જાણવું જ્યાં સર્વઘાતીનું લક્ષણ લાગુ પડતું ન જ હોય અને દેશઘાતીનું લક્ષણ લાગુ પડતું હોય તો તેને દેશઘાતી જાણવું. તેથી અપ્રત્યાખ્યાનીય ચાર કષાય નામની જે બીજા નંબરની ચોકડી છે. તે દેશવિરતિ ગુણને હણે છે માટે દેશઘાતી કહેવો જોઈએ અને દેશવિરતિ ગુણને સર્વથા હણે છે માટે સર્વઘાતી પણ કહેવાય આમ બન્ને લક્ષણો લાગુ પડતાં હોવાથી **सर्वथा हन्ति** એ અર્થવાળું સર્વઘાતીનું જ લક્ષણ લાગે પણ દેશઘાતીનું લક્ષણ ન લાગે. આમ અર્થ કરવો.

અથવા ચારિત્રમાં દેશઘાતીપણું તેને જ કહેવાય કે જે ચારિત્રગુણમાં અપકર્ષ ઉત્પન્ન કરે (હાનિ કરે) અથવા અતિચાર માત્ર લગાડે તે જ દેશઘાતી કહેવાય. અપ્રત્યાખ્યાનીય

ચાર કષાયોમાં દેશવિરતિગુણની હાનિ કરવા પણુ નથી. પરંતુ દેશવિરતિગુણને સર્વથા રોકવા પણું છે. માટે પણ આ બીજી ચોકડીને દેશઘાતી કષાય કહેવાતા નથી. પરંતુ સર્વઘાતી કષાય જ કહેવાય છે માટે આવા સાપેક્ષ અર્થો કરવામાં કોઈ દોષ નથી.

તે આ પ્રમાણે ઘાતિકર્મોની પ્રકૃતિઓમાં કેટલીક (૨૦) પ્રકૃતિઓ સર્વઘાતી અને કેટલીક (૨૫) પ્રકૃતિઓ દેશઘાતી કહી છે આમ આ વાત અહીં સમાપ્ત થાય છે.

નામકર્મ ગોત્રકર્મ વેદનીય કર્મ અને આયુષ્યકર્મ આ ચાર મૂલકર્મો તેમના દ્વારા જ્ઞાન દર્શન ચારિત્ર અને વીર્યાદિ મૂલ ગુણો હણવા લાયક ન હોવાથી ઉપરોક્ત ગુણોમાંથી કોઈ પણ ગુણને તે કર્મો હણતાં નથી તે માટે અઘાતીકર્મો કહ્યાં છે (જો કે આ ચાર કર્મો પણ અરૂપીપણું અગુરુલઘુપણું, અવ્યાબાધપણું, અને અક્ષયસ્થિતિપણું આવા ચાર આત્મ ગુણોને તો હણે જ છે. પરંતુ મૂલભૂત જ્ઞાનાદિગુણોને હણતા નથી તેથી અઘાતીકર્મ કહેલ છે).

સર્વઘાતી કર્મોનો રસ પ્રમાણમાં હોય છે થોડો, પરંતુ વિષની જેમ ઘાત કરવાનું કામ ઘણું કરે છે તેથી સર્વઘાતી કહેવાય છે. આ રસ છિદ્ર વિનાનો હોય છે. એટલે તે કર્મોના ઉદય વખતે ગુણોને પ્રગટ થવા દેતા નથી. ઘીની જેમ અતિશય સ્નિગ્ધ હોય છે દ્રાક્ષની જેમ અલ્પ પ્રદેશોના ઉપચય વાળો હોય છે. સ્ફટિક અને અભરખની જેમ અતિશય નિર્મળ હોય છે ક્યાંયથી ગુણ નીકળી શકતો નથી. પોતાના દ્વારા ઘાત કરવાલાયક ગુણનો સર્વથા ઘાત કરનાર જ હોય છે માટે સર્વઘાતી કહેવાય છે.

દેશઘાતી કર્મોનો કોઈક રસ વાંશના ટુકડાઓથી બનાવેલી સાદડીની જેમ અતિશય મોટાં સેંકડો છિદ્રોથી ભરેલો હોય છે અને કોઈક રસ કાંબળની જેમ (અતિશય મોટાં પણ નહીં અને અતિશય નાનાં પણ નહીં એવાં) મધ્યમ સેંકડો છિદ્રોથી ભરેલો હોય છે અને કોઈક રસ રેશ્મિવસ્ત્રની જેમ અતિશય સૂક્ષ્મ છિદ્રોથી ભરેલો અલ્પસ્નેહવાળો પોતાના વિષયના એકભાગનો ઘાત કરનાર હોવાથી દેશઘાતી કહેવાય છે.

અઘાતી કર્મોનો રસ સર્વઘાતી અને દેશઘાતી એમ બન્ને પ્રકારની પ્રકૃતિઓના રસથી વિલક્ષણ હોવાથી અઘાતી રસ કહેવાય છે પરંતુ અઘાતી કર્મપ્રકૃતિઓનો રસ ઘાતીકર્મ-પ્રકૃતિઓના સંપર્કથી તેવા રસના વિપાકને બતાવનારો થાય છે. જેમ સ્વયં પોતે ચોર ન હોય તો પણ ચોરી કરનારાઓની ટોળીની સાથે રહેતો હોય તો ચોરોના સંપર્કથી લોકો તેને પણ ચોર જ કહે છે તેમ અહીં જાણવું.

જે કર્મપ્રકૃતિઓ બીજી પ્રકૃતિઓના બન્ધને અથવા ઉદયને અને બન્ધ-ઉદય એમ બન્નેને અટકાવીને પોતાનો બંધ અથવા ઉદય દેખાડે તેવી કર્મપ્રકૃતિઓને પરાવર્તમાન

કર્મપ્રકૃતિ કહેવાય છે. અને તેનાથી જે વિપરીત સ્વભાવની હોય તેને અપરાવર્તમાન પ્રકૃતિ કહેવાય છે. ત્યાં અપરાવર્તમાન પ્રકૃતિઓ આ પ્રમાણે છે-

ત્યાં જ્ઞાનાવરણીયકર્મ ૫, અંતરાયકર્મ ૫, દર્શનાવરણીયકર્મ ૪, પરાઘાત તીર્થંકર-નામકર્મ, ઉશ્વાસનામકર્મ, મિથ્યાત્વ મોહનીય, ભય અને જુગુપ્સા તથા નામકર્મની ધ્રુવબંધી નવ આમ કુલ ૨૯ કર્મપ્રકૃતિઓ બન્ધ અને ઉદય આમ બન્નેને આશ્રયી અપરાવર્તમાન છે. એટલે કે આ ૨૯ પ્રકૃતિઓનો બંધ અથવા ઉદય ચાલતો હોય ત્યારે બીજી કોઈ પણ પ્રકૃતિ બંધ અથવા ઉદયમાં આવે તો આ ૨૯ ના ચાલતા બંધ અથવા ઉદયને તે પ્રકૃતિ અટકાવી શક્તી નથી. આ ૨૯ નો બંધ અથવા ઉદય જે ચાલુ હોય તે ચાલુ જ રહે છે અને શેષ પ્રકૃતિ પણ બંધ અથવા ઉદયમાં આવી શકે છે. આ કારણે આ ૨૯ કર્મપ્રકૃતિઓને અપરાવર્તમાન પ્રકૃતિ કહેવાય છે.

બાકીની સર્વે પણ પ્રકૃતિઓ પરાવર્તમાન છે ત્યાં બંધને આશ્રયી ૧૨૦ની અપેક્ષાએ ૯૧, અને ઉદયને આશ્રયી ૧૨૨ની અપેક્ષાએ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય સાથે ૯૩ કર્મપ્રકૃતિઓ પરાવર્તમાન છે ત્યાં તે ૯૩માં ૧૬ કષાય અને પાંચ નિદ્રા આમ ૨૧ પ્રકૃતિઓ માત્ર ઉદયને આશ્રયીજ પરાવર્તમાન છે પણ બંધને આશ્રયી સાથે બંધાતી હોવાથી પરાવર્તમાન નથી અને સ્થિર-અસ્થિર શુભ તથા અશુભ આ ચાર પ્રકૃતિઓ ધ્રુવોદયી હોવાથી ઉદયમાં સાથે હોય છે તેથી માત્ર બંધને જ આશ્રયી પરાવર્તમાન છે. પરંતુ ઉદયને આશ્રયી પરાવર્તમાન નથી. તથા બાકીની ૬૬-કર્મપ્રકૃતિઓ તો બંધ અને ઉદય એમ બન્નેને આશ્રયી પરાવર્તમાન છે.

હવે શુભ અને અશુભદ્વાર સમજાવે છે ત્યાં જીવને હર્ષનું કારણ બને આનંદનું કારણ બને તેવા રસથી યુક્ત જે કર્મપ્રકૃતિઓ છે તેને શુભ કહેવાય છે અને આવા પ્રકારનો જીવના આનંદનો હેતુ બને તેવો રસ જે કર્મપ્રકૃતિઓનો નથી. પરંતુ જેના ઉદયકાળે જીવ નારાજ થાય મનને પીડા થાય તેવાં જે કર્મ તે અશુભપ્રકૃતિ કહેવાય છે.

ત્યાં મનુષ્યત્રિક, દેવત્રિક, તિર્યંચાયુષ્ય, ઉશ્વાસનામકર્મ, પાંચ શરીર, ત્રણ અંગોપાંગ, શુભવિહાયોગતિ, પ્રશસ્ત એવું વર્ણાદિ ચતુષ્ક, ત્રસાદિ દશક, તીર્થંકરનામકર્મ, નિર્માણનામકર્મ, પ્રથમ સંસ્થાન, પ્રથમ સંઘયણ, આતપનામકર્મ, પરાઘાતનામકર્મ, પંચેન્દ્રિયજાતિ, અગુરુલઘુનામકર્મ, સાતાવેદનીય, ઉચ્ચગોત્ર, અને ઉદ્યોતનામકર્મ આમ ૪૨ પુણ્યપ્રકૃતિઓ છે. બાકીની ૮૨ કર્મપ્રકૃતિઓ અશુભ છે અર્થત્ પાપપ્રકૃતિઓ છે. અહીં વર્ણાદિ ચતુષ્ક શુભ પ્રકૃતિઓના સમુદાયમાં અને અશુભ પ્રકૃતિઓના સમુદાયમાં એમ બન્નેમાં પણ ગણાય છે કારણ કે તે વર્ણાદિ ચારે શુભ અને અશુભ એમ બન્ને પ્રકારના સંભવી શકે છે બાકીની ૭૮ પ્રકૃતિઓ કેવળ અશુભ છે આમ સમજવું.

સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સાથે ઉદયને આશ્રયી ૧૨૨ લઈએ ત્યારે અશુભ જાણવી. પરંતુ બંધને આશ્રયી ૧૨૨ પ્રકૃતિઓ ન જાણવી કારણ કે તે બન્નેનો બંધ થતો જ નથી. તેથી જ તે બન્નેને પૃથક્પણે કહી છે.

**પ્રશ્ન :-** સમ્યક્ત્વમોહનીયને અશુભમાં કેમ ગણી છે ? તે પ્રકૃતિ તો સમ્યક્ત્વની અવિરોધી છે ? સમ્યક્ત્વ હોય ત્યારે પણ ઉદયમાં હોય છે ? તથા સમ્યક્ત્વમોહનીય ઉદયમાં હોય ત્યારે સમ્યક્ત્વ હોય છે. માટે તેને અશુભમાં કેમ કહો છો ?

**ઉત્તર :-** સમ્યક્ત્વના કાળે પણ આ પ્રકૃતિ ઉદયમાં અવશ્ય હોય છે પરંતુ આ મોહનીયનો ઉદય પ્રભુના વચનોમાં શંકા-અન્ય ધર્મની આકાંક્ષા કરાવે છે એટલે અતિચાર સંપાદક હોવાથી સમ્યક્ત્વને મલીન કરનાર છે. પરંતુ સમ્યક્ત્વને આપનાર નથી. માટે અશુભ કહી છે. પરંતુ સર્વઘાતી કહી નથી આ પ્રમાણે સમ્યક્ત્વમોહનીયનો અને મિશ્રમોહનીયકર્મનો બંધ થતો નથી કારણ કે બંધાય તો છે મિથ્યાત્વમોહનીય જ. તેનું જ રૂપાન્તર થઈને આ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય બનાવાય છે તેથી આ બન્નેને પોતાના રૂપે બંધ થતો નથી માટે બંધમાં ૧૨૦ કર્મપ્રકૃતિઓ છે. પરંતુ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો પોતાના રૂપે ઉદય થાય છે. તેથી ઉદયને આશ્રયી ૧૨૨ કર્મપ્રકૃતિઓ છે.

હવે ચાર જાતના વિપાકવાળી પ્રકૃતિઓ સમજાવે છે. ત્યાં જે કર્મોનો વિપાક (ફળપ્રાપ્તિની પ્રધાનતા)પુદ્ગલના વિષયે હોય તે કર્મ પ્રકૃતિઓ પુદ્ગલવિપાકી કહેવાય છે જેમ વર્ણનામકર્મના ઉદયથી જીવને કાળાપણું-ધોળાપણું-પીળાપણું વિગેરે વર્ણની પ્રાપ્તિ થાય છે. પરંતુ આ વર્ણનો વ્યવહાર જીવની સાથેના શરીરમાં જ પ્રાપ્ત થાય છે. કારણ કે મૂલભૂત જીવ તો સદાને માટે અરૂપી જ છે. તેથી શરીરમાં કાળાપણું ધોળાપણું આપવા દ્વારા આ કર્મ જીવ દ્વારા ભોગવાય છે. અને શરીરમાં કાળાપણું ધોળાપણું આપવા દ્વારા આ કર્મ પોતાનું ફળ જણાવે છે તેથી તે પુદ્ગલવિપાકી કહેવાય છે તેવી તેવી જે જે કર્મ પ્રકૃતિઓ છે તે સઘળી પણ પુદ્ગલ વિપાકી કહેવાય છે.

આતપનામકર્મ, ઉદ્યોતનામકર્મ, છ સંઘયણ અને છ સંસ્થાન નામકર્મ, તથા નામકર્મની બાર ધ્રુવોદયી કર્મપ્રકૃતિઓ, ઔદારિકાદિ પ્રથમનાં ત્રણ શરીરો, એ જ ત્રણ અંગોપાંગ, ૧-ઉપઘાત પરાઘાત ૨-પ્રત્યેક અને ૧-સાધારણ નામકર્મ આમ કુલ ૩૬ કર્મપ્રકૃતિઓ પુદ્ગલવિપાકી છે.

આ ૩૬ કર્મપ્રકૃતિઓ પોતાનો ફળવિપાક શરીરાદિ પુદ્ગલો દ્વારા જ જીવને બતાવે છે. પુદ્ગલોમાં ફળ જણાવવા દ્વારા આત્માને સુખ-દુઃખનું અને આત્માને જ હર્ષ-શોકનું કારણ બને છે આ પ્રમાણે સ્પષ્ટપણે દેખાય છે. તેથી આ ૩૬ કર્મપ્રકૃતિઓને પુદ્ગલવિપાકી કહેવાય છે.

**પ્રશ્ન** :- જેમ વર્ણાદિનામકર્મ પોતાનું ફળ શરીરમાં જણાવે છે. તેમ રતિ અને અરતિમોહનીય કર્મનો ઉદય પણ અનુકૂળ તથા પ્રતિકૂળ પુદ્ગલોને પ્રાપ્ત કરીને જ થાય છે તે આ પ્રમાણે :- કાંટા આદિનો સ્પર્શ થવાના કારણે અરતિમોહનીયનો ઉદય થાય છે. અને ફુલની માળા ચંદન આદિ પુદ્ગલોનો સ્પર્શ થવાના કારણે રતિમોહનીયનો ઉદય થાય છે તે કારણથી આ બન્ને કર્મપ્રકૃતિઓને પણ પુદ્ગલવિપાકી કહેવી જોઈએ, કેમ કહી નથી ?

**ઉત્તર** :- ઉપરોક્ત પ્રશ્ન કરવો નહીં. કારણ કે કાંટા આદિથી જેમ અરતિનો ઉદય થાય છે તેમ કાંટા આદિના સ્પર્શ વિના પણ ભૂતકાળમાં બનેલી સારી કે ખરાબ પ્રક્રિયાના દર્શનથી અથવા સ્મરણાદિથી પણ પુદ્ગલદ્રવ્ય હાલ વર્તમાનકાલે નિમિત્તભૂત ન હોય તો પણ આ જીવને રતિ અને અરતિનો વિપાકોદય થતો દેખાય છે. તેથી પુદ્ગલનાં નિમિત્તો હોય તો જ થાય આવો નિયમ ન હોવાથી પુદ્ગલની સાથે વ્યતિચારવાળો આ ઉદય હોવાથી તે બન્નેનો ઉદય પુદ્ગલવિપાકીપણે સિદ્ધ થતો નથી. આ જ પ્રમાણે ક્રોધાદિ કષાયોનો ઉદય પણ મારનારને દેખીને અથવા મારનારને દેખ્યા વિના તેનું સ્મરણ થવાથી પણ થાય છે. મારનાર માર મારે તો જ થાય તેવો નિયમ નથી. આ કારણે રતિઅરતિ અને ક્રોધાદિનો ઉદય પુદ્ગલથી જ થાય એવો એકાન્ત નિયમ ન હોવાથી પુદ્ગલવિપાકી કહી નથી. આ પ્રમાણે તેમાં પણ પ્રશ્ન અને સમાધાનના ઉત્તરો સમજી લેવા.

નારક આદિ પોત પોતાને યોગ્ય ભવમાં જ ફળ આપવાની (ફળ બતાવવાની) મુખ્યતા છે જે કર્મોની તે કર્મો ભવવિપાકી કહેવાય છે. તે ચાર આયુષ્ય કર્મ જાણવાં. કારણ કે ચારે આયુષ્ય પોતપોતાના ભવમાં જ પોતાનો ઉદય દેખાડે છે. આવતા ભવનું (ભાવિના ભવનું) આ જીવે આયુષ્ય બાંધ્યું હોય તો પણ જ્યાં સુધી આવતો તે ભવ પ્રાપ્ત થતો નથી. ત્યાં સુધી બાંધેલું તે આયુષ્ય કર્મ પોતાનું ફળ જણાવતું નથી. પરંતુ પૂર્વભવનો જ્યારે ક્ષય થાય અને તેના વડે પોતાને યોગ્ય એવો બીજો નવો ભવ પ્રાપ્ત થાય ત્યારે જ તે આયુષ્યકર્મ ફળ જણાવે છે. આ નવો ભવ ન આવે ત્યાં સુધી આયુષ્યકર્મ ઉદયમાં આવતું જ નથી તેથી ભવની સાથે આયુષ્યના ઉદયનો સંબંધ હોવાથી તે ભવવિપાકી કહેવાય છે.

**પ્રશ્ન** :- આયુષ્યની જેમ ચાર ગતિનામકર્મ પણ પોતપોતાને યોગ્ય ભવની પ્રાપ્તિ થાય ત્યારે જ પોતાનું ફળ જણાવે છે કારણ કે આયુષ્યની સાથે જ ગતિ ઉદયમાં આવે છે તો તે ચાર ગતિને પણ ભવવિપાકી પ્રકૃતિ તરીકે કેમ ન કહી ?

**ઉત્તર** :- પ્રશ્ન સાચો છે. પરંતુ ગતિનામકર્મનો રસોદય જ પોતાના ભવમાં નિયતપણે થાય છે. પરંતુ પ્રદેશોદય તો અન્ય ભવમાં પણ થાય છે. જ્યારે ચારે આયુષ્યકર્મનો તો રસોદય અને પ્રદેશોદય આમ બન્ને પોતાના ભવમાં જ થાય છે. આ રીતે ચારે આયુષ્ય કર્મોનો ઉદય સંક્રમથી પણ (પ્રદેશોદયથી પણ) પરભવમાં થતો નથી માટે સર્વથા પોતાના ભવની સાથે જ ઉદય થવામાં વ્યભિચારી ન હોવાથી ચાર આયુષ્યને જ ભવવિપાકી કહેવાય

છે. ગતિઓ તો સંક્રમોદયથી (પ્રદેશોદયથી) પરભવમાં પણ ઉદયમાં આવે છે તેથી તે પોતાના ભવની સાથે વ્યભિચાર વાળી છે. તેથી તે ચાર ગતિને ભવવિપાકી કહેવાતી નથી.

વિગ્રહગતિવાળા ક્ષેત્રમાં જ અર્થાત્ એકભવમાંથી બીજા ભવમાં ગત્યન્તર કરવાના કારણભૂત એવા આકાશ માર્ગવાળા ક્ષેત્રમાં જ ફળ જણાવવાની પ્રધાનતાવાળો વિપાકોદય છે જે કર્મપ્રકૃતિઓનો તે સર્વે પ્રકૃતિઓ ક્ષેત્રવિપાકી કહેવાય છે.

તે નરકાનુપૂર્વી વિગેરે ચાર આનુપૂર્વીનામકર્મ જાણવી. કારણ કે આ ચાર આનુપૂર્વી નામકર્મ પૂર્વભવની ગતિમાંથી નીકળીને બીજા ભવની અન્ય ગતિમાં સંક્રમણ કરતાં વિગ્રહગતિમાં જ ઉદયમાં આવે છે પરંતુ શેષકાલે ક્યાંય ક્યારેય વિપાકોદયમાં આવતી નથી. જોકે પોતપોતાના ભવમાં જતાં વિગ્રહગતિવાળા ક્ષેત્ર વિના અન્યસ્થાને પણ (અન્યભવમાં જીવ શરીરધારી તરીકે જીવતો હોય ત્યારે પણ) આ ચારે આનુપૂર્વી નામકર્મનો સંક્રમોદય (અર્થાત્ પ્રદેશોદય) હોય છે. તો પણ પોત પોતાનો વિપાકોદય (અર્થાત્ રસોદય) આ ચારે આનુપૂર્વી નામકર્મનો જેવો વિગ્રહગતિરૂપ ક્ષેત્રહેતુવાળો (વિગ્રહગતિવાળા ક્ષેત્રમાં જ ઉદયમાં આવવા રૂપ ક્ષેત્રના કારણવાળો) વિપાકોદય છે. તેવો અન્ય કર્મપ્રકૃતિઓનો વિપાકોદય ક્ષેત્રહેતુક નથી.

આ કારણથી બીજી કોઈ પણ કર્મપ્રકૃતિમાં લાગુ ન પડે તેવા અસાધારણ ક્ષેત્રની હેતુતાના કારણે આ ચારે આનુપૂર્વી નામકર્મને ક્ષેત્રવિપાકી પણાનો વ્યપદેશ કરવામાં આવ્યો છે.

તથા જીવને વિષે એટલે કે જીવમાં રહેલા પોતાના ગુણસ્વરૂપ જ્ઞાનાદિભાવોમાં તેને અનુગ્રહ કરવા રૂપે અથવા ઉપઘાત કરવા રૂપે તેની અભિમુખતાવાળો (પ્રધાનતાવાળો) છે વિપાકોદય જે કર્મપ્રકૃતિઓનો તે જીવવિપાકી કહેવાય છે. તે આ પ્રમાણે છે- જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૯, સાતા અને અસાતા વેદનીય ૨, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય આ બે વર્જીને બાકીની મોહનીયની ૨૬, અંતરાયકર્મની ૫, ગતિ ૪,જાતિ ૫, વિહાયોગતિ ૨, ત્રસત્રિક ૩, સ્થાવરત્રિક ૩, સૌભાગ્ય દૌર્ભાગ્ય ૨, સુસ્વર-દુસ્વર ૨, આદેય-અનાદેય ૨, યશ અને અયશનામકર્મ ૨, તીર્થંકરનામકર્મ ૧, અને ઉશ્વાસનામકર્મ ૧, ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એમ ૨, બન્ધનીયોગ્યતાને અનુસરીને (૧૨૦ની અપેક્ષાએ) આમ કુલ ૭૬ કર્મપ્રકૃતિઓ જીવવિપાકી છે આમ પંચસંગ્રહમાં કહેલું છે અને બીજા ગ્રંથોમાં ઉદય યોગ્યને આશ્રયી (૧૨૨ને આશ્રયી) સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનું પણ ગ્રહણ કરવાથી ૭૮ કર્મપ્રકૃતિઓ જીવવિપાકી કહેલી છે.

આ સર્વે પણ કર્મપ્રકૃતિઓ પોતાનો ફળવિપાક જીવમાં જ જણાવે છે. પરંતુ જીવ વિના અન્યત્ર (પુદ્ગલ વિગેરે દ્વારા જીવમાં) જણાવતી નથી તેથી જીવવિપાકી કહેવાય છે તે આ પ્રમાણે-

જ્ઞાનાવરણીયકર્મની પાંચ પ્રકૃતિઓ જીવના જ્ઞાનગુણનો ઉપઘાત કરે છે. દર્શનાવરણીયકર્મની નવ પ્રકૃતિઓ આત્માના દર્શનગુણનો ઉપઘાત કરે છે મિથ્યાત્વમોહનીયકર્મ સમ્યક્ત્વગુણનો ઉપઘાત કરે છે ચારિત્રમોહનીયકર્મની સર્વે પણ પ્રકૃતિઓ આત્માના ચારિત્ર ગુણનો ઉપઘાત કરે છે. દાનાન્તરાયાદિ પાંચ અંતરાયકર્મની પ્રકૃતિઓ આત્માના દાનાદિ ગુણોનો ઉપઘાત કરે છે સાતા-અસાતા વેદનીયકર્મ જીવને જ સુખદુઃખ આપે છે અને ગતિનામકર્માદિ બાકીની પ્રકૃતિઓ પણ જીવને જ ગતિ આદિ પર્યાયો આપવાનું કામ કરે છે. આ પ્રમાણે આ ૭૮ કર્મપ્રકૃતિઓ જીવવિપાકી છે.

**પ્રશ્ન** :- ભવવિપાકી ઇત્યાદિ પ્રકૃતિઓ પણ તત્ત્વથી જીવવિપાકી જ છે. કારણ કે ચારે આયુષ્યકર્મ આ જીવને પોત પોતાને યોગ્ય ભવમાં (પકડી રાખવા રૂપ=જીવાડવા રૂપ) જે વિપાક બતાવે છે. તે ભવમાં ધારી રાખવા સ્વરૂપ જે ફળ છે. તે જીવને જ આપે છે જીવને જ પકડી રાખે છે. પરંતુ જીવને છોડીને અન્યને તે પકડી રાખતું નથી.

ચાર આનુપૂર્વી કર્મ પણ ક્ષેત્રમાં વિપાક દેખાડતી છતી જીવને જ આકાશપ્રદેશોની પંક્તિપ્રમાણે ગમન કરાવવાના વિષયભૂત એવા સ્વભાવને ધારણ કરે છે. પુદ્ગલવિપાકી પ્રકૃતિઓ પણ આતપનામકર્મ અને સંસ્થાનનામકર્મ વિગેરે કર્મપ્રકૃતિઓ ઉદયમાં આવી છતી જીવની જ તેવા પ્રકારની શક્તિને ઉત્પન્ન કરે છે. કે જે શક્તિવડે તે જીવ તેવા પ્રકારનાં જ પુદ્ગલોને ગ્રહણ કરે અને ગ્રહણ કરીને રચનાવિશેષ કરે તેથી તે આતપનામકર્મ અને સંસ્થાનનામકર્મ વિગેરેને પણ જીવવિપાકી જ કહેવી જોઈએ. આમ સર્વે પણ કર્મપ્રકૃતિઓ જીવવિપાકી જ હોવી જોઈએ ?

**ઉત્તર** :- તમારો આ પ્રસ્ન સાચો છે. પરંતુ જે પ્રકૃતિઓના ઉદયમાં ભવની, ક્ષેત્રની, અને પુદ્ગલની પ્રધાનતા છે ભલે ઉદય જીવને જ થાય છે. તો પણ તે તે પ્રકૃતિના ઉદયમાં ભવ-ક્ષેત્ર અને પુદ્ગલના નિમિત્તની પ્રધાનતા વિચારીને ભવવિપાકી-ક્ષેત્રવિપાકી અને પુદ્ગલવિપાકી કહી છે અને જે પ્રકૃતિઓના ઉદયમાં આ ભવવિપાકાદિ કારણ નથી. તેનાથી અન્ય (ભિન્ન) છે. તે સર્વ કર્મપ્રકૃતિઓને જીવવિપાકીપણું કહેલું છે આમ સમજવું.

વિપાકને આશ્રયી બીજો પણ અનુયોગ છે. અર્થાત્ વિપાક ને આશ્રયી બીજી રીતે પણ શાસ્ત્રોમાં આ વિષય સમજાવેલો છે તે આ પ્રમાણે છે- વિપાકને આશ્રયી પ્રકૃતિઓ બે પ્રકારની છે હેતુ વિપાકવાળી અને રસવિપાકવાળી. ત્યાં હેતુને આશ્રયી વિપાક જણાવાય છે જે કર્મપ્રકૃતિઓનો તે હેતુવિપાકવાળી કહેવાય છે. અને તે પુદ્ગલવિપાકી, ક્ષેત્રવિપાકી, ભવવિપાકી તથા જીવવિપાકી. આમ હેતુભેદથી ચાર પ્રકારની છે. જે પૂર્વે કહેલી છે.

રસને મુખ્ય કરીને વિપાક બતાવાય છે જે કર્મ પ્રકૃતિઓનો તે રસવિપાકી કહેવાય છે તે પણ ચાર પ્રકારનો છે એકસ્થાનિક રસ, દ્વિસ્થાનિકરસ, ત્રિસ્થાનિકરસ, અને ચતુઃસ્થાનિકરસ. (એકઠાણીયો રસ, બેઠાણીયો રસ, ત્રણઠાણીયો રસ અને ચતુઃઠાણીયો રસ આવા રસવાળી પ્રકૃતિઓ) ત્યાં પુણ્યપ્રકૃતિઓનો રસ ક્ષીરખંડાદિની ઉપમાવાળો અને પાપપ્રકૃતિઓનો રસ લીંબડા અને ઘોષાતકી (આકડા) આદિના રસની ઉપમાવાળો સ્વાભાવિક જે રસ છે તે એકસ્થાનિક રસ કહેવાય છે.

જ્યાં બે ભાગ જેટલો રસ ઉકાળે છતે એક ભાગ બાળી નાખવામાં આવે અને એક ભાગ બાકી રાખવામાં આવે જેમકે ૧૨(બાર) કીલો રસ ઉકાળતાં ઉકાળતાં છ કીલો રસ બાળી નાખવામાં આવે અને છ કીલો રસ બાકી રાખવામાં આવે તે દ્વિસ્થાનિક રસ કહેવાય છે અને જ્યાં રસના ત્રણ ભાગ બુદ્ધિથી કલ્પીને બે ભાગ બાળી નાખવામાં આવે અને એક ભાગ બાકી રાખવામાં આવે. જેમકે બાર કિલો રસમાંથી આઠ કીલો બાળી નાખીને માત્ર ચાર કીલો જ રસ રાખવામાં આવે તે ત્રિસ્થાનિક રસ કહેવાય છે અને જ્યાં ચારભાગ બુદ્ધિથી કલ્પીને ત્રણ ભાગ બાળી નાખવામાં આવે અને એક ભાગ બાકી રાખવામાં આવે જેમકે બાર કીલો રસમાંથી નવ કીલો બાળી નાખવામાં આવે અને માત્ર ત્રણ કીલો જ રસ બાકી રાખવામાં આવે તે ચતુઃસ્થાનિક રસ કહેવાય છે આ રસને જ અનુક્રમે એકઠાણીયો બેઠાણીયો ત્રણઠાણીઓ અને ચારઠાણીયો રસ પણ કહેવાય છે.

અહીં એકસ્થાનિકરસ કરતાં દ્વિસ્થાનિક રસ, અને દ્વિસ્થાનિક રસ કરતાં ત્રિસ્થાનિક રસ અને ત્રિસ્થાનિક રસ કરતાં ચતુઃસ્થાનિક રસ અશુભ પ્રકૃતિઓનો વધારે વધારે દુઃખદાયી અને શુભપ્રકૃતિઓનો રસ વધારે વધારે સુખદાયી કહેવાય છે આ પ્રમાણે આ ચારે પ્રકારના રસમાં અનુક્રમે અનંતગુણવૃદ્ધિ જાણવી.

ત્યાં મતિ-શ્રુત-અવધિ અને મન-પર્યવજ્ઞાનાવરણીય આમ ચાર જ્ઞાનાવરણીયકર્મ, ચક્ષુ-અચક્ષુ અને અવધિદર્શનાવરણીય કર્મ એમ ત્રણ દર્શનાવરણીય કર્મ, પુરુષવેદ, ચાર સંજ્વલનકષાયો, અને પાંચ પ્રકારનાં અંતરાયકર્મ આમ કુલ સત્તર (૧૭) કર્મ પ્રકૃતિઓ બંધને આશ્રયી એકઠાણીયારસથી યાવત્ ચારઠાણીયા રસવાળીપણે પરિણામ પામેલી બંધાય છે તેમાં પણ જ્યાં સુધી જીવ ઉપશમશ્રેણિ અથવા ક્ષપકશ્રેણિમાં આરૂઢ થતો નથી ત્યાં સુધી તો (અર્થાત્ નવમા અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકના કેટલાક ભાગ સુધી આરૂઢ ન થાય ત્યાં સુધી તો) આ સત્તર પ્રકૃતિઓનો પણ બેઠાણીયો ત્રણઠાણીયો અને ચારઠાણીયો રસ જ બંધાય છે. માત્ર શ્રેણિની પ્રાપ્તિ થયે છતે અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ પસાર થયે છતે ત્યારબાદ જ આ પ્રકૃતિ અશુભ હોવાથી અને જીવના

પરિણામ અતિશય વિશુદ્ધ હોવાથી આવા પ્રકારના વિશુદ્ધ અધ્યવસાય દ્વારા આ ૧૭ પ્રકૃતિઓનો એકઠાણીયો રસ જ બંધાય છે જીવ અહીં સુધી ન આવે ત્યાં સુધી સદાકાલ બેઠાણીયો ત્રણઠાણીયો અને ચારઠાણીયો રસ જ બાંધે છે. આ પ્રમાણે આ ૧૭ પ્રકૃતિઓ રસ બંધને આશ્રયી ચારે પ્રકારનો રસ બંધાતો પ્રાપ્ત થાય છે.

બાકીની બધી જ પ્રકૃતિઓ ભલે તે શુભ હોય કે અશુભ હોય તો પણ બેઠાણીયા-ત્રણઠાણીયા અને ચારઠાણીયા રસવાળી જ પ્રાપ્ત થાય છે. પરંતુ ક્યારેય પણ એકઠાણીયા રસબંધવાળી પ્રાપ્ત થતી નથી. કારણ કે આ ૧૭ પ્રકૃતિ વિનાની બાકીની હાસ્યાદિ અશુભ કર્મપ્રકૃતિઓના એકઠાણીયા રસબંધને યોગ્ય વિશુદ્ધિ અપૂર્વકરણ-પ્રમત્ત અને અપ્રમત્ત આદિ ગુણસ્થાકોમાં જીવને થતી નથી. અને અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનકનો કેટલોક ભાગ ગયા પછી આગળ આગળ જ્યારે એકઠાણીયા રસબંધને યોગ્ય પરમપ્રકર્ષને પામેલી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ આવે છે. ત્યારે તે હાસ્યાદિ મોહનીયકર્મની પ્રકૃતિઓ બંધમાં જ આવતી નથી. તે કારણથી આ હાસ્યાદિ મોહનીયનો એકઠાણીયો રસબંધ થતો જ નથી.

**પ્રશ્ન** :- જેમ કોઈ પણ શ્રેણી ઉપર આરોહણ કરે તો પણ નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ ગયે છતે આગળ આગળ આ જીવ અતિશય વિશુદ્ધિવાળો હોવાથી મતિજ્ઞાનાવરણાયાદિ ૧૭ પ્રકૃતિઓનો એકઠાણીયો રસબંધ કરે છે. તેમ ઉપશમશ્રેણીને બદલે ક્ષપકશ્રેણી લઈએ અને નવમા ગુણસ્થાનકને બદલે દશમું સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક લઈએ તેના પણ ચરમ દ્વિચરણ આદિ સમયો લઈએ તેમાં વર્તતો જીવ વધારેમાં વધારે અત્યન્ત વિશુદ્ધ છે અને ત્યાં કેવલ જ્ઞાનાવરણીય તથા કેવલદર્શનાવરણીય આ બન્ને કર્મોનો બંધ પણ સંભવે છે તો ત્યાં તે બન્ને કર્મોનો એકઠાણીયો રસબંધ કેમ થતો નથી ?

**ઉત્તર** :- આવી શંકા ન કરવી. કારણ કે કેવલજ્ઞાનાવરણીય કર્મ અને કેવલ દર્શનાવર્ણીય કર્મ સર્વઘાતી હોવાથી અતિશય અલ્પ રસ પણ સર્વઘાતી જ હોય છે અને સર્વઘાતી રસ જઘન્ય હોય તો પણ દ્વિસ્વાનિક જ સંભવે છે એકસ્થાનિક કયારેય હોતો નથી.

**પ્રશ્ન** :- જેમ અતિશય વિશુદ્ધિવાળો જીવ (૧૭) પાપ પ્રકૃતિઓનો એકસ્થાનિક રસબંધ કરે છે તેમ અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો એવો મિથ્યાદષ્ટિ જીવ પુણ્યપ્રકૃતિઓનો રસ એકસ્થાનિક (એકઠાણીયો) રસ બાંધતો હોય આવું કેમ ન બને ?

**ઉત્તર** :- અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો એવો મિથ્યાદષ્ટિ જીવ પણ શુભપ્રકૃતિઓનો એકસ્થાનિક રસબંધ કરતો નથી કારણ કે શુભ પ્રકૃતિઓ કંઇક પણ વિશુદ્ધિ હોય ત્યારે જ તે પ્રકૃતિઓ બંધમાં આવે છે અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા એવા મિથ્યાદષ્ટિજીવમાં તેવી

પુણ્યપ્રકૃતિઓનો તો બંધ જ સંભવતો નથી. તેથી ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામ હોતે છતે પુણ્યપ્રકૃતિઓના એકઠાણીયા રસના બંધની સંભાવનાનો જ અસંભવ છે. છતાં અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા એવા પણ મિથ્યાદૃષ્ટિ જીવમાં નરકગતિપ્રાયોગ્ય બંધ કરતી વેળાએ વૈક્રિયદ્વિક અને તૈજસ-કાર્મણ શરીરનામકર્મ વિગેરે કેટલીક પુણ્ય પ્રકૃતિઓ તે તે ભવપ્રત્યયિક હોવાથી બંધમાં અવશ્ય આવે જ છે તો પણ તે પ્રકૃતિઓનો બંધ તથાસ્વભાવે જ બેઠાણીયો જ જીવ કરે છે પરંતુ એકઠાણીયો રસબંધ કરતો નથી.

**પ્રશ્ન** :- કોઈ પણ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ ઉત્કૃષ્ટ કષાયો દ્વારા જ બંધાય છે તો જે ઉત્કૃષ્ટ કષાયયુક્ત અધ્યવસાયો દ્વારા પુણ્યપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે તે જ ઉત્કૃષ્ટ અધ્યવસાયો દ્વારા તે કાલે જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાતી હોય ત્યારે તે પુણ્યપ્રકૃતિઓનો એકસ્થાનિક રસ બંધ કેમ થતો નથી ? તમે ૧૭ પ્રકૃતિઓનો જ એકઠાણીયો રસ બંધાય આમ કેમ કહો છો? આવા પ્રકારના સાતમી નરકપ્રાયોગ્ય બંધકાલે બંધાતી પુણ્ય પ્રકૃતિઓનો એકઠાણીયો રસબંધ થવો જોઈએ તે કેમ કહેતા નથી ?

**ઉત્તર** :- જો ઉપરનો પ્રશ્ન તમને થાય છે તો તેનો ઉત્તર સાવધાનીથી સાંભળો. અહીં પ્રથમસમયની સ્થિતિથી આરંભીને સમય સમયની વૃદ્ધિ દ્વારા અસંખ્યાતા સ્થિતિ ભેદો થાય છે. તે સર્વ સ્થિતિભેદોમાં અસંખ્યાતા અસંખ્યાતા રસસ્પર્ધકોનો સમૂહવિશેષ હોય છે તે સર્વ પણ રસસ્પર્ધકો નિયમા બેઠાણીયા આદિ રસનાં જ હોય છે પરંતુ એકઠાણીયા રસબંધનાં હોતાં નથી. આ રીતે પુણ્યપ્રકૃતિઓની જ્યારે ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય છે ત્યારે પણ એકઠાણીયા રસબંધનો સંભવ નથી શાસ્ત્રમાં જ કહ્યું છે કે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે તેવા અધ્યવસાય સ્થાનો દ્વારા પુણ્યપ્રકૃતિઓનો એક સ્થાનિક રસબંધ થશે. આવો જો કોઈ પ્રશ્ન કરે તો તે પ્રશ્ન પણ ઉચિત નથી. કારણ કે સ્થિતિસ્થાનો કરતાં રસબંધનાં સ્થાનો અસંખ્યાતગુણાં છે માટે પુણ્યપ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય તેવા સંક્લિષ્ટ અધ્યવસાયો દ્વારા પણ તેનો બેઠાણીયો જ રસ બંધાય છે. પરંતુ એકઠાણીયો રસબંધ થતો નથી.

અહીં સર્વઘાતી અથવા દેશઘાતી કર્મપ્રકૃતિઓમાં જે ચઉઠાણીયા રસવાળાં અને ત્રણઠાણીયા રસવાળાં સ્પર્ધકો છે તે સર્વે પણ નિયમા સર્વઘાતી જ હોય છે ફક્ત જે બેઠાણીયા રસવાળાં સ્પર્ધકો છે તેમાં સર્વઘાતી પ્રકૃતિઓનાં રસસ્પર્ધકો સર્વઘાતી જ હોય છે અને દેશઘાતી કર્મપ્રકૃતિઓનાં બેઠાણીયા રસવાળાં કેટલાક સ્પર્ધકો સર્વઘાતી અને કેટલાંક સ્પર્ધકો દેશઘાતી એમ મિશ્ર હોય છે અને એકઠાણીયા રસવાળાં સ્પર્ધકો દેશઘાતી પ્રકૃતિઓનાં જ હોય છે અને તે પણ નિયમા દેશઘાતી જ હોય છે.

અહીં દેશઘાતી એવાં અવધિજ્ઞાનાવરણીય આદિ કર્મોનાં જે સર્વઘાતી રસનાં સ્પર્ધકો

છે. તેમાં વિશુદ્ધ અધ્યવસાય સ્થાનના પ્રતાપે દેશઘાતી સ્વરૂપે પરિણામ પમાડવા દ્વારા હણીને દેશઘાતી રસસ્પર્ધક સ્વરૂપે પરિણામ પમાડે છતે એટલે કે અતિશય સ્નિગ્ધ (ચિકણા) રસવાળાં કર્મસ્કંધોને હણી હણીને અલ્પરસવાળાં કરે છતે તે અલ્પરસવાળાં કર્મપુદ્ગલોની અંદર રહેલાં કેટલાક દેશઘાતીરસસ્પર્ધકોનો અમુક ભાગ ઉદયાવલિકામાં પ્રવેશ કરાવીને ઉદયથી ભોગવવા દ્વારા ક્ષય થયે છતે તથા બાકીના કર્મદલિકોનો રસોદય અટકાવવા રૂપ ઉપશમ કરે છતે આ જીવને અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન ચક્ષુદર્શન વિગેરે ક્ષાયોપશમિક ભાવના ગુણો પ્રગટ થાય છે ત્યારે અવવિજ્ઞાનાવરણ વિગેરે કર્મોના કેટલાક દેશઘાતી રસસ્પર્ધકોનો ક્ષયોપશમ થવાથી અને બીજા કેટલાક દેશઘાતી રસસ્પર્ધકોનો ઉદય થવાથી ક્ષયોપશમાનુવિદ્ધ એવો ઔદાયિક ભાવ પ્રવર્તે છે (ક્ષયોપશમ હોવાથી તેટલી માત્રામાં અવધિજ્ઞાનાદિ ગુણો આ જીવમાં પ્રગટ થાય છે અને બાકીની અધિક માત્રામાં અવધિજ્ઞાનાદિ ગુણો ઉપરનાં આવરણો ઉદયમાં ચાલુ જ રહે છે.)

પરંતુ અવધિજ્ઞાનાવરણીય આદિ કર્મોનાં સર્વઘાતી એવાં રસનાં સ્પર્ધકો જ ઉદયમાં આવ્યાં હોય ત્યારે તેના વિષયનો કેવળ એકલો ઔદાયિકભાવ જ પ્રવર્તે છે આ પ્રમાણે અવધિજ્ઞાનાવરણીય, અવધિદર્શનાવરણીય, મઃપર્યવજ્ઞાનાવરણીય અને ચક્ષુદર્શનાવરણીય આમ ચાર કર્મોના ઉદયકાળે તે ગુણો પ્રગટ થાય ત્યારે ક્ષયોપશમાનુવિદ્ધ ઔદાયિકભાવ પ્રવર્તે છે. અને જ્યારે તે ગુણો પ્રગટ ન થયા હોય ત્યારે શુદ્ધ ઔદાયિકભાવ માત્ર જ પ્રવર્તે છે. આમ જાણવું.

તથા મતિજ્ઞાનાવરણીયકર્મ, શ્રુતજ્ઞાનાવરણીયકર્મ, અચક્ષુદર્શનાવરણીય કર્મ, અને અંતરાયની પાંચ પ્રકૃતિઓ આમ આ આઠ કર્મોનો સદા કાલ દેશઘાતી રસસ્પર્ધકોનો જ ઉદય થાય છે ક્યારેય પણ સર્વઘાતી રસસ્પર્ધકોનો ઉદય થતો નથી. તેથી સર્વકાલ તે આઠ કર્મ પ્રકૃતિઓનો ઔદાયિકભાવ અને ક્ષાયોપાશ્મિકભાવ આમ બન્ને ભાવો મિશ્રપણે જ પ્રાપ્ત થાય છે આ આઠ કર્મપ્રકૃતિઓનો કેવળ એકલો ઔદયિકભાવ (ક્ષયોપશમ વિના) ક્યારેય પણ પ્રવર્તતો નથી માટે આ કર્મોથી આવાર્ય ગુણો અંશે અંશે સદા ઉઘાડા જ હોય છે. સર્વથા ક્યારેય ઢંકાતા નથી. આ પ્રમાણે જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ અને અંતરાયકર્મમાં કર્મોનો ઉદય હોતે છતે પણ ક્ષયોપશમભાવ હોઈ શકે છે અર્થાત્ અવિરુદ્ધ જ છે. આમ આ વાત સિદ્ધ થઈ.

મોહનીયકર્મમાં મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી આદિ બાર કષાય આમ કુલ તેર (૧૩) કર્મપ્રકૃતિઓ સર્વઘાતી છે. તે સર્વઘાતી એવી તેર પ્રકૃતિઓનાં રસસ્પર્ધકો સર્વે પણ સર્વઘાતી જ હોય છે તેથી તે તેર પ્રકૃતિઓના વિપાકોદય કાલે (રસોદયકાલે) ક્ષયોપશમ-

ભાવ હોતો નથી. તેથી તે કષાયો દ્વારા આવાર્ય ગુણો, ત્યાં ત્યાં પ્રગટ થતા નથી પરંતુ પ્રદેશોદયકાળે ક્ષયોપશમભાવ હોય છે. તેથી પ્રદેશોદય કાળે સ્વાવાર્ય ગુણો પ્રગટ થાય છે.

**પ્રશ્ન** :- સર્વઘાતી રસવાળાં સ્પર્ધકોના પ્રદેશો પણ પોતાનાથી ઘાત કરી શકાય એવા ગુણોનો સર્વથા ઘાત કરવાના સ્વભાવવાળા જ છે કારણકે તેનું નામ સર્વઘાતી છે. તેથી તે મિથ્યાત્વમોહ અને બાર કષાયોના પ્રદેશોદયકાલે પણ ક્ષાયોપશમિકભાવનો સંભવ કેમ થઈ શકે ? આ તેર પ્રકૃતિઓના પ્રદેશોદયકાલે પણ પોતાનો સ્વભાવ ગુણોનો સર્વથા ઘાત કરવાનો હોવાથી ગુણો પ્રગટ ન થવા જોઈએ. તે કાલે પણ એટલે ક્ષયોપશમ ભાવના કાળે પણ ગુણો કેમ પ્રગટ થાય ?

**ઉત્તર** :- આવો પ્રશ્ન કરવો નહીં કારણ કે તે સર્વઘાતી ૧૩ પ્રકૃતિઓનાં સર્વઘાતી રસવાળાં પ્રદેશોનો અધ્યવસાય વિશેષ દ્વારા આ જીવ મન્દ અનુભાવ વાળાં બનાવીને છુટાં છુટાં વેદાય તેવી રીતે દેશઘાતી રસવાળાં સ્પર્ધકોની અંદર તેનો પ્રવેશ કરાવવા દ્વારા દેશઘાતી રૂપે બનાવીને જ ભોગવે છે. તેથી યથાસ્થિત (જેવો રસ બાંધ્યો હતો તેવા ભાવે) પોતાનું બળ બતાવવામાં તે કર્મદલીકો અસમર્થ બને છે માટે આ ૧૩ પ્રકૃતિઓના પ્રદેશોદયકાલે પોત પોતાનાથી આવાર્યગુણો અંશે અંશે અવશ્ય પ્રગટ થાય છે.

મિથ્યાત્વમોહનીય અને આદ્ય બાર કષાય વિનાની મોહનીય કર્મની શેષ પ્રકૃતિઓ કે જે ચાર સંજ્વલન કષાય છે અને નવ નોકષાય મોહનીય છે આ તેરે પ્રકૃતિઓનો રસોદય હોય ત્યારે પણ અને પ્રદેશોદય હોય ત્યારે પણ ક્ષાયોપશમિકભાવ અવિરુદ્ધ છે. એટલે કે ક્ષાયોપશમિકભાવ હોઈ શકે છે અને ગુણો અવશ્ય પ્રગટ થાય જ છે તે ૧૩ પ્રકૃતિઓ દેશઘાતી હોવાથી ગુણોના આવિર્ભાવને સર્વથા અટકાવતી નથી. પરંતુ પ્રગટ થયેલા ગુણોમાં અતિચાર માત્ર ઉત્પન્ન કરે છે કારણ કે આ પ્રકૃતિઓ દેશઘાતી છે.

પરંતુ ખાસ વિશેષતા એ છે કે તે પ્રકૃતિઓ અધ્રુવોદયી છે ક્યારેક ઉદયમાં હોય અને ક્યારેક ઉદયમાં ન પણ હોય ત્યાં જ્યારે તે ૧૩ પ્રકૃતિઓનો વિપાકોદય ન પ્રવર્તતો હોય ત્યારે ક્ષાયોપશમિક ભાવ હોતે છતે પ્રદેશોદય હોવા છતાં પણ અલ્પ માત્રાએ પણ સ્વ આવાર્યગુણોનો ઘાત કરતી નથી. ફક્ત તે ૧૩ પ્રકૃતિઓનો જ્યારે વિપાકોદય પ્રવર્તતો હોય છે ત્યારે ક્ષયોપશમ ભાવ હોવા છતાં પણ (પોતાનાથી આવાર્ય ગુણોનો આવિર્ભાવ થવા છતાં પણ) કંઈક કંઇક મલીનતા માત્ર કરનાર હોવાથી (અતિચારો ઉત્પન્ન કરનાર હોવાથી) દેશઘાતી કહેવાય છે આટલી ચર્ચા કરવા વડે સર્યું. અહીં દેશઘાતી-સર્વઘાતી અને અઘાતીનું વર્ણન પૂર્ણ થાય છે.

પોતાનો ઉદય ન હોય ત્યારે જ છે બંધ જે કર્મ મૃતિઓનો તે કર્મપ્રકૃતિઓ સ્વાનુદયબંધિની કહેવાય છે. દેવાયુષ્ય નરકાયુષ્ય, દેવગતિ-દેવાનુપૂર્વી, નરકગતિ-

નરકાનુપૂર્વી, વૈક્રિય શરીર, વૈક્રિય અંગોપાંગ, આહારકદ્વિક અને જિનનામકર્મ આમ કુલ ૧૧ પ્રકૃતિઓ સ્વાનુદયબંધી છે. તે આ પ્રમાણે-દેવત્રિકનો ઉદય દેવગતિમાં જ હોય છે. નરકત્રિકનો ઉદય નરકગતિમાં જ હોય છે. વૈક્રિયદ્વિકનો ઉદય બન્ને ગતિમાં હોય છે પરંતુ તે દેવ અને નારકીના જીવો આ આઠ પ્રકૃતિઓ (વૈક્રિયાષ્ટક) બાંધતા જ નથી. તે તે જીવોનો તેવો તેવો સ્વભાવ હોવાથી કારણ કે દેવ અને નારકી મરીને તુરત જ દેવ-નારકીનો ભવ પામતા નથી. માટે આ આઠ પ્રકૃતિઓ સ્વાનુદયબંધી છે.

તીર્થંકરનામકર્મ પણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે ઉદયમાં આવે છે. તેવા જીવોને જ ઉદયને યોગ્ય આ પ્રકૃતિ છે અને તે કાલે (કેવલી અવસ્થામાં) તેનો બંધ હોતો નથી. કારણ કે અપૂર્વકરણ ગુણસ્થાનકે જ તેનો બંધ વિચ્છેદ પામેલો છે. માટે સ્વાનુદયબંધી છે.

આહારક શરીર જ્યારે બનાવે છે ત્યારે લબ્ધિ ફોરવવાના પ્રયાસ વાળો જીવ હોવાથી પ્રમાદવાળો બને છે એકશરીરમાંથી બે શરીરમાં આ જીવ વ્યાપ્ત થતો હોવાથી વ્યગ્રતાવાળો બનવાથી પ્રમાદી કહેવાય છે. તે કાલે અપ્રમત્ત અવસ્થા ન હોવાથી આહારકના ઉદય કાલે આહારકનો બંધ હોતો નથી. તથા આહારક શરીર બનાવી લીધા બાદ તે શરીરની સર્વ પર્યાપ્તિઓ સમાપ્ત કર્યા પછી તે આહારક શરીરવાળો જીવ અપ્રમત્ત નામના સાતમા ગુણઠાણે જાય છે. તો પણ તે કાલે બે શરીરોમાં જીવ વર્તતો હોવાથી મંદ-મંદતર સંયમ સ્થાનમાં વર્તનાર હોવાથી આહારકદ્વિકનો ઉદય હોય ત્યારે તે આહારકદ્વિકનો બંધ હોતો નથી. આ પ્રમાણે આ અગીયારે કર્મ પ્રકૃતિઓ પોતાના અનુદયકાલે બંધાતી હોવાથી સ્વાનુદયબંધી કહેવાય છે.

પોતાના ઉદયકાલે જ છે બંધ જે કર્મપ્રકૃતિઓનો તે સ્વોદયબંધી કહેવાય છે. તે જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અંતરાયકર્મની પાંચ, મિથ્યાત્વમોહનીય, નિર્માણનામકર્મ, તૈજસ કાર્મણ શરીરનામકર્મ,, સ્થિર-અસ્થિર નામકર્મ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુ લઘુ અને શુભ-અશુભ નામકર્મ આ પ્રમાણે કુલ (૨૭) સત્તાવીશ કર્મપ્રકૃતિઓ સ્વોદયબંધી છે કારણ કે આ ધ્રુવોદયી છે તેથી સદાકાલ પોતપોતાના ઉદય વિચ્છેદવાળા ગુણસ્થાનક સુધી સદાકાળ ઉદયમાં હોય જ છે અને તે વખતે જ એટલે કે ઉદયચાલુ હોય ત્યારે જ બંધાય છે. માટે આ ૨૭ સ્વોદયબંધી છે.

ઉદય હોય ત્યારે અથવા ઉદય ન હોય ત્યારે પણ આમ ઉભય સ્થાને છે બંધ જે કર્મપ્રકૃતિઓનો તે ઉભયબંધી કહેવાય છે તે નિદ્રા પંચક, જાતિ પંચક, સંસ્થાનષટ્ક, સંઘયણ ષટ્ક, કષાય સોળ, નોકષાય નવ, પરાઘાત, ઉપઘાત, આતપ, ઉદ્યોત, ઉશ્વાસ, સાતા-

અસાતા વેદનીય, ઉચ્ચ-નીચગોત્ર, મનુષ્યત્રિક, તિર્યંચત્રિક, ઔદારિકદ્વિક, પ્રશસ્ત-અપ્રશસ્ત વિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્તા, પ્રત્યેક, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્તા, સાધારણ, સુસ્વર, સુભગ, આદેય, યશકીર્તિ, દુસ્વર, દુર્ભગ, અનાદેય અને અયશકીર્તિ સ્વરૂપ ૮૨ (બ્યાસી) પ્રકૃતિઓ ઉભયબંધી છે આ બ્યાસી પ્રકૃતિઓનો બંધ તિર્યંચગતિના જીવોને તથા મનુષ્ય ગતિના જીવોને યથાયોગ પ્રમાણે ઉદય હોય તો પણ થાય છે અને ઉદય ન હોય તો પણ બંધ થાય છે માટે ઉભયબંધી જાણવી. આ પ્રમાણે ૧૧ સ્વાનુદયબંધી, ૨૭ સ્વોદયબંધી અને ૮૨ ઉભયબંધી, સર્વ મળીને ૧૨૦ કર્મપ્રકૃતિઓ સમજાવી.

समकम् = એકી સાથે = એક જ કાલે વ્યવચ્છેદ પામતો છે બંધ અને ઉદય જે કર્મપ્રકૃતિઓનો તે "સમકવ્યવચ્છિમાન બન્ધોદયવાળી કહેવાય છે સંજ્વલન લોભ વિના પન્નર કષાય, મિથ્યાત્વમોહનીય, ભય, જુગુપ્સા, હાસ્ય-રતિ, મનુષ્યાનુપૂર્વી, સૂક્ષ્મત્રિક, આતપનામકર્મ, પુરુષવેદ આમ ૨૬ પ્રકૃતિ આવી સમકવ્યવચ્છિમાન બંધોદયવાળી જાણવી.

ત્યાં સૂક્ષ્મત્રિક આતપનામકર્મ, અને મિથ્યાત્વમોહ આમ કુલ પાંચ પ્રકૃતિઓનો બંધ અને ઉદય મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે, અનંતાનુબંધી ચાર કષાયનો સાસ્વાદને, મનુષ્યાનુપૂર્વી અને અપ્રત્યાખ્યાનવરણ ચાર કષાયનો અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે, પ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયોનો દેશવિરતિ ગુણસ્થાનકે, હાસ્ય-રતિ-ભય-જુગુપ્સાનો અપૂર્વ કરણગુણસ્થાનકે સંજ્વલનત્રિક અને પુરુષવેદનો અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકે બંધ અને ઉદય એકીસાથે વ્યવચ્છેદ પામે છે તેથી આ ૨૬ પ્રકૃતિઓ સમકવ્યવચ્છિદ્યમાન બંધોદયવાળી કહેવાય છે.

હવે પ્રથમ જેનો બંધ જતો રહે અને પછી ઉદય જાય આમ ક્રમસર છે વ્યવચ્છેદ પામતા બંધોદય જે કર્મપ્રકૃતિઓના તે ક્રમવ્યવચ્છિદ્યમાન બંધોદય કહેવાય છે. તે ઉપર કહેલી ૨૬, અને ભવિષ્યમાં કહેવાશે એવી ઉત્ક્રમ વ્યવચ્છિદ્યમાન બંધોદય વાળી આઠ એમ ૨૫+૮=૩૪ વિનાની બાકીની ૮૬ પ્રકૃતિઓ ક્રમવ્યવચ્છિમાનબંધોદયવાળી છે તે આ પ્રમાણે.

જ્ઞાનાવરણીય ૫, અંતરાયકર્મની ૫, દર્શનાવરણીયકર્મની ૪, આ ૧૪ પ્રકૃતિનો બંધવ્યવચ્છેદ સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકના ચરમ સમયે થાય છે જયારે ઉદયવ્યવચ્છેદ ક્ષીણકષાયગુણસ્થાનકના ચરમ સમયે થાય છે. નિદ્રા અને પ્રચલાનો બંધવ્યવચ્છેદ અપૂર્વકરણના પ્રથમ ભાગે જયારે ઉદયવ્યવચ્છેદ ક્ષીણકષાય ગુણસ્થાનકના દ્વિચરમસમયે । અસાતાવેદનીયનો બંધવ્યવચ્છેદ પ્રમત્તગુણસ્થાનકે, સાતાવેદનીય કર્મનો બંધવ્યવચ્છેદ સયોગિકેવલીના

ચરમસમયે, જ્યારે ઉદય વ્યવચ્છેદ આ બન્ને કર્મપ્રકૃતિનો સયોગિના ચરમસમયે અથવા અયોગિના ચરમસમયે । તથા હુંડક નામના ચરમસંસ્થાનનો બંધવ્યવચ્છેદ મિથ્યાદૃષ્ટિ-ગુણસ્થાનકે, મધ્યમનાં ચાર સંસ્થાન, અશુભવિહાયોગતિ અને દુઃસ્વરનામકર્મ આ છ કર્મપ્રકૃતિઓનો બંધવ્યવચ્છેદ સાસ્વાદન ગુણસ્થાનકે, ઔદારિકદ્વિક, પ્રથમ સંઘયણ, આ ત્રણેનો બંધવ્યવચ્છેદ અવિરતે, અસ્થિર અને અશુભનામકર્મનો બંધવ્યવચ્છેદ પ્રમત્તગુણ-સ્થાનકે, તૈજસ-કાર્મણ-સમચતુરસ્ર-વર્ણાદિ ચતુષ્ક-અગુરુલઘુ ચતુષ્ક - પ્રત્યેક-સ્થિર, શુભ-સુસ્વર-નિર્માણ આ સોળકર્મોનો બંધવ્યવચ્છેદ અપૂર્વકરણના છઠ્ઠાભાગે, અને ઉપર કહેલી ૧+૬+૩+૨+૧૬ = કુલ ૨૮ નો ઉદયવિચ્છેદ સયોગિકેવલીગુણસ્થાનકના ચરમસમયે.

તથા મનુષ્યત્રિકનો બંધવ્યવચ્છેદ અવિરતે, પંચેન્દ્રિયજાતિ, ત્રસ-બાદર-પર્યાપ્ત-સૌભાગ્ય-આદેય અને તીર્થંકરનામકર્મનો બંધવ્યવચ્છેદ અપૂર્વકરણના છઠ્ઠાભાગે, યશકીર્તિ અને ઉચ્ચગોત્રનો બંધવ્યવચ્છેદ સૂક્ષ્મસંપરાયના ચરમસમયે, જ્યારે આ બારે પ્રકૃતિઓનો ઉદયવ્યવચ્છેદ અયોગિગુણસ્થાનકના ચરમ સમયે.

તથા સ્થાવરનામકર્મ-એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય- અને ચઉરિન્દ્રિયજાતિ, નરકત્રિક, છેલ્લું સંઘયણ(છેવટ્ઠું) તથા નપુંસકવેદ આમ આ ૧૦ કર્મપ્રકૃતિઓનો બંધવ્યવચ્છેદ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે, જ્યારે ઉદયવિચ્છેદ (પાંચનો) સાસ્વાદને, (ત્રણનો) નરકત્રિકનો અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે, છેવટ્ઠા સંઘયણનો અપ્રમત્ત ગુણઠાણે, અને નપુંસકવેદનો અનિવૃત્તિ બાદરસંપરાય નામના નવમા ગુણસ્થાનકે થાય છે.

તથા સ્ત્રીવેદનો બંધવ્યવચ્છેદ સાસ્વાદને, અને ઉદય વ્યવચ્છેદ નવમા અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાનકે થાય છે. તથા તિર્યંચાનુપૂર્વી -દૌર્ભાગ્ય અને અનાદેય નામકર્મ, આમ કુલ ત્રણ કર્મનો, તિર્યંચગતિ-તિર્યંચાયુષ્ય, ઉદ્યોત નામકર્મ અને નીચ ગોત્ર આમ ચાર કર્મનો, તથા થિણદ્ધિત્રિક આમ ત્રણ કર્મનો તથા ચોથા-પાંચમા સંઘયણનો, અને બીજા-ત્રીજા સંઘયણનો આમ કુલ (૩+૪+૩+૨+૨=૧૪) કર્મનો બંધવિચ્છેદ થાય છે સાસ્વાદને, પરંતુ ઉદયવિચ્છેદ અનુક્રમે ચોથે-પાંચમે-છઠ્ઠે-સાતમે અને અગિયારમા ગુણસ્થાનકે થાય છે.

તથા અરતિ અને શોકનો બંધવિચ્છેદ છઠ્ઠા પ્રમત્ત ગુણઠાણે થાય છે અને ઉદયવિચ્છેદ અપૂર્વકરણ ગુણઠાણે થાય છે સંજ્વલન લોભનો બંધવિચ્છેદ અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણઠાણાના ચરમ સમયે થાય છે જ્યારે તેનો ઉદયવિચ્છેદ સૂક્ષ્મસંપરાયના ચરમસમયે થાય છે તેથી આ ૮૬ છયાસી કર્મ પ્રકૃતિઓ ક્રમવ્યવચ્છિદ્યમાન બંધોદયવાળી કહેવાય છે.

હવે ઉત્ક્રમ વ્યવચ્છિદ્યમાન બંધોદય વાળી સમજાવાય છે પહેલાં ઉદય અને પછી બંધ આમ ઉલટા ક્રમે વિચ્છેદ પામતો છે બંધ અને ઉદય જેનો તે કર્મપ્રકૃતિઓને ઉત્ક્રમ વ્યવચ્છિદ્યમાન બંધોદયવાળી કહેવાય છે અને તેવી અપયશકીર્તિ દેવત્રિક-વૈક્રિયદ્વિક અને આહારકદ્વિક આમ કુલ આઠ જ કર્મપ્રકૃતિઓ છે. કારણ કે અયશકીર્તિ નામકર્મનો છઠ્ઠા પ્રમત્તગુણઠાણે, દેવાયુષ્યનો અપ્રમત્ત નામના સાતમા ગુણઠાણે, દેવદ્વિક અને વૈક્રિયદ્વિક આમ ચાર કર્મનો અપૂર્વકરણ નામના આઠમા ગુણઠાણે, બંધવિચ્છેદ થાય છે પરંતુ ઉદયવિચ્છેદ આ છએ કર્મોનો પણ અવિરત સમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણઠાણે જાણવો. તથા આહારદ્વિકના બંધનો વિચ્છેદ અપૂર્વકરણના છઠ્ઠાભાગે, જ્યારે આ બન્નેનો ઉદયવિચ્છેદ અપ્રમત્ત સંયત નામના સાતમા ગુણઠાણે થાય છે આ પ્રમાણે આ આઠ કર્મપ્રકૃતિઓ ઉત્ક્રમવ્યવચ્છિદ્યમાન બંધોદયવાળી છે આમ, ૨૬+૮૬+૮ = ૧૨૦ કર્મપ્રકૃતિઓમાં આ ત્રણદ્વાર જાણવાં.

હવે સાન્તરબંધી, નિરન્તરબંધી અને ઉભયબંધી આમ ત્રણ દ્વાર સમજાવાય છે. ત્યાં જે કર્મપ્રકૃતિઓનો જઘન્યથી એકસમય માત્ર બંધ થાય અને ઉત્કૃષ્ટથી બે સમય ત્રણ સમય આમ વધારેમાં વધારે અંતર્મુહૂર્ત માત્ર બંધ થાય પણ અંતર્મુહૂર્તથી અધિકકાલ બંધ ન જ થાય તેવી કર્મપ્રકૃતિઓને"સાન્તરબંધી" કહેવાય છે. એક અંતર્મુહૂર્તમાં પણ સાન્તર (એટલે કે બંધવિચ્છેદ થવા રૂપ અંતર) છે જેનું એવી જે કર્મપ્રકૃતિઓ તે સાન્તરબંધી કહેવાય છે.

सान्तरो = "विच्छेदलक्षणान्तरसहितो बन्धो यासां ताः सान्तराः" અંતર્મુહૂર્ત કાલમાં પણ બંધવિચ્છેદ થવા રૂપ અંતર વાળો છે બંધ જે કર્મપ્રકૃતિઓનો તે, પણ અંતર્મુહૂર્તથી વધારે નથી બંધ જેઓનો તે સાન્તરબંધી કહેવાય છે. સારાંશ કે અંતર્મુહૂર્તથી વધારે અધિકકાળમાં બંધ થાય અને પછી બંધ વિચ્છેદ થાય તેમાં ન વર્તનારી જાતિ છે જેની તે સાન્તરબંધી આવો ફલિતાર્થ જાણવો.

તે સાતાવેદનીય, સ્ત્રીવેદ, નપુંસકવેદ, હાસ્ય-રતિનું યુગલ, અરતિ-શોકનું યુગલ, નરકદ્વિક, આહારકદ્વિક, પ્રથમ વિનાનાં પાંચ સંસ્થાન અને પ્રથમ વિનાનાં પાંચ સંઘયણ, પ્રથમની ચાર જાતિનામકર્મ, આતપ, ઉદ્યોત, અપ્રશસ્તાવિહાયોગતિ, સ્થિર, શુભ, યશનામકર્મ, અને સ્થાવરદશક આમ આ ૪૧ કર્મપ્રકૃતિઓ જઘન્યથી એક-બે સમય પણ બંધાય છે. ત્યારબાદ બંધવિચ્છેદ થાય છે. અને ક્યારેક વધારેમાં વધારે અંતર્મુહૂર્ત કાલ સુધી જ બંધાય છે. પરંતુ પોતાના બંધનાં કારણો (મિથ્યાત્વાદિ) હોવા છતાં પણ તથાસ્વભાવે જ તેના બંધને યોગ્ય અધ્યવસાય સ્થાનોની પરાવૃત્તિ થવાના કરાણે નિયમા પ્રતિપક્ષી જ પ્રકૃતિઓ બંધાય છે. પણ આ ૪૧માંની પ્રકૃતિઓનો બંધ ચાલુ રહેતો નથી. તે કારણે આ ૪૧ પ્રકૃતિઓને સાન્તરબંધી કર્મપ્રકૃતિઓ કહેવાય છે.

હવે જે કર્મપ્રકૃતિઓનો જઘન્યથી એક સમય માત્ર કે બે સમયમાત્ર બંધ પણ થાય છે અને ઉત્કૃષ્ટથી ક્યારેક અંતર્મુહૂર્ત પણ બંધ હોય અને ક્યારેક નિરન્તરપણે અંતર્મુહૂર્તથી અધિક પણ સંખ્યાત. અસંખ્યાત કાલ સુધી યાવત્ નિરંતરપણે બંધાય તે સાન્તરનિરન્તર એમ ઉભયબંધી કહેવાય છે. સારાંશ કે "અંતર્મુહૂર્તની અંદર પણ સાન્તર, તથા અંતર્મુહૂર્તથી અધિક પણ બંધ એટલે કે નિરંતર બંધ છે જેનો તે સાન્તરનિરન્તરબંધી અર્થાત્ ઉભયબંધી કહેવાય છે.

"અંતર્મુહૂર્તની અંદર પણ વિચ્છેદ પામતો છે બંધ જેનો, તથા અંતર્મુહૂર્તથી અધિક (સંખ્યાત અથવા અસંખ્યાત કાલ સુધી) બંધ છે જે કર્મપ્રકૃતિઓનો આમ ઉભયપ્રકારના બંધમાં વર્તતી છે જાતિ જેની આવી કર્મપ્રકૃતિઓ સાન્તરનિરન્તરબંધી કહેવાય છે. તે કુલ ૨૭ છે.

સમચતુરસ્રસંસ્થાન, વજ્રઋષભનારાચસંઘયણ, પરાઘાતનામકર્મ, ઉચ્છ્વાસનામકર્મ, પુરુષવેદ, પંચેન્દ્રિયજાતિ, સાતાવેદનીય, શુભવિહાયોગતિ, વૈક્રિયદ્વિક, ઔદારિકદ્વિક, દેવદ્વિક, મનુષ્યદ્વિક, તિર્યંચદ્વિક, ગોત્રદ્વિક, અને સુસ્વર ત્રિક, તથા ત્રસચતુષ્ક આમ કુલ ૨૭ કર્મપ્રકૃતિઓ સાન્તર નિરન્તરબંધી છે.

આ ૨૭ કર્મપ્રકૃતિઓ જઘન્યથી એક સમય પણ બંધાય છે. પછી પ્રતિપક્ષી પ્રકૃતિઓના બંધના કારણે આ પ્રકૃતિઓનો બંધ અટકી પણ જાય છે. અને અનુત્તરવાસી દેવો જેવા જીવો વડે અસંખ્યાત કાલ સુધી પણ બંધાય છે. આમ અંતમુર્હૂતમાં બંધવિચ્છેદ થાય જ, આવો નિયમ ન હોવાથી નિરન્તર પણ વધારે બંધાય તેવી છે તેથી આ ૨૭ કર્મપ્રકૃતિઓ સાન્તર નિરન્તર બંધી કહેવાય છે.

હવે જેનો બંધ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત તો છે જ, અંતર્મુહૂર્તના કાલમાં જેનો બંધ સાન્તર થતો નથી જ, પણ બંધ ચાલુ થયા પછી અંતર્મુહૂર્ત તો અવશ્ય બંધાય જ છે અને અંતર્મુહૂર્તથી વધારે પણ ઘણોકાલ જે બંધાય તે નિરંતરબંધી કહેવાય છે. સારાંશ કે "અંતર્મુહૂર્તના કાલમાં જેના બંધનું અંતર નથી જ" આવી વ્યુત્પત્તિ થવાથી અથવા "અંતર્મુહૂર્તના કાલમાં અવિચ્છિન્નપણે બંધમાં વર્તનારી જાતિ છે જેની" તે કર્મપ્રકૃતિ નિરંતરબંધી કહેવાય છે. આ પ્રમાણે ૪૧ સાન્તરબંધી, ૨૭ નિરંતરબંધી અને ૫૨ સાન્તર-નિરંતરબંધી એમ કુલ ૧૨૦ કર્મપ્રકૃતિઓ જાણવી.

તે જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, દર્શનાવરણીય નવ, કષાય સોળ, મિથ્યાત્વ-મોહનીય, ભય-જુગુપ્સા, અગુરુલઘુ, નિર્માણ, તૈજસ, કાર્મણ, ઉપઘાત, અને વર્ણાદિ ચતુષ્ક સ્વરૂપ કુલ સુડતાલીસ (૪૭) ધ્રુવબંધી પ્રકૃતિઓ, તથા તીર્થંકરનામકર્મ અને ચાર આયુષ્ય આમ કુલ (૫૨) બાવન કર્મપ્રકૃતિઓ નિરંતર બંધી જાણવી. આ પ્રકૃતિઓનો બંધ શરૂ થયા

પછી અંતર્મુહૂર્તમાં ક્યારેય પણ વિરામ પામતો નથી. ક્યારેક અધિક કાલ બંધાય છે. પણ અંતર્મુહૂર્તની અંદર બંધવિચ્છેદ થતો નથી. તેથી તે ૫૨ પ્રકૃતિઓને નિરંતરબંધી કહેવાય છે.

હવે ઉદયસંક્રમોત્કૃષ્ટા, અનુદયસંક્રમોત્કૃષ્ટા, ઉદયબંધોત્કૃષ્ટા અને અનુદયબંધોત્કૃષ્ટા આમ ચારદ્વારો સમજાવાય છે. ત્યાં કર્મપ્રકૃતિઓનો ઉદય ચાલુ હોય ત્યારે જ અન્ય કર્મ પ્રકૃતિઓના સંક્રમથી જેની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તા થાય છે તેનું નામ ઉદય સંક્રમોત્કૃષ્ટા કહેવાય છે. જેમકે મનુષ્યગતિની ઉત્કૃષ્ટ સ્થિતિ પન્નર કોડાકોડી સાગરોપમ જ બંધાય છે. તેનાથી વધારે ક્યારેય પણ બંધાતી નથી. જ્યારે નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમ છે. તેથી નરકગતિ અથવા તિર્યંચગતિ વીસ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિવાળી બાંધીને આ જીવ મનુષ્ય ગતિ બાંધવા લે. અને બંધાતી એવી મનુષ્યગતિમાં બાંધેલી એવી તે નરકગતિ અથવા તિર્યંચગતિ નામકર્મની વીસ કોડાકોડીની સ્થિતિ સંક્રમાવે તો મનુષ્યગતિની પણ વીસ કોડાકોડી સાગરેપમની સ્થિતિ થઈ શકે છે. પરંતુ આ જે વીસ કોડાકોડી સાગરોપમની મનુષ્યગતિની સ્થિતિ થઈ તે નરકગતિ કે તિર્યંચગતિના સંક્રમથી થઈ. પણ પોતાના બંધથી થઈ નથી. માટે સંક્રમોત્કૃષ્ટા છે. આ કામ મનુષ્ય જ કરે છે. એટલે મનુષ્યગતિના ઉદયવાળો જીવ જ કરે છે માટે ઉદયકાલે ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમથી થતી હોવાથી તેને ઉદય સંક્રમોત્કૃષ્ટા કહેવાય છે.

તે મનુષ્યગતિ, સાતાવેદનીય, સમ્યક્ત્વમોહનીય, સ્થિરાદિ ષટ્ક, હાસ્યાદિ ષટ્ક, ત્રણવેદ, શુભવિહાયોગતિ, પ્રથમનાં પાંચ સંઘયણ, પ્રથમનાં પાંચ સંસ્થાન, ઉચ્ચગોત્ર, આમ કુલ આ ૩૦ કર્મપ્રકૃતિઓ ઉદય સંક્રમોત્કૃષ્ટા જાણવી. આ કર્મપ્રકૃતિઓ ઉદયમાં હોય ત્યારે જ તેના પ્રતિપક્ષભૂત નરકગતિ-અસાતાવેદનીય. વિગેરે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ ૨૦-૩૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધીને ફરીથી ઉદયમાં ચાલુ વર્તતી એવી આ મનુષ્યગતિ આદિ ૩૦ કર્મોની સ્થિતિ બાંધવાનો આ જીવ જયારે આરંભ કરે. અને બંધાતી એવી આ ત્રીસ પ્રકૃતિઓમાં પૂર્વકાલમાં બાંધેલી એવી નરકગતિ આદિ પ્રતિપક્ષભૂત પ્રકૃતિઓના કર્મદલિકને જ્યારે સંક્રમાવે છે. ત્યારે મનુષ્યગતિ આદિ ૩૦ કર્મપ્રકૃતિઓની ૨૦-૩૦ કોડા-કોડી સાગરોપમ આદિ ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે. પણ પોતાના બંધથી આ ત્રીસ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦-૩૦ કોડાકોડી સાગરોપમની બંધાતી નથી. કારણ કે શુભપ્રકૃતિઓની સ્થિતિ પોતાના રૂપે તો થોડી જ બંધાય છે. માટે અન્ય પ્રકૃતિઓના સંક્રમથી જ મૂલકર્મ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ વાળી થાય છે. તેથી આ ૩૦ કર્મ પ્રકૃતિઓને ઉદય સંક્રમોત્કૃષ્ટા કહેવાય છે.

હવે જે કર્મપ્રકૃતિઓનો અનુદાય કાલ હોય (એટલે કે ઉદય ન ચાલતો હોય) ત્યારે જ તે કર્મોની મૂલકર્મ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ અન્યના સંક્રમથી થાય તે અનુદય સંક્રમોત્કૃષ્ટા કહેવાય છે. તેવી મનુષ્યાનુપૂર્વી-મિશ્રમોહનીય, આહારકદ્વિક, દેવદ્વિક, વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક અને તીર્થંકરનામકર્મ આમ કુલ (૧૩) તેર કર્મપ્રકૃતિઓ અનુદય સંક્રમોત્કૃષ્ટા છે

કારણ કે આ તેર કર્મ પ્રકૃતિઓની મૂલકર્મ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ પોતાના બંધથી તો પ્રાપ્ત થતી નથી જ. પરંતુ પોતાના જ મૂલકર્મની બીજી વિજાતીય પ્રકૃતિયો બાંધીને આ કર્મપ્રકૃતિઓમાં સંક્રમાવે તો જ આ તેરની પોતાના મૂલકર્મ જેટલી ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા થઈ શકે છે. પરંતુ અન્ય પ્રકૃતિઓ બાંધીને વિપક્ષિત પ્રકૃતિઓમાં સંક્રમાવવાનું કામ તેવા જ જીવો કરી શકે છે કે જેઓને આ તેર પ્રકૃતિઓનો ઉદય ન હોય. એટલે કે સંક્રમથી પણ ઉત્કૃષ્ટ સ્થિતિ ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે આ પ્રકૃતિઓથી પ્રતિપક્ષભૂત પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી હોય અને ત્યારબાદ આ તેર પ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે તે તેર કર્મપ્રકૃતિઓમાં પૂર્વે બાંધેલી પ્રતિપક્ષી પ્રકૃતિઓના કર્મ દલિકોનો સંક્રમ કરવામાં આવે તો જ વિવક્ષિત કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ થાય છે.

આ વિવક્ષિત તેર પ્રકૃતિઓની પ્રતિપક્ષભૂત જે જે પ્રકૃતિઓ છે. તેની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધનારો જીવ ઘણું કરીને મિથ્યાદષ્ટિ મનુષ્ય આદિનો જીવ હોય છે તેવા જીવને આ તેર પ્રકૃતિઓનો ઉદય સંભવતો નથી. આ કારણથી આ તેર (૧૩) પ્રકૃતિઓને અનુદયસંક્રમોત્કૃષ્ટા કહેવાય છે.

તથા જે કર્મપ્રકૃતિઓનો વિપાકોદય ચાલુ હોય ત્યારે જ પોતાના બંધથી જ ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા પ્રાપ્ત થાય છે (અન્યના સંક્રમની આવશ્યકતા રહેતી નથી) તે ઉદયબંધોત્કૃષ્ટા કહેવાય છે અને વળી જે કર્મપ્રકૃતિઓનો વિપાકોદય ન હોય ત્યારે જ પોતાના બંધથી જ ઉત્કૃષ્ટસ્થિતિ સત્તાની પ્રાપ્તિ થાય છે તે અનુદય બંધોત્કૃષ્ટા કહેવાય છે. આવા પ્રકારની અનુદયબંધોત્કૃષ્ટા નરકદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, સેવાર્તસંઘયણ, એકેન્દ્રિય જાતિ, સ્થાવરનામકર્મ, આતપનામકર્મ, અને પાંચનિદ્રા આ પ્રમાણે કુલ પન્નર (૧૫) કર્મપ્રકૃતિઓ અનુદયબંધોત્કૃષ્ટા જાણવી. આ પન્નરે પ્રકૃતિઓની પોતાના મૂલકર્મ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય તેવી છે સંક્રમથી જ ઉત્કૃષ્ટ થાય તેવી નથી પરંતુ તેનો તેનો ઉત્કૃષ્ટ બંધ તેવા તેવા જીવોમાં હોય છે કે જ્યાં તેનો ઉદય ન હોય જેમકે નરકગતિ આદિ નામકર્મ હોવાથી વીસ (૨૦) કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળું મૂલનામકર્મ જેટલું અવશ્ય બંધાય છે. પરંતુ તે જીવો જ નરકદ્વિક બાંધે છે કે જેને નરકદ્વિકનો ઉદય ન હોય. આ રીતે આ પન્નર (૧૫) કર્મપ્રકૃતિઓ અનુદયબંધોત્કૃષ્ટા કહેવાય છે.

બાકીની વળી ચાર આયુષ્ય વિનાની ૧-પંચેન્દ્રિયજાતિ, ૨-વૈક્રિયદ્વિક, ૧-હુંડકસંસ્થાન, ૧-પરાઘાત. ૧-ઉશ્વાસ, ૧-ઉદ્યોતનામકર્મ, ૧-અશુભ, વિહાયોગતિ, ૧-અગુરુલઘુનામકર્મ, ૨-તૈજસ-કાર્મણનામકર્મ, ૧-નિર્માણ નામકર્મ, ૧-ઉપઘાતનામકર્મ, ૪-વર્ણાદિચતુષ્ક, ૬-સ્થિરાદિષટ્ક ૪-ત્રસાદિચતુષ્ક, ૧-અસાતાવેદનીય, ૧-નીચગોત્ર, ૧૬-કષાય, ૧-મિથ્યાત્વમોહનીય, ૫-જ્ઞાનાવરણીયકર્મની પાંચ, ૫-અંતરાયકર્મની પાંચ, ૪-દર્શનાવરણીય કર્મની આ પ્રમાણે આ (૬૦) સાએઠ કર્મપ્રકૃતિઓ ઉદય બંધોત્કૃષ્ટા જાણવી.

આ સાએઠ કર્મપ્રકૃતિઓ પોતપોતાનો ઉદય ચાલુ હોય ત્યારે જ પોતાના બંધથી જ (અન્યના સંક્રમ વિના જ) ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તાવાળી થાય છે. માટે ઉદય બંધોત્કૃષ્ટ કહેવાય છે ચાર પ્રકારનાં આયુષ્યનો પરસ્પર સંક્રમ થતો નથી. કોઈ પણ ભવનું બંધાતુ આયુષ્ય પૂર્વભવના બાંધેલા અને હાલ ભોગવાતા આયુષ્યની વૃદ્ધિ માટે સમર્થ થતું નથી. જેમ કે કોઈ મનુષ્ય દેવનું ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધે તો તે૩૩ સાગરોપમનું દેવાયુષ્ય, હાલ જે ઉદયમાં વર્તે છે તેવા મનુષ્યાયુષ્યની વૃદ્ધિનું કારણ બનતું નથી કારણ કે આયુષ્યનો પરસ્પર સંક્રમ થતો જ નથી.

તથા તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય વધારેમાં વધારે ત્રણ પલ્યોપમનું જ બંધાય છે જયારે મૂલઆયુષ્યકર્મની સ્થિતિ (પૂર્વભવના પૂર્વકોડના ત્રીજા ભાગ પ્રમાણ અબાધાકાળ સાથે) વધારેમાં વધારે ૩૩ સાગરોપમ પ્રમાણ છે. આટલી મોટી સ્થિતિ તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યની થતી નથી માટે તે બે આયુષ્ય તે અનુદય બંધોત્કૃષ્ટા વિગેરે ચારે સંજ્ઞાથી રહિત છે.

દેવ અને નરકનું આયુષ્ય જો કે તેત્રીસ સાગરોપમનું બંધાય છે. અને તે મનુષ્ય અને તિર્યંચો બાંધે છે. ત્યાં મનુષ્યના જીવો દેવ અને નરક એમ બન્નેનું ૩૩ સાગરોપમ બાંધી શકે છે અને તિર્યંચો તો ફક્ત નારકીનું જ ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધી શકે છે. માટે અનુદયબંધોત્કૃષ્ટા થઈ શકે છે. પરંતુ ચારે આયુષ્યકર્મમાં આ વ્યાખ્યા લાગુ ન પડતી હોવાથી બે આયુષ્ય માટે કહેવાનું કોઈ પ્રયોજન રહેતું નથી. તે માટે પ્રયોજનના અભાવથી પૂર્વાચાર્ય મહાપુરુષોએ આ ચારે આયુષ્યને પણ આ ચારે સંજ્ઞાથી રહિત જ કહ્યાં છે. આ પ્રમાણે ઉદયસંક્રમોત્કૃષ્ટા-૩૦, અનુદયસંક્રમોત્કૃષ્ટા-૧૩, ઉદયબંધોત્કૃષ્ટા-૬૦ તથા અનુદય-બંધોત્કૃષ્ટા-૧૫ અને ૪-આયુષ્ય આ ચાર સંજ્ઞા રહિત એમ કુલ ૧૨૨ પ્રકૃતિ જાણવી.

જે કર્મપ્રકૃતિઓનું દલિક પોતાના ઉદયના ચરમસમયે સજાતીય એવી અન્ય પ્રકૃતિઓમાં સ્તિબુક્સંક્રમ વડે સંક્રમાવીને અન્ય પ્રકૃતિરૂપે કરીને તેના નામે ઉદયથી ભોગવે છે. પરંતુ પોતાના રૂપે ભોગવાતી નથી. તે કર્મપ્રકૃતિઓ અનુદયવતી સંજ્ઞાવાળી કહેવાય છે અને જે કર્મપ્રકૃતિઓનું કર્મદલિક ઉદયના ચરમસમયમાં પોતાના વિપાક રૂપે ભોગવાય છે. પણ અન્યમાં સંક્રમ કરવો પડતો નથી. તે ઉદયવતી કહેવાય છે.

તે ઉદયવતી જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, આયુષ્યકર્મની ચાર, દર્શનાવરણીય કર્મની ચાર, સાતા અને અસાતા એમ બે વેદનીય, સ્ત્રીવેદ તથા નપુંસકવેદ, તથા મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, શુભ, સુસ્વર, આદેય, જિનનામકર્મ (એમ ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે ઉદયમાં વર્તતી એવી) ચરમોદય સંજ્ઞા વાળી આ નામકર્મની નવ પ્રકૃતિઓ, ઉચ્ચ ગોત્ર, સમ્યક્ત્વમોહનીય, અને સંજ્વલન લોભ આ પ્રમાણે આ ચોત્રીસ(૩૪) કર્મપ્રકૃતિઓ ઉદયવતી જાણવી.

તે આ પ્રમાણે સમજવી-જ્ઞાનાવરણીય કર્મની પાંચ,અંતરાયકર્મની પાંચ, અને દર્શનાવરણીય કર્મની ચાર આમ આ ચૌદ કર્મપ્રકૃતિઓ ક્ષીણકષાય ગુણસ્થાનકના ચરમસમયમાં પોતાના રૂપે ઉદયથી ભોગવાય છે. માટે ઉદયવતી છે. તથા ઉપર કહેલી નામકર્મની ચરમોદય સંજ્ઞાવાળી નવકર્મપ્રકૃતિઓ સાતા-અસાતા વેદનીય, અને ઉચ્ચગોત્ર એમ કુલ બાર કર્મપ્રકૃતિઓ અયોગિગુણસ્થાનકના ચરમસમયમાં પોતાના રૂપે ઉદયથી ભોગવાય છે. માટે ઉદયવતી છે.

આવી જ રીતે સંજવલનલોભ સૂક્ષ્મસંપરાય નામના દશમા ગુણસ્થાનકના ચરમસમયમાં, સમ્યકત્વમોહનીય ક્ષાયિક સમ્યક્ત્વ પામતાં પોતાના ઉદયના ચરમસમયમાં સ્ત્રીવેદ તથા નપુંસકવેદ ક્ષપકશ્રેણીમાં અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ જાય ત્યાં સુધી પોતાના ઉદયના અન્ત્ય સમયમાં, અને ચારે આયુષ્ય પોત પોતાના ભવના ચરમ સમયમાં પોતાનો વિપાકોદય હોય છે ત્યારે પોતાના રૂપે જ ભોગવાય છે. તેથી આ સર્વે પણ પ્રકૃતિઓ ઉદયવતી કહેવાય છે. આમ પૂર્વપુરુષોનો સંપ્રદાય જણાવે છે. ઉદયવતી પ્રકૃતિઓમાં ન જ વર્તે એવી જાતિ છે જેની તે અનુદયવતી કહેવાય આવું અનુદયવતીનું લક્ષણ ઉપરોક્ત ચોત્રીસ પ્રકૃતિમાં ઘટતું નથી. માટે આ ચોત્રીસ કર્મપ્રકૃતિઓ ઉદયવતી કહેવાય છે. આવો સાંપ્રદાયિક આચાર્ય ભગવંતોનો અભિપ્રાય છે.

ઉપર કહેલી ચોત્રીસ પ્રકૃતિ વિનાની (૧૪૮ની સંખ્યાની અપેક્ષાએ) બાકીની ૧૧૪ કર્મપ્રકૃતિઓ અનુદયવતી જાણવી. કારણ કે તે તમામ કર્મપ્રકૃતિઓનું દલિક ચરમસમયમાં પોતાના ઉદયરૂપે વેદાતું ન હોવાથી અન્યકર્મ પ્રકૃતિઓમાં સંક્રમાવીને જ અવશ્ય પરરૂપે જ વેદાય છે. તે આ પ્રમાણે-

ચરમોદયસંજ્ઞાવાળી (ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે ઉદયમાં હોય એવી) નામકર્મની નવ, તથા નરકદ્વિક, તિર્યંચદ્વિક, એકેન્દ્રિય-બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિ, સ્થાવર-સૂક્ષ્મ-સાધારણ-આતપ-અને ઉદ્યોતનામ કર્મ આમ આ તેર નામકર્મની પ્રકૃતિઓ કુલ ૯+૧૩ = ૨૨ વિનાની બાકીની નામકર્મની (૯૩―૨૨) = ૭૧ એકોતેર કર્મપ્રકૃતિઓ તથા નીચગોત્ર આમ કુલ બોંતેર (૭૨) કર્મપ્રકૃતિઓ પોતાની સજાતીય એવી ઉદયમાં આવેલી પરપ્રકૃતિમાં સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવીને ચરમ સમયે પરપ્રકૃતિના નામે ઉદયથી જીવ ભોગવે છે. ચૌદમા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે જ (પરમાં સંક્રમાવીને) પરસ્વરૂપે ઉદયથી ભોગવીને સત્તાનો નાશ કરે છે તેથી તે (૭૨) કર્મ પ્રકૃતિઓ અનુદયવતી કહેવાય છે.

આ જ પ્રમાણે નિદ્રા અને પ્રચલાને ક્ષીણમોહ ગુણસ્થાનકવાળો જીવ બારમાના

ચરમસમયે પરમાં સંક્રમાવીને જ ભોગવે છે તથા મિથ્યાત્વમોહનીય કર્મને મિશ્રમોહનીયમાં સંક્રમાવીને અને તે મિશ્રમોહનીયકર્મને સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવીને આ જીવ પરના ઉદયરૂપે ભોગવે છે.

તથા અનંતાનુબંધી ચાર કષાયનું જે કર્મદલિક છે તે દલિકને ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વેળાએ બંધાતી એવી ચારિત્રમોહનીયકર્મની પ્રકૃતિઓમાં ગુણસંક્રમવડે સંક્રમાવીને છેલ્લું ઉદયાવલિકાગત કર્મદલિક ઉદયવતી સંજવલનકષાયની કર્મપ્રકૃતિઓમાં સ્તિબુક્સંક્રમ વડે સંક્રમાવીને તે પરપ્રકૃતિરૂપે ભોગવાય છે તથા સ્થાવર-સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ, આતપ-ઉદ્યોતનામકર્મ, એકેન્દ્રિય-બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિનામકર્મ, નરકદ્વિક, અને તિર્યંચદ્વિક સ્વરૂપ નામકર્મની તેર (૧૩) કર્મપ્રકૃતિઓ બંધાતી એવી યશનામકર્મમાં ગુણસંક્રમવડે સંક્રમાવીને તે તેરે પ્રકૃતિઓનું ઉદયાવલિકાગત જે કર્મદલિક છે તે દલિકને નામકર્મની તે કાલે ઉદયમાં આવેલી બીજી મનુષ્ય યોગ્ય-૩૦ કર્મપ્રકૃતિઓમાં સ્તિબુક્સંક્રમથી સંક્રમાવીને તેના નામે આ જીવ ઉદયથી ભોગવે છે.

તથા થિણદ્ધિત્રિક પણ અનુદયવતી હોવાથી પ્રથમની દર્શનાવરણીય કર્મની ચાર કર્મપ્રકૃતિમાં ગુણસંક્રમથી સંક્રમાવીને પ્રારંભમાં ભોગવે છે. અને ત્યારબાદ જ્યારે એક આવાલિકા જેટલું જ દલિક બાકી રહે છે ત્યારે સ્તિબુક્સંક્રમવડે સંક્રમાવે છે તથા આ જ પ્રમાણે આઠ કષાયો, હાસ્યાદિ ષટ્ક, પુરુષવેદ, અને સંજવલન ક્રોધાદિ ત્રિક આ કર્મપ્રકૃતિઓને આ જીવ પછી પછીની ઉત્તરપ્રકૃતિઓમાં સંક્રમાવે છે અને પરસ્વરૂપે જ ઉદયથી ભોગવીને સમાપ્ત કરે છે. તેથી આ સર્વે પણ કર્મપ્રકૃતિઓ અનુદયવતી કહેવાય છે.

**वक्ष्यमाणगभीरार्थनीरराशिप्रवेशकृत् ।**
**कर्माष्टकस्वरूपस्य, नौरिवेयं प्ररूपणा ॥१॥**

હવે કહેવાતા ગંભીર અર્થવાળા (કમ્મપયડિ નામના) આ મહાગ્રંથરૂપી સમુદ્રમાં પ્રવેશ કરાવનારી આઠ કર્મના સ્વરૂપની આ પ્રરૂપણા નૌકાની જેમ ઉપકારી થાય છે. આમ પણ જાણવું ॥૧॥

તે આ પ્રમાણે આઠે કર્મનું સ્વરૂપ ઘણા જ વિસ્તારથી કહ્યું. તે આઠે કર્મોના બંધ-સંક્રમ આદિ કાર્યોમાં કરણરૂપે વપરાતું જે વીર્ય છે તેને બંધન-સંક્રમણ આદિ કરણ કહેવામાં આવે છે તેવા પ્રકારના વીર્યવિશેષસ્વરૂપવાળા કરણોનું જે અષ્ટક તે કરણાષ્ટક જેમકે બંધનકરણ-સંક્રમણકરણ આદિ આઠ કરણો અહીં કહેવાશે (સમજાવાશે) તથા પોતપોતાની

સ્થિતિપ્રમાણે બંધાયેલાં કર્મપુદ્ગલોનો અબાધાકાલ સમાપ્ત થવાથી ઉદયથી ભોગવટો કરવો, તેને ઉદય કહેવાય છે. અથવા સંક્રમ-અપવર્તના આદિ કરણ વિશેષ પ્રવર્તવાથી પરમાં સંક્રમિત આદિ થયેલા એવાં ઉદયમાં આવેલાં કર્મપુદગલોને ઉદયથી ભોગવવાં તેને પણ ઉદય કહેવાય છે.

તથા બંધ કરવા દ્વારા બાંધવા વડે અથવા સંક્રમકરણ વડે સંક્રમ કરવા દ્વારા પ્રાપ્ત થયું છે કર્મપણાનું સ્વરૂપ જેને તેવાં કર્મપુદ્ગલોનો નિર્જરા કરવા દ્વારા અથવા અન્યકર્મ પ્રકૃતિમાં સંક્રમ કરવા દ્વારા પોતાના સ્વરૂપનો કરાતો જે નાશ, તેવા નાશનો અભાવ એટલે કે કર્મોનો નાશ ન કરવો પણ કર્મોને પોતાની પાસે તે તે કર્મરૂપે સંઘરી રાખવાં તેને સત્તા કહેવાય છે.

આ ગ્રંથમાં આઠ કરણ- ઉદય અને સત્તા એમ કુલ (૧૦) દ્વારો કહેવાશે માટે તે અભિધેય સમજવું.

તે દસે દ્વારોનું સવિસ્તરપણે જ્ઞાન પ્રાપ્ત કરવું તે શ્રોતાનું (વિદ્યાર્થીનું) અનન્તર પ્રયોજન જાણવું. અને પરનો અનુગ્રહ (ઉપકાર) કરવો. તે ગ્રન્થકર્તાનું અનન્તરપ્રયોજન જાણવું. પરંપરા પ્રયોજન તો આ બન્નેનું (વક્તા-શ્રોતાનું) પણ કર્મોનો ક્ષય કરીને મુક્તિ પ્રાપ્ત કરવી તે જાણવું. આમ અભિધેય અને પ્રયોજન સમજાવ્યું.

સંબંધ હેતુ-હેતુમદ્ભાવ સ્વરૂપ (કાર્ય-કારણસ્વરૂપ) જાણવો. આ પ્રકરણ (આ ગ્રન્થ કરણાદિ દસે દ્વારો જાણવાનો હેતુ છે. અને તે દસે દ્વારોનું જ્ઞાન મેળવવું તે હેતુમદ્ (અર્થાત્ કાર્ય) છે. આ પ્રમાણે સંબંધ જાણવો સંબંધ જણાવીને હવે અધિકારી જણાવે છે.

અહીં તત્ત્વ જાણવાની રૂચિવાળા જીવો અથવા મુક્તિ ગમનની પરમઈચ્છાવાળા જીવો આ ગ્રંથ ભણવાના અધિકારી જાણવા (કારણ કે આ ગ્રંથમાં કંઈ રાજા. રાણીની વાર્તા આવવાની નથી. પણ કર્મો કેમ ખપાવવાં ? તે વાત આવવાની છે તે માટે કર્મ ખપાવવાની મનોવૃત્તિવાળા જીવો જ આ ગ્રંથ ભણવાના અધિકારી છે. આમ સમજવું. આ પ્રમાણે ઘણા જ વિસ્તાર સાથે પ્રથમ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧॥

**અવતરણ :-** ત્યાં જેમ ઉદ્દેશ કર્યો હોય તેમ નિર્દેશ કરવો જોઈએ આવો ન્યાય હોવાથી આઠ કરણનું સ્વરૂપ પ્રતિપાદન કરવાની ઇચ્છા વાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે-

**बंधण १ संकमणु २ व्वट्टणा य ३, अववट्टणा ४ उदीरणया ५ ।**
**उवसामणा ६, णिहत्ती ७, णिकायणा ८ चत्ति करणाइं ॥ २ ॥**

**ગાથાર્થ-** બંધન ૧, સંક્રમણ ૨, ઉદ્વર્તના ૩, અપવર્તના ૪, ઉદીરણા ૫, ઉપશમના ૬, નિધત્તિ ૭, અને નિકાચના ૮, આમ કુલ આઠ (૮) કરણો છે. ॥૨॥

**વિવેચન-** જે વીર્યવિશેષ વડે આઠ પ્રકારનું કર્મ પોતાના આત્મપ્રદેશોની સાથે અન્યોન્યાનુગત રૂપે (એકાકારપણે) કરાય (બંધાય) તે વીર્યવિશેષનું નામ બંધનકરણ ।૧।

તથા અન્ય કર્મરૂપે રહેલા પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશોને જે વીર્યવિશેષ વડે તેનાથી અન્ય-કર્મરૂપે કરાય (અન્યકર્મરૂપે બનાવીને વ્યવસ્થિત કરાય) તે વીર્યસંક્રમણકરણ કહેવાય છે. ।૨।

ઉદ્વર્તના અને અપવર્તના નામનું ત્રીજું અને ચોથું જે કરણ છે. તે સંક્રમણના જ વિવક્ષિત ભેદ છે. આ ઉદ્વર્તના અને અપવર્તના બન્ને કરણો માત્ર સ્થિતિ અને રસને આશ્રયી જ થાય છે ત્યાં उद्वर्त्यते = જે કર્મના સ્થિતિ અને રસ ન્યૂન હોય તેને વધારાય જે વીર્યવિશેષવડે તે વીર્યવિશેષનું નામ ઉદ્વર્તનાકરણ. ।૩।

તેવી જ રીતે જે કર્મના સ્થિતિ અને રસ વધારે બાંધેલા હોય તેને હ્રસ્વ કરાય (અર્થાત્ ઘટાડાય) જે વીર્યવિશેષ વડે તે વીર્યવિશેષનું નામ અપવર્તનાકરણ. ।૪।

તથા જે કર્મદલિકો બાંધેલાં છે સત્તામાં છે હજુ ઉદયમાં આવ્યાં નથી. તેનો ઉદયકાલ પાક્યો નથી. તેવાં કર્મપુદ્ગલોને એટલે કે અનુદયપ્રાપ્ત એવાં કર્મપુદ્ગલોને ઉદયમાં લાવવા માટે ઉદયાવલિકામાં પ્રવેશ કરાવાય જે વીર્યવિશેષ વડે તે વીર્યવિશેષનું નામ ઉદીરણાકરણ.।૫।

તથા उपशम्यते = કર્મને એવું દબાવી દેવામાં આવે કે જે વીર્યદ્વારા ઉદય-ઉદીરણા-નિધત્તિ અને નિકાચના આવા પ્રકારનાં કરણો જેમાં લાગે નહીં તેમ આવા પ્રકારનાં કરણોના અયોગ્યપણે કર્મોને સ્થાપિત કરાય (બનાવાય) જે વીર્યવડે તે વીર્યનું નામ ઉપશમના કરણ ।૬।

निधीयते = બંધાયેલા જે કર્મો છે તેને ઉદ્વર્તના અને અપવર્તના આ બે કરણો વિના બીજાં કોઈ અન્ય કરણો ન લાગે તેવાં બનાવાય તે નિધત્તિકરણ ।૭। અહીં પૃષોદરાદિસૂત્રથી નિધત્તિ શબ્દ બન્યો છે.

**कच बन्धने** = **कच्** એવો એક ધાતુ છે नितरां कच्यते = તેવા પ્રકારના અધ્યવસાય વાળા જીવને કર્મ સ્વયં પોતે બંધમાં આવે છે અને આવતા (બંધાતા) એવા તે કર્મને જીવ તેવા પ્રકારનું અનુકૂલ પ્રવર્તન કરવા દ્વારા પ્રેરણા કરે છે એટલે કે જીવમાં કર્મને આવવા દે છે. આમ પ્રેરક અર્થ કરીને "प्रयोक्तृव्यापारे णिग्" આ સૂત્રથી પ્રેરણા અર્થમાં णिग् આવો પ્રેરકનો પ્રત્યય થયો છે તેથી પ્રેરક કર્યા પછી निकाच्यते = નિકાચિત કરાય અર્થાત્ બાંધ્યા પછી કોઈ પણ કરણ ન લાગે તેવું સકલ કરણને અયોગ્યપણે અવશ્ય ભોગવવા લાયકપણે સ્થાપિત કરાય કર્મ જીવ દ્વારા જે વીર્યવડે તે વીર્યનું નામ નિકાચના કરણ. (આ વ્યુત્પત્તિમાં **कच्** ધાતુથી પ્રેરણા અર્થમાં પ્રેરકનો णिग् પ્રત્યય લગાડીને આ શબ્દ તૈયાર કરવામાં આવ્યો છે.

અથવા "कच बन्धने" कच् ધાતુ બંધન અર્થમાં ચૌરાદિક ગણનો (દશમા ગણનો) પણ છે તેથી ચૌરાદિક હોવાથી णिच् પ્રત્યય લાગવાનો જ છે. તેનાથી कच નું काच् આમ

વૃદ્ધિ થવાની જ છે માટે પ્રેરકનો णिग् લગાડવાની જરૂર નથી તે ચૌરાદિક कच् ધાતુનું આ રૂપ બનાવવું. ।૮।

મૂલગાથામાં લખેલો च् શબ્દ સમુચ્ચય અર્થમાં જાણવો. અને इति જે શબ્દ મૂલગાથામાં છે તે સમાપ્તિ અર્થમાં જાણવો અર્થાત્ આ પ્રમાણે આ આઠ જ કરણો છે. અધિક કરણો નથી. કારણ કે બંધ -સંક્રમ વિગેરે કાર્યો અષ્ટવિધ હોવાથી તેના અસાધારણ કારણભૂત વીર્ય પણ અષ્ટવિધ જ છે. માટે કરણના ભેદ પણ આઠ જ છે. અધિક નથી. ॥૨॥

**અવતરણ** :- આ આઠે કરણો જીવના વીર્યવિશેષ સ્વરૂપ છે તેથી હવે પ્રથમથી વીર્યને જ સમજાવે છે-

**विरियंतरायदेसखएण, सव्वखएण वा लद्धी ।**
**अभिसंधिजमियरं वा, तत्तो विरियं सलेसस्स ॥ ३ ॥**

**ગાથાર્થ**- વીર્યાન્તરાય કર્મના દેશક્ષયથી અથવા સર્વક્ષયથી જે લબ્ધિ (શક્તિ) પ્રગટ થાય છે તે સલેશી જીવનું અભિસંધિજ અને અનભિસંધિજ એમ બે પ્રકારનું વીર્ય હોય છે. ॥૩॥

**વિવેચન**- વીર્યાન્તરાય નામના અંતરાયકર્મના દેશક્ષયથી (ક્ષયોપશમ ભાવથી) અથવા સર્વક્ષયથી (ક્ષાયિકભાવથી) જે લબ્ધિ એટલે વીર્યલબ્ધિ આ જીવમાં પ્રગટ થાય છે તેને લબ્ધિવીર્ય કહેવાય છે. ત્યાં દેશક્ષય એટલે કે અંતરાય કર્મના ક્ષયોપશમભાવથી છદ્મસ્થ જીવોને (એકથી બાર ગુણસ્થાનક સુધીના જીવોને) વીર્ય પ્રગટ થાય છે. અને અંતરાયકર્મનો સર્વથા ક્ષય થવાથી જે વીર્યલબ્ધિ પ્રગટ થાય છે. તે કેવલિ પરમાત્માને જ પ્રગટ થાય છે કારણ કે વીર્યાન્તરાય કર્મનો સર્વથા ક્ષય એટલે કે ક્ષાયિકભાવ કેવલી ભગવન્તોને જ હોય છે.

આ પ્રમાણે ક્ષાયિક અથવા ક્ષાયોપશમિક ભાવવાળી તે આ વીર્યલબ્ધિ થકી પ્રગટ થતું સલેશી (લેશ્યા વાળા) જીવનું જે અભિસંધિજ = બુદ્ધિપૂર્વક દોડવાની અને વળગવાની વિગેરે ક્રિયાઓમાં વપરાતું એવું જે વીર્ય તે અભિસંધિજ વીર્ય. અને તેનાથી ઈતર = એટલે કે બુદ્ધિના ઉપયોગ વિના સ્વાભાવિકપણે જ વપરાતું જે વીર્ય તે અનભિસંધિજ વીર્ય. જેમ કે ખાધેલા આહારને ધાતુ રૂપે (રૂધિરાદિ રૂપે) અને મલ રૂપે ઇત્યાદિ ભાવે પરિણામ પમાડનારૂં જે વીર્ય તથા એકેન્દ્રિયાદિ જીવોને પણ પોતપોતાની તેવી તેવી આહાર ગ્રહણ કરવાની ક્રિયા તથા તેને પચાવવાની ક્રિયા વિગેરે સ્વરૂપવાળી ક્રિયાઓમાં વપરાતું એવું જે વીર્ય તે વીર્યને અહીં કરણવીર્ય કહેવાય છે અહીં આ જે કરણ શબ્દનો અર્થ સમજાવ્યો છે. તેમાં કેટલોક અર્થ સોપસ્કાર જાણવો. સોપસ્કાર એટલે અધ્યાહાર સહિત જેના માટેના મૂલશબ્દો ગાથામાં નથી. પરંતુ આજુ-બાજુના સંકેતથી જે અર્થ જણાય છે તે સંકેત કહેવાય છે એટલે સાંકેતિક અર્થ અથવા સોપસ્કાર અર્થ જાણવો. (ખુટતા શબ્દો ઉમેરીને અર્થ કરવો).

અહીં વીર્ય બે પ્રકારનું હોય છે એક છાદ્મસ્થિક (એકથી બાર ગુણસ્થાનકવાળા)જીવોનું જે વીર્ય હોય તે ક્ષાયોપશમિકભાવનું વીર્ય અને બીજું કૈવલિકવીર્ય કેવલજ્ઞાની ભગવંતોને જે વીર્ય હોય તે ક્ષાયિકવીર્ય.

આ બન્ને પ્રકારનું વીર્ય સકષાયી તથા અકષાયી અને સલેશી હોય છે ત્યાં છાદ્મસ્થિક સકષાયી વીર્ય એકથી દસ ગુણ સ્થાનકોમાં વર્તનારા જીવોને હોય છે અને છાદ્મસ્થિક અકષાયી સલેશી વીર્ય ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનકવાળા જીવોને હોય છે તથા કૈવલિક સલેશીવીર્ય તેરમા સયોગિકેવલી ગુણસ્થાનકવાળા જીવોને ક્ષાયિકભાવનું હોય છે. તથા કૈવલિક અલેશીવીર્ય ચૌદમાગુણસ્થાનકવાળા જીવોને હોય છે.

છાદ્મસ્થિકવીર્ય મિથ્યાત્વથી સૂક્ષ્મસંપરાય સુધીના ગુણસ્થાનકવર્તી જીવોને સકષાયી વીર્ય હોય છે અને અગિયારમા બારમા ગુણસ્થાનકવર્તી જીવોને અકષાયી વીર્ય હોય છે. આમ છાદ્મસ્થિકવીર્ય સકષાયી અને અકષાયી એમ બન્ને પ્રકારનું હોય છે કૈવલિકવીર્ય તેરમા ગુણઠાણાવાળાને સલેશી વીર્ય તથા અયોગી કેવલીભગવંતોને, અને સિદ્ધભગવંતોને અલેશીકૈવલિકવીર્ય હોય છે આમ કૈવલિકવીર્ય પણ બે પ્રકારનું હોય છે. સલેશી અને અલેશી.

પરંતુ અહીં બંધનકરણમાં તો જે સલેશીવીર્ય છે (એકથી તેર ગુણસ્થાનકવર્તી જીવોનું જે વીર્ય છે) તે જ લેવામાં આવશે. કારણ કે સલેશી હોવાથી તે જ વીર્ય કર્મબંધાદિનું કારણ બને છે. આવું સયોગી અને સલેશી જીવોનું જે વીર્ય છે. તે સૂક્ષ્મક્રિયાત્મક હોય કે બાદર સ્પન્દનાત્મક ક્રિયાસ્વરૂપ હોય એમ બન્ને પ્રકારના આ વીર્યને સલેશીવીર્ય અથવા યોગસંજ્ઞાવાળું વીર્ય કહેવાય છે અને આ યોગસંજ્ઞાવાળું વીર્ય જ કર્મબંધનું કારણ બને છે

આ યોગસંજ્ઞાવાળા વીર્યનાં આવાં બીજાં નામો પણ શાસ્ત્રમાં જોવા મળે છે (૧) યોગ (૨) વીર્ય (૩) સ્થામ.(૪) ઉત્સાહ, (૫) પરાક્રમ (૬) ચેષ્ટા, (૭) શક્તિ અને (૮) સામર્થ્ય આમ આ બધા શબ્દો યોગના જ પર્યાયવાચી છે આમ જમજવું. ॥ ૩ ॥


***અવતરણ - આ જ વીર્યનાં કાર્યભેદને લીધે ભિન્ન ભિન્ન ત્રણ નામો થયેલાં છે તે વાત, તથા એક જ જીવના અસંખ્યાત આત્મપ્રદેશોમાં કરણવીર્ય તરતમતાએ હોય છે તેમાં કારણ શું છે ? આ બન્ને વાત સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે-***

**परिणामालंबणगहणसाहणं तेण लद्धणामतिगं ।**
**कज्जब्भासण्णोण्णप्पवेसविसमीकयपवेसं ॥ ४ ॥**

ગાથાર્થ- આત્મામાં પ્રગટ થયેલું આ વીર્ય પરિણમન, આલંબન અને ગ્રહણ આમ ત્રણ કાર્યનું કારણ છે. તે કારણે તે વીર્યવડે ત્રણ નામ પ્રામ કરાયાં છે. તથા કાર્યની નિકટતા અને આત્મપ્રદેશોનો અન્યોન્ય પરસ્પર પ્રવેશ હોવાથી વિષમ રૂપે (હીનાધિક પણે) કરાયો છે પ્રવેશ જેનો એવું આ વીર્ય હોય છે. ॥ ૪ ॥

**વિવેચન-** આ આત્મામાં સત્તાગત તો અનંત વીર્ય છે જ, પરંતુ જ્ઞાનાદિ ગુણની જેમ વીર્ય પણ વીર્યાન્તરાયકર્મથી અવરાયેલું છે માટે તે કર્મના ક્ષયોપશમથી આ વીર્ય પ્રગટ થાય છે અને પ્રગટ થયેલું તે વીર્ય પરિણામ - આલંબન અને ગ્રહણનું સાધન બને છે આ કારણે અન્વર્થક (સાર્થક) એવાં ત્રણ નામો તે વીર્યવડે પ્રાપ્ત કરાયાં છે.

૧. વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી છદ્મસ્થ જીવોને, અને સર્વથા ક્ષયથી કેવલિ ભગવંતોને જે આત્મ શક્તિ પ્રગટ થાય છે તે લબ્ધિવીર્ય કહેવાય છે. અને તે પ્રગટ થયેલા લબ્ધિવીર્યના વપરાશને (એટલેકે વીર્યના વ્યવહારને) અર્થાત્ કાર્યમાં પ્રવર્તાવેલ વીર્યને કરણવીર્ય અથવા યોગ કહેવામાં આવે છે. વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમભાવથી કે ક્ષાયિકભાવથી જે વીર્ય પ્રગટ થાય છે. તે સર્વ આત્મપ્રદેશોમાં સરખું હોય છે અર્થાત્ લબ્ધિવીર્ય સર્વ આત્મપ્રદેશોમાં સમાન હોય છે પરંતુ કરણવીર્ય સર્વ આત્મપ્રદેશોમાં સમાન હોતું નથી. જે આત્મપ્રદેશોને કાર્ય નિકટ હોય તે આત્મપ્રદેશોમાં વપરાતું વીર્ય વધારે હોય છે અને કાર્ય જેમ જેમ દૂર હોય છે તેમ તેમ તે તે આત્મપ્રદેશોમાં વપરાતું કરણવીર્ય અલ્પ-અલ્પ હોય છે તેથી વીર્યની વર્ગણાઓ અને સ્પર્ધક બને છે. આને જ યોગસ્થાનક કહેવાય છે. અને આ કરણવીર્ય જ (મન-વચન અને કાયાના આલંબને વપરાતું વીર્ય જ) કર્મબંધનું કારણ બને છે પણ લબ્ધિવીર્ય કર્મબંધનું કારણ બનતું નથી. લબ્ધિવીર્ય તો આત્માનો ગુણ છે.



વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થયેલા એવા વીર્ય વડે અન્વર્થક (સાર્થક) એવાં ત્રણ નામો પ્રાપ્ત કરાયાં છે તે આ પ્રમાણે-

યોગ છે સંજ્ઞા જેની એવા વીર્યવિશેષથી આ જીવ ઔદારિકાદિ શરીરને યોગ્ય એવાં પુદ્‌ગલોને પ્રથમ તો ગ્રહણ કરે છે ગ્રહણ કરીને ઔદારિકાદિ શરીર રૂપે પરિણમાવે છે તથા શ્વાસોશ્વાસને યોગ્ય, ભાષાને યોગ્ય, અને મનને યોગ્ય એવાં પુદ્‌ગલોને પ્રથમ તો ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને શ્વાસોશ્વાસાદિ રૂપે (શ્વાસોશ્વાસ રૂપે, ભાષા રૂપે અને મન સ્વરૂપે) પરિણમાવે છે. ત્યારબાદ મંદશક્તિવાળો પુરૂષ જેમ ગામમાં પરિભ્રમણ કરવા માટે લાકડીનું આલંબન લે છે. તેમ તે જીવ તે પુદ્‌ગલોને છોડવા માટેના બળવિશેષની સિદ્ધિ માટે તે જ પુદ્‌ગલોનું અવલંબન લે છે તેથી ગ્રહણ - પરિણમન- અને આલંબનના સાધનભૂત એવું તે વીર્ય પણ ગ્રહણ આદિ સંજ્ઞાવાળું કહેવાય છે.

શાસ્ત્રમાં જ કહ્યું છે કે - તે વીર્ય ગ્રહણરૂપ - પરિણમનરૂપ અને આલંબન રૂપ એમ ત્રણ પ્રકારની ક્રિયાના કારણરૂપ છે.

પરિણામ, આલંબન અને ગ્રહણ ક્રિયાના સાધનભૂત એવું વીર્ય આમ કહેવાના અંન્વયના આધારે તે વીર્યમાં પરિણામાદિ ત્રણે કાર્યો કરવાની કારણતા રહેલી છે આમ ગ્રંથકારશ્રીનો જણાવવાનો આશય છે તેથી મન-વચન અને કાયાના આલંબનથી ઉત્પન્ન થતા વીર્ય વડે એટલે કે યોગસંજ્ઞા છે નામ જેનું એવા વીર્ય વડે ત્રણ નામો પ્રાપ્ત કરાયાં છે. (૧) ચિંતન મનન કરવામાં અસાધારણ કારણભૂત એવા મન વડે પ્રવર્તતો જે યોગ (મન વડે વપરાતું જે વીર્ય) તે મનયોગ, (૨) વચનો બોલવામાં અસાધારણ કારણભૂત પણે વપરાતું જે વીર્ય તે વચનયોગ, (૩) અને કાયાવડે વપરાતું જે વીર્ય તે કાયયોગ આવો અન્વય કરવા દ્વારા સંજ્ઞાભેદ (બીજાં પણ ત્રણ નામો) પ્રતિપાદન કરેલાં થાય છે. આવું પ્રાચીન આચાર્યોનું કથન છે.

સારાંશ કે પરિણામ આલંબન અને ગ્રહણ આવી ત્રણ ક્રિયાના કારણભૂત વીર્યવડે જેમ ત્રણ નામો પ્રાપ્ત કરાયાં છે. તેવી જ રીતે મન વચન અને કાયાના નિમિત્તે પ્રવર્તતા વીર્ય વડે મનયોગ-વચનયોગ અને કાયયોગ આવાં પણ ત્રણ નામો પ્રાપ્ત કરાયાં છે આ પ્રમાણે પ્રાચીન મહાત્મા પુરુષોનું કહેવું છે.

**પ્રશ્ન :-** કોઈ પણ એક આત્માના અસંખ્ય આત્મપ્રદેશોમાં ક્ષયોપશમભાવ-ઔદાયિકભાવ-ક્ષાયિકભાવ આદિ ભાવોથી પ્રગટ થતી લબ્ધિઓ (શક્તિઓ) તુલ્યપણે જ વર્તે છે. (આત્મદ્રવ્ય એક જ હોવાથી). સર્વ આત્મપ્રદેશોમાં સરખું જ વીર્ય હોવું જોઈએ. છે. તો પછી એક જ આત્માના અસંખ્ય આત્મપ્રદેશોમાં ક્યાંક થોડું વીર્ય પ્રવર્તે અને બીજા કોઈક ભાગમાં વધારે થોડું વીર્ય પ્રવર્તે આમ વિષમપણે વીર્ય પ્રવર્તે છે આમ જે કહો છો તે કેમ બનતું હશે ?

**ઉત્તર** :- આવો પ્રશ્ન થાય તો તેનો ઉત્તર કહે છે કે "કાર્ય જ્યાં નજીક હોય ત્યાં વીર્ય વધારે વપરાય છે. અને કાર્ય જ્યાં દૂર હોય ત્યાં વીર્ય ઓછું વપરાય છે જેના માટે ચેષ્ટા કરાય તેને કાર્ય કહેવાય છે તે કાર્યની નિકટતા હોય ત્યાં વીર્ય વધારે વપરાય છે. જેમ પાણી ભરેલો ઘટ લઈને ચાલીએ ત્યારે હથેળીમાં વીર્ય વધારે વપરાય, કાંડામાં તેનાથી ઓછું, ખભામાં તેનાથી પણ ઓછું, અને છાતી આદિ શરીરના અન્યભાગોમાં ઓછું ઓછું વીર્ય વપરાય છે આમ કાર્યની નિકટતા આ વીર્યની વિષમતાનું પ્રથમ એક કારણ છે.

તથા આત્મપ્રદેશોનો અરસપરસ (પરસ્પર) પ્રવેશ આ બીજું કારણ છે સાંકળના અંકોડાની જેમ આત્મપ્રદેશોનો પરસ્પર સંબંધવિશેષ આ વીર્યની હીનાધિકતામાં બીજુ કારણ છે આમ આ બન્ને કારણો વડે કરીને વિષમ રૂપે કરાયા છે એટલે કે ક્યાંક ઘણું (પ્રભૂત) વીર્ય, ક્યાંક અલ્પવીર્ય, ક્યાંક અલ્પતર વીર્ય, આમ હીનાધિક પણે પ્રવર્તતા વીર્યના ભાજન પણે (આધાર પણે) અસ્તવ્યસ્ત કરાયા છે આત્મપ્રદેશ જે વીર્યવડે તે વીર્યને જ કરણ વીર્ય અથવા "યોગ" કહેવાય છે.

સારાંશ કે વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમભાવથી સર્વ આત્મપ્રદેશોમાં એકસરખું જ વીર્ય પ્રગટ થાય છે ક્ષયોપશમભાવ સર્વપ્રદેશોમાં સમાન જ પ્રવર્તે છે. તેથી વીર્ય પણ સમાન જ પ્રગટ થાય છે. આ વીર્યને લબ્ધિવીર્ય કહેવાય છે. પરંતુ મન-વચન-કાયા દ્વારા વપરાતું જે વીર્ય તે કરણવીર્ય કહેવાય છે. આ વીર્ય સર્વ આત્મપ્રદેશોમાં સમાન હોતું નથી. જ્યાં કાર્ય નજીક થતું હોય ત્યાં વીર્ય વધારે વપરાય છે અને જ્યાં કાર્ય દૂર-દૂરતર થતું હોય ત્યાં વીર્ય હીન-હીનતરપણે વપરાય છે. જેમ ચાલવાની ક્રિયા કરીએ તો પગમાં વધારે વીર્ય વપરાય છે અને શેષ ભાગોમાં હીન-હીનતર વીર્ય વપરાય છે.

આ જ પ્રમાણે જ્યારે ઘટ ઉપાડવામાં આવે છે ત્યારે જે આત્મપ્રદેશો હસ્તાદિગત છે. તે આત્મપ્રદેશોમાં ઉપાડાતા ઘટાદિ કાર્યની નિકટતા છે તેથી ત્યાં ઉપાડવા માટેની ચેષ્ટા પ્રભૂતતર (ઘણી) થાય છે. અને દૂર રહેલા ખભા આદિ ભાગોમાં અલ્પ ચેષ્ટા થાય છે. અને વધારે દૂર રહેલા પગ આદિ ભાગોમાં અતિશય અલ્પ ચેષ્ટા થાય છે આ વાત અનુભવથી પ્રસિદ્ધ છે.

અથવા બીજું એક દૃષ્ટાન્ત આપીને આ વાત સમજાવે છે કે = માટીના ટુકડા આદિનો અભિઘાત થયે છતે અર્થાત્ કોઈ માણસે દૂરથી આપણને પત્થર માર્યો હોય ત્યારે તે પત્થરનો ઘા વાગવાથી સર્વ આત્મપ્રદેશોમાં એકીસાથે વેદનાનો (પીડાનો) ઉદય શરૂ થવા છતાં પણ જે આત્મપ્રદેશોને તે અભિઘાતક એવા લોષ્ટાદિદ્રવ્યની (માટી-પત્થર આદિ દ્રવ્યની) નિકટતા (સમીપતા) હોય છે તે આત્મપ્રદેશોમાં તીવ્રતર વેદના થાય છે બાકીના

આત્મપ્રદેશોમાં મન્દ વેદના તથા મન્દતર વેદના થાય છે તેવી જ રીતે અહીં પણ કાર્યદ્રવ્યની નિકટતા અને અનિકટતાની વિશેષતાથી આત્મપ્રદેશોમાં કાર્યની વિષમતા હોવાથી વીર્યની પણ વિષમતા (હીનાધિકતા) હોય છે આમ સમજવું.

આ વ્યવહાર તો જ ઘટી શકે જો આત્મપ્રદેશોનો પરસ્પર સંબંધવિશેષ હોય તો જ, અન્યથા આ વ્યવહાર ન ઘટી શકે, જેમ સાંકળના જે બધા જ અંકોડા છે. તે પરસ્પર સંબંધવિશેષવાળા હોવાથી એક અંકોડો હલાવે છતે અપર (એટલે કે બીજા) અંકોડા પણ હાલે જ છે ફક્ત નજીકના કેટલાક અંકોડા વધારે હાલે છે અને પછી પછીના અંકોડા સ્તોક-સ્તોક્તર રૂપે હાલે છે. જો સંબંધવિશેષ આત્મપ્રદેશોનો ન હોત તો એક આત્મપ્રદેશ હાલે છતે બીજા આત્મપ્રદેશોનું હલન-ચલન અવશ્ય થાય એવો નિયમ ન હોત. જેમ ગાય અને પુરુષ આ બન્ને પદાર્થો ભિન્ન ભિન્ન છે. એટલે ગાય ચાલે એટલે તેની પાસે ઉભેલો પુરુષ પણ ચાલે જ એવો નિયમ નથી તેમ આત્મપ્રદેશો જો સાંકળના અંકોડાની જેમ પરસ્પર જોડાયેલા ન હોત તો આમ થાત નહીં. પણ આમ થાય છે. માટે આત્મપ્રદેશો પરસ્પર જોડાયેલા છે.

તેથી જ ગ્રંથકારશ્રીએ બહુ સારૂ જ કહ્યું છે કે **(૧) કાર્યની નિકટતા અને (૨) આત્મપ્રદેશોનો પરસ્પર પ્રવેશ.** આ બે કારણો વડે વિષમરૂપે કરાયા છે આત્મ પ્રદેશો જે વીર્યવડે તે વીર્ય આવા પ્રકારનું હીનાધિક હોય છે. આ ઉદાહરણ ઉપરથી સમજાય છે કે કોઈ પણ કાર્ય કરવામાં લબ્ધિવીર્ય સર્વ આત્મપ્રદેશોમાં સરખું હોય છે. પરંતુ કરણવીર્ય સર્વ આત્મપ્રદેશોમાં સરખું હોતું નથી. તેથી કરણવીર્યની હીનાધિકતા હોવાથી તેની અર્થાત્ કરણ વીર્યની વિશેષ વિચારણા આગલી ગાથાઓમાં કરવામાં આવશે. આ કરણવીર્યને જ યોગ કહેવાય છે તથા આ કરણવીર્ય જ એટલે કે યોગ જ કર્મ બંધનું કારણવિશેષ છે.

**પ્રશ્ન :-** જે આત્મપ્રદેશોમાં લોષ્ટાદિનો અભિઘાત થાય, પથ્થરાદિનો ઘા વાગે. તે આત્મપ્રદેશોમાં વેદના વધારે થાય. આ વાત તો બુદ્ધિમાં બેસે છે. કારણ કે तस्य = તે લોષ્ટાદિનો અભિઘાત तद्हेतुत्वात् = તે વેદનાના ઉત્કર્ષનો હેતુ છે. પરંતુ ઘટોત્પાદનાદિ ક્રિયામાં તો આવી કાર્ય કારણતા નથી કારણ કે ત્યાં प्रत्युत = ઉલટું થાય છે. સૌથી પ્રથમ ઘટોત્પાદનની ઇચ્છા થાય છે. તેનાથી ઘટ ઉપાડવાની પ્રવૃત્તિ કરવા સ્વરૂપ વીર્ય ઉત્પન્ન થાય છે અને ત્યારબાદ તે વીર્ય વડે ઘટ ઉપાડવાની ક્રિયા થાય છે. એટલે સૌથી પ્રથમ ઇચ્છા, પછી વીર્યોત્કર્ષ અને પછી ઘટોત્પાદનની ક્રિયા આવો ક્રમ દેખાય છે એટલે ઇચ્છાથી વીર્યોત્કર્ષ થાય છે. અને વીર્યોત્કર્ષથી કાર્યની નિષ્પત્તિ થાય છે પરંતુ કાર્યથી વીર્યનો ઉત્કર્ષ થતો નથી માટે કાર્યની નિકટતા. એ વીર્યોત્કર્ષમાં કારણ હોય આ વાત બેસતી નથી. પરંતુ

વીર્યોત્કર્ષ એ કારણ બને છે. અને ઘટોત્પાદનની ક્રિયાની ઉત્પત્તિ એ કાર્ય બને છે. માટે કાર્યદ્રવ્યની નિકટતાથી વીર્યોત્કર્ષ થાય છે. આ વાત તમે જે સમજાવો છો તે વાત સંગત થતી નથી. માટે અયુક્ત છે.

**ઉત્તર :-** આવો જો કોઈ પ્રશ્ન કરે તો તે પ્રશ્ન બરાબર નથી. કારણ કે જીવ જ્યારે પરભવથી આવીને ઉત્પત્તિ સ્થાન તરફ જાય છે ત્યારે ઔદારિકાદિ શરીર બનાવવા માટે ઔદારિકાદિ વર્ગણા ગ્રહણ કરવાના આશ્રયે જે વીર્ય વપરાય છે. તે વીર્યને જ સમજાવવા માટેનો આ અધિકાર ચાલે છે તે વર્ગણાઓ ગ્રહણ કરવામાં વીર્યના ઉત્કર્ષમાં કાર્યદ્રવ્યની નિકટકતા જ કારણ છે.

જે આકાશ પ્રદેશોમાં આત્મ પ્રદેશો છે. તે જ આકાશ પ્રદેશોમાં જે વર્ગણાઓ છે તે જ વર્ગણાઓ જીવ દ્વારા ગ્રહણાદિનો વિષય બને છે એટલે કે એક સરખા સમાન આકાશ પ્રદેશોમાં રહેલી ઔદારિકાદિ વર્ગણાઓ ગ્રહણ કરવામાં વપરાતું જે વીર્ય તે કરણવીર્ય. તે કરણવીર્યનો જ અહીં અધિકાર છે આવા પ્રકારના કરણવીર્યના ઉત્કર્ષમાં કાર્યદ્રવ્યની નિકટતા એ જ પરમકારણ છે.

એક સરખા સમાન આકાશ પ્રદેશોમાં રહેલી જે ઔદારિકાદિ વર્ગણાઓ છે. તે જ ગ્રહણ-પરિણમન અને આલંબનનો વિષય બને છે જે આકાશ પ્રદેશોમાં તે વર્ગણાઓ આત્મપ્રદેશોને સાક્ષાત્ સન્નિહિત થાય છે. તે આકાશ પ્રદેશોમાં વર્તતી તે વર્ગણાઓને ગ્રહણ કરવામાં વીર્યનો ઉત્કર્ષ હોય છે. અને જે વર્ગણાઓ પરંપરાએ સન્નિહિત હોય છે તે વર્ગણાઓને ગ્રહણ કરવામાં તે વીર્યનો અપકર્ષ હોય છે કાર્મણવર્ગણા ગ્રહણ કરીને કર્મબંધ કરવા સ્વરૂપ અંતરંગ ક્રિયામાં આ પ્રમાણે વીર્યના ઉત્કર્ષ-અપકર્ષનો વ્યવહાર જાણવો.

પરંતુ બાહ્ય પ્રયત્નમાં તો તે તે અવયવો સંબંધી વીર્યનો ઉત્કર્ષ થવામાં તે તે અવયવ સંબંધી ક્રિયાવિશેષ કરવાની માનસિક ઇચ્છાદિ વિશેષ નિયામક કારણ છે ઘટાદિ ઉપાડવાનું કાર્ય કરવાની પ્રબળ ઇચ્છા એ જ ઘટાદિ ઉપાડવાની ક્રિયાનું કારણ સમજવું આન્તારિક ઇચ્છા હોય તો પ્રબળ કાર્ય પણ સહેલું લાગે. અને આન્તરિક ઇચ્છા ન હોય તો નાનું કાર્ય પણ મોટું લાગે. અન્ય અન્ય આત્મપ્રદેશોમાં તે તે વીર્યની જે વિષમતા દેખાય છે. તેમાં તે તે આત્મપ્રદેશોનો નજીક અને દૂર એમ સંબંધની વિષમતા જ કારણ જાણવું.

આમ અર્થ સમજવાથી કોઈ દોષ આવતો નથી તેથી જૈન આગમશાસ્ત્રોમાં જેમ કહ્યું તેમ આગમાનુસારી આ વીર્યના ઉત્કર્ષ અને અપકર્ષની ભાવના ભાવવી. પ્રસંગ વીર્યનો હતો એટલે વીર્યની બાબતમાં આટલી લાંબી ચર્ચા કરી હવે આ વાતથી સર્યું. હવે મૂળ વાત ઉપર આવીએ- ॥૪॥

*અવતરણ- આ પ્રમાણે વીર્યનું સ્વરૂપ પ્રતિપાદન કરીને જ હવે જઘન્ય-અજઘન્ય - ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ આમ ચાર જાતનું વીર્ય સમજાવવા માટે પ્રરૂપણા કરવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી હવે વીર્યના પ્રકરણમાં આવાં આવાં દ્વારો સમજાવે છે-*

**अविभागवग्गफड्डग, अंतरठाणं अणंतरोवणिहा ।**
**जोगे परंपरावुड्डि समयजीवप्पबहुगं च ॥ ५ ॥**

**ગાથાર્થ**- અવિભાગ ૧, વર્ગણા ૨, સ્પર્ધક ૩, અંતર પ્રરૂપણા ૪, સ્થાનપ્રરૂપણા ૫, અનંતરોપનિધા ૬, પરંપરોપનિધા ૭, વૃદ્ધિ ૮, સમય ૯, અને જીવોનું અલ્પબહુત્વ દ્વાર ૧૦, આમ કુલ દસ દ્વારો યોગને વિષે સમજાવવામાં આવશે ॥ ૫ ॥

**વિવેચન** - કમ્મપયડિ નામના આ ગ્રંથમાં સૌથી પ્રથમ યોગના વિષય ઉપર નીચે મુજબ ૧૦ દ્વારો સમજાવવામાં આવશે.

વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી અથવા ક્ષયથી પ્રગટ થયેલું જે વીર્ય છે. તે **લબ્ધિવીર્ય** અને આ લબ્ધિવીર્યનો મન-વચન અને કાયા દ્વારા જે વપરાશ થાય તે **કરણવીર્ય** કહેવાય છે. તે કરણવીર્યને જ યોગ કહેવાય છે. કારણ કે યોગ એટલે યુંજનકરણ કરવું. વીર્ય વાપરવું તેને જ યોગ કહેવાય છે. મન દ્વારા જે વીર્ય વપરાય તે મનયોગ આ જ પ્રમાણે વચનયોગ અને કાયયોગ સમજવો. આ ત્રણ પ્રકારનો યોગ એ જ કર્મબંધનું કારણ બને છે. માટે આ ગાથામાં આ યોગવિષયક વીર્યને સમજાવવા ૧૦ દ્વારો કલ્પવામાં આવે છે.

(૧) અવિભાગપ્રરૂપણા, (૨) વર્ગણા પ્રરૂપણા, (૩) સ્પર્ધક પ્રરૂપણા, (૪) અન્તરપ્રરૂપણા, (૫) સ્થાન પ્રરૂપણા, (૬) અનન્તરોપનિધા પ્રરૂપણા, (૭) પરંપરોપનિધા પ્રરૂપણા, (૮) વૃદ્ધિ પ્રરૂપણા, (૯) સમય પ્રરૂપણા, અને ત્યારબાદ (૧૦) જીવોની અલ્પબહુત્વપ્રરૂપણા. આમ કુલ ૧૦ દ્વારો યોગને વિષે સમજાવવામાં આવશે. આ દસે દ્વારોના અર્થો પણ તે તે દ્વાર સમજાવવાના પ્રસંગે જ સમજાવવામાં આવશે.

આ સર્વે દ્વારો આત્માના વપરાતા વીર્ય ઉપર (કરણવીર્ય ઉપર) સમજાવવામાં આવે છે. વપરાતુ વીર્ય કે જેનું બીજું નામ યોગ છે. તે યોગ જ કર્મબંધનું કારણ છે આ વીર્યનો વપરાશ મન-વચન-કાયા દ્વારા થાય છે. એટલે તે યોગનાં તેવાં તેવાં નામો તથા તેવા તેવા ભેદો પડે છે મનયોગ. વચનયોગ અને કાયયોગ. આ ત્રણેના અનુક્રમે ( ૪+૪+૭) = ૧૫ ભેદ થાય છે. ॥ ૫ ॥

*અવતરણ :- હવે સૌથી પ્રથમ આદિમાં અવિભાગપ્રરૂપણા કહે છે-*

**पन्नाछेयणछिन्ना, लोगासंखिज्ज प्पएससमा ।**
**अविभागा एक्केक्के, हुंति पएसे जहण्णेणं ॥ ६ ॥**

ગાથાર્થ - કેવલજ્ઞાન સ્વરૂપ પ્રજ્ઞારૂપી છેદનક (શસ્ત્ર) વડે છેદ્યા છતા અસંખ્યાત લોકાકાશના આકાશ પ્રદેશ પ્રમાણ વીર્યાવિભાગો એક એક આત્મપ્રદેશમાં જઘન્યથી પણ હોય છે. ॥ ૬ ॥

**વિવેચન** - અહીં જીવમાં પ્રવર્તતું (વપરાતું) જે વીર્ય છે. તેના એટલે કે કરણવીર્યના એવા નાના નાના ટુકડા કરીએ કે જેના કેવલી પરમાત્માના કેવલજ્ઞાન વડે પણ બે ટુકડા ન થાય એવા જે અન્તિમ અંશ રૂપ ટુકડા, તેને **વીર્યાવિભાગ** કહેવાય છે. આવા કેવલી પરમાત્માના જ્ઞાનવડે પણ અવિભાજ્ય એવું છેદાતું છેદાતું જેના બે અંશ હવે ન જ થઈ શકે તેવું અવિભાજ્ય વીર્ય તે વીર્યાવિભાગ જાણવા.

આત્માના એક એક આત્મપ્રદેશમાં આવા કેવલિ પરમાત્માની બુદ્ધિ રૂપી શસ્ત્રવડે પણ ન છેદાય એવા વીર્યાવિભાગો વિચારીએ તો જઘન્યથી (સૂક્ષ્મનિગોદીયા જીવના આત્મપ્રદેશમાં પ્રવર્તતું એવું જે કરણવીર્ય છે. તેના પણ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વીર્યાવિભાગ થાય તેવું વીર્ય હોય છે અને ઉત્કૃષ્ટથી પણ આટલી જ સંખ્યાવાળું વીર્ય હોય છે. એટલે કે અસંખ્યાતલોકાકાશપ્રદેશ પ્રમાણ વીર્યાવિભાગવાળું વીર્ય હોય છે પરંતુ જઘન્યની સંખ્યા કરતાં ઉત્કૃષ્ટની સંખ્યા ઘણી મોટી સમજવી. એટલે કે જઘન્યપદ ભાવિ જે વીર્યાવિભાગો છે. તેનાથી ઉત્કૃષ્ટ ભાવિ વીર્યાવિભાગો અસંખ્યાતગુણ અધિક જાણવા. અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે. તે માટે આ ઘટી શકે છે.

આટલું આટલું કરણવીર્ય એક એક આત્મપ્રદેશમાં વપરાતું હોય છે જે કર્મબંધનું કારણ બને છે.

"**लोकासङ्ख्येयप्रदेशसमा**" આ શબ્દમાં સમાસનો વિગ્રહ આ પ્રમાણે છુટો પાડવો. "**लोकानां यद् असंङ्ख्येयकं तत् लोकासङ्ख्येयकम्**"- લોકાકાશનું જે અસંખ્યાતપણું (અસંખ્યાતની સંખ્યા) તે લોકાસંખ્યેયક કહેવાય. "**तस्य यावन्तः प्रदेशाः तावत्प्रदेशसमाः**" તેના જેટલા આકાશ પ્રદેશો થાય. તેટલા પ્રદેશો પ્રમાણ એવા વીર્યવિભાગો ॥ આવો અર્થ કરવો. (અક્ષરોની વ્યાખ્યા અર્થાત્ વાક્યરચનાનો અર્થ આ પ્રમાણે જાણવો).

સારાંશ કે ચૌદ રાજ પ્રમાણ જે એક લોકાકાશ છે. તેવા અસંખ્યાત લોકાકાશ બુદ્ધિથી કલ્પીએ. અને તેના જેટલા આકાશ પ્રદેશો થાય. તેટલા વીર્યાવિભાગો સૂક્ષ્મનિગોદીયા જીવમાં અલ્પમાં અલ્પ વીર્યવાળા જીવના એક એક આત્મપ્રદેશમાં આટલું આટલું કરણવીર્ય હોય છે. શાસ્ત્રાન્તરમાં કહ્યું છે કે -

**पन्नाए अविभागं, जहन्नविरियस्स वीरियं छिन्नं ।**

**एक्केक्कस्स पएसस्सऽसंखलोगप्पएससमं ॥ ५ ॥**

ગાથાર્થ - કેવલિ પરમાત્માની પ્રજ્ઞાવડે છેદાતાં છેદાતાં વિભાગ ન થાય એવી રીતે જઘન્યવીર્યના છેદ કરવામાં આવે તો એક એક આત્મપ્રદેશમાં તે વીર્ય અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ થાય છે. ॥ (પંચસંગ્રહ ભાગ બીજો-બંધકરણ ગાથા. ૫) ॥૬॥

*અવતરણ:- અવિભાગ પ્રરૂપણા નામનું પ્રથમદ્વાર કહ્યું. હવે વર્ગણા નામના બીજા દ્વારની પ્રરૂપણા કરાય છે-*

## जेसिं पएसाण समा, अविभागा सव्वओ अ थोवतमा ।
## ते वग्गणा जहन्ना, अविभागहिया परंपरओ ॥ ७ ॥

**ગાથાર્થ-** જે આત્મપ્રદેશોમાં વીર્યાવિભાગ બીજા સર્વ આત્મપ્રદેશો કરતાં થોડા હોય અને માહોમાંહે પરસ્પર સરખી સંખ્યામાં હોય તેવા આત્મપ્રદેશોનો જે સમુદાય તે પહેલી વર્ગણા કહેવાય છે. પછી પછીની વર્ગણાઓ ક્રમસર એક-એક વીર્યાવિભાગથી અધિક અધિક જાણવી. ॥૭ ॥

**વિવેચન-** કોઈ પણ આત્માના આત્મપ્રદેશો અસંખ્યાતા છે. એક લોકાકાશના આકાશપ્રદેશ પ્રમાણ છે. તમામ આત્મપ્રદેશોમાં મન-વચન અને કાયાની સહાયથી વપરાતું જે કરણવીર્ય છે. તે હીનાધિક છે. જ્યાં કાર્યની નિકટતા છે. ત્યાં વીર્ય વધારે વપરાય છે અને જ્યાં કાર્યનું દૂરપણું છે. ત્યાં વીર્ય ઓછું ઓછું વપરાય છે. તેથી જે આત્મપ્રદેશોમાં સૌથી ઓછું વીર્ય વપરાય છે. અને પરસ્પર સમાનવીર્ય વપરાય છે આવા ઓછા વપરાતા વીર્યવાળા અને સમાન વપરાતા વીર્યવાળા આત્મપ્રદેશોનો જે સમુદાય તે **પ્રથમવર્ગણા** કહેવાય છે સમાનનો સમુદાય તે વર્ગ જેમ કહેવાય છે તેમ અહીં સમાન કરણવીર્યવાળા આત્મપ્રદેશોનો જે સમુદાય તે વર્ગણા કહેવાય છે. આ સૌથી પ્રથમવર્ગણા જાણવી.

જે આત્મપ્રદેશોના સમાન (તુલ્યસંખ્યાવાળા) વીર્યાવિભાગો છે. તથા અન્ય સર્વ આત્મપ્રદેશમાં રહેલા વીર્યવિભાગ કરતાં અત્યન્ત થોડા વીર્યાવિભાગ છે જે આત્મપ્રદેશોમાં, તે આત્મપ્રદેશોનો જે સમુદાય તેને પ્રથમવર્ગણા કહેવાય છે તે પ્રથમવર્ગણામાં ઘનીકૃત લોકના અસંખ્યાતમા ભાગમાં વર્તતા જે અસંખ્યાતા પ્રતર, તે પ્રતરોમાં રહેલી અસંખ્યાતી જે સૂચિશ્રેણી, તેના જે આકાશ પ્રદેશો, તે આકાશપ્રદેશની રાશિ પ્રમાણ આ સમાન અને જઘન્યવીર્યવાયા આત્મપ્રદેશો હોય છે તેનો જે સમુદાય તે પ્રથમવર્ગણા કહેવાય છે આ

વર્ગણા સર્વ અન્ય વર્ગણાઓ કરતાં સ્તોક (થોડા) વીર્યાવિભાગથી યુક્ત હોય છે.[1]

ત્યાર પછીની બીજી વર્ગણા તે પ્રથમવર્ગણા કરતાં ફક્ત એક જ વીર્યાવિભાગથી અધિક જાણવી. તે આ પ્રમાણે -જઘન્ય વર્ગણામાં આત્મપ્રદેશો જેટલા વીર્યવિભાગથી યુક્ત છે તેના કરતાં જે આત્મપ્રદેશો એક જ વીર્યાવિભાગથી અધિક છે તે પણ ઘનીકૃત લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા જે અસંખ્યાતા પ્રતર, તેમાં રહેલા આકાશપ્રદેશોની રાશિપ્રમાણ જે આત્મપ્રદેશો, તેનો સમુદાય તે બીજીવર્ગણા જાણવી.

ત્યારબાદ બે વીર્યાવિભાગ વડે અધિક એવા અને ઉપરોક્ત સંખ્યા વાળા જ આત્મપ્રદેશોનો જે સમુદાય તે ત્રીજી વર્ગણા જાણવી. આ પ્રમાણે એક એક વીર્યાવિભાગની વૃદ્ધિ વડે વધતા તેટલા તેટલા (એટલે કે ઘનીકૃત લોકના અસંખ્યાતમા ભાગવર્તી અસંખ્યાત પ્રતરગત આકાશ પ્રદેશરાશિ પ્રમાણ એવા) આત્મપ્રદેશોના સમુદાય રૂપે વર્ગણાઓ ક્રમસર અસંખ્યાતી કહેવી.

***અવતરણ :- તે વર્ગણાઓ કેટલી થતી હશે ? આ વાત જણાવવા માટે હવે સ્પર્ધકની પ્રરૂપણા કરે છે.***

**सेढिअसंखियमित्ता, फड्डगमित्तो अणंतरा णत्थि ।**
**जाव असंखा लोगा, तो बीयाई य पुव्वसमा ॥ ८ ॥**

**ગાથાર્થ :-** સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગતુલ્ય આવી વર્ગણાઓ ક્રમસર થાય છે. તે ક્રમસર થયેલી વર્ગણાઓનો જે સમુદાય તેને સ્પર્ધક કહેવાય છે. ત્યારબાદ અનંતરપણે વર્ગણાઓ થતી નથી પણ અંતર પડે છે. યાવત્ અસંખ્યાત લોકાકાશના પ્રદેશરાશિ પ્રમાણ અંતર પડ્યા પછી આ જ ક્રમે દ્વિતીય આદિ સ્પર્ધકો પૂર્વની જેમ થાય છે ॥ ૮ ॥

**વિવેચન-** સમાન વીર્યાવિભાગવાળી વર્ગણાઓ આ પ્રમાણે સૂચિશ્રેણી એટલે કે ઘનીકૃત લોકના એક એક આકાશપ્રદેશોની પંક્તિરૂપે ગોઠવાયેલી સાત રાજ પ્રમાણ આકાશપ્રદેશોની જે લાઈન તે સૂચિ શ્રેણી. (સોયના જેવો લાંબો ભાગ). તે સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય. તેટલા જ માપવાળી, ઉપરોક્ત જે ક્રમસર થતી અસંખ્યાતી વર્ગણાઓ, તે વર્ગણાઓનો જે સમુદાય, તેને એક **સ્પર્ધક** કહેવાય છે.

સ્પર્ધક નામ એટલા માટે પાડવામાં આવ્યું છે "स्पर्धन्ते इव" જ્યાં આત્મપ્રદેશો એક

---

૧. વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી અથવા ક્ષયથી જે વીર્ય પ્રગટ થાય છે. તે લબ્ધિવીર્ય કહેવાય છે. મન-વચન-કાયા દ્વારા તે વીર્યના વપરાશને અર્થાત્ કાર્યમાં પ્રવર્તાવાતા વીર્યને યોગ કહેવાય છે. લબ્ધિવીર્ય ક્ષયોપશમાદિ ભાવવાળું હોવાથી સર્વ આત્મપ્રદેશોમાં સમાન હોય છે પરંતુ કરણવીર્ય સમાન હોતું નથી કાર્યની નિકટતા અને આત્મપ્રદેશોનો પરસ્પરસંબંધ આ બે કારણોને લીધે કરણવીર્ય તરતમતાવાળું હોય છે તેને જ યોગ કહેવાય છે. ॥ ૭ ॥

એક અધિક વીર્યાવિભાગની વૃદ્ધિ વડે માંહોમાંહે જાણે સ્પર્ધા કરતા શું ન હોય ? આવી વર્ગણાઓનો જે સમુદાય તે સ્પર્ધક કહેવાય આમ અર્થ કરવો.

સ્પર્ધકની પ્રરૂપણા સમાપ્ત કરીને. હવે અન્તરપ્રરૂપણા કરે છે.

અહીંથી આગળ એટલે કે પૂર્વે કહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણાથી આગળ એક વીર્યાવિભાગથી અધિક હોય,બે વીર્યાવિભાગથી અધિક હોય કે ત્રણ આદિ વીર્યાવિભાગથી અધિક હોય તેવા આત્મપ્રદેશો તે જીવમાં તે કાલે મળતા નથી. (અર્થાત્ હોતા નથી) આમ એક એક વીર્યાવિભાગની વૃદ્ધિવાળા નિરંતરપણે વધતા આત્મપ્રદેશો પ્રાપ્ત થતા નથી પરંતુ યાવત્ અસંખ્યાત લોકોકાશના જેટલા આકાશપ્રદેશો થાય છે તેટલા પ્રમાણવાળા વીર્યાવિભાગ જ્યાંસુધી વધે નહીં ત્યાં સુધીના વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશોનું અંતર પડે છે. એટલે કે તેટલા પ્રમાણવાળા વીર્યની વૃદ્ધિવાળા આત્મપ્રદેશો ત્યાં નિરન્તરપણે પ્રાપ્ત થતા નથી.

સારાંશ કે પૂર્વે કહેલા પ્રથમ સ્પર્ધકની અંદર રહેલી ચરિમ વર્ગણાથી આગળ આગળ એક-બે-ત્રણ વીર્યાવિભાગ વડે અધિક અધિક હોય એવા આત્મપ્રદેશો પ્રાપ્ત થતા જ નથી. સંખ્યાત વીર્યાવિભાગ વડે અધિક હોય તેવા આત્મપ્રદેશો પણ પ્રાપ્ત થતા નથી. અસંખ્યાત વીર્યાવિભાગવડે અધિક હોય તેવા આત્મપ્રદેશો પણ પ્રાપ્ત થતા નથી. પરંતુ અસંખ્યાત લોકાકાશના આકાશપ્રદેશોની જેટલી સંખ્યા છે તેટલી સંખ્યાવડે અધિક વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશો તે જ જીવમાં તે જ કાલે પ્રાપ્ત થાય છે તેથી તેવા આત્મપ્રદેશોનો જે સમુદાય તે બીજાસ્પર્ધકની પહેલી વર્ગણા જાણવી.

આ વાત કલ્પના કરીને એક ઉદાહરણથી સમજાવાય છે સૌથી ઓછા અને પરસ્પર સમાન વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશો એટલે ૧૦૦ વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશો (કેટલા હશે ? તો ઘનીકૃત  લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા જે અસંખ્યાત પ્રતરો, તદ્ગત જે આકાશપ્રદેશોની રાશિ તેના પ્રમાણવાળા આત્મપ્રદેશો). તેનો જે સમુદાય તે પ્રથમવર્ગણા.

તેના કરતાં એક અધિક એટલે કલ્પના કરીએ કે ૧૦૧ વીર્યાવિભાગ વાળા આત્મપ્રદેશોનો જે સમુદાય તે બીજી વર્ગણા, તેના કરતાં એક વીર્યાવિભાગ અધિક એટલે કે ૧૦૨ વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશોનો જે સમુદાય તે ત્રીજી વર્ગણા. આ પ્રમાણે ૧૦૩/ ૧૦૪/૧૦૫/૧૦૬ વીર્યાવિભાગવાળી વર્ગણાઓ કલ્પના દ્વારા ક્રમસર કરવી.

આ પ્રમાણે ક્રમસર થયેલી વર્ગણાઓનો (સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશોની પંક્તિપ્રમાણ વર્ગણાઓનો) જે સમુદાય તે એક સ્પર્ધક જાણવું. આપણે કરેલી કલ્પના પ્રમાણે ૧૦૦-૧૦૧ થી ૧૧૦ સુધીની સંખ્યાવાલી વર્ગણાઓનો જે સમુદાય તે પ્રથમ એક સ્પર્ધક જાણવું. હવે એક અધિક બે અધિક એટલે કે ૧૧૧ કે ૧૧૨ વીર્યાવિભાગ જેમાં હોય તેવા આત્મપ્રદેશો તે જીવમાં તે કાલે હોતા નથી અર્થાત્ અંતર

જ પડે છે. પરંતુ અસંખ્યાત લોકાકાશના આકાશપ્રદેશરાશિપ્રમાણ અવશ્ય અંતર પડે છે અહીં કલ્પના કૃત ઉદાહરણમાં ૧૧૦ થી આગળ ક્રમસર ૧૧૧-૧૧૨-૧૧૩ વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશો તે જીવમાં તે કાળે પ્રાપ્ત થતા જ નથી.

પરંતુ અસંખ્યાત લોકાકાશના આકાશપ્રદેશોની રાશિ પ્રમાણ સંખ્યા ઉમેરીએ અને જેટલી સંખ્યા થાય તેટલા વીર્યવિભાગવાળા આત્મપ્રદેશો તે જ જીવમાં તે જ કાલે મળે છે તેથી અસંખ્યાત આકાશ પ્રદેશરાશિપ્રમાણ અંતર જાણવું. કલ્પના કૃત ઉદાહરણમાં ૧૧૧ થી ૨૧૦ સુધીનું અંતર જાણવું.

ત્યારબાદ એક -બે- ત્રણ અધિક વીર્યાવિભાગવાળા (કલ્પનાકૃત ઉદાહરણ પ્રમાણે ૨૧૦-૨૧૧-૨૧૨ વીર્યાવિભાગવાળા) આત્મપ્રદેશો મળે છે તે બીજા સ્પર્ધકની પહેલી-બીજી-ત્રીજી વર્ગણા કહેવાય છે આ પ્રમાણે બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણાથી આગળ બીજી-ત્રીજી વર્ગણાઓ પૂર્વસ્પર્ધકની જેમ થાય છે. આમ જાણવું. અથવા આમ કહેવું. તે વાત વધારે સ્પષ્ટતાથી આ પ્રમાણે છે-

પ્રથમ સ્પર્ધકની સમાપ્તિ બાદ અસંખ્યાત લોકાકાશના આકાશ પ્રદેશોની સંખ્યા પ્રમાણ અંતર પડ્યા પછી બીજુ સ્પર્ધક શરૂ થાય છે. ત્યાં પણ પ્રથમ વર્ગણાથી આગળ આગળ આત્મપ્રદેશો એક બે-ત્રણ વીર્યાવિભાગ વડે અધિક એમ અસંખ્યાત આત્મપ્રદેશો (ઘનીકૃત લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા અસંખ્યાત પ્રતરગત આકાશપ્રદેશની સંખ્યા તુલ્ય વીર્યાવિભાગ વડે અધિક એવા આત્મપ્રદેશો) પ્રાપ્ત થાય છે તેઓનો સમુદાય તે બીજા સ્પર્ધકની બીજી વર્ગણા જાણવી. આમ બે વીર્યાવિભાગવડે અધિક આત્મપ્રદેશોનો સમુદાય તે ત્રીજી વર્ગણા જાણવી. આમ ત્યાં સુધી કહેવું કે યાવત્ સૂચિ શ્રેણીના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ પ્રદેશોની સંખ્યા પ્રમાણ વર્ગણાઓ થાય.

તે વર્ગણાઓનો જે સમુદાય તે બીજુ સ્પર્ધક જાણવું. ત્યારબાદ એક-બે-ત્રણ થી અધિક યાવત્ સંખ્યાત વીર્યાવિભાગથી અધિક અને અસંખ્યાત વીર્યાવિભાગથી અધિક એવા આત્મપ્રદેશો પ્રાપ્ત થતા નથી પરંતુ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વીર્યાવિભાગ વડે અધિક જ વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશો મળે છે તેઓનો જે સમુદાય તે ત્રીજાસ્પર્ધકની પહેલી વર્ગણા. ત્યાર બાદ એક એક વીર્યાવિભાગવડે વૃદ્ધિ પામતી બીજી-ત્રીજી આદિ વર્ગણાઓ, સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ પ્રદેશની રાશિ પ્રમાણ વર્ગણાઓ થાય છે તે વર્ગણાઓનો જે સમુદાય તે ત્રીજુ સ્પર્ધક જાણવું. આ પ્રમાણે એક જીવમાં એકકાળે અસંખ્યાતસ્પર્ધકો બને તેટલું આ કરણવીર્ય હોય છે (આ જે કંઈ સમજાવવામાં આવ્યું છે તે સર્વ હકિકત કરણવીર્યની એટલે વપરાતા વીર્યની જાણવી.) પરંતુ લબ્ધિ વીર્યની ન જાણવી ॥ ૮ ॥

*અવતરણ : અન્તર પ્રરૂપણા પૂર્ણ કરી. હવે સ્થાનપ્રરૂપણા કરે છે -*

**सेढिअसंखियमित्ताइं, फड्डगाइं जहन्नयं ठाणं ।**
**फड्डगपरिवुड्डिअओ, अंगुलभागो असंखतमो ॥ ९ ॥**

**ગાથાર્થ-** ક્રમસર શ્રેણિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્પર્ધકોનું એક જઘન્ય યોગસ્થાનક બને છે ત્યાર પછીનાં યોગસ્થાનકો અનુક્રમે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્પર્ધકો વડે અધિક અધિક જાણવાં ॥ ૯ ॥

**વિવેચન-** અસંખ્યાતી વર્ગણાઓનું જેમ એક સ્પર્ધક થાય છે. તેમ અસંખ્યાતા સ્પર્ધકોનું એક યોગસ્થાનક થાય છે. સાતરાજ પ્રમાણ લાંબી, એક આકાશપ્રદેશપ્રમાણ પહોળી અને જાડી એવી એક સૂચિશ્રેણી કહેવાય છે તેના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય છે. તેટલાં સ્પર્ધકોનું એક જઘન્ય યોગસ્થાનક બને છે આવું જઘન્ય યોગસ્થાનક, જઘન્ય કરણવીર્યવાળા સૌથી અતિશય અલ્પવીર્યવાળા એવા સૂક્ષ્મનિગોદીયા જીવને પોતાના ભવમાં ઉત્પન્ન થતાં પ્રથમ સમયમાં આ યોગ સ્થાનક હોય છે.

ઉત્પત્તિના પ્રથમ સમયવર્તી, સૌથી ન્યૂન કરણવીર્યવાળા સૂક્ષ્મ નિગોદીયા જીવને આટલા સ્પર્ધકો વાળું કરણવીર્ય પ્રવર્તતું હોય છે. તેનાથી કંઇક અધિક વીર્યવાળો, ઉત્પત્તિના પ્રથમ સમયમાં જ વર્તતો જે બીજો જીવ છે. તેના સૌથી ઓછા અતિશય અલ્પતર વીર્યવાળા આત્મપ્રદેશો છે તેઓનો સમુદાય તે પ્રથમવર્ગણા થાય છે. તેના કરતાં એક એક વીર્યાવિભાગની વૃદ્ધિવડે વધારતાં વધારતાં સૂચિ શ્રેણિના અસંખ્યાતા ભાગના આકાશ પ્રદેશો પ્રમાણ ક્રમસર વર્ગણાઓ થાય છે. તે વર્ગણાઓનો જે સમુદાય તે પ્રથમ સ્પર્ધક જાણવું. ત્યારબાદ પૂર્વે જણાવેલી દિશા પ્રમાણે દ્વિતીય તૃતીય આદિ સ્પર્ધકો થાય છે. આમ અસંખ્યાતા સ્પર્ધકોના સમૂહ સ્વરૂપ આ બીજુ યોગસ્થાનક જાણવું.

આ પ્રમાણે યાવત્ શ્રેણીના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશોની રાશિ પ્રમાણ સ્પર્ધકોવાળું તે બીજું યોગસ્થાનક બીજા જીવમાં હોય છે. તે સ્પર્ધકોનો સમુદાય તે બીજું યોગસ્થાનક જાણવું.

૧. એક જીવનો એક સમયમાં અસંખ્યાત સ્પર્ધક પ્રમાણ જે વ્યાપાર (વ્યવહાર) તે યોગસ્થાનક કહેવાય છે. કોઈપણ એક જીવનો એક સમયનો અસંખ્યાતાસ્પર્ધકો પ્રમાણ જે યોગ તે યોગસ્થાનક કહેવાય છે.

આ જ રીતે કંઇક અધિક વીર્યવાળા ત્રીજા જીવમાં ઉપર બતાવેલા ક્રમ પ્રમાણે કંઈક અધિક વીર્યવાળુ ત્રીજુ યોગસ્થાનક થાય છે આ જ પ્રમાણે ભિન્ન ભિન્ન અને કંઈક કંઈક અધિક વીર્યવાળા જીવોની અપેક્ષાએ તે યોગસ્થાનો જાણવાં કે યાવત્ સૌથી અધિક

કરણવીર્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવનું ઉત્કૃષ્ટ વીર્યવાળું યોગસ્થાનક આવે. આ સર્વે યોગસ્થાનકો સૂક્ષ્મનિગોદીયા જીવથી પ્રારંભીને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવના ઉત્કૃષ્ટ વીર્ય સુધીનાં આ યોગસ્થાનો કુલ એક સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશરશિ પ્રમાણ થાય છે. એટલે કુલ યોગસ્થાનકો એક સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશની રાશિતુલ્ય હોય છે. અર્થાત્ અસંખ્યાતાં હોય છે. (પંચમ કર્મગ્રંથ ગાથા ૫૩/૫૪ અને ૯૫)

**પ્રશ્ન :-** આ સંસારમાં કરણવીર્યવાળા જીવો અનંત હોવાથી અને જીવે જીવે ભિન્ન ભિન્ન યોગ પ્રવર્તતો હોવાથી કુલ યોગસ્થાનો અનંત થવાં જોઈએ. કારણ કે પ્રત્યેક જીવને પોતપોતાનું યોગસ્થાનક ભિન્ન ભિન્ન હોય છે. તેથી ઉપર કહેલી એક સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ પ્રદેશ પ્રમાણની યોગસ્થાનકની સંખ્યા તમે જે કહો છો તે સંગત થતી નથી આવો પ્રશ્ન અહીં થવો સંભવિત છે.

**ઉત્તર :-** આવો પ્રશ્ન કરવો નહી. કારણ કે સરખે સરખા એક જ યોગસ્થાનકમાં વર્તતા સ્થાવરજીવો અનંતા અનંતા હોય છે આ કારણથી સર્વ જીવોની અપેક્ષાએ પણ યોગસ્થાનકોની સંખ્યા ઉપર કહેલી સંખ્યાવાળી જ કેવલિ પરમાત્માએ દેખેલી છે આ રીતે કેવલિ પરમાત્માની પ્રજ્ઞાવડે આટલી જ સંખ્યા જોવાયેલી છે આ બાબતમાં આપણો તર્ક કામ આવતો નથી. કારણ કે આ વિષય સર્વજ્ઞપરમાત્મા જ દેખી શકે છે તેઓનું વચન જ આપણા માટે પ્રમાણ છે.

આ પ્રમાણે સ્થાન પ્રરૂપણા (યોગસ્થાનની પ્રરૂપણા) કહી. હવે અનન્તરોપનિધા કહેવાનો અવસર છે. ત્યાં ઉપનિધાન કરવું તેને ઉપનિધા કહેવાયા છે. અહીં उप અને नि આ બન્ને ઉપસર્ગો છે. અને धा ધાતુ છે. ત્યાં ધાતુઓ અનેક અર્થવાળા હોય છે આવો વૈયાકરણીઓનો મત છે તેથી અહીં धा ધાતુનો અર્થ માર્ગણા (એટલે કે શોધવું, તપાસવું.) એવો અર્થ કરવો. તેથી અનન્તરપણે ઉપનિધા કરવી તે અનન્તરોપનિધા કહેવાય છે અર્થાત્ એક એક યોગસ્થાનકથી પછી પછીના અનન્તર યોગસ્થાનકોમાં કેટલાં કેટલાં સ્પર્ધકો વધારે કે ઓછાં થયાં તેની વિચારણા કરવી તેનું નામ અનન્તરોપનિધા.

तदेवाह = તે અનન્તરોપનિધા જ હવે ગ્રન્થકારશ્રી સમજાવે છે. આ પ્રથમયોગસ્થાનકથી દ્વિતીય-તૃતીય-ચતુર્થ આદિ યોગ સ્થાનકોમાં આમ દરેક યોગસ્થાનકોમાં સ્પર્ધકોની વૃદ્ધિ જાણવી આ વૃદ્ધિનું માપ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. આમ સમજવું. સારાંશ એ છે કે પૂર્વ પૂર્વ યોગસ્થાનકથી ઉત્તર ઉત્તર યોગસ્થાનકોમાં સ્પર્ધકો એક અંગુલ માત્ર પ્રમાણવાળા ક્ષેત્રના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય છે. તેટલા જ માપવાળાં સ્પર્ધકો

પૂર્વ પૂર્વ યોગ્સ્થાનમાં રહેલા સ્પર્ધકોની અપેક્ષાએ ઉત્તર ઉત્તરના યોગસ્થાનકોમાં અધિક અધિક હોય છે આમ સમજવું.

ઉપર કહેલી વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે. પ્રથમ યોગસ્થાનકમાં જે વર્ગણાઓ બને છે તે વર્ગણાઓમાં સમાનવીર્યવાળા આત્મપ્રદેશો ઘણા ઘણા હોય છે. તેથી વર્ગણાઓ અને વર્ગણાઓથી બનતાં સ્પર્ધકો થોડાં થોડાં થાય છે. પરંતુ જેમ જેમ યોગની વૃદ્ધિ થાય છે. તેમ તેમ સમાન વીર્યવાળા આત્મપ્રદેશો ઓછા ઓછા જ મળે છે તેથી વર્ગણાઓની અધિકતા થવાથી સ્પર્ધકોની પણ અધિકતા થાય છે આ પ્રમાણે હોવાથી પ્રથમ યોગસ્થાનકની વર્ગણાઓથી બીજા યોગસ્થાનકમાં રહેલી વર્ગણાઓ સર્વેપણ મૂલથી જ હીન હીનતર આત્મપ્રદેશોવાળી હોય છે કારણ કે ઘણા ઘણા વીર્યવાળા આત્મપ્રદેશો સમાન હોય એવા થોડા થોડા જ સમાનપણે પ્રાપ્ત થાય છે આ કારણથી પ્રથમવર્ગણાથી જ સર્વે પણ વર્ગણાઓ અલ્પ અલ્પ આત્મપ્રદેશવાળી હોવાથી અને સર્વે પણ જીવોના આત્મપ્રદેશો તુલ્ય સંખ્યાવાળા હોવાથી વર્ગણાઓ વધારે થવાનો મહાન અવકાશ છે. તે માટે વિચિત્રપણે વર્ગણાઓનું બહુલપણું સંભવે છે. તેથી સ્પર્ધકોનું બહુત્વ ઉપર કહ્યા પ્રમાણે સારી રીતે સંગતિને પામે છે આ જ પ્રમાણે પછી પછીનાં યોગસ્થાનકોમાં પણ સ્પર્ધકોનું બહુલપણું સમજી લેવું ॥૯॥

*અવતરણ :- અનન્તરોપનિધા સમજાવીને હવે પરંપરોપનિધાવડે માર્ગણા કરવા સ્વરૂપ પરંપરોપનિધા કરવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે-*

**सेढिअसंखियभागं, गंतुं गुंतुं हवंति दुगुणाइं ।**
**पल्लासंखियभागो, णाणागुणहाणिठाणाणि ॥१० ॥**

ગાથાર્થ- એક સૂચિશ્રેણીના અસંખ્યાતા ભાગ પ્રમાણ યોગસ્થાનકો ઓળંગે છતે બમણાં બમણાં સ્પર્ધકો થાય છે આવાં દ્વિગુણ વૃદ્ધિનાં સ્થાનો અને દ્વિગુણહાનિનાં સ્થાનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ તુલ્ય જાણવાં. ॥ ૧૦ ॥

**વિવેચન-** પ્રથમ યોગસ્થાનકમાં સ્પર્ધકોની જે સંખ્યા છે. તેના કરતાં બીજા-ત્રીજા-ચોથા યોગસ્થાનકમાં સ્પર્ધકોની સંખ્યા અંગુલ પ્રમાણ ક્ષેત્રના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ રાશિ પ્રમાણ વધારે વધારે થાય છે. તો કેટલે જઈએ ત્યારે સ્પર્ધકો ડબલ (દ્વિગુણાંક) થતાં હશે ? આ ભાવ જણાવવા આ પરંપરોપનિધા કહે છે.

પ્રથમ યોગસ્થાનકથી એક સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ (એટલે કે તે અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશ પ્રદેશો હોય તેટલાં) યોગસ્થાનો ઓળંગી ઓળંગીને આગળ આગળ જે જે યોગસ્થાન આવે તેમાં તેમાં સ્પર્ધકો ડબલ અર્થાત્ દ્વિગુણ દ્વિગુણ થાય છે આ વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે.

પ્રથમ યોગસ્થાનકમાં જેટલાં સમર્થકો છે. તેની અપેક્ષાએ એક સૂચિશ્રેણીના અસંખ્યાત ભાગના આકાશપ્રદેશની રાશિપ્રમાણ યોગસ્થાનો ઓળંગીને આગળ જઈએ તો તેના પછીના અનન્તરપણે રહેલા યોગસ્થાનકમાં સ્પર્ધકો દ્વિગુણ (ડબલ) હોય છે તે યોગસ્થાનકથી આગળ તેટલા જ પ્રમાણવાળા (એક સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ રાશિ પ્રમાણ) યોગસ્થાનો ઓળંગીએ ત્યાર પછીના યોગસ્થાનકમાં યોગનાં સ્પર્ધકો ડબલ (દ્વિગુણા) જાણવાં આ જ ક્રમથી અન્તિમ યોગસ્થાન સુધી દ્વિગુણવૃદ્ધિ જાણવી.

**પ્રશ્ન** :- આ પ્રમાણે થતાં આ દ્વિગુણ (ડબલ ડબલ સ્પર્ધકોની) વૃદ્ધિવાળાં સ્થાનો કુલ કેટલાં થતાં હશે ?

**ઉત્તર** :- તેનો ઉત્તર આ પ્રમાણે છે. તે દ્વિગુણ દ્વિગુણ સ્પર્ધકોની વૃદ્ધિવાળાં સ્થાનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ અર્થાત્ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો થાય તેટલી સંખ્યાવાળાં આ દ્વિગુણ વૃદ્ધિનાં સ્થાનો થાય છે આમ સમજવું.

"नानागुणहाणि ठाणाणि" દ્વિગુણવૃદ્ધિનાં સ્થાનો તથા દ્વિગુણહાનિનાં સ્થાનો આમ બન્ને પ્રકારનાં સ્થાનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશોની રાશિ પ્રમાણ જાણવાં. કારણ કે उर्ध्वारोहणेन = પ્રથમ યોગસ્થાનકથી ઉપર ઉપર આરોહણ કરીએ એટલે પ્રથમ યોગસ્થાનકથી ચરમ યોગસ્થાનક તરફ આ સ્પર્ધકોની અધિકતા અધિકતા જોઈએ તો દ્વિગુણવૃદ્ધિસ્થાનો થાય છે. તે જ પ્રમાણે अधोऽवतरणेन ઉત્કૃષ્ટ યોગસ્થાનકથી જઘન્યયોગસ્થાનક તરફ ગયે છતે તેટલાં જ સ્થાનો ઓળંગે છતે નીચે ઉતરીએ તો તેટલા જ પ્રમાણવાળાં દ્વિગુણ હાનિનાં સ્થાનો થાય છે તે આ પ્રમાણે :-

ઉત્કૃષ્ટ યોગસ્થાનકથી નીચે ઉતરતાં ઉતરતાં સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ પ્રદેશની રાશિ પ્રમાણ સ્થાનો ઓળંગીએ ત્યારે જે યોગસ્થાનક આવે છે તેમાં ચરણ-ઉત્કૃષ્ટ યોગસ્થાનકની અપેક્ષાએ અર્ધા સ્પર્ધકો પ્રાપ્ત થાય છે ત્યારબાદ ફરીથી તેટલાં જ (સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગવર્તી આકાશપ્રદેશની રાશિતુલ્ય) યોગસ્થાનકો ઓળંગીએ ત્યારે જે યોગસ્થાનક આવે છે તેમાં સ્પર્ધકો અર્ધા થાય છે. આ પ્રમાણે અર્ધા અર્ધા સ્પર્ધકો ત્યાં સુધી કહેવાં કે યાવત્ જઘન્ય યોગસ્થાનક આવે.

પ્રશ્ન :- "द्विगुणहानि" આ શબ્દનો અર્થ તો આવો થાય છે કે द्विगुणानां हानिः = द्विगुणहानिः આ અર્થ પ્રમાણે તો બમણા બમણાની હાનિ કરવી એટલે કે ચરમયોગસ્થાનકનાં ધારો કે ૧૦૦૦ સ્પર્ધકો હોય તો સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ પ્રદેશ રાશિપ્રમાણ એટલે કલ્પનાથી ૨૫ સ્થાનો ઓળંગીએ ત્યારે જે યોગસ્થાનક આવે તેમાં ૨૦૦૦ સ્પર્ધકો ઓછાં કરીએ તેટલા સ્પર્ધકો થાય છે આવો અર્થ થાય અને આપણે સમજવો

છે અર્ધહાનિ અર્થ. એટલે કે ૧૦૦૦ સ્પર્ધકને બદલે ૫૦૦ સ્પર્ધકો થાય છે. આમ અર્થ સમજવાનો છે તો આ પ્રમાણે થતી અર્ધ અર્ધ હાનિમાં દ્વિગુણહાનિ (બમણાની હાનિ) આ શબ્દ કેમ સંગત થાય.) આવો પ્રશ્ન કદાચ કોઈને થાય તો તે પ્રશ્ન સાચો છે.

**ઉત્તર** - सत्यं = તમારો પ્રશ્ન સાચો છે અહીં બમણાની હાનિ કરવી તે દ્વિગુણહાનિ કહેવાય એવો અર્થ ન કરવો. પરંતુ तत्तद्द्विगुणवृद्धिअवधिसमाप्ति अवच्छिन्नहानेः एव द्विगुण हानेर्विवक्षितत्वात् = તે તે સ્થાનો જેનાથી દ્વિગુણવૃદ્ધિવાળાં થાય છે તેટલી અવધિની સમાપ્તિ થાય તેવા સ્થાનમાંથી જે હાનિ તે દ્વિગુણહાનિ એટલે કે ચરમસ્થાનમાં ૧૦૦૦ સ્પર્ધક છે તે ૧૦૦૦ સ્પર્ધકો જેની અપેક્ષાએ દ્વિગુણ થાય તેટલી હાનિ કરવી. એટલે ૧૦૦૦ તે ૫૦૦ની અપેક્ષાએ દ્વિગુણ થાય છે તે માટે ૧૦૦૦ માંથી ૫૦૦ની હાનિ. આટલાં સ્થાન ગયા પછી જે સ્થાન આવે તેમાં દ્વિગુણહાની જાણવી આવા અર્થને સૂચવવા માટે જ મૂલગાથામાં નાના આવું પદ કહ્યું છે. તેથી દ્વિગુણહાનિ શબ્દનો અર્થ જ અર્ધહાનિ અર્થ કરવો.

આવા પ્રકારનાં થયેલાં દ્વિગુણવૃદ્ધિનાં સ્થાનો તથા દ્વિગુણહાનિનાં સ્થાનો કુલ સર્વ મળીને પણ થોડાં છે. તેના કરતાં એક દ્વિગુણવૃદ્ધિ અને એક દ્વિગુણહાનિસ્થાનની વચ્ચેના અન્તરાલમાં થનારાં જે યોગસ્થાનો છે તે અસંખ્યાતગુણાં છે. ॥૧૦॥

*અવતરણ :- પરંપરોપનિધા સમજાવી. હવે વૃદ્ધિ પ્રરૂપણા નામનું દ્વાર સમજાવે છે-*

**वुड्ढि हाणिचउक्कं, तम्हा कालोत्थ अंतिमल्लाणं ।**
**अंतोमुहुत्तमावलि असंखभागो य सेसाणं ॥ ११ ॥**

**ગાથાર્થ**- અહીં વૃદ્ધિ અને હાનિનું ચતુષ્ક છે. તેથી તે ચારેનો કાલ કહેવાય છે. અન્તિમ વૃદ્ધિ અને અન્તિમ હાનિનો કાલ અન્તર્મુહૂર્ત જાણવો બાકીની ત્રણ પ્રકારની વૃદ્ધિનો અને બાકીની ત્રણ પ્રકારની હાનિનો કાલ આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવો. ॥૧૧॥

**વિવેચન**- વીર્યાન્તરાયકર્મનો ક્ષયોપશમ કોઈ કોઈ જીવમાં ક્યારેક ક્યારેક કોઈ કોઈ કારણના વશથી કરીને વધે છે અથવા ક્યારેક ક્યારેક ઘટે છે તેથી તેના કારણભૂત તે વીર્યની હાનિ અને વૃદ્ધિ પ્રમાણે બનતાં યોગસ્થાનકો પણ ક્યારેક ક્યારેક વધે છે અને ક્યારેક ક્યારેક ઘટે છે જેમકે સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તો જીવ ઘણી જ ચેષ્ટાવાળો હોય છે અને તે જ જીવ મરીને બીજા કોઈ પણ ભવમાં જાય છે ત્યારે ઉત્પત્તિના પ્રથમ સમયે શરીર-મન વિગેરે સાધન સામગ્રી ન હોવાથી અલ્પ ચેષ્ટાવાળો બને છે. ઉત્પન્ન થયા પછી જેમ જેમ આહારાદિની સામગ્રી મળે છે તેનાથી શરીર-ઇન્દ્રિય વિગેરેની રચના થતાં તેના દ્વારા ચેષ્ટાની વૃદ્ધિ થાય

છે આમ યોગ વૃદ્ધિ પામે છે એટલે પ્રશ્ન થાય છે કે સમયે સમયે યોગ વધે તો કેટલો કેટલો વધે ? અને યોગ ઘટે તો કેટલો કેટલો ઘટે ? આ વાત સમજાવવા વૃદ્ધિ હાનિ નામનું દ્વાર સમજાવે છે.

અહીં જો યોગ વધે તો તે વૃદ્ધિ ચાર પ્રકારે છે (૧) સંખ્યાત ભાગવૃદ્ધિ, (૨) અસંખ્યાતભાગવૃદ્ધિ, (૩) સંખ્યાત ગુણવૃદ્ધિ અને (૪) અસંખ્યાત ગુણવૃદ્ધિ. તે જ પ્રમાણે હાનિ પણ ચાર પ્રકારે છે.

જે કારણથી વૃદ્ધિ અને હાનિનું ચતુષ્ક છે તે કારણથી આ ચારેનો કાલ પણ અવશ્ય કહેવો જોઈએ. આમ કેટલાક પદો ગાથામાં ન લખ્યાં હોય તો પણ અર્થને સંગત કરવા માટે सोपस्कारम् = કેટલાંક પદો અધ્યાહારથી લઈને પણ અન્વય કરવો. અર્થાત્ અર્થ સંગત કરવો.

આમ અધ્યાહારથી લેવાની જે પ્રતિજ્ઞા કરી છે તેને અનુસારે ગ્રંથકારશ્રી અર્થ સમજાવે છે કે વૃદ્ધિ અને હાનિનું જે ચતુષ્ક છે. તેમાં જે અન્તિમ વૃદ્ધિ-હાનિ છે અસંખ્યાતગુણવાળી જે વૃદ્ધિ અને હાનિ છે તે બન્નેનો કાલ અંતર્મુહૂર્ત જાણવો. બાકીની પ્રથમની ત્રણ વૃદ્ધિનો અને બાકીની પ્રથમની ત્રણ હાનિનો કાલ આવલિકાના અસંખ્યાતામા ભાગ પ્રમાણ જાણવો.

ઉપરની વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે.- વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ જ્યારે જ્યારે વધે છે ત્યારે ત્યારે વીર્યશક્તિની વૃદ્ધિ થવાથી મન-વચન-કાયા દ્વારા ચેષ્ટા પણ (કરણવીર્ય પણ) વધે છે. એટલે વિવક્ષિત કોઈ પણ એક યોગસ્થાનક ઉપર આ જીવ હોય અને તેમાં યોગની વૃદ્ધિ થતાં પ્રતિસમયે અસંખ્યાત ગુણ વૃદ્ધિવાળા નવા નવા યોગસ્થાનક ઉપર આ જીવનું જે આરોહણ (ચઢાણ) ચાલુ થાય છે. તેને અસંખ્યાત ગુણવૃદ્ધિ કહેવાય છે આ જ પ્રમાણે ક્ષયોપશમ ઘટી જવાથી અથવા શારીરિક કે માનસિક પ્રવૃત્તિ મંદપડવાથી પ્રત્યેકસમયોમાં નવા નવા અસંખ્યાતગુણહાનિવાળા યોગ સ્થાનકમાં જે અવતરણ થાય છે તે અસંખ્યાતગુણહાનિ કહેવાય છે.

આ બન્ને હાનિ અને વૃદ્ધિ (અસંખ્યાતગુણહાનિ અને અસંખ્યાતગુણ વૃદ્ધિ)નો કાલ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તકાલ સુધી નિરન્તર હોય છે બાકીની આદ્ય (પ્રથમની) ત્રણ પ્રકારની વૃદ્ધિ અને ત્રણ પ્રકારની જે હાનિ છે તેનો કાલ ઉત્કૃષ્ટથી પણ આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે. જઘન્યથી કાલ જાણવો હોય તો ચારે પ્રકારની વૃદ્ધિ અને ચારે પ્રકારની હાનિનો કાલ એક સમય અથવા બે સમયમાત્ર પણ યોગસ્થાનક રહે છે આ જઘન્યકાળ જાણવો. ॥૧૧ ॥

*અવતરણ :- ઉપર કહેલી વૃદ્ધિ અને હાનિ રહિત એક જ યોગમાં સ્થિરપણે જીવો કેટલો કાલ પ્રાપ્ત થાય છે ? આવી તત્ત્વ જાણવાની જિજ્ઞાસા હોતે છતે હવે સમય પ્રરૂપણા (કાળનું માપ) આ દ્વાર જણાવે છે-*

**चउराई जावट्ठगमित्तो, जाव दुगं ति समयाणं ।**
**पज्जत्तजहन्नाओ, जावुक्कोसं ति उक्कोसो ॥ १२ ॥**

ગાથાર્થ :- પર્યાપ્ત જીવના જઘન્યયોગસ્થાનકથી યાવત્ ઉત્કૃષ્ટ યોગસ્થાનક સુધીનો કાલ વધારેમાં વધારે ચાર સમયથી યાવત્ આઠ સમય સુધી અને આઠ સમયથી માંડીને યાવત્ બે સમયસુધી ઉત્કૃષ્ટ કાળ જાણવો ॥ ૧૨ ॥

**વિવેચના-** કોઈ પણ એક યોગસ્થાનકમાં આ જીવ વધારેમાં વધારે કેટલો કાળ રહે? આ વાત સમજાવવા માટે સમય પ્રરૂપણા નામનું દ્વાર કહે છે. ત્યાં કોઈ પણ યોગસ્થાનકમાં રહેવાના કાલનો નિયામક એવો જે સમય તે સમયોની ચારની સંખ્યા આદિમાં છે જ્યાં તે ચતુરાદિ કહેવાય છે ત્યાંથી વૃદ્ધિ થાય છે તે વૃદ્ધિ યાવત્ આઠ સમય સુધી કહેવી. એનાથી આગળ સમયોની હાનિ કહેવી તે હાનિ યાવત્ બે સમય સુધી કહેવી. મૂલગાથામાં "इत्तो जाव दुगं" આટલું જ લખ્યું છે. પણ "समयानां हानिर्वक्तव्या" આમ સ્પષ્ટ લખ્યું નથી તો પણ તેટલું પદ ઉમેરીને જોડવું તે યાવત્ બે સમય સુધી જાણવું.

ત્યાં જે ચારથી આગળ વૃદ્ધિ કહી છે તે પર્યાપ્તાના જઘન્ય યોગસ્થાનથી એટલે કે પર્યાપ્ત સૂક્ષ્મનિગોદીયા જીવના યોગસ્થાનકથી આરંભીને વધતો વધતો કાળ યાવત્ આઠ સમય સુધીનો કહેવો. ત્યાર બાદ કાળની હાનિ કહેવી. તે યાવત્ ઉત્કૃષ્ટ યોગસ્થાનક આવે ત્યાં સુધી, આ જે કાળ કહ્યો તે ઉત્કૃષ્ટ અવસ્થિતિકાલ જાણવો તે તે યોગસ્થાનકમાં ઉભા રહેવાનો (વર્તવાનો) આ ઉત્કૃષ્ટ કાળ જાણવો. આ જે વિવેચન સમજાવ્યું. તે ગાથાના અર્થને અનુસારે અક્ષરયોજના માત્ર કરી અર્થાત્ ગાથાના શબ્દોના અર્થો જ માત્ર કર્યા. તેનો ભાવાર્થ અહીં આ પ્રમાણે છે.

પર્યાપ્તો સૂક્ષ્મ નિગોદીયો જીવ, સૌથી અલ્પમાં અલ્પ કરણવીર્યવાળો હોય છે, તેનો યોગ સૌથી અલ્પ હોય છે તેને જઘન્ય યોગસ્થાનક કહેવાય છે તે જઘન્ય યોગસ્થાનકથી આરંભીને અનુક્રમે કંઈક કંઈક અધિક વીર્યવાલાં જે યોગસ્થાનો થાય છે તે એક સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગમાં વર્તતા આકાશ પ્રદેશરાશિ પ્રમાણ થાય છે. તે યોગસ્થાનકોનો કાળ ઉત્કૃષ્ટથી યાવત્ ચાર સમય જાણવો. આટલાં પ્રારંભનાં યોગસ્થાનકો એક જીવને વધારમાં વધારે ચાર સમય સુધી ટકે છે, બદલાતાં નથી અર્થાત્ વધારેમાં વધારે ચાર સમય સુધી રહી શકે તેવાં છે.

ત્યાર પછીનાં તેટલાં જ (એક સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ રાશિ પ્રમાણ) જે યોગસ્થાનકો છે. તે ઉત્કૃષ્ટથી પાંચ સમય સુધી ટકે છે. (રહે છે). ત્યાર પછીનાં પણ તેટલાં જ યોગસ્થાનકો ઉત્કૃષ્ટથી વધારેમાં વધારે છ સમય સુધી ટકે છે ત્યાર પછીનાં તેટલાં જ યોગસ્થાનકો સાત સમય સુધી યાવત્ વધારેમાં વધારે ટકી શકે છે. આમ ત્યાર પછીનાં પણ તેટલાં જ યોગ સ્થાનકો ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી જીવમાં વર્તી શકે છે. ત્યાર પછીનાં જે યોગસ્થાનકો એક સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ રાશિ પ્રમાણ છે તે ઉત્કૃષ્ટથી યાવત્ સાત સમય સુધી જ ટકી શકે તેવાં છે. ત્યાર પછીનાં ઉપરોક્ત સંખ્યા પ્રમાણ જે યોગસ્થાનકો છે. તે વધારમાં વધારે છ સમય સુધી જ વર્તે છે.

આ પ્રમાણે પ્રતિલોમપણે (ઉલ્ટા ક્રમે) ત્યાં સુધી કહેવું કે યાવત્ છેલ્લાં એક સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ પ્રદેશની રાશિ પ્રમાણ જે યોગસ્થાનકો છે. તે યાવત્ બે સમય સુધી રહે આવો યોગસ્થાનકોનો અવસ્થિતિકાલ હોય છે. સારાંશ કે ૪-૫-૬-૭-૮-૭-૬-૫-૪-૩-૨ સમય સુધી ઉત્કૃષ્ટથી રહી શકે તેવાં અસંખ્યાત અસંખ્યાત યોગ સ્થાનકો છે. ॥૧૨॥

***અવતરણ :- તે આ પ્રમાણે યોગસ્થાનકોનું ઉત્કૃષ્ટ અવસ્થાન કાલનું માપ કહ્યું. હવે આ જ સર્વે યોગસ્થાનકોનું જઘન્ય કાલમાપ પણ જણાવે છે.***

**एकसमयं जहन्नं, ठाणाणप्पाणि अट्ठ समयाणि ।**
**उभओ असंखगुणियाण समयसो उण ठाणाणि ॥ १३ ॥**

ગાથાર્થ- સર્વે પણ યોગસ્થાનકોનો જઘન્યકાલ એક સમય જાણવો. આઠ સમયસુધી ટકી શકે તેવાં યોગસ્થાનકો સૌથી થોડાં છે. તેના કરતાં બન્ને બાજુ એક એક સમય અધિક અને ન્યૂન કાળવાળાં યોગસ્થાનો અસંખ્યાતગુણાં - અસંખ્યાતગુણાં છે. ॥ ૧૩ ॥

**વિવેચન-** સૂક્ષ્મનિગોદીઆ જીવથી પ્રારંભીને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા સુધી સંસારી તમામ જીવોમાં વર્તતાં યોગનાં અસંખ્ય યોગસ્થાનકો જે છે. તેનો સર્વેનો પણ જઘન્યકાલ એક સમય સમજવો. તથા અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદાદિ સર્વે પણ અપર્યાપ્તા જીવો સંબંધી જે અસંખ્યાતાં યોગસ્થાનકો છે. તે સર્વે પણ યોગસ્થાનકોનો જઘન્યથી પણ કાળ એક સમય માત્ર જ હોય છે તથા ઉત્કૃષ્ટથી પણ તે યોગસ્થાનકોનો કાળ એક સમય માત્ર જ હોય છે. આવું હોવાનું કારણ શું હોય છે? આવો કદાચ પ્રશ્ન થાય તો ઉત્કૃષ્ટથી પણ તે યોગસ્થાનકો એક સમયમાત્ર જ રહે છે તેમાં કારણ આ પ્રમાણે છે કે "સર્વે પણ અપર્યાપ્તા જીવો પ્રત્યેક સમયે અસંખ્યાતગુણ યોગની વૃદ્ધિએ વધે છે" આ પ્રમાણેનું શાસ્ત્રવચન હોવાથી ઉત્પત્તિના બીજા જ સમયે અસંખ્યગુણ યોગની વૃદ્ધિ થાય છે આ પ્રમાણે અપર્યાપ્ત અવસ્થા ભાવિ સર્વે

પણ યોગસ્થાનકોનો કાલ જઘન્યથી પણ એક સમય અને ઉત્કૃષ્ટથી પણ એક સમય જ હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે "पइखणमसंखगुणविरियम्" (પંચકર્મગ્રન્થ ગાથા.૫૫)

પરંતુ પર્યાપ્તાવસ્થાભાવિ યોગસ્થાનકોનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચાર સમયથી પ્રારંભી વધારેમાં વધારે આઠ સમય, અને ત્યારપછીનાં યોગસ્થાનકોનો કાળ વધારેમાં વધારે સાત સમયથી પ્રારંભીને બે સમય સુધીનો હોય છે. આ પ્રમાણે "સમયપ્રરૂપણા" સમજાવી.

હવે ચાર સમય-પાંચ સમય આદિ કાલ રહેનારાં તે યોગસ્થાકોનું અલ્પબહુત્વ જણાવે છેઃ-

સૌથી મધ્યમાં રહેનારાં એટલે કે આઠ સમય કાલમાન છે જેનું એવાં યોગસ્થાનકો સૌથી અલ્પ છે તેના કરતાં બન્ને બાજુનાં પૂર્વવર્તી અને પશ્ચાદ્વર્તી એમ ઉભયભાગવર્તી સાત સમયના કાળવાળાં જે યોગ સ્થાનકો છે. તે અસંખ્યાતગુણાં છે તેના કરતાં છ સમય રહેનારાં બન્ને બાજુનાં યોગસ્થાનકો અસંખ્યાતગુણાં છે માંહોમાંહે સમાન છે. એમ યાવત્ સર્વે યોગસ્થાનકો માટે જાણવું.

આઠ સમયના કાલવાળાં યોગસ્થાનકો બીજાં યોગસ્થાકો કરતાં લાંબો કાલ રહેનારાં હોવાથી થોડાં જ હોય છે. તેના કરતાં બન્ને પડખે રહેનારાં સાત સમયના કાલવાળાં યોગસ્થાનકો અલ્પકાલવાળાં હોવાથી અસંખ્યાતગુણાં હોય છે પરંતુ આગળનાં અને પાછળનાં સાત સમય કાલ વાળાં યોગસ્થાનકો પરસ્પર તુલ્ય જ હોય છે. તે સાતસમયના કાલવાળાં યોગસ્થાનકો કરતાં આગળ અને પાછળ રહેલાં છ સમયના કાલવાળાં યોગસ્થાનકો અસંખ્યાતગુણાં છે અને તે છ સમયકાલવાળાં આગલાં અને પાછલાં એમ બન્ને માંહોમાંહે પરસ્પર તુલ્ય છે. તેના કરતાં બન્ને બાજુ વર્તનારાં પાંચ સમયકાલ રહેનારાં યોગસ્થાનકો અસંખ્યાતગુણાં છે અને માંહોમાંહે પરસ્પર તુલ્ય છે. તેના કરતાં બન્ને બાજુ રહેલાં ચાર સમય કાલ રહેનારાં યોગસ્થાનકો અસંખ્યાતગુણાં છે. અને સ્વસ્થાનમાં પરસ્પર તુલ્ય છે. તેના કરતાં માત્ર ઉપરના ભાગમાં રહેલાં ત્રણસમયના કાલવાળાં યોગસ્થાનકો અસંખ્યાતગુણાં છે અને તેના કરતાં પણ ઉપર રહેલાં બે સમયના કાલવાળાં યોગસ્થાનકો અસંખ્યાત ગુણાં છે. આ પ્રમાણે અલ્પબહુત્વ જાણવું. ॥ ૧૩ ॥

***અવતરણ :- ચાર-પાંચ આદિ સમય રહેનારાં યોગસ્થાનકોનું અલ્પબહુત્વ કહ્યું. હવે સર્વે પણ જીવોમાં વર્તતો તે યોગ જઘન્ય ક્યાં હોય ? અને ઉત્કૃષ્ટ યોગ ક્યાં હોય ? તે જણાવવા માટે જીવસ્થાનકોમાં જઘન્યયોગનું અને ઉત્કૃષ્ટ યોગનું અલ્પબહુત્વ જણાવે છે.***

**सव्वत्थोवो जोगो, साहारण सुहुमपढमसमयम्मि ।**
**बायरबियतियचउर, मणसन्नपज्जत्तगजहन्नो ॥ १४ ॥**

ગાથાર્થ- સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ એકેન્દ્રિય જીવનો ઉત્પત્તિના પ્રથમ સમયમાં જે યોગ છે તે સર્વથી અલ્પ છે. તેના કરતાં બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞિપંચેન્દ્રિય અને સંજ્ઞિ પંચેન્દ્રિય લબ્ધિ અપર્યાપ્તાનો જઘન્યયોગ અનુક્રમે (અસંખ્યાતગુણો) હોય છે ॥ ૧૪ ॥

**વિવેચન**- આ ગાથામાં "અસંખ્યાતગુણ" શબ્દ મૂલમાં નથી. તો પણ આગળ ગયેલી મૂલગાથામાં કહેલો શબ્દ અહીં સંબંધ ધરાવે છે. અર્થાત્ તેની આ ગાથામાં અનુવૃત્તિ લાવવી.

તે કારણથી સાધારણ સૂક્ષ્મએકેન્દ્રિય, લબ્ધિઅપર્યાપ્તા, ઉત્પત્તિના પ્રથમસમયમાં વર્તતા જીવનો જઘન્યયોગ સૌથી અલ્પ છે. તેના કરતાં લબ્ધિઅપર્યાપ્તા બાદરએકેન્દ્રિય જીવનો ઉત્પત્તિના પ્રથમસમયમાં વર્તતાનો જઘન્યયોગ અસંખ્યાત ગુણ છે. તેના કરતાં લબ્ધિ અપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તતા બેઇન્દ્રિય જીવનો જઘન્યયોગ અસંખ્યાતગુણ છે.

તેના કરતાં લબ્ધિઅપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમસમયમાં વર્તતા તેઇન્દ્રિયજીવનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તેના કરતાં લબ્ધિઅપર્યાપ્તા-ઉત્પત્તિના પ્રથમસમયમાં વર્તતા ચઉરિન્દ્રિય જીવનો જઘન્યયોગ અસંખ્યાતગુણ છે તેના કરતાં લબ્ધિ અપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમ સમયવર્તી અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. તેના કરતાં લબ્ધિ અપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તતા સંજ્ઞિપંચેન્દ્રિય જીવનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ છે. આ પ્રમાણે સાતે પ્રકારના લબ્ધિઅપર્યાપ્તા જીવોનો ઉત્પત્તિના પ્રથમસમયમાં યોગ અનુક્રમે અસંખ્યાત ગુણ અધિક અધિક જાણવો. આ પ્રમાણે સાત બોલ સમજાવ્યા. બીજા જીવોના યોગની વાત આગળની ગાથામાં કહેવામાં આવશે. ॥૧૪ ॥

*અવતરણ :- ત્યાર પછી બીજા જીવભેદોમાં અલ્પબહુત્વ આ પ્રમાણે છે-*

**आइदुगुक्कोसो सिं, पज्जत्तजहन्नगेयरो य कमा ।**
**उक्कोस जहन्नियरो, असमत्तियरे असंखगुणो ॥ १५ ॥**

ગાથાર્થ- પ્રથમના બે જીવસ્થાનકોનો ઉત્કૃષ્ટ યોગ, ત્યારબાદ તે જ બે જીવસ્થાનકોના પર્યાપ્તાનો જઘન્ય અને પર્યાપ્તાનો ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યાતગુણ છે તેના કરતાં શેષ અપર્યાપ્તા જીવોનો ઉત્કૃષ્ટ યોગ અને પર્યાપ્તાનો જઘન્ય તથા પર્યાપ્તાનો ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યાતગુણ જાણવો ॥ ૧૫ ॥

**વિવેચન-** જીવોમાં યોગનું અલ્પબહુત્વ સમજાવવાનું જે ચાલુ છે તે સમજાવે છે. પાછલી ગાથામાં કહેલા સાત બોલમાં છેલ્લો બોલ સંજ્ઞી પંચેન્દ્રિય લબ્ધિ અપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમસમયમાં વર્તતા જીવનો જઘન્ય યોગ જે કહ્યો છે. તેનાથી आइदुग = પ્રથમના બે જીવભેદો નો उक्कोसो ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યાતગુણ કહેવો તેના કરતાં सिं = તે જ બે જીવભેદોનો पज्जत्त= પર્યાપ્તાનો जहन्नगेयरो = જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગ कमा = અનુક્રમે અસંખ્યાતગુણો કહેવો એટલે સૂક્ષ્મએકેન્દ્રિય અને બાદર એકેન્દ્રિય આ બન્ને જીવભેદોના અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટયોગ, તથા આ જ બે જીવભેદોના પર્યાપ્તાનો જઘન્ય અને ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યાતગુણ કહેવો.

સારાંશ કે आइदुग = અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય અને અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય લક્ષણવાળા આ બન્ને જીવભેદોનો उक्कसो ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યાતગુણો કહેવો તે આ પ્રમાણે-

લબ્ધિ અપર્યાપ્તા સંજ્ઞિપંચેન્દ્રિયના જઘન્યયોગથી (સાતમા બોલથી) લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદીયા જીવનો ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યાતગુણ જાણવો ૮, તેના કરતાં લબ્ધિ અપર્યાપ્તા બાદર એકેન્દ્રિયજીવનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણ જાણવો ૯, તેના કરતાં सिं = આ બન્ને જીવભેદોનો = સૂક્ષ્મએકેન્દ્રિય અને બાદર એકેન્દ્રિય पज्जत्त પર્યાપ્તાનો જઘન્ય યોગ અનુક્રમે અસંખ્યાતગુણ જાણવો, તે આ પ્રમાણે-

લબ્ધિ અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય જીવના ઉત્કૃષ્ટ યોગથી પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયજીવનો જઘન્યયોગ અસંખ્યાત ગુણ જાણવો ૧૦. તેના કરતાં પર્યાપ્તા બાદર એકેન્દ્રિયજીવનો જઘન્યયોગ અસંખ્યાતગુણ જાણવો ૧૧. તેના કરતાં પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણ જાણવો ૧૨. તેના કરતાં પર્યાપ્તા બાદર એકેન્દ્રિય જીવનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણ જાણવો ૧૩. (આમ કુલ ૭+૬= ૧૩ બોલ થયા.)

તે બાદર એકેન્દ્રિય પર્યાપ્તાના ઉત્કૃષ્ટયોગ કરતાં असमत्त=એટલે અપર્યાપ્તા જીવો. (અહીં અપર્યાપ્તા ક્યા જીવો લેવા ? એવું ગાથામાં સ્પષ્ટ કહ્યું નથી તો પણ) બેઇન્દ્રિય વિગેરે જીવો લેવાનું પરિશેષથી ( અધ્યાહરથી) જણાય છે. કારણ કે એકેન્દ્રિય સર્વજીવો આવી ગયા છે.

असमत्त = તે એટલે પરિશેષથી ત્રસજીવો જ લેવાના રહે છે. અપર્યાપ્તા બેઇન્દ્રિયાદિ જીવોમાં ઉત્કૃષ્ટયોગ, તથા असमत्तियरे શબ્દમાં જે ઇતર જીવો = અર્થાત્ પર્યાપ્તા બેઇન્દ્રિયાદિ જે જીવો છે. તેનો "जहन्नियरो" જઘન્યયોગ અને ઇતરયોગ=(ઉત્કૃષ્ટયોગ) અનુક્રમે અસંખ્યાત ગુણ જાણવો, તે આ પ્રમાણે:-

પર્યાપ્ત બાદર એકેન્દ્રિયના ઉત્કૃષ્ટયોગથી લબ્ધિ અપર્યાપ્ત બેઇન્દ્રિયજીવનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ ૧૪, તેના કરતાં લબ્ધિ અપર્યાપ્ત તેઇન્દ્રિય જીવનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણો ૧૫, તેના કરતાં લબ્ધિ અપર્યાપ્ત ચઉરિન્દ્રિયજીવનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણો ૧૬, તેના કરતાં લબ્ધિ અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયજીવનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણો ૧૭, તેના કરતાં લબ્ધિ અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયજીવનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૧૮, આમ પાંચ બોલ કરવા . (૧૩ + ૫ = ૧૮)

તે સંજ્ઞી અપર્યાપ્તાનાં ઉત્કૃષ્ટયોગ કરતાં અનુક્રમે લબ્ધિ પર્યાપ્ત બેઇન્દ્રિયનો, લબ્ધિ પર્યાપ્ત તેઇન્દ્રિયનો તથા લબ્ધિપર્યાપ્ત ચઉરિન્દ્રિયનો, લબ્ધિપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો અને લબ્ધિપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયનો જઘન્યયોગ અનુક્રમે અસંખ્યાતગુણ- અસંખ્યાતગુણ જાણવો. (૧૮+૫= ૨૩)

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના જઘન્યયોગ કરતાં બેઇન્દ્રિય પર્યાપ્તાનો, તેઇન્દ્રિય પર્યાપ્તાનો તથા ચઉરિન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યાતગુણ જાણવો (૨૩ + ૩ = ૨૬) આમ કુલ છવીસબોલનું આ અલ્પબહુત્વ સમજાવ્યું, પર્યાપ્તાઅસંજ્ઞીપંચેન્દ્રિય અને પર્યાપ્તાસંજ્ઞી-પંચેન્દ્રિય આ બે બોલ બાકી છે. જે ૧૬ મી ગાથામાં આવે જ છે. ॥૧૫॥

**अमणाणुत्तरगेविज्ज, भोगभूमिगय तइयतणुगेसु ।**
**कमसो असंखगुणिओ, सेसेसु य जोग उक्कोसो ॥ १६ ॥**

**ગાથાર્થ**- અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનો યોગ તથા અનુત્તરવાસી દેવનો યોગ, ગ્રૈવેયકવાસી દેવનો યોગ, તેના કરતાં યુગલિક જીવોનો યોગ, તેના કરતાં ત્રીજા આહારક શરીર વાળાનો યોગ. તેના કરતાં શેષ સર્વસંજ્ઞી પં.પ. જીવોનો યોગ અનુક્રમે અનુક્રમે અસંખ્યાતગુણ-અસંખ્યાતગુણ જાણવો ॥૧૬॥

**વિવેચન**- લબ્ધિ પર્યાપ્ત બેઇન્દ્રિય-તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોના ઉત્કૃષ્ટ યોગ કરતાં અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણ જાણવો ૨૭. તેના કરતાં અનુત્તરવાસી દેવોનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાત ગુણ જાણવો ૨૮. તેના કરતાં પણ ગ્રૈવેયક દેવોનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાત ગુણ જાણવો ૨૯. તેના કરતાં ભોગભૂમિગત એટલે કે યુગલિક તિર્યંચ અને મનુષ્યોનો યોગ અસંખ્યાતગુણ ૩૦. તેના કરતાં ત્રીજું જે શરીર, તે આહારક શરીર, આ શરીર વર્તે છે જે જીવોને, તે ત્રીજા શરીરવાળા જીવોનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ૩૧. તેના કરતાં બાકી રહેલા તમામ સંજ્ઞીપંચેન્દ્રિય = દેવ-નારકી-તિર્યંચ અને મનુષ્યનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ સમજવો ૩૨. (૨૬+૬= ૩૨)

અહીં બધાજ બોલમાં જે અસંખ્યાતગુણ કહેવામાં આવ્યું છે તે સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમયની રાશિપ્રમાણ સમજવું. તથા પર્યાપ્તા પણ સર્વસ્થાનોમાં કરણપર્યાપ્તા લેવા. આમ આ કુલ ૩૨ બોલનું યોગસંબંધી અલ્પબહુત્વ સમજાવ્યું ॥૧૬॥

*અવતરણ :- ઘણાજ વિસ્તાર સાથે આ પ્રમાણે યોગની પ્રરૂપણા કરી. હવે આ યોગ દ્વારા જીવ જે કાર્ય કરે છે તે કાર્ય સમજાવે છે-*

**जोगेहिं तयणुरूवं, परिणमइ गिण्हिउण पंचतणू ।**
**पाउग्गे चालंबइ, भासाणुमणत्तणे खंधे ॥ १७ ॥**

**ગાથાર્થ-** આ યોગવડે યોગને અનુકૂલ પાંચ પ્રકારનાં શરીર પ્રાયોગ્ય પુદ્ગલોનું આ જીવ ગ્રહણ કરે છે. તથા ભાષા શ્વાસોશ્વાસ અને મન પ્રાયોગ્ય પુદ્ગલસ્કંધોનું ગ્રહણ પણ કરે છે તથા ગ્રહણ કરીને આલંબન પણ લે છે. (આલંબન લઈને વિસર્જન પણ કરે છે) ॥૧૭॥

**વિવેચન-** ઉપરની અનન્તર ત્રણ ચાર ગાથાઓમાં સમજાવેલા યોગ વડે તેને અનુરૂપ એટલે કે યોગને અનુરૂપ પુદ્ગલો આ જીવ ગ્રહણ કરે છે. ભાવાર્થ આમ છે કે જઘન્યયોગમાં વર્તતો જીવ થોડા પુદ્ગલોને, મધ્યમયોગમાં વર્તતો જીવ મધ્યમપુદ્ગલોને અને ઉત્કૃષ્ટ યોગમાં વર્તતો જીવ ઉત્કૃષ્ટ (ઘણાં જ) પુદ્ગલ સ્કંધોને અનુક્રમે ગ્રહણ કરે છે.

આ પ્રમાણે પ્રાયોગ્ય એટલે કે ઔદારિકાદિ પાંચ શરીરોને યોગ્ય खंधे = સ્કંધોને એટલે પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરીને તે તે શરીર રૂપે આ જીવ પરિણમાવે છે. અહીં "पंचतणु" આવો શબ્દ ગાથામાં જે મુક્યો છે તે ભાવની પ્રધાનતાવાલો નિર્દેશ છે માટે पंचतणु શબ્દનો અર્થ पञ्चतणुतया પાંચ શરીર સ્વરૂપે પરિણમાવે છે આવો અર્થ કરવો. તથા ભાષાને યોગ્ય શ્વાસોશ્વાસને યોગ્ય અને મનને યોગ્ય પુદ્ગસ્કંધોને ( તે તે વર્ગણાને) પહેલાં તો ગ્રહણ કરે છે. અને ગ્રહણ કરીને ભાષાદિ સ્વરૂપે પરિણમાવે છે અને ભાષાદિ રૂપે પરિણમાવીને તેને છોડવા માટે જોઈતા સામર્થ્યવિશેષની સિદ્ધિ માટે તે જ પુદ્ગલસ્કંધોનુ આ જીવ આલંબન લે છે.

તેથી તે જ પુદ્ગલસ્કંધોના આલંબનથી (ટેકાથી) પ્રગટ થયું છે સામર્થ્યવિશેષ જેને એવો આ જીવ તે જ પુદ્ગલ સ્કંધોને છોડે છે તેના આલંબન વિના વિસર્જન કરી શકતો નથી. જેમકે બીલાડી પોતાના શરીરના અવયવોનો ( જે સ્થાનમાં દૂધ વિગેરે પદાર્થ છે. ત્યાં) ઉપર જવાની ઈચ્છાવાળી થઈ છતી સંકોચ કરીને તે સંકોચ કરવાથી ઉત્પન્ન થયેલા વીર્ય વડે શરીર છોડવા માટેના વીર્યવિશેષ માટે શરીરનું જ આલંબન લે છે. (એટલે કે)

સ્થિરતાથી ઉપર કુદકો મારવાનું મનમાં વિચારે છે. ત્યારબાદ તેના આલંબનથી ઉત્પન્ન થઈ છે શક્તિવિશેષ જેને એવી તે બીલાડી પોતાનાં તે શારીરિક અંગોને ઉપર નાખવા સમર્થ બને છે. આવા પ્રકારનું આલંબન લીધા વિના શરીરના અવયવો ઉપર નાખવા તે બીલાડી સમર્થ બનતી નથી.

કારણ કે સંસારી તમામ જીવોમાં નિમિત્તભૂત દ્રવ્યના આલંબને જ વીર્ય પ્રગટ થાય છે આવા પ્રકારનું શાસ્ત્રવચન પ્રમાણ હોવાથી આ જેમ થાય છે તેમ અહીં પણ ભાષા. શ્વાસ અને મનના ગ્રહણ આલંબન અને મુંચનમાં પણ વીર્યની વૃદ્ધિમાં તે જ પુદ્‌ગલોનું આલંબન કારણ સમજવું ।।૧૭।।

***અવતરણ :- ઉપરની ગાથામાં ગ્રહણ પ્રાયોગ્ય પુદ્‌ગલ સ્કંધોને આ જીવ પ્રથમ ગ્રહણ કરે છે આલંબન લે છે. આમ કહ્યું ત્યાં પ્રશ્ન થાય છે કે ગ્રહણ પ્રાયોગ્ય પુદ્‌ગલ સ્કંધો ક્યા ? અને અગ્રહણપ્રાયોગ્ય પુદ્‌ગલ સ્કંધો ક્યા ? આવી વાત જાણવાની જિજ્ઞાસાવાળી શિષ્યની શંકા થયે છતે હવે ગુરુજી ગ્રહણપ્રાયોગ્ય અને અગ્રહણપ્રાયોગ્ય પુદ્‌ગલોની વર્ગણાઓ સમજાવે છે-***

**परमाणुसंखऽसंखाऽणंतपएसा अभव्वणंतगुणा ।**
**सिद्धाणंत भागो, आहारगवग्गणा तितणु ॥ १८ ॥**

**ગાથાર્થ-** પરમાણુ, સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અને અનંતપ્રદેશી વર્ગણાઓ કરતાં કરતાં યાવત્ અભવ્યથી અનંતગુણા અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ પરમાણુઓની વર્ગણાઓ થાય છે તે પ્રથમનાં ત્રણ શરીરને ગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ થાય છે ॥ ૧૮ ॥

**વિવેચન-** એક એક પરમાણુ સ્વરૂપથી પ્રારંભીને સંખ્યાત પ્રદેશોવાળી, અસંખ્યાત પ્રદેશોવાળી, અને અનંતપ્રદેશોવાળી વર્ગણાઓ થાય છે. ભાવાર્થ આ પ્રમાણે છે.

એક એક જે પરમાણુ છે. તે પરમાણુવર્ગણા કહેવાય છે. જો કે અહીં **वर्गणा** શબ્દ સમુદાયવાચી છે. એટલે એક એક પરમાણુનો જે સમૂહ તે વર્ગણા આમ અર્થ કરવો જોઈએ. પરંતુ અહીં સમુદાયવાચી એવો અર્થ ન કરતાં વર્ગણા થવાની એટલે કે સમુદાય રૂપે થવાની યોગ્યતા એવો અર્થ ગ્રહણ કરીને પાઠનો સમન્વય કરવો.

એક એક પરમાણુ તે સમુદાય નથી તો પણ તેમાં વર્ગણા શબ્દનો પ્રયોગ તે પરમાણુઓમાં અનેક પર્યાયો પામવાપણું છે, તેને આશ્રયી જાણવો, આમ પૂર્વાચાર્ય મહાત્મા પુરુષો કહે છે. જો પરમાણુઓનો સમૂહ તે પરમાણુવર્ગણા આમ છઠ્ઠી સમાસ કરીને વર્ગણા શબ્દની વિવક્ષા કરીએ તો આ જગતમાં જે કોઈ છુટા છુટા પરમાણુઓ છે તે સર્વેનો સમુદાય તે વર્ગણા કહેવાય આવો અર્થ થાય, તેમ થયે છતે તે વર્ગણા ચૌદરાજલોક પ્રમાણ થઈ

જાય કારણ કે છુટા છુટા પરમાણુઓ તો ચૌદે રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. તેથી પરમાણુવર્ગણા દ્વયણુકવર્ગણા ત્ર્યણુકવર્ગણા આમ સર્વે પણ વર્ગણાઓ ચૌદ રાજલોક પ્રમાણ થઈ જાય અને શાસ્ત્રોમાં તો વર્ગણાની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કહી છે તે કારણથી તે અર્થ બરાબર નથી. કારણ કે સમુદાય રૂપે પરમાણુઓ તો સર્વલોકમાં વ્યાપ્ત છે.

તે કારણથી એક એક જે પરમાણુ છે. તે જ પરમાણુવર્ગણા કહેવાય છે આવી વર્ગણાઓ અનન્તી છે. અને સર્વે પણ વર્ગણાઓ મળીને ચૌદ રાજલોક પ્રમાણ થાય છે. આ પ્રમાણે દ્વયણુકવર્ગણા ત્ર્યણુકવર્ગણા એમ સર્વે પણ વર્ગણાઓ અનંતી અનંતી જાણવી, અને તે વર્ગણાઓનો સમૂહ સકલ લોકાકાશમાં વ્યાપ્ત છે આમ જાણવું.

તથા ત્રણ પરમાણુઓના સમુદાયરૂપ ત્રિપરમાણુ વર્ગણા પણ અનંતી છે અને લોકાકાશવ્યાપી છે. આજ પ્રમાણે ઉત્તરોત્તર (પછી પછીની વર્ગણાઓ) ચતુષ્પ્રદેશી-પંચપ્રદેશી વર્ગણાઓ એમ સંખ્યાત પરમાણુઓથી બનેલી સંખ્યાતી વર્ગણા પણ જાણવી.

અસંખ્યાત પરમાણુઓની બનેલી અસંખ્યાતી વર્ગણા પણ આ પ્રમાણે જાણવી. અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ હોવાથી આ વાત પણ સંગત છે. તથા અનંત પરમાણુઓની બનેલી યથોત્તર વૃદ્ધિથી વૃદ્ધિ પામેલી અનંતી વર્ગણાઓ જાણવી. કારણ કે અનંતાના અનંતા ભેદ હોય છે માટે.

મૂલથી પ્રારંભીને (એટલે કે પરમાણુ વર્ગણાથી પ્રારંભીને) આ સર્વે પણ વર્ગણાઓ (જીવને ગ્રહણ કરવામાં જેટલા પરમાણુ જોઈએ તેના કરતાં) અલ્પપરમાણુઓની બનેલી છે. અને અલ્પ પરમાણુઓથી બનેલી હોવાથી સ્થૂલપરિણામવાળી છે. (રૂના ઢગલા જેવી છે.) આ કારણથી જીવો દ્વારા ગ્રહણ પ્રાયોગ્ય નથી. (જીવને ગ્રહણ પ્રાયોગ્ય જે અનંતપરમાણુઓની રાશિ છે. તેનાથી પૂર્વની) આ સર્વે પણ વર્ગણાઓ ગ્રહણ પ્રાયોગ્ય કહેવાતી નથી. અર્થાત્ અગ્રહણપ્રાયોગ્ય કહેવાય છે.

પરંતુ જ્યારે અભવ્યજીવોની રાશિથી અનંતગુણા અને સિદ્ધ ભગવંતોની જે રાશિ છે. તેનાથી અનંતમા ભાગતુલ્ય એવા અનંતા પરમાણુઓની બનેલી જે વર્ગણા છે. તે વર્ગણાઓ આહારકવર્ગણા (એટલે કે આહાર કરવો અર્થાત્ ગ્રહણ કરવું તે આહાર, તેને યોગ્ય) એટલે કે ગ્રહણ કરવાને યોગ્ય વર્ગણા તે આહારકવર્ગણા થાય છે.[1]

આ વર્ગણાઓ હવે ગ્રહણ પ્રાયોગ્ય થાય છે. તો પ્રશ્ન થાય છે કે ક્યા વિષયરૂપે ગ્રહણ થાય છે ? તો ગ્રંથકારશ્રી જણાવે છે કે "तितणु" પ્રારંભનાં ત્રણ શરીર = ઔદારિક

૧. આહારક વર્ગણાનો અર્થ ત્રીજા નંબરની વર્ગણા એવો અર્થ ન કરવો પરંતુ આહાર કરવા યોગ્ય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય વર્ગણા આવો અર્થ કરવો.

વૈક્રિય અને આહારક આમ પ્રથમનાં ત્રણ શરીર રૂપે ગ્રહણ કરવાના વિષયવાળી આ વર્ગણાઓ જાણવી.

પરમાણુથી પ્રારંભીને અભવ્યથી અનંતગુણ ન થાય ત્યાં સુધીની તમામ વર્ગણાઓ અગ્રહણપ્રાયોગ્ય છે. આમ જાણવું. તથા અભવ્યથી અનંતગુણ અને સિદ્ધ પરમાત્માથી અનંતમાભાગની સંખ્યાવાળા પરમાણુઓની બનેલી જે વર્ગણા છે. તે ઔદારિક શરીરરૂપે ગ્રહણ કરવા લાયક જઘન્ય વર્ગણા જાણવી.[1]

આ જ પ્રમાણે આગળ આગળ વૈક્રિય શરીર પ્રાયોગ્ય અને આહારકશરીર પ્રાયોગ્ય વર્ગણાઓ પણ જાણવી. ॥ ૧૮ ॥

**अग्गहणंतरियाओ, तेयग भासामणे य कम्मे य ।**
**धुवअधुवअच्चित्ता, सुन्ना चउ अंतरेसु प्पिं ॥ १९ ॥**

**पत्तेगतणुसु बायर, सुहुमनिगोए तहा महाखंधे ।**
**गुणनिप्फन्नसनामो, असंखभागमंगुलमवगाहो ॥ २० ॥**

**ગાથાર્થ**- અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ વચ્ચે વચ્ચે છે જેને એવી ઉપર કહેલી ઔદારિકાદિ ત્રણ તથા તૈજસ-ભાષા-મન અને કાર્મણ વર્ગણા જાણવી. ( य એટલે च શબ્દથી શ્વાસોશ્વાસ વર્ગણા પણ જાણવી.) તથા ધ્રુવાચિત્ત, અધ્રુવાચિત્ત, ચાર શૂન્ય વર્ગણાઓ તેના આંતરમાં પ્રત્યેક શરીર વર્ગણા, બાદરનિગોદવર્ગણા, સૂક્ષ્મનિગોદ વર્ગણા તથા અચિત્ત મહાસ્કંધ વર્ગણા જાણવી. આ સર્વે પણ વર્ગણાઓ ગુણથી બનેલા નામવાળી છે. અને અંગુલના અસંખ્યાતના ભાગમાં અવગાહનાવાળી છે. ॥૧૯-૨૦॥

**વિવેચન**- ઔદારિક આદિ આ ત્રણ વર્ગણા (કે જે ઉપરની ગાથામાં સમજાવવામાં આવી છે. તે) તથા તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા અને કાર્મણવર્ગણા. (તથા ગાથામાં લખેલા य એટલે च શબ્દથી સંગ્રહીત કરાયેલી શ્વાસોશ્વાસવર્ગણા). આમ કુલ આઠ વર્ગણાઓ જાણવી. તે આઠે વર્ગણાઓ અગહણપ્રાયોગ્ય વર્ગણાઓથી અંતરિત એવી ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ છે. આમ જાણવું.

અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ તુલ્ય પરમાણુઓના સમુદાય સ્વરૂપ જે વર્ગણા થાય છે. તે વર્ગણા ઔદારિક શરીર બનાવવા માટે ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા

૧. પાંચમા કર્મગ્રંથમાં પૂજયપાદ શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજશ્રીએ પરમાણુઓના સમૂહને, દ્વ્યણુકના સમૂહને વર્ગણા કહી છે આમ સમાન સ્કંધોનો જે સમુદાય તે વર્ગણા કહી છે. અને અહીં એક એક પરમાણુને વર્ગણા કહી. તથા એક એક દ્વ્યણુકાદિ સ્કંધને વર્ગણા કહી. તે બન્નેના અભિપ્રાયો ભિન્ન ભિન્ન હોય એમ લાગે છે. તત્ત્વકેવલિગમ્ય જાણવું

થાય છે. આમ જાણવું. અને ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં આ વર્ગણા સૌથી અલ્પ-પરમાણુઓની બનેલી છે. તે માટે ગ્રહણપ્રાયોગ્ય જઘન્ય ઔદારિક વર્ગણા કહેવાય છે. (ગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓમાં સૌથી અલ્પમાં અલ્પ પરમાણુઓની બનેલી આ વર્ગણા છે.)

તેના કરતાં એક પરમાણુ અધિક છે જેમાં એવા પુદ્ગલ સ્કંધોની બનેલી બીજી ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા જાણવી. બે પરમાણુ અધિક છે જેમાં તેવા સ્કંધસ્વરૂપ ત્રીજીવર્ગણા જાણવી. આ પ્રમાણે એક એક પરમાણુ અધિક અધિક છે જેમાં એવા સ્કંધસ્વરૂપ વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે યાવત્ ઔદારિક શરીર પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા થાય. જઘન્ય ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા વિશેષાધિક જાણવી.

**પ્રશ્ન** :- વિશેષાધિક એટલે કેટલી જાણવી.

**ઉત્તર** :- વિશેષાધિક એટલે કે તે જ વર્ગણાનો અનન્તમો ભાગ અધિક જાણવો. સારાંશ કે ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણામાં જે જઘન્યવર્ગણા છે. તેનો અનન્તમો ભાગ તેમાં ઉમેરીએ ત્યારે છેલ્લી જે વર્ગણા થાય છે તે ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા થાય છે. આ સૌથી પ્રથમ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ થઈ. જેનું નામ ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા કહેવાય છે.

ત્યારબાદ ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધોવાળી જે વર્ગણા તે ઔદારિક અગ્રહણપ્રાયોગ્ય વર્ગણા કહેવાય છે. અને અગ્રહણપ્રાયોગ્ય વર્ગણામાં આ સૌથી જઘન્યવર્ગણા જાણવી. તેના કરતાં બે પરમાણુ છે અધિક જેમાં એવા સ્કંધરૂપ બીજી અગ્રહણપ્રાયોગ્ય વર્ગણા જાણવી.

આ પ્રમાણે એક એક પરમાણુ અધિક અધિક છે જેમાં એવા સ્કંધોની બનેલી અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે યાવત્ ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા થાય. તે ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા જઘન્યવર્ગણાથી અનન્તગુણી છે. આ ગુણાકાર અભવ્ય જીવોથી અનંતગુણ પ્રમાણવાળો તથા સિદ્ધના અનંતમાભાગ પ્રમાણવાળો જ સમજવો. આટલી વર્ગણાઓ જે અગ્રહણપ્રાયોગ્ય બની છે. તેનું કારણ એ છે કે ઔદારિક શરીર બનાવવામાં જેટલા પરમાણુ પુદ્ગલો જોઈએ તેના કરતાં અધિક પરમાણુઓથી આ વર્ગણાઓ બનેલી છે. તથા ઔદારિક શરીર માટે જેવો પરિણામ જોઈએ. તેના કરતાં વધારે સૂક્ષ્મપરિણામ આ વર્ગણાઓનો થયેલો છે. તેથી ઔદારિક શરીર માટે આ વર્ગણાઓ ગ્રહણ પ્રાયોગ્ય થતી નથી. તથા વૈક્રિય શરીરની રચના કરવા માટે આ વર્ગણાઓ વૈક્રિય શરીર બનાવવા માટે જેટલા પરમાણુઓ જોઈએ તેની અપેક્ષાએ અતિશય અલ્પ પરમાણુઓથી બનેલી છે

અને વૈક્રિયની અપેક્ષાએ સ્થૂલ પરિણામવાળી છે તેથી વૈક્રિય શરીર માટે પણ અયોગ્ય છે. આગળ પણ અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ જ્યાં આવે ત્યાં સર્વત્ર આ કારણ જ જાણવું.

આ પ્રમાણે ઔદારિક શરીરને માટે અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા પુદ્ગલ સ્કંધોની બનેલી જે વર્ગણા તે વૈક્રિય શરીર પ્રાયોગ્ય જઘન્ય વર્ગણા જાણવી. તેનાથી બે-ત્રણ-ચાર પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધોની બનેલી જે વર્ગણા તે બીજી-ત્રીજી-ચોથી વૈ.ગ્ર.પ્રા. વર્ગણા જાણવી. આ પ્રમાણે એક એક પરમાણુ અધિક છે જેમાં એવી વૈક્રિયશરીર બનાવવા માટેની ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે યાવત્ ઉત્કૃષ્ટ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા આવે. તે ઉત્કૃષ્ટ વર્ગણા જઘન્યવર્ગણાથી વિશેષાધિક છે વિશેષાધિક એટલે તે જઘન્યવર્ગણાનો જ અનંતમો ભાગ અધિક સમજવો.

વૈક્રિયશરીરને ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધ રૂપ જે વર્ગણા છે તે વૈક્રિય માટે અગ્રહણ પ્રાયોગ્ય જઘન્ય વર્ગણા છે. તેનાથી બે પરમાણુ અધિક સ્કંધોવાળી બીજી વૈક્રિય અગ્રહણપ્રાયોગ્ય વર્ગણા છે. આ પ્રમાણે એક-એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધોવાળી અગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે યાવત્ ઉત્કૃષ્ટ અગ્રહણપ્રાયોગ્ય વર્ગણા થાય. તે અગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ જઘન્ય વર્ગણાથી અનંતગુણ છે. ગુણાકાર અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતભાગતુલ્ય સમજવો.

આ પ્રમાણે વૈક્રિય અગ્રહણપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ જે વર્ગણા તે આહારક શરીરને ગ્રહણ પ્રાયોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. અને તે વર્ગણા જઘન્યવર્ગણા કહેવાય છે.

તેનાથી બે પરમાણુ અધિક સ્કંધરૂપ જે વર્ગણા તે આહારકગ્રહણપ્રાયોગ્ય બીજી વર્ગણા જાણવી. આ પ્રમાણે એક એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કન્ધરૂપ આહારક ગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે યાવત્ આહારકગ્રહણપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા આવે. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા જઘન્ય વર્ગણાના અનન્તમા ભાગે અધિક છે. આમ જાણવું

આહારકશરીરને ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એક પરમાણુ અધિક સ્કંધસ્વરૂપ જે વર્ગણા છે તે આહારક શરીરને અગ્રહણ પ્રાયોગ્ય જઘન્ય વર્ગણા છે. તેના કરતાં એક એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ અગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે યાવત્ ઉત્કૃષ્ટ અગ્રહણપ્રાયોગ્ય વર્ગણા આવે. જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા અભવ્યથી અનંતગુણ અને સિદ્ધભગવંતોથી અનંતમાભાગ પ્રમાણ વડે અધિક છે.

અહીં ચૂર્ણિકાર વિગેરે આચાર્યભગવંતો ઔદારિક વૈક્રિય અને આહારક આ ત્રણ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓની વચ્ચે વચ્ચે અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા ઇચ્છતા નથી. પરંતુ

આવશ્યક ભાષ્ય તથા કર્મગ્રંથ આદિ અન્ય ગ્રન્થોમાં વચ્ચે વચ્ચે આ અગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ પણ ઇચ્છાય છે. મનાયેલી છે. તેથી પ્રસિદ્ધ મત પ્રમાણે તેઓના મતે આ વર્ગણાઓ અમે સમજાવેલી છે.

આહારક શરીરને અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ તૈજસ શરીર પ્રાયોગ્ય જઘન્યવર્ગણા થાય છે. તેનાથી એક એક પરમાણુ અધિક સ્કંધરૂપ તૈજસ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે તૈજસ ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા આવે.

તેના કરતાં એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધવાળી જે વર્ગણા તે તૈજસ અગ્રહણપ્રાયોગ્ય જઘન્ય વર્ગણા જાણવી. તેનાથી એક એક પરમાણુ અધિક અધિક હોય તેવા સ્કંધસ્વરૂપ અગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ યાવત્ ઉત્કૃષ્ટવર્ગણા આવે ત્યાં સુધી કહેવું. આ અગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ અભવ્યથી અનંતગુણ અને સિદ્ધભગવંતોથી અનંતમા ભાગ પ્રમાણવાળી અનંત સંખ્યાવડે ગુણાકારવાળી જાણવી.

તે ઉત્કૃષ્ટ અગ્રહણપ્રાયોગ્ય તૈજસ વર્ગણાથી એક પરમાણુ છે અધિક જેમાં એવા સ્કંધસ્વરૂપ જે વર્ગણા છે. તે જઘન્ય ભાષાવર્ગણા સમજવી. કે જે પુદ્ગલોને ગ્રહણ કરીને સંસારીજીવો સત્ય-અસત્ય આદિ ભાષા પણે પરિણમાવીને તેનું જ આલંબન લઇને આ જીવ વિસર્જન કરે છે. તેના કરતાં એક-બે પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધ રૂપ ગ્રહણપ્રાયોગ્ય ભાષા વર્ગણા ત્યાં સુધી કહેવી કે યાવત્ ઉત્કૃષ્ટ ગ્રહણપ્રાયોગ્ય ભાષા વર્ગણા આવે.

તેનાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધ રૂપ વર્ગણા. તે જઘન્ય અગ્રહણ-પ્રાયોગ્ય ભાષાવર્ગણા જાણવી. ત્યારબાદ એક એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ અગ્રહણ પ્રાયોગ્ય ભાષાવર્ગણા ત્યાં સુધી કહેવી કે ઉત્કૃષ્ટ અગ્રહણ પ્રાયોગ્ય ભાષા વર્ગણા આવે.

તેનાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધ રૂપ વર્ગણા તે જઘન્ય ગ્રહણ પ્રાયોગ્ય શ્વાસોશ્વાસ વર્ગણા જાણવી. જે પુદ્ગલોને ગ્રહણ કરીને જીવો શ્વાસોશ્વાસ રૂપે પરિણમાવીને તેનું જ આલંબન લઇને તેનું વિસર્જન કરે છે. ત્યારબાદ એક એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ ગ્રહણપ્રાયોગ્ય શ્વાસોશ્વાસ વર્ગણા ત્યાં સુધી કહેવી કે ઉત્કૃષ્ટ ગ્રહણ પ્રાયોગ્ય શ્વાસોશ્વાસ વર્ગણા આવે.

શ્વાસોશ્વાસની ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધોરૂપ જે વર્ગણા તે શ્વાસોશ્વાસ અગ્રહણ પ્રાયોગ્ય જઘન્ય વર્ગણા જાણવી. ત્યારબાદ એક

એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધોરૂપ જે શ્વાસોશ્વાસને અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા છે. તે યાવત્ શ્વાસોશ્વાસને અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા આવે ત્યાં સુધી જાણવું.

અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ શ્વાસોશ્વાસ વર્ગણાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ જે વર્ગણા છે. તે મનઃ પ્રાયોગ્ય જઘન્ય વર્ગણા જાણવી. કે જે પુદ્ગલોને ગ્રહણ કરીને આ જીવો સત્યમનયોગ-અસત્યમનયોગ ઇત્યાદિરૂપે પરિણમાવીને તે જ પુદ્ગલોનું આલંબન લઇને તેનું વિસર્જન કરે છે.[1]

તે વર્ગણા કરતાં એક-એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધો સ્વરૂપ ગ્રહણ પ્રાયોગ્ય મનની વર્ગણા ત્યાં સુધી કહેવી કે યાવત્ ઉત્કૃષ્ટ ગ્રહણ પ્રાયોગ્ય મનની વર્ગણા આવે. મનને ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધો સ્વરૂપ જે વર્ગણા તે અગ્રહણ પ્રાયોગ્ય મનની જઘન્ય વર્ગણા જાણવી. તેના કરતાં એક એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધો રૂપ મનની અગ્રહણપ્રાયોગ્ય વર્ગણા ત્યાં સુધી કહેવી કે યાવત્ અગ્રહણપ્રાયોગ્ય મનની ઉત્કૃષ્ટ વર્ગણા આવે.

તે અગ્રહણપ્રાયોગ્ય મનની ઉત્કૃષ્ટવર્ગણાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધોસ્વરૂપ જે વર્ગણા તે ગ્રહણપ્રાયોગ્ય જઘન્ય કાર્મણવર્ગણા જાણવી. જે પુદ્ગલોને ગ્રહણ કરીને આ જીવો તે પુદ્ગલોને જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય ઇત્યાદિ કર્મ રૂપે પરિણમાવે છે. તેના કરતાં એક એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ કર્મપ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે યાવત્ કર્મપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા આવે. ત્યારબાદ પૂર્વોક્ત ક્રમ પ્રમાણે અગ્રહણપ્રાયોગ્ય કાર્મણવર્ગણા પણ કહેવી.

ઉપર કહેલી સર્વે પણ વર્ગણાઓમાં ઉત્કૃષ્ટ ગ્રહણપ્રાયોગ્ય વર્ગણા, પોતાની જઘન્ય વર્ગણાના અનંતમા ભાગવિશેષ વડે પોતપોતાની જઘન્ય વર્ગણાથી અધિક અધિક જાણવી. અને અગ્રહણપ્રાયોગ્ય સર્વે પણ વર્ગણાઓમાં પોતપોતાની જઘન્ય વર્ગણાની અપેક્ષાએ અભવ્યથી અનંતગુણ અને સિદ્ધભગવંતોથી અનંતમા ભાગસ્વરૂપ જે રાશિ છે. તે રાશિના પ્રમાણવડે અનંત ગુણવાળી જાણવી.

---

**૧. ઔદારિકાદિ પાંચ શરીરપ્રાયોગ્ય પુદ્ગલોને જીવ ગ્રહણ કરે છે અને તે તે શરીરરૂપે પરિણમાવે છે. પણ પુદ્ગલોને છોડી મુક્તો નથી. પરંતુ બંધન નામકર્મ વડે તે તે શારીરિક પુદ્ગલોને આત્મપ્રદેશની સાથે એકાકાર કરે છે અને શરીરરૂપે ઉપભોગ કરે છે. જ્યારે ભાષા-શ્વાસ અને મનને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી, પરિણામાવીને. તેનું જ આલંબન લઇને તેનું વિસર્જન કરે છે. કારણ કે આત્માની માટે એકાકાર થવામાં કારણભૂત બંધનનામકર્મ તે વર્ગણાઓનું નથી તે કારણે તે વર્ગણાઓનું ગ્રહણ પરિણમન કરીને વિસર્જન જ કરે છે, પરંતુ સંગ્રહ કરતો નથી.**

"भासामणे य" આવા પ્રકારનો મૂલગાથાનો જે પાઠ છે તેમાં કહેલો च શબ્દ નહિ કહેલા અર્થનો સમુચ્ચય કરનાર છે આવા અર્થમાં છે. તેથી ભાષા વર્ગણાના કથન પછી અનન્તરપણે અગ્રહણપ્રાયોગ્ય વર્ગણાથી અન્તરિત એવી શ્વાસોશ્વાસ વર્ગણા પણ ગાથામાં નથી કહી તો પણ આ च શબ્દથી જાણી લેવી. અને આ આઠે વર્ગણાઓનું સ્વરૂપ સમજાવતાં અમે તે શ્વાસોશ્વાસ વર્ગણા પણ ત્યાં સમજાવેલી જ છે.

"कम्मे य"આ વાક્યમાં જે च શબ્દ છે. તે સર્વ સમુચ્ચય અર્થમાં છે. એટલે કે ઔદારિકથી કાર્મણ સુધીની કુલ આઠ વર્ગણા થઈ. હવે આ ઔદારિકાદિ વર્ગણાઓના વર્ણાદિ (વર્ણ ગ્રંથ રસ અને સ્પર્શ) પ્રસંગના વશથી કહેવાય છે.

પ્રારંભની ઔદારિક - વૈક્રિય અને આહારક આ ત્રણ વર્ગણાઓ પાંચ વર્ણવાળી, બે ગંધવાળી, પાંચ રસવાળી અને આઠસ્પર્શવાળી છે. જોકે કોઈ પણ એક પરમાણુમાં એક જ વર્ણ, એક જ ગંધ, એક જ રસ, અને પરસ્પર અવિરોધી બે સ્પર્શ હોય છે. તો પણ પરમાણુઓના સમુદાયરૂપે બનેલી વર્ગણામાં તો કોઈ પણ પરમાણુ કોઈ પણ વર્ણાદિવડે યુક્ત હોઈ શકે છે. તે માટે સમુદાયમાં પાંચ વર્ણાદિનું પ્રતિપાદન કરવું તે અવિરૂદ્ધ છે. તેમાં કંઈ વિરોધ આવતો નથી.

તૈજસ પ્રાયોગ્ય વર્ગણા વિગેરે બાકીની સર્વે પણ વર્ગણા પાંચ વર્ણવાળી, પાંચ રસવાળી, બે ગંધવાળી જાણવી. પરંતુ સ્પર્શની બાબતમાં ચાર સ્પર્શ હોય છે. ત્યાં ચાર સ્પર્શની બાબતમાં મૃદુ અને લઘુ આ બે સ્પર્શ નક્કી હોય છે. બીજા બે સ્પર્શ હવે જણાવાતામાંથી કોઈ પણ જોડકુ (યુગલ) હોય છે. કાં તો સ્નિગ્ધ અને ઉષ્ણ, અથવા સ્નિગ્ધ અને શીત, અથવા રૂક્ષ અને ઉષ્ણ અથવા રૂક્ષ અને શીત. આમ અનિયત હોય છે. બે નિયત અને બે અનિયત કુલ ચાર સ્પર્શ હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે-

पंचरसपंचवण्णेहिं, परिणया अट्ठफास दोगंधा ।
जावाहारगजोग्गा, चउफासविसेसिया उवरिं ॥ १ ॥ **(પંચસંગ્રહ બંધનકરણ ગાથા-૧૮)**

**અર્થ :-** યાવત્ આહારક સુધીની વર્ગણાઓ પાંચરસથી પાંચ વર્ણથી આઠ સ્પર્શથી અને બે ગંધથી પરિણત હોય છે. પરંતુ ઉપરની સઘળી વર્ગણાઓ ચાર સ્પર્શથી વિશેષિત હોય છે.

ત્યાં ઔદારિકવર્ગણા પ્રદેશોની અપેક્ષાએ સર્વથી થોડા પ્રદેશવાળી છે. તેનાથી વૈક્રિય શરીર પ્રાયોગ્ય વર્ગણા અનન્તગુણી છે. તેનાથી આહારક શરીર પ્રાયોગ્ય વર્ગણા અનંતગુણી છે આ પ્રમાણે તૈજસ-ભાષા-શ્વાસોશ્વાસ-મન અને કાર્મણવર્ગણાઓ પણ યથાક્રમે અનન્તગુણ-

અનન્તગુણ જાણવી.[1]

હવે ધ્રુવાચિત્ત વિગેરે વર્ગણાઓ સમજાવાય છે.

કર્મ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા પછી ધ્રુવાચિત્ત દ્રવ્યવર્ગણા, ત્યારપછી અધ્રુવાચિત્ત દ્રવ્ય-વર્ગણા, ત્યારબાદ ચાર ધ્રુવ શૂન્યવર્ગણા જાણવી. તે ચારે ધ્રુવ શૂન્ય વર્ગણાઓની વચમાં ઉપર-ઉપર (૧) પ્રત્યેક શરીરીદ્રવ્યવર્ગણા, (૨) બાદરનિગોદ્રવ્યવર્ગણા, (૩) સૂક્ષ્મનિગોદ-દ્રવ્યવર્ગણા અને (૪) અચિત્ત મહાસ્કંધવર્ગણા અનુક્રમે જાણવી. તે આ પ્રમાણે છે-

પ્રથમ ધ્રુવશૂન્યવર્ગણાની ઉપર પ્રત્યેક શરીરિદ્રવ્યવર્ગણા બીજી (દ્વિતીય) ધ્રુવશૂન્ય-વર્ગણાની ઉપર બાદરનિગોદદ્રવ્યવર્ગણા, ત્રીજી (તૃતીય) ધ્રુવશૂન્ય વર્ગણાની ઉપર સૂક્ષ્મનિગોદ દ્રવ્યવર્ગણા, અને ચૌથી (ચતુર્થ) ધ્રુવશૂન્ય વર્ગણાની ઉપર અચિત્તમહાસ્કંધ વર્ગણા જાણવી.

ત્યાં અગ્રહણપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ કાર્મણવર્ગણાની ઉપર એક એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધસ્વરૂપ ધ્રુવાચિત્તદ્રવ્યવર્ગણા ત્યાં સુધી કહેવી કે યાવત્ ઉત્કૃષ્ટ ધ્રુવાચિત દ્રવ્યવર્ગણા આવે.

ધ્રુવાચિત્તદ્રવ્યવર્ગણા એટલે કે જે વર્ગણાઓ આ લોકમાં સદાકાલ પ્રાપ્ત થાય જ છે. ક્યારેય પણ અંતર ન પડે. અર્થાત્ આ ધ્રુવાચિત્ત દ્રવ્યવર્ગણાની મધ્યમાં કેટલીક વર્ગણાઓ (તેટલી સંખ્યાવાળા સ્કંધો) ઉત્પન્ન પણ થાય છે અને કેટલીક વર્ગણાઓ (તેટલી સંખ્યાવાળા સ્કંધો) વિખેરાય પણ છે. કારણ કે પુદ્ગલોનો પૂરણ-ગલન સ્વભાવ જ છે. તો પણ આ વર્ગણાની જે સંખ્યા છે. તે સંખ્યામાંથી કોઈપણ સંખ્યાવાળી વર્ગણાથી આ લોક ક્યારેય પણ વિરહિત હોતો નથી. આ વર્ગણાઓ લોકમાં સદાકાળ હોય જ છે. માટે ધ્રુવ કહેવાય છે.

અચિત્તપણું એટલા માટે કહેવાય છે કે આ વર્ગણાઓમાંની કોઈ પણ વર્ગણા તેની નિયત સંખ્યામાં હોય ત્યારે ક્યારે પણ કોઈ પણ જીવવડે ગ્રહણ થઈ નથી. જો કે પુદ્ગલવર્ગણા હોવાથી અચિત્ત જ છે તો પણ ક્યારેક જીવ વડે ગ્રહણ કરાઈ હોત તો ઔપચારિકપણે પણ સચિત્ત કહેવાય. પરંતુ આ વર્ગણાઓમાં તો તેવું પણ ઔપચારિક સચિત્તપણુ પણ બન્યું નથી. જીવવડે ગ્રહણ કરાય તો ઔદારિક આદિ વર્ગણાઓની જેમ કથંચિદ્ સચિત્તપણું પણ (ઉપચારથી) ગણાય. તે પણ આ વર્ગણામાં નથી.

૧. વર્ગણાઓના ઉપરોક્ત સ્વરૂપકથનથી સમજાશે કે અમુક અમુક નિયત સંખ્યાવાળા પરમાણુઓની બનેલી વર્ગણાઓ જ અમુક અમુક ઔદારિકાદિ શરીરરૂપે બનાવી શકાય છે કોઈ પણ જઘન્યવર્ગણાથી એક-બે પરમાણુ ઓછા હોય અને કોઈ પણ ઉત્કૃષ્ટ વર્ગણાથી એક-બે પરમાણુ અધિક હોય તો તે વર્ગણાનો પરિણામ બદલાઈ જાય છે ગ્રહણને બદલે અગ્રહણપ્રાયોગ્ય બની જાય છે.

જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટવર્ગણા અનંતગુણી છે. ગુણાકાર આ વર્ગણામાં સર્વજીવ રાશિ કરતાં અનંતગુણવાળી રાશિપ્રમાણ જાણવો.

તે ધ્રુવાચિત્ત દ્રવ્યવર્ગણા કરતાં એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કન્ધરૂપ જે વર્ગણા તે જઘન્ય અધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા કહેવાય છે. અધ્રુવાચિત્ત દ્રવ્યવર્ગણા એટલે કે જે વર્ગણાઓ ક્યારેક ક્યારેક આ લોકમાં હોય અને પુરણ-ગલન સ્વભાવ હોવાથી ક્યારેક ક્યારેક આ લોકમાં ન પણ હોય. આ વર્ગણાને જ "સાન્તરનિરન્તર" વર્ગણા પણ કહેવાય છે આ અધ્રુવાચિત્ત દ્રવ્યવર્ગણા જઘન્યથી ઉત્કૃષ્ટ સુધીની વર્ગણા સર્વજીવોની રાશિના પ્રમાણવાળા અનંતવડે ગુણાયેલી એટલે કે આ માપ વડે અનન્તગુણ સમજવી.

તેના કરતાં એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધસ્વરૂપ જઘન્ય પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણા. તેનાથી એક એક પરમાણુની અધિકતા વડે પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે યાવત્ ઉત્કૃષ્ટ પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણા આવે. અહીં ધ્રુવશૂન્યવર્ગણા એટલે જે વર્ગણાઓ આ લોકમાં ક્યારેય પણ ન હોય.

**પ્રશ્ન :-** જો આ વર્ગણાઓ લોકમાં છે જ નહીં તો તેની કલ્પના કરીને પ્રરૂપણા કેમ કરો છો ?

**ઉત્તર :-** આ વર્ગણા પછીની જે વર્ગણા આવે છે તે ઉપરની વર્ગણાઓની બહુલતા જણાવવા માટે જ આ અન્તરની (આંતરાની) પણ વર્ગણા સ્વરૂપે પ્રરૂપણા માત્ર જ કરાય છે. આ જઘન્ય પ્રથમ ધ્રુવશૂન્યવર્ગણાથી ઉત્કૃષ્ટ ધ્રુવશૂન્ય વર્ગણા અનન્તગુણી છે. આ ગુણાકાર પણ સર્વજીવ કરતાં અનંતગુણની રાશિપ્રમાણ જાણવો.

તેના કરતાં એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધસ્વરૂપ જે વર્ગણા છે તે જઘન્ય એવી પ્રત્યેકશરીરી દ્રવ્યવર્ગણા જાણવી.

**પ્રશ્ન :-** આ પ્રત્યેક શરીરિદ્રવ્યવર્ગણા એટલે શું ? का इयं = આ વર્ગણા શું છે ?

**ઉત્તર :-** પ્રત્યેક શરીરવાળા જે જીવો (સાધારણ વનસ્પતિકાયને વર્જીને શેષ સર્વ જીવો) છે. તેઓમાં સંભવતાં યથાયોગ્ય ઔદારિક વૈક્રિય-આહારક-તૈજસ અને કાર્મણ શરીરનામકર્મ છે. તે કર્મોનાં જે જે પુદ્ગલદ્રવ્યો છે. તેની દરેકની સાથે વિશ્રસાપરિણામથી જ ઉપચયને પામેલાં (તથા સ્વભાવે જ ચોટેલાં) સર્વજીવો કરતાં અનંત ગુણાં જે પુદ્ગલદ્રવ્યો છે. તે પ્રત્યેક શરીરિદ્રવ્યવર્ગણા કહેવાય છે.

શતકની બૃહચ્ચૂર્ણિમાં કહ્યું છે કે:-

पत्तेयवग्गणा इह, पत्तेयाणंत उरलमाईणं ।
पंचण्हसरीराणं तणुकम्मपएसगा जे उ ॥ १ ॥

तत्थेक्केकपएसे वीससापरिणाम उवचिया हुंति ।
सव्वजियाणंतगुणा पत्तेया वग्गणा ताओ ॥२ ॥

**અર્થ** :- પ્રત્યેક શરીરીદ્રવ્ય વર્ગણા એટલે કે પ્રત્યેક શરીર વાળા જીવોનાં બંધાયેલાં ઔદારિક આદિ પાંચ શરીર સંબંધી જે નામકર્મ છે. તે શરીરનામકર્મના એક એક પ્રદેશ ઉપર વિશ્રસા પરિણામથી ઉપચયને પામેલા અને સર્વજીવ દ્રવ્યની રાશી કરતાં અનંતગુણાં જે પુદ્ગલદ્રવ્યો છે તે પ્રત્યેક શરીરીદ્રવ્યવર્ગણા જાણવી.

ત્યારબાદ એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કન્ધરૂપ બીજી પ્રત્યેક શરીરી દ્રવ્યવર્ગણા જાણવી. આમ એક એક પરમાણુની અધિકતાથી પ્રત્યેકશરીરિદ્રવ્ય વર્ગણા ત્યાં સુધી જાણવી કે જ્યાં સુધી તેની ઉત્કૃષ્ટ વર્ગણા આવે. જઘન્યવર્ગણા કરતાં ઉત્કૃષ્ટવર્ગણા અસંખ્યાતગુણ અધિક જાણવી. આ ગુણાકાર સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવો. આ પ્રત્યેક શરીરિદ્રવ્યવર્ગણાઓ આટલી જ હોય છે. આમ કેવી રીતે જણાય છે? આવો કદાચ કોઈ પ્રશ્ન કરે તો નીચે પ્રમાણે તેનો ઉત્તર જાણવો.

જઘન્ય કર્મોપચય હોય ત્યારે (એટલે કે જ્યારે કર્મબાંધવા રૂપે કાર્મણવર્ગણા જઘન્ય ગ્રહણ કરવામાં આવી હોય ત્યારે) તેની સાથે વિશ્રસા ભાવથી જોડાયેલી પ્રત્યેકશરીરિદ્રવ્ય વર્ગણા પણ જઘન્ય હોય છે. અને જ્યારે કાર્મણવર્ગણા ઉત્કૃષ્ટ ગ્રહણ કરવામાં આવે છે ત્યારે તેની સાથે વિશ્રસા પરિણામથી જોડાયેલી આ પ્રત્યેકશરીરિ દ્રવ્યવર્ગણા પણ ઉત્કૃષ્ટ હોય છે. જઘન્ય કર્મનો ઉપચય (જઘન્ય કાર્મણ વર્ગણાનો બંધ) જઘન્યયોગથી થાય છે. અને ઉત્કૃષ્ટ કાર્મણવર્ગણાનો ઉપચય (કાર્મણવર્ગણાનો બંધ) ઉત્કૃષ્ટયોગથી થાય છે. જઘન્યયોગસ્થાનકથી ઉત્કૃષ્ટ યોગસ્થાનક વચ્ચેનું અંતર સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ગુણાયેલ પ્રાપ્ત.થાય છે. તે કારણથી જઘન્ય કર્મપ્રદેશોપચયથી ઉત્કૃષ્ટ કર્મપ્રદેશોપચય પણ તેટલો જ (સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ગુણાયેલો જ) પ્રાપ્ત થાય છે. આ કારણથી પ્રત્યેક શરીરિદ્રવ્ય વર્ગણા પણ જઘન્યથી પ્રારંભીને ઉત્કૃષ્ટ સુધીની તેટલા જ પ્રમાણવાળી પ્રાપ્ત થાય છે.

તેના કરતાં વળી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ જે વર્ગણા છે. તે જઘન્ય દ્વિતીય ધ્રુવ શૂન્ય વર્ગણા જાણવી. બે પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ બીજી દ્વિતીય ધ્રુવશૂન્યવર્ગણા જાણવી. આ પ્રમાણે એક એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કન્ધરૂપ અન્ય અન્ય ધ્રુવશૂન્ય વર્ગણા ત્યાં સુધી કહેવી કે યાવત્ ઉત્કૃષ્ટ દ્વિતીય ધ્રુવશૂન્ય વર્ગણા આવે.

જઘન્ય દ્વિતીય ધ્રુવ શૂન્ય વર્ગણા કરતાં ઉત્કૃષ્ટ દ્વિતીય ધ્રુવ શૂન્ય વર્ગણા અસંખ્યાતગુણ સમજવી. આ ગુણાકાર અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ જાણવો. તેના કરતાં એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ જઘન્ય બાદરનિગોદ દ્રવ્ય વર્ગણા જાણવી. હવે અહીં કદાચ આવો પ્રશ્ન થાય કે આ બાદરનિગોદ દ્રવ્ય વર્ગણા એટલે શું છે ? તો તેનો ઉત્તર આ પ્રમાણે છે કે-

બાદરનિગોદના જે જીવો છે તે જીવોનાં બાંધેલાં જે ઔદારિક તૈજસ અને કાર્મણ એમ ત્રણ પ્રકારનાં શરીર નામકર્મનાં પુદ્ગલો છે. તે ત્રણ પ્રકારનાં શરીરનામકર્મનાં પુદ્ગલોની સાથે વિશ્રસાસ્વભાવથી જ જોડાયેલાં સર્વજીવરાશિ કરતાં અનંતગુણાં જે પુદ્ગલો છે. તે જોડાયેલાં પુદ્ગલ દ્રવ્યોને બાદરનિગોદ દ્રવ્યવર્ગણા કહેવાય છે.

જો કે કોઈ કોઈ બાદર નિગોદના જીવોને (જે સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવીને વૈક્રિય અને આહારક શરીરનામકર્મ બાંધીને ફરીથી નિગોદમાં ગયા હોય તેવા બાદર નિગોદના જીવોને) વૈક્રિય શરીરનામકર્મ અને આહારક શરીરનામકર્મ પણ બાંધેલાં સત્તામાં સંભવી શકે છે એટલે પાંચે શરીર નામકર્મ લેવાં જોઇએ તો પણ તે બન્ને શરીરનામકર્મ આ જીવ જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિયનો ભવ કરીને આ બન્ને શરીરનામકર્મ બાંધીને બાદરનિગોદમાં આવ્યો હોય ત્યારથી જ (તેના પ્રથમ સમયથી જ) વૈક્રિય શરીરનામકર્મ અને આહારક શરીરનામકર્મની નિરંન્તર પણે ઉદવલના કરાતી હોવાથી આ બન્ને શરીરનામકર્મ અત્યન્ત અસાર છે. (તુચ્છ છે સત્તામાં છે તો પણ નહીંવત છે) તે માટે સત્તામાં છે આવી વિવક્ષા કરાઈ નથી.

તેના કરતાં બે પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ બીજી બાદર નિગોદ દ્રવ્યવર્ગણા જાણવી. આ પ્રમાણે એક એક પરમાણુ અધિક છે જેમાં એવાં સ્કંધરૂપ આ બાદર નિગોદ દ્રવ્યવર્ગણાઓ ત્યાં સુધી કહેવી. કે યાવત્ ઉત્કૃષ્ટ બાદરનિગોદ દ્રવ્યવર્ગણા આવે. જઘન્યવર્ગણા કરતાં ઉત્કૃષ્ટ વર્ગણા ક્ષેત્રપલ્યોપમના અસંખાતમા ભાગસ્વરૂપ ગુણાકાર વડે અસંખ્યાતગુણી જાણવી.

અહીં યુક્તિ પ્રત્યેક શરીરીદ્રવ્ય વર્ગણામાં જે કહી તેને જ અનુસારે જાણી લેવી. પ્રત્યેક શરીરી જીવોની જેમ બાદરનિગોદના જીવોનાં પણ યોગસ્થાનકો જઘન્યથી ઉત્કૃષ્ટ સુધીનાં અસંખ્યાત જ હોય છે. માટે ગુણાકાર પણ આ પ્રમાણે જ જાણવો.

તેના કરતાં એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ તૃતીય ધ્રુવશૂન્યવર્ગણા જઘન્ય જાણવી. તેના કરતાં પણ એક એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધસ્વરૂપ આ વર્ગણાઓ પણ ત્યાં સુધી કહેવી કે યાવત્ ઉત્કૃષ્ટ તૃતીય ધ્રુવશૂન્યવર્ગણા આવે. જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા અસંખ્યાતગણી જાણવી.

અસંખ્યાતગુણમાં આ ગુણાકાર આવા માપવાળો લેવો કે એક અંગુલમાત્ર ક્ષેત્રમાં જે અસંખ્યાતા આકાશ પ્રદેશો છે. તેનાં વર્ગમલ કાઢવાં. (જેમકે -૨૫૬નું વર્ગમૂલ ૧૬, પછી ૧૬નું ૪, પછી ૪નું ૨ એમ વર્ગમૂલો કાઢવાં) એક આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો થાય. તેટલા સમય પ્રમાણ વર્ગમૂલો કાઢવાં. તે વર્ગમૂલોમાં જે છેલ્લુ વર્ગમૂલ આવે, તેના પણ અસંખ્યાતમા ભાગમાં જેટલો આંક આવે. તેટલા અંક પ્રમાણ આકાશ પ્રદેશોની સંખ્યા તુલ્ય વર્ગણાઓ જાણવી. આ ત્રીજી ધ્રુવશૂન્ય વર્ગણાઓ જાણવી.

તેના કરતાં એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધસ્વરૂપ જે વર્ગણા છે તે સૂક્ષ્મ નિગોદદ્રવ્યવર્ગણા કહેવાય છે. તે વર્ગણા બાદરનિગોદવર્ગણાની જેમ જ ઔદારિક શરીર આદિ (ઔારિક તૈજસ અને કાર્મણ આમ મુખ્યત્વે) ત્રણ શરીર નામકર્મમાં વિશ્રસ્વભાવથી જ ઉપચયને પામેલાં જે પુદ્ગલો છે તે સૂક્ષ્મનિગોદ દ્રવ્ય વર્ગણા કહેવાય છે આવા પ્રકારની સૂક્ષ્મનિગોદ દ્રવ્યવર્ગણાઓ જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી જાણવી.

જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા અસંખ્યાતગુણી છે. અને આ ગુણાકાર એક આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમય થાય તેટલા માપવાળો જાણવો. કારણ કે સૂક્ષ્મનિગોદ જીવોને જઘન્ય યોગસ્થાનકથી ઉત્કૃષ્ટ યોગસ્થાનક આવલિકાના અસંખ્યાતમા ભાગવડે ગુણાયેલી સંખ્યા જેટલું જ પ્રાપ્ત થાય છે. પરંતુ અધિક સંખ્યા પ્રમાણ યોગસ્થાનક હોતુ નથી. યોગને આધીન જ કર્મપ્રદેશોના ઉપચયની વૃદ્ધિ હોય છે. અને જેટલા પ્રમાણમાં કર્મપ્રદેશોના ઉપચયની હાનિવૃદ્ધિ હોય છે તેટલા પ્રમાણમાં જ આ સૂક્ષ્મનિગોદ દ્રવ્યવર્ગણાની પણ હાનિવૃદ્ધિ હોય છે. કારણ કે યોગના આધારે કર્મગ્રહણ, અને કાર્મણ વર્ગણાને આધારે સૂક્ષ્મનિગોદ દ્રવ્યવર્ગણા જાણવી.

તેના કરતાં પણ એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધરૂપ જે વર્ગણા તે તુરીય ધ્રુવશૂન્યવર્ગણા (અર્થાત્ ચોથી ધ્રુવશૂન્યવર્ગણા) જાણવી. આ વર્ગણા પણ જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી જાણવી. આ શૂન્ય વર્ગણા હોવાથી વર્ગણા નથી પરંતુ પાછલી વર્ગણાનું માપ મોટું છે તે સમજાવવા આંતરાને પણ વર્ગણા કલ્પી છે. જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા અસંખ્યાતગુણ કહેવી. અહીં અસંખ્યાતગુણ જે કહી. તેનું માપ આ પ્રમાણે જાણવું.

સાતરાજ લાંબુ અને પહોળુ તથા એક જ આકાશપ્રદેશનું જાડુ એવું જે પ્રતર, તેના અસંખ્યાતમા ભાગમાં રહેલી જે અસંખ્યાતી સૂચિ શ્રેણીઓ, તે સૂચિશ્રેણીઓમાં રહેલા જે અસંખ્યાતા આકાશપ્રદેશો, તેની રાશિ સમાન રાશિવાળી આ તુરીય ધ્રુવશૂન્યવર્ગણાઓ જાણવી.

તે તુરીય (ચોથી) ધ્રુવશૂન્ય વર્ગણાથી એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધસ્વરૂપ જે વર્ગણા તે અચિત્ત મહાસ્કંધવર્ગણા જાણવી. અહીં મહાસ્કંધ વર્ગણા એટલે કે જે પુદ્ગલ

સ્કંધો વિશ્રસા પરિણામથી જ ટંક કુટ અને પર્વતાદિ પદાર્થોને આશ્રિત થઈને રહેલા છે. તે અચિત્ત મહાસ્કંધ વર્ગણા જાણવી. તેના કરતાં બે પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધ સ્વરૂપ જે વર્ગણા તે બીજી અચિત્તમહાસ્કંધ વર્ગણા જાણવી. આ જ પ્રમાણે એક એક પરમાણુ અધિક છે જેમાં એવા સ્કંધસ્વરૂપ અચિત્ત મહાસ્કંધ વર્ગણા ત્યાં સુધી જાણવી કે યાવત્ ઉત્કૃષ્ટ અચિત્ત મહાસ્કંધ વર્ગણા આવે. જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા અસંખ્યાત ગુણી છે આમ જાણવું. આ ગુણાકાર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવો.

આ અચિત્ત મહાસ્કંધવર્ગણા ત્રસકાય જીવો જ્યારે ઘણા હોય ત્યારે અલ્પમાત્રાવાળી હોય છે અને જ્યારે ત્રસકાયજીવો અલ્પ હોય ત્યારે આ વર્ગણા બહુપ્રમાણમાં હોય છે. આવા પ્રકારનો આ વસ્તુસ્વભાવ છે. શતકની બૃહચ્ચૂર્ણીમાં કહ્યું છે કે -

**महखंधवग्गणा टंककूड तह पव्वयाइठाणेसु ।**
**जे पोग्गला समसिया, महखंधा ते उ वुच्चंति ॥ १ ॥**

**तत्थ तसकायरासी, जम्मि य कालम्मि होंति बहुगो अ ।**
**महखंधवग्गणाओ, तम्मि अ काले भवे थोवा ॥ २ ॥**

**जं पुण होइ अ काले रासी, तस काइयाण थोवो उ ।**
**महखंधवग्गणाओ, तहिं काले होंति बहुगाओ ॥ ३ ॥**

ગાથાર્થ- મહાસ્કંધ વર્ગણા એટલે કે ટંક કુટ (પર્વતની ભેખડ અને શિખરોમાં) તથા પર્વતાદિ સ્થાનોમાં આશ્રિત થયેલાં જે પુદ્ગલો છે તે અચિત્ત મહાસ્કંધવર્ગણા કહેવાય છે. ॥૧॥

ત્યાં ત્રસકાયજીવોની રાશિ જે કાલે ઘણી હોય છે તે કાલે આ અચિત્તમહાસ્કંધવર્ગણા અલ્પમાત્રાવાળી હોય છે ॥૨ ॥

અને વળી જે કાળે ત્રસકાય જીવોની રાશિ અલ્પ પ્રમાણમાં હોય છે. તે કાલે અચિત્તમહાસ્કંધ વર્ગણાઓ બહુ પ્રમાણવાળી હોય છે ॥૩॥

આ વર્ગણાઓમાંથી પુરણ-ગલનના સ્વભાવના કારણે ઘણા ઘણા પરમાણુઓ ગલન થઈને ઔદારિકાદિ વર્ગણા રૂપે બન્યાં હોય અને ત્રસકાય જીવો ઘણા હોવાથી તેના શરીરરૂપે પરિણામ પામ્યા હોય તેવા કાળે આ વર્ગણા (ઘણું ગલન થવાથી) થોડી હોય છે. અને જ્યારે ત્રસકાય જીવો થોડા હોય છે ત્યારે તેઓના ઔદારિકાદિ શરીરની રચના કરવાનું પ્રયોજન ન હોવાથી અચિત્ત મહાસ્કંધ વર્ગણાનું સવિશેષણે ગલન થતું નથી. માટે તે વર્ગણા અધિકમાત્રામાં હોય છે.

આ પ્રમાણે આ વર્ગણાઓનું સ્વરૂપ સમજાવ્યું. પરમાણુ વર્ગણાથી માંડીને અચિત્તમહાસ્કંધ સુધીની આ સર્વે પણ વર્ગણાઓ ગુણનિષ્પન્ન નામવાળી છે. ગુણ વડે કરીને બન્યું છે પોતાનું નામ જેઓનું એવી તે સર્વે પણ વર્ગણાઓ છે તે આ પ્રમાણે- એક એક પરમાણુ હોય તે પરમાણુ વર્ગણા કહેવાય છે બે પરમાણુઓના બનેલા સ્કંધો તે દ્વિપરમાણુ વર્ગણા અથવા દ્વિપ્રદેશીવર્ગણા, આ પ્રમાણે તે તે નામની સાર્થકતા આ વર્ગણાઓમાં વર્તે છે.

તથા સર્વે પણ વર્ગણાઓની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણવી જો કે આ સર્વે પણ વર્ગણાઓ દરેક અનંતી અનંતી છે અને તેથી જ સકલલોકાકાશમાં ભરેલી છે. તો પણ **"એક સ્કંધ તે જ એક વર્ગણા"** આવો અર્થ લઈએ તો એટલે કે **સ્કંધસ્વરૂપ વર્ગણા** આવો અર્થ કરીએ તો સર્વે પણ વર્ગણાઓ અંગુલના અસંખ્યાતમા ભાગ માત્રમાં જ અવગાહના કરનારી છે. **"સ્કંધોનો સમુદાય તે વર્ગણા"** આવો અર્થ જો કરીએ તો તે વર્ગણા લોકાકાશવ્યાપી થાય છે. પરંતુ અહીં બધી જ વર્ગણાઓમાં સ્કંધ તે જ વર્ગણા આવો અર્થ કરવામાં આવ્યો છે તેથી આ અવગાહના સંભવી શકે છે.

તથા દરેક વર્ગણાની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોવા છતાં પણ અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ હોવાથી કાર્મણ વર્ગણાથી પ્રારંભીને આગળ આગળ ઉલટા ક્રમે ઔદારિક શરીર પ્રાયોગ્ય વર્ગણા સુધીની તમામ વર્ગણાઓની અવગાહના (કાર્મણ-મન-શ્વાસોશ્વાસ-ભાષા-તૈજસ-આહારક-વૈક્રિય અને ઔદારિક આ ક્રમે) પશ્ચાનુપૂર્વીએ અસંખ્યાતગુણી અસંખ્યાતગુણી અવગાહના જાણવી ॥ ૧૯-૨૦ ॥

***અવતરણ :- તે ઔદારિક આદિ વર્ગણાઓના પુદ્ગલોને આ જીવ પોતાના દેશ ભાગથી ગ્રહણ કરે છે કે સર્વભાગથી ગ્રહણ કરે છે. આવો પ્રશ્ન થયે છતે ગુરુજી ઉત્તર કહે છે.***

**एगमवि गहणदव्वं, सव्वप्पणयाइ जीवदेसम्मि ।**
**सव्वप्पणया सव्वत्थ वावि सव्वे गहणखंधे ॥ २१ ॥**

ગાથાર્થ- ગ્રહણ કરવા લાયક એવા અને પોતાની સાથે સ્પર્શીને સમાન આકાશ પ્રદેશમાં રહેલા એવા કર્મદલિકને (કાર્મણ વર્ગણાના સ્કંધોને) જીવની સાથે એકદેશ ભાગમાં રહેલા હોય તો પણ આ જીવ પોતાના સર્વઆત્મપ્રદેશો દ્વારા જ ગ્રહણ કરે છે અને આ જીવની સાથે સર્વ ભાગમાં રહેલા હોય તો પણ પોતાના સર્વ આત્મપ્રદેશો દ્વારા જ ગ્રહણ કરે છે. ॥૨૧॥

**વિવેચન-** આ જીવ કોઈ પણ વર્ગણાનાં પુદ્ગલોને જ્યારે જ્યારે ગ્રહણ કરે છે. ત્યારે ત્યારે પોતાનો આત્મા જે આકાશ પ્રદેશોમાં અવગાહીને રહ્યો હોય છે તે જ આકાશ

પ્રદેશોમાં રહેલી (અર્થાત્ સ્વપ્રદેશાવગાઢ જ) વર્ગણાઓને ગ્રહણ કરે છે. પરંતુ અનન્તર પણે સ્પર્શેલી કે પરંપરાપણે સ્પર્શેલી એટલે કે અનન્તરના આકાશપ્રદેશોમાં રહેલી કે પરંપરાથી દૂર રહેલા એવા આકાશપ્રદેશોમાં રહેલી વર્ગણાઓને આ જીવ ગ્રહણ કરતો નથી.

આ પ્રમાણે આત્મપ્રદેશોની સાથે સમાન આકાશ પ્રદેશોમાં રહેલી એવી વર્ગણાઓને જ આ જીવ ગ્રહણ કરે છે પોતાના આત્માના એક આત્મપ્રદેશ ઉપર રહેલા ગ્રહણયોગ્ય દ્રવ્યનો એક સ્કંધ હોય તો પણ પોતાના સર્વ આત્મપ્રદેશો વડે જ આ જીવ ગ્રહણ કરે છે. અને સર્વ આત્મપ્રદેશોમાં રહેલા હોય તો પણ પોતાના સર્વઆત્મપ્રદેશો વડે જ ગ્રહણ કરે છે.

આત્માના સર્વ પણ પ્રદેશો સાંકળના અંકોડાની જેમ પરસ્પર સંબંધવિશેષ પામેલા હોવાથી પોતાના ક્ષેત્રમાં જ અવગાહીને રહેલા ગ્રહણ પ્રાયોગ્ય દ્રવ્યને ગ્રહણ કરવા માટે આ આત્માનો એક આત્મપ્રદેશ વ્યાપારિત થયે છતે સર્વે પણ આત્મપ્રદેશ અનન્તરપણે અને પરંપરાપણે તે પુદ્ગલોને ગ્રહણ કરવાના વ્યાપારના (વ્યવહારના) વિષયવાળો જીવાત્મા હોવાથી સર્વ આત્મપ્રદેશોથી જ ગ્રહણ કરે છે. જેમ ઘટને ઊંચકવાની ક્રિયા થાય છે હથેળીથી, તો પણ કાંડાનો ભાગ, કોણીનો ભાગ, અને ખભાનો ભાગ વિગેરે અવયવો પણ ઘટ ઉચકવામાં પરંપરાએ પણ વપરાય છે તેમ અહીં પણ સમજવું.

આત્માની સાથે એક ભાગમાં રહેલા ગ્રહણ યોગ્ય સ્કંધને જેમ આ જીવ સર્વ આત્મપ્રદેશોથી ગ્રહણ કરે છે. તેવી જ રીતે પોતાના સર્વ આત્મપ્રદેશોમાં અવગાહીને રહેલા ગ્રહણપ્રાયોગ્ય કર્મસ્કંધોને પણ આ જીવ પોતાના સર્વ આત્મપ્રદેશો વડે જ ગ્રહણ કરે છે.

એક એક આત્મપ્રદેશમાં રહેલા સ્કંધોને ગ્રહણ કરવામાં જો સર્વ આત્મપ્રદેશોનો વ્યવહાર થતો હોય તો સર્વ આત્મપ્રદેશોમાં રહેલા ગ્રહણ પ્રાયોગ્ય સ્કંધોને ગ્રહણ કરવામાં સર્વ આત્મપ્રદેશોના વ્યાપારની સિદ્ધિ અવશ્ય થાય જ છે માટે ગ્રહણના સર્વ સ્થાનોમાં સર્વ આત્મપ્રદેશોનો વ્યાપાર હોય છે. આ વાત ન્યાયપ્રાપ્ત છે.

આત્માની સાથે એક પ્રદેશમાં હોય કે સર્વ આત્મપ્રદેશોમાં હોય પણ તેને ગ્રહણ કરવામાં તો આત્માના સર્વ આત્મપ્રદેશો જોડાયેલા જ હોય છે. ॥૨૧॥

***અવતરણ :- અહીં આ પુદ્ગલો પરસ્પર સ્નેહવિશેષથી બંધાય છે જોડાય છે એટલે કે સ્કંધરૂપે બને છે. તેથી હવે પુદ્ગલોમાં રહેલા તે સ્નેહની પ્રરૂપણા કરાય છે આ સ્નેહની પ્રરૂપણા ત્રણ પ્રકારે છે (૧) સ્નેહ પ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા, (૨) નામપ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા અને (૩) પ્રયોગ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા.***

(૧) ત્યાં સ્નેહના નિમિત્તે થયેલા સ્પર્ધકની જે પ્રરૂપણા તે સ્નેહ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા તથા (૨) શરીર નામકર્મ અને બંધન નામકર્મના ઉદયથી પરસ્પર બંધાયેલાં શરીર સંબંધી પુદ્ગલોના સ્નેહને આશ્રયી જે સ્પર્ધકની પ્રરૂપણા તે નામપ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા તથા (૩) પ્રકૃષ્ટ એવો જે યોગ તે પ્રયોગ. તે પ્રકૃષ્ટ યોગના કારણે પરસ્પર ગ્રહણ કરાયેલાં જે પુદ્ગલો. તેવા પુદ્ગલોના સ્નેહને આશ્રયી કરાતી જે સ્પર્ધકોની પ્રરૂપણા. તે પ્રયોગ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા.

આ ત્રણ પ્રકારના સ્પર્ધકોની અંદર સૌથી પ્રથમ સ્નેહ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા સમજાવે છે-

**नेह प्पच्चयफड्डगमेगं, अविभागवग्गणा णंता ।**
**हस्सेण बहू बद्धा, असंखलोगे दुगुणहीणा ॥ २२ ॥**

ગાથાર્થ- સ્નેહ પ્રત્યય સ્પર્ધક એક થાય છે. તે સ્પર્ધકમાં સ્નેહાવિભાગોની વૃદ્ધિ વડે થયેલી વર્ગણાઓ અનંતી છે. અલ્પ સ્નેહથી બંધાયેલાં પુદ્ગલો ઘણાં છે. અને અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ ગયે છતે તે પુદ્ગલો દ્વિગુણહીન એટલે કે અર્ધા અર્ધા થાય છે. ॥ ૨૨ ॥

**વિવેચન :-** પરસ્પર પુદ્ગલોના બંધમાં નિમિત્તભૂત એવા સ્નેહને આશ્રયી કરાતી પ્રરૂપણા તે સ્નેહ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા કહેવાય છે. એક એક સ્નેહાવિભાગથી વૃદ્ધિ પામતા પુદ્ગલોની બનેલી વર્ગણાઓના સમુદાયને આશ્રયી કરાતી જે પ્રરૂપણા તે સ્નેહ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા સમજવી.

ત્યાં એક એક અધિક સ્નેહાવિભાગથી યુક્ત અનુક્રમે વૃદ્ધિ પામતા પુદ્ગલગત સ્નેહના સ્વરૂપને આશ્રયી થયેલી વર્ગણાઓના સમુદાય રૂપ જે સ્પર્ધક આ લોકમાં થાય છે. તે સ્પર્ધક એક છે. તે એક સ્પર્ધકમાં એક એક સ્નેહાવિભાગ અધિક છે જેમાં એવા પરમાણુઓના સમુદાય રૂપ વર્ગણાઓ અનંતી થાય છે ત્યાં હ્રસ્વ એટલે કે સૌથી અલ્પ એવા સ્નેહથી બંધાયેલાં જે પુદ્ગલો છે તે ઘણાં છે. અર્થાત્ ઘણા ઘણા સ્નેહથી બંધાયેલાં પુદ્ગલો થોડાં છે. ત્યાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ ગયે છતે દ્વિગુણહાનિ થાય છે એટલે કે સૌથી પ્રથમ વર્ગણાઓમાં જે પુદ્ગલો છે. તેની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ ગયે છતે આગળલી જે વર્ગણા આવે છે. તે વર્ગણામાં પુદ્ગલો પ્રથમ વર્ગણાગત પુદ્ગલની અપેક્ષાએ દ્વિગુણહીન એટલે કે અર્ધા પુદ્ગલો હોય છે.

ત્યારબાદ પણ તેટલા જ પ્રમાણવાળી વર્ગણાઓ ઉલ્લંઘન કરાયે છતે આગળ

આવતી વર્ગણામાં પુદ્‌ગલો દ્વિગુણહીન હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી સમજવું કે યાવત્ હવે કહેવાતી અસંખ્યાતભાગ હાનિવાળી વર્ગણાઓમાં ચરમવર્ગણા આવે. ભાવાર્થ આ પ્રમાણે છે.

પુદ્‌ગલોમાં સૌથી ઉત્કૃષ્ટ જે સ્નેહ છે. તે સર્વોત્કૃષ્ટ સ્નેહના કેવલિ પરમાત્માની બુદ્ધિ (જ્ઞાન) રૂપી છેદનક (શસ્ત્ર) વડે છેદી છેદીને જેના બે ભાગ ન થઈ શકે એવા નિર્વિભાજ્ય ભાગો કરવામાં આવે. તેને સ્નેહાવિભાગ કહેવાય છે. ત્યાં આ જગતમાં કેટલાક પરમાણુઓ એક સ્નેહાવિભાગથી યુક્ત હોય છે. તેઓનો સમુદાય તે પ્રથમવર્ગણા. જે પરમાણુઓ બે સ્નેહાવિભાગથી યુક્ત હોય છે તેઓનો સમુદાય તે બીજી વર્ગણા આ પ્રમાણે સંખ્યાતા સ્નેહાવિભાગથી યુક્ત જે પરમાણુઓ હોય છે તેની સંખ્યાતી વર્ગણા અને અસંખ્યાત સ્નેહાવિભાગથી યુક્ત જે પરમાણુઓ હોય છે. તેની અસંખ્યાતી વર્ગણા અને અનન્ત સ્નેહાવિભાગથી યુક્ત જે પરમાણુઓ હોય છે તેની અનંતી વર્ગણા જાણવી.

આ સર્વે પણ વર્ગણાઓ આ સંસારમાં કાયમ પ્રાપ્ત થતી હોવાથી વચ્ચે વચ્ચે અંતર ન પડતું હોવાથી સર્વે પણ વર્ગણાઓનો જે સમુદાય તેનું એક જ સ્પર્ધક થાય છે. અધિક સ્પર્ધકો થતાં નથી કારણ કે વચ્ચે વચ્ચે એક એક સ્નેહાવિભાગથી વૃદ્ધ એવા પરમાણુઓ સદા પ્રાપ્ત થતા હોવાથી એક એક સ્નેહાવિભાગની વૃદ્ધિના વિચ્છેદનો અભાવ છે. તે માટે અધિક સ્પર્ધકો થતાં નથી. એક એક સ્નેહાવિભાગની વૃદ્ધિનો વિચ્છેદ થવો એ જ સ્પર્ધકનો છેડો કહેવાય છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે-

**"એકોત્તર વૃદ્ધિનો જે ક્રમ છે. તે ક્રમનો જે વિચ્છેદ થવો તેને જ સ્પર્ધકની સમાપ્તિ કહેવાય છે."**

આ સર્વ વર્ગણાઓમાં પરમાણુઓ કેટલા કેટલા હોય છે ? તેની વિચારણા બે પ્રકારે થાય છે. (૧) અનંતરોપનિધા વડે અને (૨) પરંપરોપનિધા વડે. ત્યાં પ્રથમ અનંતરોપનિધાવડે પ્રરૂપણા કરાય છે. ત્યાં એક જ સ્નેહાવિભાગથી યુક્ત એવા પરમાણુઓના સમુદાય સ્વરૂપ પ્રથમવર્ગણામાં જેટલા પરમાણુઓ છે. તેની અપેક્ષાએ બીજી વર્ગણામાં પરમાણુઓ અસંખ્યાત ભાગહીન હોય છે. તેનાથી પણ ત્રીજી વર્ગણામાં પરમાણુઓ અસંખ્યાત ભાગહીન હોય છે. આ પ્રમાણે પ્રત્યેક વર્ગણાઓમાં અસંખ્યાત ભાગહીન અસંખ્યાતભાગહીનના આંકવડે પરમાણુઓ ત્યાં સુધી કહેવાં કે યાવત્ અનંતી વર્ગણાઓ થાય. આ સર્વે વર્ગણાઓ **અસંખ્યાતભાગ હાનિવાળી** કહેવાય છે.

ત્યાર પછીની વર્ગણામાં પુદ્‌ગલો પૂર્વની વર્ગણામાં રહેલા પુદ્‌ગલોની અપેક્ષાએ સંખ્યાતભાગહીન જાણવાં. તેના પછીની આગલી બીજી વર્ગણામાં પુદ્‌ગલો-પૂર્વની વર્ગણાની અપેક્ષાએ સંખ્યાતભાગહીન જાણવાં. ત્યારપછીની ત્રીજી વર્ગણામાં પણ સંખ્યાતભાગહીન

પુદ્ગલો જાણવાં. આ પ્રમાણે સંખ્યાત ભાગહાનિવાળી વર્ગણાઓ પણ અનંતી જાણવી. ત્યાર પછીની એટલે કે તેના ઉપરની વર્ગણામાં પુદ્ગલો પૂર્વની વર્ગણાની અપેક્ષાએ સંખ્યાતગુણહીન કહેવાં. તેના પછીની આગલી વર્ગણામાં પણ પુદ્ગલો સંખ્યાતગુણહીન કહેવાં. આ પ્રમાણે સંખ્યાતગુણહાનિવાળી વર્ગણાઓ પણ અનંતી કહેવી. તેના પછીની અનન્તર વર્ગણામાં પુદ્ગલો પૂર્વની વર્ગણામાં રહેલાં પુદ્ગલોની અપેક્ષાએ અસંખ્યાત ગુણહીન કહેવાં. ત્યારપછીની આગલ વર્ગણામાં પણ પુદ્ગલો અસંખ્યાત ગુણહીન કહેવાં આ પ્રમાણે અસંખ્યાતગુણહાનિ-અસંખ્યાતગુણહાનિ વાળી વર્ગણાઓ પણ અનંતી કહેવી.

ત્યારપછીની અનન્તર વર્ગણામાં પુદ્ગલો પૂર્વની વર્ગણામાં રહેલાં પુદ્ગલોની અપેક્ષાએ અનંતગુણહીન પુદ્ગલો સમજવાં. ત્યારપછીની આગલી વર્ગણામાં પણ પુદ્ગલો અનંતગુણ હાનિવાળાં જાણવાં. આ પ્રમાણે અનંતગુણહાનિ વાળી વર્ગણાઓ પણ અનંતી ત્યાં સુધી કહેવી કે જયાં સુધી સર્વોત્કૃષ્ટ વર્ગણા આવે. આ પ્રમાણે અનન્તરોપનિધા દ્વારા વર્ગણાઓની આ પ્રરૂપણા પુરી કરી. હવે પરંપરોપનિધા દ્વારા વર્ગણાઓની પ્રરૂપણા શરૂ કરાય છે.

ત્યાં પ્રથમ વર્ગણાથી આગળ આગળ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ ઓળંગે છતે જે વર્ગણા આવે છે. તે વર્ગણામાં પુદ્ગલો પ્રથમવર્ગણાની અપેક્ષાએ અર્ધાં થાય છે. ત્યારપછી પણ ફરીથી તેટલી જ વર્ગણાઓ ઓળંગે છતે જે અનન્તરવર્ગણા આવે છે. તેમાં પુદ્ગલો અર્ધા જાણવાં. આ પ્રમાણે વારંવાર ત્યાં સુધી કહેવું કે યાવત્ અસંખ્યાતભાગ હાનિવાળી અસંખ્યાતી વર્ગણાઓમાંની છેલ્લી ચરમ વર્ગણા આવે.

ત્યારબાદ સંખ્યેય ભાગ હાનિવાળી અસંખ્યાતી વર્ગણાઓ જે આવે છે. તેમાં સંખ્યાતી વર્ગણાઓ ઓળંગે છતે અનંતર જે વર્ગણા આવે. તે વર્ગણામાં પુદ્ગલો અર્ધાં થાય છે. આ પ્રમાણે વારંવાર ત્યાં સુધી કહેવું કે સંખ્યાતભાગહાનિ વાળી વર્ગણાઓમાં ચરમવર્ગણા (છેલ્લી વર્ગણા) આવે. આ પ્રમાણે અસંખ્યાતભાગ હાનિવાળી અને સંખ્યાતભાગહાનિવાળી એમ બે પ્રકારની વર્ગણાઓમાં જ દ્વિગુણહાનિ પ્રાપ્ત થાય છે પરંતુ ઉપરની બાકીની ત્રણ હાનિમાં આ દ્વિગુણ હાનિમાર્ગણા સ્વરૂપ પરંપરોપનિધા પ્રાપ્ત થતી નથી. કારણ કે સંખ્યાતગુણહાનિવાળી વર્ગણાઓમાં પહેલી જ વર્ગણામાં પુદ્ગલો પૂર્વની વર્ગણાની અપેક્ષાએ સંખ્યાતગુણહીન જ પ્રાપ્ત થાય છે. અને આ સંખ્યાતગુણહાનિ તો જઘન્યથી પણ ત્રણગુણહીન અથવા ચતુર્ગુણહીન જ લેવામાં આવે છે. પરંતુ દ્વિગુણહીન લેવામાં આવતું નથી.

અનુયોગ દ્વારની ચૂર્ણિમાં ચૂર્ણિકારનું આવું વચન છે કે સિદ્ધાન્તમાં જયાં જયાં સંખ્યાતનુંગ્રહણ છે. ત્યાં ત્યાં અજઘન્ય અને અનુત્કૃષ્ટનું જ ગ્રહણ કરવું ઈષ્ટ છે. "સર્વસ્થાનોમાં સંખ્યેય (સંખ્યાતુ) નહીં જઘન્ય અને નહી ઉત્કૃષ્ટ આવું જ ગ્રહણ કરવું."

આ કારણથી આ બે પ્રકારની (અસંખ્યાત ભાગહાનિવાળી અને સંખ્યાતભાગહાનિવાળી) વર્ગણામાં જ દ્વિગુણહાનિ સંભવે છે. આગલી વર્ગણાઓમાં આવી પરંપરોપનિધા સંભવતી નથી. તે માટે પહેલી વર્ગણાથી આરંભીને બધી જ વર્ગણાઓમાં બીજી જ રીતે પરંપરોપનિધા દ્વારા પ્રરૂપણા કરાય છે.

અસંખ્યાતભાગહાનિવાળી જે અસંખ્યાતી વર્ગણાઓ છે. તેમાં સૌથી પ્રથમ અને સૌથી અન્તિમ જે વર્ગણા છે તેના અંતરાલમાં જે અસંખ્યાતી વર્ગણાઓ છે. તેમાં પ્રથમવર્ગણાની અપેક્ષાએ કેટલીક વર્ગણાઓ અસંખ્યાતભાગહીન, પછીની કેટલીકવર્ગણાઓ પ્રથમ વર્ગણાની અપેક્ષાએ સંખ્યાતભાગહીન તેના પછીની કેટલીક વર્ગણાઓ સંખ્યાતગુણહીન, અને તેના પછીની કેટલીક વર્ગણાઓ અસંખ્યાતગુણહીન અને આ જ રીતે કેટલીક વર્ગણાઓ અનંતગુણહીન આ પ્રમાણે અસંખ્યાતભાગ હાનિવાળી અસંખ્યાતી વર્ગણાઓમાં પ્રથમવર્ગણાની અપેક્ષાએ પાંચે પ્રકારની પણ હાનિ સંભવી શકે છે.

આ જ પ્રમાણે સંખ્યેય ભાગહાનિવાળી અસંખ્યાતીવર્ગણામાં પ્રથમવર્ગણાની અપેક્ષાએ પ્રાથમિક કેટલીક વર્ગણાઓ સંખ્યાતભાગહીન, ત્યારપછીની કેટલીક વર્ગણાઓ સંખ્યાતગુણહીન, કેટલીક વર્ગણાઓ અસંખ્યાત ગુણહીન, અને કેટલીક વર્ગણાઓ અનંતગુણહીન આમ ચાર પ્રકારની હાનિ પ્રાપ્ત થાય છે. માત્ર અસંખ્યાતભાગ હીનવાળી હાનિને વર્જીને બાકીની ચારે પ્રકારની હાનિ પ્રાપ્ત થાય છે.

આ જ પ્રમાણે સંખ્યાતગુણહાનિવાળી અસંખ્યાતી વર્ગણાઓમાં અસંખ્યાતભાગહાનિ અને સંખ્યાતભાગહાનિ આ બે પ્રકારની હાનિને વર્જીને બાકીની ત્રણ પ્રકારની હાનિ (સંખ્યાતગુણહાનિ-અસંખ્યાતગુણહાનિ અને અનંતગુણહાનિ આમ ત્રણ પ્રકારની હાનિ) પ્રથમવર્ગણાની અપેક્ષાએ પ્રાપ્ત થાય છે.

અસંખ્યાતગુણહાનિવાળી અનંતી વર્ગણાઓમાં પ્રારંભની કેટલીક વર્ગણાઓ અસંખ્યાતગુણહીન અને પછીની કેટલીક વર્ગણાઓ પરંપરાની અપેક્ષાએ અનંતગુણહીન-વર્ગણાઓ થાય છે. તેવી જ રીતે અનંતગુણહાનિવાળી વર્ગણાઓમાં તો ફક્ત અનંતગુણહાનિ એક જ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે પરંપરોપનિધા જાણવી.

હવે આ પાંચે પ્રકારની હાનિમાં અલ્પ બહુત્વ કહેવાય છે. ત્યાં અસંખ્યાતભાગહાનિમાં વર્ગણાઓ સર્વથી થોડી છે. સ્નેહ અલ્પ હોવાથી સમાન સ્નેહવાળા પરમાણુઓ ઘણા ઘણા મળવાથી વર્ગણાઓ અલ્પ થાય છે. તેના કરતાં સંખ્યાતભાગહાનિવાળી વર્ગણાઓ અનંતગુણી થાય છે. તેના કરતાં પણ સંખ્યાતગુણ હાનિવાળી વર્ગણાઓ અનંતગુણી થાય છે. તેના કરતાં પણ અસંખ્યાતગુણહાનિવાળી વર્ગણાઓ અનંતગુણી થાય છે. તેના કરતાં પણ

અનંતગુણહાનિવાળી વર્ગણાઓ અનંતગુણી થાય છે. વર્ગણાઓના અલ્પબહુત્વમાં આ ક્રમ જાણવો. પરંતુ તે તે વર્ગણાઓમાં આવેલા પુદ્ગલોનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે. (ઉપર કરતાં વિપરીત), ૧, અનંતગુણહાનિવાળી વર્ગણાઓમાં પુદ્ગલો સર્વથી થોડાં છે. (૨) તેના કરતાં અસંખ્યેયગુણહાનિવાળી વર્ગણાઓમાં પુદ્ગલો અનંતગુણાં છે. (૩) તેના કરતાં સંખ્યાતગુણહાનિવાળી વર્ગણાઓમાં પુદ્ગલો અનંતગુણાં છે. (૪) તેના કરતાં પણ સંખ્યાતભાગહાનિવાળી વર્ગણાઓમાં પુદ્ગલો અનંતગુણાં છે. (૫) તેના કરતાં પણ અસંખ્યાતભાગ હાનિવાળી વર્ગણાઓમાં પુદ્ગલો અનંતગુણાં છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે-

**थोवाओ वग्गणाओ, पढमहाणीए उवरिमासु कमा ।**
**होंति अणंतगुणाओ, अणंतभागो पएसाणं ॥ २४ ॥**

(પંચસંગ્રહ ભાગ બીજો ગાથા ૨૪)

ગાથાર્થ- પ્રથમહાનિમાં વર્ગણાઓ થોડી છે. અનુક્રમે ઉપર-ઉપરની હાનિમાં વર્ગણા અનંતગુણી છે. પરંતુ પ્રદેશોની અપેક્ષાએ અનંતમોભાગ પહેલેથી (અસંખ્યાતભાગહાનિથી) પ્રારંભીને અન્તિમવર્ગણા (અનંતગુણવૃદ્ધિવાળી વર્ગણા સુધી) અનંતમોભાગ અનંતમોભાગ માત્ર પરમાણુઓ છે જેમાં એવી વર્ગણાઓ છે. આમ જાણવુ. (૨૪)

*અવતરણ :- ઉપર કહ્યા પ્રમાણે સ્નેહ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા સમજાવી. હવે નામપ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા અને પ્રયોગપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા સમજાવે છે-*

**णामप्पओगपच्चयगेसु वि, णेया अणंतगुणणाए ।**
**धणिया देसगुणा सिं, जहन्नजिट्ठे सगे कट्टु ॥ २३ ॥**

ગાથાર્થ- નામ પ્રત્યયસ્પર્ધક અને પ્રયોગ પ્રત્યયસ્પર્ધક પ્રરૂપણામાં પણ સ્નેહાવિભાગો અનંતગુણાકારે જાણવા. તથા सिं તે સ્નેહ પ્રત્યય-નામપ્રત્યય અને પ્રયોગપ્રત્યય આ ત્રણે પ્રકારના સ્પર્ધકોની सगे પોતપોતાની जहन्नजिट्ठे જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ગણાઓને कट्टु બુદ્ધિથી પૃથક્ કરીને તેમાં धणिया ઠાંસી ઠાંસીને ભરેલા देसगुणा નિર્વિભાજ્ય ભાગો અનુક્રમે અનંતગુણાકારે કહેવા ॥ ૨૩ ॥

**વિવેચન-** હવે નામ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા સમજાવે છે. આ વિષયમાં છ અનુયોગદ્વાર (વસ્તુ સમજાવવા માટેનાં દ્વાર ૬) છે. (૧) અવિભાગપ્રરૂપણા (૨) વર્ગણા પ્રરૂપણા (૩) સ્પર્ધક પ્રરૂપણા (૪) અન્તરપ્રરૂપણા (૫) વર્ગણાનાં બનેલા પુદ્ગલ સ્કંધોમાં રહેલા સ્નેહાવિભાગના સકલ સમુદાયની પ્રરૂપણા. (૬) અને સ્થાનપ્રરૂપણા આમ કુલ ૬ દ્વારો જાણવાં.

ત્યાં ઔદારિકાદિ પાંચ શરીર પ્રાયોગ્ય જે પુદ્ગલો છે. તે પુદ્ગલોના પરમાણુઓમાં જે રસ છે. તે રસના એવા ટુકડા કરવામાં આવે કે જે એક ટુકડાના બે ટુકડા ન થાય તેવા કેવલી પરમાત્માની પ્રજ્ઞા રૂપી છેદનક (શસ્ત્ર) વડે છેદી છેદીને જેના બે ભાગ ન થાય તેવા ભાગો કરાય. (અથવા કલ્પાય) તેવા નિર્વિભાજ્ય ભાગોને અવિભાગ અથવા રસાવિભાગ અથવા સ્નેહાવિભાગ કહેવાય છે તેને જ ગુણપરમાણુ અથવા ભાવપરમાણુ પણ કહેવાય છે. આ અવિભાગપ્રરૂપણા થઈ.

ત્યાં એક સ્નેહાવિભાગથી યુક્ત એવાં જે પુદ્ગલો છે. તે શરીરરચનાને માટે યોગ્ય હોતાં નથી. બે-ત્રણ-ચાર-સ્નેહાવિભાગથી યુક્ત જે પુદ્ગલો છે તે પણ શરીરની રચનાને યોગ્ય હોતાં નથી એમ યાવત્ સર્વજીવો કરતાં અનંતગુણ અર્થાત્ અનંતાનંત સ્નેહાવિભાગથી યુક્ત એવાં જે પુદ્ગલો છે. તે શરીરની રચનાને યોગ્ય છે. માટે તેઓનો જે સમુદાય તે પ્રથમવર્ગણા કહેવાય છે. આ વર્ગણાને જઘન્યવર્ગણા કહેવાય, તેના કરતાં એક-એક સ્નેહાવિભાગથી યુક્ત એવા પુદ્ગલોના સમુહને બીજી-ત્રીજી વર્ગણા કરતાં કરતાં નિરંતરપણે ત્યાં સુધી જાણવું કે યાવત્ અભવ્યજીવોની રાશિ કરતાં અનંતગુણી અને સિદ્ધ ભગવંતોની સંખ્યા કરતાં અનંતમા ભાગની સંખ્યા તુલ્ય વર્ગણાઓ થાય. ક્રમસર થયેલી આ સર્વે વર્ગણાઓનો જે સમુદાય તે એક સ્પર્ધક કહેવાય છે. અહીં એક સ્પર્ધક પૂર્ણ થાય છે. તેના કરતાં એક-બે સ્નેહાવિભાગથી અધિક સ્નેહવાળા પરમાણુઓ પ્રાપ્ત થતા નથી. પરંતુ સર્વ જીવો કરતાં અનંતગુણા અર્થાત્ અનંતાનંત સ્નેહાવિભાગથી અધિક સ્નેહવાળા પરમાણુઓ પ્રાપ્ત થાય છે. તેઓનો સમુદાય તે બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા કહેવાય છે.

પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણામાં રહેલા સ્નેહાવિભાગો કરતાં તે બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણામાં સ્નેહાવિભાગો, બમણા હોય છે. તેના કરતાં એક એક સ્નેહાવિભાગની વૃદ્ધિ વડે વધતી નિરંતર વર્ગણાઓ ત્યાં સુધી કહેવી કે યાવત્ અભવ્યજીવોની રાશિ કરતાં અનંતગુણી અને સિદ્ધ ભગવંતોની રાશિથી અનંતમાભાગની રાશિતુલ્ય આ વર્ગણાઓ થાય. તેટલી વર્ગણાઓનો જે સમુદાય તે બીજું સ્પર્ધક જાણવું.

બીજા સ્પર્ધકની છેલ્લી વર્ગણા કરતાં એક-બે-ત્રણ સ્નેહાવિભાગથી વૃદ્ધિવાળા પરમાણુઓ પ્રાપ્ત થતા નથી પરંતુ સર્વજીવોની રાશિ કરતાં અનંતગુણા એટલે કે અનંતાનંત સ્નેહાવિભાગની વૃદ્ધિવાળા પરમાણુઓ પ્રાપ્ત થાય છે. તેઓનો સમુદાય તે ત્રીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા જાણવી. તે વર્ગણામાં જે સ્નેહાવિભાગો છે. તે પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણા માં રહેલા સ્નેહાવિભાગો કરતાં ત્રણ ગુણા સ્નેહાવિભાગો જાણવા.

આ પ્રમાણે જેટલી સંખ્યાવાળુ સ્પર્ધક વિચારણામાં લેવાય. તે સ્પર્ધકમાં તેટલા તેટલા

ગુણાકારવાળા સ્નેહાવિભાગો પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે થયેલાં તે સ્પર્ધકો કુલ અભવ્યજીવરાશિ કરતાં અનંતગુણાં અને સિદ્ધભગવંતોની રાશિ કરતાં અનંતમા ભાગતુલ્ય સ્પર્ધકો થાય છે.

આ સ્પર્ધકોની વચ્ચેનું અંતર સ્પર્ધકોની સંખ્યા કરતાં એક ન્યૂન કરીએ તેટલા સ્પર્ધકની રાશિતુલ્ય થાય છે. જેમ કે કોઈ પણ મનુષ્યના હાથની ચાર આંગળીયોની વચ્ચેનું અંતર ત્રણ જ હોય છે. તેમ સ્પર્ધકોની સંખ્યા કરતાં અંતર એક ઓછું જાણવું.

તથા આ બધી જ વર્ગણાઓની અંદર અનન્તરપણે બે પ્રકારની સ્નેહાવિભાગની વૃદ્ધિ હોય છે. (૧) એક એક સ્નેહાવિભાગની વૃદ્ધિ અને (૨) અનંતાનંત સ્નેહાવિભાગની વૃદ્ધિ. ત્યાં કોઇ પણ એક સ્પર્ધકની અંદર રહેલી અભવ્યની અનંતગુણી જે વર્ગણાઓ છે ત્યાં એટલે કે એક સ્પર્ધકની અંદર રહેલી અનંતી વર્ગણાઓમાં અનુક્રમે એક એક સ્નેહાવિભાગની વૃદ્ધિ જાણવી.

તથા પાછલા સ્પર્ધકમાં રહેલી છેલ્લી વર્ગણાથી આગળના સ્પર્ધકની પ્રથમ વર્ગણાના સ્નેહાવિભાગો અનંતાનંત સ્નેહાવિભાગથી વૃદ્ધિ વાળા જાણવા. આ પ્રમાણે આ ગાથામાં (૧) વર્ગણાપ્રરૂપણા (૨) સ્પર્ધક પ્રરૂપણા અને (૩) અન્તર પ્રરૂપણા આમ કુલ ત્રણ દ્વારો સમજાવ્યાં.

હવે વર્ગણામાં રહેલા પુદ્ગલના સ્નેહાવિભાગના સમુદાયની પ્રરૂપણા કરાય છે- ત્યાં પ્રથમ શરીરસ્થાનની પ્રથમ વર્ગણામાં જે સ્નેહાવિભાગો છે. તે સૌથી થોડા હોય છે. તેના કરતાં બીજા શરીરસ્થાનની પહેલી વર્ગણામાં સ્નેહાવિભાગો અનંતગુણા હોય છે. તેના કરતાં ત્રીજા શરીરસ્થાનની પ્રથમ વર્ગણામાં સ્નેહાવિભાગો અનંતગુણા હોય છે. આ પ્રમાણે અનન્તગુણાની શ્રેણી વડે સર્વે પણ શરીરસ્થાનો સ્નેહાવિભાગની વૃદ્ધિ વાળાં જાણવાં.

આ પ્રસંગે પન્નર પ્રકારના બંધનમાં તે તે બંધનને યોગ્ય રહેલાં શરીરસ્થાનોના પરમાણુઓનું અલ્પબહુત્વ કહેવાય છે.

ત્યાં (૧) ઔદારિકઔદારિક બન્ધનને યોગ્ય પુદ્ગલો સૌથી થોડાં છે તેના કરતાં (૨) ઔદારિક તૈજસ બન્ધન યોગ્ય પુદ્ગલો અનન્તગુણાં છે. તેના કરતાં (૩) ઔદારિક કાર્મણ બન્ધન યોગ્ય પુદ્ગલો અનન્તગુણાં છે. તેના કરતાં (૪) ઔદારિક તૈજસ કાર્મણ બન્ધનયોગ્ય પુદ્ગલો અનંતગુણાં છે.

આ જ પ્રમાણે વૈક્રિયનાં ચાર બંધનમાં પણ અલ્પ બહુત્વ જાણવું ત્યાં (૧) વૈક્રિય વૈક્રિય બન્ધન યોગ્ય પુદ્ગલો થોડાં છે. તેના કરતાં (૨) વૈક્રિય તૈજસ બંધન યોગ્ય પુદ્ગલો અનન્તગુણાં છે. તેના કરતાં (૩) વૈક્રિય કાર્મણ બંધન યોગ્ય પુદ્ગલો અનંતગુણાં છે. તેના કરતાં (૪) વૈક્રિય તૈજસ કાર્મણ બંધન યોગ્ય પુદ્ગલો અનંતગુણાં છે.

તથા આહારકશરીર સંબંધી ચારે બન્ધનમાં પણ આ જ પ્રમાણે અલ્પબહુત્વ જાણવું ત્યાં (૧) આહારક આહારક બન્ધનયોગ્ય પુદ્ગલો સૌથી થોડાં છે. (૨) તેના કરતાં આહારક તૈજસ બન્ધન યોગ્ય પુદ્ગલો અનંતગુણાં છે. તેના કરતાં (૩) આહારક કાર્મણ બન્ધન યોગ્ય પુદ્ગલો અનંતગુણાં છે. (૪) તેના કરતાં પણ આહારક તૈજસ કાર્મણ બંધન યોગ્ય પુદ્ગલો અનન્તગુણાં છે.

તેના કરતાં પણ તૈજસ તૈજસ બંધનયોગ્ય પુદ્ગલો અનંતગુણાં છે. તેના કરતાં પણ તૈજસ કાર્મણ બંધન યોગ્ય પુદ્ગલો અનંતગુણાં છે. અને તેના કરતાં પણ કાર્મણ કાર્મણ બંધન યોગ્ય પુદ્ગલો અનંતગુણાં છે. આ પ્રમાણે પન્નર પ્રકારનાં બંધનનું અલ્પબહુત્વ જાણવું.

હવે "સ્થાનપ્રરૂપણા" નામનું છઠ્ઠુ દ્વાર સમજાવાય છે. હવે આ દ્વારને સમજાવવાનો અવસર છે. ત્યાં પ્રથમ સ્પર્ધકથી આરંભીને અભવ્ય જીવોની રાશિથી અનંતગુણ અને સિદ્ધજીવોની રાશિથી અનન્તમા ભાગ પ્રમાણ સ્પર્ધકો દ્વારા પ્રથમ એક શરીર સ્થાન થાય છે. ત્યારબાદ તેટલાં જ સ્પર્ધકો પરંતુ તેમાં અનન્તભાગ અધિક એવાં સ્પર્ધકોવડે બીજુ શરીરસ્થાન થાય છે. ફરીથી તેનાથી આગળ અનન્તભાગ અધિક એવાં તેટલાં જ સ્પર્ધકવડે ત્રીજુ શરીરસ્થાન થાય છે આ પ્રમાણે નિરન્તર પણે અનંતભાગ અધિક-અનંતભાગ અધિક સ્પર્ધકોવાળાં શરીરસ્થાનોનું અલ્પબહુત્વ જાણવું.

**પ્રશ્ન :-** અનંતભાગ અધિક અનંતભાગ અધિક સ્પર્ધકોવાળાં આવાં શરીર સ્થાનો કેટલાં થતાં હશે ?

**ઉત્તર :-** એક અંગુલમાત્ર ક્ષેત્રના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય છે તેટલા પ્રમાણવાળાં આ અનંતભાગ અધિક સ્પર્ધકોવાળાં સ્થાનો જાણવાં આટલા પ્રમાણવાળાં સ્પર્ધકનો જે સમુદાય તેને શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે એક કંડક કહેવાય છે. ઉપર કહેલી સંખ્યાને જ (અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ પ્રદેશોની રાશિપ્રમાણ સંખ્યાને જ) શાસ્ત્રોમાં કંડક તરીકે ઘોષિત કરેલ છે. માટે આ પ્રમાણે જાણવું.

તે પ્રથમ કંડકથી ઉપર જે પ્રથમ શરીરસ્થાન આવે છે તે શરીર સ્થાન પ્રથમ કંડકગત અન્તિમ શરીર સ્થાનની અપેક્ષાએ અસંખ્યાતભાગ અધિક તરીકે જાણવું. સારાંશ કે આ શરીરસ્થાન પૂર્વના કંડકપ્રમાણ શરીરસ્થાનોના અન્તિમ શરીર સ્થાન કરતાં અસંખ્યાતભાગ અધિક જાણવું.

તેના કરતાં તેના પછીનાં અન્ય અન્ય શરીરસ્થાનો અનુક્રમે અનન્તભાગવૃદ્ધ-અનંતભાગવૃદ્ધ આ પ્રમાણે એક કંડકપ્રમાણ સ્થાનો છે આમ જાણવું. આ અનન્તભાગ

અધિક સ્પર્ધકોના સમુદાય વાળુ બીજું કંડક જાણવું તેના ઉપર અન્ય એવું જે એક શરીરસ્થાન આવે છે તે બીજા કંડકગત અન્તિમ શરીર સ્થાનની અપેક્ષાએ અસંખ્યાતભાગની વૃદ્ધિ વાળું બીજું શરીરસ્થાન જાણવું. ત્યારબાદ ફરીથી એક કંડકમાત્ર પ્રમાણ શરીર સ્થાનો અનંત ભાગવૃદ્ધિવાળાં કહેવાં. તેટલાં સ્થાનોનો જે સમુદાય તે ત્રીજું કંડક જાણવું આ પ્રમાણે અસંખ્યાતમા ભાગે અધિકનું એક એક સ્થાન છે વચમાં વચમાં જેને એવાં અનન્તભાગ વૃદ્ધનાં કંડકો ત્યાં સુધી કરવાં કે યાવત્ વચ્ચે વચ્ચે આવતાં અસંખ્યાત ભાગવૃદ્ધનાં એક એક સ્થાનો પણ એક કંડક પ્રમાણ થાય.

આ વિષય સમજવા માટે એક કલ્પના કરીએ કે અનંતભાગ અધિકના સ્થાનને શૂન્યના આંકથી, અને અસંખ્યાતભાગ અધિકના સ્થાનને એકના આંકથી કલ્પના કરીએ તો, તથા કંડકનો આંક ચારનો કલ્પીએ તો આ પ્રમાણેની રચના થાય છે.

૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, આ ચિત્રમાં જે શૂન્યો છે તે અનંતભાગ અધિકના સ્થાનો છે તેનું કંડક સમાપ્ત થાય પછી એકના આંકવાળું અસંખ્યાત ભાગ અધિકનું સ્થાન છે આમ વચ્ચે વચ્ચે આવતાં અસંખ્યાત ભાગ અધિકનાં સ્થાનો પણ (એકડા પણ) કંડક પ્રમાણ (ચાર) થવા જોઈએ.

ત્યારબાદ ચોથા (એટલે કે ચરમ) અસંખ્યાતભાગ અધિક સ્થાન કરતાં તેના પછીનાં એક કંડકમાત્ર પ્રમાણ અનન્તભાગવૃદ્ધનાં સ્થાનો કહેવાં, ત્યારબાદ જે સ્થાન આવે છે. તે **સંખ્યાતભાગવૃદ્ધવાળું** સ્થાન છે. આમ જાણવું.

એક સંખ્યાતભાગવૃદ્ધનું સ્થાન આવ્યા પછી મૂલથી આરંભીને જેટલાં સ્થાનો પૂર્વે પસાર કર્યા છે. તે સર્વ ફરીથી પૂર્ણ કરાય છે, સારાંશ કે ત્યારબાદ ઉપર કહેલા ક્રમે બધાં જ સ્થાનો કહ્યા પ્રમાણે કહીને બીજું એક સંખ્યાત ભાગ અધિકનું સ્થાન કહેવું. આમ કરતાં કરતાં વચ્ચે વચ્ચે આવતાં આ સંખ્યાતભાગ અધિકનાં સ્થાનો પણ એક કંડક પ્રમાણ થાય હવે ચિત્રની રચના આ પ્રમાણે બનશે. ત્યાં સંખ્યાત ભાગ અધિકને ૨ ના આંકનું નિશાન જાણવું.

૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨. આ પ્રમાણેની રચના થઈ.

આ પ્રમાણે બગડાના આંકના સ્થાને થનારાં સંખ્યાતભાગ અધિકનાં સ્થાનો પણ કંડક પ્રમાણ થયા બાદ "ततः उक्तक्रमेण भूयोऽपि सङ्ख्येयभागाधिक स्थानप्रसङ्गे सङ्ख्येय गुणाधिकं

स्थानमेकं वाच्यम्" ત્યારબાદ એટલે કે સંખ્યાત ભાગ અધિકનાં સ્થાનો એક કંડક પ્રમાણ સમાપ્ત થયા બાદ ઉપર કહેલા ક્રમ પ્રમાણે જ ફરીથી પણ (અનંત ભાગ અધિક અને અસંખ્યાત ભાગ અધિકનાં સ્થાનો કહેતાં કહેતાં જ્યારે સંખ્યાત ભાગ અધિકનું સ્થાન કહેવાનો અવસર આવે ત્યારે તે ન કહેતાં સંખ્યાત ગુણ અધિકનું સ્થાન કહેવું. કારણ કે સંખ્યાત ભાગ અધિકનાં સ્થાનોનું કંડક સમાપ્ત થઈ ચુક્યું છે. માટે તે ન કહેવું પણ સંખ્યાત ગુણ અધિકનું સ્થાન કહેવું.

(અહીં સમજવા માટે અનંતભાગ અધિક એટલે ૦, અસંખ્યાત ભાગ અધિક એટલે ૧, સંખ્યાતભાગ અધિક એટલે ૨, સંખ્યાતગુણઅધિક એટલે ૩, આમ આ વિષય સમજવા પુરતી આ કલ્પનામાત્ર કરેલી છે. તથા કંડક એટલે કલ્પના માત્રથી ૧ થી ૪ જાણવાં.) જેથી આવી રચના થશે-

૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૩.

સંખ્યાતગુણ અધિકનું એકસ્થાન આવ્યા પછી ફરીથી મૂલથી જ આરંભીને તેટલાં જ શરીરસ્થાનો કહેવાં. ત્યાર બાદ સંખ્યાત ગુણ અધિકનું બીજું એકસ્થાન કહેવું. આ જ ક્રમે આગળ આગળ કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે આ સંખ્યાતગુણ અધિકનાં સ્થાનો પણ યાવત્ પરિપૂર્ણ એક કંડક પ્રમાણ થાય. ત્યાર બાદ પૂર્વની પરિપાટિ પ્રમાણે મૂલથી બધાં જ સ્થાનો કહીને સંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવાનો અવસર આવે ત્યાં અસંખ્યાત ગુણ અધિકનું સ્થાન કહેવું કારણ કે સંખ્યાત ગુણ અધિકનું કંડક સમાપ્ત થઈ ચુક્યું છે.

આ જ ક્રમે મૂલથી આરંભીને પૂર્વે કહેલાં સર્વે પણ સ્થાનો કહેવાં. ત્યારબાદ બીજું એક અસંખ્યાતગુણવૃદ્ધિનું સ્થાન કહેવું. આ પ્રમાણે કરતાં કરતાં અસંખ્યાતગુણની વૃદ્ધિવાળાં વચ્ચે વચ્ચે આવતાં સ્થાનો પણ એક કંડક પ્રમાણ થાય. ત્યાં સુધી કહેવું. આ પ્રમાણે અસંખ્યાત ગુણની વૃદ્ધિ વાળું કંડક સમાપ્ત થયા બાદ પૂર્વની જેમ મૂલથી આરંભીને પાંચે પ્રકારની વૃદ્ધિ કહ્યા બાદ અસંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવાનો અવકાર આવે ત્યારે તે ન કહેતાં અનંતગુણ અધિકનું સ્થાન કહેવું કારણ કે અસંખ્યાત ગુણ અધિકનું કંડક સમાપ્ત થઈ ગયું છે. આ પ્રમાણે અનંતગુણ અધિકનું એક સ્થાન કહ્યા પછી મૂલથી આરંભીને પૂર્વની જેમ પાંચ વૃદ્ધિ કહ્યા બાદ બીજું અનંતગુણવૃદ્ધનું સ્થાન કહેવું. આમ કરતાં કરતાં અનંતગુણની અધિકતાવાળાં સ્થાનો પણ કંડક પ્રમાણ થવાં જોઈએ. ત્યારબાદ એટલે કે તે અનંતગુણવૃદ્ધનું

કંડક સમાપ્ત થયા બાદ પણ પાંચે પ્રકારની વૃદ્ધિવાળાં સ્થાનો પૂર્વે કહેલા ક્રમ પ્રમાણે કહેવાં. પરંતુ આ પાંચ પ્રકારની વૃદ્ધિ કહ્યા બાદ જ્યાં અનંતગુણ અધિકનું સ્થાન કહેવાનો અવસર આવે ત્યાં તે સ્થાન ન કહેવું. કારણ કે અનંતગુણવૃદ્ધનું કંડક સમાપ્ત થઈ ચુક્યું છે. માટે હવે અનંતગુણવૃદ્ધનું સ્થાન પ્રાપ્ત થતું નથી અહીં પ્રથમ ષટ્સ્થાનક સમાપ્ત થાય છે.

આ પ્રમાણે આ શરીરસ્થાનોમાં અસંખ્યાતાં ષટ્સ્થાનકો થાય છે. સર્વે પણ શરીરસ્થાનો મળીને કુલ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ શરીરસ્થાનો થાય છે. આ પ્રમાણે નામ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા સમાપ્ત કરી. તેનું કલ્પનાચિત્ર આ પ્રમાણે છે (અનંતભાગ અધિકને ૦ થી જાણવું. એજ પ્રમાણે ૧ એટલે અસંખ્યાત ભાગ અધિક, ૨ એટલે સંખ્યાતભાગ અધિક, ૩ એટલે સંખ્યાતગુણ અધિક, ૪ એટલે અસંખ્યાતગુણ અધિક અને ૫ એટલે અનંતગુણ અધિક આમ કલ્પના કરીને આ ચિત્ર સમજાવેલ છે. તત્ત્વ સમજવા પુરતું આ કલ્પનાચિત્ર છે. (આ ચિત્ર એ એક કલ્પના છે. સત્ય જ છે, એમ ન સમજવું.)

૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧,
૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧,
૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧,
૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૩, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧,
૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧,
૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧,
૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૩, ૦૦૦૦૧,
૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧,
૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧,
૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧,
૦૦૦૦૩, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧,
૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧,
૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧,
૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૩, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧,
૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧,
૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧,
૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૪,

આ જ ક્રમ પ્રમાણે ચારવાર ચોગડા આવે પછી એક પાંચડો જાણવો એમ પાંચડા પણ ચાર કરવા. આ પ્રમાણે ચાર પાંચડા આવ્યા પછી ફરીથી એક પાંચડો આવે તે રીતે ચાર પાંચડા કહીને પાંચમી વારનો પાંચડો કરવો નહીં. ત્યાં એક ષડ્સ્થાનક સમાપ્ત થાય છે.

આ પ્રમાણે શરીર સ્થાનોમાં અસંખ્યાતાં ષટ્સ્થાનક હોય છે. સર્વે ષટ્સ્થાનકો મળીને કુલ આવાં ષટ્સ્થાનકો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ થાય છે. આ પ્રમાણે આ નામ પ્રત્યય સ્પર્ધકની પ્રરૂપણા કહી. હવે પ્રયોગ પ્રત્યય સ્પર્ધકની પ્રરૂપણા કરાય છે.

ત્યાં प्रकृष्टो योगः प्रयोगः એટલે કે પ્રકૃષ્ટ એવો જે યોગ અર્થાત્ ઉત્કૃષ્ટ એવો જે યોગ તે પ્રયોગ આવી વ્યુત્પત્તિ થતી હોવાથી તે તે સ્થાનોની વૃદ્ધિને અનુસારે કેવળ યોગના નિમિત્તે જ બંધાતાં એવાં કર્મ પરમાણુઓમાં જે રસની વૃદ્ધિ થાય છે અને સ્પર્ધક સ્વરૂપે પરિણામ પામે છે. (બને છે) તે પ્રયોગ પ્રત્યય સ્પર્ધક પ્રરૂપણા કહેવાય છે પંચસંગ્રહ નામના ગ્રંથમાં કહ્યું છે કે

**होइ पओगो जोगो, तद्ठाणविवड्ढणाए जो उ रसो ।**
**परिवड्ढेइ जीवे, पओगफड्डं तयं बेंति ॥ ३६ ॥** (પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૩૬)

**ગાથાર્થ** :- ઉત્કૃષ્ટ એવો જે યોગ તે પ્રયોગ, તે યોગનાં સ્થાનોની વૃદ્ધિને અનુસારે જીવો દ્વારા કર્મ પરમાણુઓમાં જે રસ વધે છે. તેને પ્રયોગ પ્રત્યય સ્પર્ધક કહેવાય છે. ॥૩૬॥

આ પ્રયોગ પ્રત્યય સ્પર્ધકની પ્રરૂપણા પણ નામ પ્રત્યય સ્પર્ધકની પ્રરૂપણાની જેમ જ જાણવી. આ જ વાત પંચસંગ્રહમાં પણ કહી છે. તે આ પ્રમાણે

**अविभागवग्ग फड्डग अंतरठाणाइ एत्थ जइ पुव्वि ।**
**ठाणाइवग्गणाओ, अणंतगुणणाए गच्छंति ॥ ३७ ॥** (પંચસંગ્રહ-બંધનકરણ ગાથા ૩૭)

**ગાથાર્થ** :- અવિભાગ પ્રરૂપણા, વર્ગણા પ્રરૂપણા, સ્પર્ધક પ્રરૂપણા, અંતર પ્રરૂપણા, સ્થાન પ્રરૂપણા વિગેરે વિષયોની પ્રરૂપણા જેમ પૂર્વના સ્પર્ધકમાં (નામ પ્રત્યય સ્પર્ધકમાં) કહી છે તેમ અહીં પણ એટલે કે પ્રયોગ પ્રત્યય સ્પર્ધકમાં પણ કરવી. ॥ ૩૭ ॥

આ સર્વે શરીરસ્થાનોમાં પ્રથમ-પ્રથમ વર્ગણા અનન્ત ગુણાકાર પણે વધેલા સ્નેહાવિભાગવાળી હોય છે. તે આ પ્રમાણે જાણવી-

પ્રથમ શરીર સ્થાન સંબંધી પ્રથમ વર્ગણામાં સર્વપુદ્ગલોમાં રહેલા સ્નેહાવિભાગો આગળ આવતી વર્ગણાઓથી સૌથી થોડા (અલ્પ) છે. તેના કરતાં બીજા શરીર સ્થાનની પ્રથમ વર્ગણામાં સ્નેહાવિભાગો અનન્તગુણ છે તેના કરતાં પણ ત્રીજા શરીરસ્થાનમાં રહેલી પ્રથમવર્ગણામાં અનંતગુણા છે. આ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે યાવત્ અન્તિમ સ્થાન આવે. ॥

"अंतरठाणाइ" આ પદમાં કહેલા आदि શબ્દથી કંડક અને ષટ્સ્થાનક પણ સમજી લેવાં આ પ્રમાણે आदि શબ્દથી આ બે દ્વાર વધારે ગ્રહણ કરવાથી નામ પ્રત્યય સ્પર્ધકમાં

તથા પ્રયોગ પ્રત્યય સ્પર્ધકમાં એમ બન્નેમાં દરેકનાં આઠ-આઠ અનુયોગ દ્વારો કહેવાશે. નામ પ્રત્યયસ્પર્ધકોમાં વિશેષપણે જેમ સમજાવ્યું છે તેમ તેને અનુસારે પ્રયોગ પ્રત્યય સ્પર્ધક માં પણ સમજી લેવું.

હવે આ સ્નેહપ્રત્યય સ્પર્ધક- નામ પ્રત્યય સ્પર્ધક-અને પ્રયોગ પ્રત્યય સ્પર્ધકમાં અલ્પબહુત્વ કહેવાય છે. ત્યાં સ્નેહ પ્રત્યયસ્પર્ધકની જઘન્યવર્ગણામાં સકલપુદ્ગલમાં રહેલા સ્નેહાવિભાગો સૌથી થોડા છે. તેના કરતાં તો તે જ સ્નેહ પ્રત્યય સ્પર્ધકની ઉત્કૃષ્ટવર્ગણામાં સ્નેહાવિભાગો અનંત ગુણા છે. તેના કરતાં નામ પ્રત્યયસ્પર્ધકની જઘન્યવર્ગણામાં સ્નેહાવિભાગો અનંતગુણા છે. તેના કરતાં પણ તે જ નામ પ્રત્યય સ્પર્ધકની ઉત્કૃષ્ટવર્ગણામાં સ્નેહાવિભાગો અનંતગુણા છે. તેના કરતાં પ્રયોગ પ્રત્યય સ્પર્ધકની જઘન્યવર્ગણામાં સ્નેહાવિભાગો અનંતગુણા છે. તેના કરતાં પણ પ્રયોગ પ્રત્યય સ્પર્ધકની ઉત્કૃષ્ટ વર્ગણામાં સ્નેહાવિભાગો અનન્તગુણા છે. આ પ્રમાણે અલ્પબહુત્વ જાણવું.

આ ત્રેવીસમી ગાથા કંઇક કઠીન અર્થવાળી છે તેથી વિસ્તારથી સમજાવવા પ્રયત્ન કર્યો છે. છતાં તે ગાથામાં આવેલા શબ્દોના અર્થ પ્રમાણે અક્ષરાર્થ આ પ્રમાણે છે.- નામ પ્રત્ય સ્પર્ધકમાં તથા પ્રયોગ પ્રત્યય સ્પર્ધકમાં પણ અવિભાગ-વર્ગણા-સ્પર્ધક વિગેરે પૂર્વની જેમ જ જાણવા. તે આ પ્રમાણે - સ્નેહ પ્રત્યય સ્પર્ધકોની જેમ જ આ બન્ને સ્પર્ધકમાં પણ એક એક સ્નેહાવિભાગથી યુક્ત એવી વર્ગણા વિગેરે જાણવું. તથા અલ્પ સ્નેહથી બંધાયેલાં પુદ્ગલો ઘણાં છે. અને તેનાથી ઇતર એટલે વધારે સ્નેહથી બંધાયેલાં પુદ્ગલો થોડાં છે. તથા સ્નેહપ્રત્યય સ્પર્ધકમાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ વર્ગણાઓ ઓળંગે છતે જે વર્ગણા આવે. તેમાં સ્નેહાવિભાગો દ્વિગુણહીન (અર્ધા) કહ્યા તે વાત આ બન્ને સ્પર્ધકોમાં અસંભવિત હોવાથી કહેવી નહી. અર્થાત્ આ વાતનો અસંભવ હોવાથી જ સંબંધ ન લેવો. સ્નેહ પ્રત્યયસ્પર્ધકમાં પણ આ દ્વિગુણહાનિ સર્વત્ર (પાંચે પ્રકારની વૃદ્ધિ હાનિમાં) વ્યાપકપણે જોડી ન હતી. ત્યાં પણ યથાસંભવ જ પ્રથમની બે હાનિમાં જ સંભવતી હતી અને ત્યાં તે રીતે જ વર્ણવી હતી. માટે તે વાત અહીં બાકીના બે સ્પર્ધકોમાં ન જાણવી.

તથા સિં એટલે આ સ્નેહપ્રત્યય-નામપ્રત્યય-અને પ્રયોગપ્રત્યય આમ ત્રણે પ્રકારના સ્પર્ધકોમાં सगे = स्वके = પોતપોતાની जहन्नजिट्ठे = જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ગણાઓ कट्टु બુદ્ધિથી ભિન્ન ભિન્ન કરીને અનુક્રમે તે વર્ગણાઓમાં धणिया = ભરેલા. રહેલા એવા देशगुणा = નિર્વિભાજ્ય ભાગ રૂપ સ્નેહાવિભાગો = સકલપુદ્ગલમાં રહેલા એવા સ્નેહાવિભાગો अणंतगुणणाए = અનંતના ગુણકારે णेया = જાણવા. આ પ્રમાણે અર્થ કરવો. આ અર્થ કરવામાં જે જે ઉચિતશબ્દો અધ્યાહાર જણાતા હોય તે મનથી કલ્પીને ગાથાના પદોના અર્થોનું વ્યાખ્યાન કરવું ॥ ૨૩ ॥

તે આ પ્રમાણે પુદ્‌ગલોમાં પરસ્પર સંબંધવિશેષ થવામાં હેતુભૂત એવા સ્નેહની પ્રરૂપણા કરી. હવે બંધનકરણના સામર્થ્યથી (કર્મબંધ થવામાં હેતુભૂત એવા વીર્યથી) બંધાતા જ્ઞાનાવરણીયાદિ મૂલભેદો તથા ઉત્તરભેદોના વિભાગના કારણને સમજાવતા એવા ગ્રન્થકારશ્રી પ્રકૃતિબંધ. સ્થિતિબંધ વિગેરે બંધના ભેદોને વિગતવાર સ્પષ્ટ કરતાં કહે છે કે-

**मूलुत्तरपगईणं, अणुभागविसेसओ हवइ भेओ ।**
**अविसेसियरपगइओ, पगइबंधो मुणेयव्वो ॥ २४ ॥**

ગાથાર્થ- મૂલપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિઓમાં અનુભાગવિશેષથી જ ભેદ થાય છે. તથા અવિશેષિત છે રસપ્રકૃતિ જેમાં તે પ્રકૃતિબંધ જાણવો. ॥ ૨૪ ॥

વિવેચના- મૂલપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિઓના ભેદ હોય છે. અહીં "अहवा पयडीभेओ" આ પ્રમાણે ભાષ્યકાર મહાત્મા પુરુષનું વચન હોવાથી જ प्रकृति આવો શબ્દ ભેદનો જ પર્યાયવાચી શબ્દ હોવાથી મૂલપ્રકૃતિ એટલે મૂલકર્મના ભેદો, અને ઉત્તરપ્રકૃતિ એટલે ઉત્તરપ્રકૃતિના ભેદો આમ મૂલભેદો તથા ઉત્તરભેદો કર્મસંબંધી જે છે. તેઓનો અનુભાગવિશેષથી અર્થાત્ રસવિશેષથી જ્ઞાનને આચ્છાદિત કરવાનો અને દર્શનને આચ્છાદિત કરવાનો ઇત્યાદિ સ્વભાવોની વિચિત્રતાથી ભેદ થાય છે.

જો કે કાર્મણવર્ગણાના પરમાણુઓ જ કર્મરૂપે બંધાય છે. તે પરમાણુઓમાં કોઈ ભેદ નથી. કાર્મણવર્ગણાના સર્વે પરમાણુઓ સમાન છે. પરંતુ આ જીવ જ્યારે તે કાર્મણ વર્ગણાના પરમાણુઓને ગ્રહણ કરે છે. અને કર્મ સ્વરૂપે બાંધે છે. ત્યારે તે પરમાણુઓમાં જે રસ ઉત્પન્ન કરે છે તેના કારણે તે પરમાણુઓમાં આવેલા જ્ઞાનાવરકત્વ આદિ સ્વભાવની વિચિત્રતાના કારણે કાર્મણવર્ગણાના તે પરમાણુઓમાં પણ ભેદ થઈ જાય છે તેના કારણે મૂલભેદ ૮, અને ઉત્તરભેદ ૧૪૮ (૧૫૮) થાય છે.

આ મૂલગાથામાં "अणुभागविसेसओ"પદમાં જે अनुभाग શબ્દ છે. તે અહીં સ્વભાવનો પર્યાયવાચી જાણવો. "अणुभागोत्ति सहावो" આવું ચૂર્ણિકાર મહાત્માપુરુષનું વચન છે તેને અનુસારે અનુભાગનો અર્થ સ્વભાવ કરવાથી અનુભાગવિશેષ એટલે સ્વભાવનો ભેદ હોવાથી આ પ્રમાણે મૂલભેદો આઠ અને ઉત્તરભેદો એકસોહ અડતાલીસ (અથવા એકસોહ અઠ્ઠાવન) થાય છે.

જગતમાં પણ સ્વભાવભેદ થવાથી વસ્તુનો ભેદ થાય જ છે. જેમકે તૃણ અને દૂધ આ બન્ને પુદ્‌ગલ હોવા છતાં પણ બન્નેના સ્વભાવભેદના કારણે જ ભેદ છે. તેમ જ્ઞાનાવરરણીય અને દર્શનાવરણીય આ બન્ને કર્મો કર્મરૂપે સમાન હોવા છતાં પણ સ્વભાવભેદથી ભિન્ન ભિન્ન છે. આ પ્રમાણે સ્વભાવભેદથી કર્મોનો ભેદ હોય છે.

તથા અવિવક્ષિત છે રસપ્રકૃતિ જેમાં, ઉપલક્ષણથી જેમાં સ્થિતિ તથા પ્રદેશ વિગેરેની વિવક્ષા ન કરીએ તેને પ્રકૃતિબંધ કહેવાય છે. સારાંશ કે કોઈ પણ કર્મ જ્યારે બંધાય છે ત્યારે તેમાં પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ આમ ચારે પ્રકારનો બંધ સાથે જ થાય છે તો પણ તેમાં બંધાતા સ્થિતિ-રસ અને પ્રદેશ આ ત્રણ પ્રકારના બંધની અવિવક્ષા કરીએ તો તે પ્રકૃતિબંધરૂપે દેખાય છે જેમકે એક લાડવામાં આ ચારે ગુણધર્મો છે તો પણ અમુક લાડુ પિત્તને દૂર કરે, અમુક લાડુ કફને દૂર કરે, અમુક લાડુ વાયુને દૂર કરે આવા લાડુના ધર્મો છે. તેની જ માત્ર વિચારણા કરવામાં આવે તેની જેમ ક્યુ કર્મ ક્યું કાર્ય કરે ઇત્યાદિની જે વિચારણા કરવામાં આવે તે પ્રકૃતિ બંધ જાણવો.

તુ શબ્દ અધિક અર્થનો સૂચક હોવાથી બંધાતા કોઈ પણ કર્મમાં ૧. રસ, ૨. પ્રકૃતિ, અને ૩. પ્રદેશ. આ ત્રણ બંધાતા હોવા છતાં પણ ધારો કે તે ત્રણની વિવક્ષા ન કરીએ અને માત્ર તે કર્મ કેટલા વર્ષોની સ્થિતિવાળું બંધાયું. તેની જ માત્ર વિવક્ષા કરીએ તો તે સ્થિતિ બંધ કહેવાય છે. આવી જ રીતે બંધાતા તે કર્મમાં પ્રકૃતિ-સ્થિતિ અને પ્રદેશ બંધાતા હોવા છતાં તેની વિવક્ષા ન કરીએ અને કેવળ રસની જ પ્રધાનતા જણાવીએ તો તે રસબંધ કહેવાય છે. આવી જ રીતે બંધાતા જે કર્મમાં પ્રકૃતિ-સ્થિતિ અને રસની અવિવક્ષા કરીને માત્ર પ્રદેશો કેટલા બાંધ્યા ? તેની જ વિચારણા કરવામાં આવે તે પ્રદેશબંધ જાણવો.

અહીં આ કર્મનું સ્વરૂપ તથા તેના પ્રકૃતિબંધ વિગેરે ચાર ભેદોનું સ્વરૂપ મોદકના દૃષ્ટાન્તે જાણવું. તે આ પ્રમાણે છે. જેમ કોઈ મોદકનો સ્વભાવ વાયુનો વિનાશકત્વ તથા આદિ શબ્દથી કોઈ મોદકનો પિત્તાદિનો વિનાશકત્વ સ્વભાવ છે. તેવી જ રીતે કર્મોમાં પણ જ્ઞાનનું અથવા દર્શનનું આચ્છાદાન કરવું વિગેરે જે સ્વભાવભેદ છે તે પ્રકૃતિબંધ જાણવો.

તથા કોઈ મોદક એક દિવસ સારો રહે કોઈ મોદક બે દિવસ સારો રહે આમ અવસ્થાન સ્વરૂપ મોદકનો કાલ છે. તેવી જ રીતે કર્મોની પણ સ્થિતિ વીસ-ત્રીસ ચાલીસ સીત્તેર કોડાકોડી સાગરોપમ સુધી પ્રતિનિયત કાલ સુધી રહેવા સ્વરૂપે જે સ્થિતિ છે. તે સ્થિતિબંધ જાણવો.

તથા જે મોદકનો સ્નિગ્ધ અને મધુરતા આદિ સ્વરૂપ રસ છે તેવી જ રીતે કર્મોનો પણ વિપાકમાં શુભ અને અશુભ આદિ રસ છે તથા તે મોદકના એક પસલી, બે પસલી આદિ માપનું પ્રમાણ હોય છે તેવી જ રીતે કર્મોમાં પણ અલ્પ અણુઓ, બહુ અણુઓ, બહુતર અણુઓ તથા બહુતમ અણુઓ એવો તેનો વિભાગ હોવો તે પ્રદેશબંધ જાણવો.

તથા પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૪૦માં જે કહ્યું છે તે આ પ્રમાણે છે.

"**ठिइबंधु दलस्स ठिई, पएसबंधो पएसगहणं जं ।**
**ताण रसो अणुभागो, तस्समुदाओ पगइबंधो ॥ ४० ॥**"

ગાથાર્થ- દલિકોની જે સ્થિતિ તે સ્થિતિબંધ, કર્મપ્રદેશોનું જે ગ્રહણ તે પ્રદેશબંધ, તે કર્મપ્રદેશોનો જે રસ તે અનુભાગબંધ, અને જે બંધમાં પ્રકૃતિ સ્થિતિ તથા રસના બંધનની અવિવક્ષા કરવામાં આવી હોય તે પ્રદેશબંધ કહેવાય છે." આ પ્રમાણે પંચસંગ્રહમાં પ્રકૃતિ બન્ધનું લક્ષણ કહ્યું છે તે કષાયોદ્વારા દસમા ગુણઠાણા સુધી બંધાતા કર્મને આશ્રયી સારી રીતે આ લક્ષણ સંભવી શકે છે તો પણ તે લક્ષણ અહીં સ્વીકારાતું નથી. કારણ કે સ્થિતિ આદિના સમુદાયની સાથે થતા પ્રકૃતિબંધની જ્યારે વિચારણા કરાતી હોય ત્યારે તેમાં બંધાતી સ્થિતિ આદિની (સ્થિતિ-રસ અને પ્રદેશોની) અવિવક્ષા કરવી શક્ય નથી આ પ્રમાણે પ્રકૃતિબંધ આદિ ચાર પ્રકારના બંધની વ્યાખ્યા સમજાવી.

આ પ્રકૃતિબન્ધમાં એકસોહ વીશ કર્મપ્રકૃતિઓ (૧૨૦) લેવાય છે. આ પ્રકૃતિબંધ સંબંધી ભૂયસ્કરાદિ જે વિશેષતા છે તે આગળ ઉપર કહેવાશે. આ પ્રકૃતિબંધ ચાર પ્રકારે છે. (૧) જઘન્ય (૨) અજઘન્ય, (૩) ઉત્કૃષ્ટ અને (૪) અનુત્કૃષ્ટ.

ત્યાં સૌથી પ્રથમ જઘન્ય પ્રકૃતિબંધ ઉપશાન્તમોહ આદિ ત્રણ ગુણસ્થાનકોમાં (૧૧-૧૨-૧૩ મા ગુણસ્થાન્તે) સમજવો. કારણ કે ત્યાં એક સાતા જ પ્રકૃતિ બંધાય છે માટે સૌથી જઘન્ય આ બંધ છે. પ્રકૃતિબંધને આશ્રયી એક પ્રકૃતિનો જે બંધ થાય તે સર્વથી અલ્પ હોવાના કારણે જઘન્યબંધ કહેવાય છે. ઉપશાન્તમોહ નામના અગિયારમા ગુણસ્થાનકથી જ્યારે પતન પામે અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે આવે ત્યારે મૂલકર્મોને આશ્રયી છ કર્મોનો જે બંધ થાય. અને ઉત્તરપ્રકૃતિઓને આશ્રયી સત્તર પ્રકૃતિઓનો જે બંધ થાય છે તે અજઘન્ય બંધ જાણવો. તથા મૃત્યુ પામી અનુત્તરમાં જાય ત્યારે મૂલકર્મ ૭ અને ઉત્તરકર્મ ૬૩/૬૪ આદિ બાંધે તે પણ અજઘન્યબંધની સાદિ કહેવાય છે.

સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ જીવમાં મૂલકર્મપ્રકૃતિઓનો આઠનો બંધ થાય ત્યારે અને ઉત્તર પ્રકૃતિઓને આશ્રયી ચુમ્મોતેર પ્રકૃતિઓ વિગેરે બંધાય ત્યારે ઉત્કૃષ્ટ બંધ જાણવો. તેનાથી ઓછી ઓછી મૂલકર્મની અને ઉત્તરકર્મની પ્રકૃતિઓનો જે બંધ થાય તે અનુત્કૃષ્ટ બંધ જાણવો. ઉત્કૃષ્ટ બંધ કરીને તીવ્ર કષાયવાળા પરિણામોનો હ્રાસ (ઘટાડો) થવાથી પડતાં અનુત્કૃષ્ટબંધ થાય ત્યારે તે બંધની સાદિ જાણવી.

જઘન્યબંધ કરીને ત્યાંથી પડતાં અજઘન્ય બંધ કરે ત્યારે અથવા એક એક મૂલકર્મને

આશ્રયી સર્વથા અબંધકવાળી અવસ્થા પ્રાપ્ત કરીને ત્યાંથી પડતાં જે બંધ કરે તે અજઘન્ય બંધની શરૂઆત થાય. અને તે વખતે તે અજઘન્ય બંધની સાદિ થાય છે. આ પ્રમાણે સાદિત્વની વિશેષતાથી અજઘન્ય અને અનુત્કૃષ્ટ બંધનો પરસ્પર ભેદ જાણવો. જેમ પાલનપુરથી મહેસાણા આવે તો દક્ષિણમાં આવ્યા કહેવાય. અને અમદાવાદથી મહેસાણા આવે તો ઉત્તરમાં આવ્યા કહેવાય તેવી જ રીતે ઉત્કૃષ્ટ બંધથી ઉતરીને ન્યૂન બંધ કરે તો એ અનુત્કૃષ્ટબંધની સાદિ કહેવાય. અને જઘન્ય બંધ કરીને કંઇક અધિક બંધ કરે તો તે પણ મધ્યમ સ્થિતિવાળો જ બંધ થયો. છતાં તે કાળે અજઘન્યની સાદિ કહેવાય છે.

અથવા પૂર્વપશ્ચિમદિશાની જેમ અવધિના ભેદથી જઘન્યને આશ્રયી સમયાધિકથી પ્રારંભીને યાવત્ ઉત્કૃષ્ટ બંધાય ત્યાં સુધીનો તમામ બંધ અજઘન્ય બંધ કહેવાય છે. તેવી જ રીતે ઉત્કૃષ્ટબંધની અવધિ કરીને યાવત્ જઘન્ય સુધીનો તમામ બંધ અનુત્કૃષ્ટબંધ કહેવાય છે ક્યા બંધથી વિવક્ષિત બંધમાં જીવ આવે છે ? તેની જ પ્રધાનતા હોવાથી આ પ્રમાણે કહી શકાય છે સાદિપણામાં કોઈ વિશેષતા ન હોવા છતાં પણ આ જ વિશેષ કારણસર અજઘન્ય બંધ અને અનુત્કૃષ્ટબંધમાં ભેદ જણાય છે. તથા વળી.

**उक्कोसा परिवडिए साइ अणुक्कोसओ जहन्नाओ ।**
**अबंधाओ वियरो तदभावे दो वि अविसेसा ॥**

આ ગાથામાં જે કહ્યું છે કે ઉત્કૃષ્ટબંધ કરીને પડે ત્યારે અનુત્કૃષ્ટ બંધની સાદિ થાય. અને જઘન્ય બંધ કરીને પડે અથવા અબંધાવસ્થા પામીને પડે એટલે ફરીથી બંધ ચાલુ કરે ત્યારે ઇતર એટલે અજઘન્ય બંધની સાદિ થાય. પરંતુ ક્યા બંધથી આવે છે તેનો જો અભાવ હોય તો અજઘન્ય અને અનુત્કૃષ્ટ આ બન્ને પ્રકારના બંધ અવિશેષ છે બન્નેમાં કંઈ ફરક નથી."

આ પ્રમાણે આ ગાથામાં જે કહ્યું છે તે પ્રમાણે જીવ કયા સ્થાનથી આવે છે અને બંધનો આરંભ કરે છે તે સાદિપણું કરાવા રૂપ અતિશય સ્પષ્ટ વિશેષ બોધ ન હોય તો અજઘન્ય અને અનુત્કૃષ્ટમાં કંઈ જ વિશેષતા નથી. તે અભિપ્રાયથી કહ્યું છે જેમકે અમદાવાદ શહેર પાલનપુરથી આવો તો દક્ષિણમાં અને તે જ અમદાવાદ શહેરમાં સુરતથી આવો તો ઉત્તરમાં છે પરંતુ ક્યાંથી આવો છો તે જો ન વિચારો તો એમને એમ અમદાવાદ કઈ દિશામાં આવ્યું છે. તે કંઈ કહી શકાતુ નથી. તેની જેમ અહીં પણ સમજવું.

ત્યાં અધ્રુવબંધી એવી સાતાવેદનીય વિગેરે ૭૩ પ્રકૃતિઓના જઘન્ય આદિ ચારે બંધના ભેદો સાદિ- અધ્રુવ છે. કારણ કે ૭૩ પ્રકૃતિઓ અધ્રુવબંધી જ છે ક્યારેક બંધાય અને ક્યારેક ન બંધાય માટે વધારે સંખ્યામાં બંધાતી હોય ત્યારે ઉત્કૃષ્ટના સાદિ-અધ્રુવ અને ઓછી સંખ્યામાં બંધાતી હોય તો જઘન્યના સાદિ-અધ્રુવ, અને ઉત્કૃષ્ટ સંખ્યાવાળી પ્રૃતિઓ

બાંધીને ઓછી સંખ્યાવાળી બાંધે તો અનુત્કૃષ્ટના સાદિ-અધ્રુવ. તેવી જ રીતે ઓછી પ્રકૃતિઓ બાંધીને વધારે બાંધે તો અજઘન્યના સાદિ-અધ્રુવ આમ ચારે પણ બંધ સાદિ-અધ્રુવ જ જાણવા. આ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાથી જ કાયમ બંધાતી નથી. માટે અનાદિ અને ધ્રુવવાળા ભાંગા તેમાં સંભવતા જ નથી.

તથા જે ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિઓ છે. તે સદાકાળ બંધાતી હોવાથી તેમાં સંભવતા અનુત્કૃષ્ટબંધ અને અજઘન્યબંધ અનાદિ અને ધ્રુવ સંભવી શકે છે. તથા ઉત્કૃષ્ટ અને જઘન્યબંધ કરીને પડે ત્યારે સાદિ અને તે બંધ સ્થાન ન બાંધે ત્યારે અધ્રુવ પણ ઘટી શકે છે.

ધ્રુવબંધી પ્રકૃતિઓ જોકે સદાકાળ બંધાય છે. તો પણ તેના જઘન્યસંખ્યામાં બંધ અને ઉત્કૃષ્ટની સંખ્યામાં બંધ ક્યારેક જ હોવાથી આ બન્ને પણ બંધ સાદિ-અધ્રુવ જ હોય છે.

તથા મૂલકર્મમાં આયુષ્યકર્મનો બંધ ક્યારેક જ બંધાય છે તે માટે અધ્રુવબંધ હોવાથી જ સાદિ અને અધ્રુવ છે. વેદનીયકર્મનો બંધ અનાદિ-ધ્રુવ અને અધ્રુવ છે. ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી કાયમ બંધાય છે માટે અનાદિ છે. ચૌદમા ગુણઠાણે તે વેદનીયકર્મનો બંધ નથી માટે ત્યાંથી પડે અને ફરીથી બાંધે તો સાદિ થાય. પરંતુ ચૌદમે ગયા પછી જીવ પડતો નથી. માટે ફરીથી બંધનો સંભવ નથી. તેથી સાદિનો ભાંગો સંભવતો નથી. અભવ્યજીવોમાં આ બંધ ક્યારેય વિચ્છેદ પામતો નથી માટે ધ્રુવ બંધ જાણવો. અને ભવ્યજીવોમાં આ બંધ અધ્રુવ જાણવો કારણ કે ભવ્યજીવો ભવ્ય હોવાથી ચૌદમા ગુણસ્થાનકે જ્યારે જાય ત્યારે બંધનો વિચ્છેદ થાય છે માટે અધ્રુવ બંધ છે.

બાકીનાં છએ કર્મોના સર્વે પણ બંધ સાદિ આદિ ચારે ભેદવાળા સમજવા. ઉપશાન્ત મોહ ગુણસ્થાનકથી જ્યારે પતન થાય ત્યારે ત્યાં ઉપશાન્તમોહે આ કર્મો બંધાતા ન હતાં અને જીવ પડ્યો એટલે બંધ ચાલુ થયો માટે સાદિ. તે અગિયારમા ગુણસ્થાનકનું સ્થાન જે જીવ નથી પામ્યો તેને અનાદિબંધ તથા ધ્રુવબંધ અને અધ્રુવબંધ અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ જાણવો. આ મૂલકર્મમાં સાદ્યાદિ ભાંગા કહ્યા.

હવે ઉત્તર કર્મમાં સાદ્યાદિભાંગા સમજાવે છે. ત્યાં ૪૭ પ્રકૃતિઓ જે ધ્રુવબંધી છે. તેનો બંધ સાદ્યાદિ ચાર પ્રકારે થાય છે ત્યાં પોતપોતાના અબંધસ્થાનને પામીને ત્યાંથી પડે ત્યારે બંધની સાદિ જાણવી. તે સ્થાન ન પામેલા જીવને આ પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી સદાકાલ બંધાય જ છે માટે અનાદિબંધ જાણવો તે ૪૭ ધ્રુવબંધીનાં અબંધનાં સ્થાનો આ પ્રમાણે છે. મિથ્યાત્વમોહનીય, થિણદ્ધિત્રિક અને અનંતાનુબંધી ચાર કષાયનો મિશ્રાદિ ગુણસ્થાનકોમાં અબંધ હોય છે. (જો કે મિથ્યાત્વનો અબંધ તો સાસ્વાદનાદિમાં પણ હોય છે. પરંતુ તે ગુણસ્થાનક ક્વચિત્ જ હોવાથી બાકીની સાતની સાથે તેનું મિશ્રાદિમાં

અબંધસ્થાન જણાવ્યું છે.) બીજા કષાયની ચોકડીનું અબંધસ્થાન દેશવિરત આદિ ગુણસ્થાનકો જાણવાં. ત્રીજા કષાયની ચોકડીનું પ્રમત્તાદિ ગુણસ્થાનક અબંધસ્થાનક જાણવું. નિદ્રા-પ્રચલા-અગુરૂલઘુ-નિર્માણ, તૈજસ ઉપઘાત-વર્ણાદિ ચતુષ્ક-કાર્મણ-ભય-જુગુપ્સા, આમ કુલ ૧૩ પ્રકૃતિઓનાં અનિવૃત્તિ બાદર સંપરાય આદિ ગુણસ્થાનકો તે અબંધસ્થાનક છે. સંજ્વલન ચાર કષાયોનું સૂક્ષ્મ સંપરાયાદિ ગુણસ્થાનકો તે અબંધસ્થાનક છે. જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, અને દર્શનાવરણીય ચાર એમ કુલ ૧૪ પ્રકૃતિઓનું ઉપશાન્તમોહાદિ ગુણસ્થાનકો તે અબંધસ્થાનક જાણવું.

પોત પોતાના તે તે અબંધસ્થાનક વાળા ગુણસ્થાનકને પામીને જીવ પડે ત્યારે નવો જ બંધ શરૂ થતો હોવાથી સાદિ. તથા પોતપોતાના અબંધવાળા સ્થાનને ન પામેલા જીવોને આશ્રયી આ બંધ અનાદિ કહેવાય છે. અભવ્યજીવોને આશ્રયી ધ્રુવ અને ભવ્યજીવોને આશ્રયી અધ્રુવ બંધ જાણવો. આ રીતે ૪૭ પ્રકૃતિના ચાર-ચાર પ્રકારના ભાંગા જાણવા તથા બાકીની ૭૩ પ્રકૃતિઓ તો અધ્રુવબંધી હોવાથી જ ક્યારેક બંધાય અને ક્યારેક ન પણ બંધાય માટે સાદિ-અધ્રુવ એમ બે-બે જ ભાંગા જાણવા.

તથા હવે તે તે પ્રકૃતિઓના બંધના સ્વામી સમજાવાય છે. ત્યાં નરકત્રિક-દેવત્રિક-વૈક્રિયદ્વિક આમ આ વૈક્રિયાષ્ટકની પ્રકૃતિના બંધમાં વિકલેન્દ્રિય જીવો અને એકેન્દ્રિય જીવો બંધને માટે યોગ્ય નથી. કારણ કે તે જીવોને આ આઠ કર્મપ્રકૃતિઓનો બંધ થતો નથી માટે તે જીવો આ આઠથી ઇતરપ્રકૃતિઓના જ બંધના સ્વામી છે. પણ આ આઠના બંધના સ્વામી નથી.

તથા મનુષ્યત્રિક ઉચ્ચગોત્ર, અને પૂર્વે કહેલી વૈક્રિય અષ્ટક આમ કુલ બાર પ્રકૃતિઓના બંધમાં તેઉકાય અને વાઉકાયના જીવો બંધને માટે અયોગ્ય જાણવા. આ જીવો આ બાર પ્રકૃતિનો બંધ કરતા નથી. તથા આહારક દ્વિક અને તીર્થંકરનામકર્મ આ ત્રણ કર્મના બંધ માટે સર્વે પણ તિર્યંચો અયોગ્ય જાણવા. તમામ તિર્યંચોને આ ત્રણ કર્મોનો બંધ થતો નથી.

તથા વૈક્રિયદ્વિક-આહારકદ્વિક, નરકત્રિક, દેવત્રિક, સૂક્ષ્મત્રિક તથા વિકલેન્દ્રિયત્રિક એટલે કે જાતિત્રિક આમ કુલ ૧૬ કર્મપ્રકૃતિઓના બંધમાં દેવો અયોગ્ય જાણવા. અર્થાત્ દેવો આ ૧૬ કર્મપ્રકૃતિઓ બાંધતા નથી. તથા આતપ- સ્થાવરનામકર્મ અને એકેન્દ્રિય જાતિનામકર્મ આ ત્રણની સાથે પૂર્વે કહેલી ૧૬. એમ કુલ ૧૯ કર્મપ્રકૃતિઓના બંધમાં નારકીના જીવો અયોગ્ય જાણવા એટલે કે નારકીના જીવોને આ ૧૯ પ્રકૃતિઓ બંધાતી નથી.

તથા તેઉકાય અને વાઉકાયના જીવો ૧૦૫ કર્મપ્રકૃતિઓના બંધના સ્વામી છે. બાકીના એકેન્દ્રિયં (પૃથ્વીકાય અપકાય અને વનસ્પતિકાયના જીવો) ૧૦૯ કર્મપ્રકૃતિઓના બંધક છે.

પંચેન્દ્રિય તિર્યંચો ૧૧૭ કર્મપ્રકૃતિઓના બંધક છે. દેવો ૧૦૪ કર્મપ્રકૃતિઓના બંધક છે. અને નારકીના જીવો ૧૦૧ કર્મપ્રકૃતિઓના બંધક છે. આવી આવી બંધની જે વિશેષતા છે. તે અન્ય ગ્રન્થોના આધારે જાણી લેવી. વધારે વિસ્તાર થવાના ભયથી અહીં લખતા નથી. ॥ ૨૪ ॥

**પ્રકૃતિ બંધ સમાપ્ત થયો**

હવે પ્રદેશબંધ કહેવાનો અવસર છે. ત્યાં ચિત્ર-વિચિત્રતાથી ગર્ભિત એવા અધ્યવસાય દ્વારા અષ્ટવિધ બંધક જીવ વડે ગ્રહણ કરાયેલું જે કર્મદલિક છે તેના આઠ ભાગ કરાય છે. જે આત્મા આઠમા આદિ ગુણસ્થાનકમાં હોય અથવા સાત ગુણસ્થાનક સુધીમાં હોય પણ આયુષ્ય ન બાંધતો હોય ત્યારે સપ્તવિધબંધક હોવાથી તે સપ્તવિધબંધક જીવ વડે ગ્રહણ કરાયેલા કર્મપુદ્ગલોના આ જીવ સાત ભાગ પાડે છે. અને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકવર્તી હોય ત્યારે છ કર્મનો બંધક હોય છે. માટે ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોના છ ભાગ કરે છે. અગિયારમા ગુણ સ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધીમાં વર્તતા જીવો એક જ (વેદનીયકર્મ) બાંધે છે. માટે એક ભાગ જ કરે છે. આ મૂલકર્મના બંધમાં પ્રકૃતિબંધના ભાગનો વિભાગ સમજાવ્યો.

હવે ઉત્તરપ્રકૃતિઓ જે ૧૨૦ છે. તેના બંધના ભાગવિભાગને જણાવતાં કહે છે-

**जं सव्वघाइपत्तं, सगकम्मपएसणंतमो भागो ।**
**आवरणाण चउद्धा, तिहा य अह पंचहा विग्घे ॥ २५ ॥**

ગાથાર્થ :- સર્વઘાતી કર્મોના ભાગમાં આવેલું જે કર્મદલિક છે. તે પોતપોતાના કર્મના પ્રદેશો કરતાં અનંતમો ભાગ હોય છે. તેમાં પણ આવરણીય કર્મોના (જ્ઞાનાવરણીય અને દર્શનાવર્ણીય કર્મોના) ભાગમાં જે દલિક આવે છે. તેમાં (સર્વઘાતિરસવાળો જે અનંતમો ભાગ છે. તે ભાગ સર્વઘાતી પ્રકૃતિઓને આપ્યા બાદ) શેષ ભાગના જ્ઞાનાવરણીય કર્મમાં ચાર ભાગ અને દર્શનાવરણીય કર્મમાં ત્રણ ભાગ, તથા અંતરાયકર્મમાં પાંચ ભાગ કરીને યથાયોગ્ય પણે તે તે ઉત્તરકર્મપ્રકૃતિને આ દલિક અપાય છે. ॥ ૨૫ ॥

**વિવેચન**- આયુષ્યકર્મ બંધાતું હોય તો કર્મબંધમાં જે દલિક બંધાય છે. તેના આ જીવ આઠ ભાગ પાડે છે. અને જો આયુષ્યકર્મ ન બંધાતું હોય તો કર્મબંધમાં જે દલિક બંધાય છે. તેના આ જીવ સાત ભાગ પાડે છે. તેમાં કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીય જેવાં જે જે ઘાતિકર્મો છે. તેના ભાગમાં પ્રાપ્ત થયેલું કર્મદલિક પોતપોતાના મૂલકર્મના ભાગમાં આવેલા કર્મ દલિકનો અનંતમો ભાગ હોય છે.

આ પ્રમાણે સર્વઘાતિકર્મોને પ્રાપ્ત થયેલું અને કેવલજ્ઞાનાવરણીયાદિ સર્વઘાતિ પ્રકૃતિઓમાં આવેલું જે કર્મદલિક છે. તે કર્મદલિક પોત પોતાના મૂલકર્મના પ્રદેશોનો અનંતમો અનંતમો ભાગ હોય છે, પોતપોતાના જ્ઞાનાવરણીયાદિ સ્વરૂપ મૂલપ્રકૃતિનો જે મૌલિકભાગ હોય છે. તેની અપેક્ષાએ તે ભાગ અનંતમો ભાગ હોય છે.

**પ્રશ્ન :-** જ્ઞાનાવરણીયાદિ મૂલકર્મના ભાગમાં જે કર્મદલિક આવ્યું. તેનો અનંતમો ભાગ જ સર્વઘાતી રસ યુક્ત હોય છે આમ કેમ કહો છો ?

ઉત્તર :- પોતપોતાના મૂલ પ્રકૃતિઓના પરમાણુઓમાં અતિશય સ્નિગ્ધતર પરમાણુઓ (સર્વઘાતી રસયુક્ત પરમાણુઓ) અનંતમો ભાગ માત્ર જ હોય છે. તે અનંતમો ભાગ જ સર્વઘાતી રસને યોગ્ય છે.

તે અનંતમો ભાગ કે જે સર્વઘાતિરસથી યુક્ત છે. તે સર્વઘાતી પ્રકૃતિને અપાય છે તેને છોડીને શેષ જે (બાકીનું) કર્મદલિક છે. તે કર્મદલિક તે કાલે બંધાતી પોતપોતાના મૂલકર્મની જે ઉત્તરપ્રકૃતિઓ હોય તે સર્વ ઉત્તર પ્રકૃતિઓને આ બાકીનું કર્મદલિક વિભાગ કરીને આ જીવ આપે છે.

તે આ પ્રમાણે આપે છે. આવરણીય કર્મ એટલે કે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય નામનાં જે પ્રાથમિક બે કર્મો છે તે બન્નેમાં દરેક કર્મવાર સર્વઘાતિ રસને યોગ્ય અનન્તમો ભાગ જે હોય છે. તેને છોડીને બાકી રહેલા તમામ દલિકના અનુક્રમે ચાર ભાગ અને ત્રણભાગ કરાય છે. આ પ્રમાણે ભાગ કરીને આ બન્ને કર્મોની બાકીની બંધાતી દેશઘાતી પ્રકૃતિઓને અપાય છે.

જ્ઞાનાવરણીય કર્મમાં જે ભાગ આવ્યો. તેમાં તેનો અનંતમો ભાગ જે સર્વઘાતી રસથી યુક્ત છે. તે કેવલજ્ઞાનાવરણીયકર્મને જ અપાય છે. દર્શનાવરણીયકર્મની મૂલપ્રકૃતિમાં જે ભાગ આવ્યો. તે ભાગનો જે અનંતમો ભાગ છે. તેના છ ભાગ કરાય છે. છ ભાગ કરીને પાંચ નિદ્રા અને કેવલદર્શનાવરણીય કર્મ એમ કુલ છ સર્વઘાતી કર્મપ્રકૃતિઓને અપાય છે. બાકીનું જે કર્મદલિક રહ્યું તેના જ્ઞાનાવરણીયમાં ૪ ભાગ કરે છે અને દર્શનાવરણીયમાં ત્રણ ભાગ કરે છે. કારણ કે આ બન્ને કર્મોમાં દરેકમાં દેશઘાતિના ભેદો અનુક્રમે ભાગદાનને યોગ્ય ચાર અને ત્રણ જ ભેદો બાકી રહે છે.

હવે અંતરાય કર્મમાં જે મૂલભાગ (આઠ કર્મોના ભાગ કરતાં જે આઠમો ભાગ) આવ્યો છે. તે સમગ્ર પણ ભાગ પાંચ ભાગરૂપે કરીને દાનાન્તરાય આદિ પાંચ અંતરાયકર્મને આ જીવ આપે છે. કારણ કે આ કર્મમાં સર્વઘાતી પ્રકૃતિ હોય એવા કોઈ અવાન્તર ભેદો જ નથી. ॥ ૨૫ ॥

**मोहे दुहा चउद्धा य, पंचहा वा वि बज्झमाणीणं ।**
**वेयणिआउयगोएसु, बज्झमाणीण भागो सिं ॥ २६ ॥**

**ગાથાર્થ-** મોહનીયકર્મમાં જે દલિક આવે છે. તેના પ્રથમ બે ભાગ કરે છે. બીજા ભાગના ચાર ભાગ અને પાંચભાગ કરીને તે કાલે બંધાતી દેશઘાતી પ્રકૃતિને અપાય છે. વેદનીય આયુષ્ય અને ગોત્રકર્મમાં તે કાલે બંધમાં જે પ્રકૃતિ હોય છે. તેને જ સમસ્ત ભાગ આપે છે. ॥ ૨૬ ॥

**વિવેચન-** મોહનીય કર્મના ભાગમાં પોતાની સ્થિતિને અનુસારે જે કર્મદલિક તે કાલે આવે છે. તેમાં સર્વઘાતીના રસને યોગ્ય અનંતમો ભાગ હોય છે. તેના પ્રથમ બે ભાગ કરે છે તેમાંથી અર્ધુ કર્મદલિક સર્વઘાતીરસવાળું દર્શનમોહનીયને આપે છે. અને અર્ધું કર્મદલિક જે સર્વઘાતીરસ વાળું છે તે ચરિત્રમોહનીયને આપે છે. તેમાં દર્શનમોહનીયકર્મના ભાગમાં જે કર્મદલિક આવે છે. તે અર્ધાભાગ રૂપે આવેલું સમગ્રદલિક કેવળ એકલા મિથ્યાત્વમોહનીય કર્મને જ આપે છે. અને ચારિત્રમોહનીય કર્મના ભાગમાં આવેલું જે કર્મદલિક છે. તેમાં જે સર્વઘાતિરસવાળો ભાગ છે તેના બારભાગ કરીને આદ્ય બાર કષાયને આપે છે. ત્યારબાદ જે શેષદલિક વધ્યું. તેના બે ભાગ કરીને તે કાલે બંધાતી કષાયમોહનીય અને નોકષાયમોહનીય કર્મની પ્રકૃતિઓને અનુક્રમે ચાર અને પાંચ ભાગ પાડીને આ જીવ આપે છે.

ત્યાં એક ભાગ કષાયમોહનીય કર્મને અને બીજો એકભાગ નોકષાય મોહનીયકર્મને આપે છે. ત્યાં કષાયમોહનીયના ભાગમાં જે ભાગ આવે છે તેના પુનઃ બુદ્ધિથી ચાર ભાગ કરે છે. તે ચારે ભાગ તે કાલે બંધાતા ચારે પ્રકારના સંજ્વલન કષાયને આપે છે અને નોકષાયમોહનીયકર્મના ભાગમાં જે ભાગ આવ્યો છે. તેના પુનઃ પાંચ ભાગ કરે છે. તેના પાંચ ભાગ કરીને તે કાલે બંધાતી નોકષાયમોહનીય કર્મની પાંચ પ્રકૃતિને આપે છે.

ત્રણ પ્રકારના વેદમાંથી કોઈ પણ એક વેદ જે બંધાય છે તેને આપે છે તથા હાસ્ય-રતિ યુગલ અથવા અરતિ-શોક બીજુ યુગલ આ બન્ને યુગલોમાંથી તે કાલે જે બંધાતુ યુગલ હોય તે એક યુગલને આ ભાગ આપે છે. તથા ભય-જુગુપ્સા ધ્રુવબંધી હોવાથી અવશ્ય બંધાય જ છે. તેને બે ભાગ આપે છે આમ પાંચભાગ પાડીને પાંચ કર્મપ્રકૃતિઓને આપે છે અન્ય પ્રકૃતિઓને આ ભાગ આપતો નથી. કારણકે તે કાલે તેનો બંધ જ નથી. નવ નોકષાયોમાં ઉપર કહેલી પાંચ પ્રકૃતિઓનો જ એકીસાથે બંધ હોય છે.

તથા વેદનીયકર્મ, આયુષ્યકર્મ, અને ગોત્રકર્મ આ ત્રણ કર્મોમાં જે મૂલભાગ આવે છે તે સંપૂર્ણભાગ પોતપોતાની બંધાતી એવી એક પ્રકૃતિને જ આપે છે. આ કર્મોમાં બે-

ત્રણ-ચાર આદિનો એકીસાથે બંધ જ સંભવતો નથી. માટે અધિક ભાગો કરીને વહેંચવાનું કામ આ જીવ-કરતો નથી. ॥૨૬॥

**पिंडपगईसु बज्झंतिगाण, वन्नरसगंधफासाणं ।**
**सव्वासिं संघाए तणुम्मि य, तिगे चउक्के वा ॥ २७ ॥**

**ગાથાર્થ-** ચૌદ પિંડ પ્રકૃતિઓમાં જે જે પ્રકૃતિઓ બંધાતી હોય છે તેનો વિભાગ કરીને ભાગ આપે છે. તથા વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ આ ચાર પિંડપ્રકૃતિઓના સર્વે પણ ઉત્તરભેદોને જીવ દલીક આપે છે. તથા સંઘાતનનામકર્મ અને શરીરનામ કર્મમાં ત્રણ અથવા ચાર ભાગ પાડે છે ॥૨૭॥

**વિવેચન-** બંધાતા મૂલકર્મોના ભાગ પાડ્યા પછી નામકર્મના ભાગમાં જે હિસ્સો આવે છે. તેના ભાગોની વહેંચણી કેવી રીતે થાય છે ? આ વાત હવે સમજાવે છે. અહીં મૂલગાથામાં **પિંડપ્રકૃતિ** આવો જે શબ્દ લખ્યો છે. તેનો અજહત્સ્વાર્થ લક્ષણા વડે નામકર્મની પ્રકૃતિઓ એવો અર્થ કરવો.

**પ્રશ્ન :-** અજહત્સ્વાર્થ લક્ષણા એટલે શું ?

**ઉત્તર :-** શબ્દોના અર્થો ત્રણ પ્રકારે થાય છે. (૧) વાચ્યાર્થ (૨) લક્ષ્યાર્થ (૩) વ્યઙ્ગ્યાર્થ ત્યાં જે શબ્દનો જે અર્થ થતો હોય તે શબ્દનો તેટલો જ અર્થ કરવો તે વાચ્યાર્થ જેમકે अग्निः दहति = અગ્નિ બાળે છે ત્યાં અગ્નિ શબ્દનો અર્થ અગ્નિ જ થાય છે અને અહીં તે જ અર્થ કરવો ઉચિત છે. આ વાચ્યાર્થ. (૨) વકતાના કહેવાના આશયને (લક્ષ્યને) ધ્યાનમાં રાખીને જે અર્થ કરાય તે લક્ષ્યાર્થ. તેના ત્રણ ભેદ છે. (૧) જહદ્‌લક્ષણા, (૨) અજહદ્‌લક્ષણા. અને (૩) જહદજહદ્ લક્ષણા. જ્યાં શબ્દનો જે વાચ્ય અર્થ થતો હોય તે છોડી દેવામાં આવે અને તેના સંબંધવાળો બીજો અર્થ કરાય તે જહદ્‌લક્ષણા કહેવાય છે જેમકે गङ्गायां घोषः = તેનું ઝુંપડુ ગંગાનદીમાં છે. હવે નદીમાં ઝુંપડું હોઈ જ ન શકે, કારણકે પાણીથી ઝુંપડાનું ઘાસ તણાઇ જાય. માટે શબ્દ પ્રમાણે અર્થ સંગત થતો નથી.

તેથી गङ्गा શબ્દનો ગંગાનદી આવો જે અર્થ કરવો પડે છે તે અર્થનો जहद् = ત્યાગ કરીને બીજો અર્થ गङ्गायां = એટલે ગંગાનદી નહી પણ ગંગાનદીના તીરે (ગંગાનદીના કાંઠે) ઝુંપડું છે આમ અર્થ થાય છે. આ જહદ્‌લક્ષાણા કહેવાય. કારણકે આ અર્થમાં ગંગા પદનો મૂલનદી અર્થ ત્યજવામાં આવ્યો છે.

તથા જ્યાં શબ્દનો વાચ્ય અર્થ જે થતો હોય તે તો રહે જ, અને તેની સાથે બીજો અર્થ ઉમેરાય તે અજહદ્ લક્ષણા કહેવાય. જેમકે काकेभ्यो दधि रक्ष्यताम् = કાગડાઓથી

દહીનું રક્ષણ કરો. અહીં काक શબ્દનો વાચ્ય અર્થ કાગડા જ થાય છે. પરંતુ જમવા બેઠા હોઈએ ત્યારે ખુલ્લા પડેલા દહીમાં કાગડા ઉડી ઉડીને આવતા હોય અને ચાંચ નાખતા હોય. દહી બગાડતા હોય ત્યારે આમ જરૂર કહેવાય છે. માટે કાગડાઓ દહી ખાઈ ન જાય તે અર્થમાં આ વાક્ય જરૂર સાચુ છે. તો પણ તે સમયે કુતરાં-બીલાડાં વિગેરે બીજાં પણ કોઈ પ્રાણી હોય અને ખાવા આવે તો તેનાથી પણ દહીનું રક્ષણ કરવાનું છે. આવો કહેનારનો આશય છે. એટલે काक શબ્દનો જે વાચ્ય અર્થ છે કાગડો તે તો લેવાનો જ છે जहद् = ત્યજવાનો अ = નથી. તો પણ બીજાં પ્રાણી જે દહીનાં નાશક છે તે પણ લેવાનાં છે. તેનાથી પણ દહીની રક્ષા કરવી ઈષ્ટ છે. તેથી काक શબ્દનો અર્થ માત્ર કાગડા ન કરતાં दधि-उपघातक प्राणी = દહીનાં નાશક તમામ પ્રાણી આવો અર્થ કરવો જોઇએ. અહીં કાગડો અર્થ રાખ્યો અને બીજો અર્થ ઉમેર્યો તેથી તેને अजहद्लक्षणा કહેવાય છે.

"सोऽयं" તે આ છે. અહીં सो શબ્દથી તે અર્થ કર્યો પરંતુ તે કેવો કહેવા માગો છો, શું સર્વજ્ઞ છે કે શું અલ્પજ્ઞ છે. તે સ્પષ્ટ થતું નથી માટે जहदजहदलक्षणा કહેવાય છે. આમ લક્ષણા ત્રણ પ્રકારની છે.

(૩) વ્યઙ્ગ્ય અર્થને સમજાવે તે વ્યંજના શક્તિ કહેવાય છે. જેમકે "તમે તો બહુ જ હોંશિયાર છો" આવું વાક્ય જ્યારે મશ્કરીમાં બોલાય ત્યારે "બહુ જ હોંશિયાર" નો અર્થ તમે કંઇ જાણવા નથી. મૂર્ખ છો. આ વ્યંજનશક્તિ કહેવાય છે.

અહીં "પિંડપ્રકૃતિ" શબ્દનો અજહદ્લક્ષણાથી અર્થ કરવો. તેથી નામકર્મની સર્વપ્રકૃતિઓ એવો અર્થ થાય છે. ત્યાં પિંડપ્રકૃતિઓ પણ આવે. અને પ્રત્યેકપ્રકૃતિઓ તથા બન્ને દશકા પણ આવે. આમ આ શબ્દનો આ જે અર્થ કર્યો તે અજહદ્લક્ષણાથી કર્યો.

ચૂર્ણિકાર મહાત્માએ ચૂર્ણિમાં કહ્યું જ છે કે "पिंडप्रकृति" એટલે નામકર્મની પ્રકૃતિઓ જાણવી. તે નામકર્મની પ્રકૃતિઓની બંધાતી એવી (૧) ચારગતિમાંથી કોઈ પણ એક ગતિ. (૨) અન્યતર જાતિ. (૩) અન્યતર શરીર, (૪) અન્યતર બંધન, (૫) અન્યતર સંઘાતન. (૬) અન્યતર સંસ્થાન. (૬) અન્યતર અંગોપાંગ, (૮) અન્યતર આનુપૂર્વી નામકર્મ. (૯) વર્ણનામકર્મ, (૧૦) ગંધનામકર્મ (૧૧) રસનામકર્મ (૧૨) સ્પર્શનામકર્મ (૧૩) અગુરુલઘુનામકર્મ (૧૪) ઉપઘાત નામકર્મ. (૧૫) ઉશ્વાસનામકર્મ. (૧૬) નિર્માણનામકર્મ (૧૭) તીર્થંકરનામકર્મ (૧૮) આતપ (૧૯) ઉદ્યોત. (૨૦) પ્રશસ્તવિહાયોગતિ. અને અપ્રશસ્તવિહાયોગતિમાંથી કોઈ એક (૨૧) ત્રસ અને સ્થાવરમાંથી એક (૨૨) બાદર સૂક્ષ્મમાંથી એક (૨૩) પર્યાપ્ત અને અપર્યાપ્ત નામકર્મમાંથી એક (૨૪) પ્રત્યેક અને સાધારણમાંથી એક (૨૫) સ્થિરઅસ્થિરમાંથી એક (૨૬) શુભ-અશુભમાંથી એક (૨૭)

સુસ્વર અને દુઃસ્વરમાંથી એક (૨૮) સૌભાગ્ય અને દૌર્ભાગ્યમાંથી એક (૨૯) આદેય અને અનાદેયમાંથી એક (૩૦) અને યશઃકીર્તિ તથા અયશઃકીર્તિ આ બન્નેમાંથી એક આમ કુલ ૩૦ કર્મપ્રકૃતિઓનો વિભાગ કરીને મૂલકર્મમાં આવેલો હિસ્સો આ જીવ વહેંચી આપે છે. આ જીવ જયારે જયારે કર્મબંધ કરે છે ત્યારે ત્યારે આ રીતે કર્મદલિકોની વહેંચણી કરે છે.

ઉપરોક્ત બાબતમાં જે વિશેષતા છે તે આ પ્રમાણે છે કે વર્ણ ગંધ-રસ અને સ્પર્શ નામકર્મના ભાગમાં જે જે કર્મદલિકો આવે છે. તે દરેકે અવાન્તર પેટાભેદવાળી પ્રકૃતિઓને વિભાગ કરીને દલિકોનું સમર્પણ કરે છે. જેમકે વર્ણનામકર્મના ભાગમાં જે કર્મદલિક પ્રાપ્ત થાય છે. તેના પાંચ ભાગ પાડીને શુક્લ-નીલ-વિગેરે અવાન્તર ભેદોને આ જીવ આપે છે. આ જ પ્રમાણે ગન્ધ - રસ અને સ્પર્શનામકર્મમાં પણ જે કર્મના જેટલા ભેદ છે તે રીતે ૨-૫ અને ૮ વિભાગ કરી કરીને આ જીવ તેને આપે છે.

તથા સંઘાતનનામકર્મ અને શરીરનામકર્મમાં પોતપોતાના ભાગમાં જે કર્મદલિક આવે છે તેના ત્રણ અથવા ચાર ભાગ કરીને ત્રણ કર્મને અથવા ચાર કર્મને અપાય છે. ત્યાં ઔદારિક તૈજસ અને કાર્મણ બંધાતાં હોય તો એકીસાથે તે ત્રણને અને જો વૈક્રિય તૈજસ અને કાર્મણ બંધાતાં હોય તો એકીસાથે તે ત્રણ કર્મને ત્રણ ભાગ કરીને આપે છે. અને વૈક્રિય-આહારક. તૈજસ અને કાર્મણ આમ જો ચાર શરીર અને ચાર સંઘાતન નામકર્મ બંધાતાં હોય તો ચારભાગ કરાય છે. આ પ્રમાણે બંધાતા કર્મદલિકોની વહેંચણી આ જીવ કરે છે આમ સમજવું. ॥ ૨૭ ॥

*અવતરણ :- જો શરીર નામકર્મ અને સંઘાતનનામકર્મના ત્રણ અથવા ચાર ભાગ કરે છે. તો તેની સાથે બંધાતા બંધનનામકર્મના કેટલા ભાગ કરે છે ? આવા પ્રશ્નનો ઉત્તર હવે જણાવે છે-*

**सत्तेक्कारवियप्पा, बंधणनामाण मूलपगईणं ।**
**उत्तरसगपगईण य, अप्पबहुत्ता विसेसो सिं ॥ २८ ॥**

ગાથાર્થ- બંધન નામકર્મમાં સાત અથવા અગીયાર ભાગમાં વહેંચણી કરે છે. આ મૂલકર્મપ્રકૃતિઓ અને ઉત્તરકર્મપ્રકૃતિઓમાં પરસ્પર ભાગની વિશેષતા અલ્પબહુત્વથી જાણી લેવી. ॥ ૨૮ ॥

વિવેચન- બન્ધનનામકર્મના ભાગમાં જે કર્મદલિક આવે છે. તેના સાત ભાગ અથવા અગીયાર ભાગ આ જીવ કરે છે ત્યાં (૧) ઔદારિક ઔદારિક બંધન, (૨) ઔદારિક તૈજસ બંધન (૩) ઔદારિકકાર્મણ બંધન અને (૪) ઔદારિક તૈજસ કાર્મણ બંધન તથા (૫) તૈજસ તૈજસબંધન, (૬) તૈજસ કાર્મણ બંધન (૭) કાર્મણકાર્મણબંધન સ્વરૂપ એમ સાત બંધન સાથે

બંધાય છે અથવા વૈક્રિયચતુષ્ક (વૈક્રિયનાં ચાર બંધન) અને તૈજસત્રિક (તૈજસનાં ત્રણબંધન) સ્વરૂપ સાતબંધન નામકર્મ સાથે બંધાય છે. માટે સાત ભાગ કરાય છે. અને જ્યારે આહારકદ્વિક બંધાતુ હોય ત્યારે વૈક્રિયનાં ૪ બંધનનામકર્મ. આહારકનાં ચાર બંધનનામકર્મ તથા તૈજસનામકર્મનું ત્રિક આમ અગીયાર બંધનનામકર્મ જ્યારે બંધાય છે. ત્યારે તે અગિયાર બંધનનામકર્મ બાંધતા જીવવડે અગીયાર ભાગ કરાય છે.

બાકીની કર્મપ્રકૃતિઓમાં એકી સાથે અવાન્તર પેટાભેદરૂપ પ્રકૃતિઓ બે ત્રણ ચાર ઈત્યાદિ ભેદોના બંધનો અભાવ છે. તેથી તેઓમાં ભાગ પાડવા પૂર્વક દલિક આપવાનું વિભાગ સંભવતો નથી. પરંતુ ભાગમાં જે આવે તે સંપૂર્ણ દલિક બંધાતી એક પ્રકૃતિ જે હોય તેને જ અપાય છે. જેમકે ગતિ અને જાતિમાં જે ગતિ અને જે જાતિ બંધાતી હોય. તેને જ સંપૂર્ણભાગ આપે છે ઈત્યાદિ જાણવું.

અહીં એક જ અધ્યવસાય દ્વારા ગ્રહણ કરાયેલા કર્મદલિકોના પરમાણુઓનો વિભાગ કરીને મૂલકર્મપ્રકૃતિઓને તથા ઉત્તરકર્મપ્રકૃતિઓને દલિકો અપાય છે. ત્યાં જઘન્યથી જ્યારે આ જીવ પ્રદેશો બાંધે ત્યારે અને ઉત્કૃષ્ટથી જ્યારે આ જીવ કર્મપ્રદેશો બાંધે ત્યારે કઈ કઈ કર્મપ્રકૃતિને કેવો કેવો ભાગ આપે છે ? આવી શિષ્યોને તત્ત્વજાણવાની જિજ્ઞાસા થયે છતે તેનો ઉત્તર ગુરૂજી કહે છે-

આ મૂલ કર્મપ્રકૃતિ ૮, અને ઉત્તમકર્મપ્રકૃતિ ૧૫૮ માં પરસ્પર ભાગ આપવાની જે વિશેષતા (ભેદ) છે. તે અલ્પબહુત્વવાળું હોવાથી (કોઈ કર્મને થોડુંક દલિક અને કોઈ કર્મને અધિક દલિક આ જીવ આપતો હોવાથી) બીજાં બીજાં શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે ત્યાંથી જ તે અલ્પ બહુત્વ જાણી લેવું.

ત્યાં ઘણુ કરીને સ્થિતિને અનુસારે પ્રદેશોની વહેંચણી કરે છે. (તેમાં કોઈક કોઈક અપવાદ છે) તેથી મૂલ આઠકર્મોનો જ્યારે બંધ થતો હોય ત્યારે આયુષ્ય કર્મને સૌથી થોડો ભાગ આપે છે. કારણ કે તે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ માત્ર છે વધારે નથી. તે તેત્રીસ સાગરોપમની સ્થિતિ અન્ય કર્મોની સ્થિતિ કરતાં અત્યન્ત અલ્પસ્થિતિ છે. કારણકે અન્યકર્મોની તો કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. માટે આયુષ્યકર્મની સ્થિતિ સૌથી અલ્પ છે. તેના કરતાં નામકર્મ અને ગોત્રકર્મને મોટો ભાગ આ જીવ આપે છે કારણ કે તે બન્ને કર્મોની ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. અને બન્ને કર્મોની પરસ્પર તુલ્ય સ્થિતિ છે. માટે તુલ્ય ભાગ આપે છે.

તેના કરતાં જ્ઞાનાવરણીય. દર્શનાવરણીય અને અંતરાય કર્મ એમ આ ત્રણ કર્મોને મોટો ભાગ દલિકોનો આપે છે. અને પરસ્પર ત્રણે કર્મોની તુલ્યસ્થિતિ હોવાથી ત્રણે કર્મોને સમાન ભાગ આપે છે તે ત્રણે કર્મોની સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તેના

કરતાં મોહનીયકર્મને અધિક દલિકભાગ આપે છે કારણ કે તે મોહનીય કર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તે મોહનીયકર્મ કરતાં પણ વેદનીય કર્મને સૌથી વધારે ભાગ આપે છે.

જો કે આ વેદનીયકર્મની ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જ છે તો પણ આ કર્મને વધારે પુદ્ગલોનો જથ્થો આપે છે. અન્યથા = તેને ઘણાં અધિક દલિક વિના સાતા-અસાતાનો અતિશય સ્પષ્ટતરપણે પોતાના ફળસ્વરૂપ સુખ-દુઃખનો અનુભવ આ કર્મ કરાવી શકતું નથી.

આ પ્રમાણે મૂલકર્મોની વિભાગવહેંચણીનું અલ્પબહુત્વ સમજાવ્યું

**૧. પ્રશ્ન :-** આયુષ્યકર્મની સ્થિતિ ૩૩ સાગરોપમ છે. અને નામ-ગોત્ર કર્મની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે એટલે ઘણી વધારે છે. તો આયુષ્યકર્મ કરતાં નામગોત્રકર્મને ઘણો વધારે સંખ્યાતગુણો ભાગ આપવો જોઈએ. તેને બદલે માત્ર વિશેષાધિક જ ભાગ આપે આમ કહ્યું. તે કેમ ઘટે ?

**ઉત્તર :-** વાત સાચી છે. પરંતુ આયુષ્યકર્મ બધાં જ કર્મોનો આધાર છે જીવન તેના આધારે જ ટકવાનું છે માટે આયુષ્યકર્મ મુખ્ય સ્તંભસમાન છે. તેથી આયુષ્યકર્મને એટલાં બધાં અલ્પ દલિક આ જીવ આપતો નથી કે નામ-ગોત્ર કર્મની સ્થિતિ પ્રમાણે સંખ્યાત ગુણ થાય. પરંતુ આયુષ્યકર્મને ઘણાં વધારે દલિક આપે છે મકાનના નીચે ઉભા કરેલા સ્તંભની જેમ વધુ દલિક આપતો હોવાથી નામ-ગોત્રનાં દલિક આયુષ્યકર્મ કરતાં સંખ્યાતગુણ થતાં નથી પણ વિશેષાધિક જ થાય છે.

**પ્રશ્ન ૨. જો :-** નામ-ગોત્ર કર્મની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે અને જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મોની સ્થિતિ ૩૦ કોડાકોડી છે તો તે ત્રણે કર્મોને નામ-ગોત્ર કર્મ કરતાં દોઢો ભાગ આપવો જોઈએ.

**ઉત્તર :-** નામ-ગોત્રકર્મ કરતાં જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મોને વિશેષાધિક ભાગ આપે છે. આ વિશેષાધિકમાં બમણો ન થાય ત્યાં સુધીનો અધિક ભાગ સમજી લેવાનો છે એટલે દોઢો પણ હોઇ શકે અને તેનાથી વધારે-ઓછો પણ હોઈ શકે.

**પ્રશ્ન :-** જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મો કરતાં મોહનીયકર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી બમણાથી પણ વધારે છે તો મોહનીયને બમણાથી વધારે દલિક આપવાં જોઈએ ? માત્ર વિશેષાધિક જ કેમ કહો છો ?

**ઉત્તર :-** મોહનીય કર્મમાં માત્ર એક મિથ્યાત્વમોહનીય કર્મની જ ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. બાકી બધાંની તો ૪૦-૨૦-૧૦-૧૫ કોડાકોડી સાગરોપમની જ

છે સર્વ મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સ્થિતિ નથી. તેથી વિશેષાધિક જ ભાગ આપે છે. પણ સંખ્યાતગુણ અધિક નહીં.

પ્રશ્ન :- વેદનીયકર્મની તો માત્ર ૩૦ કોડાકોડી સાગરોપમની જ સ્થિતિ છે તો પછી મોહનીયકર્મથી તેને વધારે ભાગ આપવાનું કારણ શું ?

ઉત્તર :- ઓછાં કર્મદલિકોથી સાતાનો અને અસાતાનો જોઇએ તેવો સ્પષ્ટ અનુભવ આ જીવને થતો નથી. તે માટે તેને પ્રથમથી જ વધારે ભાગ આપે છે. જેમકે ભોજનમાં રોટલા-રોટલી જેટલા પ્રમાણમાં લેવાય તેટલી માત્રાવાલું ઘી લેવાતું નથી અને જો ઘી જેટલા જ રોટલા રોટલી લેવાય તો પેટ ભરાય જ નહીં પરંતુ ભૂખ જરા પણ શાન્ત ન થાય. તેમ અહીં સમજવું.

હવે મૂલકર્મમાં પોતપોતાની ઉત્તરકર્મપ્રકૃતિઓને જઘન્યથી અને ઉત્કૃષ્ટથી જે ભાગ આપે છે તે કહેવાય છે.- ત્યાં જ્યારે આપણો આ જીવ ઉત્કૃષ્ટ કર્મદલિક ગ્રહણ કરે છે ત્યારે કેવી રીતે ભાગ આપે છે તે સમજાવે છે.

(૧) કેવલજ્ઞાનાવરણીયકર્મને આપેલો ભાગ સૌથી અલ્પ હોય છે. તેનાથી (૨) મનઃપર્યાપ્રજ્ઞાનાવરણીય કર્મને આપેલો ભાગ અનંતગુણ હોય છે. તેનાથી (૩) અવધિજ્ઞાનાવરણીય કર્મને આપેલો ભાગ વિશેષાધિક હોય છે તેનાથી (૪) શ્રુતજ્ઞાનાવરણીય કર્મને આપેલો ભાગ વિશેષાધિક હોય છે. તેનાથી (૫) મતિજ્ઞાનાવરણીય કર્મને આપેલો ભાગ વિશેષાધિક હોય છે. તથા દર્શનાવરણીય કર્મમાં ઉત્કૃષ્ટ પદે જ્યારે કર્મદલિકોનું ગ્રહણ હોય ત્યારે (૧) પ્રચલાને સૌથી અલ્પ દલિક આપે છે તેના કરતાં (૨) નિદ્રાને વિશેષાધિક, તેના કરતાં (૩) પ્રચલા પ્રચલાને વિશેષાધિક, તેના કરતાં (૪) નિદ્રાનિદ્રાને વિશેષાધિક (૫) તેના કરતાં પણ થિણદ્ધિ નિદ્રાને વિશેષાધિક (૬) તેના કરતાં કેવલ દર્શનાવરણીય કર્મને વિશેષાધિક. (૭) તેના કરતાં અવધિ દર્શનાવરણીય કર્મને અનંતગુણ, (૮) તેના કરતાં અચક્ષુદર્શનાવરણીય કર્મને વિશેષાધિક, (૯) તેના કરતાં પણ ચક્ષુદર્શનાવરણીય કર્મને વિશેષાધિક આ પ્રમાણે દર્શનાવરણીયકર્મમાં પ્રદેશોની વહેંચણી આ જીવ કરે છે.

તથા વેદનીયકર્મમાં ઉત્કૃષ્ટપદે સૌથી અલ્પ કર્મદલિક અસાતા વેદનીયકર્મને, તેના કરતાં સાતાવેદનીય કર્મને વિશેષાધિક કર્મદલિક આપે છે.

હવે મોહનીયકર્મમાં ઉત્કૃષ્ટપદે સૌથી અલ્પદલિક અપ્રત્યખ્યાનાવરણ માનને આ જીવ આપે છે. તેનાથી અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધને વિશેષાધિક, તેના કરતાં અપ્રત્યાખ્યાનાવરણ માયાને વિશેષાધિક, તેના કરતાં અપ્રત્યાખ્યાનાવરણ લોભને વિશેષાધિક, તેના કરતાં

પ્રત્યાખ્યાનાવરણ માનને વિશેષાધિક, તેના કરતાં પ્રત્યાખ્યાનાવરણ ક્રોધને વિશેષાધિક, તેના કરતાં પ્રત્યાખ્યાનાવરણ માયાને વિશેષાધિક, તેના કરતાં પ્રત્યાખ્યાનાવરણ લોભને વિશેષાધિક. તેના કરતાં અનંતાનુબંધી માનને અધિક, તેના કરતાં અનંતાનુબંધીક્રોધને વિશેષાધિક, તેના કરતાં અનંતાનુબંધી માયાને વિશેષાધિક, તેના કરતાં અનંતાનુબંધી લોભને વિશેષાધિક, તેના કરતાં મિથ્યાત્વમોહને વિશેષાધિક આપે છે. આ સર્વ સર્વઘાતી પ્રકૃતિઓના ભાગની વહેંચણી થઈ.

તેના કરતાં જુગુપ્સામોહનીયને અનંતગુણ, તેનાથી ભયને વિશેષાધિક, તેનાથી હાસ્ય અને શોકને વિશેષાધિક, પોતપોતાના સ્થાનકમાં આ બન્નેને તુલ્ય દલિક આપે છે. તેના કરતાં રતિ અને અરતિ મોહનીયને વિશેષાધિક અને સ્વસ્થાને પરસ્પરતુલ્ય, તેના કરતાં સ્ત્રીવેદ અને નપુંસક વેદને વિશેષાધિક અને પરસ્પરતુલ્ય, તેનાથી સંજ્વલનક્રોધને વિશેષાધિક. તેનાથી સંજ્વલન માનને વિશેષાધિક, તેના કરતાં પુરુષવેદને વિશેષાધિક, તેના કરતાં સંજ્વલનમાયાને વિશેષાધિક. અને તેના કરતાં પણ સંજ્વલન લોભને અસંખ્યાતગુણ કર્મદલિક આ જીવ આપે છે. આ પ્રમાણે મોહનીયકર્મની વિભાગ વહેંચણી સમજાવી.

તથા આયુષ્યકર્મ એકી સાથે વધારેમાં વધારે બે-ત્રણ-ચાર આયુષ્ય બંધાતાં જ નથી માત્ર એક જ બંધાય છે. જે આયુષ્યકર્મ બંધાતું હોય તેને જ સમગ્રભાગ આપવામાં આવે છે. તેથી ચારે પણ આયુષ્યકર્મને ઉત્કૃષ્ટપદે પ્રદેશાગ્ર તુલ્યપણે આપે છે. હવે નામકર્મમાં અલ્પબહુત્વ સમજાવે છે.

જ્યારે ઉત્કૃષ્ટપદે પ્રદેશગ્રહણ જીવ કરે છે. ત્યારે નામકર્મની અંદર, તેમાં પણ ગતિનામકર્મમાં દેવગતિ અને નરકગતિ નામકર્મને સર્વથી થોડું આપે છે. તેનાથી મનુષ્યગતિને વિશેષાધિક આપે છે. તેનાથી પણ તિર્યંચગતિ નામકર્મને વિશેષાધિક આપે છે. તથા જાતિનામકર્મમાં બેઇન્દ્રિય આદિ ચાર જાતિનામકર્મને સૌથી અલ્પ પ્રદેશાગ્ર આપે છે. અને સ્વસ્થાનમાં તે ચારેને પરસ્પર તુલ્ય દલિક આપે છે. તે ચારજાતિ કરતાં એકેન્દ્રિયજાતિ નામકર્મને વિશેષાધિક આપે છે.

તથા શરીર નામકર્મમાં ઉત્કૃષ્ટપદે આહારક શરીર નામકર્મને સૌથી અલ્પ પ્રદેશાગ્ર આપે છે. તેના કરતાં વૈક્રિય શરીરનામકર્મને વિશેષાધિક આપે છે. તેનાથી ઔદારિકશરીરનામકર્મને વિશેષાધિક અને તેના કરતાં પણ તૈજસ શરીરનામકર્મને વિશેષાધિક અને તેના કરતાં પણ કાર્મણશરીરનામકર્મને વિશેષાધિક આપે છે.

આ જ પ્રમાણે સંઘાતન નામકર્મમાં પણ સમજી લેવું.

તથા બન્ધનનામકર્મમાં ઉત્કૃષ્ટપદે (૧) આહારક આહારક બન્ધન નામકર્મને પ્રદેશાગ્ર સૌથી અલ્પ આપે છે. તેના કરતાં (૨) આહારક તૈજસ બંધન નામકર્મને વિશેષાધિક, તેનાથી (૩) આહારક કાર્મણ બંધન નામકર્મને વિશેષાધિક, તેના કરતાં (૪) આહારક તૈજસકાર્મણબંધન નામકર્મને વિશેષાધિક. તેનાં કરતાં (૫) વૈક્રિયવૈક્રિય બંધન નામકર્મને વિશેષાધિક, તેના કરતાં (૬) વૈક્રિય તૈજસ બન્ધનનામકર્મને વિશેષાધિક. (૭) તેના કરતાં વૈક્રિય કાર્મણ બન્ધન નામકર્મને વિશેષાધિક (૮) તેના કરતાં વૈક્રિય તૈજસ કાર્મણ બંધન નામકર્મને વિશેષાધિક (૯) તેના કરતાં ઔદારિક ઔદારિક બન્ધનનામકર્મને વિશેષાધિક (૧૦) તેના કરતાં ઔદારિક તૈજસ બન્ધન નામકર્મને વિશેષાધિક (૧૧) તેના કરતાં ઔદારિક કાર્મણ બંધન નામકર્મને વિશેષાધિક, (૧૨) તેના કરતાં ઔદારિક તૈજસ કાર્મણ બન્ધનનામકર્મ ને વિશેષાધિક (૧૩) તેના કરતાં તૈજસ તૈજસ બન્ધન નામકર્મને વિશેષાધિક. (૧૪) તેના કરતાં તૈજસ કાર્મણ બન્ધન નામકર્મને વિશેષાધિક (૧૫) તેના કરતાં પણ કાર્મણ કાર્મણ બંધનનામકર્મને વિશેષાધિક.

તથા સંસ્થાનનામકર્મમાં ઉત્કૃષ્ટપદે મધ્યનાં ચાર સંસ્થાન નામકર્મને પ્રદેશાગ્ર સૌથી થોડુ આપે. અને તે ચારે સંસ્થાન નામકર્મને પરસ્પર તુલ્ય આપે. તેના કરતાં સમચતુરસ્રનામકર્મને વિશેષાધિક આપે. તેના કરતાં પણ હુંડક નામ કર્મને વિશેષાધિક આપે છે.

તથા અંગોપાંગ નામકર્મમાં ઉત્કૃષ્ટપદે સૌથી થોડુ કર્મદલિક આહારક અંગોપાંગ નામકર્મને આપે છે. તેના કરતાં વૈક્રિય અંગોપાંગ નામકર્મને વિશેષાધિક આપે છે. તેના કરતાં પણ ઔદારિક અંગોપાંગ નામકર્મને વિશેષાધિક આપે છે તથા સંઘયણ નામકર્મમાં ઉત્કૃષ્ટપદે સૌથી થોડું કર્મદલિક પ્રથમનાં પાંચ સંઘયણનામ કર્મને આપે છે. સ્વસ્થાને માંહોમાંહે પાંચે સંઘયણ નામકર્મને તુલ્ય કર્મદલિક આપે છે. તેના કરતાં સેવાર્ત (છેવડું) સંઘયણને વિશેષાધિક કર્મદલિક આ જીવ આપે છે.

તથા વર્ણનામકર્મમાં ઉત્કૃષ્ટપદે સૌથી અલ્પ કર્મદલિક કૃષ્ણ વર્ણ નામકર્મને આપે છે. તેનાથી નીલવર્ણ નામ કર્મને વિશેષાધિક આપે છે. તેના કરતાં લોહિત વર્ણને વિશેષાધિક, તેના કરતાં હારિદ્રવર્ણનામકર્મને વિશેષાધિક, તેના કરતાં શ્વેતવર્ણનામકર્મને વિશેષાધિક આપે છે.

તથા ગન્ધનામકર્મમાં સર્વથી થોડું સુરભિગન્ધનામકર્મને, તેના કરતાં દુરભિગન્ધનામકર્મને વિશેષાધિક આપે છે. તથા રસનામકર્મમાં સૌથી થોડું કર્મદલિક કટુકરસનામકર્મને, તેનાથી તિક્તરસ નામકર્મને વિશેષાધિક, તેના કરતાં કષાયરસનામકર્મને વિશેષાધિક, તેના કરતાં આમ્લરસનામકર્મને વિશેષાધિક, તેના કરતાં મધુરરસનામકર્મને વિશેષાધિક કર્મદલિક આપે છે.

તથા સ્પર્શનામ કર્મમાં ઉત્કૃષ્ટપદે સર્વથી થોડુ કર્મદલિક કર્કશ અને ગુરુ નામના બે સ્પર્શનામકર્મને આપે છે. બન્નેને પરસ્પર તુલ્ય આપે છે. તેના કરતાં મૃદુ અને લઘુ

સ્પર્શનામકર્મને વિશેષાધિક અને પરસ્પરસ્વસ્થાને તુલ્ય કર્મદલિક આપે છે. તેના કરતાં રૂક્ષ અને શીતસ્પર્શ નામકર્મને વિશેષાધિક અને પરસ્પર બન્નેને સ્વસ્થાને તુલ્ય કર્મદલિક આ જીવ આપે છે. તેના કરતાં પણ સ્નિગ્ધ અને ઉષ્ણ સ્પર્શનામકર્મને વિશેષાધિક અને પરસ્પર સ્વસ્થાનમાં બન્નેને તુલ્ય કર્મદલિક આપે છે.

તથા આનુપૂર્વી નામકર્મમાં ઉત્કૃષ્ટપદે સૌથી થોડુ કર્મદલિક આ જીવ દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વીને આપે છે. આ બન્નેને પરસ્પર સ્વસ્થાને તુલ્ય આપે છે. તેના કરતાં મનુષ્યાનુપૂર્વીને વિશેષાધિક અને તેના કરતાં પણ તિર્યંચાનુપૂર્વી નામકર્મને વિશેષાધિક કર્મદલિક આપે છે.

તથા ત્રસના અને સ્થાવરના દશકામાં ઉત્કૃષ્ટપદે ત્રસનામકર્મને સૌથી અલ્પ, તેના કરતાં સ્થાવરનામકર્મને વિશેષાધિક આપે છે. તથા પર્યાપ્ત નામકર્મને સર્વથી અલ્પ, તેના કરતાં અપર્યાપ્ત નામકર્મને વિશેષાધિક આપે છે. તથા આ જ પ્રમાણે સ્થિર-અસ્થિરમાં શુભ=અશુભમાં, સૌભાગ્ય-દૌર્ભાગ્યમાં, આદેય-અનાદેય નામકર્મમાં, સૂક્ષ્મ-બાદર નામકર્મમાં તથા પ્રત્યેક અને સાધારણ નામકર્મમાં સમજી લેવું..

તથા યશ અને અયશ નામકર્મમાં સૌથી અલ્પદલિક અયશ કીર્તિનામકર્મને, અને તેના કરતાં યશકીર્તિનામકર્મને સંખ્યાતગુણદલિક આપે છે. બાકીનાં આતપ, ઉદ્યોત, પ્રશસ્ત-અપ્રશસ્ત વિહાયોગતિ નામકર્મ, સુસ્વર, દુસ્વર નામકર્મને ઉત્કૃષ્ટપદે પરસ્પર તુલ્ય કર્મદલિક આ જીવ આપે છે.

તથા નિર્માણનામકર્મ, ઉશ્વાસનામકર્મ, પરાઘાત, ઉપઘાત. અગુરુલઘુ, તીર્થંકરનામકર્મ આટલી કર્મપ્રકૃતિઓમાં અલ્પબહુત્વ નથી કારણ કે આ અલ્પબહુત્વ સજાતીય પ્રકૃતિઓની અપેક્ષાએ વિચારાય છે. જેમકે શેષવર્ણનામકર્મની અપેક્ષાએ કૃષ્ણવર્ણનામકર્મને અલ્પ આપે છે આમ સૌભાગ્ય અને દૌર્ભાગ્યમાં સૌભાગ્યને અલ્પ અને દૌર્ભાગ્યને અધિક આપે છે. તેની જેમ પોતપોતાની પ્રતિપક્ષવાળી પ્રકૃતિઓની અપેક્ષાએ આ તત્ત્વ વિચારાય છે. પરંતુ નિર્માણ નામકર્મ વિગેરે ઉપરોક્ત છ કર્મપ્રકૃતિઓમાં પરસ્પર સજાતીય એવી પ્રતિપક્ષવાળી કોઈ પ્રકૃતિ નથી પોતપોતાની એક મૂલ પિંડપ્રકૃતિ અભિન્ન હોય તેવા ઉત્તરભેદોનો તે છમાં અભાવ છે. તેથી, તથા આ છ પ્રકૃતિઓ પરસ્પર વિરોધી પણ નથી. કારણ કે એકીસાથે બંધાય છે. તેથી અહીં અલ્પબહુત્વમાં તેનો અધિકાર કહ્યો નથી. આ પ્રમાણે નામકર્મમાં અલ્પબહુત્વ કહ્યું.

તથા ગોત્રકર્મમાં ઉત્કૃષ્ટપદે પ્રદેશાગ્ર સૌથી અલ્પ નીચગોત્રને આપે છે. તેના કરતાં ઉચ્ચગોત્રને વિશેષાધિક આપે છે. તથા અન્તરાયકર્મમાં સૌથી અલ્પકર્મદલિક દાનાન્તરાયને, તેના કરતાં લાભાન્તરાયને વિશેષાધિક, તેના કરતાં ભોગાન્તરાયને વિશેષાધિક, તેના કરતાં

ઉપભોગાન્તરાયને વિશેષાધિક, તેના કરતાં પણ વીર્યાન્તરાય કર્મને સૌથી વધારે વિશેષાધિક કર્મદલિક આ જીવ આપે છે. આ પ્રમાણે ઉત્તરકર્મપ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટ કર્મપ્રદેશાગ્રનું અલ્પબહુત્વ કહ્યું.

હવે જઘન્યપદે કર્મપ્રદેશોનું અલ્પબહુત્વ કહેવાય છે. ત્યાં જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મમાં પ્રકૃતિઓનું અલ્પબહુત્વ જેમ ઉત્કૃષ્ટપદમાં કહ્યું છે. તેમ જ સમજી લેવું ।

મોહનીયકર્મમાં સૌથી અલ્પપ્રદેશાગ્ર જઘન્યપદે અપ્રત્યાખ્યાનીય માનને આપે છે. તેનાથી અપ્રત્યાખ્યાનીય ક્રોધને વિશેષાધિક, તેના કરતાં અપ્રત્યાખ્યાનીય માયાને વિશેષાધિક, તેના કરતાં પણ અપ્રત્યાખ્યાનીય લોભને વિશેષાધિક કર્મદલિક આ જીવ આપે છે. તેના કરતાં પ્રત્યાખ્યાનાવરણ માન-ક્રોધ-માયા અને લોભને તથા અનંતાનુબંધી માન-ક્રોધ-માયા અને લોભને ઉપર કહેલી નીતિરીતિ મુજબ અનુક્રમે વિશેષાધિક વિશેષાધિક કર્મદલિક આ જીવ આપે છે. આમ વિશેષાધિક પણે કહેવું.

તેના કરતાં મિથ્યાત્વ મોહનીયને વિશેષાધિક, તેના કરતાં જુગુપ્સાને અનન્તગુણ, તેના કરતાં ભયને વિશેષાધિક, તેના કરતાં હાસ્ય અને શોકને વિશેષાધિક, સ્વસ્થાને પરસ્પર બન્નેને તુલ્ય આપે છે. તેના કરતાં રતિ-અરતિ મોહનીયને વિશેષાધિક અને પરસ્પર સ્વસ્થાને તુલ્ય, તેના કરતાં બંધાતા અન્યતરવેદને વિશેષાધિક, તેના કરતાં સંજવલન ચારે કષાયોને ક્રમસર યથોત્તર વિશેષાધિક આપે છે.

તથા આયુષ્યકર્મમાં જઘન્યપદે સર્વથી અલ્પ કર્મદલિક તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યને આપે છે. તેના કરતાં દેવાયુષ્યને અને નરકાયુષ્યને અસંખ્યાતગુણ કર્મદલિક આ જીવ આપે છે. તથા નામકર્મમાં જઘન્યપદે સૌથી અલ્પ પ્રદેશાગ્ર તિર્યંચગતિને, તેના કરતાં વિશેષાધિક કર્મદલિક મનુષ્યગતિને, તેના કરતાં અસંખ્યાત ગુણ અધિક દેવગતિને, તેના કરતાં પણ નરકગતિને અસંખ્યાતગુણ આપે છે.

તથા જાતિનામકર્મમાં બેઇન્દ્રિયાદિ ચાર જાતિનામકર્મને સૌથી અલ્પ, તેનાથી એકેન્દ્રિય જાતિનામકર્મને વિશેષાધિક આપે છે. તથા શરીરનામકર્મમાં ઔદારિકશરીરનામકર્મને સૌથી અલ્પ પ્રદેશાગ્ર આપે છે. તેના કરતાં તૈજસશરીરનામકર્મને વિશેષાધિક, તેના કરતાં કાર્મણ શરીરનામકર્મને વિશેષાધિક, તેના કરતાં વૈક્રિય શરીરનામકર્મને અસંખ્યાત ગુણ અધિક, તેના કરતાં પણ આહારક શરીરનામકર્મને અસંખ્યાત ગુણ કર્મદલિક આ જીવ આપે છે. આ જ પ્રમાણે સંઘાતન નામકર્મમાં પણ અલ્પબહુત્વ સમજવું. અંગોપાંગનામકર્મમાં પણ જઘન્યપદે સૌથી અલ્પ કર્મદલિક ઔદારિક અંગોપાંગને, તેનાથી વૈક્રિય અંગોપાંગને અસંખ્યાત ગણું, તેના કરતાં પણ આહારક અંગોપાંગનામકર્મને અસંખ્યાત ગણું કર્મદલિક આ જીવ આપે છે.

તથા જઘન્યપદે દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વી નામકર્મને સૌથી અલ્પ પ્રદેશાગ્ર આપે છે. તેના કરતાં મનુષ્યાનુપૂર્વીને વિશેષાધિક, તેના કરતાં પણ તિર્યંચાનુપૂર્વીને વિશેષાધિક કર્મદલિક આ જીવ આપે છે. તથા ત્રસનામકર્મને સૌથી અલ્પ, તેનાથી સ્થાવરનામકર્મને વિશેષાધિક, આ જ પ્રમાણે બાદર-સૂક્ષ્મમાં, પર્યાપ્ત-અપર્યાપ્તમાં, અને પ્રત્યેક સાધારણમાં પણ સમજી લેવું. બાકીની નામકર્મની કર્મપ્રકૃતિઓમાં અલ્પબહુત્વ નથી.

તથા સાતા-અસાતા વેદનીયમાં અને ઉચ્ચ-નીચ ગોત્રમાં પણ આમ જ જાણવું. અન્તરાયકર્મમાં જેમ ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વ કહ્યું છે તેમ જ સંપૂર્ણપણે જાણવું.

અહીં આ જીવ જ્યારે (૧) ઉત્કૃષ્ટ યોગસ્થાનકવર્તી હોય, તથા (૨) મૂલકર્મપ્રકૃતિઓ અને ઉત્તરકર્મપ્રકૃતિઓ સ્તોક્તર (અતિશય અલ્પમાત્રાએ) બાંધતો હોય, તથા (૩) ન બંધાતી પોતાના મૂલકર્મથી અભિન્ન એવી બીજી કર્મપ્રકૃતિઓના કર્મદલિકનો ઉત્કૃષ્ટપ્રદેશ સંક્રમ કરતો હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશાગ્રની સત્તાનો સંભવ છે. કારણ કે (૧) ઉત્કૃષ્ટ યોગમાં વર્તતો હોય તેથી ઉત્કૃષ્ટ પ્રદેશોનું ગ્રહણ સંભવે છે. (૨) અલ્પપ્રકૃતિઓનો બંધક લીધો તેનો અર્થ એ સમજવો કે અલ્પપ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે બાકીની ન બંધાતી પ્રકૃતિઓમાં આવી શકે એવો કર્મદલિકનો ભાગ પણ બંધાતી કર્મપ્રકૃતિઓને મળી શકે જેથી તેનું વધારે દલિક થાય. તથા (૩) ન બંધાતી એવી અન્યતર પ્રકૃતિઓના દલિકોનો જ્યારે ઉત્કૃષ્ટસંક્રમ થતો હોય તે કાલે વિવક્ષિત બંધાતી એવી કર્મપ્રકૃતિઓમાં ઘણાં ઘણાં કર્મપુદ્ગલો આવવાનો સંભવ છે. આ કારણે આવા જીવને ઉત્કૃષ્ટ પ્રદેશોની સત્તા સંભવે છે. તેના કરતાં વિપરીત અવસ્થાવાળા જીવને જઘન્ય પ્રદેશાગ્રનો સંભવ છે.

**પ્રશ્ન :-** આ ભાગ આપવાની વિધિ પ્રતિસમયે બંધાતી કર્મપ્રકૃતિઓમાં કોને કેટલો ભાગ આપે ? તે વિધિ આપે કહી, પરંતુ તે તે ગુણસ્થાનકે જે કર્મપ્રકૃતિઓનો પોતપોતાના બંધનોવિચ્છેદ થયો હોય ત્યારે ત્યારે તે ન બંધાતી કર્મપ્રકૃતિઓનો ભાગ કઇ પ્રકૃતિઓને અને કોને કોને આપે ?

**ઉત્તર :-** જો તમે આવો પ્રશ્ન કરો છો. તો તેનો ઉત્તર અમે કહીએ છીએ તે તમે સાવધાનીથી સાંભળો- જે જે કર્મપ્રકૃતિઓ બંધાતી નથી. તેના તેના ભાગમાં આવતું કર્મદલિકનું દ્રવ્ય જ્યાં સુધી મૂલકર્મથી અભિન્ન એવી સજાતીય પ્રકૃતિ બંધાતી હોય છે. તો તે તે પ્રકૃતિના ભાગથી લભ્ય જે દલિક હોય છે. તે તે દલિક તે મૂલકર્મથી અભિન્ન એવી સજાતીય પ્રકૃતિઓને અપાય છે જેમકે મિથ્યાત્વમોહનીય અનંતાનુબંધિ કષાય એમ પાંચ કર્મોનો જ્યારે જ્યારે બંધવિચ્છેદ થાય છે ત્યારે ત્યારે તેના ભાગમાં આવતું દલિક મૂલભૂત મોહનીય કર્મથી અભિન્ન એવા અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ એમ ૮ કષાયોને જે સર્વઘાતી પણે સજાતીય છે તેને આ દલિક આપે છે.

પરંતુ જ્યારે મૂલકર્મ પ્રકૃતિથી અભિન્ન એવી એટલે કે પોત પોતાના મૂલકર્મની અંદર જ અંતર્ગત એવી સજાતીય એવી (સર્વઘાતી પણે સજાતીય એવી) કોઈ પણ પ્રકૃતિ બંધાતી જ ન હોય. ત્યારે મૂલકર્મથી અભિન્ન પણ વિજાતીય કર્મ પ્રકૃતિઓને તે ભાગ આપે છે. જેમકે મોહનીય કર્મમાં આવેલા ભાગમાં જે અનંતમો ભાગ સર્વઘાતી છે. તે સર્વઘાતી એવી મિથ્યાત્વ અને આદ્ય બાર કષાયને અપાય છે. પરંતુ જ્યારે છઠ્ઠું સાતમું ગુણસ્થાનક હોય કે તેથી પણ ઉપરનાં ગુણસ્થાનકો હોય ત્યારે આ તેર પ્રકૃતિમાંની કોઈ પણ પ્રકૃતિ બંધાતી નથી. તેથી તે અનંતમો ભાગ પોતાના મૂલકર્મથી અભિન્ન અને સર્વઘાતી પણે જે સજાતીય નથી એટલે કે વિજાતીય છે તેવા ચાર સંજ્વલન કષાયને અને નવનોકષાયને તે દલિક અપાય છે.

**પ્રશ્ન** :- જ્યારે મિથ્યાત્વ અને આદ્ય બાર કષાય ન બંધાય ત્યારે તો તે અનંતમો ભાગ ભલે સંજ્વલને અને નવ નોકષાયને અપાય પરંતુ જ્યારે સંજ્વલન અને નોકષાયનો પણ બંધવિચ્છેદ થયો હોય ત્યારે એટલે કે દસમા ગુણઠાણે કે જ્યાં મોહનીય કર્મની એક પણ પ્રકૃતિ બંધાતી નથી. ત્યારે મોહનીયકર્મનો આ ભાગ કોને અપાય છે ?

**ઉત્તર** :- મોહનીય કર્મની તે સર્વ કર્મપ્રકૃતિઓ (સર્વઘાતી અને દેશઘાતી એમ બધી જ) જ્યારે ન બંધાતી હોય બંધનો ઉચ્છેદ જ થયો હોય ત્યારે તેનું કર્મદલિક અન્ય એવા મૂલકર્મોને અપાય છે. *અર્થાત્ ભાગ જ સાતને બદલે ૬ જ પડે છે આ રીતે ત્યાં સુધી જાણવું* કે યાવત્ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ગ્રહણ કરાયેલું જે કર્મદલિક છે. તેના છ ભાગ જ કરે છે. પણ સાત કે આઠ ભાગ આ જીવ કરતો નથી. ત્યાર પછીનાં ૧૧ થી ૧૩ ગુણસ્થાનકોમાં જે કર્મદલિક ગ્રહણ થાય છે. તે સઘળું ય પણ કર્મદલિક કેવળ એકલા સાતાવેદનીય કર્મને જ અપાય છે બીજાં કોઈ કર્મ ત્યાં બંધાતા જ નથી. માટે ॥ ૨૦ ॥

હવે પ્રસંગના વશથી સાદ્યાદિ પ્રરૂપણા અને સ્વામિત્વ પ્રરૂપણા કરવાની છે ત્યાં મોહનીયકર્મ અને આયુષ્યકર્મ એ બે કર્મોને વર્જીને બાકીનાં છ મૂલકર્મોનો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ સાદ્યાદિ પણે ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે જાણવો- સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ઉત્કૃષ્ટ યોગમાં વર્તતા જીવને આ મૂલ છ કર્મોનો એક અથવા બે સમય સુધી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે. કારણ કે મોહનીય કર્મ અને આયુષ્યકર્મ જે બંધાતુ નથી. તેનો ભાગ પણ મૂલ છ કર્મોને જ આપે છે માટે, તથા ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ઉત્કૃષ્ટયોગથી થાય છે. અને ઉત્કૃષ્ટયોગ એક અથવા બે સમય માત્ર જ હોય છે તે માટે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ પણ એક સમય અથવા બે સમય સુધી જ થાય છે. તેથી આ ઉત્કૃષ્ટબંધ સાદિ અને અધ્રુવ છે તેના વિનાનો બીજો તમામ બંધ અનુત્કૃષ્ટ બંધ છે. તે અનુત્કૃષ્ટબંધ એક અથવા બે સમય સુધી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરીને પડતાં અનુત્કૃષ્ટ પ્રદેશ આ જીવ કરે છે ત્યારે, અથવા અગિયારમા ગુણસ્થાનકે જઈને

આ છ કર્મોનો સર્વથા અબંધક એટલે કે બંધવિચ્છેદવાળો થઈને જ્યારે પડે અને દસમા ગુણઠાણે આવે અને મંદ યોગસ્થાનકે વર્તે ત્યારે છ કર્મોનો બંધ ચાલુ કરે ત્યારે છ મૂલકર્મોના અનુત્કૃષ્ટબંધની સાદિ, જે જીવો અબંધકવાળુ સ્થાન નથી પામ્યા તે જીવોને અનુત્કૃષ્ટ બંધ અનાદિ. ધ્રુવ અને અધ્રુવબંધ તો અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ સ્વયં પોતે જ જાણી લેવા. આ પ્રમાણે આ છ મૂલકર્મોનો અનુત્કૃષ્ટબંધ સાદ્યાદિ ચાર પ્રકારે થાય છે.

આ જ છ મૂલકર્મોના ઉત્કૃષ્ટ-જઘન્ય અને અજઘન્ય વિકલ્પો આદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે તેમાં જે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ છે તે તો ઉત્કૃષ્ટયોગ એક અથવા બે સમયમાત્ર જ હોવાથી એક અથવા બે સમય માત્ર જ હોય છે. તેથી આવો ઉત્કૃષ્ટપ્રદેશબંધ સાદિ અને અધ્રુવ જ છે.

હવે આ છ મૂલકર્મોનો જઘન્ય પ્રદેશબંધ સૂક્ષ્મ નિગોદીયા અપર્યાપ્ત જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે સર્વજીવો કરતાં અલ્પ વીર્યવાળા મૂલકર્મોના સપ્તવિધ બંધકને એક સમયમાત્ર પ્રાપ્ત થાય છે. તેથી તે સમયે જઘન્યબંધના સાદિ-અધ્રુવ બે ભાંગા જાણવા. તથા તે જ જીવને ઉત્પત્તિના બીજા જ સમયે યોગ પ્રથમ સમય કરતાં અસંખ્યાતગુણ અધિક હોવાથી અજઘન્યબંધ થાય છે. તેથી તે કાલે અજઘન્ય બંધની સાદિ. ત્યારબાદ ફરીથી સંખ્યાત કાલ ગયે છતે અથવા અસંખ્યાતકાલ ગયે છતે પૂર્વે કહેલા સૂક્ષ્મનિગોદ અવસ્થાને પામેલા જીવને પ્રથમ સમયે જઘન્ય પ્રદેશબંધ થાય છે. ત્યારબાદ બીજા જ સમયે યોગ અસંખ્યાત ગુણ અધિક હોવાથી અજઘન્ય બંધ થાય છે.

આ પ્રમાણે સંસારી જીવોને અનેકવાર જઘન્યબંધ અને અજઘન્યબંધ પરાવર્તન પામતો હોવાથી આ બન્ને પ્રકારનો બંધ સાદિ અને અધ્રુવ છે. આયુષ્યકર્મ અને મોહનીય કર્મના જઘન્યાદિ ચારે પ્રકારના બંધ સાદિ અને અધ્રુવ છે ત્યાં આયુષ્યકર્મ તો ભવમાં એક જ વાર બંધાય છે સદાકાલ બંધાતું જ નથી. માટે અધ્રુવબંધિ જ હોવાથી તેના જઘન્યાદિ ચારે પણ ભેદો સાદિ-અધ્રુવપણે બે જ પ્રકાર છે આ વાત અત્યન્ત સ્પષ્ટ છે.

મોહનીયકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ (૧) સપ્તવિધબંધક (આયુષ્યકર્મ ન બાંધતો હોય તેવો જીવ ભાગ ઓછા પડે માટે) (૨) અને ઉત્કૃષ્ટ યોગસ્થાનક વર્તી જીવને એક સમય અથવા બે સમય માત્ર જ હોય છે એક અથવા બે સમય બાદ તે જ જીવને યોગસ્થાનક બદલાઈ જવાથી અનુત્કૃષ્ટ બંધ હોય છે આ રીતે અનુત્કૃષ્ટ બંધ પણ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે જ હોય છે આ મોહનીયકર્મના જઘન્યબંધના તથા અજઘન્યબંધના સાદિ-અધ્રુવભાંગા જ્ઞાનાવરણીયાદિની જેમ સૂક્ષ્મનિગોદને આશ્રયી સમજવા.

હવે ઉત્તર પ્રકૃતિમાં સાદ્યાદિ ભાંગા સમજાવાય છે. ત્યાં જ્ઞાનાવરણીયકર્મ પાંચ,

અંતરાયકર્મ પાંચ, આદ્ય બાર કષાય, ભય-જુગુપ્સા. દર્શનાવરણીય ચાર, નિદ્રા અને પ્રચલા એમ કુલ ૩૦ ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ ચાર પ્રકારે છે. સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ. તે આ પ્રમાણે-જ્ઞાનાવરણીય પાંચ અંતરાય પાંચ અને ચક્ષુ-અચક્ષુ-અવધિ તથા કેવલદર્શનાવરણીય એમ કુલ ચૌદ ઉત્તરપ્રકૃતિઓ સુક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ઉત્કૃષ્ટયોગી જીવને એક સમય અથવા બે સમય સુધી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ પ્રાપ્ત થાય છે. કારણ કે યોગ ઉત્કૃષ્ટ હોવાથી ઘણા-ઘણા કર્મદલિકોનું ગ્રહણ થાય છે. આયુષ્યકર્મ અને મોહનીય કર્મનો બંધ વિચ્છેદ થયેલ હોવાથી તે કર્મોના ભાગનો હિસ્સો આ બંધાતા કર્મોને વધારે પ્રાપ્ત થાય છે. તથા દર્શનાવર્ણીયકર્મમાં ચક્ષુદર્શનાવરણીય આદિ ચાર દર્શનાવરણીયકર્મને સજાતીય એવી તે કાલે ન બંધાતી પાંચ નિદ્રા કર્મપ્રકૃતિનો ભાગ વધારે પ્રાપ્ત થાય છે. માટે આ ચૌદે ઉત્તરપ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ દશમા ગુણસ્થાનકે એક અથવા બે સમય સુધી પ્રાપ્ત થાય છે. તે પ્રતિનિયત કાલભાવિ હોવાથી (એક અથવા બે સમય માત્ર હોવાથી) સાદિ અને અધ્રુવ છે.

ત્યાર પછી સમયાન્તરે મન્દયોગસ્થાને વર્તતા તે જ આત્માને અથવા બંધનો વિચ્છેદ કરીને અગિયારમા ગુણસ્થાનકે જઇને ત્યાંથી પાછા આવતા જીવને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે છ કર્મનો અનુત્કૃષ્ટબંધ શરૂ થાય છે. તે માટે અનુત્કૃષ્ટ બંધની સાદિ જાણવી. દશમું - અગિયારમું ગુણસ્થાનક ન પામેલા જીવને અનાદિ બંધ જાણવો. ધ્રુવ અને અધ્રુવબંધ અભવ્ય તથા ભવ્યની અપેક્ષાએ પૂર્વની જેમ સમજી લેવો.

તથા નિદ્રા અને પ્રચલાનો અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભીને અપૂર્વકરણ-ગુણસ્થાનકના પ્રથમ ભાગના અન્ત્યસમય સુધીમાં કોઈ પણ ગુણસ્થાનકે વર્તતા જીવને ઉત્કૃષ્ટયોગ સ્થાનકે વર્તે ત્યારે સપ્તવિધ મૂલકર્મનો બંધક હોય ત્યારે એક અથવા બે સમય માત્ર ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે. અહીં યોગસ્થાનક ઉત્કૃષ્ટ હોવાથી ઘણાં ઘણાં દલિકોનું જીવ ગ્રહણ કરે છે તથા થિણદ્ધિત્રિક બંધાતી નથી માટે તેના ભાગે આવતું કર્મદલિક ભાગ ન પડવાથી નિદ્રા- પ્રચલામાં વધારે આવે છે તથા આયુષ્ય ન બાંધે ત્યારે એમ કહ્યું હોવાથી આયુષ્યકર્મને ભાગ આપવાનો ન હોવાથી સાત કર્મમાં વધારે દલિક ભાગમાં આવે ઈત્યાદિ કારણથી આવો જીવ ઉત્કૃષ્ટપ્રદેશબંધનો સ્વામી છે તે એક-બે સમય એમ નિયતકાલ ભાવિ હોવાથી આ ઉત્કૃષ્ટબંધ સાદિ અને અધ્રુવ માત્ર છે.

તથા આ જ જીવને એક અથવા બે સમય સુધી ઉત્કૃષ્ટયોગ હોય ત્યાં સુધી નિદ્રા અને પ્રચલાનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ થાય. ત્યારબાદ યોગ મન્દ થવાથી અનુત્કૃષ્ટ પ્રદેશ બંધ થાય. ત્યારે તે અનુત્કૃષ્ટબંધની સાદિ. અથવા બંધના વિચ્છેદવાળા ઉપર ઉપરના ગુણસ્થાનકો

પ્રાપ્ત કરીને નીચે પડતાં મન્દયોગસ્થાનકમાં વર્તતા અને ફરીથી કર્મના બંધનો આરંભ કરતા એવા તે જીવને અનુત્કૃષ્ટ પ્રદેશ બંધ શરૂ થાય છે. ત્યારે તે અનુત્કૃષ્ટબંધની સાદિ થાય છે.

તે સ્થાન ન પામેલા જીવને અનુત્કૃષ્ટ બંધ અનાદિ, ધ્રુવ અને અધ્રુવબંધ પૂર્વની જેમ જ સમજવા. અપ્રત્યાખ્યાની ચાર કષાયનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવને ઉત્કૃષ્ટયોગસ્થાનમાં વર્તતો હોય ત્યારે એક અથવા બે સમય સુધી હોય છે. યોગસ્થાનક ઉત્કૃષ્ટ હોવાથી ઘણા ઘણા દલિકોનું જીવ ગ્રહણ કરે છે. અને મિથ્યાત્વમોહનીય તથા અનંતાનુબંધિ ચાર કષાય ન બંધાતા હોવાથી તેના ભાગમાં લભ્યમાન કર્મદલિકનો પણ આ અપ્રત્યાખ્યાનીય કષાયોમાં પ્રવેશ થવાથી આ જીવ ઉત્કૃષ્ટ પ્રદેશબંધનો સ્વામી થાય છે.

આ પ્રમાણે અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે એક અથવા બે સમય માત્ર ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરીને મન્દયોગે વર્તતાં અનુત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે ત્યારે અથવા પાંચમા - છઠ્ઠા આદિ ગુણસ્થાનકમાં જઈને બન્ધના વ્યવચ્છેદવાળા સ્થાનને પ્રાપ્ત કરીને ત્યાંથી પડતા મન્દ પરિણામમાં વર્તતા જીવને અનુત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે. આ રીતે જ્યારે આ કષાયનો બંધ શરૂ થાય ત્યારે અનુત્કૃષ્ટબંધની સાદિ, જે જીવો આ અબંધવાળું સ્થાન નથી પામ્યા તેવા જીવને અનાદિ, ધ્રુવ અને અધ્રુવ અભવ્ય તથા ભવ્યની અપેક્ષાએ પૂર્વની જેમ જ જાણવા.

પ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયનો ઉત્કૃષ્ટબંધ પ્રદેશબંધ ઉત્કૃષ્ટયોગસ્થાનકમાં વર્તતા દેશવિરતિ ગુણઠાણા વાળા જીવને એક સમય અથવા બે સમય માત્ર જ હોય છે. યોગ ઉત્કૃષ્ટ હોવાથી ઘણા દલિકનું ગ્રહણ થાય છે અને મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ચાર કષાય તથા અપ્રત્યાખ્યાનીય ચાર કષાય એમ કુલ ૯ પ્રકૃતિઓ જે દેશવિરતિ ગુણસ્થાનકે નથી બંધાતી તેના ભાગમાં આવતું કર્મદલિક આ પ્રકૃતિને મળે છે. માટે દેશવિરતિ ગુણ સ્થાનકે પ્રત્યાખ્યાનાવરણનો ઉત્કૃષ્ટપ્રદેશ બંધ થાય છે. તે ઉત્કૃષ્ટબંધ પ્રતિનિયત કાલભાવિ હોવાથી એક સમય અથવા બે સમય જ હોય છે માટે સાદિ-અધ્રુવ છે.

તે એક અથવા બે સમય ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરીને અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે ત્યારે અથવા છઠા-સાતમા ગુણસ્થાનકે અબંધ સ્થાને જઈને ત્યાંથી પડે ત્યારે મન્દયોગસ્થાને વર્તતા જીવને અનુત્કૃષ્ટ બંધ થાય છે. તે કાલે અનુત્કૃષ્ટબંધની સાદિ જાણવી. જે જેવો પાંચમું-છઠ્ઠું-સાતમું ગુણસ્થાનક પામ્યા નથી તે જીવને આ અનુત્કૃષ્ટબંધ અનાદિ જાણવો. ધ્રુવ-અધ્રુવબંધ અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ પૂર્વની જેમ જાણવો.

ભય અને જુગુપ્સાનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ અપૂર્વકરણ ગુણસ્થાનકવર્તી ઉત્કૃષ્ટયોગી જીવને એક અથવા બે સમય માત્ર જાણવો. યોગ ઉત્કૃષ્ટ હોવાથી ઘણા દલિકોનું ગ્રહણ છે માટે, તથા મિથ્યાત્વાદિ સજાતીય (અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાનીય

૪+૪+૪=૧૨ કષાય ન બંધાતા હોવાથી) અબધ્યમાન કર્મપ્રકૃતિનો ભાગ આ ભય-જુગુપ્સામાં પ્રવેશ પામે છે માટે તેનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ થાય છે.તેએક- બે સમયમાત્ર હોવાથી સાદિ-અધ્રુવ છે. કારણ કે ઉત્કૃષ્ટયોગ ઉત્કૃષ્ટથી પણ બે સમયમાત્ર જ હોય છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટબંધ કરીને અનુત્કૃષ્ટબંધ કરે ત્યારે અથવા બન્ધના વ્યવચ્છેદવાળું સ્થાન (છઠ્ઠું-સાતમું ગુણસ્થાનક) પ્રાપ્ત કરીને પડે ત્યારે મન્દપરિણામી જીવને અનુત્કૃષ્ટપ્રદેશબંધ થાય છે. તે કાલે તે અનુત્કૃષ્ટબંધની સાદિ, જે જીવો આ સ્થાન પામ્યા નથી તેવા જીવને અનાદિ. ધ્રુવ અને અધ્રુવબંધ પૂર્વની જેમ સમજવા.

સંજ્વલન-ક્રોધનો અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકે ઉત્કૃષ્ટયોગી નવમાના બીજા ભાગે વર્તતા મોહનીય કર્મના ચતુર્વિધબંધકને એકસમય અથવા બેસમય માત્ર ઉત્કૃષ્ટપ્રદેશબંધ થાય છે. ત્યાં યોગ ઉત્કૃષ્ટ હોવાથી ઘણા દલિકોનું ગ્રહણ કરે છે તથા મિથ્યાત્વ આદિ જે કર્મ પ્રકૃતિઓ નથી બંધાતી તેના ભાગનો પણ લાભ મળે છે. તથા ચતુર્વિધબંધક હોવાથી પુરુષવેદ પણ બંધાતો નથી. તેના ભાગનો પણ લાભ મળે છે તે ઉત્કૃષ્ટપ્રદેશબંધ એક સમય અથવા બે સમય માત્ર એમ પ્રતિનિયતકાલ ભાવિ હોવાથી સાદિ-અધ્રુવ છે.

તથા તે જ ઉત્કૃષ્ટ યોગસ્થાનકવર્તિ જીવને ત્રિવિધબંધક થાય ત્યારે એટલે કે નવમાના ત્રીજા ભાગે વર્તે ત્યારે એક સમય અથવા બે સમય માત્ર સંજ્વલમાનનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ થાય છે કારણ કે સંજ્વલન ક્રોધ પણ હવે બંધાતો નથી તેથી તેના ભાગની પણ પ્રાપ્તિ થાય છે. આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ યોગ સ્થાનકમાં વર્તતા દ્વિવિધબંધક નવમા ગુણસ્થાનકના ચોથા ભાગે વર્તતા તે જ જીવને એક સમય અથવા બે સમય સુધી સંજ્વલ માયાનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે કારણ કે સંજ્વલમાન જે બંધાતું નથી. તેના ભાગની પણ પ્રાપ્તિ થાય છે.

આ જ જીવ જ્યારે નવમા ગુણસ્થાનકના પાંચમા ભાગમાં વર્તનારો થાય છે. ત્યારે ઉત્કૃષ્ટ યોગે વર્તતો એકવિધ બંધક એવા તે જીવને વધારેમાં વધારે બે સમય સુધી સંજ્વલન લોભનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે. આ પ્રમાણે બીજાભાગે ક્રોધનો, ત્રીજા ભાગે માનનો, ચોથા ભાગે માયાનો અને પાંચમા ભાગે લોભનો આમ આ ચારે સંજ્વલન કષાયોનો ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ એક-બે સમય સુધી પ્રતિનિયત કાલભાવિ હોવાથી સાદિ-અધ્રુવ છે. તેનાથી અન્ય સર્વ પણ બંધ અનુત્કૃષ્ટ છે. ઉત્કૃષ્ટપ્રદેશ બંધના સ્થાનથી પડતાં અથવા બન્ધવિચ્છેદવાળું સ્થાન પ્રાપ્ત કરીને ત્યાંથી પડતાં મન્દપરિણામ હોવાથી અનુત્કૃષ્ટ પ્રદેશબંધની સાદિ થાય છે. તે સ્થાન ન પામેલાને આ અનુત્કૃષ્ટ બંધ અનાદિ છે. ધ્રુવ-અધ્રુવબંધ પૂર્વની જેમ જાણવા.

આ ત્રીસે ત્રીસ પ્રકૃતિના જઘન્ય-અજઘન્ય અને ઉત્કૃષ્ટ એમ ત્રણે પ્રકારના પ્રદેશબંધ સાદિ-અધ્રુવ સમજવા. ત્યાં જે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સાદિ-અધ્રુવ છે તે તો અનુત્કૃષ્ટબંધ

સમજાવવાના પ્રસંગે હમણાં જ સમજાવેલ છે. જઘન્ય અને અજઘન્ય પ્રદેશબંધ પૂર્વે કહેલા સૂક્ષ્મ નિગોદઅવસ્થાવાળા જીવને આશ્રયી સાદિ અને અધ્રુવ છે તે સમજી લેવું.

બાકી રહેલી ધ્રુવબંધી ૧૭ કર્મપ્રકૃતિઓ મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ચાર કષાય, સ્ત્યાનર્દ્ધિત્રિક, અગુરુલઘુ, તૈજસ, કાર્મણ, ઉપઘાત, વર્ણાદિ ચતુષ્ક, અને નિર્માણ નામકર્મ (આમ નામ કર્મની ધ્રુવ બંધી નવ) એમ કુલ ૧૭ કર્મપ્રકૃતિઓના જઘન્યાદિ ચારે પણ બંધ સાદિ અધ્રુવ જ જાણવા. તે આ પ્રમાણે-

સ્ત્યાનર્દ્ધિત્રિક મિથ્યાત્વમોહનીય, અને અનંતાનુબંધિ ચાર કષાય એમ કુલ આઠ ધ્રુવબંધી પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ મિથ્યાદૃષ્ટિ જીવ આયુષ્યકર્મ વિના સાતમૂલકર્મ બાંધતો હોય ત્યારે ઉત્કૃષ્ટયોગમાં વર્તતો હોય ત્યારે એકસમય અથવા બે સમય સુધી કરે છે સમ્યગ્દૃષ્ટિ જીવને તો આ કર્મપ્રકૃતિઓ બંધમાં જ આવતી નથી. માટે મિથ્યાદૃષ્ટિનું કથન કર્યું છે.

આ પ્રમાણે ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરીને પડતાં અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. ત્યારે અનુત્કૃષ્ટ બંધની સાદિ થાય છે. ત્યારબાદ ફરીથી પણ કાળાન્તરે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. આમ બન્ને બંધો વારાફરતી આવતા હોવાથી બન્ને બંધ સાદિ અને અધ્રુવ જ છે.

તૈજસ-કાર્મણ-અગુરુલઘુ-ઉપઘાત-વર્ણાદિ ચતુષ્ક અને નિર્માણ નામકર્મ આ પ્રમાણે નામકર્મની ધ્રુવબંધી નવ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ નામકર્મની એકેન્દ્રિય પ્રાયોગ્ય ત્રેવીસ પ્રકૃતિને બાંધતો હોય તેવો મિથ્યાદૃષ્ટિ ઉત્કૃષ્ટયોગસ્થાનકમાં વર્તતો જીવ એક સમય અથવા બે સમય સુધી ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે અન્ય જીવને આ નવ ધ્રુવબંધી નામકર્મની કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ અસંભવિત છે. કેવલજ્ઞાની પરમાત્માએ તેવું જોયું છે માટે, ધ્રુવબંધી હોવાથી કાયમ સર્વજીવોને જો કે બંધાય જ છે. તો પણ ત્રેવીસના બંધકને અને મૂલકર્મના સપ્તવિધ બંધકને ભાગ અલ્પ પડતા હોવાથી ઉત્કૃષ્ટ બંધનો સંભવ છે. માટે આવા જીવને આશ્રયી ઉત્કૃષ્ટ બંધ સાદિ-અધ્રુવ છે. ત્યાંથી સમયાન્તરે અનુત્કૃષ્ટબંધ થાય છે. તથા વળી કાળાન્તરે ઉત્કૃષ્ટ બંધ થાય છે આમ આ ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એમ બન્ને બંધો સાદિ-અધ્રુવ છે તથા જઘન્ય-અજઘન્યબંધ તો સૂક્ષ્મનિગોદીયા જીવને આશ્રયી પૂર્વે કહ્યા પ્રમાણે સાદિ-અધ્રુવ સમજી લેવા. આ પ્રમાણે ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓના ભાંગા કહ્યા.

અધ્રુવબંધી ૭૩ કર્મપ્રકૃતિઓ તો અધ્રુવબંધી જ હોવાથી સદાકાલ બંધાતી જ નથી માટે ચારે પણ વિકલ્પો સાદિ-અધ્રુવ જાણવા, આ પ્રમાણે સાદ્યાદિનું સ્વરૂપ સમજાવ્યું આ સઘળુંય સ્વરૂપ સારી રીતે પૂર્ણ થયું. હવે સ્વામિત્વ સમજાવાય છે તે સ્વામિત્વ બે પ્રકારનું છે એક ઉત્કૃષ્ટ પ્રદેશવિષયક અને બીજું જઘન્ય પ્રદેશવિષયક.

ત્યાં જે જીવ અલ્પતર પ્રકૃતિઓનો બંધક હોય (થોડી જ કર્મપ્રકૃતિ બાંધતો હોય) તથા ઉત્કૃષ્ટ યોગવાળો હોય, સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તો હોય, આવો જીવ ઉત્કૃષ્ટ પ્રદેશનો બંધક થાય છે. અલ્પતર પ્રકૃતિઓનો બંધક હોવાથી ભાગ થોડા પડે છે માટે એકેક પ્રકૃતિના ભાગમાં ઘણું દલિક આવે છે. તથા ઉત્કૃષ્ટ યોગ હોવાથી ઘણા કર્મદલિકોનો ગ્રાહક જીવ બને છે અને આવો ઉત્કૃષ્ટયોગ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવને જ હોય છે માટે ઉપરોક્ત વિશેષણોવાળો જીવ ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી તરીકે લેવાનું જણાવ્યું છે. આનાથી જે વિપરીત વિશેષણવાળો જીવ હોય છે તે જઘન્યકર્મપ્રદેશનો બંધક હોય છે.

ત્યાં આયુષ્યકર્મનો ઉત્કૃષ્ટપ્રદેશબંધનો સ્વામી મિથ્યાત્વી જીવ તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ચાર ગુણસ્થાનકવર્તી જીવ જાણવો. કારણ કે આ સર્વગુણસ્થાનકોમાં (૧-૪-૫-૬-૭ ગુણસ્થાનકોમાં) ઉત્કૃષ્ટયોગ પણ સંભવે છે. અને આયુષ્યકર્મનો બંધ પણ સંભવે છે.

**પ્રશ્ન :-** બીજા સાસ્વાદન ગુણસ્થાનકવાળો જીવ ઉત્કૃષ્ટપ્રદેશબંધના સ્વામી તરીકે કેમ નથી લેવાતો ?

**ઉત્તર :-** સાસ્વાદનનો કાલ માત્ર છ આવલિકા જ હોવાથી અતિશય અલ્પકાલ છે. તે કારણથી ત્યાં ઉત્કૃષ્ટ યોગસ્થાનકનો અસંભવ છે. જ્યાં વધારે કાલ રહેવાનું હોય ત્યાં જ સ્થિરતા હોવાથી ઘણી લાંબી લાંબી પ્રવૃત્તિઓ જીવ કરે માટે ત્યાં જ વધારે યોગ હોય. આ કારણે સાસ્વાદને ઉત્કૃષ્ટયોગ નથી. તેથી તેને ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી તરીકે લેવાતા નથી.

જો આ કારણ ન માનીએ અને સાસ્વાદને પણ ઉત્કૃષ્ટ યોગ હોય છે આમ જ માનીએ તો અનંતાનુબંધી ચાર કષાયનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સાસ્વાદને જ પ્રાપ્ત થાય. કારણ કે મિથ્યાત્વમોહ બંધાતુ નથી. તેના ભાગની અનંતાનુબંધીમાં પ્રાપ્તિ થાય. અને જો આમ થાય તો અનંતાનુબંધી ચાર કષાયના અનુત્કૃષ્ટબંધના સાદ્યાદિરૂપે ચારભેદ થાય. પણ શાસ્ત્રકારોને આ વાત ઈષ્ટ નથી. (માન્ય નથી) કારણ કે શાસ્ત્રોમાં મહાત્માપુરુષોએ તે અનંતાનુબંધીના સાદિ-અધ્રુવપણે બે જ ભાંગા પૂર્વે કહેલા છે. એટલે સાસ્વાદને ઉત્કૃષ્ટ યોગ ન હોય એમ અનુમાન કરાય છે.

બાકીની શેષ તમામ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશબંધનો સ્વામી મિથ્યાદૃષ્ટિ જીવ જ જાણવો. આ કારણથી પણ સાસ્વાદન ગુણસ્થાનકવાળા જીવને ઉત્કૃષ્ટયોગનો સંભવ નથી. આ વાત સમજી લેવી માટે સાસ્વાદનનું ગ્રહણ કર્યું નથી. આયુષ્યકર્મના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી આ પ્રમાણે કહ્યા.

હવે મોહનીય કર્મના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી સમજાવે છે. સાસ્વાદન સમ્યગદૃષ્ટિ તથા મિશ્રદૃષ્ટિ જીવો વિના મિથ્યાદૃષ્ટિથી આરંભીને અનિવૃત્તિ બાદર સંપરાય સુધીના તમામ ગુણસ્થાનકોમાં વર્તનારા આયુષ્યકર્મ વિના સપ્તવિધબંધક જીવો મોહનીયના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી જાણવા. કારણ કે આ ગુણસ્થાનકોમાં સર્વત્ર મોહનીયનો બંધ પણ સંભવે છે અને ઉત્કૃષ્ટયોગ પણ સંભવે છે. સાસ્વાદન ગુણસ્થાનકવાળા તથા મિશ્રગુણસ્થાનક વાળા જીવો કેમ ત્યજી દેવામાં આવ્યા છે ? આવો કદાચ પ્રશ્ન થાય તો સમજી લેવું કે સાસ્વાદન ગુણસ્થાનકવર્તી જીવોમાં અલ્પકાળ હોવાથી ઉત્કૃષ્ટ યોગનો અસંભવ છે. ઉત્કૃષ્ટયોગનો અભાવ કેમ છે ? તેનું કારણ પહેલાં કહેલું જ છે. તે સમજી લેવું.

મિશ્રગુણસ્થાનક કેમ લેવાતું નથી ? તે હવે સમજાવે છે કે મિશ્ર ગુણસ્થાનકે ઉત્કૃષ્ટયોગ સંભવતો નથી. કારણ કે જો ત્યાં ઉત્કૃષ્ટયોગ હોય છે આમ સ્વીકારવામાં આવે તો અપ્રત્યાખ્યાનીય નામના બીજા ચાર કષાયનો ઉત્કૃષ્ટબંધ ત્રીજે પણ સ્વીકારવાનો પ્રસંગ આવે. કારણ કે ત્યાં જો ઉત્કૃષ્ટયોગ હોય તો ઉત્કૃષ્ટયોગ પણ છે અને ન બંધાતી અનંતાનુબંધિ કષાયની ૪ પ્રકૃતિનો ભાગ પણ મળે છે માટે ત્યાં બીજાકષાયના ઉત્કૃષ્ટ પ્રદેશબંધનો સ્વામી કહેવો જોઈએ.

न चैतदिष्यते = પરંતુ શાસ્ત્રકારો દ્વારા આમ ઇચ્છાતું નથી. આ કારણે જ બીજા કષાયના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી અવિરત સમ્યગદૃષ્ટિ જ છે. આમ આગળ ઉપર કહેવાશે. મિશ્ર ગુણસ્થાનક કરતાં અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ કંઈ અલ્પતર પ્રકૃતિનો બંધક છે. માટે અવિરત સમ્યગ્દૃષ્ટિ કહ્યો છે. અને મિશ્ર દૃષ્ટિ નથી કહ્યો. આ બચાવ યુક્તિયુક્ત નથી કારણ કે ત્રીજે ગુણસ્થાનકે અને ચોથે ગુણસ્થાનકે મૂલકર્મ સાત, અને મોહનીયકર્મની ઉત્તરપ્રકૃતિઓનો સત્તરનો બંધ બન્ને સ્થાને સમાન જ છે તેથી સમજાય છે કે મિશ્રગુણસ્થાનકે ઉત્કૃષ્ટયોગનો અભાવ જ છે મિશ્ર ગુણસ્થાનકના ત્યાગમાં આ જ કારણ છે આમ કેટલાક ગ્રંથકારો સમાધાન કરે છે.

જ્યારે મલયગિરિજી મહારાજશ્રી મિશ્રગુણસ્થાનકવાળા જીવને ઉત્કૃષ્ટયોગ હોતો નથી આ બાબતમાં "सासाण सम्मामिच्छेसुक्कोसो जोगो न हवइ त्ति" આવા પ્રકારના પૂર્વાચાર્યોના પાઠને જ પ્રમાણ માને છે મિશ્રદૃષ્ટિવાળા જીવો વ્યંજનાવગ્રહતુલ્ય હોવાથી (સ્થિરતર પરિણામવાળા ન હોવાથી) ત્યાં ઉત્કૃષ્ટયોગનો સંભવ નથી આવી યુક્તિ પણ અમને દેખાય છે. (આમ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રી કહે છે).

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, નામકર્મ, ગોત્રકર્મ અને અંતરાયકર્મ આ છ મૂલકર્મોનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધનો સ્વામી ઉત્કૃષ્ટ યોગ સ્થાનકમાં વર્તતો સૂક્ષ્મ સંપરાય

ગુણસ્થાનકવર્તી જીવ જાણવો. કારણ કે આયુષ્યકર્મ અને મોહનીય કર્મ ત્યાં બંધાતું નથી. માટે તે બે મૂલ કર્મોનો ભાગ પણ આ છ કર્મોને જ પ્રાપ્ત થાય છે માટે સૂક્ષ્મસંપરાય ગુણ સ્થાનકવાળો જીવ સ્વામી લેવો. આ પ્રમાણે મૂલ કર્મપ્રકૃતિ વિષયક ઉત્કૃષ્ટ પ્રદેશબંધનું સ્વામિત્વ કહ્યું. હવે ઉત્તર પ્રકૃતિ વિષયક ઉત્કૃષ્ટ પ્રદેશબંધનું સ્વામિત્વ સમજાવાય છે.

ત્યાં જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, સાતાવેદનીય, યશઃકીર્તિનામકર્મ, ઉચ્ચગોત્ર, અને અંતરાય પાંચ આમ કુલ ૧૭ ઉત્તરપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટયોગમાં વર્તતો સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકવર્તી જીવ ઉત્કૃષ્ટપ્રદેશ બંધનો સ્વામી જાણવો. આ ગુણસ્થાનકવર્તી જીવ મોહનીય અને આયુષ્યકર્મ બાંધતો નથી તે બે કર્મનોભાગ આ છ મૂલકર્મને અધિક મળે છે. વળી દર્શનાવરણીયકર્મમાં જે ભાગ આવે છે. તે તમામભાગ દર્શનાવરણીયકર્મની ચાર પ્રકૃતિને જ મળે છે તથા નામકર્મના ભાગમાં જે આવે છે તે તમામ કર્મદલિક કેવલ એકલા યશઃનામકર્મને જ મળે છે. કારણ કે તે જ બંધાય છે. આ માટે જ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવર્તી જીવ જ સ્વામી કહ્યો છે.

અપ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયના ઉત્કૃષ્ટ પ્રદેશ બંધના સ્વામી અવિરત સમ્યગ્દૃષ્ટિ સપ્તવિધબન્ધક ઉત્કૃષ્ટયોગમાં વર્તતા જીવ જાણવા. આ ચોથા ગુણસ્થાનકવર્તી જીવો મિથ્યાત્વમોહ અને અનંતાનુબંધી ચાર કષાય બાંધતા નથી. તેથી તેના ભાગમાં આવતુ કર્મદલિક અપ્રત્યાખ્યાનાવરણને મળે છે. માટે આ ચોથા ગુણસ્થાનકવાળાનું જ ગ્રહણ કરેલું છે.

ઉપર કહેલા સ્વરૂપવાળા (એટલે કે સપ્તવિધબંધક અને ઉત્કૃષ્ટયોગમાં વર્તતા એવા) દેશ-વિરતિ ગુણસ્થાનકવાળા જીવો પ્રત્યાખ્યાનાવરણના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી જાણવા. કારણ કે અપ્રત્યાખ્યાનાવરણને પણ આ જીવો બાંધતો નથી. તેથી તેનો ભાગ આ પ્રત્યાખ્યાનાવરણને અધિક પ્રાપ્ત થાય છે. માટે આ દેશવિરતિવાળાને જ સ્વામી તરીકે ગ્રહણ કર્યા છે.

પુરુષવેદ તથા સંજ્વલન ચાર કષાયના ઉત્કૃષ્ટપ્રદેશબંધના સ્વામી અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકવર્તી સર્વથી ઉત્કૃષ્ટ યોગવાળા અનુક્રમે ચતુર્વિધબંધક, ત્રિવિધબંધક, દ્વિવિધબંધક, અને એકવિધબંધક જીવો ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી જાણવા. કારણ કે બન્ધને આશ્રયી જેમ જેમ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે. તેમ તેમ તેનો ભાગ શેષ બંધાતીને અધિક પ્રાપ્ત થાય છે. આમ યથાયોગ્ય ભાગનો પ્રવેશ મળવાથી ત્યાં ત્યાં ઉત્કૃષ્ટપ્રદેશ બંધનું સ્વામિત્વ સંભવે છે.

પ્રશસ્તવિહાયોગતિ, મનુષ્યાયુષ્ય, દેવત્રિક, સૌભાગ્યત્રિક, વૈક્રિયદ્વિક, સમચતુરસ્ર-સંસ્થાન, અસાતાવેદનીય, વજ્રઋષભનારાચ સંઘયણ, આ તેર કર્મપ્રકૃતિઓના મિથ્યાદષ્ટિ અથવા સમ્યગદષ્ટિ જીવો ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી છે. તે આ પ્રમાણે સમજવા-

મિથ્યાદૃષ્ટિ જીવ હોય કે સમ્યગ્દૃષ્ટિજીવ હોય પણ અસાતાનો ઉત્કૃષ્ટપ્રદેશ બંધ કરે છે. કારણ કે આ બન્ને પ્રકારના જીવો ઉત્કૃષ્ટયોગવાળા અને સપ્તવિધબંધક હોઇ શકે છે તે માટે પ્રકૃતિઓની લઘુતા વિગેરે કોઈ વિશેષ કારણો ન હોવાથી તથા બન્ને પ્રકારના જીવોમાં ઉત્કૃષ્ટ યોગ હોવાથી ઉત્કૃષ્ટપ્રદેશ બંધ સંભવે છે.

દેવાયુષ્ય અને મનુષ્યાયુષ્યમાં પણ અષ્ટવિધબંધક અને ઉત્કૃષ્ટ યોગવાળા જીવો અવિશેષ પણે ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. દેવદ્વિક, વૈક્રિયદ્વિક, પ્રથમસંસ્થાન પ્રશસ્ત વિહાયોગતિ, સૌભાગ્યત્રિક લક્ષણવાળી નામકર્મની નવ પ્રકૃતિઓ નામકર્મની દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિના બંધક એવા જીવને બંધમાં આવે છે. દેવદ્વિક, વૈક્રિયદ્વિક, પંચેન્દ્રિયજાતિ, તૈજસ-કાર્મણ, આદ્યસંસ્થાન, વર્ણચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, ઉચ્શ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત પ્રત્યેક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, સૌભાગ્યત્રિક, યશ અને અયશમાંથી એક તથા નિર્માણનામકર્મ આ લક્ષણવાળી દેવગતિ પ્રાયોગ્ય ૨૮ કર્મપ્રકૃતિઓ સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ જીવ બાંધી શકે છે.

તથા આ ૨૮ બાંધતો હોય ત્યારે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એમ બન્ને પ્રકારના જીવોને સપ્તવિધબંધકત્તા, અને ઉત્કૃષ્ટ યોગ આમ બન્ને ભાવો સંભવી શકે છે. માટે ઉપરોક્ત નવે પ્રકૃતિઓનું ઉત્કૃષ્ટ પ્રદેશબંધકપણું આ જીવોમાં જાણવું. જો કે દેવાદિપ્રાયોગ્ય ૨૯/૩૦ ના બંધમાં પણ આ નવ પ્રકૃતિઓ બંધાય તો છે જ. પરંતુ ત્યાં ભાગ બહુ હોવાથી ઉત્કૃષ્ટ-પ્રદેશબંધકપણું ઘટતું નથી. (સંભવતું નથી) માટે ૨૯/૩૦ ના બંધક જીવો સ્વામી તરીકે લીધા નથી.

વજ્રઋષભનારાય સંઘયણના પણ ઉત્કૃષ્ટપ્રદેશના બંધક સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ સપ્તવિધ બંધક જીવો જ સ્વામી જાણવા. પરંતુ તિર્યંચપ્રાયોગ્ય અથવા મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિ બાંધતા જીવો સ્વામી જાણવા. નામકર્મના ૨૯ અને ૩૦ એમ બન્ને બન્ધસ્થાનકમાં આ સંઘયણ બંધાય છે. તો પણ ૨૯ના બંધવાળા જીવો સ્વામી જાણવા. ૩૦ના બંધમાં ભાગ વધારે હોવાથી ભાગમાં ઓછું દલિક આવે તે માટે તેવા જીવો સ્વામી ન લેવા. ત્યાં વજ્રઋષભનારાય સંઘયણ સહિત તિર્યંચદ્વિક, પંચેન્દ્રિયજાતિ ઔદારિકદ્વિક, તૈજસ કાર્મણ, આદ્યસંસ્થાન, આદ્યસંઘયણ, વર્ણચતુષ્ક અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્શ્વાસ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસ ચતુષ્ક, સૌભાગ્યત્રિક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી કોઈ એક, યશઃકીર્તિ-અયશકીર્તિમાંથી એક અને નિર્માણનામકર્મ આમ તિર્યંચ પંચેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિ બાંધતા અને ઉત્કૃષ્ટ યોગવાળા જીવો સ્વામી જાણવા. અથવા મનુષ્યદ્વિક, પંચેન્દ્રિય જાતિ, ઔદારિકદિક, તૈજસ, કાર્મણ, આદ્યસંસ્થાન, આદ્યસંઘયણ, વર્ણચતુષ્ક,

અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉશ્વાસ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસચતુષ્ક, સૌભાગ્યત્રિક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, યશઃકીર્તિ-અયશ કીર્તિમાંથી એક, નિર્માણ નામકર્મ સ્વરૂપ મનુષ્યપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓ બાંધતા જીવો સ્વામી જાણવા. તે પણ જ્યારે ઉત્કૃષ્ટ યોગવાળા હોય ત્યારે સ્વામી જાણવા. જો કે નામકર્મની તિર્યંચ પ્રાયોગ્ય અથવા મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધમાં પણ વજ્રઋષભનારાચ સંઘયણ બંધાય જ છે. તો પણ ત્યાં ભાગ વધારે પડતા હોવાથી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સંભવતો નથી માટે તેનું અગ્રહણ કર્યું છે.

નિદ્રા-પ્રચલા, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, તીર્થંકરનામકર્મ આ નવ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટયોગ વાળા સમ્યગ્દષ્ટિ જીવો ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી જાણવા. ત્યાં પણ નિદ્રા, પ્રચલાના અવિરત સમ્યગ્દષ્ટિથી પ્રારંભીને અપૂર્વકરણના પ્રથમ ભાગ સુધીમાં વર્તતા સપ્તવિધબંધક અને ઉત્કૃષ્ટયોગવાળા જીવો એકસમય અથવા બે સમય સુધી ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી જાણવા.

સપ્તવિધબંધક લેવાનું કારણ આયુષ્યકર્મ ન બંધાતું હોય ત્યારે તેનો ભાગ ઉપરોક્ત નવમાં વધારે આવે તે માટે સપ્તવિધબંધક કહ્યા છે. તથા સમ્યગ્દષ્ટિ લેવાનું કારણ એ છે કે સ્ત્યાનર્દ્ધિત્રિક ન બંધાય તેથી તેનો ભાગ નિદ્રા-પ્રચલાને વધારે મળે તે માટે સમ્યગ્દષ્ટિ લીધા છે. જો કે મિશ્રગુણસ્થાનકે પણ સ્ત્યાનર્દ્ધિત્રિક બંધાતું નથી. તેથી તેનો ભાગ નિદ્રા-પ્રચલાને વધારે મળી શકે છે તેથી તે મિશ્રગુણસ્થાનકવર્તી જીવો પણ સ્વામી તરીકે કહેવા જોઈએ તો પણ ઉત્કૃષ્ટયોગનો અભાવ હોવાથી તે જીવો અહીં લીધા નથી.

હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા આ છ પ્રકૃતિના અવિરત સમ્યગ્દષ્ટિથી પ્રારંભીને અપૂર્વકરણગુણસ્થાનક સુધીના જે જે જીવો ઉત્કૃષ્ટયોગવાળા હોય છે. તે તે જીવો ઉત્કૃષ્ટ પ્રદેશના બંધક જાણવા. મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધીનો પણ ભાગ પ્રાપ્ત થાય તે માટે સમ્યગ્દષ્ટિ જીવો સ્વામી લીધા છે.

તીર્થંકરનામકર્મના પણ દેવગતિ પ્રાયોગ્ય ૨૮ કર્મપ્રકૃતિઓ અને તીર્થંકરનામકર્મ એમ કુલ ૨૯ પ્રકૃતિઓ બાંધતા મનુષ્યજીવો જ સ્વામી કહેવા. તથા દેવપ્રાયોગ્ય ૩૧ ના બંધમાં અને મનુષ્યપ્રાયોગ્ય ૩૦ ના બંધમાં પણ જો કે તીર્થંકરનામકર્મ બંધાય તો છે. પરંતુ ત્યાં ભાગ ૩૦-૩૧ પડતા હોવાથી અધિકભાગ થવાના કારણે ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ સંભવતો નથી. તેથી તે જીવોનો ત્યાગ કરાય છે.

આહારકદ્વિકના અપ્રમત્ત મુનિ તથા અપૂર્વકરણગુણસ્થાનકના છઠ્ઠા બાગ સુધીના

જીવો સ્વામી જાણવા. પરંતુ સ્થિર-અસ્થિરમાંથી એક શુભ-અશુભમાંથી એક અને યશ-કીર્તિ-અયશ-કીર્તિમાંથી એક લેવાને બદલે કેવલ સ્થિર, શુભ અને યશકીર્તિ સાથેની પૂર્વે કહેલી દેવ પ્રાયોગ્ય ૨૮માં આહારકદ્વિકનો પ્રક્ષેપ કરીને નામકર્મની ૩૦ કર્મપ્રકૃતિઓ બાંધતા જીવો સ્વામી લેવા.

જો કે તીર્થંકરનામ કર્મ સહિત દેવપ્રાયોગ્ય ૩૧ ના બંધમાં પણ આ આહારકદ્વિક બંધાય છે. તો પણ ત્યાં ભાગ વધારે પડતા હોવાથી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સંભવતો નથી. તેથી તેનું અહીં અગ્રહણ કર્યું છે.

બાકી રહેલી સ્ત્યાનર્દ્ધિત્રિક, મિથ્યાત્વમોહનીય, અનન્તાનુબંધી ચાર કષાય, સ્ત્રીવેદ, નપુંસકવેદ, નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, નરકદ્વિક, તિર્યંચદ્વિક, મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, પંચેન્દ્રિય જાતિ, તૈજસ, કાર્મણ, વર્ણચતુષ્ક, અગુરુલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, ત્રસચતુષ્ક, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, યશકીર્તિ, નિર્માણ, આદ્યજાતિચતુષ્ક, પ્રથમ વજ્રઋષભ નારાચ સંઘયણ વર્જીને બાકીના પાંચ સંઘયણ તથા છએ સંસ્થાન નામકર્મ આતપ, ઉદ્યોત, અપ્રશસ્ત વિહાયોગતિ, સ્થાવરચતુષ્ક, દૌર્ભાગ્યત્રિક, અને નીચગોત્ર, લક્ષણવાળી કુલ ૬૬ કર્મપ્રકૃતિઓના મિથ્યાદષ્ટિ જીવો ઉત્કૃષ્ટપ્રદેશના બંધના સ્વામી જાણવા, તે આ પ્રમાણે-

ઉપર કહેલી ૬૬ કર્મપ્રકૃતિઓમાં મનુષ્યદ્વિકથી પ્રારંભીને ૨૫ કર્મપ્રકૃતિ વિના બાકીની ૪૧ કર્મ પ્રકૃતિઓ તો સમ્યગ્દષ્ટિ જીવોને બંધમાં જ આવતી નથી. માટે સમ્યગ્દષ્ટિ જીવો સ્વામી કહ્યા નથી. સાસ્વાદન ગુણસ્થાનકે તે ૪૧ માંથી કેટલીક બંધાય છે. પરંતુ ત્યાં ઉત્કૃષ્ટ યોગ સંભવતો નથી. તેથી આ ૪૧ કર્મપ્રકૃતિઓનો મિથ્યાદષ્ટિજીવ જ ઉત્કૃષ્ટયોગવાળો, જ્યારે અલ્પતર પ્રકૃતિનો બન્ધક હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે.

તથા જે ૬૬માં ૨૫ પ્રકૃતિઓ સમ્યગ્દષ્ટિ જીવોના બંધને યોગ્ય છે. તે ૨૫ કર્મપ્રકૃતિઓમાં પણ ઔદારિક તૈજસ-કાર્મણ-વર્ણચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, બાદર, પ્રત્યેક, અસ્થિર, અશુભ, અયશકીર્તિ અને નિર્માણ લક્ષણવાળી ૧૫ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશ બંધ અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩નો બંધ કરે ત્યારે કરે છે. ભાગઅલ્પ હોવાથી ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સંભવી શકે છે. અને આ ૨૩નો બંધ સમ્યગ્દ્રષ્ટિને સંભવતો નથી તે માટે મિથ્યાદષ્ટિ જીવ સ્વામી કહ્યો છે.

બાકીની (૨૫૦—૧૫) ૧૦ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશ બંધ પર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય નામકર્મની ૨૫ના બંધકાલે જીવ કરે છે પણ ૨૬-૨૮-૨૯ આદિ અધિક કર્મપ્રકૃતિઓ બાંધે

ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી થતા નથી. કારણ કે ભાગબાહુલ્ય હોવાથી એક એક ભાગમાં હીનદલિક ગ્રહણ થાય છે. ઉપર કહેલો ૨૩ નો અને ૨૫નો બંધ સમ્યગ્દષ્ટિ જીવને થતો નથી તે માટે આ ૧૦ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટપ્રદેશબંધના સ્વામી પણ મિથ્યાદષ્ટિ જીવો જ જાણવા.

આ પ્રમાણે આઠે કર્મની ઉત્તરપ્રકૃતિઓનું ઉત્કૃષ્ટ પ્રદેશબંધનું સ્વામિત્વ કહ્યું. હવે જઘન્યપ્રદેશનું સ્વામિત્વ કહેવાય છે. ત્યાં જઘન્યયોગ, અને વધારેમાં વધારે પ્રકૃતિઓ બાંધતો જીવ સ્વામી જાણવો.

ત્યાં મૂલ આઠ કર્મોમાં આયુષ્ય વિનાનાં બાકીનાં સાત કર્મોના જઘન્ય પ્રદેશબંધનો સ્વામી સૂક્ષ્મનિગોદીયો લબ્ધિઅપર્યાપ્તો ઉત્પત્તિના આદ્યસમયમાં વર્તતો જીવ સ્વામી જાણવો. તે ભવમાં દ્વિતીયાદિ સમયવર્તી જીવોમાં અસંખ્યાતગુણાકારે વૃદ્ધિવાળો યોગ હોવાથી આદ્ય સમયવર્તી જીવ કહ્યો છે. બીજા જીવો કરતાં સૂક્ષ્મનિગોદીયા જીવને અલ્પતરયોગ છે. માટે તેને સ્વામી કહ્યો છે.

આયુષ્યકર્મનો પણ જઘન્ય પ્રદેશબન્ધ કરનાર તે જ સૂક્ષ્મનિગોદનો જીવ લેવો કે જે શેષ સૂક્ષ્મનિગોદીયા જીવોની અપેક્ષાએ સર્વ કરતાં મન્દયોગ સ્થાનકવર્તી હોય, અને પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછીના ત્રીજાભાગના આદ્યસમયવર્તી હોય.

હવે ઉત્તરપ્રકૃતિઓમાં જઘન્યપ્રદેશબંધના સ્વામી કહેવાય છે. આહારકદ્વિકના જઘન્યપ્રદેશ બંધના સ્વામી પરાવર્તમાન યોગવાળા અષ્ટવિધકર્મના બન્ધક $\frac{૭}{૮}$ ગુણસ્થાનકવાળા જીવો સ્વામી જાણવા. તેમાં પણ તે ગુણસ્થાનકમાં સંભવતા યોગમાં સર્વથી જઘન્ય યોગવાળા એવા અપ્રમત્તમુનિ દેવદ્વિક, વૈક્રિયદ્વિક, પંચેન્દ્રિયજાતિ પ્રથમ સંસ્થાન, ઉચ્છ્વાસ-પરાઘાત-પ્રશસ્તવિહાયોગતિ, ત્રસદશક વર્ણચતુષ્ક, તૈજસ-કાર્મણ-અગુરુલઘુ-ઉપઘાત-તીર્થંકરનામકર્મ આહારકદ્વિક, અને નિર્માણનામકર્મ સ્વરૂપ નામકર્મની ૩૧ કર્મપ્રકૃતિઓને બાંધતો જીવ સ્વામી જાણવો. નામકર્મના ૩૦ના બંધમાં પણ આ પ્રકૃતિઓ જો કે બંધાય છે તો પણ ત્યાં ભાગ અલ્પ હોવાથી જઘન્યબંધ સંભવતો નથી. તે માટે તેનો ત્યાગ કરવામાં આવે છે.

તથા નરકત્રિક અને દેવાયુષ્યના જઘન્યપ્રદેશના બંધના સ્વામી સર્વ જીવો કરતાં જઘન્ય વીર્યવાળા અને ઘોલમાનયોગવાળા અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવો સ્વામી જાણવા. ત્યાં પૃથ્વીકાય આદિ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો તથા અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા જીવો તો આ નરકત્રિક અને દેવાયુષ્યના અબન્ધક જ છે. તેથી અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જ સ્વામી કહ્યા છે. તે અસંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તો જીવ પણ જો કોઈ એકયોગદશામાં લાંબો કાળ સ્થિર હોય તો તીવ્રચેષ્ટાવાળો (ઘણાયોગવાળો) હોય છે તેની અહીં જરૂર નથી માટે ઘોલમાનયોગવાળાનું ગ્રહણ કર્યું છે. એટલે કે પરાવર્તમાન યોગદશાવાળો જીવ લેવો.

એકયોગમાંથી બીજા યોગમાં સંક્રમ કરતો જીવ તથા સ્વભાવથી જ અલ્પચેષ્ટાવાળો હોય છે. તથા પર્યાપ્તો સંજ્ઞી પંચેન્દ્રિય જીવ ઘણા યોગવાળો છે માટે તે જીવ અહીં લેવામાં આવ્યો નથી. પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયનો યોગ, અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના ઉત્કૃષ્ટયોગ કરતાં પણ અસંખ્યાતગણો હોય છે. તેથી તેનું અગ્રહણ કર્યું છે.

દેવદ્વિક, વૈક્રિયદ્વિક અને તીર્થંકરનામકર્મ આ પાંચ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટપ્રદેશ બંધનો સ્વામી સમ્યગ્દૃષ્ટિજીવ ભવના પ્રથમ સમયમાં વર્તતો સ્વામી જાણવો. તે આ પ્રમાણે-

તે પાંચ કર્મપ્રકૃતિઓમાં પણ તીર્થંકરનામકર્મના બંધનો સ્વામી તીર્થંકરનામકર્મ બાંધતો એવો જીવ મનુષ્યભવમાંથી કાલ કરીને અનુત્તરવાસી દેવમાં ઉત્પન્ન થયેલો હોય તેવો જીવ દેવભવના પ્રથમ સમયમાં વર્તતો છતો મનુષ્ય ગતિ પ્રાયોગ્ય તીર્થંકરનામકર્મ સહિત ૩૦ કર્મપ્રકૃતિઓને બાંધતો જીવ સ્વામી જાણવો. સર્વથી જઘન્યયોગવાળો આ અવિરત સમ્યગ્દૃષ્ટિ એવો પ્રથમ સમયવર્તી આ દેવનો જીવ જઘન્ય પ્રદેશબંધ કરે છે શ્રેણિકાદિની જેમ નારકીના જીવોપણ આ તીર્થંકરનામકર્મના બન્ધક તો સંભવે છે. પરંતુ ત્યાં દુઃખની માત્રા અધિક છે. માટે યોગ વધારે છે. જ્યારે દેવોમાં અને તેમાં પણ અનુત્તરવાસી દેવ અલ્પત્તરયોગવાળા હોવાથી તે જ જીવો સ્વામી તરીકે ગ્રહણ કરાય છે.

નારકજીવોમાં આવા પ્રકારનો જઘન્યયોગ સંભવતો નથી. માટે તેવી નારકીમાં ઉત્પન્ન થયેલો જીવ અહીં ગ્રહણ કરાયો નથી. તિર્યંચ જીવો તો તીર્થંકરનામકર્મ બાંધતા જ નથી. માટે તે જીવોની અહીં ઉપેક્ષા કરી છે. મનુષ્યો ભવના આદ્યસમયમાં તીર્થંકરનામકર્મ તીર્થંકર થનારા જીવો બાંધે છે. પરંતુ દેવભવપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓ બાંધે છે ત્યાં ભાગ અલ્પ હોવાથી જઘન્યથી પ્રદેશબંધ સંભવતો નથી તે માટે તે જીવોની પણ ઉપેક્ષા કરી છે. અર્થાત્ તે જીવો સ્વામી તરીકે સ્વીકાર્યા નથી. જિનનામ સહિત ૩૧નો બંધ કરે ત્યારે પણ તીર્થંકર નામકર્મ બંધાય છે. પરંતુ તેમાં આહારદ્વિક બંધાતુ હોવાથી સાધુને જ આ બંધ સંભવી શકે છે. સાધુપણું કરણપર્યાપ્ત અવસ્થામાં જ સંભવે છે તેથી ત્યાં વીર્ય અલ્પ પ્રાપ્ત થતું નથી. માટે તે સર્વનો ત્યાગ કરવામાં આવ્યો છે. આ પ્રમાણે અનુત્તરવાસી દેવો ભવના પ્રથમસમયવર્તી મનુષ્ય પ્રત્યોગ્ય ૩૦ પ્રકૃતિ બાંધતા હોય ત્યારે સ્વામી જાણવા.

દેવદ્વિક અને વૈક્રિયદ્વિકના જઘન્ય પ્રદેશબંધના સ્વામી આ પ્રમાણે જાણવા- જે દેવ અથવા નારકીનો જીવ તીર્થંકર નામકર્મ બાંધે છે. તે જીવ અનુક્રમે દેવનો જીવ દેવભવમાંથી અને નારકીનો જીવ નારકના ભવમાંથી ચ્યવીને મનુષ્યભવમાં ઉત્પન્ન થતો હોય ત્યારે ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તતો છતો દેવગતિ પ્રાયોગ્ય તીર્થંકરનામકર્મ સહિત ૨૯ પ્રકૃતિ બાંધતો એવો સમ્યગ્દૃષ્ટિ જઘન્યયોગસ્થાનકવર્તી જીવ આ ચાર કર્મપ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશબંધ કરે છે.

દેવ-નારકીના જીવો તો ભવના નિમિત્તે જ આ ચાર પ્રકૃતિઓ બાંધતા નથી માટે અહીં તેઓને સ્વામી તરીકે અધિકૃત કર્યા નથી. તથા તિર્યંચો જે યુગલિક છે તે ભવના આદ્યસમયે દેવપ્રાયોગ્ય આ ચાર પ્રકૃતિઓ બાંધે છે. પરંતુ દેવગતિપ્રાયોગ્ય ૨૮ જ બાંધે છે. ૨૯ બાંધતા નથી. તેથી ભાગ અલ્પ હોવાથી તે જીવો અહીં સ્વીકારાયા નથી. મનુષ્યોમાં કોઈક જિનનામ બાંધે કોઈક જિનનામ ન પણ બાંધે.ત્યાં જે જિનનામકર્મ બાંધતા નથી. તેઓને આ દેવદ્વિક અને વૈક્રિયદ્વિક બંધાય છે અવશ્ય, પરંતુ ભાગ અલ્પ હોવાથી આ પ્રમાણે ૨૮ ના બંધક જીવો જઘન્યબંધના સ્વામી તરીકે લીધા નથી.

તથા દેવગતિપ્રાયોગ્ય ૩૦ અને ૩૧ જ્યારે બંધાય છે ત્યારે આ દેવદ્વિક અને વૈક્રિયદ્વિકનો બંધ સંભવે છે. પરંતુ તે બંધ આહારકદ્વિક વાળો હોવાથી સાધુને જ સંભવી શકે છે. પરંતુ ત્યાં સર્વપર્યાપ્તિએ પર્યાપ્તો જીવ હોવાથી અલ્પ યોગ પ્રાપ્ત થતો નથી. તથા ૨૮-૨૯-૩૦-૩૧. આ ચાર વિના બીજા કોઈ બંધસ્થાનકો દેવગતિપ્રાયોગ્ય છે જ નહીં. તેથી ૨૮-૩૦-૩૧ને ત્યજીને ૨૯ના બંધક મનુષ્યને જ સ્વામી તરીકે શાસ્ત્રકારોએ ગ્રહણ કર્યા છે.

**પ્રશ્ન :-** અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચગતિના જીવો દેવગતિ પ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધતા હોય ત્યારે આ દેવદ્વિક અને વૈક્રિયદ્વિક એમ ચાર કર્મપ્રકૃતિઓ બાંધે છે તો તે જીવો સ્વામી તરીકે કેમ ગ્રહણ કર્યા નથી ?

**ઉત્તર :-** ઘણો યોગ હોવાથી તે જીવો અહીં ગ્રહણ કર્યા નથી. કારણ કે અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય જીવ કરતાં પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય જીવનો યોગ જઘન્યથી પણ અસંખ્યાતગુણ હોય છે. માટે તે જીવો ગ્રહણ કરાયા નથી. આ પ્રમાણે અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો ભવના પ્રથમ સમયમાં વર્તતા હોય ત્યારે દેવદ્વિક અને વૈક્રિયદ્વિકના જઘન્ય પ્રદેશબંધના સ્વામી જાણવા.

બાકી રહેલી ૧૦૯ કર્મપ્રકૃતિઓમાંથી મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્ય આ બન્ને વર્જીને શેષ ૧૦૭ કર્મપ્રકૃતિઓનો જઘન્યપ્રદેશ બંધ સૂક્ષ્મનિગોદીયો જીવ લબ્ધિઅપર્યાપ્તો સર્વથી અલ્પવીર્યવાળો ભવના પ્રથમસમયમાં વર્તતો જીવ સ્વામી જાણવો.

ત્યાં પણ આટલી વિશેષતા જાણવી કે અપર્યાપ્તનામકર્મ, સૂક્ષ્મનામકર્મ અને સાધારણ-નામકર્મ આ ત્રણ કર્મપ્રકૃતિઓનો સ્વામી નામકર્મની ૨૫ પ્રકૃતિ બાંધતો જીવ સ્વામી સમજવો. એકેન્દ્રિય જાતિ, આતપ, અને સ્થાવર નામકર્મનો નામકર્મની ૨૬ પ્રકૃતિ બાંધતો જીવ સ્વામી જાણવો. મનુષ્યદ્વિકનો નામની ૨૯ બાંધતો જીવ સ્વામી જાણવો બાકીની પ્રકૃતિઓનો નામકર્મની ૩૦ બાંધતો જીવ સ્વામી જાણવો. તથા તેમાં પણ લબ્ધિ અપર્યાપ્તો, ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તતો વિગેરે વિશેષણો પૂર્વની જેમ જ જાણવાં.

મનુષ્યાયુષ્ય તથા તિર્યંચાયુષ્યના જઘન્ય પ્રદેશ બંધનો સ્વામી પણ તે જ સૂક્ષ્મનિગોદીયો જીવ જાણવો. પરંતુ ભવના આદ્યસમયને બદલે પોતાના ભવના આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજા ભાગના પ્રથમ સમયવર્તી જીવો જાણવા. તેનું કારણ પહેલાં કહેલું છે તે જ સમજી લેવું. પ્રથમના બે ભાગમાં આયુષ્ય બંધાતું જ નથી. માટે ત્રીજા ભાગનો પ્રથમ સમય કહ્યો છે.

તે આ પ્રમાણે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ સમજાવ્યા.

હવે સ્થિતિબંધ અને રસબંધ સમજાવાશે.



પ્રકૃતિ બંધ અને પ્રદેશબંધ કહીને હવે સ્થિતિબંધ અને રસબંધ (અનુભાગ બંધ) કહેવાનો અવસર છે. તેથી તે સમજાવાય છે. ત્યાં અનુભાગ બંધમાં ઘણું ઘણું કહેવાનું હોવાથી, તથા બહુ વક્તવ્યતા વાળો વિષય જણાવે છતે અલ્પ વક્તવ્યતાવાળો વિષય સુખે સમજાઇ જાય તેવો થાય છે. આ કારણથી તથા શિષ્યોની ઇચ્છા પણ આવી જ હોય છે કે જે કઠીન વિષય હોય તે ગુરુજી તમે પ્રથમ સમજાવો કે જેથી કરીને કઠીન વિષયનું અમને ગુરુગમથી જો યથાર્થ જ્ઞાન થાય તો સરળ વિષય તો તેના આધારે અમે પણ સુખે સુખે બેસાડી શકીએ આવી શિષ્યોની પણ ઇચ્છા હોય છે. તે કારણથી તેને અનુસારે અમારા વડે પ્રથમ અનુભાગબંધની પ્રરૂપણા કરાય છે.

ત્યાં કુલ ૧૪ દ્વારો સમજાવે છે. (૧) અવિભાગ પ્રરૂપણા. (૨) વર્ગણા પ્રરૂપણા. (૩) સ્પર્ધક પ્રરૂપણા (૪) અન્તર પ્રરૂપણા. (૫) સ્થાન પ્રરૂપણા. (૬) કંડક પ્રરૂપણા. (૭) ષટ્સ્થાન પ્રરૂપણા. (૮) અધસ્તનસ્થાન પ્રરૂપણા. (૯) વૃદ્ધિપ્રરૂપણા. (૧૦) સમય પ્રરૂપણા. (૧૧) યવમધ્ય પ્રરૂપણા. (૧૨) ઓજોયુગ્મ પ્રરૂપણા. (૧૩) પર્યવસાન પ્રરૂપણા (૧૪) અલ્પબહુત્વ પ્રરૂપણા. ત્યાં આદિમાં સૌથી પ્રથમ અવિભાગ પ્રરૂપણા સમજાવે છે.-

**गहणसमयम्मि जीवो उप्पाएई गुणे सपच्चयओ ।**
**सव्वजियाणंतगुणे, कम्मपएसेसु सव्वेसुं ॥ २९ ॥**

ગાથાર્થ- સંસારી એવો આ ૧-જીવ[1] જે સમયે કર્મ [2]ગ્રહણ કરે છે. તે જ [3]સમયમાં [4]પોતાના (અધ્યવસાયને) [5]અનુસારે [6]સર્વ એવા [7]કર્મપ્રદેશોમાં સર્વ [8]જીવરાશિ કરતાં [9]અનંતગુણા [10]રસાવિભાગોને [11]ઉત્પન્ન કરે છે. ॥૨૯॥

**વિશેષાર્થ-** અહીં કર્મોમાં કરાતા રસબંધમાં હેતુભૂત કાષાયિક અધ્યવસાય સ્થાનો જે છે તે શુભ અને અશુભ એમ બે પ્રકારના છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે 'સ્થિતિબંધ અને અનુભાગ બંધ કષાયથી થાય છે' આવું શાસ્ત્રીય વચન પ્રમાણ હોવાથી રસબંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનો બે પ્રકારનાં છે શુભ અને અશુભ - આ બન્ને પ્રકારના અધ્યવસાય સ્થાનો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે ફક્ત શુભ અધ્યવસાય સ્થાનો થોડાક વધારે છે. કારણ કે ઉપશમ શ્રેણીમાં તો ચઢતાં જે વિશુદ્ધ અધ્યવસાય સ્થાનો આવે છે. તે જ પડતાં અશુદ્ધ રૂપે અધ્યવસાય સ્થાનો આવે છે. માટે બન્ને સરખા જ છે. પરંતુ જે અધ્યવસાય સ્થાનોમાં વર્તતો ક્ષપક જીવ ક્ષપકશ્રેણી ઉપર આરોહણ કરે છે. ત્યાંથી પ્રતિપાત થતો નથી. આ કારણે શુભ અધ્યવસાય સ્થાનોની અશુભ અધ્યવસાયસ્થાનો કરતાં વિશેષાધિકતા સંભવે છે. એમ હોતે છતે ગાથામાં લખેલો सपच्चयओ જે શબ્દ છે. તેનો અર્થ स्वप्रत्ययतः થાય

છે ત્યાં ત્તસ્ પ્રત્યય સર્વવિભક્તિના અર્થમાં વ્યાકરણથી થાય છે માટે સ્વસ્ય એટલે પોતાના આત્માના સંબંધ વડે રસબંધમાં કારણભૂત એવા પોતાના જ આત્માના નિમિત્તે પ્રગટ થયેલા કોઈ એક શુભ અધ્યવસાય વડે અથવા અશુભ અધ્યવસાય વડે સંસારી જીવ કર્મગ્રહણ સમયે જ=કર્મને યોગ્ય કાર્મણવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરે તે સમયે જ સર્વ કર્મપ્રદેશોમાં એટલે કે કાર્મણવર્ગણાના એક એક પરમાણુઓમાં સર્વ જીવો કરતાં અનંતગુણા ગુણોને = એટલે કે રસના નિર્વિભાજ્ય ભાગોને ઉત્પન્ન કરે છે.

ભાવાર્થ આ પ્રમાણે છે. જીવે જે કાર્મણવર્ગણા કર્મરૂપે બાંધવા માટે ગ્રહણ કરી છે. તે કર્મ પ્રાયોગ્ય વર્ગણાની અંદર રહેલા કર્મ પરમાણુઓ તેવા પ્રકારના વિશિષ્ટ રસ યુક્ત હોતા નથી. પરંતુ પ્રાયઃ નિરસ હોય છે અને નિરસ હોવાથી એક સરખા સ્વરૂપવાળા કાર્મણ પરમાણુઓ જ હતા. તેને ગ્રહણ કરવાના સમયે જ ગ્રહણ કરનારા જીવના કાષાયિક અધ્યવસાયના કારણે તે પરમાણુઓમાં જીવને સુખ-દુઃખ આપવાના સામર્થ્યના કારણભૂત એવા અનંતા અર્થાત્ સર્વ જીવરાશિ કરતાં અનંત ગુણ એવા રસાવિભાગો આ જીવ તેમાં ઉત્પન્ન કરે છે. આવો રસ ઉત્પન્ન કરનારા જીવોની અને શક્તિના આધારભૂત પુદ્ગલ પરમાણુઓની શક્તિ અચિન્ત્ય છે. એટલે આવું કામ શક્ય થાય છે.

આ વાત કંઈ અઘટિત નથી. જેમ અત્યન્ત શુષ્ક અને અત્યન્ત નિરસ એવા પણ ઘાસના પરમાણુઓ ગાય-ભૈંસ આદિ પ્રાણીઓ વડે ખવાયે છતે દૂધ આદિ રૂપે તથા લોહી-માંસ વિગેરે સાત ધાતુ રૂપે પરિણામ પામતાં નજરે દેખાય છે. માટે જીવની જે શક્તિ છે. તે પરમાણુઓને રૂપાન્તર પમાડવા રૂપે અનંતી છે અને પરમાણુઓમાં પણ તે તે રૂપે પરિણામ પામવાની શક્તિ અનંતી છે તેથી આવું કાર્ય થાય છે.

**પ્રશ્ન** :- અહીં કોઈ આવો પ્રશ્ન કરે છે- આ જીવ કર્મ પરમાણુઓમાં રસાવિભાગોને ઉત્પન્ન કરે છે એમ તમે સમજાવો છો ત્યાં પ્રશ્ન થાય છે કે સર્વે પણ કર્મ પરમાણુઓમાં આ જીવ તુલ્ય એવા તે રસાવિભાગોને ઉત્પન્ન કરે છે કે વિષમ એવા એટલે કે હીનાધિક એવા રસાવિભાગોને આ જીવ ઉત્પન્ન કરે છે ?

**ઉત્તર** :- વિષમ જ એટલે કે હીનાધિક રસાવિભાગો જ ઉત્પન્ન કરે છે. તે આ પ્રમાણે કેટલાક પરમાણુઓમાં થોડા રસાવિભાગ તો પણ જઘન્યથી પણ સર્વજીવરાશિ કરતાં અનંતગુણ રસાવિભાગો આ જીવ ઉત્પન્ન કરે છે અને બીજા કેટલાક પરમાણુઓમાં તેના કરતાં પણ ઘણા અધિક, બીજા કેટલાક પરમાણુઓમાં વળી વધારે ઘણા અધિક રસાવિભાગો આ જીવ ઉત્પન્ન કરે છે તેથી ક્યા ક્યા પરમાણુઓમાં કેટલા રસાવિભાગો ઉત્પન્ન કરે આ વાતને વધારે વ્યક્ત કરવા માટે વર્ગણા અને સ્પર્ધક આદિનું નિરૂપણ કરવા સારું હવે ગ્રંથકારશ્રી પ્રારંભ કરે છે-

**सव्वप्पगुणा ते पढमवग्गणा, सेसिया विसेसूणा ।**
**अविभागुत्तरियाओ, सिद्धाणमणंत भागसमा ॥ ३० ॥**

ગાથાર્થ :- સર્વથી અલ્પ રસાવિભાગ વાળા પરમાણુઓ તે પ્રથમવર્ગણા જાણવી. બાકીની વર્ગણાઓ એક એક રસાવિભાગની વૃદ્ધિવાળી છે. પરંતુ પરમાણુઓની સંખ્યામાં વિશેષ ન્યૂન-ન્યૂન છે આવી વર્ગણાઓ સિદ્ધ પરમાત્માની સંખ્યા કરતાં અનંતમા ભાગની સમાન ક્રમસર થાય છે. ॥૩૦॥

ભાવાર્થ :- જીવ વડે ગ્રહણ કરાયેલા કર્મપરમાણુઓમાં અન્ય સર્વપરમાણુઓ કરતાં સ્તોક એટલે થોડા છે રસાવિભાગ જેમાં એવા તે પરમાણુઓનો જે સમુદાય તે પ્રથમવર્ગણા કહેવાય છે કારણ કે માંહોમાંહે સમાન રસાવિભાગવાળા આ પરમાણુઓ છે. માટે વર્ગણા કહેવાય છે અને સૌથી અલ્પ રસાવિભાગ છે માટે આ વર્ગણા પ્રથમવર્ગણા કહી છે તે વર્ગણામાં કર્મપરમાણુઓ અતિશય ઘણા વધારે હોય છે. બાકીની બધી વર્ગણાઓ વિશેષહીન વિશેષહીન પરમાણુઓવાળી થાય છે તથા રસાવિભાગની અપેક્ષાએ એક એક રસાવિભાગથી વૃદ્ધિવાળી છે. આવી વર્ગણાઓ ક્રમસર સિદ્ધભગવંતોની સંખ્યા કરતાં અનંતમા ભાગ સમાન થાય છે.

તે આ પ્રમાણે છે- પ્રથમ વર્ગણામાં રહેલા પરમાણુઓ જેટલા રસાવિભાગથી યુક્ત છે. તેના કરતાં એક રસાવિભાગ છે અધિક જેમાં એવા જે પરમાણુઓ છે. તેની બીજી વર્ગણા જાણવી તેના કરતાં પણ વધારે એક અર્થાત્ કુલ બે રસાવિભાગ અધિક છે જેમાં એવા જે પરમાણુઓ છે. એ ત્રીજી વર્ગણા જાણવી. આમ ક્રમશઃ થતી વર્ગણાઓ સિદ્ધજીવોની સંખ્યા કરતાં અનંત ભાગ પ્રમાણ થાય છે તેમાં પ્રથમવર્ગણામાં રહેલા પરમાણુઓની અપેક્ષાએ બીજી વર્ગણા વિશેષહીન પરમાણુવાળી છે. અને તે બીજી વર્ગણા કરતાં એક રસાવિભાગથી અધિક રસાવિભાગવાળા પરમાણુઓનો જે સમુદાય તે ત્રીજી વર્ગણા જાણવી. તે ત્રીજીવર્ગણામાં પરમાણુઓ બીજીવર્ગણામાં રહેલા પરમાણુઓ કરતાં વિશેષહીન સમજવા.

આ પ્રમાણે પછી પછી રસાવિભાગની વૃદ્ધિ અને પરમાણુઓની વિશેષહાનિ ત્યાં સુધી કહેવી કે યાવત્ અભવ્ય જીવરાશિ કરતાં અનંતગુણ અને સિદ્ધભગવંતોની રાશિ કરતાં અનંતમાભાગ પ્રમાણ વર્ગણાઓ થાય છે. ॥૩૦॥

*અવતરણ- વર્ગણાની પ્રરૂપણા કરી, હવે સ્પર્ધક પ્રરૂપણા કરે છે.*

**फड्डगमणंतगुणियं, सव्वजिएहिं पि अंतरं एवं ।**
**सेसाणि वग्गणाणं, समाणि ठाणं पढममित्तो ॥ ३१ ॥**

**ગાથાર્થ**- આટલી વર્ગણાઓનું એક સ્પર્ધક થાય છે. ત્યારબાદ સર્વ જીવો કરતાં અનંતગુણા અધિકની સંખ્યાનું અંતર પડે છે. આ પ્રમાણે શેષ સ્પર્ધકો પણ વર્ગણાની સમાન (એટલે કે અભવ્ય જીવરાશિથી અનંતગુણ અને સિદ્ધપરમાત્માની સંખ્યા કરતાં અનંતમા ભાગ પ્રમાણ) થાય છે. તેટલાં સ્પર્ધકોનું એક રસસ્થાન (અર્થાત્ અનુભાગબંધનું સ્થાન) કહેવાય છે. આ પ્રથમ સ્થાન સમજવું. ત્યારબાદ (બીજીગાથામાં કહીશું) ॥ ૩૧ ॥

**વિવેચન**- ક્રમસર થયેલી સિદ્ધભગવંતોની સંખ્યા કરતાં અનંતમા ભાગતુલ્ય તે વર્ગણાઓનું એક સ્પર્ધક થાય છે. આ સ્પર્ધક પ્રરૂપણા થઈ. હવે અન્તરપ્રરૂપણા નામનું ચોથું દ્વાર કહેવાય છે.

આ પ્રથમસ્પર્ધકની અન્તિમ વર્ગણાથી આગળ એક-બે-ત્રણ વિગેરે રસાવિભાગથી અધિક હોય એવા પરમાણુઓ પ્રાપ્ત થતા નથી. માટે નિરન્તરપણે વર્ગણાઓ બનતી નથી. પરંતુ અનંતાનંત એટલે કે સર્વ જીવરાશિ કરતાં અનન્તગુણ વડે અધિક એવા રસાવિભાગવાળા પરમાણુઓ પ્રાપ્ત થાય છે. તેથી તેવા પરમાણુઓનો જે સમુદાય તે બીજા સ્પર્ધકની પ્રથમવર્ગણા કહેવાય છે.

ત્યારબાદ એક એક રસાવિભાગની વૃદ્ધિવાળી અભવ્યથી અનંતગુણી અને સિદ્ધના અનંતભાગતુલ્ય વર્ગણાઓ ક્રમસર પ્રાપ્ત થાય છે તે વર્ગણાઓનો જે સમુદાય તે બીજું સ્પર્ધક જાણવું. તેનાથી આગળ એક-બે વિગેરે રસાવિભાગથી વૃદ્ધિવાળા પરમાણુઓ પ્રાપ્ત થતા નથી અર્થાત્ અન્તર પડે છે. એમ કરતાં સર્વ જીવરાશિ કરતાં અનંતગુણ અધિક અર્થાત્ અનન્તાન્ત રસાવિભાગ વડે અધિક એવા પરમાણુઓ પ્રાપ્ત થાય છે. તેવા પરમાણુઓનો સમુદાય તે ત્રીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા જાણવી. આમ એક એક રસાવિભાગની વૃદ્ધિવાળી અભવ્યથી અનંતગુણ અને સિદ્ધભગવંતોના અનંતમા ભાગતુલ્ય વર્ગણાઓ કહેવી. તે વર્ગણાઓનો જે સમુદાય તે ત્રીજું સ્પર્ધક જાણવું.

આ પ્રમાણે સ્પર્ધકો અભવ્યથી અનંતગુણ અને સિદ્ધભગવંતોની સંખ્યા કરતાં અનંતભાગની સંખ્યા તુલ્ય સ્પર્ધકો થાય છે. તે સ્પર્ધકોનો જે સમુદાય તેને એક રસબંધનું સ્થાનક અર્થાત્ અનુભાગબંધ સ્થાનક કહેવાય છે.

तथा चाह = શાસ્ત્રમાં તે પ્રમાણે કહ્યું છે કે- પ્રથમ સ્પર્ધકની ચરમ વર્ગણા કરતાં બીજા સ્પર્ધકની પ્રથમવર્ગણાનું અંતર સર્વજીવરાશિ કરતાં અનંતગુણ જાણવું. આ અન્તરપ્રરૂપણા થઈ.

"सव्वजिएहिं पि" આ પદમાં લખેલો अपि શબ્દ ભિન્ન ક્રમવાચી છે. અને તે अपि શબ્દને शेषाणि પદની પછી જોડવો. તેથી શેષ સ્પર્ધકો પણ અને શેષ અન્તર પણ

યથોક્તપ્રમાણવાળાં જાણવાં. સારાંશ કે આવાં સ્પર્ધકો પણ એક સ્પર્ધકની અંદર થનારી વર્ગણાઓની સંખ્યા તુલ્ય સમજવાં, એટલે કે અભવ્યથી અનંતગુણાં અને સિદ્ધના અનંતમા ભાગતુલ્ય સ્પર્ધકો જાણવાં

આટલાં સ્પર્ધકોનું સૌથી જઘન્ય પ્રથમ અનુભાગબંધનું સ્થાન થાય છે. અનુભાગબંધનું સ્થાન એટલે કે કાષાયિક એવા એક અધ્યવસાય વડે ગ્રહણ કરાયેલા કર્મ પરમાણુઓમાં રસના સ્પર્ધકોના સમુદાયનું જે પરિમાણ (માપ) તે એક અનુભાગબંધનું સ્થાન કહેવાય છે. ॥ ૩૧ ॥

*અવતરણ :- આ સ્થાન પ્રરૂપણા સમાપ્ત કરી. હવે કણ્ડકપ્રરૂપણા કરાય છે.*

**(एत्तो) अंतरतुल्लं अंतरमणंतभागुत्तरं बिइयमेवं ।**
**अंगुल असंखभागो, अणंत भागुत्तरं कंडं ॥ ३२ ॥**

**ગાથાર્થ-** એનાથી આગળ (પ્રથમ સ્થાન પછી) પૂર્વોક્ત અંતરની તુલ્ય જ અંતર પડે છે. ત્યારબાદ અનંતભાગ અધિક (સ્પર્ધકો વાળુ) બીજું સ્થાન શરૂ થાય છે. આ પ્રમાણે અનંતભાગ અધિક, અનંતભાગ અધિક સ્પર્ધકોવાળાં અનુભાગબંધનાં સ્થાનો એક કંડક પ્રમાણ (અર્થાત્ અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ રાશિપ્રમાણ) થાય છે. ॥૩૨॥

**વિવેચન-** અભવ્યરાશિથી અનંતગુણ અને સિદ્ધભગવંતોની રાશિથી અનંતમા ભાગ પ્રમાણ સ્પર્ધકોના બનેલા અનુભાગબંધના પ્રથમ સ્થાનથી આરંભીને દ્વિતીય અનુભાગના સ્થાનની પૂર્વે અંતરતુલ્ય અંતર (એટલે કે સર્વ જીવરાશિ કરતાં અનંતગુણનું અંતર) પડે છે. સારાંશ કે પૂર્વે કહેલા પ્રમાણતુલ્ય અંતર પડે છે. જેમ પ્રથમ સ્પર્ધકની ચરમવર્ગણા કરતાં બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણાનું અંતર સર્વજીવરાશિ કરતાં અનંતગુણનું અંતર હતું તેવુ જ અંતર અહીં સમજવું.

તથા પ્રથમ અનુભાગબંધના સ્થાનના અન્તિમ સ્પર્ધકની ચરમ વર્ગણા કરતાં બીજા અનુભાગબંધના સ્થાનના પ્રથમસ્પર્ધકની પ્રથમવર્ગણાનું અંતર પણ સર્વજીવરાશિ કરતાં અનંતગુણ સમજવું. આ બીજું અનુભાગબંધનું સ્થાન પ્રથમ અનુભાગબંધનાં સ્થાન કરતાં અનંતભાગ અધિક એટલે કે અનુક્રમે અનંતભાગ અધિક સ્પર્ધકોથી અન્વિત જાણવું.

આ જ પ્રમાણે પછી પછીનાં અનુભાગબંધનાં સ્થાનો અનુક્રમે અનંતભાગ અધિક-અનંતભાગ અધિક સ્પર્ધકોની વૃદ્ધિવાળાં છે. એવાં અનુભાગ બંધનાં સ્પર્ધકોવાળાં સ્થાનો ત્યાં સુધી કહેવાં કે યાવત્ અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ સ્થાનો (એટલે કે એક કંડક જેટલા સ્થાનો) થાય. આ કંડક પ્રરૂપણા પણ કરી. ॥ ૩૨ ॥

*અવતરણ :- હવે ષટ્સ્થાન પ્રરૂપણા કરાય છે.*

## एगं असंखभागेणणंत भागुत्तरं पुणो कंडं ।
## एवं असंखभागुत्तराणि जा पुव्वतुल्लाइं ॥ ३३ ॥

**ગાથાર્થ-** અનંતભાગ વૃદ્ધિવાળું એક કંડક સમાપ્ત થયા પછી અસંખ્યાતભાગ અધિકનું એક અનુભાગ બંધનું સ્થાન આવે છે. ત્યાર બાદ ફરીથી અનંતભાગ અધિક-અનંતભાગ અધિક સ્પર્ધકો વાળાં અનુભાગબંધનાં સ્થાનો આવે છે અને તે કંડક પ્રમાણ હોય છે. આ જ ક્રમે વચ્ચે વચ્ચે આવતાં અસંખ્યાતભાગ અધિકનાં સ્થાનો જે છે. તે પૂર્વની તુલ્ય (એક કંડકપ્રમાણ) થવાં જોઇએ. ॥ ૩૩ ॥

**વિવેચન-** અનંતભાગ અધિક-અનંતભાગ અધિક સ્પર્ધકોવાળાં અનુભાગબંધનાં સ્થાનો એક કંડક તુલ્ય એટલે કે અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશની રાશિતુલ્ય થાય છે. ત્યારબાદ એટલે કે તે પ્રથમ કંડક સમાપ્ત થયા બાદ જે અનુભાગબંધનું સ્થાન આવે છે. તે સ્થાન પૂર્વના કંડકપ્રમાણ સ્થાનોમાંના અન્તિમ સ્થાન કરતાં અસંખ્યાત ભાગ અધિક સ્પર્ધકોવાળું સ્થાન છે. આમ સમજવું.

આ વાત એક ઉદાહરણથી આપણે સમજીએ અહીં કંડકનો અર્થ અંગુલના અસંખ્યાતમા ભાગમાં જેટલાં આકાશપ્રદેશો છે તેટલી સંખ્યા લેવાની છે. તેને અસત્કલ્પનાએ સમજવા માટે ચારની સંખ્યા આપણે હમણાં કલ્પીએ.

તે કલ્પના પ્રમાણે ૧-૨-૩-૪ આ ચારસ્થાનો અનુક્રમે અનંતભાગ અધિક અનંતભાગ અધિક સ્પર્ધકોવાળાં છે. હવે ૪ પછીનું ૫ નંબરનું સ્થાન અસંખ્યાત ભાગ અધિક સ્પર્ધકો વાળું છે. આમ આગળ આગળ પણ જાણવું.

એક અસંખ્યાતભાગ અધિક સ્પર્ધકોવાળું સ્થાન આવ્યા બાદ પુનઃ એક કંડક પ્રમાણ સ્થાનો અનંતભાગ અધિકનાં અને એક સ્થાન અસંખ્યાતભાગ અધિકનું કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે વચ્ચે વચ્ચે એક એક આવતાં અસંખ્યાતભાગ અધિકમાં સ્થાનો પણ કંડક પ્રમાણ થાય.

આ વાત ઉદાહરણથી આ પ્રમાણે છે જ્યાં જ્યાં અનંતભાગ અધિકનાં સ્થાન લેવાનાં છે ત્યાં ૦ શૂન્યનું ચિહ્ન કરીશું. અને જ્યાં જ્યાં અસંખ્યાત ભાગ અધિકનું સ્થાન લેવાનું છે ત્યાં એકનું ચિહ્ન કરીશું. જેથી આકાર આવો થશે. ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧.

આ પ્રમાણે શૂન્યવાળાં ૧ કંડક પ્રમાણ અનંત ભાગ અધિકનાં સ્થાનો કહ્યા પછી ૧ની નિશાની વાળું એક અસંખ્યાતભાગ અધિકનું સ્થાન આવે. આ જ ક્રમે આગળ આગળ કહેતાં કહેતાં વચ્ચે વચ્ચેનાં ૧ નંબરવાળા અસંખ્યાતભાગ અધિકનાં સ્થાનો પણ એક કંડક પ્રમાણ અર્થાત્ કલ્પના પ્રમાણે ચાર થવાં જોઈએ. ત્યારબાદ અનંતભાગ અધિકનું ૧ કંડક કહીને સંખ્યાત ભાગ અધિકનું ૧ સ્થાન કહેવું. ॥ ૩૩ ॥

**एक्कं संखेज्जुत्तरमेत्तो तीयाण तिच्छिया बिइयं ।**
**ताणि वि पढमसमाइं संखेज्जगुणोत्तरं एक्कं ॥ ३४ ॥**

**ગાથાર્થ** :- આ પ્રમાણે સંખ્યાતભાગ અધિકનું એક સ્થાન કહેવું ત્યારબાદ ઓળંગેલાં સર્વ સ્થાનો ફરીથી ઓળંગીને બીજું સંખ્યાત ભાગ અધિકનું સ્થાન કહેવું એમ કરતાં કરતાં ताणि वि = તે સંખ્યાત ભાગ અધિકવાળાં સ્થાનો પણ પ્રથમની સમાન એટલે કે કંડક તુલ્ય થાય. ત્યારબાદ આ જ ક્રમે સંખ્યાતગુણ અધિકનું એક સ્થાન કહેવું ॥ ૩૪ ॥

**વિવેચન** :- એક કંડક પ્રમાણ અનંતભાગ અધિકનાં સ્થાનો કહ્યા પછી એક અસંખ્યાતભાગ અધિકનું સ્થાન કહેવું આ જ ક્રમે અસંખ્યાત ભાગ અધિકનાં સ્થાનો પણ એક કંડકતુલ્ય થવાં જોઈએ ત્યારબાદ જ્યાં અસંખ્યાતભાગ અધિકનું સ્થાન કહેવાનો અવસર આવે ત્યાં અસંખ્યાતભાગ અધિકનું કંડક સમાપ્ત થઈ ગયેલ હોવાથી તે ન કહેતાં સંખ્યાતભાગ અધિકનું એક સ્થાન કહેવું. જેમકે ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨.

આ પ્રમાણે કહ્યા પછી જેટલા સ્થાનો ઓળંગ્યાં છે તે (ઉપર લખેલાં ગણી જુઓ કુલ ૨૪ થશે. તે ૨૪ સ્થાનો ઓળંગ્યા પછી એક સંખ્યાત ભાગ અધિકનું સ્થાન (કલ્પનાથી ૨ નંબરવાળુ સંખ્યાત ભાગ અધિકનું સ્થાન) આવે છે. ત્યારબાદ પૂર્વે ઓળંગેલાં ૨૪ ફરીથી તે જ ક્રમે ઓળંગીને બીજું સંખ્યાત ભાગ અધિકનું સ્થાન કહેવું આ જ ક્રમે ઓળંગેલાં બધાં ફરીથી કહીને ત્રીજું-ચોથું સંખ્યાત ભાગ અધિકનાં સ્થાનો કહેવાં આ પ્રમાણે કરતાં કરતાં સંખ્યાતભાગ અધિકનાં સ્થાનો પણ ૧ કંડક પ્રમાણ એટલે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થવાં જોઈએ (અસત્કલ્પનાએ ૪ થવાં જોઈએ તેનું કલ્પનાચિત્ર આ પ્રમાણે છે.-

૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૩.

ઉપરના ચિત્રથી સમજાશે કે ચાર શૂન્ય જાય ત્યારે એક એકડો આવે. આ જ ક્રમે ચાર એકડા જાય ત્યારે એક બગડો આવે આ જ ક્રમે ચાર બગડા જાય ત્યારે એક ત્રગડો એટલે સંખ્યાત ગુણ અધિકનું સ્થાન આવે. આજ ક્રમે આગળ આગળ ચાલવાનું છે. ॥૩૪॥

**एत्तो तीयाणि अइच्छियाण, बीयमवि ताणि पढमस्स ।**
**तुल्लगणसंखगुणियं एक्कं, तीयाण इक्कस्स ॥ ३५ ॥**

**ગાથાર્થ-** અહીંથી આગળ ઓળંગેલાં બધાં જ ફરીથી ઓળંગીને બીજુ પણ સંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવું. આમ કરતાં તે સંખ્યાત ગુણ અધિકવાળાં સ્થાનો પણ પ્રથમની તુલ્ય (કંડક પ્રમાણ) થાય ત્યારે એક અસંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવું. આમ કરતાં ઓળંગેલા બધાં જ સ્થાનો ફરીથી અતિક્રમીને એટલે ઓળંગીને (આગળ ગાથામાં તેનો સંબંધ છે.) ॥ ૩૫ ॥

**વિવેચન-** ઉપર દોરેલા ચિત્ર પ્રમાણે હવે સમજાશે કે ચાર શૂન્ય પસાર કરીએ એટલે એક એકડો આવે આમ કુલ ૨૪ આંક પસાર કરીએ ત્યારે એક બગડો આવે. આમ કુલ ૧૨૪ આંક પસાર કરીએ ત્યારે એક ત્રગડો આવે આ જ ક્રમ પ્રમાણે ત્રગડાંવાળાં સંખ્યાતગુણ અધિકનાં સ્થાનો પણ ૧ કંડક પ્રમાણ થવાં જોઈએ. ત્યારબાદ ઓળંગેલાં બધાં જ કહીને જ્યાં સંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવાનું આવે ત્યાં તે ન કહેલાં ૧ અસંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવું.

સ્થાપના પ્રમાણે ૧૨૪ સ્થાન પસાર કરીએ ત્યારે ૧ સંખ્યાતગુણ અધિકનું સ્થાન આવતું હતું તેથી ૧૨૪ + ૧ = ૧૨૫ આ પ્રમાણે ૧ કંડકવાર = ચાર વાર કહીએ ત્યારે ૫૦૦મું જે સ્થાન આવે તે સંખ્યાતગુણ અધિકના કંડકનું છેલ્લું સ્થાન આવે ત્યાર બાદ ઓળંગેલાં ઓળંગીને એટલે ૧૨૪ પસાર કરીને ૬૨૫ છસો પચીસમું જે સ્થાન આવે તે અસંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવું. અહીં સર્વત્ર ૪નો જે આંક લેવામાં આવ્યો છે. તે કલ્પનાકૃત છે.

આમ કરતાં કરતાં ઓળંગેલાં ઓળંગીને તે અસંખ્યાતગુણ અધિકનું બીજુ સ્થાન કહેવું. એટલે કે ૬૨૫મુ, ૧૨૫૦મુ, ૧૮૭૫મુ અને ૨૫૦૦મું. એમ ૧ કંડક પ્રમાણ (અર્થાત અસત્કલ્પનાએ ચાર) અસંખ્યાતગુણ અધિકનાં સ્થાનો કહેવાં.

ટીકાના પદોના આધારે અર્થ આવો કરવો કે - અહીંથી આગળ એટલે કે સંખ્યાતગુણ અધિકનું એક અનુભાગ બંધનું સ્થાન આવ્યા પછી જેટલાં સ્થાનો પૂર્વે પસાર કરેલાં છે તેટલાં સ્થાનો ફરીથી મૂલથી આરંભીને ઓળંગીને બીજું સંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવું. अपि શબ્દ ગ્રન્થમાં જે છે. તે एवम् ના અર્થમાં જાણવો.

આ પ્રમાણે તે સંખ્યાત ગુણ અધિકવાળાં સ્થાનો પણ તેટલાં જ કહેવાં એટલે કે પ્રથમ કહેલા અનંતભાગ અધિકના કંડક તુલ્ય થાય. ત્યારબાદ પૂર્વની પરિપાટી પ્રમાણે જ ફરીથી

સંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવાનો જ્યાં પ્રસંગ આવે ત્યાં (તે સ્થાન ન કહેતાં) અસંખ્યાત ગુણ અધિકનું પ્રથમ એક સ્થાન કહેવું. ત્યારબાદ મૂલથી આરંભીને જેટલા સ્થાનો ઓળંગ્યાં છે. તેટલા સ્થાનો ફરીથી પણ કહીને બીજા અસંખ્યાત ગુણ અધિકનું સ્થાન કહેવું. ॥૩૫॥

**बिइयं ताणि समाइं पढमस्साणंतगुणियमेगं तो ।**
**तीयाणतिच्छियाणं ताणि वि पढमस्स तुल्लाणि ॥ ३६ ॥**

ગાથાર્થ :- બીજું અસંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવું. તે પણ પ્રથમની સમાન (કંડક પ્રમાણ)થવાં જોઈએ. ત્યારબાદ અનંતગુણ અધિકનું એક સ્થાન કહેવું. ત્યારબાદ કહેલાં બધાં તે જ ક્રમે કહીને બીજુ અનંત ગુણ અધિકનું સ્થાન કહેવું. એમ કરતાં તે અનંતગુણ અધિકનાં સ્થાનો પણ પ્રથમની તુલ્ય (કંડકપ્રમાણ) થવાં જોઇએ.

વિવેચન :- ઉપરની ગાથામાં છેલ્લે સમજાવ્યું છે કે બીજુ અસંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવું. ત્યારબાદ ઓળંગેલાં બધાં જ સ્થાનો તે પ્રમાણે કહીને ત્રીજું અસંખ્યાતગુણ અધિકનું સ્થાન કહેવું. આમ કરતાં કરતાં તે અસંખ્યાત ગુણ અધિકનાં સ્થાનો પણ એક કંડક પ્રમાણ (અસત્કલ્પનાએ ચાર) થવાં જોઈએ અર્થાત્ ૬૨૫-૧૨૫૦-૧૮૭૫-૨૫૦૦ આમ ચાર અસંખ્યાત ગુણ અધિકનાં સ્થાનો આવ્યા પછી પણ પૂર્વની જેમ જ ઓળંગેલાં સ્થાનો ઓળંગીને ફરીથી જ્યાં અસંખ્યાત ગુણ અધિકનું સ્થાન કહેવાનો પ્રસંગ આવે ત્યાં તે ન કહેતાં તેને બદલે અનંતગુણિત એટલે કે અનંતગુણ અધિકનું એક સ્થાન કહેવું.

દાખલા તરીકે અસત્કલ્પનાએ ૬૨૫-૧૨૫૦-૧૮૭૫-૨૫૦૦ આમ કંડકપ્રમાણ અસંખ્યાતગુણ અધિકનાં સ્થાનો કહ્યા પછી ઓળંગેલાં બધાં જ પસાર કરીને ૩૧૨૫મું જે સ્થાન આવે તે અસંખ્યાતગુણ અધિક ન કહેતાં અનંતગુણ અધિક કહેવું. કારણ કે અસંખ્યાતગુણ અધિકનું કંડક સમાપ્ત થઈ ગયું છે. આમ ૩૧૨૫મું એક અનંતગુણ અધિક સ્થાન આવ્યા પછી.

ઓળંગેલાં બધાં જ સ્થાનો આ જ પ્રમાણે ઓળંગી-ઓળગીને બીજુ અનંતગુણ અધિક-ત્રીજું અનંતગુણ અધિક એમ તે અનંતગુણ અધિકનાં સ્થાનો પણ આ જ પ્રમાણે તેટલાં જ કહેવાં કે તે પણ પ્રથમ અનંતભાગ અધિકના સ્થાનોના કંડક તુલ્ય થાય. આ રીતે વિચારતાં ૩૧૨૫, ૬૨૫૦, ૯૩૭૫, ૧૨૫૦૦ આ પ્રમાણે અનંતગુણઅધિકનાં સ્થાનો ૧ કંડક પ્રમાણ (અસત્કલ્પનાએ ચાર) જાણવા.

ત્યારબાદ પૂર્વની પરિપાટિ મુજબ (રીતભાજ મુજબ) પાંચ પ્રકારની અનંતભાગ અધિક વિગેરે વૃદ્ધિ કહેવી તેની પછી અનંતગુણ અધિકનું સ્થાન પ્રાપ્ત થાય છે કે નથી થતું? આવો પ્રશ્ન થાય તો ગુરુજી કહે છે કે હવે તે સ્થાન પ્રાપ્ત થતું નથી. કારણ કે અહીં ષટ્સ્થાન

સમાસ થયેલું જાણવું. જેમકે ૩૧૨૫, ૬૨૫૦; ૯૩૭૫, ૧૨૫૦૦ આ ચાર એટલે એક કંડક પ્રમાણ અનંતગુણ અધિકનાં સ્થાનો આવ્યા પછી ૧૨૫૦૧ થી શરૂ કરીને ૩૧૨૪ સ્થાન ઓળંગીએ અર્થાત્ ૧૨૫૦૦ + ૩૧૨૪ = ૧૫૬૨૪ સ્થાનો ઓળંગ્યા પછી ૧૫૬૨૫મું સ્થાન અનંતગુણ અધિકનું આવવું જોઇએ તે આવે કે ન આવે ? તો ગુરુજી કહે છે કે તે સ્થાન હવે ન આવે કારણ કે અહીં ષટ્સ્થાનક સમાપ્ત થયેલું છે. આ તો હજુ પ્રથમ ષટ્સ્થાનક થયું.

કલ્પના માત્રથી સમજાવવા પુરતું જ ચિત્ર નીચે પ્રમાણે છે.

૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨,૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૩, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૨, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૧, ૦૦૦૦૩

આ પ્રમાણે ચાર ત્રગડા આવે પછી એક ચોગડો. ત્યારબાદ આવું ચિત્ર દોરીને બીજો-ત્રીજો અને ચોથો ચોગડો આમ આગળ આગળ સમજી લેવું ॥ ૩૬ ॥

*અવતરણ:- આ ષટ્સ્થાનકમાં ત્રણ પ્રકારની ભાગવૃદ્ધિ જણાવી છે. એક અનંતભાગવૃદ્ધિ, બીજી અસંખ્યાતભાગ વૃદ્ધિ, અને ત્રીજી સંખ્યાતભાગવૃદ્ધિ, એવી જ ત્રણ પ્રકારની ગુણવૃદ્ધિ જણાવી છે એક સંખ્યાતગુણ વૃદ્ધિ, બીજી અસંખ્યાત ગુણ વૃદ્ધિ અને ત્રીજી અનંતગુણવૃદ્ધિ.*

*ત્યાં કઈ કઈ માત્રાવાળુ (માપવાળું) અનંત અસંખ્યાત અને સંખ્યાત ભાગ તથા કઈ કઈ માત્રાવાળું અનંત-અસંખ્યાત અને સંખ્યાત ગુણાકારની વૃદ્ધિ લેવી ? આવો પ્રશ્ન થાય છે ત્યાં આ ત્રણેનું વિશેષ માપ જણાવવા માટે કહે છે-*

**सव्वजियाणमसंखिज्ज लोगसंखिज्जगस्स जेट्ठस्स ।**
**भागो तिसु गुणणा तिसु, छट्ठाणमसंखिया लोगा ॥ ३७ ॥**

ગાથાર્થ- સર્વ જીવરાશિ, અસંખ્યાત લોકાકાશપ્રદેશ, અને જયેષ્ઠ (ઉત્કૃષ્ટ) સંખ્યાતુ આમ ત્રણ રાશિમાં આ રકમનો ભાગાકાર અને ત્રણ રાશિમાં આ રકમનો ગુણાકાર જાણવો, આવા પ્રકારનાં ષટ્સ્થાનકો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ થાય છે. ॥૩૭॥

**વિવેચન-** ઉપરની ગાથામાં સમજાવેલી ષટ્સ્થાનકની વૃદ્ધિમાં અનન્ત, અસંખ્યાત

અને સંખ્યાતની રાશિવાળો ભાગ લેવાનું જે કહ્યું છે ત્યાં અનન્તભાગ અધિકમાં સર્વજીવની રાશિના પ્રમાણવાળા અનંતવડે ભાગતાં જે આવે તે માપ-લેવું તેવી જ રીતે અસંખ્યાત ભાગ અધિકમાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ રાશિના પ્રમાણવાળા અસંખ્યાતવડે ભાગતાં જે આવે તે માપ લેવું. અને સંખ્યાતભાગ અધિકમાં ચાર પ્યાલાની રાશિવાળા ઉત્કૃષ્ટ સંખ્યાતા વડે ભાગતાં જે આવે તે માપ લેવું.

તથા પાછળની ત્રણ વૃદ્ધિમાં પણ જે ગુણાકાર જણાવ્યો છે તે પણ અનંત, અસંખ્યાત અને સંખ્યાતની રાશિમાં અનુક્રમે સર્વજીવોની રાશિ, અસંખ્યાત લોકાકાશના પ્રદેશોની રાશિ, અને જ્યેષ્ઠ સંખ્યાતાની રાશિના માપવાળો ગુણાકાર જાણવો. તે આ પ્રમાણે સમજવો.

પ્રથમ અનુભાગબંધનું જે સ્થાન છે તેને સર્વજીવોની રાશિ વાળી અનંતની સંખ્યાવડે ભાગાકાર કરે છતે જે પ્રાપ્ત થાય તેટલો અનન્તભાગ અહીં ગ્રહણ કરવો અને તેટલા અનંતભાગવડે અધિક બીજુ અનુભાગબન્ધનું સ્થાન શરૂ થાય છે આમ સમજવું.

તે બીજા અનુભાગબંધના સ્થાનને પણ સર્વજીવરાશિના પ્રમાણવાળી અનંતની રાશિવડે ભાગાકાર કરતાં જે પ્રાપ્ત થાય તેના વડે અધિક ત્રીજુ અનુભાગનું સ્થાન જાણવું. આ પ્રમાણે જે જે અનુભાગબન્ધનું સ્થાન જેના જેનાથી અનન્તભાગવૃદ્ધિવાળું કહ્યું છે. તે તે અનુભાગબન્ધનું સ્થાન તેને સર્વજીવની રાશિનાપ્રમાણ વડે ભાગતાં જે ભાગ પ્રાપ્ત થાય તેટલા અંશવડે (તેટલા ભાગ વડે) અધિક છે આમ સમજવાનું છે.

તથા અસંખ્યાત ભાગ અધિક એટલે પાછલા અનુભાગબન્ધના સ્થાનને અસંખ્યાત લોકાકાશપ્રદેશના માપવાળી રાશિવડે ભાગે છતે જે ભાગ પ્રાપ્ત થાય છે તે અસંખ્યાતમો ભાગ લેવો. એટલે કે તે માપવડે અધિક છે. આમ જાણવું. તથા જ્યાં જ્યાં સંખ્યાતભાગ અધિક આવે છે ત્યાં ત્યાં પાછલા અનુભાગબન્ધના સ્થાનને ઉત્કૃષ્ટ સંખ્યાતા વડે ભાગે છતે જે ભાગ પ્રાપ્ત થાય છે તેના વડે અધિક જાણવું.

તેવી જ રીતે સંખ્યાત ગુણ અધિકમાં પાછલા અનુભાગબન્ધના સ્થાનને ઉત્કૃષ્ટ સંખ્યાતની રાશિના પ્રમાણવડે ગુણે છતે જેટલી રાશિ બને તેટલા માપવાળું પ્રમાણ લેવું. તથા અસંખ્યાત ગુણ વૃદ્ધમાં પણ પાછલા અનુભાગબન્ધકના સ્થાનમાં જે રાશિ છે તેને અસંખ્યાત લોકાકાશના પ્રદેશોના પ્રમાણ વાળી રાશિ વડે ગુણે છતે જે રાશિ થાય તેટલા પ્રમાણ વાળુ અસંખ્યાત ગુણ સમજવું. તથા અનંતગુણવૃદ્ધ એટલે કે પાછલું જે અનુભાગબન્ધનું સ્થાન છે તેને સર્વજીવોની રાશિવડે ગુણે છતે જે રાશિ થાય છે તેટલા પ્રમાણવાળી રાશિ વડે ગુણવાનું લેવું.

સારાંશ કે ત્રણે પ્રકારના ભાગની વૃદ્ધિમાં અને ત્રણે પ્રકારના ગુણાકારની વૃદ્ધિમાં અનન્તની સંખ્યા જ્યાં જ્યાં આવે છે ત્યાં ત્યાં સર્વજીવવાળી રાશિ લેવી. અસંખ્યાત જ્યાં જ્યાં આવે છે ત્યાં ત્યાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ લેવું અને સંખ્યાત જ્યાં જ્યાં આવે છે ત્યાં ત્યાં ઉત્કૃષ્ટ સંખ્યાતાની રાશિ લેવી.

પ્રથમ ષટ્સ્થાનક સમાપ્ત થયા પછી જે અન્ય એવું અનન્તભાગ અધિકવાળું જે સ્થાન આવે છે તે અનન્તભાગની અધિકતા વાળું જે સ્થાન છે તે બીજા ષટ્સ્થાનકનું પ્રથમ સ્થાન જાણવું ત્યારબાદ પૂર્વે કહેલા ક્રમ પ્રમાણે પૂરેપૂરૂ બીજું ષટ્સ્થાનક પણ સમજી લેવું.

આ પ્રમાણે અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ ષટ્સ્થાનકો થાય છે શાસ્ત્રમાં કહ્યું છે કે- "छठ्ठाणमसंखियालोगा" આવાં ષટ્સ્થાનકો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ થાય છે.

**પ્રશ્ન :-** અહીં કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે- પ્રથમ અનુભાગબંધના સ્થાનથી બીજુ અનુભાગબંધનું સ્થાન અનંતભાગ અધિક છે ત્યાં(અનન્તભાગ અધિકમાં) સર્વજીવ રાશિ રૂપ જે અનંત વડે ભાગવાનું કહો છો. તે અનન્તવડે ભાગવાનું જે સમજાવો છો. ત્યાં શું સ્પર્ધકની અપેક્ષાએ ભાગવાનું કે શું પરમાણુની અપેક્ષાએ ભાગવાનું કે શું રસાવિભાગની અપેક્ષાએ ભાગવાનું લેવાનું છે ? કારણ કે આ ત્રણ પ્રકારમાંથી એક પણ પ્રકારે અનંતભાગ અધિક થઈ શકતું નથી.

(૧) ત્યાં જો સ્પર્ધકની અપેક્ષાએ અનંતભાગ અધિક કહેતા હો તો સંભવતું નથી કારણ કે સ્પર્ધકો તો અભવ્યથી અનંતગુણ અને સિધ્ધ ભગવંતોની રાશિથી અનંતમા ભાગતુલ્ય છે. આ રાશિ ઘણી સ્તોક એટલે કે નાની છે આવી નાની રાશિને સર્વજીવોની રાશિવડે કેમ ભાગી શકાય?

(૨) હવે જો પરમાણુની અપેક્ષાએ અનંતભાગ અધિક કહેતા હો તો તે પણ ઘટી શકતું નથી. કારણ કે જેમ જેમ અનુભાગની વૃદ્ધિ થાય છે. તેમ તેમ પુદ્ગલ પરમાણુઓ અલ્પ અલ્પ જ પ્રાપ્ત થાય છે. આમ હોવાથી પ્રથમાદિ અનુભાગબંધના સ્થાનથી દ્વિતીયાદિ અનુભાગબંધના સ્થાનકોમાં પરમાણુઓની તો હાનિ જ પ્રાપ્ત થાય છે. પણ અધિકપણું છે જ નહીં તો અનંતભાગાદિવાળું અધિકપણું કેમ પ્રાપ્ત થાય ?

(૩) રસાવિભાગની અપેક્ષાએ પણ ઘટી શકતું નથી. કારણ કે પ્રથમ અનુભાગબંધના સ્થાનથી દ્વિતીય અનુભાગબંધના સ્થાનમાં રસાવિભાગ સંખ્યાતગુણાકારે જ પ્રાપ્ત થાય છે તે એક કલ્પના દ્વારા આ પ્રમાણે છે.

પ્રથમ અનુભાગબંધના સ્થાનમાં અભવ્યથી અનંતગુણ અને સિદ્ધભગવંતોથી અનંતમા ભાગની રાશિપ્રમાણ સ્પર્ધકો છે તેને ચારના આંકથી કલ્પીએ ત્યાં પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણામાં રસાવિભાગ અનંતા છે. છતાં પણ સમજવા માટે અસત્કલ્પનાએ સાત કલ્પીએ, બીજી વર્ગણામાં આઠ કલ્પીએ, ત્રીજી વર્ગણામાં નવ કલ્પીએ અને ચોથીવર્ગણામાં દશ કલ્પીએ. આ ચારવર્ગણાઓનું એક સ્પર્ધક થયું તેમાં ૭ + ૮ + ૯ + ૧૦ = ૩૪ રસાવિભાગો થયા.

અહીંથી આગળ એકોત્તરવૃદ્ધિવાળી વર્ગણાઓ મળતી નથી. પરંતુ અન્તર પડે છે. તે અંતર સર્વજીવરાશિ કરતાં અનંતગુણનું છે છતાં સમજવા માટે ૧૧ થી ૧૬ નું અંતર કલ્પીએ. અને ત્યારબાદ બીજું સ્પર્ધક શરૂ થાય છે. ત્યાં પ્રથમવર્ગણામાં રસાવિભાગ ૧૭, બીજી વર્ગણામાં રસાવિભાગ ૧૮, ત્રીજી વર્ગણામાં ૧૯, અને ચોથી વર્ગણામાં ૨૦ રસાવિભાગ છે આ ચાર વર્ગણાઓનું બીજુ સ્પર્ધક થયું. તેમાં ૧૭+૧૮+૧૯+૨૦=૭૪ રસાવિભાગ થશે. ત્યારબાદ ૨૧ થી ૨૬નું અંતર પડશે. ત્યારપછી ૨૭+૨૮+૨૯+ અને ૩૦ રસાવિભાગની વર્ગણાઓનું ત્રીજું સ્પર્ધક થશે તે કુલ ૧૧૪ રસાવિભાગ થશે આ જ પ્રમાણે ચોથુ સ્પર્ધક સાડત્રીસ થી પ્રારંભીને ચાલીસની સંખ્યા સુધી ૩૭+૩૮+૩૯+૪૦=૧૫૪ રસાવિભાગનું થશે.

આમ પ્રથમ સ્પર્ધકમાં ૩૪, બીજા સ્પર્ધકમાં ૭૪, ત્રીજા સ્પર્ધકમાં ૧૧૪, અને ચોથા સ્પર્ધકમાં ૧૫૪ રસાવિભાગો થાય છે. અસત્કલ્પનાએ આ ચાર સ્પર્ધકોનું પ્રથમ અનુભાગબંધનું સ્થાન થયું. અહીં ચારે સ્પર્ધકોના રસવિભાગો ૩૪+૭૪+૧૧૪+૧૫૪ = સર્વ મળીને ૩૭૬ થાય છે. આટલા રસાવિભાગવાળું આ અસત્કલ્પનાએ પ્રથમ અનુભાગબંધનું સ્થાન થયું.

આ જ ક્રમ પ્રમાણે હવે બીજું અનુભાગબંધનું સ્થાન વિચારીએ તો ૪૭ થી ૫૦ રસાવિભાગ સુધીની ચાર વર્ગણાઓનું પ્રથમ સ્પર્ધક થશે ત્યાં ૪૭+૪૮+૪૯+૫૦= એમ કુલ ૧૯૪ રસાવિભાગો થશે. ત્યાર પછી ૫૭ થી પ્રારંભીને ૬૦ સુધીની ચાર વર્ગણાઓનું બીજું સ્પર્ધક થશે. ત્યાં ૫૭+૫૮+૫૯+૬૦=૨૩૪ રસાવિભાગ થશે, આ જ પ્રમાણે ૬૭ થી ૭૦ પર્યન્ત રસાવિભાગ વાળી વર્ગણાઓનું ત્રીજું સ્પર્ધક થશે જ્યાં ૬૭+૬૮+૬૯+૭૦ આમ કુલ ૨૭૪ કુલ રસવિભાગો થશે ત્યારબાદ ચોથું સ્પર્ધક આવશે ત્યાં ૭૭+૭૮+૭૯+૮૦ આમ ચાર વર્ગણાઓ થશે ત્યાં કુલ ૩૧૪ રસાવિભાગ થશે આ ચાર સ્પર્ધકોનું કલ્પના દ્વારા બીજું અનુભાગબન્ધનું સ્થાન થશે. આ બીજા અનુભાગબન્ધના સ્થાનમાં ૧૯૪+૨૩૪+૨૭૪+૩૧૪ રસાવિભાગો આવ્યા. આ રાશિ કુલ સર્વસંખ્યા એક કરીએ તો ૧૦૧૬ રસાવિભાગ થયા.

આ પ્રમાણે કલ્પના કરવા દ્વારા વિચાર કરીએ તો પ્રથમ અનુભાગ બંધના સ્થાનમાં કુલ ૩૭૬ રસાવિભાગ અને બીજા અનુભાગબંધના સ્થાનમાં ૧૦૧૬ રસાવિભાગો પ્રાપ્ત થાય છે. આ રીતે પ્રથમ સ્થાનમાં રહેલા રસાવિભાગની અપેક્ષાએ બીજા અનુભાગબંધના સ્થાનમાં રહેલા રસાવિભાગો ત્રણગુણાથી કંઇક જ ઓછા પણ બમણાથી તો વધારે જ પ્રાપ્ત થાય છે એટલે સંખ્યાતગુણ જ પ્રાપ્ત થાય છે. ત્યારપછીના ઉત્તરોત્તર આગળ આગળ અનુભાગબંધના સ્થાનમાં તો ઘણા ઘણા જ રસાવિભાગો પ્રાપ્ત થાય છે એટલે રસાવિભાગની અપેક્ષાએ પણ પૂર્વસ્થાન કરતાં ઉત્તરસ્થાનમાં (સંખ્યાતગુણ અધિક જ પ્રાપ્ત થાય છે પરંતુ) અનંતભાગ અધિકત્વ ક્યાંય પ્રાપ્ત થતું નથી તો આ અનંતભાગ અધિકત્વ કોની અપેક્ષાએ છે ? શું સ્પર્ધકની અપેક્ષાએ છે ? કે પરમાણુની અપેક્ષાએ છે ? કે શું રસાવિભાગની અપેક્ષાએ છે ? આ ત્રણમાંથી કઇ અપેક્ષાએ આ અનંત ભાગ અધિક અસંખ્યાત ભાગ અધિક કે સંખ્યાત ભાગ અધિક વિગેરે ભેદો સમજવાના છે ?

**ઉત્તર** :- અહીં શાસ્ત્રકાર મહર્ષિઓ ઉત્તર આપે છે કે આ ષટ્સ્થાનકની જે પ્રરૂપણા કરી છે તે બહુસંભવના અભિપ્રાયે કરી છે તેથી જો કે સૌથી પ્રથમ અનંતગુણવૃદ્ધ વાળું સ્થાન ઉપરોક્ત અસત્કલ્પનાએ (૩૧૨૫ નંબર વાળું) ન આવે. ત્યાં સુધી આગળમાં સર્વ સ્થાનોમાં સર્વજીવરાશિના પ્રમાણ વાળા અનંતાવડે ભાગાકાર સંભવી શકતો નથી. તો પણ પ્રથમ એક (૩૧૨૫ નંબર વાળું) અનન્ત ગુણ અધિકનું સ્થાન આવી જાય ત્યાર પછી આ ષટ્સ્થાનમાં ૧૫૬૨૪ સુધીનાં સર્વસ્થાનોમાં તથા તેના પછીનાં સર્વ ષટ્સ્થાનકોમાં અને સંયમશ્રેણી વિગેરે ઉંચા સ્થાનોમાં પણ આવનારાં સર્વ સ્થાનોમાં (એકવાર અનંતગુણ અધિક આવેલ હોવાથી) સર્વજીવરાશિવાળા અનંત વડે ભાગાકાર ઘટી શકે છે માટે આમ કથન કરવામાં કોઈ વિરોધ આપતો નથી.

બહુલતાએ બધે સર્વજીવરાશિવાળી અનંતની સંખ્યા વડે ભાગી શકાય તેમ છે જોકે પૂર્વ પૂર્વના અનુભાગ બંધના સ્થાનની અપેક્ષાએ ઉત્તર-ઉત્તરના અનુભાગબંધના સ્થાનોમાં કંઇક કંઇક હીન હીનતર પરમાણુઓ પ્રાપ્ત થાય છે. તો પણ તે અનુભાગબંધના સ્થાનોમાં પ્રથમથી જ વર્ગણા અલ્પ-અલ્પતર પરમાણુઓની બનેલી હોવાથી ઉપર કહેલું સ્પર્ધકનું અલ્પબહુત્વ સારી રીતે ઘટી શકે છે. સારાંશ કે પ્રથમના અનુભાગબંધના સ્થાન કરતાં બીજા અનુભાગબંધના સ્થાનમાં રસ અધિક હોવાથી પરમાણુઓની સંખ્યા ન્યૂન છે. તો પણ સરખે સરખા પરમાણુઓ ઘણા ઓછા મળતા હોવાથી વર્ગણાઓ વધારે થાય છે. તેથી સ્પર્ધકો પણ વધારે વધારે થાય છે. માટે સ્પધર્કની અપેક્ષાએ અધિકતા કહીએ તો કંઇ જ અનુપપન્ન એટલે કે અઘટિત નથી.

તથા "સર્વજીવની રાશિવાળી અનંતની સંખ્યા લેવી" આવું જે કથન કરેલ છે તે ઉપલક્ષણવાળું એટલે કે જ્યાં આ રાશિવડે અનંતભાગ અધિક ન ઘટી શકતું હોય ત્યાં બીજુ નાનું અનંતુ સમજી લેવું. આવો અર્થ હોવાથી (અસત્કલ્પનાએ ૩૧૨૫ નંબરવાળું) સૌથી પ્રથમ નંબરવાળું અનંતગુણ અધિકનું સ્થાન ન આવે ત્યાં સુધી તેના પહેલાંના સર્વસ્થાનોમાં (એટલે કે ૧ થી ૩૧૨૪ સ્થાન સુધી) પૂર્વ પૂર્વ સ્થાનો કરતાં ઉત્તર ઉત્તર સ્થાનોમાં (સર્વજીવરાશિવાળી અનંતની સંખ્યા ન લેતાં) નાનું અનંત લઈને તેની અપેક્ષાએ અનંતભાગ અધિકપણું જાણવું.

જો કે સૂત્રમાં આવું લખ્યુ નથી. તો પણ સૂત્રમાં કેટલીક વાત સોપસ્કાર (અધ્યાહાર અર્થ વાળી) હોવાથી આવો અર્થ કરવો. આ પ્રમાણે ષટ્સ્થાન પ્રરૂપણા સમાપ્ત કરી.

હવે અધસ્તન સ્થાન પ્રરૂપણા કરાય છે. ત્યાં પાંચ પ્રકારની માર્ગણા વિચારાય છે. આનન્તર્યવડે પ્રરૂપણા. અને એકાન્તરિત આદિ વડે. સારાંશ કે (૧) આનન્તર્ય પ્રરૂપણા (૨) એકાન્તરિત પ્રરૂપણા (૩) દ્વયન્તરિત પ્રરૂપણા. (૪) ત્ર્યન્તરિત પ્રરૂપણા. (૫) ચતુરન્તરિત પ્રરૂપણા. એમ કુલ પાંચ પ્રકારની પ્રરૂપણા જાણવી.

ત્યાં પ્રથમ એક અસંખ્યાત ભાગવૃદ્ધિનું સ્થાન આવે. (અસત્કલ્પના એ પાંચ નંબરનું).તે પહેલાં અનંતભાગવૃદ્ધિનાં અનુભાગબંધનાં સ્થાનો કેટલાં આવે ? આવી વિચારણા તે આનન્તર્ય પ્રરૂપણા જાણવી. આનો ઉત્તર એ છે કે એક કંડકપ્રમાણ (૧થી ૪ નંબર સુધીનાં) અનંત ભાગ અધિકનાં સ્થાનો આવે. આ અનન્તર પણે પ્રરૂપણા થઈ.

એવી જ રીતે પ્રથમ એક સંખ્યાતભાગ વૃદ્ધનું સ્થાન. (અસત્કલ્પનાએ ૨૫મું સ્થાન) આવે તે પહેલાં અસંખ્યાત ભાગ વૃદ્ધિનાં સ્થાનો કેટલાં આવે ? તો (૫-૧૦-૧૫-૨૦ આમ) એક કંડક પ્રમાણ જ આવે અર્થાત્ તેટલાં જ આવે.

પ્રથમ સંખ્યાતગુણવૃદ્ધના સ્થાનથી (૧૨૫મા સ્થાનથી) પૂર્વે સંખ્યાતભાગવૃદ્ધનાં સ્થાનો કેટલાં આવે ? તો-તે પણ (૨૫-૫૦-૭૫-૧૦૦) આમ એક કંડક પ્રમાણ જ અર્થાત્ તેટલાં જ આવે.

પ્રથમ અસંખ્યાતગુણવૃદ્ધના સ્થાનથી (૬૨૫મા સ્થાનથી) પૂર્વે સંખ્યાત ગુણ વૃદ્ધનાં સ્થાનો કેટલાં આવે ? તો (૧૨૫-૨૫૦-૩૭૫-૫૦૦ આમ) એક કંડક પ્રમાણ જ અર્થાત્ તેટલાં જ આવે.

તથા પ્રથમ અનંતગુણવૃદ્ધના સ્થાનથી (૩૧૨૫ મા સ્થાનથી) પૂર્વે અસંખ્યાતગુણવૃદ્ધનાં સ્થાનો કેટલાં આવે ? તો (૬૨૫-૧૨૫૦-૧૮૭૫-૨૫૦૦ આમ) એક કંડક પ્રમાણ જ અર્થાત્ પૂર્વની તુલ્ય જ આવે છે.

આ જે પ્રરૂપણા કરવામાં આવી તે ઉપર-ઉપરના સ્થાનથી અનંતર પણે નીચે નીચેનાં સ્થાનોની પ્રરૂપણા કરી છે માટે અનન્તર્ય પ્રરૂપણા કહેવાય છે શ્રી પંચસંગ્રહ નામના ગ્રંથમાં કહ્યું છે કે-

**"सव्वासिं वुड्ढीणं कंडगमेत्ता अणंतरा वुड्ढी"** ॥૫૨॥ બંધનકરણ ગાથા-૫૨ (પૂર્વાર્ધ)

આ પ્રમાણે પાંચે પ્રકારની અનંતરપણે પ્રરૂપણાવાળી અધસ્તન સ્થાન પ્રરૂપણામાં ૧ કંડક પ્રમાણ સ્પર્ધકોનું માપ જાણવું.

હવે એકાન્તરિત પ્રરૂપણા કરાય છે. ત્યાં પ્રથમ સંખ્યાતભાગવૃદ્ધ સ્થાનથી (અસત્કલ્પનાએ ૨૫ મા સ્થાનથી) પૂર્વે થયેલાં અનંતભાગ વૃદ્ધનાં સ્થાનો કેટલાં? આ એકાન્તરિત પ્રરૂપણા કહેવાય. કારણ કે વચ્ચે અસંખ્યાતભાગ અધિકનાં સ્થાનોની અવિવક્ષા કરી છે.

ઉત્તરમાં સમજવું કે "એક કંડકવર્ગ અને એક કંડક." આ જ પ્રમાણે પ્રથમ સંખ્યાતગુણવૃદ્ધના સ્થાનની નીચે અસંખ્યાતભાગવૃદ્ધનાં સ્થાનો કેટલાં ? તો પણ તેટલાં જ અર્થાત્ ૧ કંડકવર્ગ અને ૧ કંડક, તથા પ્રથમ અસંખ્યાતગુણ વૃદ્ધની નીચે સંખ્યાતભાગવૃદ્ધનાં સ્થાનો કેટલાં ? તથા પ્રથમ અનન્તગુણ વૃદ્ધ સ્થાનની નીચે સંખ્યાતગુણવૃદ્ધનાં સ્થાનો કેટલાં ? તો તે પણ તેટલાં જ. અર્થાત્ એક કંડકવર્ગ અને એક કંડક પ્રમાણ હોય છે. આ સઘળી એકાન્તરિત માર્ગણા જાણવી. શાસ્ત્રમા કહ્યું છે કે

**"एगंताउ वुड्ढी वग्गो कंडस्स कंडं च"** ॥ ૫૨ ॥ (પંચસંગ્રહ-બંધનકરણ ગાથા ૫૨)

તેનો ભાવાર્થ આ પ્રમાણે છે. વિવક્ષિત એવા પ્રથમસ્થાનથી અનન્તર એવાં અધસ્તન સ્થાનો કંડક માત્ર હોય છે. સારાંશ કે તેમાંના પ્રત્યેકસ્થાનની નીચે અધસ્તન વાળાં સ્થાનો કંડકમાત્ર પ્રાપ્ત થાય છે. જેમ કે સંખ્યાત ભાગ અધિકવાળું સ્થાન ૨૫ નંબરનું અસત્કલ્પનાએ છે. તેની નીચે અસંખ્યાતભાગ અધિકવાળાં સ્થાનો ૫-૧૦-૧૫-૨૦ એમ ૧ કંડક પ્રમાણ આવે છે. તેમાંના એક એક અસંખ્યાત ભાગ અધિકસ્થાનની નીચે અનન્તર એવાં અનંતભાગ અધિકનાં સ્થાનો પણ કંડક પ્રમાણ છે જેમકે ૫ ની નીચે અનંતભાગ અધિક ૧-૨-૩-૪ આમ ૧ કંડક છે. તેમ આગળ આગળ પણ સમજવું. તેથી કંડકને કંડકવડે ગુણતાં કંડકવર્ગ થાય છે તથા ઉપર એક કંડક અધિક પણ પ્રાપ્ત થાય છે. ૨૧-૨૨-૨૩-૨૪ નંબરવાળું ૧ કંડક ઉપર અધિક થાય છે તે માટે એકાન્તરિત માર્ગણામાં ૧ કંડકવર્ગ અને ૧ કંડક જેટલાં સ્થાનો પ્રાપ્ત થાય છે.

આ જ પ્રમાણે એક સંખ્યાતગુણ વૃદ્ધસ્થાનથી નીચે (૧૨૫ થી નીચે) અસંખ્યાતભાગવૃદ્ધનાં સ્થાનો પણ (૫-૧૦-૧૫-૨૦, ૩૦-૩૫-૪૦-૪૫, ૫૫, ૬૦, ૬૫, ૭૦, ૮૦, ૮૫, ૯૦, ૯૫ આમ) ૧ કંડકવર્ગ તથા (૧૦૫-૧૧૦-૧૧૫-૧૨૦

આમ) ૧ કંડક ઉપર પ્રાપ્ત થાય છે. આ જ પ્રમાણે એક અસંખ્યાત ગુણવૃદ્ધની નીચે (૬૨૫ની નીચે) સંખ્યાતભાગ અધિકનાં સ્થાનો (૨૫-૫૦-૭૫-૧૦૦, તથા ૧૫૦-૧૭૫-૨૦૦-૨૨૫, તથા ૨૭૫, ૩૦૦, ૩૨૫, ૩૫૦, વળી ૪૦૦, ૪૨૫, ૪૫૦, ૪૭૫, આમ કંડકવર્ગ તથા ૫૨૫, ૫૫૦, ૫૭૫, અને ૬૦૦ આમ એક કંડક સ્થાનો પ્રાપ્ત થાય છે. આ જ પ્રમાણે એક અનંતગુણસ્થાનની પૂર્વે (૩૧૨૫ની પૂર્વે) સંખ્યાતગુણ અધિકનાં સ્થાનો પણ તેટલાં જ પ્રાપ્ત થાય છે. આ સઘળી એકાન્તરિત પ્રરૂપણા થઈ.

હવે દ્વયન્તરિત પ્રરૂપણા સમજાવાય છે પ્રથમ સંખ્યાત ગુણ વૃદ્ધના સ્થાનથી નીચે અનંતભાગવૃદ્ધનાં સ્થાનો કેટલાં થાય ? તે દ્વયન્તરિત પ્રરૂપણા કહેવાય, કારણ કે આ બન્નેની વચ્ચે અસંખ્યાતભાગ અને સંખ્યાત ભાગ બન્નેને છોડી દેવામાં આવ્યાં છે.

ઉત્તર જણાવે છે કે "૧ કંડકઘન, ૨ કંડકવર્ગ અને એક કંડક"

આ જ પ્રમાણે પ્રથમ અસંખ્યાતગુણવૃદ્ધ સ્થાનથી પૂર્વે (અસત્કલ્પનાએ ૬૨૫મા સ્થાનની પૂર્વે) અસંખ્યાતભાગવૃદ્ધનાં સ્થાનો પણ તેટલાં જ થાય. કારણ કે આ બન્ને વચ્ચે પણ બેનું અંતર છે. (૧) સંખ્યાતભાગ અને (૨) સંખ્યાતગુણ. એ જ પ્રમાણે પ્રથમ અનન્તગુણવૃદ્ધ સ્થાનથી નીચે સંખ્યાતભાગ વૃદ્ધનાં સ્થાનો કેટલાં થાય ? તો તે પણ તેટલાં જ થાય અર્થાત્ ૧ કંડકઘન ૨ કંડકવર્ગ અને ૧ કંડક પ્રમાણ થાય.

આ સ્થાનો કેવી રીતે આટલાં જ થાય ? એમ જાણવું હોય તો તેની ભાવના (વિચારણા) આ પ્રમાણે છે અહીં પ્રથમ સંખ્યેયગુણવૃદ્ધનું સ્થાન જ્યારે આવે છે. (દા. ત. ૧૨૫મું સ્થાન) તેની પૂર્વે આવતા સંખ્યાતભાગવૃદ્ધનાં સ્થાનોમાં પ્રત્યેક સ્થાનોની નીચે (એટલે કે ૨૫-૫૦-૭૫ અને ૧૦૦ની નીચે) એક કંડક અધિક એક કંડકવર્ગ જેટલાં અનંતભાગવૃદ્ધનાં સ્થાનો આવે છે. (જેમકે ૨૫મા સ્થાનની નીચે ૧ થી ૪, ૬ થી ૯, ૧૧ થી ૧૪, અને ૧૬ થી ૧૯ તથા ૨૧ થી ૨૪ આમ ૧ કંડકવર્ગ અને ૧ કંડકસ્થાનો થયાં)

આવાં સંખ્યાતભાગવૃદ્ધનાં સ્થાનો ૧ કંડક પ્રમાણ થાય છે જેમકે (૨૫-૫૦-૭૫-૧૦૦) તેથી ઉપરનાં સ્થાનો ૧ કંડકવાર આવશે તેથી તેનો ૧ કંડકની સાથે ગુણાકાર થાય છે.

૧ કંડકવર્ગ, ૧ કંડક
X ૧ કંડક

---

૧ કંડકઘન - ૧ કંડકવર્ગ
± ૧ કંડકવર્ગ, ૧ કંડક ઉપર વધારે થાય છે તે

---

૧ કંડકઘન ૨ કંડકવર્ગ ૧ કંડક

કંડકવર્ગને કંડકથી ગુણશો એટલે કંડકઘન થશે. અને કંડકને કંડકથી ગુણશો એટલે ૧ કંડકવર્ગ થશે ત્યારબાદ ઉપર ૧૦૦થી ૧૨૫ વચ્ચે થતાં ૧ કંડકવર્ગ અને ૧ કંડક ઉમેરાશે. આ દ્વયન્તરિત માર્ગણા થઈ.

તેથી દ્વયન્તરિત માર્ગણામાં અનંતભાગવૃદ્ધનાં સ્થાનો ૧ કંડક ઘન, ૨ કંડકવર્ગ અને ૧ કંડક જેટલાં થાય છે. આ પ્રમાણે આગળ આગળ પણ જાણવું. એક અસંખ્યાતગુણવૃદ્ધના સ્થાનની પૂર્વે અસંખ્યાત ભાગવૃદ્ધનાં સ્થાનો પણ આટલાં જ જાણવા આ દ્વયન્તરિત માર્ગણા કહી. પંચસંગ્રહ નામના ગ્રંથમાં કહ્યું છે કે "कण्डं कण्डस्स घणो वग्गो दुगुणो दुगंतराएउ" બંધનકરણગાથા ૫૩ પૂર્વાર્ધ કંડકનો ઘન ૧, કંડકના વર્ગ ૨, તથા ૧ કંડક આટલું દ્વયન્તરિત માર્ગણા જાણવું.

હવે ત્ર્યન્તરિત માર્ગણા સમજાવે છે. આ પ્રમાણે પ્રથમ અસંખ્યાત ગુણ વૃદ્ધસ્થાનથી નીચે અનંતભાગવૃદ્ધનાં સ્થાન કેટલાં થાય ? આ ત્ર્યન્તરિત માર્ગણા કહેવાય, કારણ કે ઉપરના બન્નેની વચ્ચે અસંખ્યાતભાગ અધિક, સંખ્યાતભાગ અધિક અને સંખ્યાતગુણ અધિક એમ ત્રણનું અંતર છે માટે આ ત્ર્યન્તરિત માર્ગતા જાણવી.

૧ કંડકવર્ગવર્ગ, ૩ કંડકઘન, ૩ કંડકવર્ગ અને ૧ કંડક આટલી ત્ર્યન્તરિત માર્ગણા જાણવી. આ જ પ્રમાણે પ્રથમ અનંતગુણઅધિક સ્થાન (૩૧૨૫)આવે તેની પૂર્વે અસંખ્યાત ભાગવૃદ્ધિવાળાં સ્થાનો પણ તેટલાં જ જાણવાં.

काऽत्र भावना = અહીં ભાવાર્થ કેવી રીતે જાણવો. તો તે સમજાવે છે કે પ્રથમ અસંખ્યાતગુણવૃદ્ધના સ્થાનથી (૬૨૫થી) નીચે એક એક સંખ્યેયગુણવૃદ્ધનાં જે (૧૨૫-૨૫૦-૩૭૫-૫૦૦ નંબરનાં) સ્થાનો આવે છે. તે ૧ કંડક પ્રમાણ છે. તેમાંના એક એક સંખ્યેય ગુણવૃદ્ધના સ્થાનની નીચે પ્રત્યેકમાં અનંતભાગવૃદ્ધનાં સ્થાનો ૧ કંડકઘન, ૨ કંડકવર્ગ અને ૧ કંડક થાય છે. જેમકે ચારનો ઘન ૬૪ થાય, તેને ચાર વડે ગુણાય એટલે ૨૫૬ થાય. આ ૨૫૬ને જ ચારનો વર્ગવર્ગ કહેવાય. અહીં ચારનો આંક એ એક કંડક સમજવું તેથી

| | | | | |
|---|---|---|---|---|
| | ઘન | વર્ગ | કંડક | |
| | ૧ | ૨ | ૧ | |
| X | ૧ કંડકથી | | | |
| | ૧ વર્ગ વર્ગ | ૨ ઘન | ૧ કંડકવર્ગ | |
| | + | ૧ ઘન | ૨ કંડકવર્ગ | ૧ કંડક |
| | ૧ વર્ગવર્ગ | ૩ ઘન | ૩ વર્ગ | ૧ કંડક |

બાજુમાં જે ગુણાકાર કરેલો છે ત્યાં ૧ કંડકધનને કંડકથી ગુણશો એટલે કંડક વર્ગવર્ગ થશે. ૨ કંડકવર્ગને કંડકથી ગુણશો એટલે ૨ ઘન થશે. અને છેલ્લા કંડકને કંડકથી ગુણશો એટલે ૧ કંડકવર્ગ થશે. અહીં વર્ગને વર્ગમૂલથી ગુણો એટલે ઘનની ઉત્પત્તિ થાય જેમ ૧૬ X ૪= ૬૪ તથા કંડકને કંડકથી ગુણો એટલે કંડકવર્ગ થાય. તથા સંખ્યાતગુણ વૃદ્ધના સ્થાનની ઉપર પણ ૧ ઘન, ૨ વર્ગ અને ૧ કંડક થાય છે તે પૂર્વરાશિમાં ઉમેરાય છે. તેથી ત્ર્યન્તરિતમાર્ગણામાં અનન્તભાગવૃદ્ધનાં સ્થાનો ૧ કંડકવર્ગવર્ગ, ૩ કંડકઘન, ૩ કંડકવર્ગ, અને ૧ કંડક પ્રાપ્ત થાય છે.

આ જ પ્રમાણે એક અનંતગુણઅધિકનું સ્થાન આવે તે પહેલાં અસંખ્યાતભાગ અધિકનાં સ્થાનો પણ આ જ પ્રમાણે વિચારવાં, પંચસંગ્રહ બન્ધનકરણમાં કહ્યું છે કે "कंडगस्स वग्गवग्गो, घणवग्गा तिगुणियाकंडं" ગાથા નંબર ૫૩ ॥ આ ત્ર્યન્તરિત માર્ગણા સમજાવી.

હવે પ્રથમ અનંત ગુણવૃદ્ધનું સ્થાન (૩૧૨૫મું) આવે તે પહેલાં અનંતભાગવૃદ્ધનાં સ્થાનો કેટલાં પ્રાપ્ત થાય ? આ ચતુરન્તરિત માર્ગણા કહેવાય. કારણ કે આ બન્નેની વચ્ચે અસંખ્યાતભાગ અધિક, સંખ્યાતભાગ અધિક, સંખ્યાતગુણ અધિક અને અસંખ્યાતગુણ અધિક એમ ચારનું વચ્ચે અંતર છે માટે ચતુરન્તરિત માર્ગણા

આ ચતુરન્તરિત માર્ગણામાં આઠ વર્ગવર્ગ, છ કંડકઘન, ચાર કંડકવર્ગ અને એક કંડક પ્રાપ્ત થાય છે. કેવી રીતે આ સંખ્યા પ્રાપ્ત થાય છે ? આવો પ્રશ્ન જો થતો હોય તો તેનો ઉત્તર આ પ્રમાણે છે.

અહીં કંડક એટલે અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ છે. તો પણ સમજવા માટે અસત્કલ્પના દ્વારા ચારનો આંક કલ્પાય છે.ત્યાં પ્રથમ અનંતગુણ વૃદ્ધનું સ્થાન જે (અસત્કલ્પના વડે ૩૧૨૫ મુ) છે. તેની પૂર્વે એક એક અસંખ્યાત ગુણ વૃદ્ધનાં સ્થાનો (૬૨૫-૧૨૫૦-૧૮૭૫-૨૫૦૦ એમ) એક કંડક પ્રમાણ આવે છે.

તેમાંના એક એક અસંખ્યાતગુણ અધિકના સ્થાનની નીચે અનંતભાગ અધિકનાં સ્થાનો ૧ કંડકવર્ગવર્ગ, ૩ કંડકઘન, ૩ કંડકવર્ગ અને એક કંડક આવે છે જે હમણાં જ સમજાવ્યાં છે. આવાં અસંખ્યાતગુણવૃદ્ધનાં સ્યાનો ૧ કંડક પ્રમાણ છે. તેથી ઉપરોક્ત સંખ્યાને કંડકવડે ગુણવામાં આવે છે.

અહીં કંડકવર્ગવર્ગ એટલે અસંખ્યાતા કંડક પ્રમાણ છે. તે પણ સમજવું સરળ પડે એટલે કંડકનો અર્થ ચારની સંખ્યા કલ્પાય છે. તેથી ૧ કંડકવર્ગવર્ગ જે છે તેને કંડકવડે અર્થાત્ અસત્કલ્પનાથી ચારવડે ગુણતાં ૪ કંડકવર્ગવર્ગ આવે,

તથા ૩ કંડકઘન છે તેને ચારની સંખ્યાવાળા કંડકવડે ગુણો એટલે ૧૨ કંડકઘન થશે. (૩ X ૪=૧૨) ૧ કંડકના ઘનને ચારવડે ગુણો એટલે તે કંડકવર્ગવર્ગ થાય (જેમ ૪ નો ઘન ૬૪ તેને કંડકવડે અર્થાત્ ૪ વડે ગુણો એટલે ૨૫૬ થાય. તે ૨૫૬ એ ૪ ના વર્ગનો વર્ગ થયો). તેથી ૧૨ કંડકઘન એટલે ૩ કંડકવર્ગવર્ગ થયા કહેવાય. સર્વસંખ્યાએ મળીને ૪+૩=૭ કંડકવર્ગવર્ગ થયા.

કંડકવર્ગ ત્રણ હતા તેને ચારની સંખ્યાવાળા કંડકવડે ગુણો. એટલે ૧૨ કંડકવર્ગ થયા. કંડકનો વર્ગ (૧૬) કંડકવડે (ચાર વડે) ગુણાય એટલે કંડકઘન (૬૪) થાય છે. જેમ ચારનો વર્ગ ૧૬ની સંખ્યા છે. તેને ચારની સંખ્યાવાળા કંડકવડે ગુણો એટલે ૬૪ની સંખ્યાવાળો કંડકનો ઘન થશે. આમ વિચારતાં આ ૧૨ કંડકવર્ગ જે છે તેના ૩ કંડકઘન થયા કહેવાય

તથા એક છેલ્લુ જે કંડક છે. તેને કંડકવડે ગુણો એટલે એક કડંક વર્ગ થશે. આટલાં સ્થાનો થયા પછી પણ અસંખ્યાતગુણ અધિકનું કંડક સમાપ્ત થયા બાદ પણ ઉપર ૧ કંડકવર્ગવર્ગ, ૩ કંડકઘન, ૩ કંડકવર્ગ અને એક કંડક પ્રાપ્ત થાય છે તે પૂર્વની રાશિમાં નંખાય છે આમ કરવાથી ૮ કંડકવર્ગવર્ગ, ૬ કંડકઘન, ૪ કંડકવર્ગ અને ૧ કંડકની સંખ્યા થાય છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કે – "अड कंडगवग्गवग्गा, वग्गा चत्तारि छग्घणा कंडं । चउअंतरवुड्डीए, हेठ्ठुाणप्परुवणया"

(પંચસંગ્રહ બંધનકરણ ગાથા ॥ ૫૪ ॥

આ જે કંઈ પ્રરૂપણા કરવામાં આવી છે તે સઘળી પણ અસત્કલ્પનાએ (ચારની સંખ્યાને કંડક કલ્પીને જ) કહેવામાં આવી છે. વાસ્તવિક રીતિએ તો ચાર એટલે જ એક કંડક ગણીને તેટલા કંડક પ્રમાણ કંડકવર્ગવર્ગ થાય છે. તેમ જ ૬ કંડકઘન ચાર કંડકવર્ગ અને એક કંડક આટલું ચતુરન્તારિત માર્ગણાં થાય છે.

| કંડકવર્ગવર્ગ | કંડકઘન | કંડકવર્ગ | કંડક |
|---|---|---|---|
| ૧ | ૩ | ૩ | ૧ |
| X | ૧ કંડક કલ્પનાથી-૪ | | |
| ૪ | ~~૧૨~~ | ~~૧૨~~ | ~~૪~~ |
| +૩ | ૩ | ૧ | |
| ૭ | ૩ | ૧ | |
| +૧ | ૩ | ૩ | ૧ |
| ૮ | ૬ | ૪ | ૧ |

અહીં બાર ધનના ત્રણ વર્ગવર્ગ થાય તે પૂર્વના ૪ વર્ગવર્ગમાં ઉમેરાય એટલે ૭ વર્ગવર્ગ થાય. બાર વર્ગને કંડકવડે ભાગતાં ૩ ઘન થાય, અને ૪ કંડકને ૪ વડે ભાગતાં ૧ વર્ગ થાય. જેથી સામે લખેલી સંખ્યા આવે છે. તેમાં ઉપરની સંખ્યા એક વાર ઉમેરાય છે જેથી શાસ્ત્રમાં કહેલી સંખ્યા બરાબર મળી રહે છે આ ચતુરન્તરિત માર્ગણા કહી.

તે આ પ્રમાણે પાંચ માર્ગણાઓ વડે અધસ્તન સ્થાન પ્રરૂપણા સમજાવી ॥૩૭ ॥

*અવતરણ - હવે વૃદ્ધિસ્થાન પ્રરૂપણા કરાય છે.*

**वुड्ढी हाणी छक्कं, तम्हा दोण्हं पि अंतमिल्लाणं ।**
**अंतोमुहुत्तमावलि, असंखभागो य सेसाणं ॥३८**

**ગાથાર્થ**-વૃદ્ધિ અને હાનિનું ષટ્કછે. ત્યાં અન્તિમ એવી વૃદ્ધિ અને હાનિનો કાલ અંતર્મુહૂર્ત સમજવો. બાકીના પાંચેનો કાલ આવાલિકાનો અસંખ્યાતમો ભાગ જાણવો. ॥ ૩૮ ॥

**વિવેચન**- અહીં સંસારી જીવોમાં પરિણામની ધારા જેમ જેમ બદલાય છે. તેમ તેમ તે પરિણામની ધારાને અનુસારે કર્મ પરમાણુઓમાં બંધાતા અનુભાગનું ઉપર કહેલા સ્વરૂપ પ્રમાણે વૃદ્ધિ અને હાનિનું ષટ્ક થાય છે.

ત્યાં કઈ વૃદ્ધિ અથવા કઈ હાનિ કેટલો કાળ સુધી થાય છે તે અવશ્ય જણાવવું જોઈએ તેથી તે દરેકનો કાળ જણાવાય છે ત્યાં અન્તિમ એવી વૃદ્ધિનો અને અંતિમ એવી હાનિનો એમ આ બન્નેનો કાળ એટલે કે અનંતગુણવૃદ્ધિ અને અનંતગુણહાનિનો કાળ એક અંતર્મુહૂર્ત જાણવો.

એટલે સારાંશ એ છે કે કોઈ કોઈ જીવો પૂર્વે પૂર્વે જે અનુભાગબંધ કરતા હોય છે તેના કરતાં અનંતગુણવૃદ્ધિ વડે અથવા અનંતગુણહાનિ વડે જો અનુભાગબંધ કરે તો નિરંતર સતત અંતર્મુહૂર્ત સુધી વધારેમાં વધારે કરી શકે છે.

અનંતગુણવૃદ્ધિ અને અનંતગુણહાનિને છોડીને બાકીની(૧) અનંતભાગ અધિક, (૨) અસંખ્યાતભાગ અધિક, (૩) સંખ્યાત ભાગઅધિક (૪) સંખ્યાતગુણ અધિક અને (૫) અસંખ્યાતગુણ અધિક આમ કુલ શેષ પાંચ પ્રકારની જે વૃદ્ધિ અને હાનિ છે તે પાંચેનો કાળ આવલિકાના અસંખ્યાતમા ભાગ માત્ર પ્રમાણ કાળ જાણવો.

સારાંશ કે જો નિરંતરપણે પ્રથમની પાંચ વૃદ્ધિરૂપે અથવા પ્રથમની પાંચ હાનિ રૂપે અનુભાગનો જો બંધ આ જીવ કરે તો વધારેમાં વધારે આવલિકાના અસંખ્યાતમા ભાગમાત્ર કાલ સુધી જ કરે છે.

આ છએ વૃદ્ધિ અને છએ હાનિનો જે કંઈ કાળ કહેવામાં આવ્યો છે તે ઉત્કૃષ્ટથી જાણવો. જઘન્યથી તો સર્વે પણ વૃદ્ધિ અને હાનિ એક સમય સુધી અથવા બે સમય સુધી જ ચાલે છે આમ સમજી લેવું. આ વૃદ્ધિ અને હાનિના કાળની પ્રરૂપણા કરી. ॥ ૩૮ ॥

*અવતરણ :- આ સઘળાં ય પણ અનુભાગબંધનાં સ્થાનોમાં બંધને આશ્રયી અવસ્થાનનો (રહેવાનો) કાળ જે છે તેનું માપ જણાવાય છે.-*

**चउराइ जावट्ठगमेत्तो, जावं दुगं तिसमयाणं ।**
**ठाणाणं उक्कोसो, जहन्नओ सव्वहिं समओ ॥ ३९ ॥**

ગાથાર્થ- કાળ ચાર સમયથી પ્રારંભીને યાવત્ આઠ સમય સુધીનો અને ત્યાર પછીનાં સ્થાનોનો કાળ યાવત્ બે સમય સુધીનો ઉત્કૃષ્ટથી જાણવો. જઘન્યથી સર્વસ્થાનોનો કાળ એક સમયમાત્ર જાણવો. ॥ ૩૯ ॥

**વિવેચન-** "ચારની સંખ્યા" છે આદિમાં જેને તે ચતુરાદિ કહેવાય છે. આમ ચતુરાદિ સમયવાળી વૃદ્ધિ જાણવી. કોઈ પણ એક અનુભાગ બંધના અધ્યવસાય સ્થાનમાં સતત રહેવાનો કાળ ચાર સમયથી પ્રારંભીને ત્યાં સુધી જાણવો કે યાવત્ આઠ સમયનો કાળ થાય. ત્યાર પછીનાં અનુભાગ બંધનાં સ્થાનોમાં કાળ એક એક સમયની હાનિ કરવી. તે એક એક સમયની હાનિ કરતાં કરતાં યાવત્ બે સમયનો કાળ આવે ત્યાં સુધી કહેવું.

અનુભાગબંધનાં સ્થાનોનો આ વૃદ્ધિ અથવા આ હાનિનો કાળ ઉત્કૃષ્ટથી જાણવો. જઘન્યથી તો સર્વસ્થાનોની સર્વ પ્રકારની વૃદ્ધિનો અને સર્વ પ્રકારની હાનિનો કાળ માત્ર એક સમય જાણવો.

ભાવાર્થ આ પ્રમાણે છે : સંસારી જીવો જે અનુભાગબંધનાં સ્થાનો નિરંતર - સતત (વચ્ચે વિરામ પામ્યા વિના) બાંધે છે. જીવો તેમાં વર્તે છે. તે પ્રારંભના સ્થાનોમાં ઉત્કૃષ્ટથી ચાર સમયસુધી જીવ વર્તે છે. જીવો ચાર સમય સુધી તેમાં વર્તીને અનુભાગનો બંધ કરે છે તે અધ્યવસાયસ્થાનોને ચતુઃસામયિક (ચાર સમયના કાળ વાળાં) કહેવાય છે.

આવાં સતત ચાર સમય સુધી વધારેમાં ટકી શકે એવાં રસબંધનાં અધ્યવસાયસ્થાનો અસંખ્યાતાં છે અર્થાત્ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તેનાથી ઉપરનાં જે અનુભાગબંધનાં સ્થાનો છે. તે પાંચ સમય સુધી રહેનારાં છે તે અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ છે. તેનાથી પણ ઉપરનાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ જે અનુભાગબંધનાં સ્થાનો છે. તે છ સમય સુધી ઉત્કૃષ્ટથી ટકે તેવાં છે તેનાથી પણ ઉપરનાં સાતસમય સુધી ટકી રહે તેવાં અનુભાગબંધનાં સ્થાનો છે અને તે પણ અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ

છે તેનાથી પણ ઉપરનાં રસબંધનાં અધ્યવસાયસ્થાનો અસંખ્યાતાં છે કે જે આઠ સમય સુધી ઉત્કૃષ્ટથી ટકે છે. તે અધ્યવસાય સ્થાનો પણ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે.

તેના પછીનાં આગળલાં અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનો સાત સમય સુધી રહે તેવાં છે તે પણ અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ છે. આ પ્રમાણે તેના પછી પછીનાં અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો અનુક્રમે છ સમય સુધી રહે તેવાં, પાંચ સમય સુધી રહે તેવાં, ચાર સમય સુધી રહે તેવાં, ત્રણ સમય સુધી રહે તેવાં અને યાવત્ બે સમયસુધી રહે તેવાં છે

આ પ્રમાણે આ અનુભાગબંધના સ્થાનો ૪-૫-૬-૭-૮-૭-૬-૫-૪-૩-૨ સમય સુધી રહે તેવાં અસંખ્યાત અસંખ્યાત છે. ॥ ૩૯ ॥

***અવતરણ:- તો આ પ્રમાણે સમયની પ્રરૂપણા સમાપ્ત કરી, હવે જે અનુભાગ બંધમાં અધ્યવસાય સ્થાનો આઠ સમયના કાળવાળાં છે તે જે વૃદ્ધિમાં અથવા જે હાનિમાં પ્રાપ્ત થાય છે તે જણાવે છે-***

**दुसु जवगज्झं, थोवाणि अट्ठसमयाणि दोसु पासेसु ।**
**समऊणियाणि कमसो, असंखगुणियाणि उप्पिं च ॥ ४० ॥**

ગાથાર્થ- યવનો મધ્યભાગ બન્ને પ્રકારની વૃદ્ધિમાં અને હાનિમાં પ્રાપ્ત થાય છે આઠ સમયવાળાં સ્થાનો થોડાં છે તેના કરતાં બન્ને પક્ષે રહેલાં સમયન્યૂન સમયન્યૂન વાળાં સ્થાનો તથા ઉપરનાં ત્રણ સમયવાળાં અને બે સમયવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં છે ॥ ૪૦ ॥

વિવેચન- યવના મધ્યભાગની જેમ જે મધ્યવર્તી અનુભાગબંધનાં સ્થાનો છે. તે સ્થાનો એટલે કે આઠ સમયનો કાળ છે જેનો એવાં આઠ સમયના કાળવાળાં, યવનો મધ્યભાગ જેમ ઘણો પહોળો હોય છે અને તેની બન્ને બાજુ હીન-હીનતર હોય છે તેમ અહીં પણ કાલથી જે ઘણા પહોળાં છે તે આઠ સમયવાળાં અનુભાગબંધનાં સ્થાનો ઘણાં છે અને બન્ને બાજુ રહેલાં સાત સમય આદિના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનો હીન-હીનતર છે.

તેથી આઠ સમયના કાળવાળાં અનુભાગબંધનાં જે સ્થાનો છે તે યવમધ્ય કહેવાય છે તે સ્થાનો એટલે કે આઠ સમયના કાળવાળાં જે સ્થાનો છે તેમાંના આદ્ય એટલે કે પ્રથમ અનુભાગબંધના સ્થાનથી પ્રારંભીને અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ સર્વે પણ અનુભાગ બંધનાં સ્થાનો અનન્તગુણ વૃદ્ધિમાં પ્રાપ્ત થાય છે.

સારાંશ એ છે કે પૂર્વવર્તી સાત સમયના કાળવાળાં અનુભાગ બંધનાં જે સ્થાનો છે તેમાંના ચરમ અનુભાગબંધના સ્થાનથી આઠ સમયના કાળવાળુ પહેલું અનુભાગબંધનું સ્થાન અનન્તગુણ વૃદ્ધિવાળું છે.

જો આઠસમયના કાળવાળું પહેલું અનુભાગબંધનું સ્થાન અનંતગુણવિશુદ્ધિવાળું હોય તો શેષ એવાં બાકીનાં બધાં જ આઠ સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનો તો તેની અપેક્ષાએ (સાતસમયના કાળ વાળાના ચરમ અનુભાગબન્ધના સ્થાનની અપેક્ષાએ) અનંતગુણવૃદ્ધિવાળાં હોય જ છે.

આઠ સમયના કાળવાળાં જે અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનો છે. તેમાંના ચરમ સ્થાનથી ઉપરિતન ભાગવર્તી સાતસમયના કાળવાળું પ્રથમ સ્થાન પણ અનન્તગુણ વૃદ્ધિવાળું છે તેથી તે સાતસમયના કાળવાળા પ્રથમ અનુભાગબંધના સ્થાનની અપેક્ષાએ પાછળ રહેલાં આઠ સમયના કાળવાળાં સર્વ પણ અનુભાગબંધનાં સ્થાનો અનન્ત ગુણહીન જ હોય છે.

આ રીતે આઠ સમયના કાળવાળાં એટલે કે યવમધ્યવાળાં અનુભાગબંધનાં સ્થાનો પૂર્વતરવર્તી સાત સમયના કાળવાળાની અપેક્ષાએ અનંત ગુણ વૃદ્ધિવાળાં અને પશ્ચાદ્ ભાગવર્તી સાતસમયના કાળવર્તીની અપેક્ષાએ અનંતગુણ હાનિવાળાં આમ दुसु जावमज्झं આ યવનો મધ્યભાગ બન્નેમાં (અનંતગુણવૃદ્ધિમાં અને અનંતગુણહાનિમાં) પ્રાપ્ત થાય છે.

"યવમધ્ય એટલે આઠ સમયના કાળવાળાં दुसु બન્ને પ્રકારની અનંત ગુણવૃદ્ધિ અને અનંતગુણહાનિમાં પ્રાપ્ત થાય છે" આ વાત તો ઉપલક્ષણવાળી છે એટલે કે બીજુ પણ અધ્યાહારથી તેમાં લઈ લેવાનું છે. તેથી આદ્ય ચારસમયવાળાં અને સર્વથી અન્તિમ બે સમયના કાળ વાળાં એમ બે જાતનાં અનુભાગબંધનાં સ્થાનો વર્જીને શેષ સઘળાં પણ "૫-૬-૭-૮-૭-૬-૫-૪-૩" સમયના કાળવાળાં અનુભાગ બંધનાં સ્થાનો ઉપર કહેલી દિશા પ્રમાણે અનન્ત ગુણવૃદ્ધિમાં તથા અનન્તગુણહાનિમાં એમ બન્નેમાં પ્રાપ્ત થાય છે આમ સમજવું.

પ્રારંભિક ચારસમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનો (તેની ઉપરના પાંચ સમયના કાળવાળાની અપેક્ષાએ) અનંતગુણહાનિમાં જ પ્રાપ્ત થાય છે. કારણ કે તે ચાર સમયના કાળવાળા અનુભાગબંધના સ્થાનથી તેની ઉપરનાં પાંચ સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનો અનંતગુણ વૃદ્ધ છે તે માટે.

તેવી જ રીતે અન્ત્ય બે સમયના કાળ વાળાં અનુભાગબંધનાં સ્થાનો અનંતગુણવૃદ્ધિમાં જ પ્રાપ્ત થાય છે તેની નીચેનાં ત્રણ સમયના કાળવાળાં અનુભાગ બંધનાં સ્થાનો અનંતગુણહીન હોવાથી.

આ રીતે વિચારતાં પ્રાથમિક ચાર સમયવાળાં અને સર્વોપરિ બે સમયના કાળવાળાં અનુભાગ બંધનાં સ્થાનો અનુક્રમે અનંતગુણહાનિમાં અને અનંતગુણવૃદ્ધિમાં એમ એક

એકમાં જ પ્રાપ્ત થાય છે. બાકીનાં વચ્ચેનાં બધાં જ અનુભાગબંધનાં સ્થાનો દુસુ = બન્નેમાં એટલે કે અનંતગુણવૃદ્ધિમાં અને અનંતગુણ હાનિમાં પ્રાત થાય છે.

આ યવમધ્ય પ્રરૂપણા પૂર્ણ કરી હવે ચારસમયના કાળવાળાં અને પાંચ સમય આદિના કાળવાળાં આ અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનોમાં ક્યાં અલ્પ છે અને ક્યાં બહુ છે ? તે સમજાવવા માટે અલ્પબહુત્વ દ્વાર સમજાવે છે-

યવના મધ્યભાગવાળાં આઠસમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનો સૌથી અલ્પ છે. અતિશય લાંબો કાળ ટકે એવાં બન્ધયોગ્ય સ્થાનો થોડાં જ હોય છે. તેના કરતાં આગળ-પાછળ રહેનારાં સાતસમયના કાળવાળાં અલ્પતર બંધકાળને યોગ્ય હોવાથી અસંખ્યાતગુણાં છે અને સ્વસ્થાનમાં પરસ્પર તુલ્ય છે.

આ પ્રમાણે પૂર્વવર્તી અને ઉત્તરવર્તી એમ બન્ને પડખે રહેલાં અનુક્રમે સમયન્યૂન સમયન્યૂનવાળાં અનુભાગબંધના સ્થાનો અસંખ્યાત ગુણાકારે જાણવાં. એમ યાવત્ ચાર સમયના કાળ વાળાં સ્થાનો સુધી જાણવું. તે ચાર સમયના કાળવાળાં સ્થાનો કરતાં માત્ર ઉપરતનભાગવર્તી ત્રણ સમયના કાળવાળાં અને બે સમયના કાળવાળાં અસંખ્યાતગુણાં અસંખ્યાતગુણાં અનુક્રમે જાણવાં ॥ ૪૦ ॥

***અવતરણ: સર્વ મળીને અનુભાગ બન્ધનાં સ્થાનોના સમુદાયમાં કેટલાં સ્થાનો થાય ? તેની વિશેષ સંખ્યાને જણાવતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે-***

**सुहुमगणिपवेसणया, अगणिकाया य तेसिं कायठिई ।**
**कमसो असंखगुणियाण, (अ)ज्झवसाणाणि अणुभागे ॥ ४१ ॥**

ગાથાર્થ- સૂક્ષ્મ અગ્નિકાયમાં પ્રવેશ કરતા જીવો, તથા અગ્નિકાય તરીકે વર્તતા જીવો, તથા તે અગ્નિકાય જીવોની સ્વકાયસ્થિતિકાલ, આ ત્રણે વસ્તુ અનુક્રમે અસંખ્યાતગુણી છે આ ત્રણે કરતાં અનુભાગમાં અધ્યવસાયવસ્થાનો અનુક્રમે અસંખ્યાતગુણાં છે. ॥૪૧॥

વિવેચન- સૂક્ષ્મ એવા અગ્નિકાયમાં પ્રવેશ કરતા =(ઉત્પન્ન થતા) જીવો એટલે કે સૂક્ષ્મ અગ્નિકાયપણે ઉત્પત્તિ છે જે જીવોની તે જીવો અર્થાત્ સૂક્ષ્મ અગ્નિકાયમાં ઉત્પન્ન થવા રૂપે પ્રવેશ કરતા જીવો, તથા અગ્નિકાય પણે વર્તતા અર્થાત્ અવસ્થિત જીવો, તથા તે અગ્નિકાય જીવોની કાયસ્થિતિકાય. (સ્વકાય સ્થિતિકાલ) અર્થાત્ વારંવાર સતત અગ્નિકાય પણે જ જન્મનો કાળ. આ ત્રણે ભાવો અનુક્રમે અસંખ્યાતગુણા છે. તથા અનુભાગના વિષયમાં થતાં અધ્યવસાય સ્થાનો. તથા ઉપચારથી તે તે અધ્યવસાય સ્થાનો દ્વારા બાંધવાયોગ્ય અનુભાગબંધમાં સ્થાનો અનુક્રમે અસંખ્યાતગુણાં છે.

અહીં ઉપરની વાતનો વિશેષ ભાવાર્થ આ પ્રમાણે છે (૧) એકીસાથે સૂક્ષ્મઅગ્નિકાયમાં સૂક્ષ્મ અગ્નિકાય પણે ઉત્પન્ન થતા જે જીવો છે. તે સર્વથી થોડા છે તો પણ તે જીવો અસંખ્યાત લોકાકાશના આકાશપ્રદેશ પ્રમાણ છે. તેના કરતાં પણ અગ્નિકાય પણે જે વર્તે છે. (જીવે છે) તે જીવો અસંખ્યાત ગુણા છે. તેના કરતાં પણ અગ્નિકાયજીવોની સ્વકાયસ્થિતિકાલ અસંખ્યાત ગુણો છે તેના કરતાં પણ અનુભાગ બંધનાં સ્થાનો અસંખ્યાતગુણાં છે. આટલું મોટું અસંખ્યાતું અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનોનું પ્રમાણ જાણવું. ॥૪૧ ॥

*અવતરણ :- હવે ઓજોયુગ્મ પ્રરૂપણા કરવાનો અવસર છે ત્યાં ओजो = એટલે વિષમ અને યુગ્મ એટલે સમાન, તેની પ્રરૂપણા તેનું નામ ઓજોયુગ્મ પ્રરૂપણા.*

અહીં વિવક્ષિત એવી કોઈ પણ ચાર રાશિને (જેમકે ૧૩, ૧૪, ૧૫, ૧૬ને) ચારવડે ભાગે છતે જે રાશિમાં એકશેષ વધે તે સંખ્યાને પૂર્વકાલીન મહાપુરુષોની ભાષા વડે **કલ્યોજ** કહેવાય છે. જેમકે તેરની સંખ્યા. જે રાશિમાં બે શેષ વધે તે **દ્વાપરયુગ્મ** કહેવાય છે જેમકે ચૌદની સંખ્યા, અને જેમાં ત્રણ શેષ વધે તેને ત્રેતૌજ કહેવાય છે જેમકે પંદરની સંખ્યા, અને જે રાશિ સર્વથા નિર્લેપ થાય અર્થાત્ ચારવડે ભાગતાં જો કંઈ પણ શેષ ન વધે તો તે રાશિને **કૃતયુગ્મ** કહેવાય છે.

ત્યાં આ અનુભાગબંધના અધિકારમાં રસાવિભાગો, વર્ગણાઓ, સ્પર્ધકો વિગેરે જે કોઈ પદાર્થો સમજાવવામાં આવ્યા છે. તે કઈ રાશિમાં આવે ? શું કલ્યોજ કહેવાય કે દ્વાપરયુગ્મ કહેવાય કે તે ત્રેત્ર્યોજ કહેવાય કે શું કૃતયુગ્મ કહેવાય ? તે હવે જણાવે છે ?

**कडजुम्मा अविभागा, ठाणाणि य कंडगाणि अणुभागे ।**
**पज्जवसाणमणंतगुणाओ, उप्पि न अणंतगुणं ॥ ४२ ॥**

**ગાથાર્થ-** અનુભાગબંધના વિષયમાં રસાવિભાગ, કંડકસ્થાનો વિગેરે ભાવો કૃતયુગ્મરાશિવાળા જાણવા. અનંતગુણવૃદ્ધિનું કંડક સમાપ્ત થયા બાદ ફરીથી અનંત ગુણવૃદ્ધિવાળું સ્થાન પ્રાપ્ત થતું નથી. કારણ કે આ જ ષટસ્થાનકનું પર્યવસાન છે ॥૪૨॥

**વિવેચન-** અનુભાગબંધમાં રસાવિભાગો, તથા (વર્ગણાઓ સ્પર્ધકો અને) કંડકો વિગેરે જે કંઈ કહેવામાં આવ્યું છે તે કૃતયુગ્મરાશિવાળું જાણવું. અર્થાત્ આ સર્વની રાશિને ચારવડે ભાગતાં ઝીરો આવે તેવી સંખ્યા છે પણ એક-બે કે ત્રણ શેષ વધે તેવી નથી. આ ઓજોયુગ્મ પ્રરૂપણા કહી. હવે પર્યવસાન દ્વાર કહીશું.

અનંતગુણથી એટલે કે અનંતગુણવૃદ્ધિનું કંડક સમાપ્ત થયા બાદ તેનાથી ઉપર પાંચ પ્રકારની (અનંતભાગાદિ સ્વરૂપ) વૃદ્ધિ કહીને તે પ્રમાણેનાં સર્વ સ્થાનો ઓળંગીને ફરીથી

અનંતગુણવૃદ્ધિ વાળું સ્થાન પ્રાપ્ત થતું નથી. કારણ કે ત્યાં વિવક્ષિત આ ષટ્સ્થાનક સમાપ્ત થયેલું છે આમ જાણવું. અનંતગુણની વૃદ્ધિવાળું કંડક સમાપ્ત થયા બાદ પાંચવૃદ્ધિવાળાં સ્થાનો કહી દેવાં પણ આગળ અનંતગુણવૃદ્ધવાળું સ્થાન ન કહેવું કારણકે તેમાં જે સર્વથી અન્તિમ સ્થાન આવે તે જ ષટ્સ્થાનકનું પર્યવસાન જાણવું (ષટ્સ્થાનકનો અંત જાણવો.) ॥ ૪૨ ॥

*અવતરણ - હવે અલ્પબહુત્વની પ્રરૂપણા કરવા માટે જણાવે છે-*

**अप्पबहुमणंतरओ, असंखगुणियाणणंतगुणमाई ।**
**तव्विवरीय मियरओ, संखेज्जस्खेसु संखगुणं ॥ ४३ ॥**

ગાથાર્થ- અલ્પબહુત્વમાં અનંતરોપનિધામાં અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનોને આદિમાં કરીને અસંખ્યાતગુણ અધિક પણે જાણવું. પરંપરોપનિધામાં તેનાથી વિપરીત જાણવું. તેમાં પણ સંખ્યાત ભાગ અને સંખ્યાતગુણમાં સંખ્યાતગુણાં જાણવાં. ॥ ૪૩ ॥

**વિવેચન**- આ ષટ્સ્થાનકમાં અલ્પબહુત્વ પ્રરૂપણા બે પ્રકારે હોય છે (૧) અનંતરોપનિધા અને (૨) પરંપરોપનિધા. ત્યાં એક ષટ્સ્થાનકમાં અન્તિમ સ્થાનથી આરંભીને પશ્ચાનુપૂર્વીએ અનન્તરોપનિધા દ્વારા પ્રરૂપણા કરવામાં अनंतगुणादीनि = અનંતગુણ વૃદ્ધિવાળાં સ્થાનોને આદિમાં કરીને શેષ સર્વે પણ સ્થાનો અસંખ્યાતગણાં-અસંખ્યાતગણાં જાણવાં.

તે આ પ્રમાણે- અનંતગુણની વૃદ્ધિવાળાં સ્થાનો સર્વથી થોડાં છે કારણ કે તે માત્ર ૧ કંડકપ્રમાણ છે (આગળ ગાથાઓમાં સમજાવ્યા પ્રમાણે અસત્કલ્પનાવડે ૩૧૨૫, ૬૨૫૦, ૯૩૭૫, ૧૨૫૦૦મા નંબરવાળાં માત્ર ૧ કંડક પ્રમાણ સ્થાનો જ છે.)

તેના કરતાં અસંખ્યાતગુણની વૃદ્ધિવાળાં સ્થાનો અસંખ્યાત ગુણ છે. અહીં આ ગુણાકાર ક્યો લેવો ? તો કહેવાય છે કે કંડકવડે ગુણાકાર કરવો અને સર્વોપરિ એક કંડક વધારે પ્રક્ષિપ્ત કરીને જાણવું. કારણ કે અસત્કલ્પનાવડે વિચારીએ તો ૩૧૨૫ નંબરનું અનંતગુણવૃદ્ધિનું એક સ્થાન આવે તે પહેલાં અસંખ્યાત ગુણવૃદ્ધિવાળાં સ્થાનો ૬૨૫, ૧૨૫૦, ૧૮૭૫, ૨૫૦૦ આમ ૧ કંડક પ્રમાણ થાય છે. આ રીતે એક એક અનંતગુણ વૃદ્ધિના સ્થાનની નીચે અસંખ્યાતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કંડક કંડક પ્રમાણ પ્રાપ્ત થાય છે.

તેથી કંડકને કંડકવડે ગુણીએ તેટલાં સ્થાનો અસંખ્યાત ગુણવૃદ્ધિનાં થયાં. તદુપરાંત અનન્ત ગુણવૃદ્ધિનાં સ્થાનોનું કંડક ૩૧૨૫, ૬૨૫૦, ૯૩૭૫, અને તે ૧૨૫૦૦, નું સમાપ્ત થાય ત્યારબાદ પણ ૧૨૫૦૦થી ૧૫૬૨૪ની વચ્ચે પણ અસંખ્યાતગુણ વૃદ્ધિવાળાં સ્થાનો ૧ કંડક પ્રમાણ પ્રાપ્ત થાય છે. પરંતુ ૧૫૬૨૫મું અનંત ગુણવૃદ્ધિનું સ્થાન પ્રાપ્ત થતુ નથી કારણ કે ત્યાં ષટ્સ્થાનક સમાપ્ત થયેલું હોય છે તેથી અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો કરતાં

અસંખ્યાત ગુણ વૃદ્ધવાળાં સ્થાનો કંડક વડે ગુણો તેટલાં તો છે તથા ઉપરિતન ભાગવાળું એક કંડક અધિક પણ છે તેથી તેનો તેમાં પ્રક્ષેપ કરતાં અનંત ગુણવૃદ્ધિવાળા સ્થાનો કરતાં અસંખ્યાત ગુણવૃદ્ધિવાળાં સ્થાનો સારી રીતે અસંખ્યાતગુણ થઈ શકે છે.

તે અસંખ્યાતગુણ વૃદ્ધિ વાળાં સ્થાનો કરતાં સંખ્યાતગુણવૃદ્ધિ વાળાં જે સ્થાનો છે તે અસંખ્યાતગુણાં છે એક એક સ્થાનમાં કંડક કંડક જેટલાં સ્થાનો આવતાં હોવાથી, જેમકે ૬૨૫ નંબરના એક અસંખ્યાતગુણવદ્ધિ વાળા સ્થાનની નીચે ૧૨૫-૨૫૦-૩૭૫-અને ૫૦૦ એમ ૧ કંડક પ્રમાણ સ્થાનો સંખ્યાતગુણવૃદ્ધિનાં થાય છે. આ કારણે તે અસંખ્યાત ગુણાં છે.

આ સંખ્યાતગુણ વૃદ્ધિવાલાં સ્થાનો કરતાં સંખ્યાતભાગ અધિકનાં સ્થાનો અસંખ્યાત ગુણાં છે કારણ કે સંખ્યાતગુણ વૃદ્ધિના એક એક સ્થાનની નીચે સંખ્યાતભાગવૃદ્ધિનાં સ્થાનો કંડક કંડક પ્રમાણ આવે છે જેમકે ૧૨૫મા સંખ્યાતગુણવૃદ્ધિના સ્થાનની નીચે સંખ્યાત ભાગ અધિકના સ્થાનો ૨૫-૫૦-૭૫-૧૦૦ એમ કંડક કંડક આવે છે માટે.

એ જ પ્રમાણે સંખ્યાતભાગવૃદ્ધિનાં સ્થાનો કરતાં અસંખ્યાત ભાગવૃદ્ધિનાં સ્થાનો અસંખ્યાતગુણાં છે. અને તેના કરતાં પણ અનંત ભાગ વૃદ્ધિનાં સ્થાનો અસંખ્યાતગુણ છે. સર્વ ઠેકાણે ગુણાકાર એક કંડક પ્રમાણ જાણવો. તથા ગુણાકાર કર્યા પછી પણ ૧ કંડક અધિક સર્વોપરિ જાણવું.

આ પ્રમાણે અનન્તરોપનિધા દ્વારા અલ્પબહુત્વની પ્રરૂપણા કરી.

હવે પરંપરોપનિધા વડે તે અલ્પબહુત્વની પ્રરૂપણા કરાય છે. તે પરંપરોપનિધા વડે તેની પ્રરૂપણા કરતા ગ્રંથકાર શ્રી જણાવે છે કે- ઇતર ઉપનિધામાં એટલે કે અમે અનંત રોપનિધા સમજાવી છે. તેનાથી ઇતર એવી જે ઉપનિધા અર્થાત્ પરંપરોનિધા, તેમાં અલ્પબહુત્વ વિપરીતપણે જાણવું. અર્થાત્ જે ક્રમે અનંતરોપનિધામાં અલ્પબહુત્વ કહ્યું. તેના કરતાં પરંપરોનિધામાં વિપરીત પણે અલ્પબહુત્વ જાણવું.

અનંતરોપનિધામાં અનંતગુણવૃદ્ધિથી આરંભીને અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ કહ્યાં છે. તેને બદલે આ પરંપરોપનિધામાં વિપરીતપણે જાણવું અહીં આદિથી આરંભીને કહેવું. (૧) અનંત ભાગ અધિકનાં સ્થાનો સૌથી થોડાં, તેના કરતાં અસંખ્યાત ભાગ અધિકનાં સ્થાનો અસંખ્યાત ગુણાં, તેના કરતાં સંખ્યાત ભાગ અધિકનાં, તેના કરતાં સંખ્યાતગુણ અધિકનાં તેના કરતાં અસંખ્યાતગુણ અધિકનાં, અને તેના કરતાં અનંતગુણ અધિકનાં સ્થાનો અસંખ્યાત ગુણ અસંખ્યાતગુણ જાણવાં.

આ વિષયની પરંપરોપનિધાની સ્પષ્ટતા આ પ્રમાણે છે. અનંત ભાગવૃદ્ધનાં સ્થાનો

સૌથી અલ્પ છે. કારણ કે તે ૧ કંડક પ્રમાણ માત્ર જ છે. જે કલ્પનાથી ૧ થી ૪ સુધીનાં જે સ્થાનો છે. તે જ છે. તેના કરતાં અસંખ્યાતભાગવૃદ્ધિનાં સ્થાનો અસંખ્યાતગુણાં છે કારણ કે પ્રથમ આવતું અસંખ્યાત ભાગવૃદ્ધિનું સ્થાન (કલ્પના માત્ર થી પાંચમા નંબરનુ સ્થાન) જો પાછલા અનંત ભાગ અધિકના કંડક સંબંધી (૧ થી ૪ ના કંડક સંબંધી) અન્તિમ સ્થાન (જે ચાર નંબરનું સ્થાન) છે તેની અપેક્ષાએ અસંખ્યાતભાગ અધિક છે તો પછી તેની ઉપરનું (૬ થી ૯ નંબરવાળું) અનંતભાગવૃદ્ધિવાળું આખુ કંડક તો તે ૪ નંબરવાળા અનંતભાગ અધિકના અન્તિમ સ્થાનની અપેક્ષાએ સારી રીતે અસંખ્યાતભાગ વૃદ્ધિવાળું જ કહેવાય.

જો કે આ છ નંબરનું સ્થાન અનન્તરપણે પૂર્વના પાંચ નંબરવાળા અસંખ્યાતભાગની વૃદ્ધિવાળા સ્થાનની અપેક્ષાએ અનંતભાગવૃદ્ધિવાળું જ છે તો પણ તે અનન્તભાગની વૃદ્ધિવાળું છ નંબરનું સ્થાન પાછલા (૧ થી ૪ નંબરવાળા) અનંતભાગ અધિકની વૃદ્ધિવાળા કંડકના ચરમસ્થાન (૪ નંબરના સ્થાન)ની અપેક્ષાએ તો અસંખ્યાતભાગ અધિક જ થાય છે. આ પરંપરોપનિધા છે.

સારાંશ કે છ નંબરવાળું સ્થાન પાંચનંબરવાળા સ્થાન કરતાં ભલે અનંતભાગ અધિક હોય. પરંતુ તે ચાર નંબરવાળા સ્થાનની અપેક્ષાએ તો અસંખ્યાતભાગ અધિક જ થાય. તથા સાત-આઠ અને નવ નંબરવાળાં સ્થાનો પૂર્વ પૂર્વની અપેક્ષાએ ભલે અનંતભાગ અધિક હોય તો પણ આ પરંપરોપનિધામાં ચાર નંબરવાળા સ્થાનની અપેક્ષાએ તો તે સર્વે અસંખ્યાતભાગ *અધિક જ થાય.*

આ રીતે વિચારતાં ૪ નંબરવાળા સ્થાનની અપેક્ષાએ પાંચ-છ-સાત-આઠ-નવ નંબરવાળાં સ્થાનો અસંખ્યાતભાગ અધિક જ થશે યાવત્ ૨૫ નંબરવાળું સંખ્યાત ભાગ અધિકવાળું પ્રથમ સ્થાન ન આવે ત્યાં સુધીનાં તમામ સ્થાનો (૫ થી ૨૪ સુધીનાં સ્થાનો) ચાર નંબરના સ્થાનથી અપેક્ષાએ અસંખ્યાત ભાગ અધિક જ કહેવાશે.

આ રીતે આ પરંપરોનિધા ચાલે છે માટે પ્રથમ અસંખ્યાતભાગ વૃદ્ધિવાળા (પાંચ નંબરના) સ્થાનથી આરંભીને પ્રથમ સંખ્યાતભાગ વૃદ્ધિવાળું (૨૫ નંબરનું) સ્થાન આવે તે પહેલાંના અન્તરાલવર્તી (૫ થી ૨૪ સુધીનાં) તમામ સ્થાનો ચાર નંબરના સ્થાનની અપેક્ષાએ તો વિશેષ વિશેષતર અને વિશેષતમભાવે અસંખ્યાતભાગવૃદ્ધિવાળાં જ પ્રામ થશે. તેથી અનંતભાગની વૃદ્ધિવાળાં (૧ થી ૪) સ્થાનો કરતાં અસંખ્યાતભાગની વૃદ્ધિવાળાં (૫ થી ૨૪ સુધીનાં) સ્થાનો સારી રીતે અસંખ્યાત ગુણાં થાય છે.

જો કે છ નંબરવાળું સ્થાન આનન્તર્યપણે પાંચનંબરના સ્થાનની અપેક્ષાએ અનંતભાગની વૃદ્ધિવાળું જ છે તેમ સાત નંબરવાળું સ્થાન છ નંબરવાળાની અપેક્ષાએ અને આઠ નંબરવાળું સ્થાન સાત નંબરવાળાની અપેક્ષાએ અનંતભાગ અધિક જ છે.પરંતુ આ અનંતરોપનિધાની

અપેક્ષાએ જાણવું જ્યારે આ પરંપરોપનિધામાં તો ૬-૭-૮-૯ વિગેરે નંબર વાળાં સ્થાનો ૪ નંબરવાળાની અપેક્ષાએ તો અસંખ્યાતભાગવૃદ્ધ જ થાય છે. આ રીતે આ પરંપરોપનિધા કહેવાય છે. અહીં તેનો અવકાશ છે. આમ આગળ આગળ પણ સમજી લેવું. ૨૪ નંબરવાળા સ્થાન કરતાં ૨૫ નંબરવાળું સ્થાન જો સંખ્યાતભાગ અધિક છે. તો પછી ૨૪ નંબરવાળા સ્થાન કરતાં ૨૬-૨૭-૨૮-૨૯ ઇત્યાદિ નંબરવાળાં સર્વે પણ સ્થાનો સારી રીતે સંખ્યાતભાગ અધિક હોય આમ ઘટી શકે છે.

તે અસંખ્યાતભાગ અધિકનાં સ્થાનો કરતાં સંખ્યાત ભાગની વૃદ્ધિવાળાં સ્થાનો સંખ્યાતગુણાં જાણવાં. આ સ્થાનો સંખ્યાતગુણાં કેવી રીતે છે ? આવો પ્રશ્ન થાય તો તેનો ઉત્તર હવે કહેવાય છે-

પ્રથમ સંખ્યાતભાગવૃદ્ધિના સ્થાનમાં (અસત્કલ્પનાએ ૨૫મા સ્થાનમાં) પાછલા અનન્તર એવા (૨૪ મા) સ્થાનને આશ્રયી જરૂર સંખ્યાત ભાગવૃદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી જો પ્રથમ એવા સંખ્યાતભાગ અધિકના સ્થાનમાં (એટલે કે ૨૫મા સ્થાનમાં) સંખ્યાતભાગવૃદ્ધિ પ્રાપ્ત થાય છે. તો તેના પછીનાં ૨૬-૨૭-૨૮-૨૯ ઇત્યાદિ અનંતભાગ અધિક વૃદ્ધિવાળાં સ્થાનો તથા ૩૦-૩૫-૪૦-૪૫ વાળાં અસંખ્યાત ભાગવૃદ્ધિવાળાં તમામ સ્થાનો ૨૪મા સ્થાનની અપેક્ષાએ તો સારી રીતે સંખ્યાત ભાગવૃદ્ધિ વાળા સ્થાન તરીકે જ પ્રાપ્ત થાય છે. કારણ કે ૨૬-૨૭-૨૮-૨૯ માં અનંતભાગવૃદ્ધિ કહી છે તે પૂર્વ પૂર્વ અનન્તર એવા સ્થાનની અપેક્ષાએ કહી છે. અર્થાત્ ૨૫મા સ્થાન કરતાં ૨૬મા સ્થાનમાં, અને ૨૬ મા સ્થાન કરતાં ૨૭મા સ્થાનમાં જરૂર અનંત ભાગ અધિક છે. પરંતુ તે સર્વેપણ સ્થાનો ૨૪માની અપેક્ષાએ તો સંખ્યાત ભાગ અધિક જ થાય છે.

સારાંશ કે પ્રથમ સંખ્યાતભાગવૃદ્ધિનું જે સ્થાન (૨૫મું) છે. તેનાથી અનન્તર પૂર્વે આવેલા (૨૪મા) સ્થાનની અપેક્ષાએ તો ૨૬થી આગલાં બધાં જ સ્થાનો સવિશેષપણે અને વિશેષતરપણે સંખ્યાતભાગની વૃદ્ધિવાળાં જ હોય છે.

આવા પ્રકારની વિશેષાધિકપણાની વૃદ્ધિ વાળું મૂલભૂત બીજુ (૫૦ નંબરવાળું) સંખ્યાતભાગ અધિકનું સ્થાન આવે તે પહેલાં એટલે કે (૨૬થી ૪૯મા સ્થાન સુધી) આવી વિશેષાધિકપણાની વૃદ્ધિ કહેવી. જ્યારે મૂલભૂત બીજું (૫૦મું) સંખ્યાતભાગ અધિકનું સ્થાન આવે ત્યારે કંઇક અધિક એવા બે સંખ્યાતમા ભાગ અધિક વડે સંખ્યાત ભાગાધિક પણું જાણવું.

આ પ્રમાણે ૫૧-૫૨-૫૩ થી ૭૪ સુધી વિશેષાધિક-વિશેષાધિક એવા બે સંખ્યાતભાગાધિકપણું જાણવું. પરંતુ ૭૫મું એટલે કે ત્રીજુ સંખ્યાત ભાગ અધિકનું સ્થાન

આવે ત્યારે સાધિક ત્રણ સંખ્યાત ભાગવડે અધિક થયું છે. આમ જાણવું. ચોથું સંખ્યાતભાગ અધિકનું સ્થાન આવે ત્યારે કંઇક અધિક એવા ચાર સંખ્યાતભાગ અધિક વડે અધિક થયું છે આમ જાણવું.

આમ કરતાં કરતાં ત્યાં સુધી જવું કે યાવત્ ઉત્કૃષ્ટ સંખ્યા તુલ્ય વચ્ચે વચ્ચે આપતાં મૌલિક સંખ્યાત ભાગ અધિકવાળાં સ્થાનો પસાર થાય. આ મૌલિક સંખ્યાતભાગ અધિકનાં સ્થાનોની વચ્ચે વચ્ચે જે અનંતભાગ અધિકનાં અને અસંખ્યાત ભાગ અધિકનાં સ્થાનો આવે છે. તે સર્વે પણ (૨૪મા સ્થાનની અપેક્ષાએ તો) સારી રીતે સંખ્યાતભાગ અધિક થાય અને થાય જ. પરંતુ ઉત્કૃષ્ટ સંખ્યા તુલ્ય સંખ્યાતભાગ અધિકનાં સ્થાનો પસાર કરતાં તેમાં છેલ્લા એક સંખ્યાત ભાગ અધિકના સ્થાનવડે ન્યૂન જાણવું કારણ કે ઉત્કૃષ્ટ સંખ્યાતની રાશિ પ્રમાણ સંખ્યાત ભાગ અધિકનાં સ્થાનો પસાર કરતાં જે અન્તિમ સંખ્યાતની રાશિવાળું સંખ્યાત ભાગ અધિકનું સ્થાન આવે છે તે અહીં ગ્રહણ કરાતું નથી. કારણકે ત્યાં સંખ્યાતગુણ થઈ જાય છે. હવે જેટલાં અસંખ્યાત ભાગ અધિકનાં સ્થાનો હમણાં કહ્યાં છે. (૫-૧૦-૧૫-૨૦ એમ કંડક પ્રમાણ). તેટલાં તેટલાં સ્થાનો વચ્ચે વચ્ચે આવનારાં સંખ્યાત ભાગવૃદ્ધનાં સ્થાનો તેના એક એક આંતરામાં પ્રાપ્ત થાય છે. જેમ કે ૨૫ની પહેલાં ૫-૧૦-૧૫-૨૦ આવ્યાં. તેમ ૨૫ થી ૫૦ની વચ્ચે ૩૦-૩૫-૪૦-૪૫. આવશે એ જ પ્રમાણે ૫૦ થી ૭૫ વચ્ચે પણ ૧ કંડક થશે. આમ આંતરા આંતરામાં થનારા તે મૌલિક સંખ્યાતભાગ અધિકનાં સ્થાનો (ભલે થાય છે ૧ કંડક પ્રમાણ, અર્થાત્ અસંખ્યાતાં થાય છે. તો પણ) ઉત્કૃષ્ટ સંખ્યાતાની રાશિ પ્રમાણ જ લેવાય છે ફક્ત તેમાં પણ છેલ્લું ઉત્કૃષ્ટ સંખ્યાની રાશિ વાળું અન્તિમ સ્થાન ત્યજી દેવાય છે. કારણકે ત્યાં સંખ્યાતગુણ બની જાય છે.

આ રીતે વિચારતાં અસંખ્યાત ભાગવૃદ્ધનાં સ્થાનો કરતાં સંખ્યાત ભાગવૃદ્ધનાં સ્થાનો સંખ્યાત ગુણાં જ પ્રાપ્ત થાય છે. કારણ કે પ્રથમ સંખ્યાત ભાગ અધિકની પહેલાં જે રાશિનું પ્રમાણ છે. તેટલી જ રાશિ તે પછી પછી આવનારા સંખ્યાત ભાગ અધિકનાં સંખ્યાતા સ્થાનો સુધી ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. તેટલી તેટલી સંખ્યા તેટલી વાર એટલે કે સંખ્યાતી વાર આવે છે.

તેના કરતાં પણ સંખ્યાતગુણવૃદ્ધનાં સ્થાનો સંખ્યાતગુણાં છે. કારણ કે (૨૫ નંબરવાળું) જે પ્રથમ સંખ્યાત ભાગ અધિકનું સ્થાન છે. તેની પૂર્વેનું જે અનન્તર (૨૪ નંબરનું) સ્થાન છે તેની અપેક્ષાએ આગળ આગળ વચ્ચે વચ્ચે આવતાં ઉત્કૃષ્ટ સંખ્યાની રાશિ તુલ્ય (ચાર પ્યાલાથી થતું જે ઉત્કૃષ્ટ સંખ્યાતું છે તેની તુલ્ય) મૌલિક સંખ્યાતભાગવૃદ્ધનાં સ્થાનો (૨૫-૫૦-૭૫-૧૦૦) પસાર કરીએ તો છેલ્લા સ્થાનમાં (દ્વિગુણથી કંઈક અધિક સ્પર્ધકો થાય છે. ત્યાર બાદ ફરીથી પણ તેટલાં જ (ઉત્કૃષ્ટ સંખ્યાતાની રાશિ તુલ્ય) સ્થાનો જઇએ ત્યારે જે

ચરમ સ્થાન આવશે ત્યાં કંઇક અધિક ત્રણગુણાં સ્પર્ધકો તમને જોવા મળશે આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ સંખ્યાતાની તુલ્ય સ્થાનો મૂલભૂત પસાર કરો ત્યારે કંઇક અધિક ચાર ગણાં સ્પર્ધકો થાય. આમ કરતાં કરતાં ઉત્કૃષ્ટ સંખ્યાતાની રાશિ તુલ્ય મૂલભૂત સ્થાનો પસાર કરીએ ત્યારે પાંચ ગુણાં, છ ગુણાં, સાતગુણાં કરતાં કરતાં ત્યાં સુધી જવું કે ઉત્કૃષ્ટ-સંખ્યાપ્રમાણ ગુણાકાર વાળું સ્થાન આવે, તેમાં ઉત્કૃષ્ટ સંખ્યાતાની તુલ્ય સ્થાનો પસાર કરીને આગળ જઇએ ત્યાં જે ચરમ સ્થાન આવે તે એક સ્થાન ન લેવું. કારણ કે તે સ્થાન જઘન્ય અસંખ્યાત ગુણ થઈ જાય છે. તે કારણે તે ગ્રહણ કરાતું નથી.

તેની પૂર્વનાં સર્વે પણ સ્થાનો ગ્રહણ કરીએ તો સંખ્યાત ભાગ વૃદ્ધ સ્થાનોથી સંખ્યાત ગુણ વૃદ્ધનાં સ્થાનો સંખ્યાત ગુણાં જ પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રકાર ભગવંત પણ કહે છે કે- સંખ્યાત નામવાળાં સંખ્યાતભાગ અધિકનાં અને સંખ્યાતગુણ અધિકનાં સ્થાનોમાં સંખ્યાતગણાં જ સ્થાનો લેવાં અહીં સંખ્યાતગુણ આ શબ્દ ક્રિયાવિશેષણરૂપે લેવું એટલે કે આ બન્ને પ્રકારનાં સંખ્યાત નામવાળાં સ્થાનોમાં સંખ્યાતગુણાકારે પરંપરોપનિધા કરવી.

મૂલગાથામાં "तव्विरीयमियरओ"પદ લખ્યું છે તેનો આ અપવાદ જણાવે છે. મૂલગાથામાં અનંતગુણવૃદ્ધિવાળાને આદિમાં કરીને છએને અસંખ્યાત ગુણ અધિકના ક્રમે અનંતરોપનિધા કહી હતી તેનાથી વિપરીત પણે પરંપરોપનિધામાં કહેવા. આમ કહ્યું છે. તેથી પરંપરોપનિધામાં (૧) અનંતભાગ અધિક (૨) અસંખ્યાત ભાગ અધિક. (૩) સંખ્યાત ભાગ અધિક (૪) સંખ્યાતગુણ અધિક (૫) અસંખ્યાતગુણ અધિક. (૬) અનંતગુણ અધિક આ ક્રમે આ છએ સ્થાનો ઉલટા ક્રમે અસંખ્યાતગુણ કહેવાં જોઈએ આવો અર્થ तव्विवरीयमियरओ આ પદનો થાય.

પરંતુ આ છ સ્થાનોમાં વચ્ચે કહેલા ત્રણ નંબર અને ચાર નંબર વાળા संखेज्जक्खेसु संखगुणं = સંખ્યાતનામવાળા આ બન્ને સ્થાનોમાં અસંખ્યાતગુણ ન કહેતાં સંખ્યાતગુણ જ કહેવાં. આવા પ્રકારનો આ વિશેષ નિયમ સમજવો.

કારણ કે સ્થાનો તો અસંખ્યાતાં થાય છે ભલે કલ્પના આપણે ચારની કરી પરંતુ કલ્પેલી તે ચારની સંખ્યા છે કંડક પ્રમાણ, એટલે અસંખ્યાતા, ત્યાં સંખ્યાતાં સ્થાનો જઇએ એટલે સંખ્યાત ગુણને બદલે અસંખ્યાતગુણ થઈ જાય છે માટે આ અપવાદ સમજાવેલો છે.

તે સંખ્યાતગુણવૃદ્ધનાં સ્થાનો કરતાં અસંખ્યાત ગુણવૃદ્ધનાં સ્થાનો અસંખ્યાતગુણા

જાણવાં કારણ કે ઉત્કૃષ્ટ સંખ્યાતગુણવૃદ્ધિની સમાપ્તિમાં થનારા જઘન્ય અસંખ્યાતગુણવૃદ્ધિ વાળા સ્થાનથી આગળ આગળ સર્વે પણ સ્થાનો (પછી ભલે તે અનંતભાગ વૃદ્ધનાં હોય કે અસંખ્યાતભાગવૃદ્ધનાં હોય કે સંખ્યાતભાગવૃદ્ધનાં હોય કે સંખ્યાતગુણવૃદ્ધનાં હોય કે અસંખ્યાતગુણ વૃદ્ધનાં હોય પરંતુ તે પાંચ પ્રકારની વૃદ્ધિ અનંતરોપનિધાની અપેક્ષાએ હતી તે સઘળાં પણ સ્થાનો) પરંપરોપનિધામાં તો અસંખ્યાતગુણાં જ પ્રાપ્ત થાય છે તે માટે

તે અસંખ્યાતગુણવૃદ્ધનાં સ્થાનો કરતાં અનંતગુણવૃદ્ધનાં સ્થાનો અસંખ્યાત ગુણ કહેવાં. કારણકે (૩૧૨૫ નંબરવાળું) પ્રથમ એક અનંતગુણવૃદ્ધનું સ્થાન આવે ત્યારે તે (૩૧૨૫મું)જો આ સ્થાન પાછલા અનન્તર (૩૧૨૪મા) સ્થાનને આશ્રયી જ અનંત ગુણવૃદ્ધિવાળું થાય છે. આ સ્થાન જો પાછલા અનન્તર (૩૧૨૪મા) સ્થાનને આશ્રયી જો અનંત ગુણવૃદ્ધિવાળું થાય છે. તો તેના પછીનાં (૩૧૨૬ થી આગળલાં ૩૧૨૭-૩૧૨૮ વિગેરે) સર્વે પણ સ્થાનો આ ષટ્સ્થાનકની સમાપ્તિ થાય. ત્યાં સુધીનાં તમામ સ્થાનો સારી રીતે તથા = અનંતગુણ વૃદ્ધિવાળાં જ થવાનાં, કારણ કે જેટલાં સ્થાનો (૩૧૨૫ની) પૂર્વે પસાર કર્યા તેટલાં તેટલાં સ્થાનો એક એક અનન્ત ગુણ વૃદ્ધિવાળાં (૩૧૨૫-૬૨૫૦-૯૩૭૫-૧૨૫૦૦ વિગેરે) સ્થાનોની વચ્ચે વચ્ચે થનારા આંતરામાં પણ થશે. આ રીતે વચ્ચે વચ્ચે આવતાં તે અનંતગુણ અધિકનાં સ્થાનો પણ એક કંડક પ્રમાણ (એટલે અસંખ્યાતાં) છે. તે માટે અસંખ્યાત ગુણ વૃદ્ધિવાળાં સ્થાનો કરતાં અનંતગુણવૃદ્ધિવાળાં સ્થાનો અસંખ્યાત ગુણાં થાય. આ વાત સારી રીતે સમજાય તેમ જાણીતી છે.

આ પ્રમાણે આ અલ્પબહુત્વની પ્રરૂપણા કરી ॥ ૪૩ ॥

*અવતરણ:- અનુભાગબન્ધનનાં સ્થાનો કહ્યાં, હવે આ અનુભાગબંધનાં સ્થાનોમાં રસના બન્ધક તરીકે જે રીતે જીવો વર્તે છે. તે રીતે પ્રરૂપણા કરવાયોગ્ય છે. એટલે કે રસબંધક એવા જીવોનું નીચેના દ્વારો દ્વારા વર્ણન કરાય છે. ત્યાં આઠ અનુયોગ દ્વાર છે, તે આ પ્રમાણે છે. (૧) એક એક અનુભાગબંધના સ્થાન ઉપર જીવોના પ્રમાણની પ્રરૂપણા. (૨) અન્તરસ્થાન પ્રરૂપણા (૩) નિરન્તર સ્થાન પ્રરૂપણા (૪) નાના જીવોની અપેક્ષાએ કાલના પ્રમાણની પ્રરૂપણા (૫) વૃદ્ધિ પ્રરૂપણા (૬) યવમધ્ય પ્રરૂપણા, (૭) સ્પર્શના પ્રરૂપણા (૮) અને અલ્પબહુત્વ પ્રરૂપણા. આમ કુલ ૮ દ્વાર સમજાવવામાં આવે છે. ત્યાં સૌથી પ્રથમનાં બે દ્વારોને જણાવતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે-*

**थावरजीवाणंता इक्किक्के तसजिया असंखिज्जा ।**

**लोगा सिमसंखिज्जा, अंतरमह थावरे णत्थि ॥ ४४ ॥**

ગાથાર્થ- અનુભાગબંધના એક એક અધ્યવસાયસ્થાન ઉપર સ્થાવર જીવો અનંતા અનંતા હોય છે. અને ત્રસજીવો અસંખ્યાતા-અસંખ્યાતા હોય છે ત્રસજીવો વડે બન્ધને યોગ્ય

એવાં અનુભાગબંધનાં સ્થાનોમાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અંતર પડે છે. પણ સ્થાવર પ્રાયોગ્ય અનુભાગ બંધના સ્થાનોમાં અંતર હોતું નથી ॥ ૪૪ ॥

**વિવેચન-** સ્થાવર જીવોનાં અનુભાગબંધને પ્રાયોગ્ય જે જે અધ્યવસાય સ્થાનો છે. તે તે અનુભાગબંધને પ્રાયોગ્ય અધ્યવસાય સ્થાન ઉપર અનન્તા અનન્તા સ્થાવરજીવો પ્રત્યેકસમયમાં બન્ધક તરીકે વર્તતા પ્રાપ્ત થાય છે કારણ કે અનુભાગબંધને યોગ્ય અધ્યવસાય સ્થાન અસંખ્યાતાં જ છે. અને જીવો અનંતાનંત છે. માટે અન્તર (વિરહ) તો છે જ નહીં. પરંતુ એક એક અનુભાગ બંધ સ્થાનક ઉપર અનંત અનંત જીવો વર્તે છે.

તથા ત્રસજીવોનાં અનુભાગબંધને યોગ્ય જે જે અધ્યવસાય સ્થાનો છે. તેમાંના એક એક અનુભાગબંધને યોગ્ય એવા અધ્યવસાય સ્થાન ઉપર જઘન્યથી એક અથવા બે જીવો પણ હોય છે. અને ઉત્કૃષ્ટ થી અસંખ્યાતા જીવો પણ હોય છે.

**પ્રશ્ન :-** ઉત્કૃષ્ટથી અસંખ્યાતા જીવો હોય છે એમ તમે કહો છો તો તે અસંખ્યાતા કેટલા હશે ? તેનું કોઈ પ્રમાણ છે ?

**ઉત્તર :-** હા. તે અસંખ્યાતાનું માપ છે. એક આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો થાય તેટલી માત્રા પ્રમાણ ત્રસ જીવો બન્ધકતરીકે ઉત્કૃષ્ટથી હોય છે.

**પ્રશ્ન :-** ત્રસ જીવોના બંધને યોગ્ય અસંખ્યાતાં જે અધ્યવસાયસ્થાનો છે. તે સર્વે સ્થાનો જુદા-જુદા ત્રસ જીવો વડે સદા બંધાતાં જ હોય ? આમ બને ? કે કોઇક અધ્યવસાય સ્થાનો બંધાતાં પણ હોય અને કોઈ કોઈ અધ્યવસાય સ્થાનો ન બંધાતાં હોય આમ પણ બને ? આમાં સત્ય શું ?

**ઉત્તર :-** ત્રસ જીવો વડે અનુભાગ બંધને યોગ્ય સર્વે પણ રસબંધનાં સ્થાનો સતત બંધાતાં જ હોય એવો નિયમ નથી. અંતર પણ પડે છે. ત્યાં **असङ्ख्या लोकाः** = અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અનુભાગ બન્ધનાં સ્થાનોનું ત્રસકાયજીવોમાં અન્તર પડે છે.

સારાંશ એ છે કે ત્રસકાય પ્રાયોગ્ય અનુભાગબંધનાં જે જે સ્થાનો છે તેમાંથી જઘન્યથી એક અથવા બે સ્થાનો ન બંધાતાં હોય એમ પણ બને છે. અને વધારેમાં વધારે અસંખ્યાત લોકાકાશના પ્રદેશપ્રમાણ સ્થાનો બંધમાં ન આવતાં હોય એવું અંતર પણ હોય છે.

**પ્રશ્ન :-** ત્રસકાયજીવોમાં તો અનુભાગબંધને યોગ્ય સ્થાનોમાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણનું અંતર પડે છે એમ આપ સમજાવો છો. તો સ્થાવર જીવોમાં જે તેઓના બંધને યોગ્ય અનુભાગબંધનાં સ્થાનો છે. તેમાં શું કોઈ અનુભાગબંધનું સ્થાન ન બંધાતું હોય એમ બે-પાંચ પચીસ ન બંધાતાં હોય એવું શું અંતર પડે ? કે અંતર ન જ પડે ?

ઉત્તર :- ના, સ્થાવર જીવોમાં આવું અંતર પડતું નથી. કારણ કે સ્થાવર જીવો અનંતાનંત છે અને અનુભાગબંધનાં સ્થાનો અસંખ્યાતાં જ છે. તેથી સ્થાવરપ્રાયોગ્ય અનુભાગબંધનાં સ્થાનોમાં અંતર હોતું નથી. પરંતુ સ્થાવરપ્રાયોગ્ય સર્વે પણ સ્થાનો સર્વકાળે સ્થાવરજીવો વડે બંધાતાં જ પ્રાપ્ત થાય છે કારણ કે બંધક તરીકે સ્થાવરજીવો અનંતની રાશિવાળા છે. જ્યારે સ્થાવર પ્રાયોગ્ય અનુભાગબંધનાં સ્થાનો માત્ર અસંખ્યાત જ છે. અને બંધક જીવો અનંતાનંત છે. તેથી અન્તરની અપ્રાપ્તિ છે. ॥ ૪૪ ॥

*અવતરણ :- હવે ભિન્ન ભિન્ન જીવો વડે નિરન્તરપણે બંધાતું જ રહે એવા અનુભાગબંધના સ્થાનમાં નાના જીવોને આશ્રયી કાળ કેટલો ? તેનું પ્રમાણ જણાવતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે-*

**आवलिअसंखभागो, तसा णिरंतरमहेगठाणम्मि ।**
**नाणा जीवा एवइकालं एगिंदिया णिच्चं ॥ ४५ ॥**

ગાથાર્થ- ત્રસ જીવો વડે નિરન્તરપણે બંધાતાં અનુભાગબંધનાં સ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગતુલ્ય છે. તથા કોઈ પણ એક અનુભાગબંધનું સ્થાન ભિન્ન ભિન્ન ત્રસજીવોવડે સતત બંધાય તો તે પણ આવલિકાનો અસંખ્યાતમો ભાગ કાલ છે. પરંતુ એકેન્દ્રિય જીવો વડે અનુભાગબંધને યોગ્ય સ્થાનો નિરંતર પણે સતત બંધાયા જ કરે છે. વિરહ હોતો નથી. ॥ ૪૫ ॥

**વિવેચન-** મૂલગાથામાં तसा આવું જે પદ પ્રથમા વિભક્તિના બહુવચન વાળું છે તે તૃતીયાવિભક્તિના અર્થમાં પ્રથમા થયેલી છે માટે ત્રસ જીવો વડે એવો અર્થ કરવો. તેથી ત્રસ જીવો વડે નિરન્તરપણે બંધાતાં એવાં અનુભાગબંધમાં સ્થાનો જઘન્યથી એક અથવા બે હોય છે. પરંતુ ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ માત્ર પ્રમાણ સ્થાનો હોય છે. આમ અર્થવશાત્ કેટલાંક પદો અધ્યાહારથી લઈને અર્થસંગતિ કરવી.

**પ્રશ્ન :-** વધારેમાં વધારે આવલિકાના અસંખ્યાતમા ભાગતુલ્ય જ અનુભાગબંધનાં સ્થાનો સતત બંધાતાં હોય છે. આ વાત કેમ સમજાય ?

**ઉત્તર :-** ત્રસજીવો અસંખ્યાતા છે, તો પણ અનુભાગ બંધના અધ્યવસાય સ્થાનોની અપેક્ષાએ ઘણા થોડા છે. તેના કરતાં ત્રસ પ્રાયોગ્ય અનુભાગનાં સ્થાનો અંખ્યાતગુણાં છે. તેથી ત્રસ જીવો થોડા છે અને અનુભાગ બંધનાં સ્થાનો ઘણાં છે. તેથી સર્વે પણ અનુભાગ બંધનાં સ્થાનો ત્રસજીવો દ્વારા નિરંતરપણે બંધાતાં જ હોય તેવું બનતું નથી, પરંતુ ઉત્કૃષ્ટથી એટલે કે વધારેમાં વધારે ઉપરોક્ત સંખ્યાતુલ્ય અર્થાત્ આવલિકાના અસંખ્યાતમા ભાગ તુલ્ય જ સ્થાનો સતત બંધાતાં હોય છે. આમ બને છે.

હવે કોઈ પણ એક અનુભાગબંધનું સ્થાન ભિન્ન ભિન્ન જીવો વડે સતતપણે એટલે કે નિરન્તરપણે બંધાતું જ રહે. વિરહ ન પડે તો કેટલો કાળ બંધાતું રહે ? આવો કોઈને પ્રશ્ન થાય. તો તેવો પ્રશ્ન થયે છતે ગુરુજી ઉત્તર કહે છેઃ-

કોઈ પણ એક અનુભાગબંધના સ્થાન ઉપર ભિન્ન ભિન્ન એવા ત્રસ જીવો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી આટલો જ કાળ એટલે કે પૂર્વે કહેલા કાળ પ્રમાણ કાળ અર્થાત્ આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ સુધી તે અનુભાગબંધનું સ્થાન બંધાય છે. તે વિવક્ષિત અનુભાગબંધનું સ્થાન ભિન્ન ભિન્ન જીવો વડે નિરંતર બંધાતું આટલા કાળ સુધી પ્રાપ્ત થાય છે. ત્યાર પછી અવશ્ય તે અનુભાગબંધનું સ્થાન બન્ધથી શૂન્ય બને જ છે. અર્થાત્ અંતર પડે છે.

ભાવાર્થ આ પ્રમાણે છે. ત્રસ જીવ પ્રાયોગ્ય એક એક અનુભાગનું સ્થાન અન્ય અન્ય ત્રસજીવો વડે નિરંતરપણે બંધાતુ છતું જઘન્યથી એક સમય અથવા બે સમય સુધી પ્રાપ્ત થાય છે અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ માત્ર કાળ સુધી પ્રાપ્ત થાય છે તેના પછી અવશ્ય અંતર પડે જ છે. તેના પછી તે સ્થાન ન જ બંધાતું હોય એમ બને છે.

સ્થાવર પ્રાયોગ્ય કોઈ પણ એક અનુભાગબંધના સ્થાન ઉપર નાનાવિધ એવા એકેન્દ્રિયજીવો નિત્યપણે વર્તતા પ્રાપ્ત થાય છે. ક્યારેય પણ તેઓનું કોઈ પણ તે અનુભાગ બંધનું સ્થાન ન બંધાતું હોય એમ બંધશૂન્ય બનતું નથી. કોઈ પણ એક એક અનુભાગબંધનું સ્થાન જે સ્થાવર પ્રાયોગ્ય છે તે અન્ય અન્ય સ્થાવર જીવોવડે સર્વકાલ નિરન્તરપણે બંધાય જ છે ક્યારેય પણ એકે પણ અનુભાગ બંધનું સ્થાન બન્ધરહિત બનતું નથી. પણ ત્રસ જીવોમાં આવું બનતું નથી. ॥ ૪૫ ॥

*અવતરણ :- હવે વૃદ્ધિ પ્રરૂપણા કહેવાનો અવસર છે. ત્યાં બે અનુયોગ દ્વાર છે. (૧) અનંતરોપનિધા. અને (૨) પરંપરોપનિધા. ત્યાં પ્રથમ અનન્તરોપનિધા સમજાવે છે-*

**थोवा जहन्नठाणे, जा जवमज्झं विसेसओ अहिया ।**
**एत्तो हीणा उक्कस्सगं ति, जीवा अणंतरओ ॥ ४६ ॥**

ગાથાર્થ- જઘન્ય અનુભાગબન્ધના સ્થાનમાં વર્તતા જીવો થોડા હોય છે. તેનાથી વિશેષાધિક વિશેષાધિક યાવત્ યવમધ્ય સુધી જાણવું. ત્યારબાદ વિશેષહીન વિશેષહીન બંધક તરીકે વર્તતા જીવો હોય છે એમ યાવત્ ઉત્કૃષ્ટ સુધી અનંતરોપનિધા સમજવી. ॥ ૪૬ ॥

**વિવેચન-** જઘન્ય અનુભાગબંધનું જે સ્થાન છે તે સ્થાનમાં બન્ધક તરીકે વર્તતા જે જીવો છે તે જઘન્યસ્થાનવર્તી જીવો કહેવાય છે તે જીવો સૌથી થોડા છે તેના કરતાં બીજા અનુભાગબન્ધના સ્થાનમાં વર્તતા જીવો વિશેષાધિક છે. તેના કરતાં પણ ત્રીજા અનુભાગબંધના સ્થાનમાં વર્તતા જીવો વિશેષાધિક છે. આમ ત્યાં સુધી કહેવું કે યાવત્ યવનો મધ્યભાગ આવે એટલે કે સર્વથી મધ્યમ એવાં આઠ સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનો આવે.

તેનાથી આગળ અનન્તરપણે બંધક એવા જીવો અનુક્રમે વિશેષહીન વિશેષહીન કહેવા. તે જીવો ત્યાં સુધી વિશેષહીન વિશેષહીન કહેવા કે યાવત્ બે સમયના કાળવાળાં ઉત્કૃષ્ટ અનુભાગબંધનાં સ્થાનો આવે ॥ ૪૬ ॥

*અવતરણ - અનન્તરોપનિધા સમજાવી. હવે પરંપરોપનિધા સમજાવે છે.-*

**गंतुणमसंखिज्जे लोगे, दुगुणाणि जाव जवमज्झं ।**
**एत्तो य दुगुणहीणा, एवं उक्कोसगं जाव ॥ ४७ ॥**

**ગાથાર્થ-** અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ અનુભાગબંધનાં સ્થાનો ગયે છતે બંધક એવા જીવો દ્વિગુણ-દ્વિગુણ થાય છે. આ પ્રમાણે યાવત્ યવમધ્યભાગ સુધી જાણવું ત્યારબાદ દ્વિગુણહીન દ્વિગુણહીન યાવત્ ઉત્કૃષ્ટ બે સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનો આવે ત્યાં સુધી જાણવું. ॥ ૪૭ ॥

**વિવેચન-** જઘન્ય અનુભાગના બંધસ્થાનકના બંધક જીવો કરતાં તેના પછી પછીના એટલે કે જઘન્ય અનુભાગ બંધના સ્થાનથી આરંભીને યાવત્ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થાનો ઓળંગીને પછીનું જે સ્થાન આવે છે. ત્યાં તેના બન્ધક જીવો દ્વિગુણ વૃદ્ધ અર્થાત્ બમણા હોય છે. ત્યાંથી માંડીને ફરીથી તેટલાં જ સ્થાનો ઓળંગીને પછીનું જે સ્થાન આવે ત્યાં તેના બન્ધક જીવો પૂર્વના સ્થાન કરતાં દ્વિગુણ (બમણા) હોય છે.

આ પ્રમાણે આટલાં આટલાં સ્થાનો ઓળંગે છતે દ્વિગુણવૃદ્ધિ વાળાં સ્થાનો ત્યાં સુધી જાણવાં કે યાવત્ યવનો મધ્યભાગ આવે. અષ્ટસામાયિક સ્થાનો આવે ત્યાં સુધી આમ કહેવું. ત્યારબાદ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થાનો ઓળંગે છતે પછીનું જે અનુભાગબન્ધનું સ્થાન આવે ત્યાં તેના બન્ધક જીવો દ્વિગુણહીન સમજવા. એમ આગળ આગળ પણ દ્વિગુણહાનિ જાણવી. આ પ્રમાણે આ દ્વિગુણહાનિ પણ ત્યાં સુધી કહેવી કે યાવત્ સર્વથી ઉત્કૃષ્ટ બે સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાન આવે ॥ ૪૭ ॥

**नाणंतराणि आवलि असंखभागो तसेसु इयरेसुं ॥**
**एगंतरा असंखियगुणाइं नाणंतराइं तु ॥ ४८ ॥**

**ગાથાર્થ-** ત્રસકાયજીવોમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં આ દ્વિગુણવૃદ્ધિ સ્થાનો અને દ્વિગુણહાનિ સ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગપ્રમાણ થાય છે. અને ઇતર જીવોમાં એટલે કે સ્થાવર જીવોમાં આ દ્વિગુણવૃદ્ધિ અને દ્વિગુણહાનિનાં સ્થાનો, ત્રસકાયિક જીવોના એક અંતરામાં જેટલાં સ્થાનો થાય છે તેના કરતાં અસંખ્યાતગુણ થાય છે. ॥૪૮॥

**વિવેચન-** नाणंतराणि = એટલે કે ભિન્ન ભિન્ન પ્રકારનાં આ દ્વિગુણવૃદ્ધિનાં સ્થાનો તથા દ્વિગુણહાનિનાં હાનિનાં સ્થાનો (અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ સ્થાનો ઓળંગે છતે જે

વૃદ્ધિ-હાનિ થાય છે તે સ્થાનો) એટલે કે મધ્યમાં રહેલાં સ્થાનો ત્રસકાય જીવોમાં આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો છે. તેટલા પ્રમાણનાં થાય છે. અન્યગ્રન્થોમાં પણ કહ્યું છે કે-

**"आवलिअसंखभागो तसेसु हाणीण होइ परिमाणं"** (પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૬૬ પૂર્વાર્ધ)

પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૬૬માં પણ કહ્યું છે કે ત્રસકાયજીવોમાં હાનિનું પરિમાણ એટલે કે દ્વિગુણહાનિનાં સ્થાનોનું પરિમાણ આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવું.

**પ્રશ્ન :-** ત્રસ જીવો વડે નિરન્તર બંધાતાં અનુભાગબંધનાં સ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગ માત્ર જેટલાં જ પ્રાપ્ત થાય છે આ પ્રમાણે તમે જ પહેલાં કહ્યું છે. તો પછી ત્રસકાય જીવોમાં આટલી બધી દ્વિગુણવૃદ્ધિ અને દ્વિગુણહાનિ કેમ પ્રાપ્ત થાય ? જ્યાં આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જ સ્થાનો સતત બંધાતાં મળી શકે છે. આમાં પણ ક્યારેક ગેપ (વિરહ) પડે છે તો પછી અંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ સ્થાનો ઓળંગીએ ત્યારે ડબલ થાય આ વાત કેમ સમજાય ?

**ઉત્તર :-** सत्यं = તમારો પ્રશ્ન સાચો છે. પહેલાં અમે જ કહ્યું છે કે આવલિકાના અસંખ્યાતમા ભાગ માત્ર પ્રમાણ અનુભાગબંધનાં સ્થાનો ત્રસ જીવો વડે નિરન્તરપણે બંધાવા રૂપે પ્રાપ્ત થાય છે. આવી વાત પહેલાં જરૂર કહી છે. પરંતુ અહીં કાલાન્તરે બંધાતાં અનુભાગબંધનાં સ્થાનો પણ ગ્રહણ કરાય છે. કાલાન્તરે બંધાતાં તે અનુભાગબંધનાં સ્થાનોમાં વર્તતા જીવો ઉત્કૃષ્ટ પદે વિચારીએ ત્યારે અનુક્રમે વિશેષાધિક પ્રાપ્ત થાય છે તેથી જ્યારે બંધક એવા જીવો વિચારીએ ત્યારે યથોક્ત પ્રમાણવાળી દ્વિગુણવૃદ્ધિ અને દ્વિગુણહાનિ હોવામાં કંઈ વિરોધ આવતો નથી. જ્યારે બંધક જીવો હોય છે ત્યારે અનુક્રમે વિશેષાધિક-વિશેષાધિક હોય છે. અને આટલાં સ્થાનો ઓળંગીએ ત્યારે દ્વિગુણવૃદ્ધિ-દ્વિગુણહાનિવાળા જીવો થાય છે.

તથા ઇતર જીવોમાં એટલે કે સ્થાવર જીવોમાં બધાં જ સ્થાનો સદાકાળ બંધાતાં જ રહે છે. તથા ત્રસકાયિક જીવોમાં બે દ્વિગુણવૃદ્ધિ અને બે દ્વિગુણહાનિની વચ્ચે આંતરામાં જે સ્થાનો છે તેના કરતાં એકેન્દ્રિયજીવોનાં દ્વિગુણવૃદ્ધિ અને દ્વિગુણહાનિવાળાં સ્થાનો યવમધ્યની પૂર્વે દ્વિગુણવૃદ્ધિવાળાં અને યવમધ્યના પાછલા ભાગમાં દ્વિગુણહાનિવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે

**"हाणिदुगंतरठाणा थावरहाणी असंखगुणा"** (પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૬૬)

ઉપરોક્ત વાતનો સાર એવો છે કે ત્રસકાયજીવોમાં દ્વિગુણવૃદ્ધિ અને દ્વિગુણહાનિ થોડી છે. તેના કરતાં એક દ્વિગુણવૃદ્ધિ અને એક દ્વિગુણહાનિ આમ આ બન્નેમાંથી કોઈ પણ એકસ્થાનના અપાન્તારાલવર્તી સ્થાનો અસંખ્યાતગુણાં હોય છે.

જ્યારે સ્થાવર જીવોમાં તેનાથી ઉલટુ હોય છે એટલે કે બે દ્વિગુણવૃદ્ધિ અને બે દ્વિગુણહાનિના એક અવાન્તરાલમાં જે સ્થાનો થાય છે તે થોડાં હોય છે અને દ્વિગુણવૃદ્ધિ તથા દ્વિગુણહાનિવાળાં સ્થાનો તેના કરતાં અસંખ્યાતગુણાં હોય છે.

વૃદ્ધિની પ્રરૂપણા સમાપ્ત કરી. હવે યવમધ્ય પ્રરૂપણા કરાય છે. ત્યાં યવના મધ્યભાગવર્તી એટલે કે આઠ સમયના કાલવાળાં સ્થાનો શેષ સ્થાનોની અપેક્ષાએ અસંખ્યાત ભાગમાત્ર જ હોય છે. તથા યવમધ્યની નીચેનાં ૪-૫-૬-૭ સમયના કાળવાળાં સ્થાનો ઉપરની અપેક્ષાએ થોડાં છે તેના કરતાં યવમધ્યની ઉપરના ભાગમાં વર્તનારાં ૭-૬-૫-૪-૩-૨ સમયના કાળવાળાં સ્થાનો અસંખ્યાતગુણાં છે. શાસ્ત્રમા કહ્યું છે કે (પંચસંગ્રહમાં)-

**"जवमज्झे ठाणाइं, असंखभागो उ सेसठाणाणं ।**
**हेट्ठम्मि होंति थोवा, उवरिम्मि असंखगुणियाणि ॥"**

(પંચસંગ્રહ બન્ધન કરણ ગાથા ૬૭)

આ પ્રમાણે યવમધ્ય પ્રરૂપણા પણ કરી. ॥ ૪૮ ॥

*અવતરણ :- સ્પર્શના પ્રરૂપણા હવે જણાવે છે.*

**फासणकालो तीए, थोवो उक्कस्सगे जहन्ने उ ।**
**होइ असंखेज्जगुणो उ, कंडगे तत्तिओ चेव ॥ ४९ ॥**

**जवमज्झकंडगोवरि, हेट्ठा जवमज्झओ असंखगुणो ।**
**कमसो जवमज्झुवरिं कंडगहेट्ठा य तावइओ ॥ ५० ॥**

**जवमज्सुवरि विसेसो, कंडगहेट्ठा य सव्वहिं च तहा ।**
**जीवप्पाबहुमेवं, अज्झवसाणेसु जाणेज्जा ॥ ५१ ॥**

ગાથાર્થ- અતીત કાલમાં (૧) ઉત્કૃષ્ટ અનુભાગબંધના સ્થાનોનો સ્પર્શનાકાલ સૌથી અલ્પ છે. (૨) તેના કરતાં જઘન્ય સ્થાનોનો સ્પર્શનાકાલ અસંખ્યાત ગુણો છે. (૩) કંડકવાળા સ્થાનોમાં પણ સ્પર્શનાકાલ તેટલો જ છે ॥ ૪૯ ॥

(૪) તેના કરતાં યવમધ્યવાળાં અષ્ટસામયિક સ્થાનોનો સ્પર્શનાકાલ અસંખ્યાત ગુણો છે. તેના કરતાં ઉપરના ભાગમાં વર્તનારા ચાર સમયના કાળવાળા સ્થાનોના સમૂહસ્વરૂપ જે કંડક છે તેના (૫) ઉપર વર્તનારા ત્રણસમયના કાળવાળા સ્થાનોનો સ્પર્શનાકાલ અસંખ્યાત ગુણ છે તેના કરતાં (૬) યવમધ્યથી નીચેના સ્થાનોનો સ્પર્શનાકાલ અસંખ્યાતગુણો

છે તેના કરતાં (૭) યમવધ્યની ઉપરનાં અને કંડકની હેઠેનાં સ્થાનોનો સ્પર્શનાકાલ તેટલો જ છે અર્થાત્ સમાન છે. ॥ ૫૦ ॥

(૮) તેના કરતાં યવમધ્યની ઉપરનાં તમામ સ્થાનોનો સ્પર્શનાનો સ્પર્શનાકાલ વિશેષાધિક છે. (૯) તેના કરતાં કંડકની હેઠેનો સ્પર્શનાકાલ વિશેષાધિક છે. (૧૦) તેના કરતાં સર્વસ્થાનોનો સ્પર્શનાકાલ વિશેષાધિક છે. આ જ પ્રમાણે અધ્યવસાયસ્થાનોમાં જીવોનું અલ્પબહુત્વ પણ સમજવું ॥૫૧॥

**વિવેચન-** સંસારી તમામ જીવો અનાદિ કાળથી કર્મોનો રસબંધ થાય તેવાં અનુભાગ-બંધનાં અધ્યવસાય સ્થાનોનો સ્પર્શ કરે જ છે અને તેનાથી રસબંધ સતત કરે જ છે ત્યાં ક્યા અધ્યવસાય સ્થાનો આ જીવવડે ભૂતકાળમાં વધારે કાલ સ્પર્શાયાં છે ? અને ક્યાં અધ્યવસાય સ્થાનો આ જીવ વડે ભૂતકાળમાં અલ્પ કાલ સ્પર્શાયાં છે ? આ વિષય જણાવવા માટે સ્પર્શનાકાલની પ્રરૂપણા કરાય છે.

અનાદિ કાળથી પસાર થયેલા એવા ભૂતકાળમાં કોઈ પણ એક જીવ દ્વારા ઉત્કૃષ્ટ એવાં બે સમય રહેવાવાળાં (એટલે દ્વિસામયિકની સ્થિતિવાળાં) અનુભાગબન્ધનાં સ્થાનોનો સ્પર્શનાકાલ થોડો છે આમ જાણવું. એટલે કે ભૂતકાળમાં સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવ વડે બે સમયના કાળવાળાં (દ્વિસામયિક એવાં) અનુભાગબન્ધનાં સ્થાનો અલ્પકાળ જ સ્પર્શાયેલાં છે. ॥ ૧ ॥

તેના કરતાં જઘન્ય અનુભાગબંધનાં સ્થાનો એટલે કે પ્રાથમિક ચાર સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનોનો અતીત કાળમાં સ્પર્શનાકાળ અસંખ્યાતગુણો જાણવો.॥૨॥

કંડકમાં પણ સ્પર્શનાકાલ તેટલો જ જાણવો. કે જેટલો પ્રાથમિક ચાર સમયના કાળવાળાં અનુભાગબંધના સ્થાનોનો કાળ કહ્યો છે. તેટલો જ સમજવો. ॥ ૩ ॥

**પ્રશ્ન :-** કંડક એટલે શું ? ક્યાં અધ્યવસાય સ્થાનોને કંડક કહેવાય છે ? કંડક શબ્દનો ભાવાર્થ શું ?

**ઉત્તર :-** કંડક એટલે ઉપરિતનવર્તી ચાર સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનો. યવમધ્યની ઉપરનાં સ્થાનોમાં ૭-૬-૫-૪-૩-૨ સમયના કાળવાળાં જે સ્થાનો છે તેમાં ચાર સમયના કાળવાળાં જે સ્થાનો છે તેને આચાર્યમહાત્માઓ શાસ્ત્રને અનુસારે "કંડક" કહે છે.

આ કંડકવાળાં (એટલે કે ઉપરનાં ચાર સમયના કાળવાળાં) અનુભાગબંધનાં સ્થાનો કરતાં યવમધ્યવાળાં એટલે કે આઠ સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનોનો સ્પર્શનાકાળ ભૂતકાળમાં અસંખ્યાત ગુણ જાણવો. ॥ ૪ ॥

તેના કરતાં એટલે કે યવમધ્યવાળા અષ્ટ સામયિક અનુભાગ બંધનાં સ્થાનો કરતાં ઉપર વર્તનારાં ચાર સમયના કાળવાળાં સ્થાનોના સમૂહ રૂપ કંડકથી ઉપર વર્તનારાં ત્રણ સમયના કાળવાળાં જે સ્થાનો છે. તેનો સ્પર્શનાકાળ અસંખ્યાતગણો છે. ॥ ૫ ॥

તેના કરતાં (એટલે કે ઉપરવર્તનારાં ત્રિસામાયિક) અનુભાગ બંધનાં સ્થાનો કરતાં યવમધ્યની નીચેનાં પાંચ-છ અને સાત સમયના કાળવાળાં અનુભાગબન્ધનાં સ્થાનોનો સ્પર્શનાકાળ અસંખ્યાતગુણો જાણવો. સારાંશ કે ઉપરના ત્રિસામાયિક અનુભાગબંધના સ્થાનોના સ્પર્શનાકાળની અપેક્ષાએ પ્રાથમિક એટલે કે યવમધ્યની નીચેના પાંચ - છ- અને સાત સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનોનો સમુદિતપણે સ્પર્શના કાળ અસંખ્યાતનગુણ જાણવો. માંહોમાંહે તે ત્રણેનો સ્પર્શનાકાલ પરસ્પર તુલ્ય છે. આમ જાણવું. ॥ ૬ ॥

તેના કરતાં અનુક્રમે યવમધ્યની ઉપરભાગમાં વર્તનારાં અને કંડકની નીચે વર્તનારાં (એટલે કે ઉપરિતન ચાર સમયના કાળ વાળા અનુભાગબંધના સ્થાનોની નીચે વર્તનારાં) અનુભાગબંધનાં સ્થાનોનો સ્પર્શનાકાળ તેટલો જ જાણવો. સારાંશ કે યવમધ્યની નીચેનાંકે યવમધ્યની ઉપરનાં ૫-૬-૭ સમયવાળાં અનુભાગબંધનાં સ્થાનોનો સ્પર્શનાકાળ સમાન જાણવો. સારાંશ એ છે કે ઉપરનાં ૫-૬-૭ સામયિક સ્થાનોનો કાળ તેટલો જ જાણવો કે જેટલો કાળ યવમધ્યથી નીચેનાં ૫-૬-૭ વાળાં સ્થાનોનો કાળ છે તેટલો જાણવો. ॥૭॥

તેના કરતાં યવમધ્યની ઉપરિતન ભાગમાં વર્તનારાં સાતસમયના કાળવાળા અનુભાગબંધનાં સ્થાનોથી પ્રારંભીને બે સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનો સુધીનાં સર્વેપણ સ્થાનોનો મળીને (૭-૬-૫-૪-૩-૨ સમય સુધીનાં) સ્થાનોનો જે સ્પર્શનાકાળ છે. તે વિશેષાધિક જાણવો. ॥ ૮ ॥

તેના કરતાં યવમધ્યના ઉપરિભાગવર્તી ચાર સમયના કાળવાળાં અર્થાત્ કંડકવર્તી સ્થાનો કરતાં નીચેનાં તમામ સ્થાનોનો એટલે કે જઘન્ય ચાર સમયના કાળ પર્યન્તનાં સર્વ સ્થાનોનોં મળીને સ્પર્શના કાળ સમુદાયરૂપે વિશેષાધિક જાણવો. ॥ ૯ ॥

તેના કરતાં સર્વસ્થાનોનો સ્પર્શનાકાળ વિશેષાધિક જાણવો. તેનું સામાન્ય ચિત્ર આ પ્રમાણે જાણવું. ॥ ૧૦ ॥

(૧) બે સમયવાળાં સ્થાનોનો સ્પર્શનાકાળ સૌથી અલ્પ.

(૨) તેના કરતાં પ્રાથમિક ચાર સમયનાં સ્થાનોનો સ્પર્શનાકાળ અસંખ્યાતગુણ.

(૩) કંડકનો (એટલે કે ઉપરિભાગવર્તી ચાર સમયનાં સ્થાનોનો) સ્પર્શનાકાળ પણ તેટલો જ જાણવો.

(૪) કંડક કરતાં યવમધ્યના આઠ સામાયિક અનુભાગબંધનાં સ્થાનોનો સ્પર્શના કાળ અસંખ્યાતગુણ જાણવો.

(૫) યવમધ્યના સ્થાનો કરતાં ઉપરિતનભાગવર્તી ત્રણ સમયનાં સ્થાનોનો સ્પર્શના કાળ અસંખ્યાતગણો જાણવો.

(૬) ત્રણ સમયના સ્થાનો કરતાં યવમધ્યથી નીચેનાં ૫-૬-૭ સમયના કાળવાળાં અનુભાગબંધનાં સ્થાનોનો સ્પર્શના કાળ અસંખ્યાત ગુણ જાણવો માંહોમાંહે સમાન જાણવો.

(૭) યવમધ્યથી અધોભાગવર્તી ૫-૬-૭ સમયવાળા સ્થાનોનો કાલ જેટલો છે. તેટલો જ કાળ યવમધ્યથી ઉપરિભાગવર્તી અને કંડકથી અધોભાગવર્તી ૫-૬-૭ સમયવાળાં સ્થાનોનો જાણવો. માંહોમાંહે ત્રણેનો સમાન જાણવો.

(૮) તેના કરતાં યવમધ્યથી ઉપરિભાગવર્તી ૭-૬-૫-૪-૩-૨ સમયના કાળવાળા સર્વ સ્થાનોનો મળીને સ્પર્શના કાળ વિશેષાધિક જાણવો.

(૯) તેના કરતાં કંડકવર્તી (એટલે કે ઉપરિભાગવર્તી ચાર સમયનાં) સ્થાનોથી નીચેનાં તમામ સ્થાનોનો સ્પર્શનાકાળ વિશેષાધિક જાણવો.

(૧૦) તેના કરતાં સર્વેપણ સ્થાનોનો સ્પર્શનાકાળ વિશેષાધિક જાણવો.

આ પ્રમાણે સ્પર્શનાકાળ સમજવો.

**હવે અલ્પબહુત્વ પ્રરૂપણા કહેવાય છે-**

અધ્યવસાય સ્થાનોમાં જીવોનું અલ્પબહુત્વ આ પ્રમાણે જાણવું.

(૧) અનુભાગબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનોમાં બે સમયના કાળવાળા સ્થાનોમાં વર્તનારા જીવો સૌથી થોડા હોય છે.

(૨) તેના કરતાં પ્રાથમિક ચાર સમયના કાળ વાળા અનુભાગબન્ધના કારણભૂત અધ્યવસાય સ્થાનોમાં વર્તનારા જીવો અસંખ્યાતગુણા હોય છે.

(૩) ઉપરિતનવર્તી ચાર સમયના કાળવાળા અનુભાગબન્ધના કારણભૂત અધ્યવસાય સ્થાનોમાં વર્તનારા જીવો પણ તેટલા જ હોય છે.

(૪) તેના કરતાં યવમધ્યવર્તી આઠ સામયિક કાળવાળા અનુભાગબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનોમાં વર્તનારા જીવો અસંખ્યાતગુણા હોય છે

(૫) તેના કરતાં ઉપરિતનભાગવર્તી ત્રણ સમયના કાળવાળા અનુભાગ બંધના કારણભૂત અધ્યવસાય સ્થાનોમાં વર્તનારા જીવો અસંખ્યાતગુણા હોય છે.

(૬) તેના કરતાં યવમધ્યથી નીચેના ૫-૬-૭ સમયના કાળવાળાં અનુભાગ બંધના કારણભૂત અધ્યવસાય સ્થાનોમાં વર્તનારા જીવો અસંખ્યાતગુણા હોય છે. અને આ ત્રણેમાં પરસ્પર સમાન હોય છે.

(૭) યવમધ્યથી ઉપરના ૫-૬-૭ સમયના કાળવાળા અનુભાગબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનોમાં વર્તનારા જીવો પણ તેની તુલ્ય જ છે.

(૮) તેના કરતાં યવમધ્યથી ઉપરના સર્વસ્થાનોમાં (૭-૬-૫-૪-૩-૨ સમયના સ્થાનોમાં) વર્તનારા જીવો વિશેષાધિક છે.

(૯) તેના કરતાં કંડકવાળા (ઉપરિભાગવર્તી ચાર સમયનાં) સ્થાનોથી નીચેનાં તમામ સ્થાનોમાં (૫-૬-૭-૮-૭-૬-૫-૪ સમયવાળા સ્થાનોમાં) વર્તનારા જીવો વિશેષાધિક છે.

(૧૦) તેના કરતાં પણ સર્વ અનુભાગબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનોમાં વર્તનારા જીવો વિશેષાધિક છે.

તે આ પ્રમાણે અનુભાગબન્ધના સ્થાનોમાં અને તેના કારણભૂત અધ્યવસાય સ્થાનોમાં જે રીતે જીવો વર્તે છે. તે રીતે પ્રરૂપણા કરી. ૪૯-૫૦-૫૧

***અવતરણ :- હવે સ્થિતિસ્થાનના હેતુભૂત કાષાયિક એક એક અધ્યવસાય સ્થાનોમાં ભિન્ન ભિન્ન જીવની અપેક્ષાએ કેટલા કેટલા અનુભાગબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનો પ્રાપ્ત થાય છે. તેનું નિરૂપણ કરતાં જણાવે છે કે-***

**एक्केक्कम्मि कसायउदयम्मि, लोगा असंखिया हुंति ।**
**ठिइबन्धट्ठाणेसु वि, अज्झवसाणाण ठाणाणि ॥ ५२ ॥**

ગાથાર્થ- સ્થિતબંધના કારણભૂત એક એક કષાયોદયમાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનો હોય છે. તથા તે એક એક સ્થિતિબંધના સ્થાનમાં સ્થિતિબંધના કારણભૂત કાષાયિક અધ્યવસાયસ્થાનો પણ અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ જાણવા ॥ ૫૨ ॥

**વિવેચન-** સ્થિતિસ્થાન, સ્થિતિબંધમાં કારણભૂત અધ્યવસાય સ્થાન તથા રસબંધમાં કારણભૂત અધ્યવસાય સ્થાન, આ ત્રણનું અલ્પબહુત્વ આ ગાથામાં જણાવવામાં આવ્યું છે.

સ્થિતિબંધના કારણભૂત એવાં કાષાયિક (કષાયના ઉદયથી પ્રકટ થયેલા) અધ્યવસાય સ્થાનોમાં નાના જીવોની અપેક્ષાએ અનુભાગબંધના કારણભૂત અધ્યવસાયસ્થાનો કૃષ્ણ-નીલ કાપોતાદિ લેશ્યાના પરિણામ વિશેષ સ્વરૂપ અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ હોય છે.

સારાંશ કે સ્થિતિ બંધમાં કારણભૂત જે અધ્યવસાયસ્થાનો છે તે કષાયજન્ય છે એક એક સ્થિતિ સ્થાનમાં અસંખ્યાતલોકાકાશ પ્રદેશ પ્રમાણ કાષાયિક અધ્યવસાય સ્થાનો હોય છે. તે પૈકીના સ્થિતિબંધના કારણભૂત આ કષાયજન્ય જે અધ્યવસાય સ્થાન છે. તેમાંના એક એક કાષાયિક અધ્યવસાય સ્થાનમાં કૃષ્ણાદિ લેશ્યાના ભેદથી પ્રકટ થયેલા રસબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે તે વધારે સ્પષ્ટ નીચે પ્રમાણે સમજવું.

જઘન્યસ્થિતિ તે એક સ્થિતિસ્થાન, સમયાધિક જઘન્ય સ્થિતિ તે બીજું સ્થિતિસ્થાન, બે સમયાધિક જઘન્ય સ્થિતિ તે ત્રીજું સ્થિતિસ્થાન. એમ યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીનાં સમય-સમયના ભેદથી અસંખ્ય પ્રકારનાં સ્થિતિ સ્થાનો બને છે.

તેમાંનું કોઈ પણ એક સ્થિતિસ્થાન ભિન્ન ભિન્ન કષાયોથી અને કષાયોની તરતમતાથી બંધાય છે. તે માટે એક એક સ્થિતિસ્થાનમાં અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ કાષાયિક અધ્યવસાયવસ્થાનો હોય છે. તે સર્વ સ્થિતિબંધના કારણભૂત કાષાયિક અધ્યવસાય સ્થાનો કહેવાય છે.

તે કાષાયિક અસંખ્ય અધ્યવસાયોમાં એક એક અધ્યવસાયસ્થાનની અંદર કૃષ્ણ-નીલ-કાપોત આદિ છ લેશ્યા અને તે છ લેશ્યાની તરતમતાના અધારે અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસ બંધના કારણભૂત અધ્યવસાય સ્થાનો થાય છે.

આ પ્રમાણે જઘન્ય સ્થિતિથી પ્રારંભીને ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીના જેટલા સમયો તેટલાં સ્થિતિ સ્થાનો થાય છે ભિન્ન ભિન્ન સ્થિતિ બાંધવાના પ્રકાર તે સ્થિતિ સ્થાન તે આ પ્રમાણે જઘન્ય સ્થિતિ સ્થાન તે પહેલું એક સ્થિતિસ્થાન, સમયાધિક તે જ જઘન્યસ્થિતિ સ્થાન તે બીજું સ્થિતિસ્થાન, બે સમયાધિક જઘન્યસ્થિતિસ્થાન, તે જ ત્રીજું સ્થિતિસ્થાન, આ પ્રમાણે સમય સમયની વૃદ્ધિ વડે ત્યાં સુધી કહેવું કે યાવત્ ઉત્કૃષ્ટસ્થિતિસ્થાન આવે. આ પ્રમાણે અસંખ્યાતાં સ્થિતિસ્થાનો થાય છે.

તે અસંખ્યાતાં સ્થિતિ સ્થાનોમાં પ્રત્યેક સ્થિતિ સ્થાનમાં એટલે કે એકે એક સ્થિતિબંધના સ્થાનમાં તીવ્રકષાય-મંદકષાયના ઉદય વિશેષ સ્વરૂપ સ્થિતિબંધના કારણભૂત અધ્યવસાયસ્થાનો અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે.

તથા એક એક કષાયોદય સ્વરૂપ સ્થિતિબંધના કારણભૂત અધ્યવસાય સ્થાન ઉપર કૃષ્ણાદિ લેશ્યાના પરિણામવિશેષ સ્વરૂપ અનુભાગબંધના (રસબંધના) કારણભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે.

"જે કષાયોદયવાળા સ્થિતિબંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનો છે. તે જ કૃષ્ણાદિ લેશ્યાના પરિણામવિશેષ સ્વરૂપ બને ત્યારે અનુભાગબંધના હેતુ બને છે." આવું શાસ્ત્રકાર ભગવંતનું વચન પ્રમાણ હોવાથી આ પ્રમાણે અર્થ જાણવો.

તથા ઉપાધ્યાયજી શ્રી ઉમાસ્વાતિજી મહારાજશ્રીએ તત્ત્વાર્થ ભાષ્યમાં જે કહ્યું છે કે "પાકવિશેષ થાય છે." તે લેશ્યા વિશેષથી થાય છે. આમ જે કહ્યું છે ત્યાં પાકપદનો અર્થ અનુભાગવિશેષ જ લેવો અર્થાત્ રસબંધવિશેષ જ જાણવો. આમ વૃદ્ધ પુરુષનું (વડીલ મહાત્મા પુરુષોનું) કહેવું છે ॥૫૨ ॥

*અવતરણ :- હવે અનુભાગબંધના અધ્યવસાય સ્થાનોની વૃદ્ધિ માર્ગણા કરાય છે. (૧) અનંતરોપનિધા વડે અને (૨) પરંપરોપનિધા વડે ત્યાં પ્રથમ અનંતરોપનિધા વડે વૃદ્ધિમાર્ગણા સમજાવતાં કહે છે.-*

**थोवाणि कसाय उदये, अज्झवसाणाणि सव्वडहरम्मि ।**
**बिइयाइ विसेसाहियाणि, जाव उक्कस्सगं ठाणं ॥ ५३ ॥**

ગાથાર્થ- સર્વથી જઘન્ય એવા કષાયોદયમાં અનુભાગબંધના અધ્યવસાય સ્થાનો સૌથી થોડાં હોય છે. તેના કરતાં બીજા આદિ કષાયોદયવાળા સ્થાનોમાં વિશેષાધિક-વિશેષાધિક એમ યાવત્ સર્વથી ઉત્કૃષ્ટ એવા સ્થાન સુધી અધિક અધિક જાણવાં ॥ ૫૩ ॥

**વિવેચન-** સ્થિતિબંધમાં હેતુભૂત જે કષાયોદયજન્ય અધ્યવસાયસ્થાનો છે. તેમાં એકેક અધ્યંવસાય સ્થાનમાં રસબંધના હેતુભૂત લેશ્યા અને કષાયજન્ય અધ્યવસાય સ્થાનો કેટલાં કેટલાં હોય તેનું અનંતરોપનિધા દ્વારા વર્ણન કરે છે-

"સૌથી જઘન્યં એવા" એટલે કે સર્વજઘન્ય એવા સ્થિતિના બંધમાં (સ્થિતિસ્થાનમાં) હેતુભૂત કાષાયિક અધ્યવસાયસ્થાનો અસંખ્યાતાં હોય છે. એમ સમયાધિક સ્થિતિબંધમાં, દ્વિસમયાધિક જઘન્ય સ્થિતિબંધમાં, એમ યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધનું સ્થાન આવે ત્યાં સુધીનાં તમામ સ્થિતિબંધના સ્થાનોમાં સ્થિતિબંધના હેતુભૂત કાષાયિક અધ્યવસાયસ્થાનો અસંખ્ય અસંખ્ય અને વિશેષાધિકના ક્રમે હોય છે. તેમાં રસબંધના હેતુભૂત અધ્યવસાયસ્થાનોનું અલ્પબહુત્વ હવે સમજાવાય છે.

ત્યાં સૌથી જઘન્ય એવા સ્થિતિબંધના હેતુભૂત પ્રથમ કષાયોદયવાળા અધ્યવસાય સ્થાનમાં રસબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો કે જે કૃષ્ણ-નીલ-કપોત આદિ લેશ્યાના સહકાર સ્વરૂપ હોય છે. તે સૌથી થોડાં છે. તેના કરતાં બીજા કષાયોદયજન્ય સ્થિતિ બંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનમાં રસબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો વિશેષાધિક છે. તેના કરતાં સ્થિતિબંધના હેતુભૂત ત્રીજા અધ્યવસાય સ્થાનમાં રસબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો વિશેષાધિક છે. આમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં જે કષાયોદયજન્ય અધ્યવસાય સ્થાનો છે. તેમાંના અન્તિમ અધ્યવસાય સ્થાન સુધી રસબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો વિશેષાધિક-વિશેષાધિક છે. આમ જાણવું. ॥ ૫૩ ॥

*અવતરણ - અનન્તરોપનિધા કરી. હવે પરંપરોપનિધાવડે તે જ પ્રરૂપણા કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે-*

**गंतूण असंखिज्जे लोगे, दुगुणाणि जाव उक्कोसो ।**
**आवलिअसंखभागो, णाणागुणवृड्ढि ठाणाणि ॥ ५४ ॥**

ગાથાર્થ- અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ કષાયોદય જન્ય અધ્યવસાયસ્થાનો (એટલે સ્થિતિબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનો) પસાર કરે છતે રસબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો દ્વિગુણ દ્વિગુણ (બમણાં) થાય છે. આમ અન્તિમ સ્થાન સુધી દ્વિગુણવૃદ્ધિ જાણવી આવા પ્રકારનાં દ્વિગુણવૃદ્ધિ વાળાં સ્થાનો કુલ આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયતુલ્ય સમજવાં ॥ ૫૩ ॥

**વિવેચન-** સૌથી પ્રથમ જઘન્ય એવા કષાયોદય સ્થાનથી (સ્થિતિબંધના હેતુભૂત કાષાયિક જઘન્ય અધ્યવસાય સ્થાનથી) પ્રારંભીને અસંખ્યાત લોકાકાશના પ્રદેશપ્રમાણ કષાયોદય સ્થાનો જઈએ ત્યારબાદ જે કષાયોદયનું સ્થાન આવે કે જે સ્થિતિબંધના કારણભૂત છે તેમાં અનુભાગબંધના અધ્યવસાય સ્થાનો જઘન્ય કષાયોદયવાળા સ્થાન સંબંધી અનુભાગના અધ્યવસાય સ્થાનોની અપેક્ષાએ વિશેષાધિક વિશેષાધિક થતાં થતાં દ્વિગુણ (અર્થાત્ બમણાં) થાય છે.

ફરીથી તે જ કષાયોદય સ્થાનથી તેટલાં જ કષાયોદયનાં સ્થાનો ઓળંગે છતે જે તેના પછીનું કષાયોદયજન્ય સ્થાન આવે છે તેમાં અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનો પૂર્વે કહેલા દ્વિગુણવાળા સ્થાન કરતાં પણ દ્વિગુણ થાય છે. આ જ પ્રમાણે વારંવાર કહેતા કહેતા ત્યાં સુધી જવું કે યાવત્ સર્વથી ઉત્કૃષ્ટ એવું અન્તિમ કષાયોદયનું સ્થાન આવે.

આવા પ્રકારનાં અન્તરાલમાં જે જે દ્વિગુણવૃદ્ધિવાળાં ભિન્ન ભિન્ન સ્થાનો થાય છે તે કુલ એક આવલિકાના અસંખ્યાતમા ભાગના જેટલા સમયો થાય. તેટલા પ્રમાણનાં થાય છે. ॥ ૫૪ ॥

*અવતરણ :- હવે આ જ સ્થિતિબંધના હેતુભૂત કાષાયિક અધ્યવસાય સ્થાનોમાં અનુભાગ બંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનોનું અલ્પબહુત્વ શુભપ્રકૃતિઓ અને અશુભપ્રકૃતિઓમાં વિભાગવાર ભિન્ન કરીને સમજાવે છે-*

**सव्वासुहपगडीणं, सुहपगडीणं विवज्जयं जाण ।**
**ठिइबंधठाणेसु वि, आउगवज्जाण पगडीणं ॥ ५५ ॥**

ગાથાર્થ- સર્વ પણ અશુભકર્મ પ્રકૃતિઓમાં આ પ્રમાણે સમજવું- પરંતુ શુભ કર્મપ્રકૃતિઓમાં તેમાંથી વિપરીત જાણવું. સ્થિતિબંધના સ્થાનોમાં પણ આયુષ્યકર્મને વર્જીને અનુભાગબંધના અધ્યવસાય સ્થાનો આ પ્રમાણે જ કહેવાં ॥ ૫૫ ॥

વિવેચન- સર્વે પણ અશુભ પ્રકૃતિઓ જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ, અસાતાવેદનીય, મિથ્યાત્વ મોહનીય, સોળ કષાયો, નવ નોકષાયો, નરક આયુષ્ય, આદ્ય જાતિ ચતુષ્ક, પ્રથમ વિનાનાં પાંચ સંઘયણ, તથા પહેલા વિનાનાં પાંચ સંસ્થાન, કૃષ્ણ-નીલ-બે વર્ણ, દુરભિગંધ, તિક્ત-કટુ બે રસ, કર્કશ-ગુરુ-રૂક્ષ અને શીત એમ ચાર સ્પર્શ આ સ્વરૂપવાળાં અશુભવર્ણાદિ નવક, નરકગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, અપ્રશસ્ત વિહાયોગતિ, ઉપઘાત, સ્થાવરદશક, નીચગોત્રકર્મ, અને અંતરાયકર્મની પાંચ એમ કુલ સત્ત્યાસી અશુભ કર્મપ્રકૃતિઓમાં પૂર્વની ગાથા ૫૪માં કહ્યા પ્રમાણે અનુભાગબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનોની વૃદ્ધિ માર્ગણા જાણવી. જઘન્યસ્થિતિ સ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાન તરફ વિશેષાધિક-વિશેષાધિક અને દ્વિગુણવૃદ્ધિ જાણવી.

પરંતુ શુભ પ્રકૃતિઓમાં તેનાથી વિપરીત જાણવું. ત્યાં દેવત્રિક, મનુષ્યત્રિક, તિર્યંચાયુષ્ય, સાતાવેદનીય, પંચેન્દ્રિયજાતિ, શરીર પંચક, સંઘાતન પંચક, બન્ધન પન્નર, અંગોપાંગ ત્રણ, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, શુભ વર્ણાદિ એકાદશ, પરાઘાત, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસદશક, તીર્થંકર નામકર્મ, ઉચ્ચગોત્ર, આ પ્રમાણે આ ૬૯ શુભપ્રકૃતિઓમાં વિપરીતપણે જાણવું તે આ પ્રમાણે સમજવું.-

ઉત્કૃષ્ટ કષાયોદયવાળા સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનમાં અનુભાગબંધના હેતુભૂત સ્થાનો સૌથી થોડાં જાણવાં. ઉત્કૃષ્ટથી પૂર્વનું દ્વિચરમ કષાયોદય સ્થાનમાં અનુભાગબંધનાં સ્થાનો વિશેષાધિક જાણવાં, ત્રિચરમમાં તેનાથી પણ વિશેષાધિક જાણવાં. આમ ત્યાં સુધી કહેવું કે યાવત્ સૌથી જઘન્ય કષાયોદયનું સ્થાન આવે. આ અનન્તરોપનિધા વડે વૃદ્ધિ માર્ગણા સમજાવી. અહી પુણ્ય પ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટથી જઘન્ય તરફ વિશેષાધધિક જાણવું. અને પાપ પ્રકૃતિઓમાં જઘન્યથી ઉત્કૃષ્ટ તરફ વિશેષાધિક જાણવું.

પરંપરોપનિધા વડે વૃદ્ધિ માર્ગણામાં ઉત્કૃષ્ટ કષાયોદય વાળા સ્થાનમાં સૌથી અલ્પ અનુભાગબંધનાં સ્થાનો છે. ત્યાંથી પ્રારંભીને યાવત્ સર્વથી જઘન્ય કષાયોદયનું સ્થાન આવે ત્યાં સુધી નીચે નીચે અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ કષાયોદયનાં સ્થાનો ઓળંગે છતે જે જે સ્થાન આવે છે ત્યાં ત્યાં અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનોની દ્વિગુણવૃદ્ધિ કહેવી.

નાના રૂપવાળાં તે આ દ્વિગુણવૃદ્ધિ સ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ થાય છે. આમ જાણવું. આ પ્રમાણે વિચારતાં શુભપ્રકૃતિઓનાં તથા અશુભપ્રકૃતિઓનાં એમ પ્રત્યેકનાં દ્વિગુણવૃદ્ધિવાળાં સ્થાનો સૌથી થોડાં છે. કારણ કે તે આવલિકાના અસંખ્યાતમા ભાગતુલ્ય છે. જ્યારે એક દ્વિગુણવૃદ્ધિના આંતરામાં થનારાં કષાયોદયનાં સ્થાનો અસંખ્યાતગુણાં જાણવાં. કારણ કે તે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે.

તે આ પ્રમાણે સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનોમાં અનુભાગબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનોની પ્રરૂપણા કરી.

હવે કષાયોદયવાળા અધ્યવસાયસ્થાનોમાં જેમ રસબંધનાં અધ્યવસાય સ્થાનો સમજાવ્યાં છે. તેની જેમ જ સ્થિતિ બન્ધના સ્થાનકોમાં રસબંધના અધ્યવસાય સ્થાનો પણ આયુષ્યકર્મને વર્જીને હવે સમજાવવામાં આવે છે.

ત્યાં આયુષ્યકર્મને વર્જીને પૂર્વે કહેલી ૮૭ અશુભ પ્રકૃતિમાંથી નરકાયુષ્ય વિના બાકી ૮૬ અશુભપ્રકૃતિઓના જઘન્ય સ્થિતિસ્થાનમાં જે અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનો છે તે અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ છે તે સર્વથી થોડાં છે. તેના કરતાં સમયાધિક બીજા સ્થિતિ સ્થાનમાં વિશેષાધિક છે. તેના કરતાં બે સમયાધિક ત્રીજા સ્થિતિ સ્થાનમાં વિશેષાધિક છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન આવે.

પરંતુ પુણ્યપ્રકૃતિઓમાં ત્રણ આયુષ્યને વર્જીને પૂર્વે કહેલી. (૬૯ બાદ ૩=૬૬) કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં અનુભાગબંધનાં સ્થાનો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તે સર્વથી થોડાં છે. તેના કરતાં એક એક સમયની સ્થિતિની હાનિ કરવા દ્વારા જઘન્ય સ્થિતિ સ્થાન સુધી વિશેષાધિક વિશેષાધિક અનુભાગબંધનાં અધ્યવસાયસ્થાનો કહેવા ।।૫૫।।

*અવતરણ : આ અનન્તરોપનિધા વડે વૃદ્ધિમાર્ગણા કહી. હવે પરંપરોપનિધા વડે તે વૃદ્ધિમાર્ગણાને સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે-*

**पल्लसंखियभागं गंतुं, दुगुणाणि आउगाणं तु ।**
**थोवाणि पढमबंधे, बिइयाइ असंखगुणियाणि ।। ५६ ।।**

ગાથાર્થ- પલ્યોપમના અસંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગે છતે અનુભાગ બંધનાં સ્થાનો દ્વિગુણ-દ્વિગુણ થાય છે. પરંતુ આયુષ્યકર્મમાં પ્રથમ સ્થિતિબન્ધ સ્થાનકમાં સૌથી થોડાં અનુભાગબંધનાં સ્થાનો છે. જયારે બીજા-ત્રીજા આદિ સ્થાનકોમાં જ અસંખ્યાતગુણા અનુભાગબંધનાં સ્થાનો છે ।। ૫૬ ।।

**વિવેચન-** આયુષ્યકર્મ વિના બાકીની ૮૬ કર્મ પ્રકૃતિઓના પ્રથમ સ્થિતિ સ્થાનથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર પ્રમાણ સ્થિતિ સ્થાનો જઇએ ત્યારે અર્થાત્ આટલાં સ્થાનો ઓળંગીએ, ત્યારે તેની પછીનું જે સ્થિતિસ્થાન આવે છે. તે તે સ્થિતિ સ્થાનમાં જે અનુભાગ બંધનાં સ્થાનો છે તે પૂર્વના સ્થિતિ સ્થાન સંબંધી અનુભાગબંધના અધ્યવસાય સ્થાન કરતાં આ અનુભાગબંધનાં સ્થાનો દ્વિગુણ (બમણાં) થાય છે.

આ બમણી બમણી (દ્વિગુણવૃદ્ધિ) જે કહેવાય છે. તે પૂર્વે કહેલી નરક આયુષ્ય વિનાની (૮૬) જે અશુભ કર્મપ્રકૃતિઓ છે તેની યાવત જઘન્ય સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિ આવે ત્યાં સુધી ઉપર ઉપર સમજવું. પરંતુ જો શુભપ્રકૃતિઓ હોય તો આયુષ્ય ત્રિક વિના પૂર્વે કહેલી શુભ પ્રકૃતિઓ (૬૯ — ૩=૬૬)ની ઉત્કૃષ્ટસ્થિતિથી આરંભીને યાવત્ જઘન્ય સ્થિતિસ્થાન સુધી પલ્યોપમના સંખ્યાતમાભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગે છતે નીચે નીચે ઉતરીએ, ત્યારે ત્યારે અનુભાગબંધનાં સ્થાનોની દ્વિગુણવૃદ્ધિ થાય છે. આમ જાણવું.

પુણ્ય પ્રકૃતિઓ હોય કે પાપપ્રકૃતિઓ હોય આમ બન્ને પ્રકારની કર્મપ્રકૃતિઓમાં દરેકનાં દ્વિગુણવૃદ્ધિસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ થાય છે. આ પ્રમાણે આ દ્વિગુણ વૃદ્ધિસ્થાનો સર્વથી થોડાં છે. કારણ કે તે તો આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ માત્ર જ છે. પરંતુ એક દ્વિગુણવૃદ્ધિના આંતરામાં થયેલાં સ્થિતિસ્થાનો અસંખ્યાતગુણાં હોય છે. કારણ કે તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગતુલ્ય છે.

તથા ચારે પણ આયુષ્યકર્મમાં તો સર્વથી જઘન્યસ્થિતિ બંધવાળા સ્થાનકમાં સર્વથી થોડાં અનુભાગબંધનાં સ્થાનો છે. તેના કરતાં એક સમય અધિક જઘન્ય સ્થિતિ સ્થાનકમાં અનુભાગબંધનાં સ્થાનો અસંખ્યાત ગુણાં છે. તેનાથી પણ બે સમયાધિક સ્થિતિસ્થાનમાં આ અનુભાગબંધનાં સ્થાનો અસંખ્યાત ગુણાં છે. આ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિવાળું સ્થાન આવે. ॥ ૫૬ ॥

***અવતરણ :- અનુભાગબન્ધના સ્થાનોમાં રહેલી તીવ્રતા અને મન્દતા જાણવા માટે અનુકૃષ્ટિ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે-***

**घाईणमसुभवन्नरसगंधकासे, जहन्नठिइबंधे ।**
**जाणज्झवसाणाइं तदेगदेसो य अन्नाणि ॥ ५७ ॥**

**पल्लासंखियभागो, जाव बिइयस्स होइ बिइयम्मि ।**
**आ उक्कस्सा एवं, उवघाए वा वि अणुकड्ढी ॥ ५८ ॥**

ગાથાર્થ- ઘાતીકર્મોની ૪૫ કર્મપ્રકૃતિઓ તથા અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એમ કુલ (૪૫ + ૯ =૫૪) કર્મપ્રકૃતિઓના જઘન્ય સ્થિતિબંધમાં જે અનુભાગબન્ધનાં અધ્યવસાયસ્થાનો છે. તેના એકદેશ પ્રમાણ અન્ય અધ્યવસાય સ્થાનો બીજા સ્થિતિ સ્થાનમાં અધિક પ્રાપ્ત થાય છે એટલે કે પૂર્વસ્થિતિસ્થાનમાં જે અધ્યવસાય સ્થાનો હતાં તેમાંનો એક અસંખ્યાતમો ભાગ છોડીને બાકીમાં સર્વે પણ તે અધ્યવસાય સ્થાનો બીજા સ્થિતિ બંધસ્થાનકમાં પણ પ્રાપ્ત થાય જ છે. તથા થોડાંક નવાં અનુભાગ બંધના હેતુભૂત અધ્યવસાથ સ્થાનો હોય છે. આ જ પ્રમાણે કરતાં કરતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ

સ્થિતિ સ્થાનો પસાર થાય ત્યારે પ્રથમસમયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તથા બીજાસમયની અનુકૃષ્ટિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પછીના બીજા સમયમાં સમાપ્ત થાય છે. આ પ્રમાણે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી જાણવું ઉપઘાત નામકર્મમાં પણ આ જ પ્રમાણે અનુકૃષ્ટિ જાણવી ॥૫૭-૫૮ ॥

**વિવેચન-** ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે :- જઘન્યસ્થિતિ બંધ સ્વરૂપ પ્રથમ સ્થિતિબંધ સ્થાનકમાં જે અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનો છે. તેમાંનો પ્રાથમિક એક અસંખ્યાતમો ભાગ છોડીને શેષ સર્વે પણ તે અધ્યવસાય સ્થાનો બીજા સ્થિતિસ્થાકનના બંધમાં સંભવે છે. અને તેના એક દેશભાગ જેટલાં અધ્યવસાય સ્થાનો નવાં અપૂર્ણ પણ ત્યાં હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે -

**मोत्तुणमसंखं भागं, जहन्नठिइठाणगाण सेसाणि ।**
**गच्छंति उवरिमाए, तदेक्कदेसेण अण्णाणि ॥ १ ॥**

(પંચસંગ્રહ બન્ધનકરણ ગાથા ૮૩)

જઘન્યસ્થિતિસ્થાનમાં જે અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનો છે તેનો અસંખ્યાતમો એક દેશભાગ છોડીને તે સઘળાં પણ સ્થાનો ઉપરના સ્થિતિ સ્થાનમાં હોય છે તથા તેના એક દેશ જેટલાં અન્ય (નવાં એટલે કે અપૂર્વ) પણ હોય છે.

આ જ પ્રમાણે બીજા સ્થિતિ બન્ધસ્થાનકમાં જે અનુભાગબન્ધનાં અધ્યવસાય સ્થાનો છે. તે અધ્યવસાય સ્થાનોનો એક અસંખ્યાતમો ભાગ છોડીને બાકીનાં બધાં જ રસબંધનાં અધ્યવસાય સ્થાનો ત્રીજા સ્થિતિસ્થાનના બંધારંભમાં હોય છે. અને થોડાંક અન્ય પણ હોય છે. આ જ પ્રમાણે ત્રીજા સ્થિતિબન્ધના આરંભમાં જે અનુભાગ બન્ધનાં અધ્યવસાય સ્થાનો હોય છે. તેઓનો એક અસંખ્યાતમો ભાગ મુકીને શેષ સર્વે પણ અનુભાગબંધનાં સ્થાનો ચોથા સ્થિતિ સ્થાનના બંધારંભમાં હોય છે અને થોડાંક અન્ય અધ્યવસાયસ્થાનો પણ હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર પ્રમાણ સ્થિતિઓ ગયેલી થાય ત્યાં સુધી કહેવું.

જ્યારે આટલાં સ્થિતિં સ્થાનો (પલ્યોપમના અસંખ્યાતમા ભાગ તુલ્ય સ્થિતિ સ્થાનો) ગયેલાં થાય છે ત્યારે અહીં જઘન્ય સ્થિતિ બન્ધવાળા પ્રથમ સ્થાનની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. એક દેશ ભાગ એક દેશ ભાગ છોડતાં છોડતાં અહીં પ્રથમ સમય વાળાં બધાં જ સ્થાનો નીકળી જાય છે, એટલે પ્રથમ સમયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. ત્યાર પછીના બીજા સમયે બીજા સ્થિતિબન્ધ સ્થાન સંબંધી અનુભાગ બંધનાં અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ પરિસમાપ્તિ પામે છે. એટલે કે આ બીજા સમયની અનુકૃષ્ટિ ત્યાં પરિનિષ્ઠાને (સમાપ્તિને) પામે છે.

ત્યાર પછીના ત્રીજા સમયમાં ત્રીજા સ્થિતિબંધના આરંભ ભાવિ અનુભાગબંધના અધ્યવસાય સ્થાનકોની અનુકૃષ્ટિ સમાપ્તિને પામે છે. આ જ પ્રમાણે આ જ પ્રકારે યાવત ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાન સુધી જાણવું.

ઉપઘાતનામ કર્મમાં પણ અનુકૃષ્ટિ આ પ્રમાણે જ જાણવી એટલે કે આ અનુકૃષ્ટિ (૫૪ + ૧ = ૫૫) કુલ પંચાવન કર્મોની જાણવી. ગાથાના પ્રાસ માટે ઉપઘાત નામ કર્મ અન્તે લખ્યું છે.॥ ૫૭-૫૮॥

*અવતરણ : -પંચાવન કર્મપ્રકૃતિઓના સમુદાય રૂપ પ્રથમવર્ગમાં અમે અનુકૃષ્ટિ કહી. હવે બીજાવર્ગમાં તે અનુકૃષ્ટિ જણાવે છે.*

**परघा उज्जो उस्सासायवधुवणामतणुउवंगाणं ।**
**पडिलोमा सायस्स य, उक्कस्से जाणि समऊणे ॥ ५९ ॥**

**ताणि य अन्नाणेवं, ठिइबंधो जा जहन्नगमसाए ।**
**हेट्ठुज्जोयसमेवं, परित्तमाणीण उ सुभाणं ॥ ६० ॥**

**ગાથાર્થ-** પરાઘાત, ઉદ્યોત, ઉચ્છ્શ્વાસ, આતપ, નામકર્મની ધ્રુવબંધી (શુભવર્ણાદિ ૧૧, અગુરુલઘુ અને નિર્માણનામકર્મ) શરીર ૫, ઉપાંગ ત્રણ આટલી શુભ-પ્રકૃતિઓની અનુકૃષ્ટિ પ્રતિલોમે (અવળા ક્રમે) જાણવી. તથા સાતાવેદનીય કર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જે અધ્યવસાય સ્થાન હોય છે. તે સઘળાં જ તથા બીજાં કેટલાક અન્ય અધ્યવસાયસ્થાનો સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ બંધમાં હોય છે. આમ ત્યાં સુધી કહેવું કે જયાં સુધી સામે અસાતાનો જઘન્ય સ્થિતિબંધ આવે, તેનાથી હેઠે (નીચે) ઉદ્યોતનામકર્મની સમાન જાણવું. આ પ્રમાણે પરાવર્તમાન શુભ કર્મપ્રકૃતિઓની અનુકૃષ્ટિ જાણવી. (આ ત્રીજા વર્ગની અનુકૃષ્ટિ થઈ)

**વિવેચન-** હવે બીજાવર્ગની અનુકૃષ્ટિ સમજાવે છે. પરાઘાત, ઉદ્યોત, ઉચ્છ્વાસ, "આતપનામકર્મ, "શુભવર્ણાદિ અગીયાર, અગુરુલઘુ, અને નિર્માણનામ કર્મ" આ પ્રમાણેની ધ્રુવબંધી નામકર્મની તેર, તથા तनु શબ્દના ગ્રહણથી શરીર, સંઘાતન, અને બંધન ગ્રહણ કરાય છે. તેથી શરીર પંચક, સંઘાતનપંચક, અને બંધન પન્નર તથા અંગોપાંગ ત્રણ આમ કુલ ૪૫ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ પ્રતિલોમે (અવળા ક્રમે) કહેવી. તે આ પ્રમાણે-

આ ઉપર કહેલી ૪૫ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટસ્થિતિબંધના આરંભમાં જે અનુભાગ-બન્ધનાં અધ્યવસાયસ્થાનો હોય છે તેઓનો પ્રારંભનો એક અસંખ્યાતમો ભાગ મુકીને શેષ સર્વે પણ અનુભાગ બંધનાં સ્થાનો સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ બંધમાં પ્રાપ્ત થાય છે. તથા થોડાંક બીજાં અન્ય અધ્યવસાય સ્થાનો પણ હોય છે.

એક સમય ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિબંધસ્થાનકમાં જે જે અનુભાગ બંધનાં અધ્યવસાય સ્થાનો છે તેનો પ્રારંભનો એક અસંખ્યાતમો ભાગ છોડીને તે સર્વે અધ્યવસાય સ્થાનો તથા બીજાં થોડાંક નવાં અધ્યવસાય સ્થાનો બે સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ બંધસ્થાનકમાં વર્તે છે.

આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી પ્રારંભીને ત્યાં સુધી કહેવું કે યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર જેટલી સ્થિતિઓ પસાર થાય. જ્યારે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પસાર થાય ત્યારે ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તેના પછીના અનન્તર બીજા સમયમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પૂર્વના ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાન તરફના બીજા સમયની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તેના પછીના ત્રીજા સમયમાં બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ બંધના સ્થાનકની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે તે તે કર્મની જઘન્યસ્થિતિબંધનું સ્થાનક આવે.

તીર્થંકર નામકર્મની અનુકૃષ્ટિ પણ આમ જ થાય છે. આવી વાત "तणुतुल्ला तित्थयरे" ઇત્યાદિ ગાથા ૬૫ માં કહેવાશે. તેથી તે એક પ્રકૃતિ પણ આ વર્ગમાં વધારે સમજી લેવી. જેથી આ અપરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો બીજો વર્ગ (૪૫ + ૧ = ૪૬)કુલ છેતાલીસ કર્મ પ્રકૃતિઓનો જાણવો. આ બીજાવર્ગની અનુકૃષ્ટિ સમજાવી.

હવે પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ કે જેનું નામ ત્રીજો વર્ગ કહેવામાં આવે છે તે ત્રીજા વર્ગની અનુકૃષ્ટિ સમજાવે છે સાતાવેદનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતાં જે રસબંધનાં અધ્યવસાય સ્થાનકો હોય છે. તે તમામ અધ્યવસાયવસ્થાનો તથા બીજાં થોડાંક વધારે નવા અધ્યવસાય સ્થાનો સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ બંધમાં હોયછે. સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ બંધમાં જે રસબંધના બંધનાં અધ્યવસાય સ્થાનો હોય છે તે સર્વ તથા થોડાંક નવાં બે સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ બંધમાં હોય છે. આમ तानि એટલે તે સર્વે તથા अन्यानि च એટલે થોડાંક બીજાં અન્ય અધ્યવસાયસ્થાનો સમયન્યૂન સમયન્યૂન સ્થિતિબંધ કરતાં કરતાં યાવત્ ત્યાં સુધી કહેવું કે સામે અસાતાવેદનીયનો જઘન્યસ્થિતિબંધ (અભવ્ય પ્રાયોગ્ય અંતઃકોડાકોડી) આવે. જ્યાં સુધી આમ બન્ને પ્રતિપક્ષી પ્રકૃતિઓના બંધનો સંભવ છે ત્યાં સુધી (પન્નર કોડાકોડી સાગરોપમથી પ્રારંભીને અંતઃકોડાકોડી સુધી) तानि અને अन्यानि નો ક્રમ જાણવો.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે પ્રતિપક્ષવાળી પ્રકૃતિઓની અન્તઃકોડાકોડી વિગેરે સ્થિતિનાં સ્થાનો સામસામા સ્થાપવાં, કારણ કે અભવ્યજીવોનો જઘન્ય સ્થિતિબંધ અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. (કારણ કે ગુણસ્થાનક પ્રથમ જ છે માટે). ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી ત્યાં સુધી પ્રાયઃ અનુકૃષ્ટિ કહેવાય છે. આ કારણથી અહીં સુધી કહેલ છે.

સ્થાપના કરવામાં સાતાના ઉપરના ભાગથી અધોમુખે અને અસાતાના અધોભાગથી

આરંભીને ઉર્ધ્વમુખે સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ (સેંકડો સાગરોપમ પ્રમાણ) અર્થાત પન્નર કોડાકોડી સાગરોપમ સુધીની) સ્થિતિઓ પરસ્પર આક્રાન્ત પણે સ્થાપવી કારણ કે પરસ્પર આક્રાન્તપણે આટલાં જ સ્થિતિસ્થાનોનો બંધ સંભવી શકે છે. આટલી સ્થિતિઓ સાતા રૂપે અને અસાતારૂપે પરાવર્તે પરાવર્તે બંધાય છે. તેથી આક્રાન્ત સ્થિતિ કહેવાય છે અને આક્રાન્ત પણે સ્થપાય છે.

અંતઃકોડાકોડીથી નીચેની શેષ સ્થિતિઓ કેવળ એકલી સાતાની જ મળે છે. તેથી તે અધોમુખે સ્થપાય છે. અને પન્નર કોડાકોડી સાગરોપમ ઉપરની કેવળ એકલી અસાતાવેદનીયની પ્રાપ્ત થાય છે. ૧૫ થી ૩૦ કોડાકોડી સુધીની તે સ્થિતિ ઉર્ધ્વમુખે સ્થાપવી. એમ યાવત્ પર્યન્તવર્તી પોતપોતાની સ્થિતિ આવે.

અસાતાની ૧૫ કોડાકોડી સાગરોપમથી ઉપર યાવત્ ઉત્કૃષ્ટ તરફ ૩૦ કોડાકોડી સાગરોપમ સુધી અને સાતાની અંતકોડાકોડીથી નીચે યાવત્ બાર મુહૂર્ત પ્રમાણ થાય ત્યાં સુધી આટલી સ્થિતિમાં અન્તરાલમાં પ્રતિપક્ષી પ્રકૃતિઓના બંધનો અભાવ છે. તેથી તે સ્થિતિને શુદ્ધસ્થિતિ (પ્રતિપક્ષપ્રકૃતિના બંધ વિનાની સ્થિતિ) કહેવાય છે.

તેથી અસાતાનો જઘન્ય સ્થિતિબંધ જે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય છે ત્યાં સુધી જ એટલેકે સાતાનો પન્નર કોડાકોડીથી પ્રારંભીને અધોમુખે સ્થિતિઓ પ્રતિપક્ષવાળી પ્રકૃતિની સાથે આક્રાન્તપણે સેંકડો સાગરોપમ પ્રમાણ (અર્થાત્ અંતઃ કોડાકોડી સાગરોપમથી પ્રારંભીને પન્નર કોડાકોડી સાગરોપમ સુધી જ આક્રાન્ત સ્થિતિઓ) પ્રાપ્ત થાય છે. આ કારણે આટલા પ્રમાણ વાળાં સાતાનાં સ્થિતિ સ્થાનોમાં तानि च अन्यानि च = તે તમામે તમામ અધ્યવસાયસ્થાનો તથા બીજાં કેટલાંક હોય છે આ ક્રમને જ અનુસરવું.

हेट्ठुज्जोअसमं = સાતાવેદનીય કર્મના અંતકોડાકોડી સાગરોપમથી (હેઠેના) નીચેના સ્થિતિ સ્થાનોમાં ઉદ્યોતનામકર્મની જેમ અનુકૃષ્ટિ જાણવી. ઉદ્યોત નામકર્મમાં જે રીતે અનુકૃષ્ટિ કહી છે. તે રીતે અનુકૃષ્ટિ જાણવી. તે આ પ્રમાણે-

સ્થાપના કરવામાં-અસાતાવેદનીય કર્મનો અભવ્ય પ્રાયોગ્ય જે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જઘન્યસ્થિતિ બંધ છે. તેની સમાન અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિવાળું સાતાવેદનીય કર્મનું જે સ્થિતિ સ્થાન છે. ત્યાં જે રસબંધનાં અધ્યવસાય સ્થાનો છે. તેનો પ્રાથમિક અસંખ્યાતમો ભાગ છોડીને બાકીનાં તમામ તથા કેટલાંક બીજાં રસબંધનાં અધ્યવસાય સ્થાનો સમયન્યૂન અંતઃ કોડાકોડી સાગરોપમવાળા સ્થિતિસ્થાનમાં હોય છે. ત્યાં પણ જે રસબંધમાં અધ્યવસાય સ્થાનો છે. તેનો એક અસંખ્યાતમો ભાગ મુકીને બાકીનાં શેષ સર્વ અને થોડાંક બીજાં રસબંધના અધ્યવસાય સ્થાનો તેના પછીના નીચેના સ્થિતિસ્થાનમાં પ્રાપ્ત થાય છે. આ જ ક્રમ વડે ત્યાં સુધી કહેવું કે એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર પ્રમાણ સ્થિતિઓ ગયેલી થાય. ત્યાં અસાતા સંબંધી જઘન્ય સ્થિતિ સ્થાનની તુલ્ય સાતાવેદનીય કર્મના

અંતઃકોડાકોડી કાળા સ્થિતિ સ્થાન ની રસબંધના અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્તિને પામે છે. તેના પછીના સ્થિતિસ્થાનમાં અસાતાના જઘન્ય સ્થિતિબન્ધ તુલ્ય સાતાના સ્થિતિ સ્થાનથી નીચેના બીજા સ્થિતિ સ્થાનવાળા સ્થાનની અનુકૃષ્ટિ સમાપ્તિને પામે છે

આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ સાતાવેદનીય કર્મની (૧૨) મુહૂર્ત પ્રમાણવાળી જઘન્ય સ્થિતિ આવે આ પ્રમાણે સાતાવેદનીયની અનુકૃષ્ટિ સમજાવી. અતિદેશ જણાવે છે (જે જે પ્રકૃતિઓની અનુકૃષ્ટિ સાતાની સમાન છે. તેની ભલામણ હવે કરે છે.) જેમ અમે સાતાની અનુકૃષ્ટિ સમજાવી. તેમ પરાવર્તમાન એવી શુભ પ્રકૃતિઓ-મનુષ્યદ્વિક, દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ, સમચતુરસ્ત્રસંસ્થાન, વજ્રઋષભ નારાચસંઘયણ, પ્રશસ્ત વિહાયોગતિ, સ્થિરાદિ ષટ્ક, અને ઉચ્ચગોત્ર સ્વરૂપ પન્નરની સંખ્યાવાળી શુભપ્રકૃતિઓની નામ લેવા પૂર્વક અનુકૃષ્ટિ આ જ પ્રમાણે કહેવી. ॥ ૫૯-૬૦ ॥

*અવતરણ :- ત્રીજા વર્ગની અનુકૃષ્ટિ કહી. હવે ચોથા વર્ગની અનુકૃષ્ટિ કહે છે.*

**जाणि असहायजहन्ने, उदहिपुहुत्तं ति ताणि अण्णाणि ।**
**आवरणसमुप्पेवं, परित्तमाणीणमसुभाणं ॥ ६१ ॥**

ગાથાર્થ- અસાતાવેદનીયકર્મના જઘન્ય સ્થિતિસ્થાનમાં જે અધ્યવસાયસ્થાનો છે. તે અને અન્ય આ ક્રમ સેંકડો સાગરોપમ સુધી (૧૫ કોડાકોડી સુધી) ચાલે છે. ત્યાર પછી જ્ઞાનાવરણીય કર્મની જેમ જ સમજવું. પરાવર્તમાન અશુભ એવી ૨૭ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ આ પ્રમાણે જાણવી. ॥ ૬૧ ॥

**વિવેચન-** અસાતા વેદનીયકર્મનો અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જે જઘન્યસ્થિતિબંધ છે. તેમાં અનુભાગબંધનાં જે જે અધ્યવસાય સ્થાનો છે. તે સર્વે પણ અધ્યવસાયસ્થાનો બીજા સ્થિતિસ્થાનમાં એટલેકે સમયાધિક અંતઃકોડાકોડી સાગરોપમમાં પણ હોય છે. અને થોડાંક નવાં અધ્યવસાયસ્થાનો પણ હોય છે. અર્થાત્ तानि अन्यानि च નો ક્રમ ચાલે છે.

સમયાધિક જઘન્યસ્થિતિબંધવાળા બીજા સ્થિતિસ્થાનમાં જે અનુભાગબંધનાં અધ્યવસાયસ્થાનો છે तानि अन्यानि च = તે સર્વ તથા થોડાંક અન્ય રસબંધનાં અધ્યવસાયસ્થાનો બે સમય અધિક જઘન્યસ્થિતિબંધ રૂપ ત્રીજા સ્થિતિસ્થાનમાં હોય છે. આ પ્રમાણે "तानि सर्वाणि अन्यानि च" આ ક્રમ ત્યાં સુધી આ અસાતાવેદનીયકર્મમાં કહેવો કે જયાં સુધી સામે પ્રતિપક્ષી સાતાવેદનીય બંધમાં સંભવતી હોય. અર્થાત્ અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિથી પન્નર કોડાકોડી સાગરોપમની અસાતાની સ્થિતિ બને ત્યાં સુધી કહેવું.

જેટલી માત્રાવાળાં સાતાવેદનીયકર્મનાં સ્થિતિસ્થાનોમાં ૧૫ કોડાકોડી સાગરોપમથી

અંતઃકોડાકોડી સાગરોપમ સુધી અધોમુખે तानि अन्यानि च નો ક્રમ અનુકૃષ્ટિનો કહ્યો હતો. તેટલાં જ સ્થિતિસ્થાનોમાં અસાતાવેદનીય કર્મની સ્થિતિમાં અંતઃ કોડાકોડી સાગરોપમથી ૧૫ કોડાકોડી સાગરોપમ સુધીમાં ઉર્ધ્વમુખે तानि अन्यानि च નો ક્રમ કહેવો.

અસાતાવેદનીય કર્મની આટલી સ્થિતિ = અંતઃકોડાકોડી સાગરોપમથી પ્રારંભીને પન્નર કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિમાંથી કોઈ પણ સ્થિતિ સ્થાનમાં વર્તતો જીવ સર્વથા જઘન્ય અનુભાગ બંધ કરી શકે છે. કારણ કે તેનું તે જ અધ્યવસાય સ્થાન સર્વ સ્થાનોમાં વર્તે છે કારણ કે આટલી સ્થિતિઓ સાતાવેદનીયની સાથે પરાવર્તે પરાવર્તે બંધાય છે. અને પરાવર્તન પરિણામવાળો જીવ પ્રાયઃ (ઘણુ કરીને) મન્દ પરિણામવાળો હોય છે. તે કારણથી આટલાં સ્થિતિસ્થાનોમાં વર્તતો જીવ જઘન્ય અનુભાગ બંધ કરી શકે છે. ત્યાં જઘન્ય અનુભાગબંધનો સંભવ છે.

અહીંથી આગળ (પન્નર કોડાકોડી સાગરોપમથી આગળ)ની સ્થિતિ જ્યારે બંધાય છે ત્યારે કેવળ એકલું અસાતાવેદનીય કર્મ જ બંધાય છે (સાતા બંધાતું નથી કારણ કે તેની પન્નર કોડાકોડીથી વધારે સ્થિતિ જ નથી) તેથી તે તીવ્ર-તીવ્રતર-તીવ્રતમ પરિણામથી બંધાય છે. પણ ત્યાં ઘોલમાન પરિણામ હોતા નથી. તેથી ત્યાં જઘન્ય રસબંધનો સંભવ નથી.

આ રીતે અસાતાવેદનીય કર્મની પન્નર કોડાકોડી સાગરોપમની સ્થિતિથી આગળ યાવત્ ૩૦ કોડાકોડી સાગરોપમ સુધી જ્ઞાનાવરણીયકર્મની તુલ્ય तदेकदेश અને अन्यानि = નો ક્રમ સમજવો. તે આ પ્રમાણે-

જઘન્ય અનુબન્ધપ્રાયોગ્ય જે સ્થિતિ છે. (અંતઃ કોડાકોડી સાગરોપમથી પન્નર કોડાકોડી સાગરોપમ સુધીની જે સ્થિતિ છે) તેમાંના ચરમ સ્થિતિબન્ધમાં (એટલે કે પન્નર કોડાકોડી સાગરોપમની જે સ્થિતિ બંધાય છે તે સ્થિતિસ્થાનમાં) જે અનુભાગબન્ધનાં અધ્યવસાય સ્થાનો છે. તેમાંનો પ્રાથમિક અસંખ્યાતમો ભાગ ત્યજીને બાકીનાં બધાં પણ તે અધ્યવસાય સ્થાનો સમયાધિક પન્નર કોડાકોડીની સ્થિતિવાળા સ્થિતિબંધસ્થાનમાં હોય છે.તથા થોડાક અધ્યવસાય સ્થાનો અપૂર્વ પણ હોય છે.

તેનાથી પણ ઉપરના સ્થિતિસ્થાનકના બન્ધના આરંભમાં પૂર્વના સ્થિતિસ્થાનક સંબંધી અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનોનો અસંખ્યાતમો ભાગ ત્યજીને શેષ સર્વ અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનો વર્તે પણ છે અને થોડાંક અધ્યવસાયસ્થાનો અપૂર્વ પણ હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ સ્થાનો પસાર થાય આટલાં સ્થિતિ સ્થાનો પસાર થાય ત્યાં જઘન્ય અનુભાગબન્ધને યોગ્ય જે અંતઃકોડાકોડીથી પન્નર કોડાકોડીનાં સ્થિતિ સ્થાનો હતાં તેમાંના ચરમ સ્થિતિસ્થાન સંબંધી અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ પરિસમાપ્ત થાય છે.

ત્યાર પછીના બીજા સ્થિતિ સ્થાનમાં એટલે કે ઉપરિતનભાગવાળા સ્થિતિ સ્થાનમાં જઘન્ય અનુભાગ બન્ધ પ્રાયોગ્ય જે અંતઃકોડાકોડી સાગરોપમથી પન્નર કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિના સ્થાનકો હતાં. તેમાંની જે ચરમ સ્થિતિનું સ્થાનક હતું. તેના પછીના સ્થિતિસ્થાન સંબંધી અનુભાગબંધના અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ અસાતાવેદનીયકર્મની ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ આવે.

જેવી અસાતાવેદનીયકર્મની સ્થિતિસ્થાનની અનુકૃષ્ટિ સમજાવી. તે જ પ્રમાણે જે કર્મોની અનુકૃષ્ટિ છે. તેની ભલામણ કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે- જેમ અસાતાવેદનીય કર્મની અનુકૃષ્ટિ કહી છે. તે જ પ્રમાણે પરાવર્તમાન અશુભપ્રકૃતિઓ-સ્થાવર દશક, નરકદ્વિક, આદ્ય જાતિ ચતુષ્ટ્ય, પ્રથમ સિવાયનાં પાંચ સંસ્થાન અને પાંચ સંઘયણ, અપ્રશસ્ત વિહાયોગતિ સ્વરૂપ કુલ સત્યાવીસ અશુભ કર્મપ્રકૃતિઓની અનુકૃષ્ટિ તે તે પ્રકૃતિઓનાં નામ લેવાપૂર્વક પ્રતિપક્ષવાળી પ્રકૃતિને સામે રાખીને કહી દેવી. અર્થાત્ જાણવી. ॥ ૬૧ ॥

તે આ પ્રમાણે ચારે પણ વર્ગોની અનુકૃષ્ટિ સમજાવી. હવે તિર્યંચદ્વિક અને નીચગોત્રકર્મ એમ ત્રણ કર્મોની અનુકૃષ્ટિ કંઈક જુદી રીતે થાય છે તે સમજાવે છે-

**से काले सम्मत्तं, पडिवज्जंतस्स सत्तमखिईए ।**
**जो ठिईबन्धो हस्सो, इत्तो आवरणतुल्लो उ ॥ ६२ ॥**

**जा अभविय पाउग्गा, उप्पिमसायसमयाउआ जा जेट्ठा ।**
**एसा तिरियगइदुगे, नीयगोए य अणुकड्ढी ॥ ६३ ॥**

ગાથાર્થ :- અનન્તર સમયે સમ્યક્ત્વ પામશે એવા સાતમી નારકીમાં વર્તતા જીવનો જે સ્થિતિબંધ થાય છે. તે તિર્યંચદ્વિક અને નીચગોત્ર કર્મનો સર્વથી જઘન્યસ્થિતિ બંધ જાણવો. ત્યાંથી આગળ આ અનુકૃષ્ટિ જ્ઞાનાવરણીય કર્મની તુલ્ય સમજવી. યાવત્ અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ (અર્થાત્ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણનો સ્થિતિબંધ) આવે. ત્યાં સુધી જ્ઞાનાવરણીય તુલ્ય જાણવી. તેનાથી ઉપર અસાતાવેદનીયની સમાન અનુકૃષ્ટિ કહેવી યાવત્ જ્યેષ્ઠસ્થિતિ આવે. આ અનુકૃષ્ટિ તિર્યંચદ્વિક અને નીચગોત્રકર્મમાં જાણવી. ॥ ૬૨-૬૩ ॥

વિવેચન- સાતમી નારકીમાં વર્તતો જીવ જ્યારે હવે પછીના બીજા જ સમયે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો હોય ત્યારે મિથ્યાત્વ ગુણ સ્થાનકના ચરમ સમયમાં વર્તતા તે જીવને જે જઘન્ય સ્થિતિબંધ થાય છે. ત્યાંથી પ્રારંભીને આગળ જે સ્થિતિબંધ થાય છે ત્યાં અનુકૃષ્ટિને આશ્રયીને

આવરણ તુલ્ય એટલે કે જ્ઞાનાવરણીયકર્મની તુલ્ય અનુકૃષ્ટિ જાણવી તે ત્યાં સુધી જાણવી કે યાવત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ આવે ત્યાં સુધી સમજવું.

સ્થાપના કરવામાં તિર્યંચદ્વિક અને નીચગોત્રકર્મની પોત પોતાની પ્રતિપક્ષભૂત પ્રકૃતિના અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી પણ ઘણો ઓછો બંધાતો જઘન્યતર સ્થિતિબન્ધ થાપવો. ત્યારબાદ અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધ સુધી જ્ઞાનાવરણીયકર્મની તુલ્ય અનુકૃષ્ટિ કહેવી.

ત્યાં તિર્યંચદ્વિકને આશ્રયી આ અનુકૃષ્ટિ સમજાવાય છે. સાતમી નરકભૂમિમાં વર્તતો જીવ જ્યારે સમ્યક્ત્વ પામવાને ઉત્સુક થાય અને યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરીને સમ્યક્ત્વ પામવાનો કાલ આવે ત્યારે મિથ્યાત્વના ચરમ સમયે તિર્યંચદ્વિકની અને નીચેગોગની જઘન્યસ્થિતિ આ જીવ બાંધે છે જ્યારે જઘન્યસ્થિતિ બાંધતો હોય ત્યારે જે અનુભાગબંધના સ્થાનો છે. તેનો એક અસંખ્યાતમો ભાગ મુકીને અન્ય સર્વે પણ અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનો તેના પછીના બીજા સ્થિતિ સ્થાનમાં વર્તે છે. તથા થોડાંક બીજાં નવાં અધ્યવસાયસ્થાનો પણ આવે છે. અર્થાત્ तदेकदेश અને अन्यानि નો ક્રમ ચાલે છે.

બીજું સ્થિતિ સ્થાન બાંધતાં જે અનુભાગબન્ધનાં સ્થાનો છે તેનો પણ પ્રારંભનો એક અસંખ્યાતમો ભાગ છોડીને શેષ સર્વે પણ તે અધ્યવસાય સ્થાનો ત્રીજા સ્થિતિબન્ધસ્થાનમાં વર્તે છે. તથા થોડાંક નવાં પણ હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર જેટલી સ્થિતિઓ પસાર થાય. અહીં જઘન્ય સ્થિતિ સ્થાન સંબંધી અનુભાગબન્ધનાં અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્તિને પામે છે.

તેનાથી ઉપરના બીજા સ્થિતિ સ્થાનમાં બીજીસ્થિતિ સંબંધી અનુભાગ બન્ધનાં અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્તિને પામે છે. તેનાથી ઉપરના ત્રીજા સ્થિતિબંધારંભમાં ત્રીજા સ્થિતિ સ્થાન સંબંધી અનુભાગબન્ધના અધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્તિને પામે છે.

આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબન્ધ (અંતઃકોડાકોડી પ્રમાણ) આવે. ત્યાર પછી તેનાથી ઉપર એટલે કે અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિ સ્થાનથી આરંભીને આ તિર્યંચદ્વિકની અને નીચગોત્ર કર્મની અનુકૃષ્ટિ અસાતાવેદનીય કર્મની સમાન જાણવી. "आजेट्ठत्ति = યાવત્ ઉત્કૃષ્ટસ્થિતિ આવે ત્યાં સુધી અસાતાની સમાન જાણવી.

ઉપર સમજાવેલી વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે- અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિ (અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ) બાંધતાં જે અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનકો છે તે સર્વે પણ અધ્યવસાય સ્થાનો તથા થોડાંક બીજાં પણ એટલે કે "तानि-अन्यानि च"નો ક્રમ હોય છે. આ પ્રમાણે યાવત્ સેંકડો સાગરોપમતુલ્ય સ્થિતિસ્થાનો જાય ત્યાં સુધી જાણવું. આ સઘળાં સ્થિતિસ્થાનો પ્રાયઃ અભવ્ય પ્રાયોગ્ય સ્થિતિસ્થાનથી પ્રારંભીને સર્વે પણ સ્થાનો જઘન્ય

અનુભાગબન્ધને યોગ્ય છે કારણ કે આ તિર્યંચદ્વિકની પ્રકૃતિઓ મનુષ્યગતિ સ્વરૂપ પ્રતિપક્ષવાળી પ્રકૃતિની સાથે પરાવર્તે પરાવર્તે બંધાય છે. અને પરાવર્તમાન બન્ધ જ્યારે ચાલતો હોય ત્યારે પ્રાયઃ જીવ પરિણામની મન્દતાનો અનુભવ કરનાર હોય છે. તેથી આ પ્રકૃતિઓ જઘન્ય અનુભાગબન્ધના વિષયવાળી બને છે. ધારો કે તિર્યંચદ્વિકની અભવ્ય પ્રાયોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમથી પ્રારંભીને પન્નર કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિઓ મનુષ્યદ્વિકની સાથે આક્રાન્તપણે બંધાય છે. ત્યાં સુધીની સ્થિતિઓ જઘન્ય અનુભાગબન્ધને યોગ્ય હોય છે. તેમાંના કોઈ પણ સ્થિતિ સ્થાનમાં વર્તતો જીવ જઘન્ય અનુભાગબંધ કરી શકે છે.

આ સ્થિતિ સ્થાનોમાં જે ચરમસ્થિતિસ્થાન (પન્નર કોડાકોડી સાગરોપમવાળું) છે. તેમાં જે અનુભાગબન્ધનાં અધ્યવસાયસ્થાનો છે. તેઓનો એક અસંખ્યાતમો ભાગ મુકીને શેષ સર્વે પણ રસબંધનાં અધ્યવસાયસ્થાનો ઉપરના સ્થિતિબંધના સ્થાનકમાં વર્તે જ છે તથા થોડાંક અન્ય પણ હોય છે.

ત્યાં પણ જે અનુભાગબંધનાં અધ્યવસાયસ્થાનો છે. તેઓનો અસંખ્યાતમો ભાગ મુકીને શેષ સર્વે પણ તેના ઉપરના સ્થિતિસ્થાનમાં વર્તે છે અને થોડાંક બીજાં અન્ય પણ હોય છે. આ પ્રમાણે तदेकदेश અને अन्यानि च આ ક્રમ ત્યાં સુધી કહેવો કે યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર સ્થિતિ સ્થાનો પસાર થાય. ત્યારે અહીં જઘન્ય અનુભાગના વિષયવાળી ચરમ સ્થિતિ સ્થાનના અનુભાગબન્ધના અધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. તેના પછીના ઉપરના સ્થિતિબંધના સ્થાનમાં જઘન્ય સ્થિતિ બન્ધ થાય તેવા વિષયવાળી જે ચરમસ્થિતિ છે. તેના પછીના બીજા સ્થિતિસ્થાન સંબંધી તે અનુભાગબંધના અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્ત થાય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ આવે. આ અનુકૃષ્ટિ તિર્યંચદ્વિક અને નીચગોત્ર કર્મમાં કહી.

ત્યાં જેવી રીતે તિર્યંચદ્વિકની અનુકૃષ્ટિ પ્રતિપક્ષી એવી મનુષ્યાદ્વિકની સાથે સમજાવી. તેવી જ રીતે નીચ ગોત્રકર્મની અનુકૃષ્ટિ તેની પ્રતિપક્ષી એવી ઉચ્ચગોત્રકર્મપ્રકૃતિની સાથે સમજી લેવી. ॥૬૨-૬૩॥

*અવતરણ- હવે ત્રસાદિ ચતુષ્કની અનુકૃષ્ટિ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે-*

**तसबायरपज्जत्तग, पत्तेयगाण परघाय तुल्लाओ ।**
**जाव ट्ठारसकोडाकोडी, हेट्ठा य साएणं ॥ ६४ ॥**

ગાથાર્થ- ત્રસ-બાદર-પર્યાપ્ત-અને પ્રત્યેકનામકર્મ આ ચાર કર્મોની અનુકૃષ્ટિ પરાઘાત નામકર્મની તુલ્ય સમજવી. યાવત્ અઢાર કોડાકોડી સાગરોપમ સુધી પરાઘાતની તુલ્ય જાણવી. ત્યાર પછી તેનાથી હેટ્ઠે (નીચે) સાતાની જેમ અનુકૃષ્ટિ જાણવી. ॥ ૬૪ ॥

વિવેચન- હવે ત્રસ-બાદર-પર્યાપ્ત અને પ્રત્યેક આ ચાર નામકર્મ (કે જે પુણ્યપ્રકૃતિઓ છે તે)ની અનુકૃષ્ટિ પરાઘાત નામકર્મની જેમ અઢાર કોડાકોડી સાગરોપમની સ્થિતિ થાય. ત્યાં સુધી જાણવી. ત્યાર પછી અઢાર કોડાકોડી સાગરોપમના સ્થિતિસ્થાનથી નીચે સાતાવેદનીય કર્મની જેમ અનુકૃષ્ટિ જાણવી.

ત્યાં ત્રસનામ કર્મની ભાવના વિચારાય છેઃ- ત્રસ નામકર્મના ઉત્કૃષ્ટસ્થિતિબન્ધના આરંભમાં (ઉત્કૃષ્ટ સ્થિતિબંધસ્થાનમાં) (એટલે કે ૨૦ કોડાકોડી સાગરોપમવાળા સ્થિતિ-સ્થાનમાં) જે અનુભાગ બન્ધનાં અધ્યવસાય સ્થાનો છે. તેના એક પ્રારંભના અસંખ્યાતમા ભાગને મુકીને શેષ સર્વે પણ અનુભાગ બંધનાં અધ્યવસાય સ્થાનો એક સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ બંધવાળા સ્થાનમાં પ્રાપ્ત થાય છે. અને થોડાંક નવાં અધ્યવસાય સ્થાનો પણ હોય છે.

તથા પ્રાથમિક અસંખ્યાતમા ભાગ પ્રમાણને છોડીને તે સર્વે પણ અનુભાગબંધનાં સ્થાનો બીજા સ્થિતિબંધના સ્થાનકમાં પણ હોય છે અને બીજાં કેટલાંક નવાં અધિક પણ હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિઓ ગઈ હોય. અહીં ઉત્કૃષ્ટસ્થિતિબંધ સંબંધી અનુભાગબન્ધના અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્તિને પામે છે.

ત્યાર પછીના નીચેના સ્થિતિસ્થાનમાં સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિસંબંધી તે અનુભાગબન્ધનાં અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ સમાપ્તિને પામે છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિઓ પસાર થાય, ત્યારબાદ અઢાર કોડાકોડી સાગરોપમવાળા ચરમ સ્થિતિસ્થાનમાં જે અનુભાગનાં અધ્યવસાય સ્થાનો છે તે સર્વે પણ અધ્યવસાય સ્થાનો તેના પછીના (અઢાર કોડાકોડીમાં ૧ સમયન્યૂન વાળા) સ્થિતિબંધના સ્થાનકમાં પ્રાપ્ત થાય છે. અને થોડાક બીજાં નવાં અધ્યવસાયસ્થાનો હોય છે. એટલે "तानि सर्वाणि अन्यानि च" આ ક્રમ આગળ ચાલે છે.

तत्स्थानभावीनि = તે એક સમયન્યૂન અઢાર કોડાકોડી વાળા સ્થિતિબંધના સ્થાનમાં જે જે રસબંધનાં અધ્યવસાય સ્થાનો હોય છે. તે સર્વે પણ તથા બીજાં કેટલાંક અધ્યવસાયસ્થાનો તેના પછીના નીચેના એટલે કે બે સમયન્યૂન અઢાર કોડાકોડીવાળા સ્થિતિસ્થાનમાં હોય છે. આ પ્રમાણે કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય અનુભાગબન્ધને યોગ્ય વિષયવાળી પ્રતિપક્ષી એવી સ્થાવર (સૂક્ષ્મ અપર્યાપ્ત અને સાધારણ) નામકર્મસંબંધી સ્થિતિઓ પસાર થયેલી થાય.

તેના પછીના સ્થિતિસ્થાનમાં તેની પૂર્વના સ્થિતિ સ્થાન સંબંધી જે અનુભાગબંધનાં અધ્યવસાયનાં સ્થાનો હતા. તેમાંનો એક અસંખ્યાતમો ભાગ મુકીને બાકીનાં સર્વે પણ

અધ્યવસાયસ્થાનો તથા બીજાં કેટલાંક રસબંધનાં અધ્યવસાયસ્થાનો તેના પછીના સ્થિતિસ્થાનમાં હોય છે.

તેનાથી પણ નીચેના સ્થતિસ્થાનમાં પૂર્વના અનન્તર સ્થિતિસ્થાનસંબંધી તે રસબંધનાં અધ્યવસાયસ્થાનોનો અસંખ્યાતમો ભાગ મુકીને શેષ સર્વે પણ તે રસબંધનાં અધ્યવસાયસ્થાનો તથા બીજાં થોડાંક અન્ય રસબંધનાં અધ્યવસાયસ્થાનો વર્તે છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિઓ પસાર થાય.

જ્યારે આટલી સ્થિતિઓ પસાર થાય ત્યારે જઘન્ય અનુભાગ બન્ધના વિષયપણે સ્થાવરાદિ નામકર્મ સંબંધી સ્થિતિના પ્રમાણપણાની સાથે કહેલી સ્થિતિસ્થાનોના પ્રથમ સ્થિતિસ્થાનમાં જે અનુભાગબન્ધનાં અધ્યવસાય સ્થાનો છે તેની અનુકૃષ્ટિ સમાપ્તિને પામે છે. તેના પછીના હેઠેલા બીજા સ્થિતિ સ્થાનમાં ઉપરના બીજા સ્થિતિસ્થાન સંબંધી અનુભાગબંધના અધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટ સમાપ્તિને પામે છે.

આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ સર્વથી જઘન્યસ્થિતિસ્થાન આવે. આ જ પ્રમાણે બાદર-પર્યાપ્ત અને પ્રત્યેક નામકર્મની અનુકૃષ્ટિની ભાવના પણ સમજી લેવી ॥ ૬૪ ॥

**तणुतुल्ला तित्थयरे, अणुकड्ढी तिव्वमंदया एत्तो ।**
**सव्वपगईण नेया, जहन्नगाई अणंतगुणा ॥ ६५ ॥**

ગાથાર્થ- તીર્થંકર નામકર્મની અનુકૃષ્ટિ શરીરનામકર્મની જેમ જ જાણવી. અહીંથી આગળ અનુભાગબંધની તીવ્ર-મન્દતા કહેવાની છે ત્યાં સામાન્યપણે સર્વેપણ પ્રકૃતિઓનો અનુભાગબન્ધ પોતપોતાના જઘન્ય અનુભાગબન્ધથી આરંભીને પોતાના ઉત્કૃષ્ટ અનુભાગ બંધ સુધી ક્રમસર અનંતગુણો કહેવો. ॥૬૫ ॥

**વિવેચન-** તીર્થંકર નામકર્મની અનુત્કૃષ્ટિ શરીરનામકર્મની જેમજ સમજવી આ પરાવર્તમાન શુભપ્રકૃતિવર્ગ નામના બીજાવર્ગમાં શરીરનામકર્મની અનુકૃષ્ટિ જે રીતે સમજાવી છે તે રીતે તીર્થંકરનામકર્મની અનુત્કૃષ્ટિ જાણવી. અનુકૃષ્ટિનું વિધાન સમાપ્ત થયું.

આ પ્રમાણે અનુકૃષ્ટિનું વર્ણન સમાપ્ત થયું.

હવે અહીંથી આગળ તીવ્રમન્દતા (અનુભાગબંધની તીવ્રતા તથા મન્દતા) કહેવાની છે.

સર્વ પણ કર્મોની પોતપોતાના જઘન્ય અનુભાગબન્ધથી પ્રારંભીને યાવત્ ઉત્કૃષ્ટ અનુભાગ સુધી એકે એક સ્થિતિબન્ધે સ્થિતિબંધે આ અનુભાગબંધ ક્રમસર અનંતગુણો-અનંતગુણો કહેવો. યથોત્તર = લાઇનસર અનંતગુણો અનુભાગબંધ જાણવો.

ત્યાં પણ એટલી વિશેષતા છે કે અશુભ પ્રકૃતિઓનો અનુભાગ જઘન્યસ્થિતિસ્થાનથી પ્રારંભીને ઉત્કૃષ્ટસ્થિતિ સ્થાન તરફ ઉર્ધ્વમુખે. અને શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાનથી આરંભીને જઘન્યસ્થિતિ સ્થાન સુધી અધોમુખે ક્રમસર અનંતગુણો અનુભાગબન્ધ જાણવો. આ પ્રમાણે આ તીવ્રમન્દતા અતિશય સામાન્યથી કહી હવે આ તીવ્રમન્દતા વિશેષથી સમજાવાય છે.

ત્યાં ઘાતીકર્મો (જ્ઞાના. ૫, દર્શના. ૯, મોહ. ૨૬, અને અંતરાય ૫ એમ કુલ ૪૫) તથા અશુભ વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ (ઉત્તરભેદ ૯) અને ઉપઘાત નામકર્મ એમ કુલ ૫૫ કર્મપ્રકૃતિઓના જઘન્ય સ્થિતિસ્થાનમાં જે જઘન્ય અનુભાગબંધ છે. તે સર્વથા થોડો જાણવો. તેના કરતાં સમયાધિક બીજા સ્થિતિ સ્થાનમાં જઘન્ય અનુભાગબંધ અનન્તગુણો જાણવો.

તેના કરતાં બે સમયાધિક એવા ત્રીજા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબંધ અનંતગુણ જાણવો. આ પ્રમાણે ક્રમસર સ્થિતિ સ્થાનોમાં જઘન્ય જઘન્ય અનુભાગબંધ અનંતગુણો અનંતગુણો ત્યાં સુધી કહેવો કે આ એક નિવર્તનકંડક સમાપ્ત થાય.

**પ્રશ્ન :-** નિવર્તનકંડક એટલે શું ? તેનું અહીં કથન શા માટે ?

ઉત્તર :- કોઈ પણ સ્થિતિસ્થાનમાં જે અનુભાગબંધનાં અધ્યવસાયસ્થાનો છે. તેનો અમુક અમુક પ્રારંભિક ભાગ છોડતાં છોડતાં તેમાંનું એક પણ અધ્યવસાયસ્થાન જ્યાં ન હોય ત્યાં સુધીનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જે સ્થિતસ્થાનો છે. તે નિવર્તનકંડક કહેવાય છે. અહીં જઘન્યસ્થિતિ બન્ધવાળા સ્થાનમાં જે અનુભાગબંધનાં અધ્યવસાયસ્થાનો છે. તેનો પ્રારંભનો અસંખ્યાતમો ભાગ બીજા-ત્રીજા સ્થાનમાં હોતો નથી. એમ કરતાં કરતાં તે સ્થાનના સર્વ અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ જ્યાં સમાપ્તિને પામતી હોય ત્યાં સુધીનાં આદિથી આરંભીને કુલ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલાં જે સ્થિતિસ્થાનો હોય છે. તેને શાસ્ત્રીયભાષા પ્રમાણે નિવર્તન કંડક કહેવાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે-

"**कंडं णिवत्तण कंडगं च पल्लस्ससंखंसोत्ति**" (પંચસંગ્રહ ભાગ બીજો, બંધનકરણ ગાથા ૯૧)

નિવર્તનકંડક આવે ત્યાં સુધી આ પ્રમાણે અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનોની અનુકૃષ્ટિ અને તીવ્ર-મન્દતા જાણવી ॥ ૬૫ ॥

**णिव्वत्तणा उ एक्किक्कस्सो, हेड्ढोवरिं तु जिढ्ढियरो ।**
**चरमठिईणुक्कोसो, परित्तमाणीण उ विसेसो ॥ ६६ ॥**

**ગાથાર્થ-** નિવર્તમાન કંડકથી આગળ એક સ્થિતિસ્થાનનો હેઠે ઉત્કૃષ્ટ, અને એક સ્થિતિસ્થાનનો ઉપર ઈતર એટલે જઘન્ય અનુભાગબંધ અનંતગુણો જાણવો. ત્યારબાદ ચરમ સ્થિતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ અનુક્રમે અનંતગુણો કહેવો. હવે પરાવર્તમાન પ્રકૃતિઓમાં વિશેષતા છે. (તે આગળ ઉપર કહેવાશે) ॥ ૬૬ ॥

**વિવેચન-** ત્યારબાદ એટલે કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધીનું એક નિવર્તનકંડક થાય ત્યાં સુધી જઘન્ય - જઘન્ય રસબંધ અનંતગુણો-અનંતગુણો કહ્યા પછી હેઠેલાં પ્રથમ-દ્વિતીય-તૃતીય આદિ એક એક સ્થાનોનો ઉત્કૃષ્ટ રસબંધ અને ઉપરનાં નિવર્તન કંડક પછીનાં પ્રથમ-દ્વિતીય-તૃતીય આદિ એક એક સ્થિતિ સ્થાનોનો જઘન્ય અનુભાગબંધ અનુક્રમે અનંતગુણો અનંતગુણો કહેવો.

સારાંશ એ છે કે ત્યારબાદ એટલે કે નિવર્તનકંડકના ચરમ સમયના સ્થિતિસ્થાનમાં જે જઘન્ય અનુભાગબંધ થાય છે. તેના કરતાં નીચેની સ્થિતિનું જે પ્રથમ સ્થાન છે. તેનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ અનન્તગુણો જાણવો તેના કરતાં નિવર્તન કંડકના ઉપરનું જે પ્રથમ સ્થિતિસ્થાન છે તે પ્રથમ સ્થિતિ સ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણો જાણવો. તેના કરતાં નીચેની જઘન્ય સ્થિતિ બંધ પછીનું બીજું સ્થિતિનું જે સ્થિતિસ્થાન છે તેમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણો જાણવો તેના કરતાં નિવર્તન કંડકથી ઉપરમાં જે બીજું સ્થિતિસ્થાન છે. તેમાં જઘન્ય અનુભાગ અનંતગુણ કહેવો. તેના કરતાં નીચેની ત્રીજી સ્થિતિનું જે સ્થિતિસ્થાન છે. તેમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણો જાણવો. ત્યારબાદ નિવર્તન કંડકથી ઉપરમાં જે ત્રીજું સ્થિતિસ્થાન છે. તેમાં જઘન્ય અનુભાગ અનંતગુણો કહેવો.

આ પ્રમાણે કંડકે કંડકે એક એક પોતાનું જઘન્ય સ્થાન અને એક એક કંડકની નીચેનું ઉત્કૃષ્ટસ્થાન આમ પ્રતિનિયત પણે કંડકની અવધિપણું રાખીને આમ અનુક્રમે એક સ્થાન ઉત્કૃષ્ટનું અને એકસ્થાન તેનાથી ઈતરનું એટલે કે જઘન્યનું લઈને અનુભાગ બંધ અનંતગુણો અનંતગુણો કહેવો. તે ત્યાં સુધી કહેવો કે યાવત્ સર્વથી ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ કહેવામાં આવે ત્યાં સુધી જાણવું.

જ્યારે સર્વોત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ આવશે ત્યારે ઉત્કૃષ્ટ અનુભાગની લાઈનમાં એક કંડક જેટલાં સ્થિતિ સ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ હજું પણ કહેવાનો બાકી રહે છે. અર્થાત્ અનુક્ત એટલે કે નહી કહેલો દેખાય છે બાકીનો સર્વ પણ અનુભાગબંધ કહેવાઈ ગયો છે તે ગ્રંથાકારશ્રી પોતે જ જણાવે છે કે -

"चरमठिईणुक्कोसो" જે એક કંડક માત્ર પ્રમાણ ચરમ સ્થિતિ સ્થાનો છે. તેનો ઉત્કૃષ્ટ અનુભાગ નિરન્તરપણે અનંતગુણા તરીકે કહી દેવો તે આ પ્રમાણે- સર્વથા ઉત્કૃષ્ટ સ્થિતિનું

જે સ્થાન છે તેમાં જે જઘન્ય અનુભાગ છે. તેના કરતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર જેટલાં જે ચરમ સ્થિતિસ્થાનો છે. તેનો સર્વેનો ઉત્કૃષ્ટ અનુભાગ કહેવાનો બાકી છે. તેમાં પ્રથમ સ્થિતિ સ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણો જાણવો.

તેના કરતાં તે જ ઉપરની પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિમાં અનન્તરપણે રહેલા બીજા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ જાણવો તેના કરતાં તેનાથી અનન્તરપણે રહેલા ત્રીજા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ જાણવો. આ પ્રમાણે કેવળ એકલા ઉત્કૃષ્ટ અનુભાગ માત્ર જ અનંતગુણ-અનંતગુણ કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ અન્તિમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણો આવે. આ પ્રથમ વર્ગની તીવ્ર મન્દતા સમજાવી.

પરાઘાત વિગેરે ૪૬ કર્મપ્રકૃતિઓ કે જે શુભ પ્રકૃતિઓ છે. તેની તીવ્ર મન્દતા ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી આરંભીને ઉપર કહેલી દિશા પ્રમાણે અધોમુખે અનન્તગુણ પણા વડે (તીવ્ર મન્દતા) કહેવી.

તે આ પ્રમાણે- આ ૪૬ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જે જઘન્ય અનુભાગબંધ હોય છે. તે સર્વથી અલ્પ હોય છે. તેના કરતાં એક સમય ન્યૂન વાળા ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ જાણવો. તેના કરતાં પણ બે સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ જાણવો. આ પ્રમાણે જઘન્ય અનુભાગ, જઘન્ય અનુભાગ અનંતગુણ અનંતગુણ કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ પ્રથમ એક નિવર્તમાન કંડક પૂર્ણ થાય. (અર્થાત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો પસાર થાય.)

ત્યારબાદ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ સમજવો. તેના કરતાં નિવર્તનકંડકની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ કહેવો. તેના કરતાં એક સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ કહેવો. તેના કરતાં નિવર્તન કંડકની નીચે બીજા સ્થિતિસ્થનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ કહેવો.

આ પ્રમાણે નીચે એકસ્થિતિસ્થાનમાં જઘન્ય અને ઉપરના એક એક સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ-અનંતગુણ કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે જઘન્ય અનુભાગની લાઈનમાં જઘન્ય સ્થિતિનો જઘન્ય અનુભાગ અનંતગુણ આવે. જ્યારે આ સ્થાન આવે ત્યારે ઉત્કૃષ્ટ અનુભાગની લાઈનમાં એક કંડકમાત્ર સ્થિતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ હજુ પણ કહેવાનો બાકી રહે છે. બાકીનો બધો જ વચ્ચે વચ્ચે જ કહેવાઈ ગયો છે ત્યારબાદ અન્તિમ જઘન્યસ્થિતિસ્થાનના જઘન્ય અનુભાગ કરતાં એક કંડકમાત્ર પ્રમાણ નીચે ઉતરતાં જે સ્થિતિસ્થાન આવે છે તે સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણો છે.

તેના કરતાં તેના પછીના બીજા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણો છે. તેના કરતાં તેના પછીના ત્રીજા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણો છે. આ પ્રમાણે

કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ અન્તિમ જઘન્ય સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણો આવે. ત્યાં સુધી જાણવું.

ઉપર કહેલી સઘળી પણ વાત અપરાવર્તમાન અશુભ અને અપરાવર્તમાન શુભ માટેની જાણવી. પરંતુ "परित्तमाणीण उ विसेसो" પરાવર્તમાન અશુભ અને પરાવર્તમાન શુભ એમ બન્ને માટે કંઇક વિશેષતા છે. જે હવે પછીની ગાથામાં કહેવાશે. ॥ ૬૬ ॥

*અવતરણ :- તે વિશેષતાને જ જણાવે છે.*

**ताणण्णाणि त्ति परं, असंखभागाहि कंडगेक्काणं ।**
**उक्कस्सियरे णेया, जा तक्कंडोवरि समत्ती ॥ ६७॥**

**ગાથાર્થ-** तानि અને अन्यानि નો ક્રમ ચાલે ત્યાં સુધી જઘન્યઅનુભાગ તેટલો જ (અર્થાત સમાન જ) જાણવો. ત્યારબાદ એક કંડકના અસંખ્યાતમા ભાગ સુધી જઘન્યઅનુભાગ ક્રમસર અનંતગુણો જાણવો. ત્યારબાદ એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અને એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનંતગુણો ત્યાં સુધી કહેવો કે તે વિવક્ષિત કંડક સમાપ્ત થાય. ત્યારબાદ ઉત્કૃષ્ટની લાઇનમાં એક કંડક જે બાકી રહે છે. તેનો ક્રમશઃ અનંતગુણો કહેવો.॥૬૭॥

**વિવેચન-** જેટલી કર્મપ્રકૃતિઓની तानि-अन्यानि च, આવા ક્રમવાળી અનુકૃષ્ટિ પૂર્વે જણાવી છે તેટલી કર્મપ્રકૃતિઓની તીવ્ર-મન્દતા આ પ્રમાણે જાણવી.

જે જે કર્મપ્રકૃતિઓ પરસ્પર પરાવર્તમાન છે. અને પુણ્યપ્રકૃતિઓ છે તે પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના રસબંધમાં જ્યાં સુધી "तानि अन्यानि च" તેનાં તે જ અધ્યવસાય સ્થાનો પણ છે અને થોડાંક થોડાંક નવાં નવાં પણ છે. આવી જે જે પ્રકૃતિઓની અનુકૃષ્ટિ પહેલાં સમજાવી છે તે તે પરાવર્તમાન શુભ સર્વે પણ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગબંધ તેટલો અને તેટલો જાણવો (અર્થાત સમાન જ જાણવો.)

જ્યારે "तानि अन्यानि च" આ ક્રમવાળાં સ્થિતિસ્થાનો પૂર્ણ થાય ત્યારબાદ तदेकदेश અને अन्यानि નો ક્રમ ચાલે ત્યાં એક કંડકના અસંખ્યાતા ભાગ જાય અને એક ભાગ બાકી રહે ત્યાં સુધી જઘન્ય અનુભાગબંધ અનુક્રમે અનંતગુણ કહેવો. ત્યારબાદ ઉપર ઉત્કૃષ્ટની લાઇનમાં એક એક કંડકપ્રમાણ સ્થિતિસ્થાનોનો અને નીચે જઘન્યની લાઇનમાં એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગબંધ અનુક્રમે અનંતગુણ કહેવો.

ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે. तानि अन्यानि च નો ક્રમ ચાલે ત્યાં સુધી જઘન્ય અનુભાગ સરખો કહેવો. ત્યારબાદ तानि अन्यानि च ના ક્રમવાળી અનુકૃષ્ટિ સમાપ્ત થયા પછીનાં સ્થિતિસ્થાનોમાં જઘન્ય અનુભાગ અનંતગુણ અનંતગુણ કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ એક કંડક માત્ર સ્થિતિસ્થાનોના અસંખ્યાતા ભાગો પસાર થાય અને એક અસંખ્યાતમો ભાગ બાકી રહે.

ત્યારબાદ જે સ્થિતિસ્થાનથી આરંભીને तानि अन्यानि च ના ક્રમવાળી અનુકૃષ્ટિ પ્રારંભી હતી. ત્યાંથી માંડીને એક કંડક માત્ર પ્રમાણ સ્થિતિ સ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ અનુક્રમે અનંતગુણો કહેવો. ત્યારબાદ જે સ્થિતિસ્થાનથી જઘન્ય અનુભાગબંધ કહીને પાછા ઉત્કૃષ્ટબંધ તરફ વળ્યા હતા. તેના પછીના ઉપરના સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણો કહેવો.

આ પ્રમાણે જઘન્ય અનુભાગની લાઇનમાં એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગ, અને ઉત્કૃષ્ટ અનુભાગની લાઇનમાં એક કંડક એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ ત્યાં સુધી અનંતગુણો અનંતગુણો કહેવો કે જઘન્ય અનુભાગની લાઇનમાં જે કંડક અધુરૂં છે. તે કંડક સંપૂર્ણ થાય અને ઉત્કૃષ્ટ અનુભાગની લાઇનમાં કંડક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો અનુભાગ અનંતગુણ-અનંતગુણ કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે સેંકડો પૃથકત્વ સાગરોપમ પ્રમાણ જે આક્રાન્તસ્થિતિઓ છે. તે પસાર થાય. એટલે આક્રાન્તસ્થિતિ સમાપ્ત થાય.

આ જ વાત એક કલ્પના કરીને ઉપાધ્યાયજી મહારાજશ્રી ટીકામાં સમજાવે છે કે સેંકડો સાગરોપમ પ્રમાણ જે સ્થિતિસ્થાનો છે. તે ધારો કે એક લાખ છે. અને જે કંડક છે તે ધારો કે એક હજાર છે. તે કંડકનો એક સંખ્યાતમો જે ભાગ છે તે ૧૦૦ની સંખ્યા છે. આ પ્રમાણેની કલ્પના કરવાથી સમજાશે કે જઘન્યની લાઇનમાં એક એક સ્થિતિસ્થાન (રૂપ વ્યક્તિ)થી અન્તરિત (વચમાં વચમાં) ઉત્કૃષ્ટની લાઇનમાં એક હજાર એક હજારનું કંડક કરવાથી એક લાખ સ્થિતિઓ થાય છે.

ત્યાર પછીના સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ જાણવો. પછી કંડકપ્રમાણ સ્થિતિસ્થાનોની નીચેના પ્રથમસ્થાનનો ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ જાણવો. ત્યારબાદ ફરીથી એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગ અનંતગુણ જાણવો. ત્યાર પછી ઉત્કૃષ્ટની લાઇનમાં બીજા સ્થિતિ સ્થાનનો ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ જાણવો.

આ પ્રમાણે કંડકે કંડકે એક એક ઉપરના સ્થાનનો જઘન્ય અને નીચેના સ્થાનનો ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ ત્યાં સુધી કહેવો કે યાવત્ જઘન્ય અનુભાગના વિષયવાળી સર્વે પણ સ્થિતિઓ સમાપ્ત થાય. તે વખતે ઉત્કૃષ્ટ અનુભાગના વિષયવાળી સ્થિતિઓ એક કંડકમાત્ર કહેવાની બાકી રહે છે. તે સ્થિતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ અનુક્રમે અનંતગુણો કહેવો.

ગ્રંથકારશ્રી પણ ગાથામાં કહે છે કે "जा तक्कंडोवरि समत्ती યાવત્ તે બાકી રહેલા એક કંડક પ્રમાણ ઉપરની સ્થિતિઓ (નો ઉત્કૃષ્ટ અનુભાગ) સમાપ્ત થાય.

ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે. વિવક્ષિત એવા તે કંડકના અસંખ્યાતા ભાગોમાં જઘન્ય સ્થિતિસ્થાનનો અનુભાગ અનંતગુણાકાર પણે કહીને એક અસંખ્યાતમો

ભાગ જઘન્યની લાઇનમાં બાકી રહેતે છતે વચ્ચે વચ્ચે ઉત્કૃષ્ટ અનુભાગની લાઇનમાં એક એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ અનંતગુણ કહીને જઘન્ય અનુભાગની લાઇનમાં બાકી રાખેલ એક અસંખ્યાત ભાગમાં એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગ અનંત ગુણ કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે (અર્થાત્ એક એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ વચ્ચે વચ્ચે કહીને એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગ અનંતગુણ અનંતગુણ કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે) જઘન્યની લાઇનમાં તે વિવક્ષિત અધુરૂ કંડક સમાપ્ત થાય. અને ઉત્કૃષ્ટની લાઇનમાં સેંકડો સાગરોપમ પ્રમાણ આક્રાન્ત સ્થિતિઓ પસાર થાય.

ત્યારબાદ ઉત્કૃષ્ટની લાઇનમાં જે કેવળ એકલા ઉત્કૃષ્ટ અનુભાગવાળાં કંડક પ્રમાણ સ્થાનો બાકી રહે છે તે પણ યથોત્તર પણે અનંતગુણાં ત્યાં સુધી કહેવાં કે યાવત્ સર્વસ્થાનોના જઘન્ય અને ઉત્કૃષ્ટ અનુભાગની સમાપ્તિ થાય. ॥ ૬૭ ॥

હવે આ જ વાત વધારે મજબૂત પણે સમજાવવા માટે સાતા અને અસાતાને આશ્રયી ભાવના કરાય છે.-

સાતાવેદનીય કર્મની ઉત્કૃષ્ટ પન્નર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ છે. તે સ્થિતિસ્થાનમાં જે જઘન્યાનુભાગ બંધાય છે. તે સર્વથી થોડો છે. તેના કરતાં એક સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાનમાં જે જઘન્ય અનુભાગ બંધાય છે. તે તેટલો જ છે. તેના કરતાં બે સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં જે અનુભાગ બંધ થાય છે. તે પણ તેટલો જ છે. આ પ્રમાણે સમયન્યૂન સમયન્યૂન સ્થિતિસ્થાનોમાં નીચે નીચે ઉતરીએ તો તમામ સ્થિતિસ્થાનોમાં જઘન્ય અનુભાગબંધ તેટલોને તેટલો જ અર્થાત્ तावन्मात्र एव સમજવો. કારણકે તે જ અધ્યવસાય સ્થાનો નીચેના તમામ સ્થિતિ સ્થાનોમાં વર્તે છે. આ પ્રમાણે યાવત્ સેંકડો સાગરોપમ પૃથક્ત્વ પ્રમાણવાળી સ્થિતિઓ (સ્થિતિસ્થાનો) પસાર થાય ત્યાં સુધી સમજવું. સાતાની સામે જો અસાતાની સ્થિતિ બંધાતી હોય તેવા અંતઃકોડાકોડી સાગરોપમના બંધ સુધી આ પ્રમાણે જાણવું.

ત્યારબાદ તેના પછીનાં નીચે નીચેનાં સ્થિતિસ્થાનોમાં જઘન્ય અનુભાગબંધ અનુક્રમે અનંતગુણો ત્યાં સુધી કહેવો કે યાવત્ એક કંડક પ્રમાણ સ્થિતિ સ્થાનોના અસંખ્યાતા ભાગો જાય અને એક અસંખ્યાતમો ભાગ બાકી રહે. આટલાં સ્થિતિસ્થાનો (એટલે કે અસંખ્યાતભાગ હીન એવાં એક કંડક પ્રમાણ આ સ્થિતિસ્થાનો) સાકાર ઉપયોગવડે જ બંધાય છે. તેથી પૂર્વાચાર્યોના બનાવેલા પૂર્વગ્રન્થોમાં "સાકારોપયોગ સંજ્ઞાવાળા" જ છે આવો વ્યવહાર કરાય છે.

ત્યારપછી ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જે ઉત્કૃષ્ટ અનુભાગ છે. તે અનંતગુણો છે તેના કરતાં ૧ સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જે ઉત્કૃષ્ટ અનુભાગ બંધ છે. તે અનંતગુણો છે. તેના

કરતાં પણ બે સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જે ઉત્કૃષ્ટ અનુભાગ છે. તે અનંતગુણો છે. તેના કરતાં ત્રણ સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જે ઉત્કૃષ્ટ અનુભાગબંધ છે. તે અનંતગુણો છે. આ પ્રમાણે નીચે નીચે ઊતરીને ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણો અનંતગુણો ત્યાં સુધી કહેવો કે યાવત્ કંડકમાત્ર પ્રમાણ સ્થિતિસ્થાનોમાં ક્રમસર ઉત્કૃષ્ટ અનુભાગબંધની લાઇન સમાપ્ત થાય.

તેના કરતાં જે સ્થિતિસ્થાનથી જઘન્ય અનુભાગ કહીને પાછા વળ્યા હતા. તેના પછીના એક સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણો સમજવો. તેના કરતાં એક કંડકમાત્ર પ્રમાણ સ્થિતિસ્થાનોનો જે ઉત્કૃષ્ટ રસ અનંતગુણો પૂર્વે કહેલો હતો. તે પછીના નીચેના બીજા એક કંડકમાત્ર પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ અનુક્રમે અનંતગુણો કહેવો. તેના કરતાં જે સ્થિતિસ્થાનથી જઘન્ય અનુભાગબંધ કહીને પાછા ફર્યા હતા. તે પછીના નીચેના એક સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબંધ અનંતગુણો સમજવો.

તેના કરતાં ફરીથી ઉત્કૃષ્ટની લાઈનમાં એક કંડકમાત્ર પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણો કહેવો. આ પ્રમાણે નીચે જઘન્યની લાઈનમાં એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગબંધ અને વચ્ચે વચ્ચે એક એક કંડકપ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનુક્રમે અનંતગુણો- અનંતગુણો ત્યાં સુધી કહેવો કે જઘન્ય અનુભાગના વિષયવાળાં એક એક સ્થિતિસ્થાનો કહેતાં કહેતાં तानि અને अन्यानि ના ક્રમવાળી અનુકૃષ્ટિથી પછીનું સાગરોપયોગ સંજ્ઞાવાળું અધુરૂ આ કંડક પરિપૂર્ણ થાય. તથા ઉત્કૃષ્ટ અનુભાગની લાઈનમાં ઉત્કૃષ્ટ અનુભાગના વિષયવાળી સ્થિતિઓ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબન્ધ સુધીની સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિઓ પરિપૂર્ણ થાય. જઘન્યની લાઇનમાં અધુરૂ કંડક પૂર્ણ થાય. અને ઉત્કૃષ્ટની લાઇનમાં કંડક-કંડક જેટલી સ્થિતિઓ પસાર કરતાં કરતાં ૧૫ કોડાકોડી સાગરોપમથી અભવ્ય પ્રાયોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિ સમાપ્ત થાય. ત્યાં સુધી આ પ્રમાણે કહેવું (અર્થાત્ જાણવું).

ત્યારબાદ સાગરોપયોગ સંજ્ઞાવાળા કંડકની નીચેની પ્રથમસ્થિતિમાં જઘન્ય અનુભાગબંધ અનંતગુણો સમજવો. તેના કરતાં ઉત્કૃષ્ટસ્થિતિબંધની લાઇનમાં અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધથી નીચેના પ્રથમ સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ જાણવો. તેના કરતાં સાકારોપયોગની સંજ્ઞાવાળા કંડકની નીચેની બીજી સ્થિતિમાં જઘન્ય અનુભાગ અનંતગુણો જાણવો. તેના કરતાં અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનથી નીચેના બીજા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણો જાણવો.

આ પ્રમાણે જઘન્ય અનુભાગબંધનું સ્થાન અને ઉપરના ભાગમાં એક એક ઉત્કૃષ્ટ અનુભાગબંધનું સ્થાન અનંત-અનંતગુણાકારવાળા પણે ત્યાં સુધી કહેવું કે જઘન્ય અનુભાગબંધની લાઇનમાં સર્વથા જઘન્યસ્થિતિવાળું સ્થાન આવે.

તે કાલે ઉત્કૃષ્ટ અનુભાગબંધની લાઈનમાં એક કંડકમાત્ર પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ કહેવાનો બાકી રહે છે તે પણ નીચે નીચે અનુક્રમે અનન્તગુણો અનન્તગુણો ત્યાં સુધી કહેવો કે યાવત્ સૌથી જઘન્ય સ્થિતિ સ્થાનમાં બંધાતો ઉત્કૃષ્ટ અનુભાગ આવે.

આ સાતાવેદનીયકર્મની અનુકૃષ્ટિ જેમ કહી છે. તેમ મનુષ્યગતિ મનુષ્યાનુપૂર્વી, દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ, સમચતુરસ્રસંસ્થાન, વજ્રઋષભનારાચ સંઘયણ, પ્રશસ્તવિહાયોગતિ, સ્થિરાદિ ષટ્ક, અને ઉચ્ચગોત્રકર્મની એમ ૧૫ પ્રકૃતિઓની પણ અનુકૃષ્ટિ તથા તીવ્ર-મન્દતા જાણવી.

હવે પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓની તીવ્રમંદતા સમજાવાય છે. અસાતા વેદનીયકર્મની અભવ્યપ્રાયોગ્ય અંતઃકોડાકોડીની સ્થિતિવાળો જે જઘન્ય સ્થિતિબંધ છે. તેમાં જઘન્ય અનુભાગબંધ સૌથી અલ્પ હોયછે. સમયાધિક અંતઃકોડાકોડી બે સમયાધિક, અંતઃ કોડાકોડી વિગેરે સ્થિતિસ્થાનોમાં પણ જઘન્ય અનુભાગબંધ તેટલો જ હોય છે. અર્થાત્ તાવન્માત્ર જ અનુભાગબંધ થાય છે એમ યાવત્ સેંકડો સાગરોપમ સુધી અર્થાત્ સામે સાતાવેદનીય કર્મની સ્થિતિ પરાવર્તે પરાવર્તે બાંધી શકાય ત્યાં સુધી એટલે કે ૧૫ કોડાકોડી સાગરોપમ સુધી જઘન્ય અનુભાગબંધ તેટલો જ "तावन्मात्र एव" સમજવો.

તેનાં ઉપરના સ્થિતિસ્થાનમાં એટલે કે સમયાધિક ૧૫ કોડાકોડી સાગરોપમવાળા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબંધ અનંતગુણ જાણવો. તેના પછીના બીજાસ્થિતિ સ્થાનમાં એટલે કે બે સમયાધિક પન્નર કોડાકોડી સાગરોપમ પ્રમાણ વાળા બીજા સ્થિતિસ્થાનમાં અનુભાગ અનંતગુણ જાણવો. તેના કરતાં ત્રણ સમયાધિક પન્નર કોડાકોડી સાગરોપમ વાળા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ જાણવો.

એમ યાવત્ પન્નર કોડાકોડી સાગરોપમ ઉપરાંત એક કંડકના અસંખ્યાતા ભાગ જેટલાં સ્થિતિસ્થાનો પસાર થાય અને એક અસંખ્યાતમો ભાગ બાકી રહે ત્યાં સુધી જઘન્ય અનુભાગ ક્રમશઃ અનંતગુણ - અનંતગુણ અધિક જાણવો.

તેના કરતાં અભવ્યપ્રાયોગ્ય અંતઃકોડાકોડી વાળા પ્રથમ સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણો સમજવો. તેના કરતાં એક સમય અધિક જઘન્ય સ્થિતિસ્થાન રૂપ બીજા સ્થિતિસ્થાનમાં યથોક્ત ઉત્કૃષ્ટ અનુભાગ અનન્તગુણ જાણવો. તેના કરતાં ત્રીજા-ચોથા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ કહેતાં કહેતાં એક કંડકમાત્ર સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ ક્રમશઃ અનંતગુણ અધિક જાણવો.

તેમાંના ચરમસ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ અનુભાગ કરતાં જે સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ કહીને વિરામ પામ્યા હતા. તેના પછીના એક સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ

બંધ અનંતગુણો કહેવો. તે એક સ્થિતિસ્થાનના જઘન્ય અનુભાગ કરતાં પૂર્વે કહેલા ઉત્કૃષ્ટ અનુભાગબંધના વિષયમાં એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોથી પછીના = એટલે કે ઉપરના સ્થિતિસ્થાનમાં બીજા એક કંડકપ્રમાણ સ્થિતિસ્થાનોમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ જાણવો તેના કરતાં જઘન્યની લાઈનમાં તેના પછીના બીજા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબંધ અનંતગુણો કહેવો એમ યાવત્ એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોમાં ઉત્કૃષ્ટ અનુભાગ અને જઘન્યની લાઈનમાં એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગબંધ ક્રમસર અનંતગુણ-અનંતગુણ કહેવો.

આ પ્રમાણે નીચે એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય જઘન્ય અનુભાગ અને વચ્ચે વચ્ચે એક એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ અનુક્રમે અનંતગુણ-અનંતગુણ કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે નીચે જઘન્ય અનુભાગના વિષયમાં "तानि अन्यानि च" વાળા સ્થિતિસ્થાનોની ઉપરનું અધુરૂ કંડક પરિપૂર્ણ થાય અને ઉત્કૃષ્ટ અનુભાગના વિષયાં સેંકડો સાગરોપમ પ્રમાણ અર્થાત્ સાતા-અસાતાની પરાવર્તે બંધાતી ૧૫ કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિનાં સ્થાનો સમાપ્ત થાય.

ત્યારબાદ પૂર્વે કહેલા જઘન્ય અનુભાગની લાઇનમાં સમાપ્ત થયેલા કંડકના ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ જાણવો. તેના કરતાં સૈંકડો સાગરોપમ પ્રમાણ (૧૫ કોડાકોડી પ્રમાણ) આક્રાન્ત સ્થિતિથી ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ જાણવો. તેના કરતાં જઘન્ય અનુભાગબંધની લાઇનમા પૂર્વે કહેલા જઘન્યાનુભાગ વાળા સ્થિતિસ્થાનથી ઉપરના બીજા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ સમજવો.

તેના કરતાં સૈંકડો સાગરપમ પૃથક્ત્વ (૧૫ કોડાકોડી સાગરોપમ)થી ઉપરના બીજા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ જાણવો. આ પ્રમાણે એક જઘન્ય અનુભાગવાળું સ્થાન અને એક ઉત્કૃષ્ટ અનુભાગવાળું સ્થાન એમ નીચે અને ઉપર અને અનંતગુણ અધિક. અનંતગુણ અધિક અનુભાગબંધવાળું કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ અસાતાવેદનીયકર્મની સર્વોપરિ = એટલે સર્વથી ઉપરની ઉત્કૃષ્ટ સ્થિતિ(અર્થાત્ ૩૦ કોડાકોડી સાગરોપમવાળા ચરમ સ્થિતિસ્થાન)માં જઘન્ય અનુભાગ અનંતગુણ આવે.

હવે ત્યારબાદ ઉત્કૃષ્ટ અનુભાગની લાઇનમાં એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ જે હજુ કહેવાયો નથી. અર્થાત્ અનુક્ત છે. તે અન્તિમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ ક્રમશઃ અનંતગુણ અધિક અનંતગુણ અધિક કહેતાં કહેતાં ત્યાં સુધી જાણવું કે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિવાળું ચરમ સ્થાન આવે. આ પ્રમાણે અસાતા વેદનીયકર્મની તીવ્રમંદતા સમજાવી.

જેમ અસાતાવેદનીયકર્મની તીવ્ર-મંદતા સમજાવી. તે જ પ્રમાણે નરકદ્વિક, પંચેન્દ્રિય જાતિ વર્જીને બાકીનાં ચાર જાતિનામકર્મ, પહેલા વિનાનાં પાંચ સંસ્થાન નામકર્મ, અને પહેલા વિનાનાં પાંચ સંઘયણનામકર્મ, અપ્રશસ્ત વિહાયોગતિનામ કર્મ અને સ્થાવર દશક, એમ કુલ ૨૭ કર્મપ્રકૃતિઓની તીવ્ર-મંદતા આ પ્રમાણે સમજવી.

હવે તિર્યંચગતિનામકર્મની તીવ્રમન્દતા સમજાવાય છે. સાતમી નારકીમાં વર્તતો નારકીનો જે જીવ છે. તે સર્વસ્થાનો કરતાં જઘન્ય સ્થિતિબંધ કરવા રૂપ જઘન્યપદમાં વર્તે છે. તે જીવનો જઘન્ય અનુભાગબંધ સર્વથી થોડો જાણવો. તેના કરતાં એક સમયની અધિકતા વાળા બીજા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ સમજવો. તેના કરતાં પણ બે સમયાધિક જઘન્ય સ્થિતિબંધવાળા ત્રીજા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ અધિક જાણવો. આ પ્રમાણે જઘન્ય-જઘન્ય અનુભાગ અનંતગુણ અધિક અનંતગુણ અધિક ત્યાં સુધી કહેવો કે યાવત્ પ્રથમ એક નિવર્તન કંડક (પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો) પસાર થાય.

તેના કરતાં જઘન્યસ્થિતિવાળા સ્થાનમાં ઉત્કૃષ્ટની લાઈનમાં જે ઉત્કૃષ્ટ અનુભાગબંધ છે. તે અનંતગુણ જાણવો. તેના કરતાં નિવર્તન કંડકની ઉપરની પ્રથમ સ્થિતિમાં જે જઘન્ય અનુભાગ છે. તે અનંતગુણ અધિક જાણવો. તેના કરતાં નીચેની સ્થિતિમાં બીજા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ અધિક જાણવો. તેના કરતાં નિવર્તન કંડકની ઉપરની સ્થિતિમાં જે બીજુ સ્થિતિસ્થાન છે. તેમાં જઘન્ય અનુભાગ અનંતગુણ અધિક જાણવો.

આ પ્રમાણે એક એક સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અને એક એક સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ અધિક અનંતગુણ અધિક પણે કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય અનુભાગબન્ધની લાઇનમાં નીચેની છેલ્લી સ્થિતિ આવે. આ કાળે ઉત્કૃષ્ટ અનુભાગની લાઇનમાં અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય અનુભાગબંધવાળા સ્થિતિસ્થાનથી નીચે એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ હજી કહેવાનો બાકી રહે છે બાકીનો બધો જઘન્ય અને ઉત્કૃષ્ટ વારા ફરતી પણે અનંતગુણ અધિકપણે કહેવાઇ ગયો છે.

ત્યારબાદ જઘન્ય અનુભાગની લાઇનમાં અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબન્ધના વિષયમાં પ્રથમ સ્થિતિ સ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ જાણવો. તેના પછીના બીજા સ્થિતિ સ્થાનમાં જઘન્ય અનુભાગ તેટલોજ જાણવો. तावन्मात्र एव, ત્રીજા-ચોથા-પાંચમા સ્થિતસ્થાનમાં પણ તેટલો જ तावन्मात्र एव સમજવો.

આ પ્રમાણે ત્યાં સુધી જઘન્ય અનુભાગ સમાન સમાન કહેવો કે યાવત્ સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનો પસાર થાય. આ તિર્યંચ ગતિનામકર્મની તીવ્ર-મન્દતા

સમજાવાય છે માટે મનુષ્યદ્વિકની સાથે આક્રાન્ત થાય તે રીતે આસરે ૧૫ કોડાકોડી સાગરોપમ સુધી तावन्मात्र एव, तावन्मात्र एव એમ અનુભાગબંધ કહેવો.

આટલાં સ્થિતિસ્થાનોને પૂર્વકાલીન મહાપુરુષોવડે "પરાવર્તમાન જઘન્ય અનુભાગબન્ધને યોગ્ય સ્થિતિસ્થાનો" આવું નામ કરાયું છે. આટલાં સ્થિતિસ્થાનો ઓળંગ્યા પછી તેની ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ હોય છે. તેના કરતાં પણ બીજા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ હોય છે. તેના કરતાં ત્રીજા સ્થિતિસ્થાનમાં જે જઘન્ય અનુભાગ છે. તે અનંતગુણ હોય છે એમ પ્રત્યેક સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ અધિક અનંતગુણ અધિક કહેતાં ત્યાં સુધી જવું કે આક્રન્ત સ્થિતિની ઉપર નિવર્તનકંડકના અસંખ્યાતા ભાગો જાય. અને એક ભાગ બાકી રહે.

ત્યાર પછી જે સ્થિતિસ્થાનથી ઉત્કૃષ્ટ અનુભાગ કહીને પાછા ફર્યા હતા. તેના પછીના ઉપરના બીજા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણો જાણવો. તેના કરતાં ઉપરના ત્રીજા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણો જાણવો. આ પ્રમાણે ઉપર-ઉપર ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ અનંતગુણની શ્રેણિવડે કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય અનુભાગબન્ધ વાળી જે સ્થિતિ છે. તેના સ્થાનથી નીચે ચરમ સ્થિતિસ્થાન આવે. અર્થાત્ એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ કહેવો. (આટલાં સ્થાનો સુધી ક્રમશઃ ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ અધિક અનંતગુણ અધિક કહેવો.)

તેના કરતાં નીચે જે સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ કહીને વિરામ પામ્યા હતા. તેના પછીના તેના ઉપરના એક સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ અધિક જાણવો. તેના કરતાં અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય અનુભાગના વિષય વાળા સ્થિતિસ્થાનથી પ્રારંભીને પ્રથમ એક કંડક જેટલાં સ્થિતિસ્થાનોનો યથોત્તરપણે ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ અધિક જાણવો.

તેના કરતાં જે સ્થિતિસ્થાનથી જઘન્ય અનુભાગ કહીને વિરામ પામ્યા હતા. તેના પછીના તેના ઉપરના બીજા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનન્તગુણ જાણવો. ત્યારબાદ અભવ્યપ્રાયોગ્ય જઘન્ય અનુભાગબંધના વિષયવાળા સ્થિતિસ્થાનથી ઉપરના કંડકમાત્ર પ્રમાણ સ્થિતિની ઉપર બીજા એક કંડક પ્રમાણ સ્થિતિ સ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનુક્રમે અનંતગુણ અધિક જાણવો.

એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગ, અને વચ્ચે વચ્ચે ઉત્કૃષ્ટ અનુભાગની લાઈનમાં એક કંડક પ્રમાણ સ્થિતિ સ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ અધિક-અનંતગુણ અધિક

કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય અનુભાગ બન્ધના વિષયમાં ચરમસ્થિતિસ્થાન આવે. એટલે કે આક્રાન્તસ્થિતિઓ સમાપ્ત થાય ત્યાં સુધી કહેવું

ત્યાર બાદ જે સ્થિતિસ્થાનથી જઘન્ય અનુભાગબંધ કહીને નિવૃત્તિ લીધી છે. તેના પછીના ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ અધિક જાણવો, તેના કરતાં આક્રાન્તસ્થિતિ પછીના ઉપરના દ્વિતીય સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ જાણવો. તેની પછી પૂર્વે કહેલા જઘન્ય અનુભાગ વાળા સ્થાનથી બીજા સ્થિતિ સ્થાનમાં જઘન્ય અનુભાગ અનંતગુણ કહેવો. તેના કરતાં પૂર્વે કહેલા ઉત્કૃષ્ટ અનુભાગબંધના સ્થાન પછીના સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનન્તગુણ જાણવો.

આ પ્રમાણે ઉપર્યધઃ = ઉપર અને નીચે એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગબંધ અને ઉપર ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનન્તગુણ છે. અનંતગુણ છે. આમ કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં જઘન્ય અનભાગબંધ અનંતગુણ છે. આમ ચરમ સ્થાન આવે.

જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગબંધ અનંતગુણ કહ્યો ત્યારે ઉત્કૃષ્ટ અનુભાગબંધ કહેવાની લાઇનમાં એક કંડક માત્ર સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ કહેવાનો બાકી રહે છે તે યથોત્તર અનંતગુણ અધિક-અનંતગુણ અધિક વડે કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિવાળું અન્તિમ સ્થાન આવે. આ જ પ્રમાણે તિર્યંચાનુપૂર્વી અને નીચગોત્ર કર્મની તીવ્ર-મન્દતા પણ સમજી લેવી.

હવે ત્રસચતુષ્કની તીવ્ર-મન્દતા સમજાવાય છે. ત્યાં પ્રથમ ત્રસનામકર્મની તીવ્ર-મન્દતા કહેવાય છે. ત્રસનામકર્મની સર્વથી ઉત્કૃષ્ટ એવી ૨૦ કોડાકોડી સાગરોપમવાળા પ્રથમ સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગ બંધ સૌથી અલ્પ જાણવો. તેના કરતાં ૧ સમયન્યૂન, ૨ સમયન્યૂન, ૩ સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ બંધવાળા સ્થિતિસ્થાનોમાં ક્રમસર અનુભાગબંધ અનંતગુણ અધિક અનંતગુણ અધિક કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ એક કંડક પ્રમાણ માત્ર સ્થિતિસ્થાનોમાં ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડીવાળા સ્થિતિસ્થાનથી જઘન્ય તરફ એમ પશ્ચાનુપૂર્વીએ અનુભાગબંધ અનંતગુણઅધિક અનંતગુણ અધિક કહેવો. અર્થાત્ એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય અનુભાગ ક્રમસર અનંતગુણ છે. તેના કરતાં ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળા પ્રથમ સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ અધિક છે.

તેના કરતાં જઘન્ય અનુભાગબંધની લાઇનમાં પ્રથમ એક કંડકની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબન્ધ અનંતગુણ જાણવો. તેના કરતાં એક સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ છે. તેના કરતાં કંડકપ્રમાણ સ્થિતિસ્થાનોથી નીચેના બીજા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબંધ અનંતગુણ અધિક જાણવો.

તેના કરતાં બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનન્તગુણ અધિક જાણવો. આ પ્રમાણે એકસ્થિતિ સ્થાનનો જઘન્ય અનુભાગબંધ અને એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ ક્રમશઃ અનંતગુણ અધિકપણે કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ આ ત્રસનામ કર્મની ૧૮ કોડાકોડી સાગરોપમ પ્રમાણની સ્થિતિનું છેલ્લું સ્થિતિ સ્થાન આવે.

આ ૧૮ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિવાલા સ્થિતિસ્થાનમાં જઘન્યાનુભાગ અનંતગુણ કહેવો. પરંતુ તેના પછીના એક સમય ન્યૂન ૧૮ કોડાકોડીવાળા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબંધ તેટલો જ જાણવો. બે સમયન્યૂન ૧૮ કોડાકોડી સાગરોપમવાળા બીજા સ્થાનમાં પણ તેટલો જ રસબંધ જાણવો. ત્રણ સમયન્યૂન ૧૮ કોડાકોડીવાળા સ્થિતિસ્થાનમાં પણ જઘન્ય અનુભાગબંધ તેટલો જ જણાવો.

આ પ્રમાણે નીચે નીચે ઉતરતાં ઉતરતાં तावन्मात्र एव = જઘન્ય અનુભાગબંધ તેટલોને તેટલો જ અર્થાત્ સમાન ત્યાં સુધી કહેવો કે યાવત્ અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાન આવે. અર્થાત અભવ્ય પ્રાયોગ્ય અંતઃકોડાકોડીવાળો સ્થિતિબંધ આવે. તે સ્થિતિ સ્થાન સુધી જઘન્ય અનુભાગબંધ સમાન કહેવો.

તેના કરતાં તેના પછીના પ્રથમ સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબંધ અનંતગુણ અધિક કહેવો. તેના કરતાં બીજા સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબંધ અનંતગુણ કહેવો. આ પ્રમાણે કહેતાં કહેતાં ત્યાં સુધી કહેવું કે યાવત્ એક નિવર્તન કંડકના અસંખ્યાતા ભાગો જાય અને એકભાગ જેટલાં સ્થિતિસ્થાનો બાકી રહે.

તેના કરતાં ૧૮ કોડાકોડી સાગરોપમવાળા સ્થિતિસ્થાનથી ઉપર એક કંડકમાત્ર જેટલી સ્થિતિનાં સ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગ કહેવાનો જે બાકી છે. તે સ્થિતિસ્થાનોમાં જે ચરમસ્થિતિસ્થાન છે. તેમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ અધિક જાણવો. તેના કરતાં દ્વિચરમસ્થિતિ સ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ અધિક છે. તેના કરતાં ત્રિચરમ સ્થિતિ સ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગ અનંતગુણ અધિક છે.

આ પ્રમાણે નીચે નીચે ઉતરીને ક્રમસર એક એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ અધિક અનંતગુણ અધિક ત્યાં સુધી કહેવો કે યાવત્ એક કંડક પ્રમાણ સ્થિતિ સ્થાનો પસાર થાય.

તેના કરતાં જે સ્થિતિસ્થાનથી જઘન્ય અનુભાગબંધ કહીને નિવૃત્ત થયા હતા. તેના પછીના એક સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબંધ અનંતગુણ કહેવો. તેના કરતાં ૧૮ કોડાકોડી સાગરોપમ સંબંધી જે સ્થિતિ છે. તેમાંના અન્તિમ સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણો હોય છે તેના કરતાં તેના પછીના ૧ સમય ન્યૂન એવા બીજા સ્થાનમાં તથા

બે સમયન્યૂન એવા ત્રીજા સ્થાનમાં જઘન્ય અનુભાગબંધ તથા ઉપરની સ્થિતિમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધમાં એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનુક્રમે અનંતગુણ અધિક, અનંતગુણ અધિક જાણવો. તે ત્યાં સુધી કહેવો કે જઘન્યની લાઈનમાં નિવર્તન કંડક સમાપ્ત થાય અને ઉત્કૃષ્ટની લાઈનમાં આક્રાન્ત સ્થિતિ સમાપ્ત થાય યાવત્ અભવ્ય પ્રાયોગ્ય અંતઃકોડાકોડીનો બંધ આવે.

આ પ્રમાણે જઘન્ય અનુભાગબંધમાં એક સ્થિતિ સ્થાનનો જઘન્ય અનુભાગબંધ અને ઉત્કૃષ્ટ અનુભાગબંધની લાઇનમાં એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનંતગુણ અધિક છે અનંતગુણ અધિક છે. આમ કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ આવે. તે સ્થાન આવે ત્યાં સુધી આમ જાણવું.

ત્યાર પછી એક સ્થિતિસ્થાન જઘન્ય અનુભાગબંધનું અને એક સ્થિતિસ્થાન ઉત્કૃષ્ટ અનુભાગબંધનું અનંતગુણ અનંતગુણ અધિકપણે કહેવું. સારાંશ કે અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય અનુભાગના વિષયવાળી જઘન્ય સ્થિતિસ્થાનમાં જે ઉત્કૃષ્ટ અનુભાગબંધ છે. તેના કરતાં જે સ્થિતિસ્થાનથી જઘન્ય અનુભાગબંધ કહીને વિરામ પામ્યા હતા. તેના પછીના નીચેના સ્થિતિસ્થાનમાં જઘન્ય અનુભાગબંધ અનંતગુણ અધિક જાણવો.

તેના કરતાં અભવ્યપ્રાયોગ્ય જઘન્ય અનુભાગબન્ધના વિષય વાળું જે સ્થિતિસ્થાન છે. તેના પછીના પ્રથમ સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનન્તગુણ જાણવો.

આ પ્રમાણે એક એક સ્થિતિસ્થાનનો જઘન્ય અનુભાગબંધ અને એક એક સ્થિતિ સ્થાનનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ નીચે નીચે અનંતગુણ અધિક અનંતગુણ અધિકપણે કહેતાં ત્યાં સુધી કહેવું કે યાવત્ જઘન્ય સ્થિતિબંધવાળું અન્તિમ સ્થિતિસ્થાન આવે. તે વખતે જઘન્યની લાઇનમાં સ્થિતિ સમાપ્ત થાય છે. પરંતુ ઉત્કૃષ્ટની લાઇનમાં એક કંડકમાત્ર પ્રમાણ સ્થિતિસ્થાનો કહેવાનાં બાકી રહે છે તે સર્વે પણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ અનુક્રમે અનંતગુણ, અનંતગુણ અધિક જાણવો. યાવત્ જઘન્ય સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ આવે.

આ પ્રમાણે બાદર-પર્યાપ્ત અને પ્રત્યેક નામ કર્મની અનુકૃષ્ટિ તથા તીવ્રમન્દતા જાણવી. આ પ્રમાણે તીવ્રમન્દતા જણાવી.

હવે પ્રસંગને અનુસારે આ અનુભાગબન્ધમાં સાદ્યાદિભાંગાની પ્રરૂપણા તથા સ્વામિત્વની પ્રરૂપણા કરાય છે. ત્યાં મૂલ આઠ કર્મપ્રકૃતિના વિષયમાં નામકર્મ અને

વેદનીયકર્મ આ બે કર્મોનો અનુત્કૃષ્ટ અનુભાગ બંધ, તથા ચાર ઘાતીકર્મોનો અજઘન્ય અનુભાગબન્ધ સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારનો હોય છે તે આ પ્રમાણે-

નામકર્મ અને વેદનીયકર્મ આ બે મૂલકર્મોનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમસમયે ક્ષપકશ્રેણીવાળા જીવને યશનામકર્મ અને સાતાવેદનીયને આશ્રયી થાય છે. જ્યારે ક્ષપકશ્રેણીવાળો આત્મા ત્યાં પહોંચે અને આ બન્ને કર્મોનો (યશનામકર્મ અને સાતાવેદનીયને આશ્રયી) ઉત્કૃષ્ટ અનુભાગબંધ કરે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ, તે જ જીવ જ્યારે ક્ષીણમોહ ગુણસ્થાનકે જાય ત્યારે આ બન્ને કર્મોના બંધનો અંત થઈ જાય. તેથી તે કાલે ઉત્કૃષ્ટ બંધ અધ્રુવ થાય. આ પ્રમાણે ઉત્કૃષ્ટ બંધના બે ભાંગા થાય છે. તે વિનાનો બધો જ બંધ અનુત્કૃષ્ટબંધ કહેવાય છે.

ઉપશાન્તમોહ ગુણસ્થાનકે ગયેલા મહાત્માઓને આ બન્ને કર્મો બંધાતાં નથી. ત્યાંથી પડીને દશમા ગુણસ્થાનકે આવે ત્યારે અથવા મરીને ચોથે ગુણઠાણે આવે ત્યારે જે અનુભાગબંધ કરે છે. તે પતિતપરિણામી હોવાથી આ કર્મોનો અનુત્કૃષ્ટબંધ થાય છે. તે વખતે અનુત્કૃષ્ટબંધની સાદિ જાણવી. જે જીવો આ અગિયારમું કે દસમું ગુણસ્થાનક નથી પામ્યા. તે જીવોને આ બન્ને કર્મો અનાદિ કાળથી બંધાય છે અને તે અનુત્કૃષ્ટ રસે જ બંધાય છે માટે આવું બંધવિચ્છેદ વાળું સ્થાન ન પામેલા જીવોને આશ્રયી આ અનુત્કૃષ્ટબંધ અનાદિ. અભવ્યજીવોને આશ્રયી ધ્રુવ અને ભવ્યજીવોને આશ્રયી અધ્રુવ. આ પ્રમાણે નામકર્મ અને વેદનીય કર્મનો અનુત્કૃષ્ટ અનુભાગબંધ સાદ્યાદિ ચાર ભેદ વાળો જાણવો.

તથા ચાર ઘાતીકર્મોમાં મોહનીયકર્મનો જઘન્યરસબંધ અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકના ચરમ સમયે, અને જ્ઞાનાવરણીય આદિ ત્રણ ઘાતીકર્મોનો જઘન્ય અનુભાગબંધ સૂક્ષ્મસંપરાયના ચરમસમયે ક્ષપકશ્રેણીવાળા જીવને થાય છે. તેવો જઘન્યબંધ ત્યાં જ થાય છે તેમાટે સાદિ, આવો જઘન્ય અનુભાગબંધ માત્ર એકસમય જ છે. બીજા સમયે તેનો બંધવિચ્છેદ થાય છે માટે જઘન્ય અનુભાગબંધ અધ્રુવ. આમ જઘન્ય અનુભાગબંધના બે જ ભાંગા હોય છે. તેનાથી બાકીનો બધો જ બંધ અજઘન્ય અનુભાગબંધ કહેવાય છે.

ત્યાં ઉપશમશ્રેણીમાં મોહનીય કર્મનો સૂક્ષ્મસંપરાય ગુણ સ્થાનકે, અને શેષ ત્રણ ઘાતીકર્મોનો ઉપશાન્તમોહ ગુણઠાણે બંધ થતો નથી. ત્યાંથી પડે ત્યારે બંધ થાય છે. તે વખતે અજઘન્ય અનુભાગબંધની સાદિ. તે સ્થાન ન પામેલા જીવોને અજઘન્ય અનુભાગબંધ અનાદિ. ધ્રુવ તથા અધ્રુવબંધ અભવ્ય તથા ભવ્યને આશ્રયી સમજી લેવો.

ગોત્રકર્મના અનુત્કૃષ્ટબંધ અને અજઘન્યબંધ એમ બન્ને પ્રકારના બંધ સાદિ આદિ ચાર પ્રકારના હોય છે. તે આ પ્રમાણે-

ગોત્રકર્મનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમ સમયે ક્ષપક જીવને ઉચ્ચગોત્રને આશ્રયી હોય છે. કારણ કે તેના બંધક જીવોમાં તે જ જીવ અતિશય વિશુદ્ધ છે. તે ઉત્કૃષ્ટ અનુભાગબંધ સૂક્ષ્મસંપરાયના ચરમસમયે થાય, તે બંધ એક સમય માત્રવર્તી હોવાથી સાદિ અને અધ્રુવ જાણવો. તેના વિનાનો બીજો સકલ પણ બંધ અનુત્કૃષ્ટ બંધ સમજવો.

ઉપશાન્તમોહ ગુણસ્થાનકે આ કર્મોનો બંધ જ નથી. ત્યાંથી પડે ત્યારે ગોત્રકર્મનો આ જીવ જે અનુભાગ બંધ કરે છે. તે અનુત્કૃષ્ટ અનુભાગબંધ થાય છે તે માટે ઉપશમશ્રેણીથી પડીને દશમા ગુણઠાણે આવતા જીવને ગોત્રકર્મના અનુત્કૃષ્ટબંધની સાદિ થાય છે તે સ્થાન (ઉપશાન્તમોહ ગુણ સ્થાનક) ન પામેલા જીવને અનાદિ કાળથી આ ગોત્રકર્મનો અનુત્કૃષ્ટ બંધ જ ચાલુ છે માટે અનાદિ, અભવ્ય અને ભવ્ય જીવોને આશ્રયી આ ગોત્ર કર્મના આ અનુત્કૃષ્ટ બંધના ધ્રુવ અને અધ્રુવ ભાંગા સમજી લેવા.

તથા ગોત્રકર્મનો જઘન્ય અનુભાગબન્ધ સાતમી નારકીમાં વર્તતા નરકના જીવને ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે અંતરકરણ કરીને મિથ્યાત્વમોહનીય કર્મની પ્રથમસ્થિતિને ભોગવતાં ભોગવતાં જ્યારે પ્રથમ સ્થિતિ ક્ષીણપ્રાયઃ થયે છતે પ્રથમ સ્થિતિના ચરમ સમયમાં વર્તતા તે જીવને નીચગોત્ર કર્મ (અશુભ હોવાથી) તેને આશ્રયી જઘન્ય અનુભાગબન્ધ થાય છે. તે જઘન્ય અનુભાગબન્ધ એકસમયનો હોવાથી સાદિ-અધ્રુવ છે તેનાથી અન્ય સર્વ પણ બન્ધ યાવત્ ઉત્કૃષ્ટ ન આવે ત્યાં સુધી અજઘન્ય જ છે.

તે સાતમી નારકીનો જીવ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતો હોય ત્યારે તે સમ્યક્ત્વના લાભકાલે (પ્રાપ્તિ થાય ત્યારે) ઉચ્ચગોત્રકર્મના બન્ધને આશ્રયી મૂલગોત્રકર્મનો અજઘન્યબંધ ચાલુ થાય છે. તે કાલે ગોત્ર કર્મના અજઘન્ય બંધની સાદિ. તે સ્થાન ન પામેલા જીવને અજઘન્યબંધ અનાદિ. ધ્રુવબંધ અને અધ્રુવબંધ પૂર્વની જેમ જ જાણવું. અર્થાત્ અભવ્ય અને ભવ્ય જીવને આશ્રયી સાદિ-અધ્રુવબંધ જાણવો.

આ સાતે પણ મૂલ કર્મોના શેષ વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારના છે. તે આ પ્રમાણે-વેદનીય અને નામકર્મનો ઉત્કૃષ્ટ અનુભાગ બન્ધ સાદિ-અધ્રુવપણે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે પહેલાં જ સમજાવેલ છે. મધ્યમપરિણામી જીવ જ્યારે થાય ત્યારે મિથ્યાદષ્ટિ હોય તો પણ અને સમ્યગ્દષ્ટિ હોય તો પણ સંકિલષ્ટ માન દશા હોય ત્યારે અથવા વિશુદ્ધ્યમાન દશા હોય ત્યારે આ વેદનીય કર્મ અને નામકર્મ એમ બન્ને કર્મોનો જઘન્ય અને અજઘન્ય એમ બન્ને પ્રકારનો બંધ વારાફરતી પર્યાયવડે પ્રાપ્ત થાય છે. તે માટે તે બન્ને બંધોનો તે કાલે સાદિ અને અધ્રુવ બંધ પ્રાપ્ત થાય છે.

ઘાતી કર્મોનો જઘન્ય અનુભાગ બન્ધ સાદિ-અધ્રુવ તરીકે પૂર્વે જ અજઘન્ય સમજાવવા ના અવસરે સમજાવ્યો છે ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ બંધ મિથ્યાદષ્ટિજીવમાં અનુક્રમે પ્રાપ્ત થાય છે જ્યારે સર્વથી વધારે સંક્લિષ્ટ હોય ત્યારે ઉત્કૃષ્ટ અનુભાગબંધ, અને મધ્યમપરિણામવાળો જીવ થાય ત્યારે અનુત્કૃષ્ટબંધ હોય છે. આ કારણે આ ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ બંધ સાદિ-અધ્રુવ જ હોય છે.

ગોત્રકર્મના જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને પ્રકારના બંધ સાદિ-અધ્રુવ જ હોય છે. તે ગોત્રકર્મના અજઘન્યબંધ અને અનુત્કૃષ્ટબંધ સમજાવતી વેળાએ જ સમજાવ્યા છે.

આયુષ્યકર્મ તો અધ્રુવબંધિ જ હોવાથી તેના ચારે પણ વિકલ્પો સાદિ-અધ્રુવ જ છે. આ વાત સુપ્રસિદ્ધ છે. આ પ્રમાણે મૂલ આઠ કર્મોમાં ગોત્રકર્મના ૧૨ ભાંગા, નામકર્મ-વેદનીયકર્મ અને ચાર ઘાતીકર્મના ૧૦-૧૦ ભાંગા એટલે ૬૦ ભાંગા, અને આયુષ્યકર્મના ૮ ભાંગા એમ આઠે મૂલકર્મના મળીને ૧૨+૬૦+૮= ૮૦ ભાંગા અનુભાગ બંધના થાય છે.(જુઓ પંચમ કર્મગ્રંથ ગાથા ૭૪)

હવે ઉત્તરપ્રકૃતિઓના જઘન્યાદિ ચારમાં સાદ્યાદિ ભાંગા સમજાવાય છે. અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિઓ તો અધ્રુવબંધી જ છે. ક્યારેક બંધાય, ક્યારેક ન બંધાય, એટલે જ્યારે જઘન્ય બંધાય ત્યારે જઘન્યનાં અને જ્યારે અજઘન્ય બંધાય ત્યારે અજઘન્ય બંધના સાદિ-અધ્રુવ બે જ ભાંગા હોય છે. આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ પણ સાદિ-અધ્રુવ એમ બે જ ભાંગા થાય છે. કારણકે આ ૭૩ પ્રકૃતિઓ અધ્રુવબંધિ જ છે. સદાકાળ બંધાતી જ નથી.

જે ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિઓ છે તે સદાકાલ બંધાય છે તેથી તેમાં અનાદિ અને ધ્રુવના ભાંગા સંભવી શકે છે તેનો આપણે વિચાર કરીએ. ધ્રુવબંધી ૪૭માં આઠ પુણ્યપ્રકૃતિઓ છે અને બાકીની ૪૩ (વર્ણ ચતુષ્ક બન્નેમાં હોવાથી બાકીની તેતાલીસ) પ્રકૃતિઓ પાપ પ્રકૃતિઓ છે.

તે ૪૭માં તૈજસ કાર્મણ શરીર નામ કર્મ, પ્રશસ્ત વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ નામ કર્મ, અગુરુલઘુ અને નિર્માણ નામકર્મ આ આઠ પુણ્યપ્રકૃતિઓ છે. તેનો અનુત્કૃષ્ટબંધ ચાર પ્રકારે પ્રાપ્ત થાય છે.. ક્ષપક શ્રેણિમાં ચઢેલો એવો આ જીવ અપૂર્વકરણ ગુણસ્થાનકે બંધને આશ્રયી પાડેલા છ ભાગ પૈકી છઠ્ઠાભાગના ચરમ સમયે ૩૦ પ્રકૃતિઓના બન્ધ વિચ્છેદકાલે એક સમયમાત્ર કાલ આ આઠ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગબંધ કરે છે. ૪૭ ધ્રુવબંધમાં આ આઠ જ પ્રકૃતિ પુણ્યની છે. બાકીની ૪૩ પાપની છે. પુણ્ય પ્રકૃતિઓનો અત્યન્ત વિશુદ્ધિકાલે ઉત્કૃષ્ટ અનુભાગ બંધાય છે. તે માટે ત્યાં એક સમય ઉત્કૃષ્ટ અનુભાગ બંધ પ્રાપ્ત થતો

હોવાથી તે કાલે ઉત્કૃષ્ટ અનુભાગબંધની સાદિ થાય છે. આ બંધ એક સમયમાત્ર હોવાથી બીજા સમયે અધ્રુવ. આમ સાદિ-અધ્રુવ આ બે જ ભાંગા ઉત્કૃષ્ટ અનુભાગ બંધના હોય છે.

તેનાથી બીજો જે કોઈ અનુભાગ બંધાય તે સઘળો પણ અનુભાગ બંધ અનુત્કૃષ્ટ જ કહેવાય છે ઉપશમ શ્રેણિમાં ચઢેલા જીવને બન્ધવિચ્છેદ થયેલ હોવાથી બન્ધવિચ્છેદ પછી બંધ હોતો નથી. પરંતુ ત્યાંથી જ્યારે પડે છે. અને જેમ જેમ નીચા ગુણઠાણે આવે છે. તેમ તેમ આ પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી આ જીવ બાંધે છે. તેથી ત્યાં ત્યાં નવો બંધ શરૂ કરતાં આઠમાના છઠ્ઠા ભાગથી અનુત્કૃષ્ટબંધની સાદિ થાય છે જે જીવો આવા પ્રકારનું બંધવિચ્છેદ સ્થાન પામ્યા જ નથી તેને આશ્રયી અનાદિબંધ છે. ધ્રુવ અને અધ્રુવબંધ તો પૂર્વની જેમ સમજવો.

તથા અશુભ એવી ધ્રુવબંધી જે ૪૩ છે. તે જ્ઞાનાવરણીય પંચક, દર્શનાવરણીય નવ, મિથ્યાત્વ મોહનીય, કષાય સોળ, જુગુપ્સા, ભય ઉપઘાત અશુભ વર્ણાદિ ચતુષ્ક, અને અંતરાય પાંચ એમ કુલ ૪૩ કર્મપ્રકૃતિઓનો અજઘન્યબંધ સાદિ આદિ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે :-

જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ અને દર્શનાવરણીય ચાર આ પ્રમાણેની આ ૧૪ કર્મપ્રકૃતિઓનો ક્ષપકશ્રેણીવાળા જીવને સૂક્ષ્મસંપરાય ગુણઠાણાના ચરમ સમયે, ચાર સંજવલનકષાયોનો અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાનકે ક્ષપક જીવને, પોત પોતાના બન્ધવિચ્છેદના સમયે, નિદ્રા પ્રચલા, ભય-જુગુપ્સા, અપ્રશસ્ત વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આ આઠ પ્રકૃતિઓનો અપૂર્વકરણ ગુણઠાણે ક્ષપક શ્રેણીમાં વર્તતા જીવને પોતપોતાના બન્ધવિચ્છેદના ચરમ સમયે, ચાર પ્રત્યાખ્યાનવરણ કષાયનો સંયમ પામવાની તૈયારીવાળા દેશવિરત શ્રાવક-શ્રાવિકાને, પોતપોતાના ગુણસ્થાનકના અન્ત્ય સમયે (કારણ કે તે તે પ્રકૃતિના બન્ધક જીવોમાં તે તે વિવક્ષિત જીવો જ અતિશય વિશુદ્ધ છે માટે), થીણદ્ધિત્રિક મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી ચાર કષાયના સમ્યક્ત્વ અને સંયમ એમ બન્ને સાથે પામવા માટે તૈયાર થયેલા એવા મિથ્યાદષ્ટિ જીવને પોત પોતાના બંધવિચ્છેદના સ્થાને ચરમસમયે જઘન્ય અનુભાગબન્ધ થાય છે આ જઘન્ય અનુભાગબન્ધ એક સમય માત્રનો જ છે.તેથી સાદિ અને અધ્રુવ છે.

તે વિનાનો બાકીનો બધો જ બંધ તે અજઘન્યબંધ છે ત્યાં જ્ઞાનાવરણીય પંચક, અંતરાય પંચક અને દર્શનાવરણીયની ચાર એમ ચૌદ પ્રકૃતિઓનો ઉપશાન્ત મોહ ગુણઠાણે બંધ નથી. સંજ્વલન ચાર કષાય નવમાગુણઠાણે પોતપોતાના બંધવિચ્છેદ પછી બંધ નથી. નિદ્રા-પ્રચલા ઉપઘાત અપ્રશસ્ત, વર્ણાદિ ચતુષ્ક, ભય અને જુગુપ્સા એમ કુલ ૯ પ્રકૃતિઓનો ઉપશમશ્રેણીમાં અનિવૃત્તિબાદર સંપરાય ગુણઠાણે બંધ નથી તથા પ્રત્યાખ્યાનાવરણીય ચાર કષાયનો પ્રમત્ત

સંયતાદિ ગુણઠાણે બંધ નથી. તથા અપ્રત્યાખ્યાનીયકષાયનો દેશવિરતિ આદિ ગુણઠાણે બંધ નથી તથા થીણદ્ધિત્રિક મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધિ ચાર કષાયનો સાસ્વાદનાદિ ગુણઠાણે બંધ નથી. ત્યાંથી પડે છે ત્યારે બંધ થાય છે. તેથી જ્યારે બંધ થાય ત્યારે સાદિ, તે સ્થાન ન પામેલાને બંધ અનાદિ, ધ્રુવ અને અધ્રુવ અભવ્ય તથા ભવ્યને આશ્રયી થાય છે. આ પ્રમાણે આ અશુભ ૪૩ પ્રકૃતિનો અજઘન્ય બંધ ચાર પ્રકારે થાય છે.

આ પ્રમાણે ૮ શુભ પ્રકૃતિ તથા ૪૩ અશુભપ્રકૃતિઓના ઉપર કહેલા બંધ સિવાઇના વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે જ પ્રકારે જાણવા. તે આ પ્રમાણે-

તૈજસ આદિ આઠ શુભ ધ્રુવબંધી (અર્થાત્ ધ્રુવબંધી એવી) પુણ્યપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટબંધ તો સાદિ-અધ્રુવ છે. આ વાત અનુત્કૃષ્ટ સમજાવવાના અવસરે જ સમજાવેલ છે માટે સાદિ અને અધ્રુવપણે બે પ્રકારે છે. જઘન્ય અને અજઘન્યબંધ તો સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા મિથ્યાદૃષ્ટિ જીવમાં પર્યાયપણે (વારા ફરતી) બંધ થવાથી પ્રાપ્ત થાય જ છે. તે આ પ્રમાણે-અતિસંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ થાય ત્યારે જઘન્ય અનુભાગબંધ, અને સુવિશુદ્ધ જીવ બને ત્યારે અજઘન્ય અનુભાગ બંધ થાય છે આ પ્રમાણે આ બન્ને બંધો સાદિ-અધ્રુવ પણે જ છે આમ જાણવું.

અશુભ એવી જે ૪૩ ધ્રુવબંધી પ્રકૃતિઓ છે તેનો જઘન્ય અનુભાગબંધ અજઘન્ય બંધના પ્રસંગે સમજાવેલ જ છે. તેથી તે સાદિ અધ્રુવ છે આ વાત પૂર્વે કહી છે. તથા આ ૪૩નો ઉત્કૃષ્ટ અનુભાગબંધ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા મિથ્યાદૃષ્ટિ સર્વથા સંક્લિષ્ટ જીવમાં એક સમય અથવા બે સમય માત્ર જ પ્રાપ્ત થાય છે તથા વળી મન્દપરિણામ આવે ત્યારે અનુત્કૃષ્ટ અનુભાગબંધ કરે, આમ હોવાથી આ બન્ને પણ બંધો સાદિ અધ્રુવ જ છે.

તથા અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિઓના તો જઘન્ય આદિ ચારે પણ બંધો, આ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાથી જ સાદિ-અધ્રુવ છે. આમ જાણવું આ પ્રમાણે સાદિ-અનાદિની પ્રરૂપણા કહી.

● ● ● ● ●

હવે સ્વામિત્વ પ્રરૂપણા કરાય છે ત્યાં અશુભ પ્રકૃતિઓના બંધક જે જે જીવો છે. તે સર્વેપણ જીવોમાં બન્ધવિચ્છેદ કાલે એટલે કે ચરમબંધવાળા કાળમાં વર્તનારા જીવો અત્યન્તવિશુદ્ધ હોય છે. તે જીવો એક સમય જઘન્ય અનુભાગ બંધ કરે છે અને પોત પોતાના બન્ધવિચ્છેદના સ્થાનથી ઉપર જઈને પણ જ્યારે પડતા હોય ત્યારે અજઘન્ય બંધ કરે છે.

શુભ પ્રકૃતિઓનો તેના બંધક જીવોમાં જે ચરમ સમયવર્તી જીવો હોય છે. તથા અત્યન્ત વિશુદ્ધ પરિણામવાળા જે હોય છે તે ઉત્કૃષ્ટ અનુભાગને બાંધે છે તે જ જીવો જ્યારે મન્દપરિણામવાળા બને છે ત્યારે અનુત્કૃષ્ટ અનુભાગ બંધ કરે છે. આ વાતને ધ્યાનમાં રાખીને સ્વામિત્વ સમજાવાય છે.

સર્વે પણ અશુભ પ્રકૃતિઓ તથા ઉદ્યોત આતપ તિર્યંચદ્વિક[1] તથા મનુષ્યદ્વિક એમ કુલ ૮૨+૬ = ૮૮ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગ બંધ સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિ તિર્યંચ અથવા મનુષ્યનો જીવ એક સમય માત્ર કરે છે. તેમાં પણ અશુભ પ્રકૃતિઓમાં નરકત્રિક, બેઈન્દ્રિય તેઈન્દ્રિય ચઉરિન્દ્રિય જાતિનામકર્મ, સૂક્ષ્મ અપર્યાપ્ત અને સાધારણ નામકર્મ એમ કુલ ૯ કર્મપ્રકૃતિઓના સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિ તિર્યંચ અથવા મનુષ્ય ઉત્કૃષ્ટ અનુભાગબંધના સ્વામી જાણવા. તેમાં પણ નરકત્રિક માટે અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા તિર્યંચ મનુષ્યો સ્વામી જાણવા. કારણ કે ગમે તેટલા સંક્લિષ્ટ પરિણામવાળા થાય તો પણ અન્તે તો નરકપ્રાયોગ્ય જ બંધ થવાનો છે માટે અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા એમ કહ્યું છે તેમાં પણ નરકાયુષ્ય માટે તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ જાણવા. કારણ કે અતિશય સંક્લિષ્ટતાએ આયુષ્યકર્મ બંધાતું જ નથી માટે.

વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિક માટે તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામવાળા એવા તિર્યંચ મનુષ્યો સ્વામી જાણવા. કારણ કે અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા જો લઇએ તો આ છ પ્રકૃતિના બંધને ઓળંગીને નરક પ્રાયોગ્ય બંધ કરે ત્યાં વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિક ન બંધાય. દેવ-નારકીના જીવોને તો પોતાના ભવના નિમિત્તે જ આ છ પ્રકૃતિઓના બંધનો અસંભવ છે.

એકેન્દ્રિય જાતિ અને સ્થાવર નામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગ બંધના સ્વામી ભવનપતિ નિકાયના દેવોથી પ્રારંભીને ઇશાન સુધીના દેવલોકના દેવો અતિશય સંક્લિષ્ટ અને મિથ્યાદૃષ્ટિ હોય ત્યારે આ બન્નેના ઉત્કૃષ્ટ અનુભાગ બંધના સ્વામી છે.

જો તિર્યંચ અને મનુષ્યોને સ્વામી લઇએ તો તેઓ જ્યારે અતિશય સંક્લિષ્ટ થાય ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધને ઓળંગીને નરકપ્રાયોગ્ય જ બંધ કરે છે. અને જો અતિશય સંક્લિષ્ટ પરિણામી ન લઈએ અને મંદ સંક્લેશ લઇએ તો આ બન્ને પ્રકૃતિ અશુભ હોવાથી ઉત્કૃષ્ટ અનુભાગબંધ થાય નહીં. નારકીના જીવો અને ઇશાનદેવલોકથી ઉપરના દેવો પોતાના ભવના નિમિત્તે જ આ બન્ને પ્રકૃતિના અબંધક છે. માટે ભવનપતિથી ઇશાનાન્ત દેવો સ્વામી કહ્યા છે.

તિર્યંચગતિ-તિર્યંચાનુપૂર્વી અને સેવાર્ત સંઘયણ આ ત્રણ કર્મોના અતિશય સંક્લિષ્ટ એવા મિથ્યાદૃષ્ટિ દેવ તથા નારકીના જીવો ઉત્કૃષ્ટ અનુભાગબંધના સ્વામી જાણવા. કારણ

૧. અહીં તિર્યંચદ્વિક કેમ લખ્યું છે તે સમજાતું નથી. ખરેખર તો સર્વે પણ અશુભ પ્રકૃતિઓ લખી છે તેમાં જ તિર્યંચદ્વિક આવી જાય છે માટે ફરે લખવાની જરૂર નથી. ઉદ્યોત વિગેરે ૪ શુભ પ્રકૃતિઓ હોવાથી તે લખી તે તો બરાબર છે. પરંતુ તિર્યંચદ્વિકને લખવાની જરૂર લાગતી નથી. (૮૨ અશુભમાં તે આવી જાય છે.)

કે તિર્યંચ તથા મનુષ્યો તે પ્રકૃતિઓના બન્ધને યોગ્ય સંક્લિષ્ટતામાં વર્તે તો નરક પ્રાયોગ્ય જ બંધ કરે છે. અને આ ત્રણે પ્રકૃતિઓ તે નરકને પ્રાયોગ્ય છે જ નહીં આમ વિચારીને દેવ તથા નારકીને જ સ્વામી તરીકે સ્વીકાર્યા છે તે દેવ તથા નારકીના જીવો ગમે તેટલા સંક્લિષ્ટ પરિણામવાળા થાય તો પણ એટલે કે સર્વસંક્લિષ્ટ થાય તો પણ તિર્યંચગતિ પ્રાયોગ્ય જ બંધ કરે છે. અને ત્યાં આ ત્રણ પ્રકૃતિઓ બંધાય છે. માટે સર્વસંક્લિષ્ટ દેવ-નારકીને જ સ્વામી કહ્યાછે.

इह च = અહીં આ ત્રણે કર્મપ્રકૃતિના ઉત્કૃષ્ટ અનુભાગ બંધના સ્વામી સામાન્ય પણે દેવ-નારકી કહ્યા છે. તો પણ સેવાર્ત સંઘયણના ઉત્કૃષ્ટ અનુભાગબંધના સ્વામી સનત્કુમાર આદિ દેવલોકના દેવો સ્વામી જાણવા. પણ ઇશાન સુધીના દેવો સ્વામી ન જાણવા. કારણ કે ઇશાન સુધીના ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક અને પહેલા બીજા દેવલોકના દેવો જો અતિશય સંક્લિષ્ટ લઇએ તો તેઓ તો ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ હોય ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધના સ્વામી થવાનો સંભવ છે. અને ત્યારે તિર્યંચદ્વિક બંધાય છે પણ સેવાર્તસંઘયણનો બંધ થતો નથી. માટે સેવાર્ત સંઘયણમાં ઈશાન સુધીના દેવોનું વર્જન સમજવું.

शेषाणां = બાકીની જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીયકર્મની નવ, અસાતાવેદનીય, મિથ્યાત્વ, સોળ કષાય, નપુંસકવેદ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, હુંડક સંસ્થાન, અપ્રશસ્ત વર્ણ-ગંધ રસ-સ્પર્શ, ઉપઘાત, અશુભ વિહાયોગતિ, દુર્ભગ, દુઃસ્વર, અશુભ, અસ્થિર, અનાદેય, અયશઃ કીર્તિનામકર્મ, નીચગોત્ર અને અંતરાયકર્મની પાંચ એમ કુલ છપ્પન્ન(૫૬) કર્મપ્રકૃતિઓના મિથ્યાદષ્ટિ અત્યન્ત સંક્લિષ્ટ પરિણામવાળા ચારે ગતિના જીવો ઉત્કૃષ્ટ અનુભાગબંધના સ્વામી હોય છે.

તથા, હાસ્ય, રતિ, સ્ત્રીવેદ, પુરુષવેદ અને છેલ્લું વર્જીને વચ્ચેનાં ચાર સંઘયણ તથા વચ્ચેનાં ચાર સંસ્થાન આવા સ્વરૂપ વાળી આ બાર (૧૨) કર્મ પ્રકૃતિઓના પણ તે જ મિથ્યાદષ્ટિ, પણ તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટતાવાળા ચારે ગતિના જીવો ઉત્કૃષ્ટ અનુભાગ બંધના સ્વામી જાણવા. આ બાર પ્રકૃતિના સ્વામિત્વમાં તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ કેમ કહ્યા ? તેનું કારણ જણાવે છે કે-

જો અતિશય સર્વથા વધારે સંક્લિષ્ટ પરિણામ વાળા જીવ ગ્રહણ કરીએ તો "હાસ્ય-રતિ ના યુગલને" બદલે અરતિ શોકનુ યુગલ તે જીવો બાંધે છે. સ્રીવેદ અને પુરુષવેદના બંધને ઓળંગીને નપુંસકવેદ બાંધે છે સંસ્થાન નામકર્મમાં તથા સંઘયણ નામકર્મમાં પણ જો સર્વથા સંક્લિષ્ટ પરિણામવાળો જીવ ગ્રહણ કરીએ તો ૨૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ વાળાં હુંડક સંસ્થાન અને છેવટ્ઠું સંઘયણ જીવ બાંધે છે. તેનાથી કંઇક વિશુદ્ધ જીવ લઇએ તો ૧૮ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળાં વામન અને કિલિકા નામનાં પાંચમા સંસ્થાન અને સંઘયણ બાંધે છે.

તેનાથી વિશુદ્ધતર જીવ હોય તો ૧૬ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળાં કુબ્જ અને અર્ધનારાચ નામનાં ચોથા નંબરનાં સંસ્થાન અને સંઘયણ નામકર્મ જીવ બાંધે છે. તેનાથી પણ કંઇક વધારે વિશુદ્ધ પરિણામવાળો જીવ લઇએ તો ૧૪ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળું સાદિસંસ્થાન અને નારાચ સંઘયણ નામકર્મ બાંધે છે. તેનાથી પણ વધારે વિશુદ્ધિવાળા જીવો ૧૨ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળાં ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન અને ઋષનારાચ નામવાળાં સંઘયણ બાંધે છે તેનાથી પણ વધારે વિશુદ્ધિવાળો જીવ ૧૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળાં સમચતુરસ્રસંસ્થાન, અને વજ્રઋષભનારાચસંઘયણ નામકર્મ બાંધે છે.

હીન કે અધિક સંક્લેશવાળા પરિણામ ગ્રહણ કરીએ તો અન્ય સંસ્થાન અને સંઘયણ નામકર્મના બંધનો સંભવ હોવાથી તત્પ્રયોગ્ય સંક્લેશવાળો જીવ ગ્રહણ કર્યો છે. આતપ અને ઉદ્યોત નામ કર્મ તથા તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય એમ ચાર કર્મોના સુવિશુદ્ધ એવા સંજ્ઞીપંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ જીવ ઉત્કૃષ્ટ અનુભાગબન્ધના સ્વામી જાણવા.

મિથ્યાદષ્ટિ જીવો સ્વામી લેવાનું કારણ તે છે કે જો સમ્યગ્દષ્ટિ જીવ લઇએ તો તે જીવને તિર્યંચાયુષ્ય, આતપ અને ઉદ્યોત આ ત્રણ કર્મ તો બંધમાં જ આવતાં નથી તો તે સમ્યગ્દષ્ટિ જીવ કેવી રીતે ઉત્કૃષ્ટ બંધનો સ્વામી થાય ? તેથી સમ્યગ્દષ્ટિ જીવમાં તો તેનો બંધ જ ન હોવાથી ઉત્કૃષ્ટ અનુભાગબંધની વાર્તા જ કેમ હોય ?

હવે રહ્યું એક મનુષ્યાયુષ્ય, તે મનુષ્યાયુષ્ય જો કે સમ્યગ્દષ્ટિ દેવ, નારકીના જીવો બાંધે છે. અવશ્ય, પરંતુ આ આયુષ્યનો ઉત્કૃષ્ટ અનુભાગ (ઉત્કૃષ્ટ રસ) ત્રણ પલ્યોપમની સ્થિતિવાળાને હોય છે. શેષ હીન આયુષ્યવાળાને ઉત્કૃષ્ટ રસ સંભવતો નથી અને સમ્યગ્દષ્ટિ તિર્યંચ અને મનુષ્યના જીવો તો મનુષ્યાયુષ્યના બંધક જ નથી તેઓ તો નિયમા દેવાયુષ્યના જ બંધક છે. જે દેવ અથવા નારકીના જીવો સમ્યગ્દષ્ટિ હોય અને મનુષ્યનું આયુષ્ય બાંધે તો તે પણ કર્મભૂમિના ક્ષેત્રનું જ બાંધે પણ અકર્મભૂમિયોગ્ય બાંધતા નથી કારણ કે અકર્મભૂમિમાં તે સમ્યગ્દષ્ટિ દેવ-નારકીના જીવોનો ઉત્પાદ થતો નથી. તેથી મનુષ્યાયુષ્ય આદિ ચારે કર્મોના (મનુષ્યાયુષ્ય-આતપ-ઉદ્યોત તથા તિર્યંચાયુષ્ય એમ ચારે કર્મોના) ઉત્કૃષ્ટ અનુભાગબન્ધના સ્વામી મિથ્યાદષ્ટિ જીવો જ કહ્યા છે. પણ સમ્યગ્દષ્ટિ જીવો સ્વામી કહ્યા નથી. આ પ્રમાણે આ વાત નક્કી થાય છે.

આ બાબતમાં પણ જરાક સૂક્ષ્મ વિચાર કરીએ તો આતપનામ કર્મના ઉત્કૃષ્ટ અનુભાગબન્ધ બંધના કર્તા તત્પ્રયોગ્ય વિશુદ્ધિવાળા મિથ્યાદષ્ટિ દેવ સ્વામી જાણવા. કારણ કે નારકીના જીવોને તો એકેન્દ્રિય પ્રાયોગ્ય આ કર્મના બંધનો જ અસંભવ છે.

તથા તિર્યંચ અને મનુષ્યો જો કે એકેન્દ્રિય પ્રાયોગ્ય અને આતપ નામકર્મ બાંધે છે. પરંતુ આ આતમ નામકર્મ પુણ્યપ્રકૃતિ છે. તેથી ઉત્કૃષ્ટ અનુભાગ બંધ વિશુદ્ધિ હોય ત્યારે બંધાય અને તિર્યંચ મનુષ્યો તે આતપનામ કર્મના ઉત્કૃષ્ટ અનુભાગબંધને યોગ્ય વિશુદ્ધિમાં વર્તે તો પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્ય આદિ પ્રાયોગ્ય અન્ય શુભ પ્રકૃતિઓનો બંધ કરે છે પણ એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ સંભવતો નથી માટે આતપનામકર્મના મિથ્યાદષ્ટિ દેવ સ્વામી કહ્યા છે.

ઉદ્યોતનામ કર્મનો ઉત્કૃષ્ટ અનુભાગબંધનો સ્વામી સાતમી નારકીમાં વર્તતો નારકનો જીવ જાણવો. તે પણ ઔપશમિક સમ્યક્ત્વને ઉત્પન્ન કરવાની તમન્ના વાળો, યથાપ્રવૃત્તાદિ ત્રણ કરવા પૂર્વક અન્તકરણ કરીને પ્રથમ સ્થિતિને ઉદયથી ભોગવતાં ભોગવતાં પ્રથમસ્થિતિના ચરમ સમયમાં વર્તતો જીવ ઉત્કૃષ્ટ અનુભાગ બંધનો સ્વામી જાણવો. કારણ કે ઉદ્યોતનામકર્મ બાંધનારા જીવોમાં આ જ જીવ અત્યન્ત વિશુદ્ધ છે. ઉદ્યતનામકર્મ પુણ્યપ્રકૃતિ છે. તે માટે તેનો ઉત્કૃષ્ટ અનુભાગ (રસ) બંધ અત્યન્ત વિશુદ્ધિએ જ બંધાય. બીજા જીવોને વધારે વિશુદ્ધિ હોય તો દેવ-મનુષ્ય પ્રાયોગ્ય બંધ થાય ત્યાં ઉદ્યોત બંધાય નહીં. તે માટે સાતમી નારકીના જીવ કહ્યા છે. આ જીવને ગમે તેટલી વિશુદ્ધિ થાય તો પણ તિર્યંચપ્રાયોગ્ય જ બંધ થાય છે અને તેમાં ઉદ્યોત બંધાય છે. માટે સાતમી નારકી કહી છે. અને સમ્યકૃત્વાભિમુખ હોવાથી વધારે વિશુદ્ધિ સંભવી શકે છે.

તિર્યંચાયુષ્ય તથા મનુષ્યાયુષ્યના ઉત્કૃષ્ટ અનુભાગબંધના સ્વામી તિર્યંચ અને મનુષ્ય જ જાણવા. પરંતુ તત્પ્રાયોગ્ય મિથ્યાદષ્ટિ એવા તિર્યંચ-મનુષ્યો સ્વામી લેવા. કારણ કે દેવ-નારકીના જીવો સંખ્યાત વર્ષવાળુ જ આયુષ્ય બાંધે છે. ઉત્કૃષ્ટ રસવાળું ત્રણ પલ્યોપમનું આયુષ્ય બાંધતા જ નથી માટે દેવ-નારકી સ્વામી કહ્યા નથી. તિર્યંચ અને મનુષ્યો પણ જો અતિશય વિશુદ્ધિવાળા હોય તો આયુષ્ય કર્મ બાંધે જ નહીં અને કંઈક વધારે વિશુદ્ધિવાળા કહીએ તો દેવ પ્રાયોગ્ય આયુષ્ય બાંધે માટે તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા કહ્યા છે. સમ્યગ્દષ્ટિ કહીએ તો પણ નિયમા દેવનું જ આયુષ્ય બંધાય તે માટે મિથ્યાદષ્ટિ જ કહ્યા છે.

અગુરૂલઘુનામકર્મ, તૈજસ, કાર્મણ, નિર્માણ, પ્રશસ્ત વર્ણગંધ રસ સ્પર્શનામકર્મ, દેવદ્ધિક, વૈક્રિયદ્ધિક, આહારકદ્ધિક, પંચેન્દ્રિયજાતિનામ કર્મ, સમચતુરસ્ર સંસ્થાન નામકર્મ, પરાઘાત, ઉચ્છવાસ, પ્રશસ્તવિહાયોગતિનામ કર્મ, તીર્થંકરનામકર્મ, યશઃકીર્તિનામકર્મને વર્જીને બાકીની ત્રસના દશકાની નવ પ્રકૃતિઓ, એમ કુલ ૨૯ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગબંધના સ્વામી અપૂર્વકરણ ગુણસ્થાનકના છઠ્ઠા ભાગના ચરમ સમયમાં વર્તતો, ક્ષપકશ્રેણિવાળો જીવ, દેવગતિપ્રાયોગ્ય ૩૦-૩૧ ના બંધને કરતો બન્ધવિચ્છેદના ચરમસમયમાં વર્તતો જીવ સ્વામી સમજવો.

દેવ પ્રાયોગ્ય બંધ કરનારા જીવોમાં આ જ જીવ વધારેમાં વધારે વિશુદ્ધિવાળો છે તે માટે આવો જીવ સ્વામી કહ્યો છે આ સર્વે પણ પુણ્યપ્રકૃતિઓ છે. તેનો રસ અતિશય

વિશુદ્ધિથી બંધાય છે અને આઠમા ગુણઠાણાના છઠ્ઠાભાગે ક્ષપકશ્રેણિમાં જેટલી વિશુદ્ધિ છે. તેટલી વિશુદ્ધિ તેની પૂર્વે ૧ થી ૭ ગુણઠાણામાં ક્યાંય નથી. આઠમા ગુણઠાણા પછી આનાતી પણ વધારે વિશુદ્ધિ છે પરંતુ ત્યાં આ પ્રકૃતિઓનો બંધ જ નથી માટે અપૂર્વકરણના છઠ્ઠાભાગે ક્ષપકજીવને સ્વામી કહ્યા છે.

મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, અને પ્રથમસંઘયણ આ પાંચપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગ બંધના સ્વામી સમ્યગ્દષ્ટિ દેવ અતિશય વિશુદ્ધ પરિણામ વાળા એક સમય અથવા બે સમયસુધી સ્વામી જાણવા. મિથ્યાદષ્ટિ કરતાં સમ્યદષ્ટિ જીવ અનન્તગુણ વધારે વિશુદ્ધિવાળો છે માટે સમ્યગ્દષ્ટિ જીવ સ્વામી કહ્યો છે. નારકીના જીવો પણ સમ્યગ્દષ્ટિ હોય અને અતિશય વિશુદ્ધ હોય તો આ જ પાંચ પ્રકૃતિઓ બાંધે છે. તો પણ નન્દીશ્વરાદિ દ્વીપમાં રહેલા ૫૨ જિનાલયોમાં મહોત્સવ આદિ કરવા ગયેલા અને વિશેષ વૃદ્ધિ પામ્યો છે હાર્દિક ભાવ જેનો એવા દેવોની જેટલી વિશુદ્ધિ સંભવે છે. તેટલી અતિશય વિશુદ્ધિનો નારકીમાં અસંભવ છે તેથી તે નારકીનું સ્વામી તરીકે ગ્રહણ કર્યું નથી.

તિર્યંચ અને મનુષ્યોને જો વધારે વિશુદ્ધિ આવે તો દેવગતિ પ્રાયોગ્ય બંધ થવાનો સંભવ છે તેથી તે દેવગતિને અપ્રાયોગ્ય એવી પ્રસ્તુત પાંચ પ્રકૃતિઓના બંધનો અસંભવ છે તે માટે બીજા બધા જીવોને છોડીને કેવળ એકલા દેવનું જ સ્વામી તરીકે ગ્રહણ કરેલું છે.

તથા દેવાયુષ્યના ઉત્કૃષ્ટ અનુભાગબંધના સ્વામી અપ્રમત્ત ગુણસ્થાનકવર્તી મનુષ્યમાત્ર જ જાણવા. દેવાયુષ્યના બંધક જેટલા જીવો છે (૧ થી ૭ ગુણસ્થાનકવાળા). તેમાં સૌથી વધારે વિશુદ્ધિવાળા અપ્રમત્ત મુનિઓ જ છે. તે માટે અપ્રમત્ત મુનિ સ્વામી કહ્યા છે.

સાતાવેદનીય યશકીર્તિનામકર્મ અને ઉચ્ચગોત્રકર્મ આ ત્રણ પુણ્યપ્રકૃતિઓ છે. તેના ઉત્કૃષ્ટ અનુભાગના બંધના ક્ષપક સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકના ચરમ સમયમાં વર્તતા જીવો સ્વામી જાણવા. કારણ કે આ ત્રણે પુણ્યપ્રકૃતિઓ છે. તેના બંધક જીવો ૧ થી ૧૦ ગુણસ્થાનકવર્તી જીવો છે તેમાં દસમા ગુણસ્થાનકવર્તી જીવો સૌથી વધારે વિશુદ્ધિવાળા છે તે માટે તે સ્વામી છે (જો કે સાતાવેદનીયનો બંધ ૧૩ ગુણસ્થાનક સુધી છે. તો પણ ૧૧-૧૨-૧૩. આ ત્રણ ગુણસ્થાનકે માત્ર પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ જ થાય છે. વીતરાગ હોવાથી અનુભાગબંધ થતો જ નથી. માટે તેને સ્વામી કહ્યા નથી.) આ પ્રમાણે ઉત્કૃષ્ટ અનુભાગબંધના સ્વામી કહ્યા.

હવે જઘન્ય અનુભાગ બન્ધના સ્વામી કહેવાય છે. ત્યાં જઘન્ય અનુભાગબંધના સ્વામિત્વના વિષયમાં આહારકદ્વિકના જઘન્ય અનુભાગ બન્ધના સ્વામી પ્રમત્ત ગુણસ્થાનકે જવાની તૈયારીવાળા અપ્રમત્ત મુનિ જાણવા. કારણ કે આહારકદ્વિકનો બંધ સાતમા આઠમા બે જ ગુણસ્થાનકે થાય છે. ત્યાં જે હાલ સાતમે ગુણઠાણે છે. પરંતુ સમયાન્તરે છઠ્ઠે જવાના

જ છે તેવા પડવૈયા જીવને જેટલી અશુદ્ધિ હોય છે તેટલી અશુદ્ધિ તેના બંધક બીજા જીવોમાં બીજા કોઇને નથી માટે આવા જીવો જ આહારકદ્વિકના જઘન્ય અનુભાગના બંધક છે.

સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, ચાર આયુષ્ય, દેવદ્વિક, નરકદ્વિક, અને વૈક્રિયદ્વિક રૂપ કુલ ૧૬ કર્મપ્રકૃતિઓના જઘન્ય અનુભાગ બંધના સ્વામી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો જાણવા. કારણ કે તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય આ બે પ્રકૃતિ વિના બાકીની ૧૪ કર્મપ્રકૃતિઓ દેવ અને નારકીના જીવો પોતાના ભવના સ્વભાવે બાંધતા જ નથી. તેથી તેને સ્વામી ન કહેતાં તિર્યંચ અને મનુષ્યોને સ્વામી કહ્યા છે.

તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય પણ જયારે જઘન્યસ્થિતિ વાળુ (એક ક્ષુલ્લકભાવ પ્રમાણવાળું) બંધાય છે ત્યારે જ તેનો જઘન્ય રસ પણ બંધાય છે. દેવ નારકીના જીવો તેવું એક ક્ષુલ્લક ભવ જેટલું જઘન્ય આયુષ્ય બાંધતા જ નથી. કારણ કે તેટલી સ્થિતિવાળા જીવોમાં તે દેવ-નારકીના જીવોનો ઉત્પાદ થતો નથી. તે કારણથી આ ૧૬ પ્રકૃતિઓ દેવ-નારકીના જીવો માટે જઘન્ય બંધને આશ્રયી અયોગ્ય જ છે. આમ સમજીને તેના સ્વામી તરીકે તિર્યંચ અને મનુષ્યોનું જ કથન કર્યું છે.

ત્યાં પણ આટલી આટલી વિશેષતા છે. તે આ પ્રમાણે- (૧) નરકાયુષ્ય અશુભ હોવાથી નરકાયુષ્યના બંધક જીવોમાં જે જીવો સર્વથા વધારે વિશુદ્ધ છે અને માત્ર દશ હજાર વર્ષની સ્થિતિ વાળું પ્રથમ નારકીના પ્રથમ પ્રતરનું જ આયુષ્ય બાંધે છે તેવા જીવો તે કાલે નરકાયુષ્યના જઘન્ય અનુભાગ બંધના સ્વામી જાણવા.

(૨) બાકીનાં જે ત્રણ આયુષ્ય રહ્યાં તે શુભ હોવાથી તે આયુષ્યના બંધક જીવોમાં જે જીવો સર્વથા સંક્લિષ્ટ પરિણામી હોય છે. અને સર્વ કરતાં જઘન્ય સ્થિતિને બાંધનારા છે તે જીવો જઘન્ય અનુભાગના બંધ કરનારા તેના તેના સ્વામી જાણવા.

(૩) નરકદ્વિક અશુભ પ્રકૃતિ હોવાથી તેના બન્ધક જીવોમાં જે જીવ અતિશય વિશુદ્ધ અને ઘણી ઓછી અવિશુદ્ધિવાળો જીવ હોય તે જ જીવો જઘન્ય રસના બંધક છે.

(૪) દેવદ્વિક પુણ્યપ્રકૃતિ હોવાથી ઘણા તીવ્ર સંક્લિષ્ઠ પરિણામ હોય ત્યારે જ ઉત્કૃષ્ટ રસ બંધાય. પરંતુ અતિશય ઘણા તીવ્ર સંક્લિષ્ટ પરિણામ લઇએ તો દેવ પ્રાયોગ્ય બંધ જ ન થાય નરક પ્રાયોગ્યબંધ થાય તે માટે સંક્લિષ્ટ પરિણામ ખરા. પરંતુ ઉત્કૃષ્ટ ૧૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધવાના કાલે જેવા હોય તેવા તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામ વાળા જીવો ઉત્કૃષ્ટ અનુભાગબંધ કરે છે.

જો અતિશય સંક્લિષ્ટ લઇએ તો દેવ પ્રાયોગ્ય બંધને ઓળંગીને નરક પ્રાયોગ્ય બંધ કરે આમ સમજીને તત્પ્રાયોગ્ય સંક્લેશનું ગ્રહણ કરેલ છે. આ પ્રમાણે અન્યત્ર પણ યુક્તિ સમજવી.

(૫) વૈક્રિયદ્વિક પણ પુણ્યપ્રકૃતિ હોવાથી સંક્લિષ્ટ પરિણામથી જ્યારે બંધાતું હોય ત્યારે જ જઘન્ય અનુભાગ બંધાય એટલા માટે સાતમી નરકપ્રાયોગ્ય બંધ ચાલતો હોય એટલે કે નરકગતિ પ્રાયોગ્ય પ્રકૃતિઓના બંધનો કાલ વર્તતો હોય ત્યારે સર્વથા ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ બંધાતી હોય ત્યારે આ બે પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ બંધ કરે છે.

(૬) વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિકનો જઘન્ય અનુભાગબંધ આ પ્રકૃતિઓ અશુભ હોવાથી વિશુદ્ધિ હોય ત્યારે જઘન્યરસ બંધાય, પણ ઘણી વિશુદ્ધિ હોય તો વિકલેન્દ્રિય પ્રાયોગ્ય અને સૂક્ષ્મ એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ જ ન થાય. પણ દેવ મનુષ્ય પ્રાયોગ્ય બંધ થાય. અને ઘણી વિશુદ્ધિ ન લઈએ તો જઘન્યરસ બંધાય નહીં મધ્યરસ અથવા ઉત્કૃષ્ટ રસ બંધાય તેથી તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામ લેવા.

(૭) ઔદારિકદ્વિક અને ઉદ્યોતનામકર્મ તિર્યંચગતિ પ્રાયોગ્ય ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતા ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામની ધારામાં વર્તતા દેવ અથવા નારકીના જીવો જઘન્ય રસબંધ કરે છે. કારણ કે આ ત્રણે પુણ્યપ્રકૃતિઓ છે. તેથી તિર્યંચગતિપ્રાયોગ્ય બંધ થતો હોય ત્યારે તેના બંધની માટે સહાચારી હોવાથી ઉત્કૃષ્ટ-અનુભાગ બંધાય અને ઉત્કૃષ્ટસંક્લેશમાં વર્તતા જીવો જઘન્યઅનુભાગબંધના સ્વામી જાણવા.

આ ત્રણે પ્રકૃતિઓ તિર્યંચ અને મનુષ્યપ્રાયોગ્યબંધની સાથે બંધાય છે ત્યાં જઘન્ય અનુભાગબંધ પુણ્યપ્રકૃતિ હોવાથી સંક્લિષ્ટ પરિણામથી બંધાય છે. તે માટે તિર્યંચગતિ પ્રાયોગ્યબંધના સહચારિપણે બાંધે ત્યારે જ જઘન્યરસના બંધનો સંભવ છે. માટે ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતા જીવો સ્વામી કહ્યા છે.

તિર્યંચો અને મનુષ્યો જો આટલી સંક્લિષ્ટતામાં વર્તે તો નરકગતિપ્રાયોગ્ય પ્રાયોગ્ય બન્ધ કરતા હોવાથી આ પ્રકૃતિઓના બંધનો અસંભવ છે.

(૮) ઔદારિક અંગોપાંગ નામકર્મના જઘન્ય અનુભાગ બંધક તેમાં કહ્યા પ્રમાણે દેવ-નારકી જ લેવાના છે. પરંતુ આ ઔદારિક અંગોપાંગનામકર્મ પુરતા ઈશાન દેવલોકથી ઉપરના એટલે કે સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો જ લેવા. પણ ઈશાન સુધીના દેવો ન લેવા કારણ કે ઈશાન દેવલોક સુધીના દેવો જો અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા થાય તો એકેન્દ્રિયપ્રાયોગ્ય જ બંધ કરે છે અને ત્યાં અંગોપાંગનામકર્મ બંધાતું નથી કારણ કે અંગોપાંગનામકર્મ એકેન્દ્રિય જીવોને માટે અપ્રાયોગ્ય જ છે.

(૯) તિર્યંચદ્વિક અને નીચગોત્રના જઘન્ય અનુભાગબંધના સ્વામી સાતમી નારકીના જીવો ઔપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરતા હોય અને યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણ કરવા પૂર્વક અન્તઃકરણ કરીને મિથ્યાત્વની પ્રથમ સ્થિતિને વિપાકથી ભોગવતાં ભોગવતાં પ્રથમ સ્થિતિના ચરમસમયમાં વર્તતા મિથ્યાદૃષ્ટિ જીવ જઘન્યરસ બાંધે છે.

આ ત્રણે પ્રકૃતિઓ અશુભ હોવાથી સર્વવિશુદ્ધ એવા જીવો જઘન્ય અનુભાગ બંધ કરે છે તેના બન્ધક જીવોમાં આવા જીવો જ સર્વવિશુદ્ધ મળી શકે છે. બીજા દેવ અને નારકીના જીવો આ પ્રકૃતિઓ બાંધે છે. પરંતુ સર્વવિશુદ્ધ હોય તો આ પ્રકૃતિઓના બંધને ઓળંગીને મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર બાંધે છે અને તીવ્ર વિશુદ્ધ પરિણામ ન લઇએ તો આ પ્રકૃતિઓ બંધાય પણ ઉત્કૃષ્ટ અનુભાગબંધ થાય નહીં આમ વિચારીને સાતમી નારકીના જીવોનું કથન કર્યું છે.

શતકની ચૂર્ણિમાં કહ્યું છે કે "तिरियगइ तिरियाणुपुव्वि णीयागोयाणं अहे सत्तमपुहविनेरईओ सम्मत्ताभिमुहो करणाइं करित्तु चरमसमयमिच्छद्दिट्ठी भवपच्चएण ताओ तिन्नि वि बंधई, जाव मिच्छत्तभावो ताव तस्स जहन्नोणुभागो हवइ तब्बंधगेसु अच्चंतविसुद्धोत्ति काउं"

આ પંક્તિનો ગુજરાતી અર્થ આ પ્રમાણે છે-તિર્યંચગતિ અને તિર્યંચની આનુપૂર્વી તથા નીચગોત્રકર્મ એમ ત્રણ કર્મપ્રકૃતિઓનો નીચે સાતમી નારકીમાં વર્તતો નરકનો જીવ સમ્યક્ત્વ પામવા અભિમુખ થયો હોય, ત્રણ કરણ કરીને મિથ્યાત્વના ચરમ સમયવર્તી થયો હોય તેવો જીવ ભવના નિમિત્તે જ આ ત્રણે પણ પ્રકૃતિઓને બાંધે છે. જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય વર્તે છે. ત્યાં સુધી તેનો જઘન્ય અનુભાગ હોય છે. કારણ કે તેના બંધક જીવોમાં આ જ જીવ અતિશય વિશુદ્ધ પરિણામવાળો છે એ કારણથી"

અન્યસ્થાનવર્તી એટલે કે છ નારકીમાં અને ચારે નિકાયના દેવમાં વર્તતો જીવ જો આટલી વિશુદ્ધિમાં વર્તનારો હોય તો મનુષ્યાદિ પ્રાયોગ્ય મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર જ બાંધે. આમ સમજીને સાતમી નારકીનું વિધાન કરેલ છે.

(૧૦) તીર્થંકરનામકર્મનો જઘન્ય અનુભાગબંધ મિથ્યાત્વ અને નરક આમ બન્ને ભાવોમાં ગમન કરવાને સન્મુખ થયેલો અવિરતસમ્યદૃષ્ટિ મનુષ્ય જઘન્ય અનુભાગનો બંધ કરે છે.

અહીં આ તીર્થંકરનામકર્મ પુણ્યપ્રકૃતિ હોવાથી જઘન્ય અનુભાગ બંધ સંક્લિષ્ટ પરિણામથી બંધાય છે આવી અતિશયસંક્લિષ્ટતા પણ હોય અને જિનનામનો બંધ ચાલુ હોય તે ઉપર કહેલા વિશેષણોવાળા જીવમાં જ સંભવી શકે છે ત્યાં તિર્યંચગતિના જીવો તો તીર્થંકરનામકર્મના બંધના પૂર્વપ્રતિપન્ન કે પ્રતિપદ્યમાન સંભવતા જ નથી તેથી મનુષ્યનું ગ્રહણ કર્યું છે

ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ એવા શ્રેણિક મહારાજા આદિ જીવો નરકગતિ પામવાને અભિમુખ છે. પરંતુ ક્ષાયિક હોવાથી વિશુદ્ધ પરિણામવાળા છે અને નરક વિનાની અન્યગતિમાં જવાને જે ઉત્સુક થયા હોય એવા સમ્યગ્દૃષ્ટિ જીવોમાં તેવા પ્રકારનો ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામ ન સંભવતો હોવાથી નરક અને મિથ્યાત્વ એમ ઉભયને અભિમુખ જીવોનું કથન કર્યું છે.

(૧૦) પંચેન્દ્રિય જાતિનામકર્મ, તૈજસ -કાર્મણ શરીરનામકર્મ, પ્રશસ્ત વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ નામકર્મ, અગુરુલઘુ નામકર્મ પરાઘાત, ઉશ્વાસનામકર્મ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક નામકર્મ, તથા નિર્માણ નામકર્મ આમ કુલ ૧૫ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગ બંધના સ્વામી ચારે ગતિના જીવો મિથ્યાદષ્ટિ સર્વથી વધારે સંક્લિષ્ટ પરિણામવાળા હોય ત્યારે જઘન્ય રસબંધના સ્વામી જાણવા.

કારણ કે પન્નરે પ્રકૃતિઓ પુણ્યપ્રકૃતિઓ હોવાથી સર્વથી ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામ વાળા જે જીવો હોય તે જ જઘન્ય અનુભાગબંધ કરે છે ત્યાં તિર્યંચો અને મનુષ્યો સર્વ કરતાં વધારે સંક્લિષ્ટ પરિણામમાં વર્તતા હોય ત્યારે નરક ગતિ પ્રાયોગ્ય બંધ કરે છે. તે કાલે નરકગતિની સાથે સહચારી એવી આ પન્નર પ્રકૃતિઓ બંધાય છે ત્યારે જઘન્ય રસબંધ કરે છે. નારકીના જીવો તથા સનત્કુમારાદિ સહસાર સુધીના દેવો પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય એવી આ ૧૫ પ્રકૃતિઓને બાંધે છે ત્યારે જઘન્ય રસબંધ કરે છે. અને ઇશાન દેવલોક સુધીના દેવો સર્વસંક્લિષ્ટ થાય ત્યારે પંચેન્દ્રિયજાતિને અને ત્રસનામકર્મને વર્જીને બાકીની ૧૩ પ્રકૃતિઓને એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતી વેળાએ બાંધે છે. ત્યારે આ ૧૩નો જઘન્ય રસબંધ કરે છે. આ ઇશાન સુધીના દેવો આ પંચેન્દ્રિયજાતિ અને ત્રસસનામકર્મને કંઇક વિશુદ્ધ પરિણામવાળા હોય ત્યારે બાંધે છે. પરંતુ તે કાલે વિશુદ્ધ પરિણામ હોવાથી ત્યાં જઘન્યરસ બંધાતો નથી માટે તે બન્નેના બંધમાં ઇશાન સુધીના દેવોનું વર્જન કર્યું છે

(૧૨) તે જ મિથ્યાદષ્ટિ એવા કંઈક વિશુદ્ધિવાળું છે અંતઃકરણ જેનું એવા સારે ગતિના જીવો સ્ત્રીવેદ અને નપુંસક વેદના જઘન્ય અનુભાગબન્ધના સ્વામી છે. ફક્ત કંઈક વિશુદ્ધિવાળા હોય તો નપુંસક વેદના, અને કંઇક વધારે વિશુદ્ધિ વાળા હોય તો સ્ત્રીવેદના જઘન્યરસના બંધના સ્વામી જાણવા જો સર્વવિશુદ્ધ લઇએ તો પુરુષવેદ જ બાંધે એમ સમજીને સર્વવિશુદ્ધ ન કહેતાં મનાક્ વિશુદ્ધિવાળા એમ કહ્યું છે.

(૧૩) સાતાવેદનીય, સ્થિરનામકર્મ, શુભનામકર્મ, અને યશકીર્તિ નામકર્મ આ ચાર પુણ્યપ્રકૃતિઓ, તથા તેની પ્રતિપક્ષી બીજી ચાર પ્રકૃતિઓ અસાતવેદનીય, અસ્થિર, અશુભ, અને અયશઃ કીર્તિનામકર્મ એમ કુલ આઠ કર્મોના જઘન્ય રસનો બંધ કરનાર "સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ પરાવર્તમાન ઘોલમાન પરિણામ વાળા જીવો" સ્વામી જાણવા.

આ જીવોને જ સ્વામી કેમ કહ્યા ? તેનો ખુલાસો કરતાં ગ્રંથકારશ્રી સમજાવે છે કે સાતાવેદનીય આદિ જે પુણ્ય પ્રકૃતિ છે. તેનો જઘન્ય રસ આત્મા અવિશુદ્ધ દશામાં હોય ત્યારે બાંધે પરંતુ ઘણી અવિશુદ્ધ દશા હોય તો સાતા આદિના બંધને બદલે અસાતા આદિનો જ બંધ કરે છે. તેવી જ રીતે અસાતા આદિનો જઘન્ય રસ આ આત્મા જ્યારે ઘણી વિશુદ્ધ

દશામાં હોય ત્યારે જઘન્ય રસબંધ કરે પણ જ્યારે ઘણી વિશુદ્ધ દશા હોય ત્યારે અસાતા આદિ બંધાય જ નહીં. પણ સાતા આદિ જ બંધાય. આમ હોવાથી સાતાવેદનીય કર્મની ૧૫ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે અને અસાતા વેદનીય કર્મની ૩૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

ત્યાં પ્રમત્ત સાધુ તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા થાય ત્યારે અસાતાવેદનીયકર્મની સમ્યગ્દષ્ટિ જીવને યોગ્ય એવી સર્વથી જઘન્ય અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણવાળી સ્થિતિ બાંધે છે ત્યારબાદ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે વારાફરતી સાતાને પણ બાંધતો હોય વળી પાછી અસાતાને પણ બાંધતો હોય, આ જ પ્રમાણે દેશવિરતિ ગુણઠાણે, અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે, તથા મિશ્ર દૃષ્ટિ, સાસ્વાદન અને મિથ્યાદૃષ્ટિ જીવો પણ (અર્થાત્ ૧ થી ૬ ગુણસ્થાનકોમાં વર્તતા જીવો) પરાવર્તે પરાવર્તે સાતા અને અસાતાને બાંધતા હોય ત્યારે. તેમાં પણ સાસ્વાદનથી પ્રમત્ત સુધીના જીવો આ બન્નેને નાનાથી મોટી અંતઃકોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિને પરાવર્તે પરાવર્તે બાંધે છે. અને મિથ્યાદૃષ્ટિ જીવો અંતઃ કોડાકોડી સાગરોપમથી પન્નર કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધે ત્યાં સુધી પરાવર્તે પરાવર્તે બાંધે છે.

તેનાથી આગળ પન્નર કોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિવાળી વેદનીયકર્મની પ્રકૃતિને જો બાંધે તો નિયમા સંક્લિષ્ટ સંક્લિષ્ટતર અને સંક્લિષ્ટતમ થયો છતો કેવલ એકલી અસાતાવેદનીય જ બાંધે છે તે યાવત્ ૩૦ કોડાકોડી સાગરોપમ સુધી બાંધે છે ત્યાં તીવ્ર સંક્લેશ હોવાથી અસાતાનો ઉત્કૃષ્ટ રસ બંધાય છે અને પ્રમત્તગુણઠાણાથી ઉપર અપ્રમત્ત વિગેરે ગુણઠાણાવાળા જીવો વિશુદ્ધ-વિશુદ્ધતર- અને વિશુદ્ધતમ પરિણામવાળા થયા છતા કેવળ એકલી સાતાને જ બાંધે છે. અને તે પણ ત્યાં સુધી કે યાવત્ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ૧૨ મુહૂર્તની સ્થિતિ બંધાય છે. તે વખતે વિશુદ્ધ પરિણામ હોવાથી સાતાનો ઉત્કૃષ્ટ રસ બાંધે છે.

જ્યારે પન્નર કોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિબંધાય ત્યારે તીવ્ર અશુભ પરિણામ હોવાથી અસાતા જ બાંધે અને વધારે રસવાળી બંધાય અને જો સાતમા ગુણઠાણાથી દસમા ગુણઠાણામાં વર્તતો અંતઃ કોડાકોડી સાગરોપમથી બાર મુહૂર્તની સ્થિતિ બાંધનારો જીવ લઈએ તો વિશુદ્ધમાન પરિણામ હોવાથી સાતા વેદનીય જ બાંધે અને તે પણ ઉત્કૃષ્ટ રસવાળી જ બાંધે છે.

તે કારણે આમ હોતે છતે સાતાનો બંધ અસાતાની સાથે, અને અસાતાનો બંધ સાતાની સાથે પરાવર્તે પરાવર્તે બંધાતો હોય ત્યારે જ જઘન્ય અનુભાગબંધ થાય છે. આવા પરાવર્તે પરાવર્તે બંધ સાતાના ૧૫ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી અંતઃકોડાકોડી સુધીની સ્થિતિ સામ સામી અસાતાની પણ સ્થિતિ બંધાતી હોય તેવી સ્થિતિ

જઘન્ય અનુભાગ બંધને ઉચિત છે. તે પરાવર્તમાન મધ્યમ પરિણામવાળા જીવો યાવત્ પ્રમત્ત ગુણઠાણે જે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણવાળી સ્થિતિ બાંધે છે ત્યાં સુધીના તમામ સ્થિતિસ્થાનોમાં વર્તતા જીવો બન્ને પ્રકૃતિના જઘન્ય અનુભાગ બંધના કર્તા છે.

કારણ કે આ પન્નર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિથી અંતઃકોડાકોડી સાગરોપમ સુધીનાં સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિને યોગ્ય સ્થિતિ સ્થાનોમાં વર્તતો જીવ એક પ્રકૃતિથી બીજી પ્રકૃતિનો વારાફરતી બંધ કરતો જીવ મન્દ પરિણામ વાળો (ન અતિશયવિશુદ્ધ અને ન અતિશય સંક્લિષ્ટ) આવો જીવ બંધના જઘન્ય અનુભાગબન્ધને ઉચિત છે. પરંતુ આ સ્થાન વિના અન્ય સ્થાને એકેનો જઘન્ય અનુભાગ બંધ સંભવતો નથી.

પરાવર્તમાન સ્થિતિસ્થાનોને છોડીને કેવળ એકલાં સાતાનાં કે કેવળ એકલાં અસાતાનાં જ સ્થાનો બાંધતો જીવ જો વિચારીએ તો આવી શુદ્ધ સ્થિતિ બાંધનારા જીવોમાં જો અપ્રમત્ત ગુણસ્થાનથી સક્ષ્મસંપરાય ગુણ સ્થાનક સુધીના જીવો લો તો શુદ્ધ પરિણામ હોવાથી કેવળ સાતા જ બાંધે છે. તેવી જ રીતે ૧૫ કોડાકોડીથી વધારે સ્થિતિ બાંધે તેવા જીવ લો તો તે મિથ્યાદષ્ટિ અસાતા જ બાંધે છે. તે બન્ને સ્થાને તો સાતાનો અને અસાતાનો ઘણો જ ઘણો રસ બંધાતો હોવાથી જઘન્ય અનુભાગનો બંધ સંભવતો નથી.

તથા સાગરોપમના સાતીયા ત્રણભાગ રૂપ વેદનીય કર્મની સ્થિતિ બાંધનારા એકેન્દ્રિય આદિ જીવોમાં પણ તેવા પ્રકારના પરિણામનો અભાવ હોવાથી જઘન્ય અનુભાગબન્ધ સંભવતો નથી. તેથી જ ઉપર કહેલા પન્નર કોડાકોડી સાગરોપમથી અંતઃકોડાકોડી સાગરોપમનાં સ્થિતિ સ્થાનોને બાંધતા જીવ હોય ત્યારે જ જઘન્ય અનુભાગનો બંધ સંભવે છે. જઘન્ય અનુભાગબંધ કરે તેને યોગ્ય પરિણામ ત્યાં જ સંભવે છે તે માટે આવા જીવો સ્વામી જાણવા.

જેમ સાતા અને અસાતાની પરાવર્તમાન સ્થિતિ બંધાતી હોય ત્યારે બન્નેના સ્વામી કહ્યા. તે જ પ્રમાણે અસ્થિર અશુભ અને અયશઃ કીર્તિનામકર્મની ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે. અને સ્થિર - શુભ-અને યશઃકીર્તિ નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધાય છે.

ત્યાં અસ્થિર-અશુભ અને અયશકીર્તનામકર્મ આ ત્રણ અશુભ કર્મોનાં સમ્યગ્દષ્ટિ જીવને યોગ્ય સ્થિતિસ્થાનોમાં વર્તતો પ્રમત્ત સંયત જીવ તત્પ્રયોગ્ય વિશુદ્ધિમાં વર્તતો છતો જઘન્ય સ્થિતિ અંતઃકોડાકોડી પ્રમાણ છે. તેનો બંધ કરે છે. થોડીક વાર પછી કંઇક વિશુદ્ધ થયો છતો સ્થિર-શુભ અને યશઃકીર્તિ નામકર્મને બાંધે છે વળી અંતમુહૂર્ત બાદ અસ્થિરાદિ ત્રણને બાંધે છે આ પ્રમાણે દેશવિરત-અવિરત સમ્યગ્દષ્ટિ-મિશ્રગુણસ્થાનક-સાસ્વાદન તથા મિથ્યાદષ્ટિ જીવો પણ પરાવર્તે પરાવર્તે પ્રતિપક્ષભૂત પ્રકૃતિઓ સાથે અસ્થિર-અશુભ અને અયશઃકીર્તિનામકર્મ આ ત્રણને બાંધે છે.

ત્યાં મિથ્યાદષ્ટિ જીવ પરાવર્તે પરાવર્તે આ અસ્થિરાદિ ત્રણને ત્યાં સુધી બાંધે છે કે યાવત્ સ્થિરાદિ ત્રણની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણની આવે. આ પ્રમાણે છઠ્ઠાગુણસ્થાનકે બંધાતા અંતકોડાકોડી સાગરોપમથી સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ યોગ્ય સ્થિતિ સ્થાનોમાં બાંધતાં બાંધતાં યાવત્ ૧૦ કોડાકોડી સાગરોપમ સુધી આક્રાન્ત સ્થિતિ સ્થાનો મળી શકે છે તે સ્થિતિસ્થાનોમાં બંધક તરીકે વર્તતા જીવને જઘન્ય અનુભાગબંધનો સંભવ છે અન્યસ્થાને આવા જઘન્યરસ બંધનો સંભવ નથી.

જો ૧૦ કોડાકોડીથી વધારે સ્થિતિ બાંધે તો નિયમા અસ્થિરાદિ અશુભ જ બાંધે અને તે પણ બહુરસવાળી જ બાંધે વધારે સંક્લિષ્ટ પરિણામો છે તે માટે, અને અપ્રમત્તાદિ ઉપરનાં ૭ થી ૧૦ ગુણસ્થાનકો લઇએ તો સ્થિરાદિ ત્રણ શુભ જ બાંધે છે અને તે પણ વિશુદ્ધિવાળો જીવ હોવાથી બહુરસવાળી જ બાંધે છે તે માટે દશ કોડાકોડીથી વધારે બંધ કરનારા મિથ્યાદષ્ટિને અને લઘુ અંતઃકોડાકોડી બાંધનારા અપ્રમત્તથી ૧૨ મુહૂર્તની સ્થિતિ બાંધનારા સૂક્ષ્મસંપરાય સુધીના જીવોને ત્યજીને વચ્ચેની સ્થિતિ બાંધનારા તથા અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરાવર્તમાનપણે બંધ કરનારા ઘોલમાન પરિણામવાળા, અત્યન્ત વિશુદ્ધ પણ ન હોય અને અત્યન્ત સંક્લિષ્ટ પણ ન હોય આવા જીવો સ્થિરાદિ ત્રણનો અને અસ્થિરાદિ ત્રણનો એમ છએ કર્મપ્રકૃતિઓનો જઘન્યરસ બંધ કરે છે.

તથા સ્થાવરનામકર્મ અને એકેન્દ્રિય જાતિનામકર્મ આ બન્ને કર્મોનો જઘન્ય અનુભાગબંધ કરનાર નારકીને વર્જીને બાકીની ત્રણગતિવાળો મિથ્યાદષ્ટિ, પરાવર્તમાન મધ્યમ પરિણામ વાળો જીવ સ્વામી જાણવો.

જો તત્પ્રાયોગ્ય મધ્યમ પરિણામ ન લઇએ અને અત્યન્ત વિશુદ્ધ લઇએ તો પંચેન્દ્રિયજાતિ અને ત્રસનામકર્મનો બંધ કરે. પણ એકેન્દ્રિયજાતિ અને સ્થાવર નામકર્મનો બંધ જ ન કરે. હવે જો સર્વથા સંક્લિષ્ટ પરિણામવાળો જીવ લઇએ તો સ્થાવરનામકર્મ અને એકેન્દ્રિય જાતિનામકર્મ બાંધે છે પરંતુ તે જીવ ઉત્કૃષ્ટ અનુભાગને બાંધે છે તેથી ઘણો વિચાર કરીને જ મધ્યમ પરિણામવાળા જીવનું કથન કર્યું છે.

આ જીવ જ્યારે પ્રથમ એક અંતર્મુહૂર્તકાળમાં એકેન્દ્રિયજાતિ અને સ્થાવરનામકર્મ બાંધીને બીજા અંતર્મુહૂર્તે પણ તેનાં તે જ એકેન્દ્રિય જાતિ અને સ્થાવર નામકર્મ જ બાંધે આવું પણ બની શકે છે. સતતપણે સ્થાવર નામકર્મ અને એકેન્દ્રિય જાતિનામકર્મ બંધાય આમ પણ બની શકે છે. પરંતુ તે કાલે સ્થિરપરિણામ હોવાથી અશુભ એવી આ બન્ને કર્મપ્રકૃતિના જઘન્ય અનુભાગના બંધના હેતુભૂત વિશુદ્ધિ નથી. તેથી મધ્યમ પરિણામવાળો જીવ અને પરાવર્તમાન પરિણામવાળો જીવ આવાં વિશેષણોથી વિશિષ્ટ જીવ જ સ્વામી લેવાય છે.

તેવા પ્રકારના મધ્યમપરિણામ વાળા જીવને પંચેન્દ્રિય જાતિ અને ત્રસનામકર્મની સાથે આ બન્ને કર્મોનો (એકેન્દ્રિય જાતિ અને સ્થાવર નામકર્મનો) બન્ધ હોય છે ત્યારે જ એકેન્દ્રિય જાતિ અને સ્થાવરનામકર્મનો જઘન્ય અનુભાગબંધ મળી શકે છે. માટે તેવા જીવનું કથન કર્યું છે.

**પ્રશ્ન :-** ભલે તેમ હો. પરાવર્તમાન મધ્યમપરિણામવાળા જીવને સ્વામી કહો. તો પણ નારકજીવોનું વર્જન શા માટે કરો છો ? નારકીના જીવોને પણ સ્વામી કહોને ? ત્રણગતિમાં વર્તતા જીવો આમ કેમ લખો છો ?

**ઉત્તર :-** આવો પ્રશ્ન જો કરતા હો તો ઉત્તર આ પ્રમાણે છે, કે નારકીના જીવો તો પોતાના ભવના સ્વભાવથી જ આ એકેન્દ્રિયજાતિ અને સ્થાવરનામકર્મ એમ બન્ને કર્મપ્રકૃતિના અબન્ધક જ છે માટે તે નારકીનું વર્જન કરેલું છે.

આતપનામકર્મના જઘન્ય અનુભાગબન્ધના સ્વામી સર્વથા સંક્લિષ્ટ પરિણામવાળા ઈશાન સુધીના મિથ્યાદૃષ્ટિ દેવો જાણવા, કારણ કે આ આતપનામકર્મ એ પુણ્યપ્રકૃતિ હોવાથી સર્વથા સંક્લિષ્ટ પરિણામવાળા જીવો જ જઘન્ય અનુભાગ બાંધે. એકેન્દ્રિય જાતિ અને સ્થાવરનામકર્મના બન્ધક જીવોમાં આ ઈશાનાન્ત દેવો જ સર્વસંક્લિષ્ટ સંભવી શકે છે.

જો કે તિર્યંચો અને મનુષ્યો પણ એકેન્દ્રિય જાતિ અને સ્થાવરનામ કર્મને બાંધે તો છે. પરંતુ તે જીવો જો આટલા બધા સંક્લેશમાં વર્તે તો એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધને ઓળંગીને નારકાદિપ્રાયોગ્ય બંધ કરે. માટે તે તિર્યંચ-મનુષ્યોને સ્વામી કહ્યા નથી. તથા સાત નારકીના જીવો અને સનત્કુમારાદિ ઉપરના દેવો પોતાના ભવસ્વભાવથી જ (ત્યાં ઉત્પન્ન થવાના નથી તે માટે) આ પ્રકૃતિ બાંધતા જ નથી. તેથી સર્વ બીજા જીવોનો ત્યાગ કરીને યથોક્ત ઈશાન સુધીના દેવોને જ સ્વામી કહ્યા છે.

મનુષ્યદ્વિક, છ સંઘયણ, છ સંસ્થાન, બન્ને વિહાયોગતિ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, અને દૌર્ભાગ્ય, દુ:સ્વર તથા અનાદેય અને ઉચ્ચગોત્ર એમ કુલ ૨૩ કર્મપ્રકૃતિઓનો ચારે ગતિમાં વર્તતા મિથ્યાદૃષ્ટિ મધ્યમપરિણામવાળા જીવો જઘન્ય અનુભાગબંધ કરે છે.

સમ્યગદૃષ્ટિ જીવોને આ પ્રકૃતિઓ પરાવર્તે પરાવર્તે બંધાતી હોય તેમ બનતું નથી. પરંતુ અપ્રતિપક્ષપણે શુભપ્રકૃતિ જ બાંધે છે. તે આ પ્રમાણે-જો તિર્યંચ અને મનુષ્યના જીવો સમ્યગ્દૃષ્ટિ લઈએ તો દેવદ્વિક જ બાંધે છે. મનુષ્યદ્વિક વિગેરે બંધાતાં જ નથી. સંસ્થાનમાં સમચતુરસ્ર જ બાંધે છે. સંઘયણ તો એક પણ બાંધતા જ નથી. શુભવિહાયોગતિ, સૌભાગ્ય, સુસ્વર આદેય અને ઉચ્ચગોત્ર તો પ્રતિપક્ષવાળી પ્રકૃતિઓ વિના જ બાંધે છે માટે મિથ્યાદૃષ્ટિ કહ્યા છે અને તે પણ મધ્યમપરિણામવાળા જ જીવો સ્વામી તરીકે કહ્યા છે.

હવે દેવ-નારકીના જીવો સમ્યગ્દષ્ટિ લઇએ તો તેઓને મનુષ્યદ્વિક જ બંધાય છે. તિર્યંચદ્વિક વિગેરે બંધાતાં જ નથી. છ સંસ્થાનોમાં પણ સમચતુરસ્ર જ બંધાય છે. છ સંઘયણમાં વજ્રઋષભનારાચ જ બંધાય છે વિહાયોગતિ વિગેરેમાં પણ કેવળ એકલી શુભ જ બંધાય છે પણ અશુભ બંધાતી જ નથી. કારણ કે કેવળ એકલા શુભપરિણામ સંભવે છે. પરંતુ અધ્યવસાય સ્થાનોની પરાવૃત્તિ સંભવતી નથી. માટે સમ્યગ્દષ્ટિ જીવોનો ત્યાગ કર્યો છે. અને મિથ્યાદષ્ટિ જીવોનું ગ્રહણ કર્યું છે.

ત્યાં મનુષ્યદ્વિકની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૫ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. અને પ્રશસ્ત વિહાયોગતિ, સૌભાગ્ય, સુસ્વર અને આદેય, તથા ઉચ્ચગોત્ર, પ્રથમ સંઘયણ, અને પ્રથમ સંસ્થાન આ સાત કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે.

આ શુભ પ્રકૃતિઓ છે તે પોત પોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી આરંભીને પ્રતિપક્ષવાળી અશુભ પ્રકૃતિઓની સાથે પરાવર્તે પરાવર્તે ત્યાં સુધી બંધાય છે કે યાવત્ તે સર્વ પ્રકૃતિઓની પ્રતિપક્ષભૂત પ્રકૃતિઓની સર્વ કરતાં જઘન્ય એવી અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બંધાય. આ સર્વે પણ સ્થિતિસ્થાનોમાં પરાવર્તમાન મધ્યમ પરિણામે જ વર્તતો જીવ આ કર્મપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગબંધ કરે છે.

હુંકડ સંસ્થાન અને સેવાર્ત સંઘયણ નામ કર્મ આ બન્ને નામકર્મોનો પણ વામનસંસ્થાન અને કીલિકા સંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિ જે અઢાર કોડાકોડી સાગરોપમ છે. ત્યાંથી પ્રારંભીને પોતપોતાની જઘન્ય સ્થિતિ સુધી (અંતઃ કોડાકોડી સુધી) યાવત્ પરાવર્તે પરાવર્તે બંધ પ્રાપ્ત થાય છે. તે કાલે જઘન્ય અનુભાગબંધ કરે છે.

બાકીનાં પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન નામકર્મનો પણ પોત પોતાની ઉત્કૃષ્ટસ્થિતિથી આરંભીને સંભવતાં યથાયોગ્ય બાકીના શેષ સંઘયણ અને સંસ્થાનની સાથે પરાવર્તે પરાવર્તે બંધ ત્યાં સુધી સંભવે છે કે યાવત્ પોત પોતાની જઘન્ય સ્થિતિનો બંધ આવે.

સઘળાં પણ આ સ્થિતિસ્થાનોમાં વર્તતો મિથ્યાદષ્ટિ અને પરાવર્તમાન મધ્યમ પરિણામ વાળો જીવ જઘન્ય અનુભાગબંધ કરે છે.

તથા અરતિ અને શોક મોહનીય કર્મનો પ્રમત્તસંયત મહાત્મા અપ્રમત્ત વાલી સંયમાવસ્થાને પામવાને સન્મુખ થયેલા હોય ત્યારે સર્વવિશુદ્ધ થયા છતા જઘન્યરસનું અનુબંધ કરનારા થાય છે, માટે તે જીવને સ્વામી જાણવા. કારણ કે આ અરતિ અને શોક ૧ થી ૬ ગુણસ્થાનકોમાં જ બંધાય છે. અને તેના બન્ધક ૧ થી ૬ ગુણસ્થાનકવાળા જીવોમાં અપ્રમત્તાભિમુખ પ્રમત્ત જીવ સર્વવિશુદ્ધ હોવાથી જઘન્ય અનુભાગબંધના કર્તા છે. કારણ કે તેના બન્ધક જીવોમાં તે જીવ અતિવિશુદ્ધ પરિણામ વાળો જીવ છે તે માટે.

જ્ઞાનાવરણીય પંચક, દર્શનાવરણીય ચાર અને અનંતરાય પંચક એમ કુલ ૧૪ કર્મપ્રકૃતિઓનો જઘન્ય અનુભાગબંધ ક્ષપકશ્રેણીમાં વર્તતો સૂક્ષ્મસંપરાયના ચરમ સમયવર્તી જીવ જ એક સમય માત્ર જઘન્ય રસ બંધનો સ્વામી છે. કારણ કે આ ચૌદ પ્રકૃતિ ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી અવશ્ય બંધાય જ છે અને તેમાં ૧૦મા ગુણસ્થાનકવાળા જીવો જ અતિશય વિશુદ્ધિવાળા છે તેમાં પણ ક્ષપકશ્રેણિવાળા જ જીવો લેવા. માટે તેઓ જઘન્ય-રસસંબંધના સ્વામી છે.

પુરુષવેદ, અને સંજ્વલન ચાર કષાય એમ કુલ પાંચ કર્મપ્રકૃતિના જઘન્ય રસબંધના સ્વામી ક્ષપકશ્રેણીમાં વર્તતા નવમા ગુણઠાણે પોતપોતાના બંધ વિચ્છેદકાળે એક સમય માત્ર સ્વામી જાણવા. કારણ કે આ પાંચે અશુભ પ્રકૃતિઓ છે. તેનો જઘન્યરસ અત્યન્ત વિશુદ્ધિકાલે જ બંધાય છે. અને આ પાંચ પ્રકૃતિના બંધક જે જે જીવો છે. તે સર્વમાં આવા જીવો જ અતિશય વિશુદ્ધિ વાળા છે. માટે તે જીવો જઘન્ય અનુભાગબંધના સ્વામી જાણવા.

અપ્રશસ્ત વર્ણાદિ ચાર (વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ નામકર્મના) તથા નિદ્રા-પ્રચલા, ઉપઘાત, હાસ્ય, રતિ ભય અને જાુગુપ્સા એમ કુલ ૧૧ પાપ પ્રકૃતિઓના અપૂર્વકરણ ગુણસ્થાનકે ક્ષપકશ્રેણિમાં વર્તતા જીવ, પોતપોતાના બંધવિચ્છેદ કાલે એક સમયપુરતા ઉત્કૃષ્ટ અનુભાગ બંધ કરે છે. કારણ કે તેના બન્ધક ૧ થી ૮ ગુણસ્થાનકવાળા જીવોમાં આઠમા ગુણસ્થાનકવાળા અને તેમાં પણ પોતપોતાના બન્ધવિચ્છેદ સમયે વર્તતા જીવો અતિશય વિશુદ્ધિવાળા છે આ પ્રકૃતિઓ અગીયારે અશુભ છે. ઉત્કૃષ્ટ વિશુદ્ધિમાં પાપ પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ બંધાય છે તે માટે આવા જીવો સ્વામી જાણવા.

થિણદ્ધિત્રિક, મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી ૪ કષાય એમ કુલ ૮ અશુભ કર્મપ્રકૃતિઓનો સમ્યક્ત્વ અને સંયમ આ બન્નેને એકી સાથે પામવાની તૈયારીવાળો મિથ્યાદૃષ્ટિ ચરમ સમયમાં વર્તતો એવો જીવ ઉત્કૃષ્ટ અનુભાગના બંધનો સ્વામી જાણવો.

અપ્રત્યાખ્યાનીય ચાર કષાયનો સંયમ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વામી જાણવો. આ કષાયના બંધક ૧ થી ૪ ગુણસ્થાનકોમાં આવા જ જીવ અતિશય વિશુદ્ધ છે તે માટે તે જીવ સ્વામી જાણવો.

એ જ પ્રમાણે પ્રત્યાખ્યાનાવરણ નામના ત્રીજી ચોકડીના ચાર કષાયોના ઉત્કૃષ્ટ રસનો બંધ કરનારા સર્વવિરતિને પ્રાપ્ત કરવાની તૈયારીવાળા દેશવિરતિધર શ્રાવક-શ્રાવિકા પોતાના ગુણસ્થાનકના ચરમ સમયમાં વર્તતા હોય ત્યારે સ્વામી જાણવા.

આ પ્રમાણે ઉત્કૃષ્ટ અને જઘન્ય અનુભાગબંધના સ્વામિત્વની પ્રરૂપણા પૂર્ણ કરી.

ઘાતિ-અઘાતિ સંજ્ઞા, એકઠાણીયો-બેઠાણીયો વિગેરે સ્થાન સંજ્ઞા, તથા શુભ-અશુભ પ્રરૂપણા આ ત્રણે દ્વારો અનુભાગબંધની પ્રરૂપણામાં પૂર્વે પહેલી ગાથાના વિવેચનમાં કારિકામાં અર્થ સમજાવતાં કરેલી જ છે એટલે તે વિષયની પ્રરૂપણા કરવાથી હાલ વિરામ કરાય છે. ॥ ૬૭ ॥

આ પ્રમાણે અનુભાગબંધ ઘણા જ વિસ્તારપૂર્વક સમજાવ્યો.

હવે સ્થિતિબન્ધ સમજાવવાનો અવસર છે. ત્યાં ચાર અનુયોગ દ્વાર છે. (૧) સ્થિતિસ્થાન પ્રરૂપણા, (૨) નિષેક પ્રરૂપણા, (૩) અબાધા કંડક પ્રરૂપણા, અને (૪) અલ્પબહુત્વ પ્રરૂપણા.

ત્યાં સૌથી પ્રથમ સ્થિતિસ્થાન પ્રરૂપણા માટે જણાવે છે-

**ठिइबंधठाणाइं, सुहुमापज्जत्तगस्स थोवाइं ।**
**बायर सुहुमेयर बितिचउरिंदियअमणसंनीणं ॥ ६८ ॥**

**संखेज्जगुणाणि कमा, असमत्तियरे य बेंदियाइम्मि ।**
**णवरिमसंखेज्जगुणाणि संकिलेसा य सव्वत्थ ॥ ६९ ॥**

ગાથાર્થ- સૂક્ષ્મ અપર્યાપ્તા જીવનાં સ્થિતિબંધનાં સ્થાનકો સૌથી અલ્પ છે તેના કરતાં બાદર અપર્યાપ્તાનાં, તેના કરતાં સૂક્ષ્મ અને બાદર પર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો અનુક્રમે સંખ્યાતગુણાં છે. તેના કરતાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, અને સંજ્ઞિપંચેન્દ્રિય આ પાંચ પ્રકારના જીવોના અપર્યાપ્તના સ્થાનો તથા તે જ પાંચ પ્રકારના પર્યાપ્તાનાં સ્થાનો અનુક્રમે સંખ્યાતગુણાં છે પરંતુ બેઇન્દ્રિય જીવોના પ્રથમ ભેદમાં અસંખ્યાતગુણાં સ્થિતિસ્થાનો કહેવાં.

આ જ પ્રમાણે સંક્લેશસ્થાનો પણ જાણવાં. ॥ ૬૮-૬૯ ॥

**વિવેચન**- જઘન્ય સ્થિતિ જે બંધાય છે તે પ્રથમ સ્થિતિસ્થાન, સમયાધિક જઘન્ય સ્થિતિ બંધાય તે બીજું સ્થિતિસ્થાન, બે સમય અધિક જઘન્યસ્થિતિ બંધાય તે ત્રીજુ સ્થિતિસ્થાન, આ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિ બંધ સુધી સમય-સમય અધિક પ્રમાણે ભિન્ન-ભિન્ન સ્થિતિસ્થાનો (સ્થિતિ બાંધવાના પ્રકારો) થાય છે. ત્યાં એક પ્રશ્ન થાય છે કે સૂક્ષ્મ બાદર એકેન્દ્રિય જીવો તથા વિકલેન્દ્રિયજીવો તથા અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં ક્યા જીવોમાં કેટલાં કેટલાં સ્થિતિસ્થાનો (સ્થિતિ બાંધવાના પ્રકારો) સંભવી શકે છે ? અને કોના કોના આ સ્થિતિ સ્થાનો ઓછા-વધારે હોય છે ? આવા પ્રશ્નનો ઉત્તર આ ગાથામાં કહે છે.

અહીં જઘન્યસ્થિતિથી આરંભીને યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે ત્યાં સુધીની સ્થિતિમાં જેટલા સમયો થાય. તેટલાં સ્થિતિસ્થાનો જાણવાં. તે સ્થિતિસ્થાનોનું હવે અલ્પબહુત્વ જણાવાય છે.

ત્યાં સૂક્ષ્મ અપર્યાપ્તા જીવના સ્થિતિસ્થાનો સૌથી અલ્પ જાણવાં. ૧. તેના કરતાં બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયનાં સ્થિતિ સ્થાનો સંખ્યાતગુણાં જાણવાં ૨. તેના કરતાં સૂક્ષ્મ

પર્યાપ્તાનાં સ્થિતિ સ્થાનો સંખ્યાતગુણાં જાણવાં ૩. તેના કરતાં બાદર એકેન્દ્રિય પર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણાં જાણવાં આ ચાર પ્રકારનાં એકેન્દ્રિય જીવોનાં સ્થિતિસ્થાનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ છે. તો પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ નાનો-મોટો સમજવો. જેથી આ ચારે બોલમાં સંખ્યાતગુણાં સ્થિતિસ્થાનો કહેવામાં કોઈ દોષ આવતો નથી.

ધારો કે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ સાતીય ત્રણભાગમાં પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એવી જઘન્યસ્થિતિ બાંધે છે. તે ૮૭ સમય પ્રમાણ છે અને બાદર એકેન્દ્રિય પર્યાપ્તો ચોથા બોલવાલો જીવ જે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે તે ૧૦૦ સમય પ્રમાણ છે તો

(૧) સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તમાં ૮૭ થી ૯૩ કુલ ૭ સ્થિતિ સ્થાનો છે.

(૨) બાદર એકેન્દ્રિય અપર્યાપ્તામાં ૮૫ થી ૯૫ કુલ ૧૧ સ્થિતિ સ્થાનો છે.

(૩) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્તામાં ૮૩ થી ૯૭ કુલ ૧૫ સ્થિતિસ્થાનો છે

(૪) બાદર એકેન્દ્રિય પર્યાપ્તામાં ૮૧ થી ૧૦૦ કુલ ૨૦ સ્થિતિસ્થાનો છે.

આ પ્રમાણે કલ્પનાને અનુસારે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ નાનો-મોટો સમજીને અલ્પબહુત્વ જાણવું.

બાદર એકેન્દ્રિય પર્યાપ્તાના ચોથા બોલ કરતાં બેઈન્દ્રિય અપર્યાપ્તાનાં પાંચમા બોલનાં સ્થિતિસ્થાનો અસંખ્યાતગુણાં જાણવાં ૫. કારણ કે તે પલ્યોપમના સંખ્યાતમા ભાગના સમય પ્રમાણ છે. અસંખ્યાતમા ભાગ કરતાં સંખ્યાતમો ભાગ સ્વાભાવિક રીતે જ સમજાય તેમ છે કે તે સંખ્યાત ગણો મોટો હોય છે કોઈ પણ એક વસ્તુના અસંખ્યાતા ભાગ કરો તો તે ભાગ ઘણો નાનો થશે. અને તે જ વસ્તુના સંખ્યાતા ભાગ કરો તો ત્યાં ભાગ બહુ ઓછા હોવાથી એક એક ભાગ ઘણો મોટો થશે. તે પ્રમાણે અહીં સમજવું.

બેઇન્દ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો કરતાં બેઇન્દ્રિય પર્યાપ્તા જીવોનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ અધિક જાણવાં ૬. તેના કરતાં તેઇન્દ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ અધિક છે. ૭. તેના કરતાં તેઇન્દ્રિય પર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણ જાણવાં. ૮. તેના કરતાં ચઉરિન્દ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણ જાણવાં ૯. તેના કરતાં ચઉરિન્દ્રિય પર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાત જાણવાં. ૧૦. તેના કરતાં અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણ જાણવાં. ૧૧. તેના કરતાં અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણ જાણવાં. ૧૨ તેના કરતાં સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણ જાણવાં. ૧૩. તેના કરતાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણ જાણવાં. ૧૪.

"असमत्तियर त्ति" અસમત્ત એટલે અપર્યાપ્તા જીવો અને ઇતર એટલે પર્યાપ્તા, બાદર આદિ જીવોના સ્થિતિસ્થાનો અનુક્રમે સંખ્યાત ગુણાકારની નીતિથી સમજવાં, नवरं = પરંતુ બેઇન્દ્રિયના પ્રથમભેદમાં એટલે કે બેઇન્દ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો એકેન્દ્રિયના ચાર બોલને કહીને તેના કરતાં પાંચમા બોલ સ્વરૂપે અસંખ્યાત ગુણ અધિક કહેવાં. એ જ પ્રમાણે પૂર્વે સમજાવાયું છે. આ સ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ સમજાવ્યું.

હવે આત્મામાં કષાયોના બળે આવતાં સંક્લિષ્ટ એટલે કે મલીન મલીન અધ્યવસાય સ્થાનો ક્યા જીવોમાં કેટલાં કેટલાં વધારે ઓછાં હોય ? તેનું અલ્પ બહુત્વ કહેવાય છે. સારાંશ કે કષાયોના ઉદયથી થતાં સંક્લિષ્ટ પરિણામો = સંક્લિષ્ટ અધ્યવસાય સ્થાનો. તેનું અલ્પબહુત્વ સમજાવે છે.

આ સંક્લિષ્ટ અધ્યવસાય સ્થાનોમાં સર્વ જીવસ્થાનકોમાં અસંખ્ય ગુણાકારે અલ્પબહુત્વ સમજવું. સ્થિતિસ્થાનોમાં તો માત્ર બેઇન્દ્રિય અપર્યાપ્તા નામના એક જ જીવસ્થાનમાં અસંખ્યાતગુણ કહ્યું હતું તે વાત સંક્લિષ્ટ અધ્યવસાય સ્થાનો કહેતા હોઇએ ત્યારે દૂર રહો. તે સંક્લિષ્ટ અધ્યવસાય સ્થાનોમાં તો ચૌદે જીવસ્થાનકોમાં અસંખ્યાત ગુણ અધિક કહેવાં. આટલી વિશેષતા છે. તે આ પ્રમાણે.

(૧) સૂક્ષ્મ અપર્યાપ્તા એકેન્દ્રિયનાં સંક્લેશ સ્થાનો સૌથી થોડાં છે.(૨) તેના કરતાં અપર્યાપ્તા બાદર એકેન્દ્રિયનાં સંક્લેશસ્થાનો અસંખ્યાતગુણ છે. (૩) તેના કરતાં પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયનાં, (૪) તેના કરતાં પર્યાપ્તા બાદર એકેન્દ્રિયનાં, (૫) તેના કરતાં અપર્યાપ્તા અને (૬) પર્યાપ્તા બેઇન્દ્રિયનાં, એ જ પ્રમાણે (૭-૮) તેઈન્દ્રિયના બે બોલ, (૯-૧૦) ચઉરિન્દ્રિયનાં બે બોલ (૧૧-૧૨) અસંજ્ઞી પંચેન્દ્રિયના બે બોલ અને (૧૩-૧૪) સંજ્ઞી પંચેન્દ્રિયના બે બોલ યથોત્તર અસંખ્યાતગુણા કહેવા.

**પ્રશ્ન :-** સ્થિતિસ્થાનોમાં એક જ સ્થાને અસંખ્યાતગુણ કહ્યું, અને આ સંક્લેશસ્થાનોમાં સર્વસ્થાનોમાં અસંખ્યાતગુણ કહ્યું. તો તેમાં યુક્તિ (દલીલ) શું છે ? તે સમજાવો.

**ઉત્તર :-** સ્થિતિસ્થાનોમાં જે વિશેષતા છે. તે જઘન્યસ્થિતિથી પ્રારંભીને ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધીનાં જે સમય સમયની તરતમતા વાળાં સ્થાનો છે તેને સ્થિતિસ્થાન કહેવાય છે તે એકેન્દ્રિયના ચારે બોલમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સર્વત્ર છે માત્ર બેઇન્દ્રિય અપર્યાપ્તામાં અને તેના પછીના બોલોમાં પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે સ્થિતિબંધની જે વિચિત્રતા તે સ્થિતિસ્થાન કહેવાય છે જ્યારે આ સંકલેશસ્થાનો છે. તે તો આત્માના અધ્યવસાયસ્થાનો છે. તે તો સ્થિતિ બાંધનારા જીવોના જે પરિણામો છે. માનસિક આદિ જે વિચારો અને વિકારો છે તેને સંક્લેશ સ્થાન કહેવાય છે.

અહીં સૂક્ષ્મ અપર્યાપ્તા જીવમાં જઘન્ય સ્થિતિ બન્ધ કરે ત્યારે જે સંક્લેશસ્થાનો છે.

તેના કરતાં સમયાધિક-સમયાધિક એમ પ્રત્યેક સ્થિતિ સ્થાનોમાં પણ વિશેષાધિક વિશેષાધિક સંક્લેશસ્થાનો હોય છે એમ કરતાં જે સૂક્ષ્મ અપર્યાપ્તામાં પોતાનામાં પણ અતિશય થોડાં સ્થિતિસ્થાનો (નાના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ) હોવા છતાં પણ જઘન્ય સ્થિતિસ્થાન સંબંધી સંક્લેશસ્થાનો કરતાં ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં જે સંક્લેશનાં સ્થાનો છે. તે પણ જો અસંખ્યાતગુણાં હોય છે. તો બાદર અપર્યાપ્તા આદિ અન્ય અન્ય જીવસ્થાનકોના સ્થિતિસ્થાનકોમાં તો સૂક્ષ્મ અપર્યાપ્તાના સ્થિતિસ્થાન સંબંધી સંક્લેશસ્થાનની અપેક્ષાએ અસંખ્યાતગુણ અધિકપણું સારી રીતે થઈ શકે છે.

આ પ્રમાણે ઉત્તરત્ર પણ અસંખ્યાત ગુણપણું સમજી લેવું. આ પ્રમાણે આગળ આગળનાં સંક્લેશસ્થાનોનું પણ પૂર્વની અપેક્ષાએ જ પછી પછી અસંખ્યાતગુણ અધિકપણું સમજવામાં કોઈ પણ જાતની અનુપપત્તિ નથી. અર્થાત્ સારી રીતે ઘુટી શકે છે ॥ ૬૮-૬૯ ॥

**एमेव विसोहीओ, विग्घावरणेसु कोडिकोडीओ ।**
**उदही तीसमसाए, तद्धं थिइमणुयदुगसाए ॥ ७० ॥**

ગાથાર્થ :- આ જ પ્રમાણે (સંક્લેશસ્થાનોની જેમ જ) વિશુદ્ધિસ્થાનો પણ અસંખ્યાતગુણ સમજી લેવાં, પાંચ અંતરાયકર્મ પાંચ જ્ઞાનાવરણીય, અને નવ દર્શનવરણીય એમ કુલ ૧૯ કર્મપ્રકૃતિઓની તથા અસાતાવેદનીયની ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. સ્રીવેદ, મનુષ્યદ્વિક, અને સાતાવેદનીયની સ્થિતિ તેનાથી અર્ધી (અર્થાત્ ૧૫ કોડાકોડી સાગરોપમ જાણવી ॥ ૭૦ ॥

વિવેચન- જેમ જઘન્યસ્થિતિસ્થાનથી પ્રારંભીને ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી અસંખ્યાત ગુણાકારપણે અધિક અધિક સંક્લેશસ્થાનો પૂર્વે કહ્યાં છે ગાથા નંબર ૬૯માં પૂર્વે સમજાવ્યાં છે, તે જ પ્રમાણે વિશુદ્ધિસ્થાનો પણ આ જ ક્રમવડે અસંખ્યાતગુણાકાર પણે અધિક અધિક કહી દેવાં. સંક્લિશ્યમાન જીવમાં જે સંક્લેશ સ્થાનો છે. તે જ વિશુધ્યમાન જીવમાં વિશોધિસ્થાનો છે માટે ભાવનામાં એટલે કે વિચારણામાં કંઈ પણ તફાવત નથી. જેમ કોઈ પણ નીસરણીનાં ઉતરવા માટેનાં ૨૫-૫૦ પગથીયાં હોય તો તે જ નીસરણીનાં ચઢવા માટે તેટલાં જ ૨૫-૫૦ જ પગથીયાં છે આમ કહેવાય. ૧૧મા ગુણસ્થાનકથી પહેલા ગુણસ્થાનકે આવતાં જે સંક્લેશસ્થાનો આવે છે. તે જ અધ્યવસાય સ્થાનો પહેલા ગુણસ્થાનકથી ૧૧મા ગુણસ્થાનક ઉપર ચઢતાં આવે છે ત્યારે તે વિશુદ્ધિસ્થાનો કહેવાય છે માટે લગભગ સમાન છે.

ફક્ત ક્ષપકશ્રેણીમાં ૮ થી ૧૪ ગુણસ્થાનકમાં જે વિશુદ્ધિ સ્થાનો આવે છે તે આરોહણના કાલે જ આવે છે ત્યાં પતનનો સંભવ જ નથી. માટે તેટલાં વિશુદ્ધિસ્થાનો સંક્લેશસ્થાનો કરતાં અધિક છે એમ અધ્યાહારથી સમજી લેવું.

હવે સર્વ પણ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનું પ્રમાણ જણાવવા માટે કહે છે :- વિઘ્ન એટલે અન્તરાયકર્મ, તથા આવરણ એટલે કે જ્ઞાનાવરણ અને દર્શનાવરણ આમ કુલ ત્રણ મૂલકર્મો. તથા પાંચ અંતરાય કર્મ, પાંચ જ્ઞાનાવરણીયકર્મ, નવ દર્શનાવરણીયકર્મ, અને અસાતાવેદનીય એમ કુલ ૫+૫+૯+૧= ૨૦ ઉત્તરભેદાત્મક કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડા કોડી સાગરોપમ પ્રમાણ જાણવી.

*અહીં સ્થિતિ બે પ્રકારે હોય છે. (૧) કર્મપણે આત્માની સાથે રહેવા સ્વરૂપે, અને (૨) ભોગવવા સ્વરૂપે. ત્યાં બાંધેલું કર્મ આત્માની સાથે ક્યાં સુધી રહેશે ? આમ આત્મા* અને કર્મનું મીલન આમ જે વિચારાય તે પ્રથમ પ્રકાર. અને બાંધેલું કર્મ જ્યારે ઉદયમાં આવ્યું. અને ભોગવાતું હોય તે ભોગવવાનો કાળ તે બીજો પ્રકાર.

અહીં પ્રથમ પ્રકારને આશ્રયી જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું પ્રમાણ કહેવાશે, તેમાંથી અનુભવયોગ્ય સ્થિતિ જાણવી હોય તો અબાધાકાલ ન્યૂન કરી લેવો. અબાધાકાલન્યૂન જે સ્થિતિ તે અનુભવયોગ્ય સ્થિતિ છે. એમ બીજો પ્રકાર સ્વયં સમજી લેવો. જે જે કર્મોની જેટલા જેટલા કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે તે કર્મોની તેટલા તેટલા ૧૦૦-૧૦૦ વર્ષોનો અબાધાકાલ હોય છે. તેટલા તેટલા કાલ સુધી તે તે કર્મો પોતપોતાના ઉદય દ્વારા જીવને કંઈ પણ લાભ-નુકશાન પહોંચાડતાં નથી. (માત્ર જીવ પાસે સ્ટોકમાં રહે છે એટલે સત્તારૂપે સ્વીકારાય છે પરંતુ ઉદયથી અનુભવ રૂપે આવતાં નથી. માટે ભોગ્યરૂપે ગણાતાં નથી.)

ત્યાં મતિજ્ઞાનાવરણીય આદિ ૨૦ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કહી છે. માટે ત્રણ હજાર વર્ષ (૩૦૦૦) અબાધાકાલ જાણવો અને (૩૦૦૦ વર્ષ) અબાધાકાલ હીન બાકીનો બધો ભોગ્યકાલ જાણવો. (ભોગ્યકાલ એટલે કર્મની નિષેક રચના વાળો કાળ સમજવો.)

તથા સ્ત્રીવેદ, મનુષ્યદ્વિક એટલે કે મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વીકર્મ તથા સાતાવેદનીય કર્મ એમ કુલ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વે કહેલાં (૨૦) કર્મોની સ્થિતિ કરતાં અર્ધપ્રમાણ એટલે ૧૫ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવી. આ પ્રમાણે સ્ત્રીવેદાદિ આ ચારે કર્મોની ૧૫ કોડાકોડી સાગરોપ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ છે. તથા ૧૫૦૦ વર્ષોનો અબાધાકાલ છે. અને ૧૫૦૦ વર્ષોનો અબાધાકાલ ન્યૂન કરીએ એવો ૧૫ કોડાકોડી સાગરોપમનો કર્મદલિકોનો નિષેક રચનાનો કાળ અર્થાત્ ભોગ્યકાળ જાણવો. ॥ ૭૦ ॥

**तिविहे मोहे सत्तरि, चत्तालीसा य वीसई य कमा ।**
**दस पुरिसे हासरइ, देवदुगे खगइ चेद्ठाए ॥ ७१ ॥**

ગાથાર્થ- ત્રણ પ્રકારના મોહનીય કર્મમાં અનુક્રમે સીત્તેર કોડાકોડી, ચાલીસ કોડાકોડી અને વીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય છે. તથા પુરુષવેદ, હાસ્ય, રતિમોહનીય દેવદ્વિક, અને ઇષ્ટ (પ્રશસ્ત) એવી વિહાયોગતિ એમ કુલ છ કર્મોની સ્થિતિ દશ કોડાકોડી સાગરોપમની હોય છે. ॥ ૭૧ ॥

ભાવાર્થ- ત્રણ પ્રકારનું મોહનીય છે. = ત્યાં (૧) પ્રથમ એક પ્રકાર મિથ્યાત્વમોહનીયના લક્ષણવાળી દર્શનમોહનીય કર્મની સ્થિતિ, અને (૨) બીજા નંબરમાં સોળ કષાય રૂપ ચારિત્રમોહનીયની સ્થિતિ, તથા (૩) ત્રણ નંબરમાં નપુંસકવેદ, અરતિ-શોક, ભય અને જુગુપ્સા સ્વરૂપ નોકષાયમોહનીય કર્મની પાંચ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ અનુક્રમે સીત્તેર, ચાલીસ અને વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. ત્યાં મિથ્યાત્વમોહનીય કર્મની સીત્તેર કોડાકોડી, સોળ કષાયની ચાલીસ કોડાકોડી, અને નવ નોકષાય મોહનીયની પાંચ પ્રકૃતિની વીસ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે.

તથા આ ત્રણે વિભાગોમાં અનુક્રમે સાત હજાર, ચાર હજાર, અને બે હજાર વર્ષ પ્રમાણ અબાધાકાલ હોય છે. અને અબાધાકાલ વિનાનો બાકીનો બધો કર્મદલિકની રચનાનો કાળ અથવા ભોગ્યકાળ હોય છે. આમ સમજવું.

પ્રશ્ન :- અહીં नोकषाय શબ્દથી પ્રતિનિયત એક નપુંસક વેદ, અરતિ અને શોક, ભય અને જુગુપ્સા આ પાંચ જ લેવી અને બીજી ન લેવી. આવો અર્થ કેવી રીતે કાઢવામાં આવ્યો છે ? નોકષાય શબ્દથી તો નવે લેવી જોઈએ.

ઉત્તર :- उक्तवक्ष्यमाणत्वेन = બાકી રહેલી હાસ્ય-રતિ મોહનીય અને પુરૂષવેદ તથા સ્રીવેદ આ ચાર પ્રકૃતિઓમાંથી પુરૂષવેદ, હાસ્ય, અને રતિ મોહનીય આ ત્રણની સ્થિતિ દશ કોડાકોડી સાગરોપમ છે. આ વાત આ જ ગાથાના ઉત્તરાર્ધમાં કહેવાની છે. તેથી, તથા સ્રીવેદની સ્થિતિ સીત્તેરમી ગાથાના અંતિમ ચરણમાં કહેલી છે. તેથી મૂલગાથાની ટીકામાં नोकषाय એવો સામાન્ય વાચી શબ્દ લખ્યો હોવા છતાં વિશેષવાચી અર્થ હોવાથી પાંચ જ પ્રકૃતિઓ લેવી.

હવે પુરુષવેદ, હાસ્ય-રતિ મોહનીય, દેવદ્વિક એટલે દેવગતિ અને દેવની આનુપૂર્વી "મૂલગાથામાં "खगइ" એવો જે શબ્દ લખ્યો છે તેમાં વિભક્તિનો લોપ કરીને નિર્દેશ કર્યો છે. તેથી સપ્તમી વિભક્તિવાળું આ પદ છે એમ સમજી લેવું. તેનો અર્થ વિહાયોગતિમાં એવો અર્થ કરવો તથા चेद्ठाए શબ્દ જે છેલ્લો છે. ત્યાં च શબ્દ સમુચ્ચયના અર્થમાં છે તેમાંથી इद्ठाए શબ્દ કાઢીને ઇષ્ટ એટલે કે શુભવિહાયોગતિ એવો અર્થ કરવો. આમ કુલ ૬ કર્મોની દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

અને દશ સો એટલે એક હજાર વર્ષનો અબાધાકાળ, અને અબાધાકાલ વિનાનો બાકીનો સઘળો પણ ભોગ્યકાળ એટલે કે કર્મોના દલિકોની રચનાવાળો કાળ જાણવો. ॥ ૭૧ ॥

**थिरसुभपंचगउच्चे, चेवं संठाणसंघयणमूले ।**
**तब्बिइयाइ बिवुड्ढी, अट्ठारस सुहुमविगलतिगे ॥ ७२ ॥**

ગાથાર્થ- સ્થિર નામકર્મ તથા શુભાદિ પાંચ નામકર્મ, તથા ઉચ્ચગોત્ર, પ્રથમ સંસ્થાન અને પ્રથમસંઘયણ આટલા કર્મોની સ્થિતિ દશ કોડાકોડી સાગરોપમની જાણવી. તેમાં બીજા આદિ સંસ્થાન અને સંઘયણમાં બે બે સાગરોપમની વૃદ્ધિ જાણવી.સૂક્ષ્મત્રિક તથા વિક્લેન્દ્રિયત્રિકની ઉત્કૃષ્ટસ્થિતિ અઢાર કોડાકોડી સાગરોપમની જાણવી. ॥ ૭૨ ॥

**વિશેષાર્થ-** સ્થિર નામકર્મ, તથા શુભપંચક એટલે કે શુભ નામકર્મથી પ્રારંભીને પાંચ પ્રકૃતિઓ લેવી, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, અને યશનામકર્મ, આમ આ પાંચ કર્મ, તથા ઉચ્ચગોત્ર, તથા સંસ્થાન અને સંઘયણના મૂલભૂત એટલે પ્રથમપ્રકૃતિ, સારાંશ કે સમચતુરસ્ર સંસ્થાન, અને વજ્રઋષભનારાચ સંઘયણ આ પ્રમાણે કુલ ૧+૫+૧+૨ = ૯ નવ કર્મપ્રકૃતિઓની चेवं શબ્દથી ઉપર પ્રમાણે એટલે કે ૭૧મી ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યા પ્રમાણે દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ ઉત્કૃષ્ટથી જાણવી. દશ સો વર્ષ એટલે કે એક હાજર વર્ષનો અબાધકાળ જાણવો અને એટલા અબાધાકાળ વિનાનો શેષ બધો કર્મદલિકની રચનાવાળો અર્થાત્ ભોગ્યકાળ સમજવો.

તેમાંથી સંસ્થાન અને સંઘયણની અંદર દ્વિતીયાદિમાં બે બે સાગરોપમની વૃદ્ધિ જાણવી. તે આ પ્રમાણે-બીજા સંસ્થાનની અને બીજા સંઘયણની સ્થિતિ બાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવી. બારસો વર્ષ (૧૨૦૦ વર્ષ) પ્રમાણ અબાધાકાલ, અને અબાધા કાલ વિનાનો શેષ ભોગ્યકાલ (અર્થાત્ દલિક રચનાનો કાલ) જાણવો.

ત્રીજા સંસ્થાન અને ત્રીજા સંઘયણની ચૌદ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ, ચૌદસો(૧૪૦૦) વર્ષનો અબાધાકાલ, અને અબાધાકાલ વિનાનો બાકીનો કાલ તે કર્મદલિકની રચનાનો કાળ જાણવો.

ચોથા સંસ્થાન અને ચોથા સંઘયણની સોળ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ, સોળસો (૧૬૦૦)વર્ષનો અબાધકાળ, અને અબાધકાળ વિનાનો શેષ ભોગ્યકાળ અર્થાત્ કર્મદલિકની રચનાવાળો કાળ સમજવો.

પાંચમા સંસ્થાન અને પાંચમા સંઘયણની અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ, અઢારસો (૧૮૦૦) વર્ષનો અબાધકાળ, અને અબાધાકાળ વિનાનો શેષ સઘળો ભોગ્યકાળ એટલે કે કર્મદલિકોની રચનાવાળો કાળ સમજવો.

આ જ પ્રમાણે છઠ્ઠા સંસ્થાન અને છઠ્ઠા સંઘયણની વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ, અને બે હજાર વર્ષનો અબાધકાળ તથા અબાધકાલ હીન શેષ ભોગ્યકાળ= કર્મદલિક રચનાનો કાળ (ભોગ્યકાળ) જાણવો.

સૂક્ષ્મત્રિક, એટલે કે સૂક્ષ્મ-અપર્યાપ્ત, અને સાધારણનામકર્મ, તથા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિરૂપ વિકલેન્દ્રિય ત્રિક, એમ કુલ ૬ કર્મોની અઢાર કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ, અઢારસો (૧૮૦૦) વર્ષનો અબાધકાળ, અને અબાધાકાલ વિનાનો શેષકાળ કર્મદલિકની રચનાવાળો કાળ જાણવો ॥ ૭૨ ॥

**तित्थयराहरगदुगे, अंतो वीसं सणिच्चणामाणं ।**
**तेत्तीसुदही सुरनारगाउ, सेसाउ पल्लतिगं ॥ ७३ ॥**

**ગાથાર્થ-** તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃ કોડાકોડી જાણવી. તથા નીચગોત્ર કર્મ સાથે બાકી રહેલી બધી જ નામકર્મની પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમ, તથા દેવ અને નરકાયુષ્યની સ્થિતિ તેત્રીસ સાગરોપમ, અને બાકીનાં બે આયુષ્યની સ્થિતિ ત્રણ પલ્યોપમની જાણવી. ॥ ૭૩ ॥

**વિશેષાર્થ-** તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ, તથા આહારક શરીર અને આહારક અંગોપાંગ નામકર્મ આમ કુલ ત્રણ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવી. અહીં અંતર્મુહૂર્તનો અબાધાકાળ છે અને અબાધાકાળ હીન શેષ સઘળો પણ ભોગ્ય્ કાળ છે. એટલે કે કર્મદલિકની રચનાવાળો કાળ છે.

सनिच्चणामाणं =નીચગોત્રકર્મ સહિત બાકીની નામ કર્મની તમામ પ્રકૃતિઓ (૧) નરકગતિ, (૨) નરકાનુપૂર્વી (૩) તિર્યંચગતિ, (૪) તિર્યંચની આનુપૂર્વી. (૫) એકેન્દ્રિય જાતિ, (૬) પંચેન્દ્રિય જાતિ, (૭) તૈજસનામકર્મ, (૮) કાર્મણનામ કર્મ, (૯) ઔદારિક શરીર, (૧૦) વૈક્રિય શરીર, (૧૧) ઔદારિક અંગોપાંગ, (૧૨) વૈક્રિય અંગોપાંગ, (૧૩) વર્ણ, (૧૪) ગંધ, (૧૫) રસ, (૧૬) સ્પર્શ નામકર્મ (૧૭) અગુરુલઘુ, (૧૮) ઉપઘાત, (૧૯) પરાઘાત, (૨૦) ઉચ્છ્વાસ, (૨૧) આતપ, (૨૨) ઉદ્યોત, (૨૩) અપ્રશસ્ત વિહાયોગતિ (૨૪) ત્રસ, (૨૫) સ્થાવર, (૨૬) બાદર, (૨૭) પર્યાપ્ત, (૨૮) પ્રત્યેક, (૨૯) અસ્થિર, (૩૦) અશુભ, (૩૧) દૌર્ભાગ્ય, (૩૨) દુઃસ્વર, (૩૩) અનાદેય, (૩૪) અયશઃકીર્તિ. (૩૫) નિર્માણનામકર્મ

આ પ્રમાણે એક નીચગોત્ર અને પાંત્રીસ નામકર્મ કુલ છત્રીસ કર્મપ્રકૃતિઓની વીશ (૨૦) કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી વીસસો એટલે કે બે હજાર (૨૦૦૦) વર્ષનો અબાધકાળ જાણવો. તથા અબાધકાલહીન શેષ દલિક રચનાનો કાળ ભોગ્યકાળ સમજવો.

અહીં ઔદારિક શરીર વિગેરે કર્મોનાં જે બન્ધન નામકર્મ તથા સંઘાતન નામકર્મો છે. તે તમામની સ્થિતિ પોત પોતાના શરીરની તુલ્ય જ જાણવી.

શાસ્ત્રમાં તે પ્રમાણે કહ્યું છે જેમ કે "स्थित्युदयबन्धकालाः सङ्घातनबन्धनानां स्वशरीरतुल्या ज्ञेया" ઇતિ- પાંચ સંઘાતન અને પાંચ બંધન નામકર્મની સ્થિતિ-ઉદય અને બંધનો કાળ પોતપોતાના શરીરની તુલ્ય જ જાણવો.

દેવાયુષ્ય અને નરકાયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૩ સાગરોપમ "तेत्तीसुदही" આ પ્રમાણે મૂલગાથામાં કહ્યું છે તેમ જાણવું. પરંતુ પૂર્વ ક્રોડના ત્રીજા ભાગે અધિક કાળ સ્વયં જાણવો. "पूर्वकोटित्रिभागाधिकः" આટલો પાઠ અધ્યાહારથી સમજી લેવો. કારણ કે ગયા ભવનો માનવભવનો પૂર્વ ક્રોડ વર્ષનો ભવ હોય અને ત્યાં દેવ-નરકનું ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધે ત્યારે પૂર્વ ક્રોડનો ત્રીજો ભાગ પણ આયુષ્યની સત્તામાં અબાધાકાળ રૂપે ઉમેરાય છે. તે માટે તેટલો કાળ અધિક જાણવો.

પૂર્વભવ સંબંધી પૂર્વક્રોડનો ત્રીજો ભાગ એ અબાધકાળ જાણવો. અને અબાધકાળ હીન પૂરેપૂરાં ૩૩ સાગરોપમ તે દલિકની રચનાનો કાળ જાણવો. અર્થાત્ ભોગ્યકાળ છે આમ જાણવું.

બાકીનાં બે આયુષ્ય એક તિર્યંચનુ આયુષ્ય અને એક મનુષ્યનું આયુષ્ય એમ કુલ બે આયુષ્યનો પૂર્વક્રોડના ત્રીજા ભાગે અધિક એવો ત્રણ પલ્યોપમ પ્રમાણ સ્થિતિકાળ જાણવો. આટલી લાંબી સ્થિતિ પૂર્વકોટિના આયુષ્યવાળા, ચારે ગતિમાં ગમન કરવાને માટે યોગ્ય, એવા ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનારા સંજ્ઞીતિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યને આશ્રયીને આ કાલમાપ જાણવું. તેવા જીવોને આશ્રયી જ યથોક્ત ઉત્કૃષ્ટ સ્થિતબંધ અને ઉત્કૃષ્ટ અબાધા સંભવી શકે છે ॥ ૭૩ ॥

*અવતરણ :- હવે આયુષ્ય કર્મનો બંધ કરનારા એવા અસંજ્ઞી પંચેન્દ્રિય આદિ જીવોને આશ્રયી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ જણાવે છે-*

**आउचउक्कुक्कोसो, पल्लसंखेज्ज भागममणेसु ।**
**सेसाण पुव्वकोडी, आ( सा )उतिभागो अबाहा सिं ॥ ७४ ॥**

ગાથાર્થ- અમનવાળા અર્થાત્ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો ચારે આયુષ્ય ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ બાંધે છે. બાકીના એકેન્દ્રિયાદિ જીવો ફક્ત બે જ આયુષ્ય બાંધે છે તે પણ ઉત્કૃષ્ટથી માત્ર પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ જ બાંધે છે. પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ અબાધાકાળ તે જીવોમાં હોય છે આમ જાણવું. ॥ ૭૪ ॥

**વિશેષાર્થ :-** મન વિનાના જે અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો છે તે ચારે ગતિના આયુષ્યનો બંધ કરનારા છે. તેઓને આશ્રયી પરભવ સંબંધી ચારે પણ આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વ ક્રોડના ત્રીજા ભાગે અધિક એવી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર પ્રમાણ જાણવી. ઉત્કૃષ્ટ આયુષ્ય જેઓનું પૂર્વ ક્રોડ વર્ષનું હોય છે. તેઓમાંના કોઈ કોઈ જીવો કે જે મરીને અસંજ્ઞી તિર્યંચગતિમાં જવાના હોય છે. તેઓ પોતાના ભવના પૂર્વક્રોડ વર્ષના બે ભાગ ગયા પછી ત્રીજા ભાગના આદ્ય સમયથી જેઓ પરભવનું આયુષ્ય બાંધે છે. તેઓને આશ્રયી પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગે અધિક એવો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ ઉત્કૃષ્ટથી ઘટી શકે છે. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો ચારે આયુષ્ય બાંધે છે. તેને આશ્રયી આ ઉત્કૃષ્ટ સ્થિતિનું વિધાન છે પૂર્વક્રોડનો ત્રીજો ભાગ જે આગલા ભવનો છે તે જ અબાધાકાલ જાણવો. અને અબાધાકાલ હીન એવો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ તે ભોગ્યકાળ જાણવો. અર્થાત્ કર્મદલિકની રચનાવાળો કાળ જાણવો.

કારણ કે શેષ જે જીવો પર્યાપ્તા અને અપર્યાપ્તા એકેન્દ્રિય બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય તથા અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય અને અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય એમ આ સર્વે પણ જીવો પરભવનું જ્યારે ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધતા હોય ત્યારે પોતપોતાના ભવનું જેટલું આયુષ્ય હોય તેના ત્રીજા ભાગે અધિક એવી પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

આ સર્વે જીવસ્થાનકોમાં વર્તતા જીવોની ઉત્પત્તિ વધારેમાં વધારે પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યોમાં જ સંભવે છે. અને ચાલુ ભવનું પોત પોતાનું જેટલું આયુષ્ય હોય તેના ત્રીજા ભાગે આ આયુષ્ય જ્યારે બંધાય ત્યારે પોતાના ભવના ત્રીજા ભાગ જેટલો અબાધાકાળ જાણવો. અને અબાધાકાલ વિના આવતા ભવનું બંધાયેલું જે પૂર્વક્રોડવર્ષનું આયુષ્ય તે કર્મદલિક રચનાનો કાળ એટલે કે ભોગ્યકાળ સમજવો. ॥ ૭૪ ॥

*અવતરણ :- આયુષ્યકર્મને વર્જીને શેષ સર્વકર્મોની ઉત્કૃષ્ટ અબાધા સમજાવતાં કહે છે કે-*

**वाससहस्समबाहा, कोडाकोडिदसगस्स सेसाणं ।**
**अणुवाओ अणुवट्टणगाउसुं, छम्मासिगुक्कोसो ॥ ७५ ॥**

**ગાથાર્થ :-** (આયુષ્ય સિવાયનાં) બાકીનાં તમામ કર્મોમાં દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધે સ્થિતિબંધે એક હજારવર્ષનો અબાધાકાળ જાણવો. બાકીનાનો તેને અનુસારે સમજી લેવો. તથા અનપવર્તનીય આયુષ્યવાળા જીવોમાં તો ઉત્કૃષ્ટથી ૬ માસનો અબાધાકાળ જાણવો. ॥ ૭૫ ॥

**વિશેષાર્થ :-** આયુષ્યકર્મ વિના બાકીનાં શેષ કર્મોમાં દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બંધાય ત્યારે वर्षसहस्रम् = એક હજાર વર્ષ પુરેપુરાં અબાધકાળ રૂપે જાણવાં.

તથા બાર-ચૌદ-પન્નર-સોળ-અઢાર-વીસ-ત્રીસ-ચાલીસ અને સીત્તેર કોડા કોડી સાગરોપમની સ્થિતિ બંધાય છે. આમ જે પહેલાં કહેવામાં આવ્યું છે ત્યારે તેને અનુસારે ત્યાં અબાધકાળ સમજી લેવો.

જો દશ કોડા કોડી સાગરોપમની સ્થિતિ બંધાતી હોય ત્યારે એક હજાર વર્ષનો અબાધકાળ હોય છે તો બાર કોડાકોડી સાગરોપમની સ્થિતિ જે કર્મોની છે તેની અબાધા કટેલી હોય ? આમ ત્રિરાશિનું ગણિત કરવું એક હજાર અને બસો વર્ષનો અર્થાત ૧૨૦૦ વર્ષનો અબાધકાળ થશે.

આ જ પ્રમાણે ચૌદ કોડાકોડી સાગરોપમની જયાં સ્થિતિ હોય ત્યાં ચૌદસોહ (૧૪૦૦) વર્ષનો અબાધાકાળ હોય. આ પ્રમાણે સર્વસ્થાનોમાં ત્રિરાશિનું ગણિત કરીને શેષ સર્વકર્મોમાં આ પ્રમાણે જાણવું.પરંતુ આયુષ્ય કર્મમાં વિશેષતા છે. કારણ કે આયુષ્યકર્મમાં અબાધા આવતા ભવને યોગ્ય બંધાતા આયુષ્યને આધારે હોતી નથી. પરંતુ આ વર્તમાન ચાલુ ભવનું જેટલું આયુષ્ય બાકી હોય છે. તેટલી આવતા ભવના આયુષ્યની અબાધા ગણાય છે. તે માટે અનપવર્તનીય આયુષ્યવાળા જે જીવો છે. જેમકે દેવો, નારકી, અસંખ્યાતા વર્ષના આયુષ્યવાલા તિર્યંચો અને મનુષ્યો (અર્થાત્ યુગલિક તિર્યંચો અને મનુષ્યો), આ જીવો જયારે પરભવના ઉત્કૃષ્ટ આયુષ્યના બંધક હોય છે ત્યારે બંધાતા એવા પરભવના આયુષ્ય કર્મની અબાધા વધારેમાં વધારે છ માસની હોય છે. કારણ કે આ જીવો પોતાના ભવનું આયુષ્ય ૬ માસનું બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. તેથી આટલી અબાધા હોય છે.

કેટલાક આચાર્ય મહાત્માઓ યુગલિકો માટે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અબાધા કહે છે તે આ પ્રમાણે પૂજ્યશ્રી ચંદ્રમહત્તરાચાર્યજી કહે છે. તેનો સાક્ષીપાઠ આ પ્રમાણે છે."पलियासंखिज्जंसं जुगधम्माणं वयंतण्णे" યુગલિક જીવોને પલ્યોપમના અસંખ્યાતમા ભાગની અબાધા હોય છે. એમ અન્ય આચાર્યો કહે છે.

યુગલિક વિનાના બીજા તિર્યંચ અને મનુષ્યના જીવોને પોતાના આયુષ્યની ત્રીજા ભાગ પ્રમાણ અબાધા હોય છે આ વાત પહેલાં કહેલી જ છે. તે પણ નિયત ત્રીજો ભાગ જ અબાધા હોય તેવો નિયમ નથી કારણ કે ક્યારેક પોતાના આયુષ્યના ત્રીજા ભાગની જેમ ત્રીજાભાગના પણ ત્રીજા ભાગે (અર્થાત્ નવમા ભાગે) અને ક્યારેક ત્રીજા ભાગના ત્રીજા ભાગના પણ ત્રીજા ભાગે (અર્થાત્ સત્ત્યાવીસમા ભાગે) પણ પરભવના આયુષ્યનો બંધ શાસ્ત્રોમાં સ્વીકારેલો છે. તેથી પોતાના ભવના ત્રીજા ભાગની જેમ પોતાના ભવનો નવમા ભાગ અથવા સત્તાવીસમા ભાગ સ્વરૂપ પણ અબાધા હોય આવો સંભવ છે એમ તે આચાર્ય મહારાજાઓનો સંપ્રદાય કહે છે. ॥ ૭૫ ॥

*અવતરણ :- હવે જ્ઞાનાવરણીયાદિનો જઘન્ય સ્થિતિબંધ કહેવાની મનોવૃત્તિવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે-*

**भिन्नमुहुत्तं आवरणविग्घ दंसण चउक्कलोभंते ।**
**बारस सायमुहुत्ता, अट्ठ य जसकित्ति उच्चेसु ॥ ७६ ॥**

ગાથાર્થ- જ્ઞાનાવરણ પાંચ, અંતરાય પાંચ, દર્શનાવરણ ચાર, અન્ત્ય લોભ, એમ કુલ ૧૫ કર્મ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ અંતર્મુહૂર્ત માત્ર હોય છે. સાતાવેદનીયનો બાર મુહૂર્ત અને યશકીર્તિ નામકર્મ તથા ઉચ્ચગોત્ર કર્મ આ બે કર્મનો આઠ મુહુર્ત પ્રમાણ જઘન્ય સ્થિતિબંધ હોય છે. ॥૭૬॥

**વિવેચન-** આવરણ એટલે જ્ઞાનાવરણીય કર્મ પાંચ, વિઘ્ન એટલે અંતરાયકર્મ પાંચ દર્શનાવરણ ચાર એટલે ચક્ષુ અચક્ષુ અવધિ અને કેવલદર્શનાવરણ સ્વરૂપ દર્શનાવરણીય કર્મ ચાર પ્રકારનું, તથા લોભાન્ત અહીં વિશેષણનો વ્યત્યય (બદલો) થયેલો હોવાથી જે અન્ત શબ્દ પાછળ છે. તે આગળ કરવાથી અન્ત્યલોભ અર્થાત્ સંજ્વલન લોભ એમ કુલ ૧૫ પ્રકૃતિઓનો સમાહાર દ્વન્દ્વ સમાસ થયેલો હોવાથી "लोभंते" શબ્દમાં એક વચન આવેલું છે.

સારાંશ કે આ ૧૫ કર્મપ્રકૃતિઓની ભિન્ન મુહૂર્ત એટલે કે અન્તર્મુહૂર્ત પ્રમાણ જઘન્ય સ્થિતિ જાણવી. જે ક્ષપકશ્રેણીમાં દસમા ગુણસ્થાનકના ચરમસમયે બંધાય છે. નાના અંતર્મુહૂર્તકાળ પ્રમાણ અબાધાકાળ અને અબાધાકાલહીન બાકીનો કાલ કર્મદલિકનો નિષેક કાળ અર્થાત્ ભોગ્યકાળ જાણવો.

"सायत्ति" ગાથામાં આવો જે પાઠ છે ત્યાં साय એટલે કે સાતાવેદનીય કર્મની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત જાણવી અને અંતર્મુહૂર્ત અબાધાકાલ તથા અબાધાહીન શેષકાલ તે કર્મદલિકના નિષેકનો કાલ જાણવો. સાતાવેદનીય કર્મની જે આ બાર મુહૂર્તની સ્થિતિ કહી તે કાષાયિક સ્થિતિનું જઘન્ય માપ જાણવું. એકથી દસ ગુણસ્થાનક સુધી જે સાતાવેદનીય બંધાય છે. તેમાં કષાય કારણ છે તેવી કષાયના કારણે બંધાતી જે સાતાવેદનીય, તેની જઘન્યસ્થિતિ દસમાના ચરમસમયે જે બંધાય છે તે બાર મુહૂર્તની જાણવી. અન્યથા એટલે કે જો કાષાયિક ન લઇએ અને યોગના નિમિત્તે બંધાનારી સાતાવેદનીય કર્મ લઇએ તો અગીયારમા-બારમા અને તેરમા ગુણસ્થાનકે બંધાતી સાતાવેદનીય કર્મની જઘન્ય સ્થિતિ એક સમય-બે સમય માત્ર પણ પ્રાપ્ત થાય છે. આમ જાણવું.

તથા યશઃકીર્તિ નામકર્મ અને ઉચ્ચગોત્રકર્મ આ બન્ને કર્મોની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત હોય છે. અંતર્મુહૂર્ત અબાધાકાળ અને અબાધાકાલ હીન શેષ કર્મદલિકનિષેકકાળ જાણવો. જે ક્ષપકશ્રેણીમાં દસમા ગુણસ્થાનકે બંધાય છે. ॥ ૭૬ ॥

**दो मासा अद्धद्धं, संजलणे पुरिस अट्ठ वासाणि ।**
**भिन्नमुहुत्तमबाहा, सव्वासिं सव्वहिं हस्से ॥ ७७ ॥**

ગાથાર્થ- સંજ્વલન ત્રણ કષાયની જઘન્ય સ્થિતિ બે માસ અને પછી અર્ધી-અર્ધી હોય છે. પુરુષવેદની આઠ વર્ષ પ્રમાણ જઘન્યસ્થિતિ હોય છે. સર્વે પણ કર્મોની સર્વપ્રકારની જઘન્યસ્થિતિમાં માત્ર અબાધા અંતર્મુહૂર્ત જ જાણવી. ॥ ૭૭ ॥

વિવેચન- સંજ્વલન કષાયોની જઘન્યસ્થિતિ બે માસ તથા તેનાથી અર્ધી-અર્ધી જઘન્યસ્થિતિ જાણવી. કહેલી વાતનો સાર આ પ્રમાણે છે કે- સંજ્વલન ક્રોધની જઘન્યસ્થિતિ બે માસ, સંજ્વલન માનની સ્થિતિ એક માસ, અને સંજ્વલન માયાની જઘન્ય સ્થિતિ અર્ધો માસ અર્થાત્ પન્નર દિવસની છે.

તથા પુરુષવેદની જઘન્યસ્થિતિ આઠ વર્ષ પ્રમાણ છે. ઉપરની સર્વે પણ કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ જ્યારે બંધાય છે. ત્યારે જઘન્ય અબાધા પણ અન્તર્મુહૂર્ત પ્રમાણ હોય છે. અને અબાધાહીન જે સ્થિતિકાલ છે તે કર્મદલિકોનો નિષેક (રચના) વાળો કાળ છે અર્થાત્ ભોગ્યકાળ છે.

સર્વે પણ કર્મોની જઘન્ય અબાધા કેટલી હોય ? તેનું પ્રમાણ સૂત્રથી જણાવતાં કહે છે કે "भिन्नमुहुत्तंति" ઉપર કહેલાં કર્મો અને હવે કહેવાશે એવાં કર્મો એમ સર્વે પણ કર્મોની સર્વપ્રકારની જઘન્યસ્થિતિ હોય ત્યારે (ભલે અંતર્મુહૂર્તની જઘન્યસ્થિતિ હોય કે આઠ મુહૂર્તની હોય કે બાર મુહૂર્તની હોય એમ સર્વ જઘન્યસ્થિતિ બંધ કાલે) અન્તર્મુહૂર્તની જ અબાધા હોય છે. તે રીતે જ અમે પૂર્વે સમજાવી છે અને જે કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ કહેવાની બાકી છે. તેની જઘન્ય અબાધા તેટલી એટલે અંતર્મુહૂર્તની જ કહેવાશે. આ પ્રમાણે સ્વયં પણ સમજી લેવું. ॥ ૭૭ ॥

*અવતરણ :- હવે આયુષ્યકર્મની જઘન્ય સ્થિતિનું પ્રતિપાદન કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-*

**खुड्डागभवो आउसु, उववायाउसु समा दस सहस्सा ।**
**उक्कोसा संखेज्जा, गुणहीणमाहारतित्थयरे ॥ ७८ ॥**

ગાથાર્થ- તિર્યંચ અને મનુષ્યના આયુષ્યની જઘન્ય સ્થિતિ એક ક્ષુલ્લક ભવ પ્રમાણ જાણવી. ઉપપાત જન્મવાળા (દેવ-નારકી)ના આયુષ્યકર્મની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ પ્રમાણ જાણવી આહારકદ્વિક અને તીર્થંકર નામકર્મની જઘન્ય સ્થિતિ ઉત્કૃષ્ટ સ્થિતિ કરતાં સંખ્યાતગુણ હીન (એવી નાના અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ) જાણવી ॥ ૭૮ ॥

**વિવેચન-** તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય આ બે કર્મોની જઘન્યસ્થિતિ એક ક્ષુલ્લક ભવ પ્રમાણ જાણવી.

**પ્રશ્ન :-** ક્ષુલ્લકભવ એટલે શું ? તેનું માપ કેટલું હોય ?

**ઉત્તર :-** આવો પ્રશ્ન જો થતો હોય તો ક્ષુલ્લક ભવનો અર્થ તથા તેનું માપ કહેવાય છે. નાનામાં નાનો ભવ તે ક્ષુલ્લક ભવ, આ માપવાળા ભવથી નાનો ભવ સંભવતો જ નથી બસોહ છપ્પન્ન આવલિકાનો (૨૫૬આવલિકાનો) એક ક્ષુલ્લકભવ થાય છે.

બે ઘડીના માપવાળા એક મુહૂર્તમાં (૪૮ મીનીટમાં) સાડત્રીસસો અને ઉપર તોતેર અધિક (૩૭૭૩) શ્વાસોશ્વાસ થાય છે. તથા એક મુહૂર્તમાં (૪૮ મીનીટમાં) ક્ષુલ્લક ભવ પાંસઠ હજાર પાંચસોહ છત્રીસ અધિક (૬૫૫૩૬) થાય છે. તેથી એક મુહૂર્તમાં થનારા પાંસઠ હજાર પાંચસોહ અને છત્રીસની (૬૫૫૩૬) ભાજ્યરાશિને તે જ મુહૂર્તમાં થનારા સાડત્રીસસો અને તોંતેરની સંખ્યાવાળા શ્વાસોશ્વાસની રાશિવડે ભાગે છતે જે આંક પ્રાપ્ત થાય છે તે એક શ્વાસોશ્વાસમાં ક્ષુલ્લકભવનું માપ સમજવું (૬૫૫૩૬÷૩૭૭૩ =) ઉત્તરમાં સત્તરથી કંઈક અધિક આવશે. સત્તર ક્ષુલ્લકભવથી કંઈક વધારે થાય છે. કેટલો વધારે થાય છે ? તે જાણવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે -

એક શ્વાસોશ્વાસમાં સત્તર ક્ષુલ્લકભવ સંપૂર્ણ અને અઢારમા ક્ષુલ્લકભવના તેરસોહ અને પંચાણુ અંશો આવે છે. ત્રેવીસસો અને અઠ્ઠોત્તેર અંશો ખુટે છે. (૧૩૯૫ અંશો થાય છે ૨૩૭૮ અંશો ખુટે છે = ૩૭૭૩) આ પ્રમાણે એક શ્વાસોશ્વાસમાં ૧૭ ક્ષુલ્લકભવ પુરેપુરા થાય છે અને ૧૮મા ક્ષુલ્લકભવનો થોડોક અંશ પસાર થાય છે. ઘણો ભાગ બાકી રહે છે. તે માટે કંઈક અધિક સત્તર ક્ષુલ્લકભવ એક શ્વાસોશ્વાસમાં થાય છે. આ પ્રમાણે જૈનદર્શનમાં આ વાત પ્રસિદ્ધ છે

આવું એક ક્ષુલ્લકભવનું નાનામાં નાનું આયુષ્ય ઔદારિકશરીર ધારણ કરનારા સર્વેપણ (તિર્યંચ અને મનુષ્યના) જીવોનું હોઈ શકે છે. આમ ભગવતીજી સૂત્રમાં પણ કહ્યું છે પરંતુ શ્રી આવશ્યક સૂત્રની ટીકામાં આવા પ્રકારનું એક ક્ષુલ્લકભવનું નાનુ આયુષ્ય માત્ર વનસ્પતિકાયમાં જ હોય છે તેમ કહ્યું છે. તેથી તે મતાન્તર હોય એમ લાગે છે. છતાં અહીં યથાર્થવાત તો શ્રી બહુશ્રુત પુરુષો જ જાણે. તેઓનું કહેવું છે કે આ મતાન્તર છે.

અહીં આ બન્ને આયુષ્યકર્મની જઘન્યસ્થિતિ હોય ત્યારે सव्वहिं हस्से આવા પ્રકારનું ગ્રંથકારશ્રીનું વચન હોવાથી અંતર્મુહૂર્ત કાલની અબાધા જાણવી અને ક્ષુલ્લકભવનો પરેપુરો કર્મદલિકનિષેકકાળ જાણવો. જો કે આયુષ્ય કર્મમાં અબાધા કાળ પાછલાભવનું જેટલું આયુષ્ય બાકી હોય તેટલો અબાધા જાણવો તેથી અંતર્મુહૂર્ત પણ હોય અને અધિક પૂર્વક્રોડનો ત્રીજો ભાગ પણ વધારમાં વધારે હોય છે.

તથા ઉપપાત જન્મવાળા દેવ અને નારકીનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું (૧૦, ૦૦૦ વર્ષનું) જાણવું. ત્યાં પણ જઘન્યથી અંતર્મુહૂર્તની અબાધા સમજવી. અને અબાધા ગયા ભવના આયુષ્યમાંથી લેવાની હોવાથી પરેપુરા ૧૦,૦૦૦ વર્ષનો નિષેકકાળ જાણવો.

હવે તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિકની જઘન્ય સ્થિતિ જાણાવે છે- "उक्कोसत्ति" આ પાઠ પ્રમાણે આહારક શરીર આહારક અંગોપાંગ અને તીર્થંકર નામકર્મ એમ કુલ ત્રણ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. આ વાત પૂર્વે કહેલી છે તેના કરતાં સંખ્યાતગુણ હીન (એવી નાની અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ) જઘન્ય સ્થિતિ જાણવી. તો પણ (ભલે નાના પણ) અંતઃકોડાકોડી પ્રમાણ તો આ સ્થિતિ હોય છે.

પ્રશ્ન :- તીર્થંકર નામકર્મ તો તીર્થંકર થવાના ભવથી પૂર્વકાલમાં ત્રીજા ભવે જ બંધાય છે. તેનાથી વહેલું બંધાતુ નથી શાસ્ત્રમાં જ કહ્યું છે કે "बज्झइ तं तु भगवओ तइय भवोसक्कइत्ताणं" તો તીર્થંકર નામકર્મ ભગવાનના આત્માને ભગવાન થવાના ભવથી પૂર્વકાલમાં ત્રીજા ભવથી બંધાય છે.

હવે જો આ વચનને પ્રમાણ માનીએ તો જઘન્યથી પણ તે તીર્થંકર નામકર્મની આટલી મોટી સ્થિતિ કેમ પ્રાપ્ત થાય ? ( કારણ કે ત્રણ ભવ ગ્રહણ કરીએ તો ) પાછલો ભવ પૂર્વક્રોડ વર્ષનો, વચ્ચેનો દેવનો ભવ ૩૩ સાગરોપમનો અને છેલ્લો તીર્થંકરપણાનો ભવ ૮૪ લાખ પૂર્વનો આમ કંઈક ન્યૂન બે પૂર્વક્રોડ વર્ષ તથા તેત્રીસ સાગરોપમ જ થાય છે. પરંતુ અંતઃ કોડાકોડી સાગરોપમ તો ન જ થાય માટે આટલી મોટી સ્થિતિ કેમ સંગત થાય ?)

ઉત્તર :- मैवं = આવો પ્રશ્ન કરવો નહીં કારણ કે "बज्झइ" तं तु "આવો જે પાઠ છે તે ત્રીજા ભવે નિયમા તીર્થંકર થાય જ એવા જીવને આશ્રયી અર્થાત્ નિકાચિત તીર્થંકર નામ કર્મની અપેક્ષાએ કહેલું છે. શ્રી વિશેષવતી નામના ગ્રન્થમાં આ જ વિષયની શંકા કરીને પૂજ્ય પુરુષો વડે કહેવાયું છે કે આ નિયમ નિકાચિત તીર્થંકર નામકર્મને આશ્રયી છે અનિકાચિત માટે આવો કોઈ નિયમ નથી"

તે પાઠ આ પ્રમાણે છે :-

**"जं बज्झइत्ति भणियं, तत्थ णिकाइज्जत्ति नियमोऽयं ।**
**तदवज्झफलं णियमा, भयणा अणिकाइयावत्थे ॥ १ ॥"**

તે તીર્થંકર નામકર્મ નિયમા ત્રીજા ભવમાં જ બંધાય છે. આ પ્રમાણે જે કહ્યું છે તે નિકાચિત તીર્થંકર નામકર્મને આશ્રયીને જ આ નિયમ કહેલો છે. જે તીર્થંકરનામકર્મ અવન્ધ્ય ફળ વાળું છે. પરંતુ અનિકાચિત અવસ્થાવાળા તીર્થંકરનામ કર્મમાં તો ભજના જાણવી. ॥ ૧ ॥

સારાંશ કે જે જીવ નિયમા તીર્થંકર થવાના જ હોય એવુ નિકાચિત તીર્થંકર નામકર્મ જો બાંધે તો નિયમા ત્રીજા ભવે જ બાંધે પરંતુ થાય અથવા ન પણ થાય. અથવા બીજાં શુભ કર્મોમાં સંક્રમી પણ જાય પ્રદેશોદયથી ભોગવાઈ પણ જાય તેવા અનિકાચિત તીર્થંકરનામકર્મ માટે ત્રીજા ભવે જ બંધાય તેવો કોઈ નિયમ નથી એટલે અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિ જે કહી છે તે આવા પ્રકારના અનિકાચિત તીર્થંકર નામકર્મને આશ્રયી જાણાવી.

**પ્રશ્ન :-** જો તીર્થંકરનામ કર્મની જઘન્યથી પણ અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ કહો છો તો તેટલી મોટી સ્થિતિ તિર્યંચના ભવોમાં ભ્રમણ કર્યા વિના પૂર્ણ કરવાને અશક્ય છે. બીજા કોઈ પણ ભવોમાં જીવને આટલો કાળ રહેવાનું થતું જ નથી. એટલે તિર્યંચગતિમાં જ જીવ આટલો લાંબો કાળ રહે છે. માટે ત્યાં તીર્થંકર નામકર્મની સત્તા માનવી પડશે. તેમ માનવા જતાં આગમની સાથે વિરોધ આવશે. કારણ કે આગમમાં તો તીર્થંકર નામકર્મની સત્તા હોતે છતે તિર્યંચગતિમાં જવાનો સ્પષ્ટ નિષેધ કરેલ છે તે વિશેષણવતી ગ્રંથમાં જ કહ્યું છે કે

**तिरिएसु णत्थि तित्थयरणाम संतं ति देसियं समए ।**
**कहय तिरिओ ण होही, अयरोवम कोडिकोडीओ ॥ १ ॥**

ગાથાર્થ- તીર્થંકરનામકર્મની સત્તા જૈન આગમોમાં તિર્યંચ ગતિમાં જણાવેલી નથી. પણ નિષેધેલી છે. જો અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ તીર્થંકર નામકર્મની હોય તો તેટલા કાળમાં આ જીવ તિર્યંચ ન થાય આવું કેવી રીતે બને ? તે સમજાવો ॥ ૧ ॥

આ ગાથામાં સ્પષ્ટ જ કહ્યું છે કે જો તીર્થંકરનામ કર્મની સ્થિતિ અંતઃ કોડાકોડી સાગરોપમ માનવામાં આવે તો આટલો બધો કાળ આ જીવ તિર્યંચ ન થાય આમ કેમ બને ? તિર્યંચના ભવ વિના આટલો કાળ ક્યાંય થાય નહી. અને તિર્યંચના ભવમાં તો તીર્થંકરનામકર્મની સત્તા ભગવન્તે વારેલી છે નિષેધેલી છે. તો આ કેમ સંગત થાય ?

**ઉત્તર :- नैष दोषः** = આ દોષ આવતો નથી તિર્યંચગતિમાં તિર્થંકરનામકર્મની સત્તા અવશ્ય નિષેધેલી છે. પરંતુ તે અત્યન્ત નિકાચિત તીર્થંકરનામ કર્મની જ સત્તાનો નિષેધ કરેલો છે પરંતુ અનિકાચિતને આશ્રયી તિર્યંચગતિમાં તીર્થંકરનામ કર્મની સત્તાનો કોઈ નિષેધ નથી. તે જ વિશેષણવતી નામના ગ્રંથમાં કહ્યું છે કે-

**तंपि सुनिकाइयस्सेव, तइय भवभाविणो विणिद्दिट्ठं ।**
**अणिकाइयंमि वच्चइ, सव्वगइओ वि ण विरोहो ॥ २ ॥**

ત્રીજા ભવે જ બંધાય આવી વાત જે જણાવી છે તે સુનિકાચિત એવા તે તીર્થંકરનાકર્મને આશ્રયી જણાવેલું છે. પરંતુ અનિકાચિત તીર્થંકરનામકર્મની સત્તાવાળો જીવ તો સર્વ પણ ગતિઓમાં જાય છે. તેમાં કોઈ વિરોધ નથી. ॥ ૨ ॥

જે સુનિકાચિત એવું તીર્થંકર નામકર્મ છે તે જ તીર્થંકરનામકર્મની સત્તાનો તિર્યંચગતિમાં પ્રતિષેધ કરેલો છે. પરંતુ જે ઘણી લાંબી સ્થિતિવાળું હોય છે તથા વળી અપવર્તનાકરણ દ્વારા નાની સ્થિતિવાળું કરાય છે અથવા જે અલ્પ પરિસ્થિતિવાળું હોય અને ઉદ્વર્તના વડે મોટીસ્થિતિવાળું પણ કરાય છે તે તીર્થંકરનામકર્મ કે જે ઉદ્વર્તના અને અપવર્તના કરણ વડે વૃદ્ધિ-હાનિને યોગ્ય છે. તેવા તીર્થંકરનામકર્મની સત્તા તિર્યંચગતિમાં પણ હોઈ શકે છે તેમાં કોઈ દોષ નથી. શાસ્ત્રમાં જ કહ્યું છે કે-

**जमिह णिकाइयतित्थं, तिरियभवे तं णिस्सेहियं संतं ।**
**इयरम्मि णत्थि दोसो, उव्वट्टोवट्टणासज्झे ॥ १ ॥**

અહીં જે તીર્થંકર નામકર્મ નિકાચિત હોય છે. ત્રીજા ભવે તીર્થંકર પદવી અપાવનારૂ જે કર્મ હોય છે. તેનો જ તિર્યંચગતિમાં નિષેધ કરેલો છે. પરંતુ જે તેનાથી ઇતર એવું એટલે કે અનિકાચિત તીર્થંકરનામકર્મ હોય છે. તેની સત્તા તિર્યંચગતિમાં હોઈ શકે છે ત્યાં સત્તા માનવામાં કોઈ દોષ નથી તે તીર્થંકરનામકર્મ ઉદ્વર્તના અને અપવર્તના કરણ દ્વારા ફેરફારને યોગ્ય પણ છે.

અહીં તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક આ ત્રણ કર્મોની સ્થિતિ સત્તા અંતઃકોડાકોડી સાગરોપમ વધારેમાં વધારે હોય છે. તેમાંથી એક સંખ્યાતમા ભાગથી આરંભીને નિકાચિત કરવાનો આરંભ કરી શકાય છે એમ કરતાં જ્યારે સર્વથા નિકાચના કરાયેલી થાય છે ત્યારે સુનિકાચિત (અર્થાત્ ગાઢ નિકાચિત એવા તે) તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કંઇક ન્યૂન એવાં બે પૂર્વક્રોડ વર્ષથી અધિક તેત્રીસ સાગરોપમ પ્રમાણ હોય છે.

तथाहि = તે સ્થિતિ આ પ્રમાણે જાણવી. તીર્થંકર થનારો જીવ તીર્થંકર થવાના ભવથી પૂર્વે ત્રીજા ભવમાં વધારેમાં વધારે પૂર્વકોટિ આયુષ્ય વાળો હોય. તેના વડે પ્રથમથી જ (લઘુવયથી જ) તે તીર્થંકર નામકર્મ ધારો કે નિકાચિત બંધાયું (નિકાચિત કરાયું) ત્યારબાદ બીજા ભવમાં અનુત્તરવાસી દેવભવમાં તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળો તે જીવ દેવભવ પામ્યો. ત્યાંથી ચ્યવીને ચોર્યાસી લાખ પૂર્વના આયુષ્યવાળો (ઋષભદેવ પ્રભુની જેમ) તીર્થંકર થાય છે. આ પ્રમાણે પ્રથમભવ પૂર્વકોટિ આયુષ્યનો, બીજો ભવ તેત્રીસ સાગરોપમનો, અને ત્રીજો ભવ ચોર્યાસી લાખ પૂર્વનો (એટલે કે ૨ પૂર્વકોડમાં સોળ લાખપૂર્વ ન્યૂન) આમ કંઈક ન્યૂન પૂર્વકોટિદ્વય ઉપરાંત તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળું સુનિકાચિત તીર્થંકરનામકર્મ હોય છે.

તથા સુનિકાચિત આહારકદ્વિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ સ્થિતિવાળું

હોય છે. આ પ્રમાણે સુનિકાચિત એવા તીર્થંકર નામકર્મની સ્થિતિ કંઈક ન્યૂન બે પૂર્વ ક્રોડ વર્ષથી અધિક તેત્રીસ સાગરોપમ અને આહારકદ્વિકની પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

પરંતુ સુનિકાચિતને બદલે અલ્પનિકાચિત એવા તીર્થંકરનામકર્મની અને આહારકદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમના સંખ્યાતમાભાગ પ્રમાણ હોય છે આમ પંચસંગ્રહમાં ચંદ્રર્ષિ મહત્તરાચાર્યે કહેલું છે.

અહીં પણ અંતર્મુહૂર્ત પ્રમાણ અબાધા, અને અનિકાચિતને આશ્રયી અંતઃકોડાકોડી પ્રમાણ જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો છે. તેમાં પણ अनयोः = આ જિનનામ અને આહારકદ્વિકની અબાધા આટલી જ (એટલે કે અંતર્મુહૂર્ત જ)શાસ્ત્રોમાં કહેલી છે. તે અંતર્મુહૂર્તની અબાધાથી परं = આગળલા સ્થિતિસ્થાનોમાં દલિકરચના કરેલી હોવાથી અવશ્ય પ્રદેશોદય ચાલુ થઈ જ જાય છે. આ પ્રમાણે એક અંતર્મુહૂર્ત પછી તીર્થંકરનામકર્મનો પ્રદેશોદય જિનનામની સત્તાવાળા જીવને થાય છે. તેનો ઉદય થયે છતે આજ્ઞાનું માનવું અને ઐશ્વર્ય વિગેરે ઋદ્ધિવિશેષો તે જીવમાં અન્ય જીવો કરતાં વિશિષ્ટ - વિશિષ્ટતર સંભવે છે આ પ્રમાણે કેટલાક આચાર્ય મહાત્માઓ સંભાવના કરે છે.

આ બાબતમાં તીર્થંકરનામકર્મની જઘન્યસ્થિતિ દશ હજાર વર્ષ[1] પ્રમાણ અને આહારકદ્વિકની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ પંચસંગ્રહની ગાથામાં કહી છે તે કર્મપ્રકૃતિકારના અભિપ્રાયને ઓળંગીને કહેલી છે તેથી કોઈ બીજા આચાર્યાદિનો મતાન્તર હશે એમ લાગે છે ॥ ૭૮ ॥

***અવતરણ :- ઉપર કહેલી કર્મપ્રકૃતિઓ વિનાની બીજી બાકી રહેલી કર્મ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિનું પ્રમાણ જણાવતાં ગ્રંથકાર કહે છે-***

**वग्गुक्कोसठिईणं, मिच्छत्तुक्कोसगेण जं लद्धं ।**
**सेसाणं तु जहन्नो, पल्लसंखेज्जगेणूणो ॥ ७९ ॥**

**ગાથાર્થ-** કર્મપ્રકૃતિઓના વર્ગની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિવડે ભાગતાં જે આવે તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો એકભાગ ન્યૂન કરતાં જે રહે તેટલો જઘન્ય

૧. ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ બાંધીને પ્રથમ નારકીના પ્રથમ પ્રતરમાં જનારા જીવને આશ્રયી અત્યન્ત સુનિકાચિત એવા તીર્થંકરનામકર્મની અપેક્ષાએ નરકભવના ૧૦,૦૦૦ વર્ષ પ્રમાણ જઘન્ય સ્થિતિ ઘટી શકે છે જો કે આગળ-પાછળ માનવના ભવનોકાળ અધિક હોય છે પણ તે અલ્પ હોવાથી વિવક્ષા ન કરી હોય તો ૧૦,૦૦૦ વર્ષ પણ ઘટી શકે છે. પછી તત્ત્વ કેવલિગમ્ય લાગે છે.

સ્થિતિબંધ શેષ = બાકી રહેલી સર્વ કર્મપ્રકૃતિઓનો જાણવો. ॥ ૭૯ ॥

**વિવેચન-** અહીં (૧) જ્ઞાનાવરણીયકર્મની પ્રકૃતિઓનો જે સમુદાય જ્ઞાનાવરણીયવર્ગ કહેવાય છે. (૨) દર્શનાવરણીયકર્મની પ્રકૃતિઓનો જે સમુદાય તે દર્શનાવરણીયવર્ગ કહેવાય છે. (૩) વેદનીયકર્મની પ્રકૃતિઓનો જે સમુદાય તે વેદનીયવર્ગ કહેવાય છે (૪) દર્શન મોહનીયકર્મની પ્રકૃતિઓનો જે સમુદાય તે દર્શનમોહનીયવર્ગ કહેવાય છે. (૫) કષાય મોહનીયકર્મની પ્રકૃતિઓનો સમુદાય તે કષાયમોહનીય વર્ગ, (૬) નોકષાય મોહનીય કર્મની પ્રકૃતિઓનો સમુદાય તે નોકષાયમોહનીય વર્ગ, (૭) નામકર્મની પ્રકૃતિઓનો જે સમુદાય તે નામકર્મવર્ગ, (૮) ગોત્રકર્મની પ્રકૃતિઓનો જે સમુદાય તે ગોત્રકર્મવર્ગ, (૯) અંતરાયકર્મની પ્રકૃતિઓનો જે સમુદાય તે અંતરાય કર્મવર્ગ.

આ ઉપર કહેલા નવે વર્ગોની પોતપોતાની જે ઉત્કૃષ્ટસ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ વિગેરે પ્રમાણવાળી છે. તે ઉત્કૃષ્ટસ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટસ્થિતિ જે ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તેના વડે ભાગે છતે જે ભાગ આવે-તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ અને જેટલું પ્રમાણ થાય. તેટલા પ્રમાણવાળો ઉપર કહેલી પ્રકૃતિઓ સિવાઇની શેષ બાકી રહેલી તમામ કર્મપ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ જાણવો.

તે આ પ્રમાણે- દર્શનાવરણીય કર્મ અને વેદનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તે સ્થિતિને મિથ્યાત્વની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિવડે ભાગે છતે ૩૦÷૭૦ "शून्यं शून्येन पातयेत्" શૂન્યવડે શૂન્યનો છેદ ઉડાડે છતે ૩૦÷૭૦=$\frac{૩}{૭}$ એક સાગરોપમના સાત ભાગ પાડીએ તેવા ત્રણ ભાગ પ્રાપ્ત થયા. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ એક આછો કરીએ તેટલી જઘન્યસ્થિતિ દર્શનાવરણીય કર્મમાં નિદ્રાપંચકની અને વેદનીય કર્મમાં અસાતા વેદનીયની હોય છે.

આ જ પ્રમાણે મિથ્યાત્વ મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તેને મિથ્યાત્વની જ ઉત્કૃષ્ટસ્થિતિવડે ભાગતાં ૭૦ ÷ ૭૦ = $\frac{૧}{૧}$ એક સાગરોપમની સ્થિતિ આવે. તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તેટલી મિથ્યાત્વમોહનીય કર્મની જઘન્ય સ્થિતિ જાણવી.

આ જ ગણિતની રીતિ મુજબ સંજ્વલન ચાર કષાય વિના બાકીના પ્રથમના ૧૨ કષાયોની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા એક ભાગથી ન્યૂન એવા સાગરોપમના સાતીય ચાર ભાગ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ જાણવી.

તથા નવનોકષાયની તથા નામકર્મની તમામ પ્રકૃતિઓની અને ગોત્ર કર્મની એમ આ ત્રણે કર્મોની પોતપોતાની ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેને

મિથ્યાત્વ મોહની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ વડે ભાગે છતે એક સાગરોપમના સાતીયા બે ભાગ જેટલી સ્થિતિ આવી તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો એક ભાગ ઓછો કરીએ એવા સાગરોપમના સાતીયા બે ભાગ જેટલી જઘન્ય સ્થિતિ પુરુષવેદને વર્જીને બાકીના આઠ નોકષાયની જાણવી.

તથા દેવદ્વિક-નરકદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, યશકીર્તિનામકર્મ એમ કુલ ૯ પ્રકૃતિ વિના બાકીની તમામ નામકર્મની પ્રકૃતિઓની અને ગોત્રકર્મમાં નીચગોત્રકર્મની જઘન્યસ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એવા સાતીયા બે ભાગની જાણવી.

વૈક્રિયષટ્કની (દેવદ્વિક, નરકદ્વિક અને વૈક્રિયદ્વિક એમ ષટ્કની) પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એવા સાતીયા બે હજાર ભાગ પ્રમાણ જઘન્યસ્થિતિ જાણવી. કારણ કે આ ષટ્કને એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયના જીવો બાંધતા નથી. અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય જ બાંધે છે. તેમાં અસંજ્ઞી પંચેન્દ્રિયને આશ્રયી આ જઘન્ય સ્થિતિબંધ ઘટી શકે છે આ વાત ગ્રન્થાન્તરથી સમજી લેવી. કારણ કે તેની જઘન્ય સ્થિતિનો બંધ કરનારા જીવો અસંજ્ઞિ પંચેન્દ્રિય જ હોય છે અને તે જીવો એકેન્દ્રિય કરતાં હજાર ગણી એટલે આટલી જઘન્યસ્થિતિ બાંધે છે.

પરંતુ પંચસંગ્રહમાં ઉપર કરેલા પોત પોતાના વર્ગની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની સ્થિતિવડે ભાગવાનું ઇષ્ટ માન્યુ નથી. પરંતુ "सेसाणुक्कोसाओ मिच्छत्तठिइइ जं लद्धं" આવો ગાથાનો પાઠ છે. તેથી વર્ગની ઉત્કૃષ્ટસ્થિતિ ન લેતાં પોતપોતાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ હોય તેને જ મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિવડે ભાગે છતે જે જવાબ આવે તે જ સ્થિતિને (પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કર્યા વિના જ) જઘન્ય સ્થિતિના માપ તરીકે કહ્યું છે.

આમ કથન હોવાથી નિદ્રાપંચક અને અસાતાવેદનીય કર્મની પ્રત્યેકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. તેને જ મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૭૦ કોડાકોડી સાગરોપમ છે. તેના વડે ભાગે છતે શૂન્યવડે શૂન્યનો ચ્છેદ કરવો આવું વચન હોવાથી સાતીયા ત્રણ ભાગ આવશે. આટલી આ સ્થિતિ (પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કર્યા વિના જ) જઘન્યસ્થિતિ જાણવી આ જ પ્રમાણે મિથ્યાત્વમોહનીયની સાતીયા સાતભાગ અર્થાત્ પરિપૂર્ણ એક સાગરોપમ તે જઘન્ય સ્થિતિ બંધ જાણવો.

આદ્ય બાર કષાયની સાતીયા ચારભાગ જઘન્ય સ્થિતિ જાણવી સૂક્ષ્મત્રિક અને વિકલેન્દ્રિય ત્રિકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮ કોડાકોડી સાગરોપમ છે. તેને મિથ્યાત્વની સ્થિતિવડે ભાગે છતે શૂન્યવડે શૂન્યનો છેદ કરતાં $\frac{૧૮}{૭૦}$ થશે. ત્યારબાદ છેદ્ય રાશિ જે ૧૮, અને છેદક રાશિ જે ૭૦ તે બન્નેની અર્ધવડે અપવર્તના કરવાથી સાગરોપમના પાંત્રીસીયા નવ ભાગ આવ્યા આટલી

જઘન્યસ્થિતિ $\frac{૯}{૩૫}$ પાંત્રીસીયા નવભાગ જાણવી. સ્રીવેદ અને મનુષ્યદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ પન્નર કોડાકોડી સાગરોપમ છે. તેને મિથ્યાત્વની સ્થિતિવડે ભાગે છતે શૂન્યનો શૂન્યવડે ચ્છેદ કરવો જેથી $\frac{૧૫}{૭૦}$ આવશે. ત્યારબાદ ચ્છેદ્યરાશિ જે ૧૫, અને ચ્છેદક રાશિ જે ૭૦ આ બન્નેનો પાંચ વડે અપવર્તના કરે છતે (એટલે કે છેદ ઉડાડે છતે) ૧૫/૭૦= $\frac{૩}{૧૪}$ ચૌદીયા ત્રણ ભાગ પ્રાપ્ત થશે આટલી સ્રીવેદ અને મનુષ્યદ્વિકની જઘન્યસ્થિતિ જાણવી. *(અહીં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરવાનું કહેતા નથી. આ પંચસંગ્રહકારનો મત છે.)*

તથા સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, હાસ્ય, રતિ, શુભ વિહાયોગતિ, શુક્લવર્ણ, સુરભિગંધ, મધુર રસ, મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ સ્પર્શ, પ્રથમ સંસ્થાન, પ્રથમ સંઘયણ, આ પ્રમાણે ૧૭ પુણ્ય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ છે તેને મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગે છતે શૂન્યન્વડે શૂન્યનો છેદ કરે છતે સાતીયો એક ભાગ $\frac{૧}{૭}$ આવશે આટલી સ્થિરાદિ ૧૭ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ પંચસંગ્રહકારના મતે જાણવી.

બીજા સંસ્થાનની અને બીજા સંઘયણની ૧૨ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેને મિથ્યાત્વની સ્થિતિવડે ભાગે છતે શૂન્યનો શૂન્યવડે છેદ કરીને છેદ્યરાશિ ૧૨, અને ચ્છેદક રાશિ ૭૦નો અર્ધવડે અપવર્તના કરે છતે $\frac{૬}{૩૫}$ એક સાગરોપમના પાંત્રીસીયા છ ભાગ આવશે. તેટલી જ બીજા સંસ્થાન - બીજા સંઘયણની જઘન્ય સ્થિતિ જાણવી.

ત્રીજા સંસ્થાન અને ત્રીજા સંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૪ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે તેને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૭૦ કોડાકોડી સાગરોપમ છે તેના વડે ભાગે છતે શૂન્યનો શૂન્યવડે છેદ ઉડાડતાં $\frac{૧૪}{૭૦}$ થશે. તેમાં છેદ્યરાશિ જે ૧૪, અને છેદકરાશિ જે ૭૦ આ બન્નેની ૧૪ વડે અપવર્તના (ભાગાકાર) કરે છતે સાગરોપમનો પાંચીયો એક ભાગ $\frac{૧}{૫}$ આવશે આટલી ત્રીજા સંસ્થાન અને ત્રીજા સંઘયણની જઘન્યસ્થિતિ જાણવી.

ચોથા સંસ્થાન અને ચોથા સંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૬ કોડાકોડી સાગરોપમ છે. તેને મિથ્યાત્વની ૭૦ કોડાકોડી વડે ભાગ છતે શૂન્યનો શૂન્યવડે છેદ કરતાં $\frac{૧૬}{૭૦}$ સ્થિતિ થશે. ત્યાં છેદ્યરાશિ ૧૬, અને છેદકરાશિ ૭૦નો અર્ધવડે ઘટાડો કરતાં (એટલે કે બે વડે ભાગતાં) $\frac{૮}{૩૫}$ આવશે. આટલી તે બન્ને સંસ્થાન અને સંઘયણની જઘન્ય સ્થિતિ જાણવી.

પાંચમા સંસ્થાનની અને પાંચમા સંઘયણની ૧૮ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ છે. તેને મિથ્યાત્વની ૭૦ કોડાકોડી પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગે છતે શૂન્યનો શૂન્યવડે ચ્છેદ કરીને $\frac{૧૮}{૭૦}$ આવશે. તેનો છેદ્ય રાશિ જે ૧૮, અને ચ્છેદકરાશિ જે ૭૦, આ બન્નેની અર્ધવડે અપવર્તના કરે છતે (એટલે કે બે વડે ભાગે છતે) $\frac{૯}{૩૫}$ થશે. આટલી આ બન્નેની જઘન્ય સ્થિતિ પંચસંગ્રહના મતે જાણવી.

હવે બાકી રહેલી ત્રસ, બાદર, પર્યાપ્તા, પ્રત્યેક, અગુરુલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અયશઃકીર્તિ, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, હારિદ્ર, લોહિત, નીલ, અને કૃષ્ણવર્ણ, દુરભિગંધ, કષાય, આમ્લ, કટુ, તિક્ત રસ, ગુરુ, કર્કશ, રૂક્ષ અને શીત સ્પર્શ, પંચેન્દ્રિય જાતિ એકેન્દ્રિય જાતિ નિર્માણ, આતપ, ઉદ્યોત, અપ્રશસ્ત વિહાયોગતિ, અન્તિમ સંસ્થાન અને અન્તિમ સંઘયણ, તૈજસ, કાર્મણ, નીચગોત્ર, અરતિ, શોક, ભય, જુગુપ્સા, નપુંસકવેદ, અને સ્થાવર નામકર્મ એમ કુલ ૪૮ કર્મ પ્રકૃતિઓની સાગરોપમના સાતીયા બે ભાગ પરિપૂર્ણ જઘન્યસ્થિતિ જાણવી.

જો કે હારિદ્ર અને લોહિત વર્ણાદિની ઉત્કૃષ્ટસ્થિતિ સાડા બાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. અને તે પ્રસ્તુત મિથ્યાત્વની સ્થિતિવડે ભાગતાં કંઈક અધિક એવા પાંત્રીસીયા છ ભાગ વિગેરે જઘન્યસ્થિતિ આવે છે તો પણ પ્રાચીન આચાર્યમહાત્માઓના બનાવેલા પ્રાચીન ગ્રંથોમાં તે કર્મોની સાતીયા બે ભાગ પ્રમાણ જ જઘન્યસ્થિતિ જણાવેલી છે. માટે અમે પણ તે પ્રમાણે જ કહ્યું છે.

પોત પોતાના વર્ગથી ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની સ્થિતિવડે ભાગતાં જે આવે તે સર્વે પ્રકૃતિની જઘન્ય સ્થિતિ જાણવી અને તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉમેરીએ ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય અને એકેન્દ્રિયના ઉત્કૃષ્ટને ૨૫-૫૦-૧૦૦-૧૦૦૦ વડે ગુણો તો વિકલેન્દ્રિયાદિનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ થાય. એકેન્દ્રિયના જઘન્યસ્થિતિબંધને ૨૫-૫૦-૧૦૦-૧૦૦૦ વડે ગુણીએ તો વિકલેન્દ્રિય અને અસંજ્ઞીજઘન્યસ્થિતિ બાંધે તેમ સમજવું. આમ પંચસંગ્રહકાર માને છે જે કમ્મપયડિના મતથી ભિન્ન છે. તત્ત્વ કેવલિગમ્ય જાણવું.

પંચસંગ્રહ નામના ગ્રંથમાં કહેલું જઘન્યસ્થિતિનું આ પ્રમાણ મતાન્તર છે એમ જાણવું. પરંતુ કમ્મપયડિકારનું આ કથન જીવાભિગમ આદિ મહાગ્રંથોને અનુસરતું છે. એમ જણાય છે ભગવતીસૂત્રમાં સ્ત્રીવેદને આશ્રયી આવો પાઠ છે. "इत्थिवेदस्स णं भंते केवइयं कालं बन्धठिई पन्नत्ता ? गोयमा, जहन्नेणं सागरोवमस्स दिवड्ढो सत्तभागो पलिओवमस्स असंखेज्जइ भागेण उणओ"= હે ભગવંત! સ્ત્રીવેદને આશ્રયીને કેટલા કાળનો (જઘન્ય) સ્થિતિબંધ કહેલો છે ? હે ગૌતમ, જઘન્યથી સાગરોપમનો સાતીયો દોઢ ભાગ, તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન' આ પ્રમાણે પાઠ છે. ॥ ૭૯ ॥

*અવતરણ :- એકેન્દ્રિય આદિ જીવોને આશ્રયી જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધનું પ્રતિપાદન કરવા માટે જણાવે છે કે-*

**एसेगिंदियडहरो, सव्वासिं उणसंजुओ जेट्ठो ।**
**पणवीसा पन्नासा, सयं सहस्सं च गुणकारो ॥ ८० ॥**

**कमसो विगलासन्नीण, पल्लसंखेज्जभागहा इयरो ।**
**विरए देसजईदुगे, सम्मचउक्के य संखगुणो ॥ ८१ ॥**

**ગાથાર્થ-** આ (જે ઉપરની ગાથામાં જણાવ્યો તે) એકેન્દ્રિય જીવોને આશ્રયી જઘન્યસ્થિતિબંધ જાણવો. તેમાં ન્યૂન કરેલો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સંયુક્ત કરીએ તો તેટલો એકેન્દ્રિયને આશ્રયી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જાણવો. તેને ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણતાં અનુક્રમે વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ આવે. તેમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઓછો કરીએ તો તેઓને આશ્રયી જઘન્ય સ્થિતિબંધ થાય. તેના કરતાં વિરતિ ધર મુનિમહાત્માનો, તથા દેશવિરતિધરના બે બોલમાં, અને અવિરત સમ્યગ્દષ્ટિના ચારબોલમાં ક્રમસર સંખ્યાત ગુણો બંધ જાણવો. ॥ ૭૯- ૮૦ ॥

**વિવેચન-** આ અનંતરપણે ગાથા ૭૯માં કહેલો જે બંધ છે. તે એકેન્દ્રિય જીવોને આશ્રયી જઘન્ય સ્થિતિબંધ જાણવો. તેમાં વૈક્રિય ષટ્ક, આહારકદ્વિક અને તીર્થંકરનામ કર્મ એમ કુલ ૯ કર્મ પ્રકૃતિઓ એકેન્દ્રિય વિકલેન્દ્રિય જીવો બાંધતા નથી. તેથી આ નવ વિના બાકીની તમામ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિ બંધ એકેન્દ્રિય જીવોમાં જ પ્રાપ્ત થાય છે. તેને આશ્રયી ત્યાં જ સમજી લેવો.

(હવે જે સમજાવાય છે તે કમ્મપયડિકારના મતે સમજાવાય છે) -

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચાર મૂલ કર્મોની તથા તેના ઉત્તરભેદરૂપે અનુક્રમે ૫-૯-૧-૫ = ૨૦ કર્મપ્રકૃતિઓની સાગરોપમના સાતીયા ત્રણ ભાગ $\frac{૩}{૭}$ તેમાં પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન આટલી જઘન્ય સ્થિતિ એકેન્દ્રિય જીવો બાંધે છે. આનાથી ન્યૂન સ્થિતિ એકેન્દ્રિય જીવો બાંધતા નથી.

આ જ પ્રમાણે મિથ્યાત્વમોહનીય કર્મની એક સાગરોપમમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન જઘન્યસ્થિતિ બંધાય છે. તથા કષાયમોહનીય કર્મની સાતીયા ચાર ભાગ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હીન જઘન્યસ્થિતિ બંધાય છે. નોકષાયમોહનીયની સાતીયા બે ભાગ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હીન જઘન્યસ્થિતિ બંધાય છે. તથા વૈક્રિયષટ્ક-આહારકદ્વિક અને તીર્થંકરનામકર્મ એમ કુલ ૯ ને વર્જીને બાકીની તમામ નામકર્મની પ્રકૃતિઓની અને ગોત્રકર્મમાં ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એમ બન્ને ગોત્ર કર્મની સાતીયા બે ભાગ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સ્થિતિ જઘન્યપણે એકેન્દ્રિયના ભવમાં બંધાય છે.

ઉપર કહેલી સર્વ કર્મોની જઘન્ય સ્થિતિબંધમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જે ન્યૂન કરેલો છે. તે ન્યૂન ન કરીએ અથવા ન્યૂન કરેલો તે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉમેરી દઈએ તો સાતીયા બે ભાગ, ત્રણ ભાગ, ચાર ભાગ વિગેરે જે સ્થિતિ બંધ થાય છે. તે એકેન્દ્રિય જીવોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જાણવો.

હવે વિકલેન્દ્રિયના જીવો તથા અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોને આશ્રયી જે સ્થિતિબંધ થાય છે. તે સમજાવે છે. એકેન્દ્રિય જીવો સંબંધી $\frac{૩}{૭}$ સાતીયા ત્રણ ભાગ વિગેરે જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો છે તેને જ ૨૫ આદિ વડે (૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે) ગુણાકાર કરવો. તેવા પ્રકારનો ગુણાકાર કરવાથી આવેલો જે આંક છે તેટલો વિકલેન્દ્રિય જીવો દ્વારા કરાતો તથા અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો દ્વારા કરાતો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જાણવો.

તે આ પ્રમાણે - એકેન્દ્રિય જીવોનો જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સમજાવ્યો છે. તેને જ ૨૫ વડે ગુણતાં જે આવે તેટલો બેઇન્દ્રિય જીવો ઉત્કૃષ્ટસ્થિતબંધ કરે છે એકેન્દ્રિયપ્રાયોગ્ય તે જ ઉત્કૃષ્ટ સ્થિતિબંધને પચાસ વડે ગુણતાં જે આવે તેટલો તેઇન્દ્રિય જીવોને યોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે. સો વડે ગુણે છતે ચઉરિન્દ્રિય જીવોને યોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ થાય છે અને એક હજાર વડે ગુણાકાર કરે છતે અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને યોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ થાય છે.

સારાંશ કે એકેન્દ્રિય પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિબંધને ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણવાથી જેટલો આંક આવે તેટલી સ્થિતિ ઉત્કૃષ્ટ પણે વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયના જીવો બાંધે છે. આ સઘળો કર્મપ્રકૃતિકારનો અભિપ્રાય છે.

બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો વડે કરાતો જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે. તેમાંથી "पल्लसंखहात्ति = પલ્યોપમનો એક સંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તેટલો વિકલેન્દ્રિયના જીવો અને અસંજ્ઞી પંચેન્દ્રિયના જીવો જઘન્ય સ્થિતિબંધ કરે છે. અહીં पल्यसंख्येयभागं जहातीति = એટલે કે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ જેમાં હાનિ છે. તે पल्योपमसंख्येय भागहीन આવો અર્થ કરવો. આ બંધ ઉત્કૃષ્ટથી ઇતર એટલે કે જઘન્યસ્થિતિબંધ જાણવો. આ કમ્મપયડિકારનો મત (અભિપ્રાય) સમજાવ્યો.

પરંતુ પંચસંગ્રહકારના મતે સાતીયા ત્રણ ભાગ વિગેરે એકેન્દ્રિય જીવોનો જે જઘન્યસ્થિતિબંધ કહ્યો છે. તેમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ અધિક કરીએ અને પછી ૨૫ આદિ ચારે આંકવડે ગુણીએ ત્યારે જે આંક આવે તેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ બેઇન્દ્રિયાદિ જીવો બાંધે છે. એમ જાણવું. અને પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઉમેર્યા વિના એકેન્દ્રિય જીવોની જે $\frac{૩}{૭}$ સાતીયા ત્રણ ભાગ વિગેરે યથાસ્થિત સ્થિતિબંધ છે તેને જ ૨૫ આદિ ચારે આંકવડે ગુણતાં જે આંક આવે તેટલી વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો જઘન્ય સ્થિતિ બાંધે છે. આમ જાણવું. આ બન્ને મતમાં સત્ય તો કેવલિપરમાત્મા જાણે. (આ મતાન્તર સમજવો).

હવે જઘન્ય સ્થિતિબંધ અને ઉત્કૃષ્ટ સ્થિતિ બંધને આશ્રયી પ્રસંગને અનુસારે અલ્પબહુત્વ જણાવે છે :- (૧) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવર્તી મુનિ મહાત્માઓનો જઘન્યસ્થિતિબંધ

અંતમુહૂર્ત ૮મુહૂર્ત અને ૧૨ મુહૂર્ત માત્ર હોવાથી સૌથી થોડો છે. (૨) તેનાથી બાદર પર્યાપ્તા એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાતગુણો છે. (૩) તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે. (૪) તેનાથી બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે. (૫) તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તા એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે. (૬) તેનાથી તે જ સૂક્ષ્મ અપર્યાપ્તા એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે. (૭) તેનાથી બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે. (૮) તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે. (૯) તેનાથી બાદર પર્યાપ્તા એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે. (૧૦) તેનાથી બેઇન્દ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણો જાણવો.(૧૧) તેનાથી બેઇન્દ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૧૨) તેનાથી બેઇન્દ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૧૩) તેનાથી બેઈન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૧૪) તેનાથી તેઇન્દ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૧૫) તેનાથી તેઇન્દ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૧૬) તેનાથી તેઇન્દ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૧૭) તેનાથી તેઇન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૧૮) તેનાથી ચઉરિન્દ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૧૯) તેનાથી ચઉરિન્દ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૨૦) તેનાથી ચઉરિન્દ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૨૧) તેનાથી ચઉરિન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. (૨૨) તેનાથી અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણો (૨૩) તેનાથી અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક (૨૪) તેનાથી અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક (૨૫) તેનાથી અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક (૨૬) તેનાથી સાધુ મહાત્માનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાત ગુણો.

(અહીં મૂલ ગાથામાં વિરએ શબ્દ છે તેનાથી વિરતિધર અર્થાત્ સાધુ ભગવંત લેવા. આ વિરતિધર સાધુનો ઉત્કૃષ્ટ બંધ, દેશવિરતિધર કરતાં અલ્પ હોય છે. પરંતુ એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયજીવોના સ્થિતિ બંધની અપેક્ષાએ વધારે હોય છે.)

(૨૭) સાધુ-મહાત્માના ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરતાં દેશવિરતિધરનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણ જાણવો. (૨૮) દેશવિરતિધરના જઘન્ય સ્થિતિબંધ કરતાં દેશવિરતિધરનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાત ગુણ જાણવો. (૨૯) તેના કરતાં અવિરત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણ (૩૦) તેના કરતાં અવિરત સમ્યગ્દષ્ટિ અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણ (૩૧) તેના કરતાં અવિરત સમ્યગ્દષ્ટિ અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ

સંખ્યાત ગુણ (૩૨) તેના કરતાં અવિરત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તાનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ સંખ્યાત ગુણ.

આ પ્રમાણે અહીં સુધી ૩૨ બોલનું અલ્પબહુત્વ સમજાવ્યું હવે તેનાથી આગળ સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ જીવોને આશ્રયી ચાર બોલ આવે છે. જે આગલી ગાથામાં ગ્રંથકારશ્રી પોતે જ સમજાવશે.

**सन्निपज्जत्तियरे, अब्भिंतरओ उ कोडिकोडीए ।**
**ओहुक्कस्सो सन्निस्स, होइ पज्जत्तगस्सेव ॥ ८२ ॥**

**ગાથાર્થ-** અવિરત સમ્યગ્દષ્ટિના બોલથી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ તથા સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તાનો જઘન્ય જઘન્ય સ્થિતિબંધ. તથા તેનો જ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તથા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાતગુણ જાણવો. આ બધા બોલમાં નાના-મોટા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ જાણવો તથા "સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ" જે ઓઘ બંધ છે તે જ પ્રમાણે જાણવો. ॥ ૮૨ ॥

**વિવેચન-** ઉપરની ગાથામાં કુલ ૩૨ બોલનું અલ્પબહુત્વ સમજાવ્યું છે. હવે તેનાથી આગળ ૩૩ મા બોલથી ૩૬ મા બોલ સુધીનું અલ્પબહુત્વ આ પ્રમાણે સમજવું.

(૩૩) અવિરત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતાં સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ પર્યાપ્તા જીવનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણ.

(૩૪) તેના કરતાં પણ (સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના જઘન્ય સ્થિતિબંધ કરતાં પણ) સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણ.

(૩૫) તેના કરતાં પણ (સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તાના જઘન્ય સ્થિતિબંધ કરતાં પણ) સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાત ગુણ.

(૩૬) તેના કરતાં પણ (સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતાં પણ) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાત ગુણ જાણવો.

આ પ્રમાણે ૩૬ બોલનું અલ્પબહુત્વ જાણવું. મૂલગાથામાં જે **ઓઘબંધ** કહેવામાં આવ્યો છે. તે સઘળો આ સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તાનો જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે. તે ૩૬ મા બોલ પ્રમાણે જાણવો.

અલ્પબહુત્વ સમાપ્ત થયું.

ઉપર સમજાવેલા અલ્પબહુત્વમાં ૨૬મા બોલથી ૩૫મા બોલ સુધીમાં સર્વત્ર, એટલે કે સાધુના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી આરંભીને સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીના (૧૦) દસે બોલમાં સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમની અંદર જ બંધ જાણવો.

એકેન્દ્રિયાદિ જીવાના (એકેન્દ્રિય વિકલ્પેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોના) જઘન્ય સ્થિતિબંધ અને ઉત્કૃષ્ટસ્થિતિબંધનું માપ પહેલાં કહેલું જ છે. ઓઘે ઓઘે એટલે કે સામાન્યપણે સર્વે પણ કર્મોનો જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો છે. તે સઘળો પણ બંધ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં જ પ્રાપ્ત થાય છે આટલી વાત વિશેષતા રૂપે સમજી લેવી ॥ ૮૨ ॥

**ठिइबंधो समत्तो (સ્થિતિબંધ સમાપ્ત થયો)**

આ પ્રમાણે સ્થિતિબંધની પ્રરૂપણા કરી. હવે નિષેકની પ્રરૂપણા કરવાનો અવસર છે ત્યાં બે અનુયોગદ્વાર છે. (૧) અનન્તરોપનિધા અને (૨) પરંપરોપનિધા ત્યાં પ્રથમ અનંતરોપનિધાને આશ્રયી પ્રરૂપણા કરતાં જણાવે છે કે-

**मोत्तुण सगमबाहं पढमाइ ठिईए बहुतरं दव्वं ।**
**एत्तो विसेसहीणं, जावुक्कोसं ति सव्वेसिं ॥ ८३ ॥**

ગાથાર્થ- પોતાની અબાધાને છોડીને પ્રથમ સ્થિતિસ્થાનમાં ઘણું જ કર્મદલિક જીવ ગોઠવે છે ત્યાર પછીના સમયોમાં વિશેષહીન વિશેષહીન દલિક ગોઠવે છે. યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિવાળું અન્તિમ સ્થાન આવે ત્યાં સુધી આ પ્રમાણે વિશેષહીનતાના ક્રમે દલિક રચના કરે છે ॥ ૮૩ ॥

વિવેચન- કોઈ પણ કર્મોની સ્થિતિ જ્યારે બંધાય છે. ત્યારે જેટલા કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બંધાય છે તે કર્મમાં તેટલા સો સો વર્ષનો અબાધકાળ રાખીને પછીના સમયોમાં જ દલિક રચના આ જીવ કરે છે. ત્યાં અબાધાકાળ પછીના પ્રથમ સમયમાં જે દલિક ગોઠવાયું છે તેની અપેક્ષાએ બીજા સમયમાં, ત્રીજા સમયમાં તથા ચોથા સમયમાં એમ ઉત્તરોત્તર સર્વસમયોમાં વિશેષહીન. વિશેષહીન કર્મદલિકોની આ જીવ રચના કરે છે.

આ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે તે સમયે બંધાતા કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનું અન્તિમ સ્થાન આવે આ દલિક રચનાનો ક્રમ અબાધાને છોડીને જાણવો. પરંતુ તે આયુષ્યકર્મ વિના શેષકર્મો માટે આ પ્રમાણે જાણવું. પરંતુ આયુષ્યકર્મ માટે નહિ. કારણકે

આયુષ્યકર્મમાં તો પ્રથમ સમયથી જ આરંભીને દલિકરચના પ્રવર્તે છે. જેટલા વર્ષોનું આયુષ્યકર્મ બંધાયું હોય છે તેના પ્રથમ સમયમાં જ ઘણાં દલિકોનો નિક્ષેપ થાય છે અને દ્વિતીયાદિ સમયોમાં અનુક્રમે વિશેષહીન વિશેષહીન ત્યાં સુધી દલિક રચના કરે છે. કે યાવત્ ચરમસમય આવે ત્યાંસુધી આ પ્રમાણે જાણવું. કારણ કે આયુષ્યકર્મનો અબાધા કાળ બંધાતી પરભવની સ્થિતિને અનુસારે હોતો નથી પરંતુ આ ભવનું જેટલું આયુષ્ય બાકી હોય

તે જ અબાધા ગણાય છે પંચસંગ્રહમાં આ પ્રમાણે કહ્યું છે તેને અનુસારે અમે આ વાત સમજાવીએ છીએ.

*અવતરણ :- અનન્તરોપનિધા કહી. હવે પરંપરોપનિધાની પ્રરૂપણા કરે છે :-*

**पल्लासंखियभागं, गंतुं दुगुणूणमेव उक्कस्सा ।**
**नाणंतराणि पल्लस्स, मूलभागो असंखतमो ॥ ८४ ॥**

ગાથાર્થ- પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલાં સ્થિતિસ્થાનો પસાર કરીએ ત્યારે દ્વિગુણહીન કર્મદલિકોનો નિક્ષેપ થાય છે. આ પ્રમાણે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી સમજવું. આ પ્રમાણે દ્વિગુણહાનિ સ્થાનો એક પલ્યોપમના પ્રથમ વર્ગમૂલના અસંખ્યાતમા ભાગતુલ્ય જાણવાં. ॥ ૮૪ ॥

વિવેચન- અબાધાકાળને છોડીને પ્રથમ સ્થિતિ સ્થાનમાં જે કર્મદલિકોની રચના કરે છે તે સૌથી વધારે હોય છે. તેના કરતાં બીજા-ત્રીજા-ચોથા ઈત્યાદિ સ્થિતિસ્થાનોમાં પ્રથમ સ્થિતિસ્થાનની અપેક્ષાએ વિશેષહીન વિશેષહીન કર્મદલિકોની રચના કરે છે. આ પ્રમાણે યાવત્ પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ જઇએ ત્યારે એટલે કે પલ્યોપમના એક અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગીએ ક્યારે કર્મદલિકો પ્રથમસ્થિતિસ્થાનની અપેક્ષાએ દ્વિગુણહીન અર્થાત્ અર્ધા હોય છે.

તે સ્થિતિસ્થાનથી ફરીથી પુનઃ પ્રત્યેક સ્થિતિસ્થાનોમાં વિશેષહીન વિશેષહીન દલિકરચના કરતાં કરતાં વળી બીજા એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો પસાર કરીએ ત્યારે કર્મદલિકો અર્ધપ્રમાણનાં થાય છે.

આ પ્રમાણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો પસાર કરાયે છતે દલિકરચના અર્ધી અર્ધી થતી જાય છે. આમ ત્યાં સુધી જાણવું કે યાવત્ તે સ્થિતિસ્થાનોનો ચરમસમય અર્થાત્ અન્તિમ સ્થિતિસ્થાન આવે.

પ્રશ્ન :- આ પ્રમાણે કરાતાં આ દ્વિગુણહાનિ વાળાં સ્થાનો અર્થાત્ અર્ધ અર્ધ દલિકવાળાં સ્થાનો કુલ કેટલાં થતાં હશે ?

ઉત્તર :- આવો પ્રશ્ન થાય અને તેનો ઉત્તર જાણવાની જો જિજ્ઞાસા થાય તો ગ્રંથકારશ્રી કહે છે કે "नाणंतराणि" = નાના પ્રકારનાં જે આ આંતરામાં થનારાં વચ્ચે વચ્ચે થતાં દ્વિગુણહાનિનાં જે સ્થાનો છે. તે જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે. ત્યારે એક પલ્યોપમનું પ્રથમ વર્ગમૂલ કાઢીએ. તે વર્ગમૂલના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો આવે તેટલા દ્વિગુણ હાનિનાં અર્થાત્ અર્ધહાનિનાં સ્થાનો થાય છે.

**પ્રશ્ન :-** મિથ્યાત્વ મોહનીય કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે.તથા જ્ઞાનાવરણીયાદિ કર્મોની ૩૦ કોડાકોડી સાગરોપમ છે. નામગોત્ર કર્મની ૨૦ કોડાકોડી સાગરોપ્રમાણ છે અને આયુષ્યકર્મની તો ઉત્કૃષ્ટ સ્થિતિ માત્ર ૩૩ સાગરોપમ જ છે. કોડાકોડી સાગરોપમ તો છે જ નહી તો પછી તે તે કર્મનાં આટલાં બધાં સ્થિતિસ્થાનો જ નથી તો દ્વિગુણહાનિ સ્થાનો સરખાં કેમ થાય ? કારણ કે મોહનીયકર્મ કરતાં પછી પછીના કર્મોની સ્થિતિ ઘણી જ ઓછી છે. તો દ્વિગુણહાનિ સ્થાનો સમાન કેમ થાય ?

**ઉત્તર :-** તમારો પ્રશ્ન સાચો છે. પરંતુ અહીં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ગયે છતે અર્ધ અર્ધ હાનિ થાય આમ જે કહ્યું છે ત્યાં અસંખ્યાતાના નાના-મોટા અસંખ્યાતા ભેદ હોવાથી આ વિધાન સારી રીતે સંભવી શકે છે. કારણ કે અસંખ્યાતાના અસંખ્યાતા ભેદો હોવાથી સર્વ કર્મોમાં નાનો-મોટો ભાગ લેવાથી આ અલ્પબહુત્વ સારી રીતે ઘટી શકે છે. તેથી કુલ દ્વિગુણહાનિ સ્થાનોની સંખ્યા જણાવવામાં જે પલ્યોપમના પ્રથમવર્ગમૂલનો અસંખ્યાતના ભાગ લેવાનું કહ્યું છે. તે અસંખ્યાતમો ભાગ મોહનીયકર્મમાં મોટો લેવો અને પછીના કર્મોમાં નાનો નાનો લેવો. આયુષ્યકર્મમાં ઘણો જ નાનો લેવો. જેથી ઉપરોક્ત અર્થની સંગતિ સારી રીતે થઈ શકે છે.

તથા આ પ્રમાણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ગયે છતે થનારાં જે દ્વિગુણહાનિસ્થાનો થાય છે. તે દ્વિગુણહાનિવાળાં સ્થાનો કુલ જેટલાં થાય છે. તે સૌથી થોડાં છે. તેના કરતાં બે દ્વિગુણહાનિ સ્થાનની વચ્ચે વચ્ચે જે સ્થાનો પસાર કરાય છે. તે અસંખ્યાતગુણાં છે. ॥ ૮૪ ॥

*અવતરણ :- અબાધાકંડકની પ્રરૂપણા કરતાં જણાવે છે કે :-*

**मोत्तूण आउगाइं समए समए अबाहहाणीए ।**
**पल्लसंखिय भागं कंडं कुण अप्पबहुमेसिं ॥ ८५ ॥**

**ગાથાર્થ-** ચારે આયુષ્યકર્મને છોડીને બાકીના કર્મોમાં અબાધાકાળમાં એક એક સમય ન્યૂન થયે છતે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોનું તું એક એક કંડક કર. હવે તે સ્થાનોનું અલ્પબહુત્વ સમજાવાય છે ॥ ૮૫ ॥

**વિવેચન-** ચારે પ્રકારનાં આયુષ્યકર્મને છોડીને શેષ સાત કર્મોમાં અબાધા કાળમાંથી એક એક સમયની જેમ જેમ હાનિ થાય છે. તેમ તેમ સ્થિતિસ્થાનોમાં પલ્યોપમના અસંખ્યાતા ભાગનું એક એક કંડક ન્યૂન બંધાય છે. તે તું કર (સમજ)

"ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાનથી પ્રારંભીને જેમ જેમ સ્થિતિ હીન થાય છે તેમ તેમ આ અબાધા પણ ઘટે છે" આટલું વાક્ય અધ્યાહરથી લઇને અર્થની સંગતિ કરવી.

ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે : ઉત્કૃષ્ટ અબાધા જ્યારે વર્તતી હોય છે. ત્યારે તે તે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ બાંધે છે. તેમાં ૧ સમયન્યૂન, ૨ સમયન્યૂન, ૩ સમયન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ પણ બાંધે છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ અબાધા હોય ત્યારે યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હીન થાય ત્યાં સુધીની સ્થિતિ પણ બાંધે છે.

જેમ કે જ્ઞાનાવરણીય કર્મનો ૩૦૦૦, ત્રણ હજાર વર્ષનો અબાધાકાળ હોય ત્યારે ૩૦ કોડાકોડી સાગરોપમ પણ સ્થિતિ બંધાય છે તેમાં ૧/૨/૩/ સમય ન્યૂન પણ સ્થિતિ બંધાય છે. યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બંધાતી હોય ત્યાં સુધી ૩૦૦૦ ત્રણ હજાર વર્ષ પ્રમાણ અબાધાકાળ હોય છે.

જ્યારે અબાધાકાળમાં ૧ સમય ઓછો હોય છે ત્યારે સ્થિતિ બંધમાં પલ્યોપમના એક અસંખ્યાતમા ભાગે ન્યૂન જ વધારેમાં વધારે સ્થિતિ બંધાય છે. અથવા તેમાં પણ ૧/ ૨/૩/૪/ સમય ન્યૂન પણ સ્થિતિ બંધાય છે. યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ કુલ બે ઓછા કરીએ તેટલી સ્થિતિ બંધાય છે.

જ્યારે ૩૦૦૦ વર્ષ પ્રમાણ અબાધામાં બે સમય ન્યૂન અબાધા હોય છે ત્યારે "પલ્યોપમના અસંખ્યાતમા ભાગને અહીં કંડક કહેવાય છે. તેવાં બે કંડક પ્રમાણ હીન કરીએ તેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે. અથવા તેમાં પણ ૧/૨/૩/૪ સમયન્યૂન કરતાં કરતાં ત્રીજું કંડક ઓછું કરીએ તેટલી સ્થિતિ પણ બંધાય છે.

આ પ્રમાણે અબાધા સ્થાનોમાં જેટલા જેટલા સમયો ઓછા ઓછા થતા જાય છે તેટલાં તેટલાં કંડકો ન્યૂન છે, જેમાં એવી સ્થિતિ બંધાય છે. તેમ કરતાં કરતાં અબાધામાં જઘન્ય અબાધા આવે ત્યારે સ્થિતિબંધમાં પણ જઘન્ય સ્થિતિ બંધ આવે છે.

અબાધામાં એક એક સમય ન્યૂન કરીએ તેમ તેમ સ્થિતિબંધમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ન્યૂન કરવો અર્થાત્ સ્થિતિબંધમાંથી એક એક કંડક ન્યૂન કરીએ તેટલી સ્થિતિ બંધાય છે આમ અર્થ સમજવો.

હવે અલ્પબહુત્વની પ્રરૂપણા કરવી છે. તે સમજાવતાં કહે છે છે કે "अप्पबहुमेसिं" હવે કહેવાતાં સ્થિતિસ્થાનોનું અલ્પ બહુત્વ આ પ્રમાણે હોય છે. (જે હવે પછીની ગાથામાં કહેવાશે).

*અવતરણ :- જેનું જેનું અલ્પબહુત્વ કહેવાનું છે તે ક્યાં ક્યાં સ્થાનો છે ? તે સમજાવે છે :-*

**बंधाबाहाणुक्कस्सियरं, कण्डगअबाहबंधाणं ।**
**ठाणाणि एक्कनाणंतराणि अत्थेण कंडं च ॥ ८६ ॥**

**ગાથાર્થ**- સ્થિતિબંધ તથા અબાધાકાળ, આ બન્નેનાં ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ કુલ ૪ સ્થાનો, તથા કંડક સ્થાનો, અબાધાસ્થાનો, અને સ્થિતિબંધનાં સ્થાનો, તથા દ્વિગુણ હાનિનાં આંતરનાં સ્થાનો, તથા દ્વિગુણહાનિનાં સ્થાનો તથા અર્થેન કંડક આ સર્વેનું અલ્પ બહુત્વ જાણવું ॥ ૮૬ ॥

**વિવેચન**- बन्ध એટલે સ્થિતિબંધ અને अबाह- એટલે અબાધા આ બન્નેના ઉત્કૃષ્ટ અને જઘન્ય એવાં સ્થાનો તેથી (૧) ઉત્કૃષ્ટ સ્થિતિબંધ. (૨) જઘન્ય સ્થિતિબંધ (૩) ઉત્કૃષ્ટ અબાધા. અને (૪) જઘન્ય અબાધા, એમ આ ચાર ભાવો. તથા (૫) કંડકસ્થાનો, (૬) અબાધાસ્થાનો, (૭) સ્થિતિબંધનાં સ્થાનો, તથા (૮) બે દ્વિગુણહાનિની વચ્ચેનું અંતર એટલે કે બે દ્વિગુણહાનિની વચ્ચેનાં આંતરાનાં સ્થાનો (૯) ભિન્ન ભિન્ન પ્રકારનાં થતાં દ્વિગુણહાનિનાં સ્થાનો, તથા (૧૦) અર્થેનકંડક એમ કુલ ૧૦ સ્થાનોનું અલ્પબહુત્વ જાણવું.

પ્રશ્ન :- અર્થેન કંડક એટલે શું ? અર્થેન કંડક કોને કહેવાય ?

ઉત્તર :- જઘન્ય અબાધાહીન એવી ઉત્કૃષ્ટ અબાધા વડે જઘન્ય સ્થિતિહીન એવી ઉત્કૃષ્ટ સ્થિતિને ભાગે છતે જે ઉત્તર આવે તેને અર્થેન કંડક કહેવાય છે. અહીં अर्थेन कण्डकम् इति "अर्थेन कण्डकम्" આમ સમાસ થયો છે. પરંતુ વચ્ચેની વિભક્તિનો લોપ થતો નથી તેથી अलुक्समास થયો છે. આમ પરંપરા (પૂર્વના મહાપુરુષો) કહે છે. મૂલગાથામાં લખેલો च શબ્દ સમુચ્ચય અર્થ માટે છે.

પંચસંગ્રહમાં આ અર્થેન કંડકના સ્થાને અબાધાકંડકનાં સ્થાનો એમ કહેલ છે. ત્યાં મૂલગાથાની ટીકામાં વ્યાખ્યા આ પ્રમાણે જાણવી. अबाधा અને कण्डक આ બન્ને શબ્દોનો સમાહાર દ્વન્દ્વ સમાસ કરવો. ત્યારબાદ "તે બેનાં સ્થાનો" આમ ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવો. તેથી અબાધાનાં સ્થાનો અને કંડકનાં સ્થાનો અર્થાત્ તે બન્નેનાં સ્થાનોની સંખ્યા આવો અર્થ કરવો.

હવે આ દશે સ્થાનોનું અલ્પબહુત્વ કહેવાય છે. ત્યાં ચૌદ જીવસ્થાનક ઉપર આ અલ્પબહુત્વ કહેવાય છે. ત્યાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા જીવો જ્યારે આયુષ્ય વિના મૂલ સાત કર્મના બંધક હોય છે. ત્યારે તે બે જીવભેદમાં અલ્પબહુત્વ

આ પ્રમાણે છે આયુષ્ય વિના મૂલ સાતકર્મોમાં આ અલ્પબહુત્વ જાણવું. (૧) જઘન્ય અબાધા સૌથી થોડી છે. કારણ કે તે માત્ર અંતર્મુહૂર્ત પ્રમાણ છે. (૨) તેના કરતાં અબાધા સ્થાનો અને કંડક સ્થાનો અસંખ્યાતગુણાં છે. અને તે બન્ને પરસ્પર તુલ્ય સંખ્યાવાળાં છે. કારણ કે જઘન્ય અબાધાથી ઉત્કૃષ્ટ અબાધાના ચરમ સમય સુધી જેટલા સમયો થાય છે. તેટલાં જ અબાધાસ્થાનો પણ થાય છે. તે આ પ્રમાણેઃ- જઘન્ય અબાધા તે પ્રથમ એક અબાધાસ્થાન, સમયાધિક એવું તે સ્થાન તે બીજું અબાધાસ્થાન, બે સમયાધિક એવું તે સ્થાન તે ત્રીજું અબાધા સ્થાન, આ પ્રમાણે ઉત્કૃષ્ટ અબાધાના ચરમસમય સુધી જાણવું તથા કંડકસ્થાનો પણ આટલાં જ થાય છે. કારણ કે ઉત્કૃષ્ટ અબાધામાંથી એક એક સમયની હાનિ કરે છતે ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી પણ એક એક કંડક પ્રમાણ સ્થિતિની હાનિ થાય છે. આ જ પ્રમાણે પૂર્વે જણાવેલું છે માટે.

(૩) તેના કરતાં ઉત્કૃષ્ટ અબાધા વિશેષાધિક, કારણ કે જઘન્ય અબાધા જે અંતર્મુહૂર્તની હતી તે અબાધાનો પણ તેમાં સમાવેશ થાય છે તે માટે.

(૪) તેના કરતાં દલિકોની નિક્ષેપવિધિમાં થયેલાં દ્વિગુણહાનિનાં સ્થાનો અસંખ્યાતગુણાં છે. કારણ કે તે સ્થાનો પલ્યોપમના પ્રથમ વર્ગમૂલના અસંખ્યાતમા ભાગના સમયની જે રાશિ થાય છે. તે રાશિ પ્રમાણ છે. તે માટે

(૫) તેના કરતાં એક દ્વિગુણહાનિની વચ્ચે જે નિષેકસ્થાનો આવે છે તે અસંખ્યાતગુણાં છે. કારણકે તે અસંખ્યાતા પલ્યોપમના વર્ગમૂલતુલ્ય છે.[1]

(૬) તેના કરતાં અર્થેનકંડક અસંખ્યાત ગુણ મોટુ છે.

(૭) તેના કરતાં જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાત ગુણ છે. કારણ કે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો કે જે જીવો શ્રેણી ઉપર આરૂઢ થયા નથી. એવા જીવો જઘન્યથી પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ કર્મ બાંધે છે. તેથી ઓછો સ્થિતિબંધ કરતા નથી.

(૮) તેના કરતાં સ્થિતિબંધનાં સ્થાનો અસંખ્યાત ગુણાં છે. ત્યાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આમ ચાર કર્મોનાં ૨૯ ગુણાં કરતાં કંઈક અધિક સ્થાનો છે. સાતમા બોલમાં જઘન્ય સ્થિતિબંધ હતો તે અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે અને આ આઠમા બોલમાં ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ લેવાની છે. એટલે અંતઃ કોડાકોડી સાગરોપમ કરતાં ૩૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ ૨૯ ગુણી કરતાં કંઈક અધિક સારી રીતે થાય છે.

---

[1] અસંખ્યાતા પલ્યોપમનું પ્રથમ વર્ગમૂલ જે આવે તેમાં જેટલા સમયો થાય તે સમયોની જે અસંખ્યાત સંખ્યા હોય તે રાશિપ્રમાણ નિષેકસ્થાનો આવે છે.

આવી જ રીતે મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૯ ગુણી કરતાં કંઈક અધિક થાય છે. નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કંઈક અધિક ૧૯ ગુણી જાણવી.

(૯) તેના કરતાં પણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. કારણ કે જઘન્ય સ્થિતિબંધ તથા અબાધાકાળનો પણ તેમાં સમાવેશ થાય છે, તે માટે આ નવ બોલનું જે અલ્પબહુત્વ સમજાવ્યુ તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે જીવભેદમાં સાત કર્મનું સમજવું.

• • •

તથા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા એમ આ બે જીવસ્થાનકોમાં આયુષ્યકર્મનું પ્રત્યેકમાં અલ્પબહુત્વ આ પ્રમાણે છે.

(૧) આયુષ્યકર્મની જઘન્ય અબાધા સૌથી અલ્પ છે નાના અંતર્મુહૂર્ત પ્રમાણ છે માટે.

(૨) તેના કરતાં આયુષ્યકર્મનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણો છે. કારણકે તે આયુષ્યકર્મનો જઘન્યસ્થિતિબંધ એક ક્ષુલ્લકભવ પ્રમાણ હોય છે.

(૩) તેના કરતાં આયુષ્યકર્મનાં અબાધાસ્થાનો સંખ્યાત ગુણાં છે. કારણ કે આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ અબાધા પૂર્વક્રોડનો ત્રીજો ભાગ હોય છે. તેમાંથી જઘન્ય અબાધાનું એક નાનું અંત મુહૂર્ત બાદ કરીએ તેટલી જઘન્ય અબાધાહીન આ ઉત્કૃષ્ટ અબાધા હોય છે. તે કારણે તે અબાધાસ્થાનો સંખ્યાતગુણ છે આમ જાણવું.

(૪) તેના કરતાં ઉત્કૃષ્ટ અબાધા વિશેષાધિક છે કારણ કે તેમાં જઘન્ય અબાધા કે જે નાના અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તે પણ આવી જાય છે.

(૫) તેના કરતાં દ્વિગુણહાનિ સ્થાનો અસંખ્યાતગુણાં છે કારણ કે તે સ્થાનો પલ્યોપમના પ્રથમ વર્ગમૂલના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ છે તે માટે.

(૬) તેના કરતાં બે દ્વિગુણહાનિના આંતરામાં જે નિષેક સ્થાનો છે. તે અસંખ્યાતગુણાં છે. તેમાં યુક્તિ પૂર્વ કહેલી જ જાણવી. તેનુ માપ અસંખ્યાતા પલ્યોપમના પ્રથમ વર્ગમૂલ તુલ્ય છે જે પૂર્વે કહ્યું છે.

(૭) તેના કરતાં સ્થિતિબંધનાં સ્થાનો અસંખ્યાતગુણાં જાણવાં.

(૮) તેના કરતાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે કારણ કે જઘન્યસ્થિતિ બંધ અને અબાધાકાળનો પણ તેમાં પ્રવેશ હોવાથી.

આ પ્રમાણે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અસંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તા એમ બે જીવસ્થાનકોમાં આયુષ્યકર્મનું આઠભેદવાળું આ અલ્પબહુત્વ જાણવું

• • •

હવે સંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા, અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા તથા બાદર એકેન્દ્રિય, સૂક્ષ્મ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચઉરિન્દ્રિય આ પાંચ જીવભેદ પર્યાપ્તા અને આ પાંચ જીવભેદ અપર્યાપ્તા એમ કુલ ૧+૧+૫+૫=૧૨ જીવભેદોમાં આયુષ્ય કર્મનું અલ્પબહુત્વ છ ભેદવાળું છે. તે આ પ્રમાણે-

(૧) સૌથી થોડી આયુષ્ય કર્મની જઘન્ય અબાધા છે કારણ કે તે ૨૫૬ આવલિકાનો ત્રીજો ભાગ અર્થાત્ કંઇક અધિક ૮૫ આવલિકા જેટલો કાળ છે.

(૨) તેના કરતાં જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણો જે એક ક્ષુલ્લકભવ સ્વરૂપ હોય છે. આસરે ત્રણ ગણો છે.

(૩) તેના કરતાં અબાધાસ્થાનો સંખ્યાતગુણાં છે.

(૪) તેના કરતાં ઉત્કૃષ્ટ અબાધા વિશેષાધિક છે.

(૫) તેના કરતાં સ્થિતિબંધનાં સ્થાનો સંખ્યાતગુણાં છે. જઘન્ય સ્થિતિ જે નાના અંતર્મુહૂર્ત પ્રમાણ છે, તે ન્યૂન કરીએ તેવા ૧ પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ સ્થિતિબંધનાં સ્થાનો થાય છે.

(૬) તેના કરતાં ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ વિશેષાધિક છે કારણકે જઘન્ય સ્થિતિનો તથા અબાધાનો પણ તેમાં પ્રવેશ છે. તે માટે, આ પ્રમાણે આ બાર જીવભેદોમાં માત્ર આયુષ્યકર્મનું છ બોલવાળું અલ્પબહુત્વ જાણવું. બીજા ચાર બોલ અહીં સંભવતા નથી.

• • •

તથા અસંજ્ઞીપંચેન્દ્રિય, ચઉરિન્દ્રિય, તેઇન્દ્રિય, બેઇન્દ્રિય, બાદર એકેન્દ્રિય અને સૂક્ષ્મ એકેન્દ્રિય એમ કુલ છ જીવભેદ પર્યાપ્તા અને છ જીવભેદ અપર્યાપ્તા કુલ ૧૨ જીવભેદોમાં આયુષ્યકર્મ વિના બાકીનાં બાકીનાં સાત કર્મોનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે.

(૧) આ આઠ જીવભેદમાં અબાધાસ્થાનો અને કંડકો સૌથી અલ્પ અને પરસ્પરતુલ્ય છે. કારણ કે આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ છે.

(૨) તેના કરતાં જઘન્ય અબાધા અસંખ્યાતગુણ છે. કારણ કે તે અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

(૩) તેના કરતાં ઉત્કૃષ્ટ અબાધા વિશેષાધિક જાણવી. જઘન્ય અબાધાનો પણ તેમાં પ્રવેશ થાય છે તે માટે

(૪) તેના કરતાં દ્વિગુણ હાનિસ્થાનો અસંખ્યાત ગુણાં છે.

(૫) તેના કરતાં એક દ્વિગુણહાનિની વચ્ચે આંતરામાં થનારાં નિષેકસ્થાનો અસંખ્યાતગુણાં છે.

(૬) તેના કરતાં અર્થેન કંડક અસંખ્યાત ગુણ છે.

(૭) તેના કરતાં સ્થિતિબંધનાં સ્થાનો અસંખ્યાતગુણાં છે. એકેન્દ્રિય અને શેષ બેઇન્દ્રિયાદિ જીવોને આશ્રયી અનુક્રમે પ્રથમમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ અને બીજામાં (બેઇન્દ્રિયાદિમાં) પલ્યોપમના સંખ્યાતમા ભાગના સમય પ્રમાણ સ્થાનો છે. તે માટે

(૮) તેના કરતાં જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક

(૯) તેના કરતાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક કારણ કે એકેન્દ્રિય જીવોમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગે અધિક છે અને બેઇન્દ્રિયાદિમાં પલ્યોપમના સંખ્યાતમા ભાગે અધિક છે. આ પ્રમાણે અહીં નવ બોલનું અલ્પબહુત્વ જાણવું. અહીં પ્રથમ બોલમાં બે બોલ સાથે હોવાથી ૧૦ ને બદલે ૯ બોલ થયા છે.

આ પ્રમાણે ૧૪ જીવભેદોમાં આઠે કર્મોનું અલ્પબહુત્વ પૂર્ણ કર્યું ॥ ૮૬ ॥

*અવતરણ :- હવે સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનોની પ્રરૂપણા કરવાની છે. ત્યાં ત્રણ અનુયોગદ્વાર છે (૧) સ્થિતિ સમુદાહાર, (૨) પ્રકૃતિ સમુદાહાર, (૩) જીવસમુદાહાર. અહીં સમુદાહારનો પ્રતિપાદન અર્થ કરવો. ત્યાં સૌથી પ્રથમ સ્થિતિસમુદાહાર દ્વાર છે. તેમાં ત્રણ અનુયોગદ્વાર છે. (૧) પ્રગણના (૨) અનુકૃષ્ટિ અને (૩) તીવ્રમન્દતા. આ ત્રણમાં સૌથી પ્રથમ પ્રગણનાની પ્રરૂપણા કરે છે:-*

**ठिइबन्धे ठिइबन्धे, अज्झवसाणाणसंखिया लोगा ।**
**हस्सा विसेसवुड्ढी, आउणमसंखगुणवुड्ढी ॥ ८७ ॥**

**ગાથાર્થ-** તમામ સ્થિતિબંધ સ્થાનકોમાં તેના હેતુભૂત અધ્યવસાય સ્થાનકો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. સાત કર્મોમાં જઘન્ય સ્થિતિ સ્થાનથી વિશેષાધિક વિશેષાધિક પણે વૃદ્ધિ જાણવી. અને આયુષ્યકર્મમાં અસંખ્યાતગુણની વૃદ્ધિ જાણવી.

**વિવેચન-** સર્વે પણ કર્મોનાં સ્થિતિસ્થાનો આ પ્રમાણે જાણવાં ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના ચરમસમયથી પ્રારંભીને જઘન્યસ્થિતિ સુધી જેટલા સમયો થાય છે. તેટલાં સ્થિતિસ્થાનો દરેક કર્મનાં જાણવાં.

તે તમામ સ્થિતિસ્થાન જ્યારે બંધાતાં હોય ત્યારે તેના બંધના હેતુભૂત કાષાયિક અધ્યવસાય સ્થાનો ભિન્ન ભિન્ન જીવોને આશ્રયી અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. અહીં બે જાતની પ્રરૂપણા કરવાની છે. (૧) અનન્તરોપનિધા વડે અને (૨) પરંપરોપનિધા વડે. ત્યાં અનન્તરોપનિધા વડે પ્રરૂપણા નીચે પ્રમાણે જાણવી.

(૧) આયુષ્ય વિનાનાં સાત કર્મોમાં "हस्सा विसेसवुड्ढी" જઘન્ય સ્થિતિસ્થાનમાં જે કાષાયિક અધ્યવસાય સ્થાનો છે. તેના કરતાં આગળ આગળ દ્વિતીયાદિ સ્થિતિસ્થાનોમાં અધ્યવસાયસ્થાનોની વિશેષવૃદ્ધિ વિશેષવૃદ્ધિ જાણવી. તે આ પ્રમાણે :-

જ્ઞાનાવરણીય કર્મના જઘન્ય સ્થિતિબંધમાં તેના બન્ધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો ભિન્ન ભિન્ન જીવોને આશ્રયી અને ભિન્નકાળને આશ્રયી અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. તે અધ્યવસાય સ્થાનો આગળ આવતા અધ્યવસાયસ્થાનોની અપેક્ષાએ ઘણા ઓછા છે. તેના કરતાં સમયાધિક એવા બીજા સ્થિતિસ્થાનમાં સ્થિતિબંધના હેતુભૂત જે અધ્યવસાય સ્થાનો છે તે વિશેષાધિક છે તેના કરતાં પણ ત્રીજા સ્થિતિ સ્થાનમાં વિશેષાધિક અધ્યવસાય સ્થાનો છે. આમ ત્યાં સુધી જાણવું કે યાવત્ ૩૦ કોડાકોડી સાગરોપમવાળું ઉત્કૃષ્ટ એવું અન્તિમ સ્થિતિસ્થાન આવે. આ પ્રમાણે આયુષ્ય વિના સાતે કર્મોમાં જાણવું.

"आउणमसंखगुणवुड्ढी" આયુષ્યકર્મમાં આટલી વિશેષતા છે કે સર્વે પણ સ્થિતિ-સ્થાનોમાં અધ્યવસાય સ્થાનોની અસંખ્યાતગુણ વૃદ્ધિ જ જાણવી. તે આ પ્રમાણે :-

આયુષ્યકર્મના એક ક્ષુલ્લકભવ પ્રમાણ જઘન્ય સ્થિતિસ્થાનમાં તેના બંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો સૌથી થોડા છે. તોપણ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ તો છે જ. તે સંખ્યા અન્ય સ્થાનોની અપેક્ષાએ ઘણી જ અલ્પ છે. તેના કરતાં બીજા સ્થિતિસ્થાનમાં (સમયાધિક ક્ષુલ્લકભવમાં) અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણ છે. તેના કરતાં પણ ત્રીજા સ્થિતિસ્થાનમાં બંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણાં છે. આ પ્રમાણે અસંખ્યાતગુણ- અસંખ્યાતગુણ અધ્યવસાય સ્થાનો ત્યાં સુધી કહેવાં કે યાવત્ ઉત્કૃષ્ટસ્થિતિવાળું (૩૩ સાગરોપમ વાળું)સ્થાન આવે.

**પ્રશ્ન :-** અહીં કદાચ આવો પ્રશ્ન થાય કે એક એક સ્થિતિ સ્થાનમાં જો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનો સ્થિતિબંધના કારણરૂપે હોય છે. તો તેનાથી બંધાતી સ્થિતિ રૂપ કાર્ય પણ તેટલા ભેદવાળું બનવું જોઈએ. એકસરખી સમાન સ્થિતિ કેમ બંધાય ?

**ઉત્તર :-** मैवं = આવો પ્રશ્ન કરવો નહી ચિત્ર-વિચિત્ર એવા પણ આ અસંખ્યાતા અધ્યવસાય સ્થાનોમાં અવિચિત્ર અર્થાત્ એક સરખી સમાન સ્થિતિ ઉત્પન્ન કરવાની શક્તિ હોવાથી ઉપર કહેલા અલ્પબહુત્વમાં કોઈ દોષ આવતો નથી.

**પ્રશ્ન :-** જે જે આત્માઓ કર્મોની સ્થિતિ જો સમાન જ બાંધતા હોય તો અધ્યવસાય પણ સમાન જ હોવા જોઈએ. "स्थित्यवैचित्र्ये अध्यवसायवैचित्र्यमेव न स्यात्" સ્થિતિ જો અવિચિત્ર એટલે કે સમાન જ બંધાતી હોય તો તેના બાંધનારા જીવોમાં સ્થિતિના કારણભૂત અધ્યવસાયસ્થાનની પણ વિચિત્રતા ન જ હોવી જોઈએ, તે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાન કેમ સમજાવો છો ?

**ઉત્તર :-** તમારો આ પ્રશ્ન વ્યાજબી નથી. જ્યાં જ્યાં અધ્યવસાય સ્થાનની વિચિત્રતા હોય ત્યાં ત્યાં સ્થિતિ પણ વિચિત્ર જ બંધાય એવો નિયમ નથી. એક સરખી સમાન સ્થિતિ

પણ બંધાય એક સરખી સમાન સ્થિતિ બાંધતી વખતે જે અધ્યવસાય સ્થાનોની વિચિત્રતા છે. તે દેશ-કાલ અને રસના વિભાગની જ વિચિત્રતાની નિયામક છે. પણ સ્થિતિ વધારે -ઓછી બાંધે તેના નિયામક નથી.

અથવા અધ્યવસાય સ્વરૂપ કારણ વિચિત્ર હોવાથી તેનાથી બંધાતી સ્થિતિ પણ કાળને આશ્રયી સમાન બંધાતી હોવા છતાં પણ દેશ કાલ અને રસાવિભાગાદિની અપેક્ષાએ તે સ્થિતિમાં વિચિત્રતા પણ છે જ. એક એક સમય સમય માત્ર ન્યૂન કરવા વડે પ્રતિસમયોમાં તે તે સ્થિતિનું અન્યથા પણું જેમ થાય છે. તેમ સમાન કાળવાળી સ્થિતિમાં પણ દેશ-કાળ અને રસાવિભાગ આદિને આશ્રયી અસમાનપણું પણ થતું હોવાથી એક સરખી સમાન સ્થિતિમાં પણ વિચિત્ર પણુ છે જ. એક સરખી સમાન સ્થિતિવાળું કર્મ કોઈકને સુરતમાં ફળ આપે, કોઈકને વડોદરામાં ફળ આપે, અને કોઈકને અમદાવાદમાં ફળ આપે, કોઈકને વહેલું ફળ આપે, કોઈકને મોડુ ફળ આપે આમ દેશ-કાળ અને રસાદિને આશ્રયી વિચિત્ર હોઈ શકે છે.

કોઈ પણ એક વસ્તુમાં અમુક અપેક્ષાએ વિચિત્રપણું અને અમુક અપેક્ષાએ અવિચિત્રપણું સ્વીકારવામાં સ્યાદ્વાદી એવા જૈનોને સ્યાદ્વાદ જ શરણસ્વરૂપ છે. તેથી કોઈ દોષ આવતો નથી. તેથી જ શાસ્ત્રોમાં કહ્યું છે કે-

**असंखलोगखपएस तुल्लया हीणमज्झिमुक्कोसा ।**
**ठिइबंधज्झवसाया, ठिइविसेसा असंखिज्जा ॥ १ ॥**

ગાથાર્થ- કોઈ પણ સ્થિતિબંધમાં હીન મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો હોવાથી સ્થિતિના પણ અસંખ્યાતા ભેદ વિશેષો થાય છે. આ પ્રમાણે સ્યાદ્વાદીને આવી બાબતમાં કોઈ તકલીફ થતી નથી. ઘણી ચર્ચા કરવા વડે સર્યું ॥ ૮૭ ॥

*અવતરણ :- અનંતરોપનિધા વડે પ્રરૂપણા સમાપ્ત કરી હવે પરંપરોપનિધા વડે પ્રરૂપણા કહે છે :-*

**पल्लासंखियभागं गंतुं दुगुणाणि जाव उक्कस्सा ।**
**नाणंतराणि अंगुलमूलच्छेयणमसंखतमो ॥ ८८ ॥**

ગાથાર્થ- પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ થાય. તેટલાં સ્થિતિસ્થાનો ઓળંગીએ ત્યારે અધ્યવસાય સ્થાનો દ્વિગુણહીન થાય છે. આ પ્રમાણે દ્વિગુણ હાનિનાં સ્થાનો કુલ એક અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં રહેલા આકાશપ્રદેશોના પ્રથમ વર્ગમૂલના છેદનકો જેટલા થાય તેના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. ॥ ૮૮ ॥

**વિવેચન-** આયુષ્યકર્મને વર્જીને શેષ સાતકર્મોના જઘન્ય સ્થિતિસ્થાનમાં જે અધ્યવસાય સ્થાનો છે. તેના પછીનાં સ્થાનોમાં વિશેષાધિક - વિશેષાધિક કરતાં કરતાં પલ્યોપમના

અસંખ્યાતમા ભાગ જેટલાં સ્થિતિસ્થાનો પસાર કરીએ ત્યારે ત્યાં અધ્યવસાયસ્થાનો દ્વિગુણ થાય છે. ત્યાર પછી બીજા એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતસ્થાનો ઓળંગીએ ત્યારે સ્થિતિ બંધના હેતુભૂત અધ્યવસાયસ્થાનો તેના કરતાં પણ દ્વિગુણ હોય છે. આ પ્રમાણે કરતાં કરતાં ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાન સુધી જાણવું.

**પ્રશ્ન :-** આ પ્રમાણે થતાં આ દ્વિગુણ વૃદ્ધિ સ્થાનો કુલ કેટલાં થતાં હશે ? શું તેનું કોઈ પ્રમાણ (માપ) છે ?

**ઉત્તર :-** હા. આ પ્રમાણે થતાં આ દ્વિગુણ વૃદ્ધિનાં સ્થાનો કુલ એક અંગુલમાત્ર ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશો હોય. તેનું પ્રથમ વર્ગમૂલ કાઢવું. ત્યારબાદ તે વર્ગમૂળનાં છેદનકો કરવાં. એટલે કે મનુષ્યોની સંખ્યા જાણવા માટે જેમ ૯૬ છેદનક કરાય છે. તેવી જ રીતે આ વર્ગમૂલમાં જે આંક આવે તેને અર્ધ અર્ધ કરતાં શૂન્ય આવે ત્યાં સુધી તેવાં છેદનક કરવાં તે છેદનક જેટલાં થતાં હોય તેના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો થાય. તેટલાં આ દ્વિગુણ વૃદ્ધિનાં સ્થાનો થાય છે. આમ સમજવું.

સારાંશ કે કુલ આવાં દ્વિગુણવૃદ્ધિનાં સ્થાનો કેટલાં છે ? તો એક અંગુલમાત્ર ક્ષેત્રમાં જે આકાશપ્રદેશો છે. તે રાશિનું પ્રથમ વર્ગમૂળ કાઢ્યા બાદ દ્વિગુણહાનિ-દ્વિગુણહાનિ કરતાં કરતાં શૂન્ય આવે ત્યાં સુધી દ્વિગુણહાનિ કરવી. આવાં જેટલાં છેદનક થાય તેના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આ દ્વિગુણવૃદ્ધિનાં સ્થાનો છે. આમ જાણવું. આ પ્રમાણે પ્રગણના નામનું પ્રથમદ્વાર સમાપ્ત કર્યું.

હવે અનુકૃષ્ટિ નામનું બીજું દ્વાર કહેવાનો અવસર છે. અનુકૃષ્ટિ એટલે અનુકર્ષણ. પૂર્વના સ્થિતિબન્ધ સ્થાનકમાં જે અધ્યવસાય સ્થાનો છે. તેનું ઉપલા સ્થિતિબન્ધ સ્થાનકમાં ખેંચાણ હોવું. તે અનુકૃષ્ટિ કહેવાય છે. તે અનુકૃષ્ટિ અહીં હોતી નથી. કારણ કે જ્ઞાનાવરણીયાદિ કર્મોમાં પૂર્વના સ્થિતિ બન્ધસ્થાનમાં જે અધ્યવસાય સ્થાનો છે તેનો એક લેશમાત્ર ભાગ પણ ઉપરના સ્થિતિબન્ધ સ્થાનમાં સંભવતો નથી. પ્રત્યેક સ્થિતિબન્ધ સ્થાનકમાં અન્ય અન્ય(નવા નવા જ) અધ્યવસાય સ્થાનો હોય છે. તેથી પૂર્વના સ્થિતિસ્થાનમાં વર્તતા અધ્યવસાયસ્થાનોની અનુવૃત્તિ (અનુકૃષ્ટિ) ઉપર ઉપર ન હોવાથી અનુકૃષ્ટિ સંભવતી નથી.

ત્યારબાદ હવે તીવ્રમન્દતા દ્વાર કહેવાનો અવસર પ્રાપ્ત થયો છે. પરંતુ તે તીવ્રમન્દતા દ્વાર હમણાં સ્થાપ્યા = બાકી રાખીએ છીએ. કારણ કે તે આગળ ઉપર કહેવાનું છે. તે માટે હમણાં શેષ (અધ્યાહર)રાખીએ. આ પ્રમાણે સ્થિતિસમુદાહાર નામના પ્રથમદ્વારનાં (૧)

પ્રગણના (૨) અનુકૃષ્ટિ અને (૩) તીવ્રમન્દતા. આ ત્રણ દ્વાર સમાપ્ત થતાં સ્થિતિ સમુદાહાર નામનું પ્રથમ દ્વાર સમાપ્ત થાય છે.

હવે પ્રકૃતિ સમુદાહાર નામનું બીજું દ્વાર શરૂ કરાય છે. તેમાં બે અનુયોગદ્વાર છે. (૧) પ્રમાણાનુગમ અને (૨) અલ્પબહુત્વ. તે બેમાં પ્રમાણાનુગમ એટલે સંખ્યાની પ્રરૂપણા કરવી. ત્યાં જ્ઞાનાવરણીય કર્મના સર્વ સ્થિતિબન્ધ સ્થાનકોમાં કેટલાં અધ્યવસાય સ્થાનકો થયાં ? આવી સંખ્યા જણાવવી તે પ્રમાણાનુગમ કહેવાય છે. તો જ્ઞાનાવરણીય આદિ સર્વે પણ કર્મોના સર્વ સ્થિતિ સ્થાનોમાં થઈને કુલ અધ્યવસાયસ્થાનો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ થાય છે. સર્વે પણ કર્મોમાં આમ જ સમજવું. આ પ્રમાણાનુગમ દ્વાર સમજાવાયું. ॥ ૮૮ ॥

*અવતરણ :- હવે પ્રકૃતિ સમુદાહારનો બીજો ભેદ જે અલ્પબહુત્વ છે તે સમજાવે છે :-*

**ठिइदीहयाइ कमसो, असंखगुणियाण णंतगुणणाए ।**
**पढमजहन्नुक्कस्सं, बिइय जइन्नाइ आचरमा ॥ ८९ ॥**

ગાથાર્થ- સ્થિતિની દીર્ઘતા પ્રમાણે અધ્યવસાયસ્થાનો અસંખ્યાતગુણાં જાણવાં. ત્યાં પ્રથમ સ્થિતિસ્થાનમાં જઘન્ય, તેનાથી તે જ સમયનું ઉત્કૃષ્ટ, તેનાથી બીજા સમયનું જઘન્ય, એમ યાવત્ ચરમસમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન સુધી અનંતગુણા અનંતગુણા અનુભાવવાળાં આ અધ્યવસાય સ્થાનો જાણવાં ॥ ૮૯ ॥

વિવેચન- આ આઠે કર્મોમાં સ્થિતિની દીર્ઘતા પ્રમાણે અનુક્રમે અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણાં અસંખ્યાતગુણાં સમજવાં તે આ પ્રેમાણે.

આયુષ્યકર્મનાં સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયસ્થાનો સૌથી થોડાં છે કારણ કે આ કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટથી માત્ર ૩૩ સાગરોપમ જ છે. પરંતુ કોડાકોડી સાગરોપમની નથી. તેના કરતાં નામકર્મ અને ગોત્રકર્મનાં સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણાં છે.

પ્રશ્ન :- આયુષ્યકર્મના સ્થિતિસ્થાનોમાં પ્રત્યેક સ્થિતિસ્થાનમાં અસંખ્યાતગુણ. અસંખ્યાત ગુણ અધિક અધિક અધ્યવસાય સ્થાનો છે. અર્થાત્ પ્રતિસ્થિતિસ્થાને અસંખ્યાતગુણની વૃદ્ધિ કહી છે. જ્યારે નામકર્મ અને ગોત્રકર્મમાં તો પ્રત્યેકસ્થિતિ સ્થાનોમાં વિશેષાધિક વિશેષાધિકની જ વૃદ્ધિ કહી છે. તો પછી આયુષ્યકર્મ કરતાં નામકર્મ અને ગોત્રકર્મમાં અસંખ્યાતગુણાં અધ્યવસાય સ્થાનો કેવી રીતે થાય ? ક્યાં વિશેષાધિક પણે વૃદ્ધિ ? અને ક્યાં અસંખ્યાતગુણકારે વૃદ્ધિ ? તમારી કહેલી આ વાત બરાબર સમજાતી નથી.

ઉત્તર :- તમારો પ્રશ્ન સાચો છે. આયુષ્યકર્મની જઘન્ય સ્થિતિ જે બંધાય છે. તેમાં

જે અધ્યવસાયસ્થાનો છે. તેના કરતાં નામકર્મ અને ગોત્રકર્મના જઘન્ય સ્થિતિબંધ સ્થાનકમાં જ અધ્યવસાયસ્થાનો અતિશય ઘણાં જ છે.

તથા વળી બીજું કારણ એ પણ છે કે આયુષ્યકર્મનાં સ્થિતિ સ્થાનો ૩૩ સાગરોપમના સમયપ્રમાણ હોવાથી (કોડાકોડી ન હોવાથી) અત્યન્ત થોડાં છે. જ્યારે નામકર્મ અને ગોત્રકર્મની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી સ્થિતિસ્થાનો જ અતિશય ઘણાં છે. તેથી ભલે તેમાં વિશેષાધિક પણે વૃદ્ધિ હોય તો પણ કુલ સ્થિતિબંધના સ્થાનો ઘણાં હોવાના કારણે આમ હોવામાં કંઈ જ દોષ નથી.

નામકર્મ અને ગોત્રકર્મના સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો કરતાં જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય અને અન્તરાય કર્મના સ્થિતિબન્ધના હેતુભૂત સધ્યવસાયસ્થાનો અસંખ્યાતગુણાં છે. કારણ કે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સ્થિતિસ્થાનો ઓળંગીએ ત્યારે જ દ્વિગુણવૃદ્ધિ થતી હોવાથી એક જ પલ્યોપમ પ્રમાણ સ્થિતિ ઓળંગીએ ત્યાં જ અસંખ્યાતી વાર દ્વિગુણવૃદ્ધિ થવાના કારણે અસંખ્યાતગુણાં અધ્યવસાયસ્થાનો સુખે સુખે પ્રાપ્ત થાય છે. તો પછી નામગોત્રની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ અને જ્ઞાનાવરણીયાદિ આ ચાર કર્મની સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. ત્યાં જો એક પલ્યોપમે અસંખ્યાતગુણ અધ્યવસાય સ્થાન થતાં હોય તો ૧૦ કોડાકોડી સાગરોપમ જેટલી સ્થિતિ જે કર્મોમાં વધારે બંધાય છે. તેમાં તો કેટલીય વાર અધ્યવસાય સ્થાનોની દ્વિગુણવૃદ્ધિ પ્રાપ્તિ થઈ શકે છે.

તે જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મો કરતાં કષાયમોહનીય કર્મના સ્થિતિબન્ધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યાત ગુણ જાણવાં. તેના કરતાં દર્શનમોહનીય કર્મના સ્થિતિબંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણ જાણવાં.

આ પ્રમાણે પ્રકૃતિ સમુદાહાર નામનું બીજું દ્વાર કહ્યું.

હવે પૂર્વે સ્થિતિસમુદાહાર નામના પ્રથમ દ્વારમાં (૧) પ્રગણના. (૨) અનુકૃષ્ટિ અને (૩) તીવ્રમન્દતા. એમ ત્રણ ભેદો પૈકી ત્રીજો તીવ્ર મન્દતા નામનો દ્વારોનો જે ભેદ હતો તે ત્યાં કહ્યો ન હતો અને ત્યાં કહ્યું હતું કે આ દ્વાર અમે આગળ ઉપર કહીશું તે હવે અવસરપ્રાપ્ત હોવાથી અહીં કહેવાય છે :-

આ જ મૂલગાથામાં "अणंतगुणणाए" ઇત્યાદિ જે પાઠ છે તે આ તીવ્રમન્દતા દ્વાર કથન માટે છે. તે આ પ્રમાણે છે :-

પ્રથમ જઘન્ય સ્થિતિબંધ સ્થાનકમાં જે અસંખ્યાત અધ્યવસાય સ્થાનક છે. તેમાં સૌથી જઘન્ય અધ્યવસાય સ્થાનક જે છે. તેના કરતાં તે જ સ્થિતિસ્થાનકમાં જે ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાનક છે તે જઘન્ય કરતાં અનંતગુણ (અનંતગુણો રસબંધાવે તેવી શક્તિ વાળું) છે. તે

પ્રથમ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાનક કરતાં બીજા સ્થિતિ સ્થાનનું જઘન્ય અધ્યવસાયસ્થાન અનંતગુણ શક્તિવાળું છે. તે બીજા સ્થિતિસ્થાનના જઘન્ય અધ્યવસાય સ્થાન કરતાં તે જ બીજા સ્થિતિસ્થાનનું ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન અનંતગુણ છે.

તેના કરતાં ત્રીજા સ્થિતિસ્થાનનું જઘન્ય, તેના કરતાં ત્રીજા સ્થિતિસ્થાનનું ઉત્કૃષ્ટ એમ આ પ્રમાણે જઘન્ય સ્થિતિ સ્થાનથી આરંભીને યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધના એટલેકે ચરમ સ્થિતિબંધના ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન સુધી અનુક્રમે અનંતગુણાકારપણે કહેવું.

તે આ પ્રમાણે:- જ્ઞાનાવરણીય કર્મની જઘન્યસ્થિતિબંધમાં જે જઘન્ય અધ્યવસાયસ્થાન છે તે સૌથી મન્દ અનુભાવવાળું છે. તેના કરતાં તે જ જઘન્ય સ્થિતિસ્થાનમાં જે ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન છે. તે અનંતગુણ અનુભાવવાળું છે. તેના કરતાં બીજા સ્થિતિસ્થાનમાં જે જઘન્ય અધ્યવસાય સ્થાન છે. તે અનંતગુણ પ્રભાવવાળું છે. તેના કરતાં તે જ બીજા સ્થિતિસ્થાનમાં જે ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન છે. તે અનંતગુણ પ્રભાવવાળું છે.

આ પ્રમાણે પ્રત્યેક સ્થિતિસ્થાનોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન અનંતગુણ અનંતગુણ પ્રભાવવાળાં ત્યાં સુધી કહેવું કે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં ચરમ એવું સ્થિતિસ્થાન આવે એટલેકે તેમાં ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન આવે ત્યાં સુધી ક્રમશઃ અનંતગુણ અધિક સમજવું. આ પ્રમાણે સ્થિતિ સમુદાહાર અને પ્રકૃતિ સમુદાહાર એમ બે દ્વાર સમાપ્ત કર્યાં ॥ ૮૯ ॥

*અવતરણ :- હવે જીવસમુદાહાર નામનું ત્રીજું દ્વાર કહેવાય છે.*

**बंधंता धुवपगडी, परित्तमाणगसुहाण तिविहरसं ।**
**चउतिगबिठाणगयं, विवरीयतिगं च असुभाणं ॥ ९० ॥**

ગાથાર્થ- ધ્રુવબંધી પ્રકૃતિઓને બાંધતો જીવ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ચારઠાણીયો, ત્રણઠાણીયો અને બેઠાણીયો રસબંધ કરે છે. અને અશુભ પ્રકૃતિઓનો તેનાથી વિપરીત બે-ત્રણ અને ચાર ઠાણીયો રસબંધ કરે છે. ॥ ૯૦ ॥

**વિવેચન-** જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ, મિથ્યાત્વ મોહનીય, સોળ કષાયો, ભય-જુગુપ્સા, તૈજસ કાર્મણ, વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ અને અંતરાયકર્મની પાંચ એમ કુલ ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિઓ બાંધતો જીવ પરાવર્તમાન શુભપ્રકૃતિઓ સાતાવેદનીય, દેવગતિ, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિકશરીર, વૈક્રિયશરીર, આહારકશરીર, પ્રથમ સંસ્થાન, પ્રથમ સંઘયણ, અંગોપાંગ ત્રણ, મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વી, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ દશક, તીર્થંકરનામકર્મ, નરકાયુષ્ય વિના આયુષ્ય ત્રણ, અને ઉચ્ચ ગોત્ર એમ કુલ ચોત્રીસ (૩૪) પુણ્ય પ્રકૃતિઓનો ચઉઠાણીયો, ત્રણઠાણીયો અને બેઠાણીયો એમ ત્રણ પ્રકારનો રસબંધ આ જીવ કરે છે.

તથા તે જ ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિઓ બાંધતો જીવ અસાતાવેદનીય, ત્રણ વેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, નરકાયુષ્ય, નરકદ્વિક, તિર્યંચદ્વિક, ચાર જાતિ, પહેલા સિવાયનાં પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન, અશુભ વિહાયોગતિ, સ્થાવરદશક, નીચગોત્ર, એમ કુલ (૩૯) ઓગણચાલીશ જે અશુભ પ્રકૃતિઓ બંધાય છે. તેનો અનુભાગબંધ (રસબંધ) શુભથી વિપરીત પણે બંધાય છે.

એટલે ઉપર કહેલી બન્ને વાતોનો સાર એવો છે કે ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધતો જીવ વિશુદ્ધ પરિણામવાળો હોવાથી જે જે પુણ્યપ્રકૃતિઓ બંધાય છે. તેનો ચઉઠાણીયો રસ બાંધે છે અને જે જે અશુભપ્રકૃતિઓ બંધાય છે તેનો બેઠાણીયો રસ બાંધે છે.

તથા ધ્રુવબંધી પ્રકૃતિઓની અજઘન્ય (મધ્યમ) સ્થિતિ બાંધતો જીવ મધ્યમ પરિણામવાળો છે તે માટે શુભપ્રકૃતિઓનો અને અશુભપ્રકૃતિઓનો યથાયોગ્ય જે બંધમાં હોય તેનો ત્રિસ્થાનિક રસબંધ કરે છે. તથા ધ્રુવબંધી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતો જીવ અશુદ્ધ પરિણામવાળો હોવાથી પુણ્યપ્રકૃતિનો બેઠાણીયો અને પાપપ્રકૃતિઓનો ચઉઠાણીયો રસબંધ કરે છે.

ઉપર કહેલી વાત વિચારતાં સમજાશે કે પુણ્યપ્રકૃતિઓમાં જે રસબંધની ત્રિવિધતા છે તે ક્રમની અપેક્ષાએ અશુભ કર્મપ્રકૃતિઓના રસબંધની ત્રિવિધતાનો ક્રમ વિપરીત પણે છે આમ જાણવું. ॥ ૯૦ ॥

***અવતરણ :- શુભ પ્રકૃતિઓના ચઉઠાણીયા આદિ ત્રણે પ્રકારના રસના બન્ધક જીવો ક્યા ક્યા હોય છે. તે સમજાવે છે :-***

**सव्वविसुद्धा बंधंति, मज्झिमा संकिलिट्ठतरगा य ।**
**धुवपगडि जहन्नठिइं, सव्वविसुद्धा उ बंधंति ॥ ९१ ॥**

ગાથાર્થ- સર્વવિશુદ્ધ જીવો, મધ્યમપરિણામી જીવો, તથા અત્યન્ત સંક્લિષ્ટતર અધ્યવસાયવાળા જીવો પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો અનુક્રમે ચઉઠાણીયો, ત્રણઠાણીયો, અને બેઠાણીયો રસ બાંધે છે. ત્યાં સર્વવિશુદ્ધ પરિણામવાળા જીવો ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની જઘન્યસ્થિતિ બાંધે છે. ॥ ૯૧ ॥

**વિવેચન-** જે સર્વવિશુદ્ધ પરિણામવાળા જીવો છે તેઓ પરાવર્તમાન એવી શુભ પ્રકૃતિઓનો ચઉઠાણીયો રસ બાંધે છે. તથા જે મધ્યમ પરિણામવાળા જીવો છે. તેઓ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ત્રણઠાણીયો રસ બાંધે છે. તથા અત્યન્ત સંક્લિષ્ટતર પરિણામવાળા જે જીવો છે. તે જીવો પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો બેઠાણીયો રસ બાંધે છે.

આ જ પ્રમાણે તે તે યોગ્યભૂમિકાને અનુસારે પરાવર્તમાન અશુભપ્રકૃતિઓ જે જે બંધાતી હોય તે તે પ્રકૃતિઓનો રસ તે તે જીવો અનુક્રમે સર્વ વિશુદ્ધ હોય તે બેઠાણીયો, મધ્યમ પરિણામવાળા હોય તો ત્રણઠાણીયો અને સંક્લિષ્ટતર પરિણામવાળા હોય તેવા જીવો ચઉઠાણીયો રસબંધ કરે છે. આ વાત ઉપર કહેલા ભાવાર્થથી આપોઆપ જ સમજાય તેવી છે.

જે સર્વવિશુદ્ધ જીવો છે અને પરાવર્તમાન પુણ્યપ્રકૃતિઓનો ચતુઃસ્થાનિક (ચઉઠાણીયો) રસબંધ કરે છે. અને પાપ પ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસબંધ કરે છે. તેઓ ધ્રુવબંધી પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ બાંધે છે. ॥ ૯૧ ॥

**तिठाणे अजहन्नं, बिठाणे जिट्ठगं सुहाण कमा ।**
**सठाणे उ जहन्नं, अजहण्णुक्कोसमियरासिं ॥ ९२ ॥**

ગાથાર્થ- પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો જે જીવો ત્રણ ઠાણીયો રસબંધ કરે છે તેઓ ધ્રુવબંધીની પ્રકૃતિઓની અજઘન્ય (મધ્યમ) સ્થિતિ બાંધે છે અને બેઠાણીયો રસબંધ જેઓ કરે છે. તેઓ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે. તે જ પ્રમાણે ઇતર એવી અશુભ પ્રકૃતિઓનો પોતપોતાના સ્થાને અનુક્રમે જઘન્ય-અજઘન્ય અને ઉત્કૃષ્ટ રસબંધ આવા જીવો કરે છે તે સમજી લેવું. ॥ ૯૨ ॥

**વિવેચન-** तिठाणे શબ્દમાં જે સપ્તમી વિભક્તિ આવી છે તે છઠ્ઠી વિભક્તિના અર્થમાં છે. અર્થાત્ ત્યાં છઠ્ઠી વિભક્તિનો અર્થ કરવો. તેથી પરાવર્તમાન પુણ્ય પ્રકૃતિઓનો જે જીવો ત્રણઠાણીયો રસ બાંધે છે. તેઓ ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની અજઘન્ય અર્થાત્ મધ્યમ સ્થિતિ બાંધે છે અને  = પુણ્ય પ્રકૃતિઓનો જે જીવો બેઠાણીયો રસબંધ કરે છે તેઓ સંક્લિષ્ટ પરિણામ વાળા હોવાથી ધ્રુવ બંધી કર્મપ્રકૃતિઓની જયેષ્ઠ એટલે કે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે.

તથા તેનાથી ઇતર એવી એટલે કે પરાવર્તમાન અશુભ કર્મપ્રકૃતિઓનો જે જીવો બેઠાણીયો રસબંધ કરે છે તે જીવો ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધે છે. પોતાની જેવી વિશુદ્ધિ વર્તે છે. તેવી ભૂમિકા પ્રમાણે જઘન્ય સ્થિતિ બાંધે છે.

તથા પરાવર્તમાન અશુભ કર્મપ્રકૃતિઓનો જ્યારે બેઠાણીયો રસ બંધાતો હોય છે. ત્યાં તે રસબંધને યોગ્ય તેના હેતુભૂત વિશુદ્ધિને અનુસારે ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બંધાય છે. પરંતુ અત્યન્ત જઘન્ય સ્થિતિ બંધાતી નથી. કારણ કે અત્યન્ત જઘન્ય સ્થિતિ તો અતિશય ઘણી જ વિશુદ્ધિ હોય ત્યારે એટલે કે પ્રાયઃ નવમા-દસમા ગુણસ્થાનક આદિમાં બંધાય છે. અને ત્યારે પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો બંધ જ હોતો નથી. તે બંધ લગભગ આઠમા ગુણઠાણના છઠ્ઠાભાગે વિચ્છેદ પામેલો હોય છે.

તથા જે જીવો પરાવર્તમાન અશુભ કર્મપ્રકૃતિઓનો ત્રિઠાણીયો રસબંધ કરે છે. તે જીવો ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની અજઘન્ય (મધ્યમ) સ્થિતિ બાંધે છે. તથા જે જીવો પરાવર્તમાન અશુભ કર્મપ્રકૃતિઓનો ચઉઠાણીયો રસબંધ કરે છે તે જીવો ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે કારણ કે આવા જીવો જ ઘણાં સંક્લિષ્ટતર પરિણામવાળા છે. ॥ ૯૨ ॥

આ વિષયને સમજાવતું સામાન્ય ચિત્ર આ પ્રમાણે છે.

| ૧ ધ્રુવબંધી ૪૭ ની જઘન્ય સ્થિતિ બાંધે ત્યારે | ૨ આત્મા અત્યન્ત વિશુદ્ધ પરિણામ વાળો હોય ત્યારે | ૩ પુણ્ય પ્રકૃતિઓનો ૪ ઠાણીયો રસ પ્રાયઃ બાંધે | ૪ પાપ પ્રકૃતિઓનો રસ પ્રાયઃ ૨ ઠાણીયો બાંધે | ૫ પ્રાયઃ ૧ કોડાકોડી સાગરોપમથી ૧૦ કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિ બાંધે |
|---|---|---|---|---|
| ધ્રુવબંધી ૪૭ની મધ્યમ સ્થિતિ બાંધે ત્યારે | આ આત્મા મધ્યમ પરિણામવાળો હોય છે | પુણ્ય પ્રકૃતિઓનો ૩ ઠાણીયો રસબંધ પ્રાયઃ કરે છે | પાપ પ્રકૃતિઓનો પણ ૩ ઠાણીયો રસબંધ પ્રાયઃ કરે છે. | પ્રાયઃ ૧૧ કોડા૦ સાગરોપમથી ૨૦ કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિ બાંધે છે. |
| ધ્રુવબંધી ૪૭ની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે ત્યારે | આ આત્મા અત્યન્ત સંક્લિષ્ટ પરિણામ વાળો હોય છે | પુણ્ય પ્રકૃતિઓનો ૨ ઠાણીયો રસબંધ કરે છે | પાપ પ્રકૃતિઓનો ૪ ઠાણીયો રસબંધ કરે છે | પ્રાયઃ ૨૧ કોડાકોડી સાગરોપમથી ૩૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ બાંધે છે. |

***અવતરણ :- આ વિષયમાં જીવોની પ્રરૂપણા બે પ્રકારની છે એક અનન્તરોપનિધા વડે અને બીજી પરંપરોપનિધા વડે ત્યાં પ્રથમ અનન્તરોપનિધા વડે પ્રરૂપણા કરતાં જણાવે છે કે :-***

**थोया जहन्निगाए, होंति विसेसाहिगोदहिसयंति ।**
**जीवा विसेसहीणा उदहिसयपुहुत्त मो जाव ॥ ९३ ॥**

ગાથાર્થ- ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિને બાંધનારા જીવો સૌથી અલ્પ છે. તેના કરતાં સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક વિશેષાધિક છે. ત્યારબાદ સેંકડો સાગરોપમ સુધીની સ્થિતિ બાંધનારા જીવો વિશેષહીન વિશેષહીન પણે છે.

**વિવેચન-** પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો ચઉઠાણીયો રસ બાંધતા એવા જીવો ધ્રુવબંધી

પ્રકૃતિઓની જે સ્થિતિ આસરે જ્ઞાનાવરણીય કર્મની ૧ થી ૧૦ કોડાકોડી સાગરોપમ જેટલી બાંધે છે ત્યાં અંતઃકોડાકોડીવાળા પ્રથમ સ્થિતિ બંધસ્થાનકમાં વર્તતા જીવો સૌથી થોડા હોય છે. કારણ કે ઘણી વિશુદ્ધિ હોય ત્યારે જ આ બંધાય છે. તે માટે,

સમયાધિક અંતઃકોડાકોડી વાળા બીજા સ્થિતિ સ્થાનના બન્ધક જીવો પૂર્વબંધક જીવો કરતાં વિશેષાધિક હોય છે. તેના કરતાં બે સમય અધિક જઘન્ય સ્થિતિ બંધ કરનારા જીવો તેના કરતાં પણ વિશેષાધિક હોય છે. તેના કરતાં ત્રણ સમય અધિક જઘન્ય સ્થિતિબંધ કરનારા જીવો વધારે અધિક હોય છે.

આ પ્રમાણે વિશેષાધિક-વિશેષાધિક જીવો ત્યાં સુધી.કહેવા કે યાવત્ ઘણાં સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય કલ્પનામાત્રથી સમજાવવા પુરતી જ આ એક કલ્પના કરીને સમજાવવા મહેનત કરૂં છું કે ૧ થી ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જે સ્થિતિ શુભપ્રકૃતિઓના ચઉઠાણીયા રસ સાથે બંધાય છે. તેમાંની અર્ધ સ્થિતિબંધ એટલે કે ૫ કોડાકોડી સાગરોપમ સુધી સ્થિતિબંધ આવે ત્યાં સુધી બંધકજીવો વિશેષાધિક વિશેષાધિક કહેવા.

ત્યારબાદ ૫ કોડાકોડી સાગરોપમથી ૧૦ કોડાકોડી સાગરોપમ સુધીનાં સ્થિતિસ્થાનો બાંધતા જીવો ક્રમશ વિશેષહીન વિશેષહીન છે આમ જાણવું. ગાથામાં લખેલો મો શબ્દ માત્ર પાદપૂર્તિ માટે જ છે. અહીં ગાથામાં उदधिशतपृथक्त्वમાં પૃથકત્વ શબ્દ છે તે માત્ર બહુત્વવાચી છે. તેથી ૨ થી ૯ આ અર્થ ન લેવો ચૂર્ણિકારનું જ આવું કથન છે કે આ પૃથકત્વ શબ્દ બહુત્વ અર્થમાં છે पुहुत्तसद्दो बहुत्तवाई । ॥૯૩॥

**एवं तिठाणकरा बिठाणकरा य आ सुभुक्कोसा ।**
**असुभाणं बिठाणे तिचउठाणे य उक्कोसा ॥ ९४ ॥**

ગાથાર્થ- આ જ પ્રમાણે ત્રણ સ્થાનિક અને બે સ્થાનિક રસ બંધ કરનારા જીવો પુણ્યપ્રકૃતિઓની મધ્યમસ્થિતિ તથા ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે ત્યાં સુધી કહેવું. અને અશુભપ્રકૃતિઓની જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધતો જીવ તેને અનુસારે જ અનુકમે દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક, અને ચતુઃસ્થાનિક રસબંધ જીવો કરે છે એમ કહેવું ॥૯૪॥

વિવેચન- જેમ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક રસને બાંધતા જીવો ધ્રુવબંધી પ્રકૃતિઓની ૧ થી ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ કરે છે અને ત્યાં ૧ થી ૫ કોડાકોડી સાગરોપમનો સ્થિતિ બંધ કરનારા જીવો વિશેષાધિક વિશેષાધિક કહ્યા છે. અને ૫ થી ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિને બાંધનારા જીવો વિશેષહીન વિશેષહીન કહ્યા છે.

તે જ પ્રમાણે પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ત્રિસ્થાનિક રસબંધ કરનારા અને દ્વિસ્થાનિક રસબંધ કરનારા જીવોમાં પણ યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી કહી દેવા (અર્થાત્ સમજી લેવા). તે આ પ્રમાણે છે.

પરાવર્તમાન શુભપ્રકૃતિઓના ત્રિસ્થાનિક રસબંધ કરનારા જીવો ધ્રુવબંધી પ્રકૃતિઓની ૧૦ થી ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધે છે. ત્યાં સ્વપ્રાયોગ્ય ૧૦ થી ૨૦ કોડાકોડી સાગરોપમમાં જઘન્યસ્થાનમાં બન્ધક તરીકે વર્તતા જીવો થોડા છે. સમયાધિક ૧૦ કોડાકોડીવાળા બીજા સ્થિતિ  સ્થાનને બાંધનારા જીવો વિશેષાધિક છે. બે સમયાધિક ૧૦ કોડાકોડી સાગરોપમવાળા ત્રીજા સ્થિતિસ્થાનમાં વર્તનારા જીવો તેનાથી પણ વધારે વિશેષાધિક છે.

આમ કરતાં કરતાં ૧૫ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધનારા જીવો ક્રમશઃ વિશેષાધિક વિશેષાધિક કહેવા ૧૫ કોડાકોડી સાગરોપમ પછી એક સમય અધિક, બે સમય અધિક અને ત્રણ સમય અધિક સ્થિતિ બાંધનારા જીવો ક્રમશ વિશેષહીન વિશેષહીન કહેવા તે પણ ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિનાં સ્થાનો થાય ત્યાં સુધી એટલે ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ સુધી વિશેષહીન વિશેષહીન જીવો કહેવા.

આ જ પ્રમાણે પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો દ્વિસ્થાનક રસબંધ કરતી વખતે ધ્રુવબંધી પ્રકૃતિઓની ૨૦ થી ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. ત્યાં પણ પ્રથમ સ્થિતિસ્થાનથી ૨૫ કોડાકોડી સાગરોપમવાળા સ્થિતિસ્થાન સુધી બંધક જીવો વિશેષાધિક વિશેષાધિક કહેવા ત્યારબાદ ૨૫ થી ૩૦ કોડાકોડી વાળા સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધનારા જીવો અનુક્રમે વિશેષહીન વિશેષહીન કહેવા.

પુણ્યપ્રકૃતિઓમાં જેમ સમજાવ્યું તેમ પાપ પ્રકૃતિઓમાં પણ ઉપર જણાવેલી રીતિ મુજબ જ વિપરીતપણે જીવો બંધક છે. આમ સમજી લેવું. પ્રારંભમાં બેઠાણીયા રસના બંધક જીવો કહેવા, ત્યારબાદ ત્રિસ્થાનિક રસના બંધક જીવો અને ત્યારબાદ ચતુઃસ્થાનિક રસના બંધક જીવો કહેવા તે કંઈક સ્પષ્ટ રીતે આ પ્રમાણે છેઃ-

અશુભ પરાવર્તમાન પ્રકૃતિઓના દ્વિસ્થાનિક રસનો બંધ કરતા છતા ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની જઘન્યસ્થિતિ બંધમાં બન્ધક તરીકે વર્તનારા જીવો સૌથી અલ્પ હોય છે. સર્વવિશુદ્ધ જીવો છે માટે તે અલ્પ છે. તેના કરતાં સમયાધિક બીજા સ્થિતિસ્થાનમાં બન્ધક તરીકે વર્તનારા જીવો વિશેષાધિક છે. બે સમયાધિક વાળા ત્રીજા સ્થિતિસ્થાનમાં બન્ધક તરીકે વર્તનારા જીવો તેનાથી પણ વિશેષાધિક છે એમ યાવત્ સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનો બંધાય અર્થાત્ ૧ થી ૫ કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિ બંધાય ત્યાં સુધી કહેવું.

ત્યારબાદ વિશેષહીન વિશેષહીન બંધક જીવો છે આમ પણ ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિસ્થાનો કહેવા. અર્થાત્ ૫ થી ૧૦ કોડાકોડી સાગરોપમસુધીનાં સ્થિતિ સ્થાનોમાં વિશેષહીન-વિશેષહીન બંધક જીવો કહેવા.

તે જ પ્રમાણે અશુભ પરાવર્તમાન કર્મપ્રકૃતિઓનો ત્રિસ્થાનિક રસબંધ કરનારા જીવો ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની જે ૧૦ થી ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધે છે. તેમાં જઘન્યસ્થિતિ બંધસ્થાનમાં એટલે ૧૦ કોડાકોડીવાળા સ્થાનમાં બંધક તરીકે વર્તતા જીવો ઘણા જ અલ્પ છે તેના કરતાં ૧ સમય, ૨ સમય, ૩ સમય, અધિક અધિક સ્થિતિ બંધ કરનારા જીવો વિશેષ અધિક વિશેષ અધિક છે. આમ ૧૫ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ સુધી કહેવું.

ત્યારબાદ આજ ક્રમ પ્રમાણે ૧૫ થી ૨૦ કોડાકોડીની સ્થિતિ બાંધનારા જીવોમાં પણ વિશેષહીન વિશેષહીન પ્રમાણે બન્ધક જીવો હોય છે આમ જાણવું.

તથા પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ચતુઃસ્થાનિક રસબંધ કરનારા જીવો ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓની જે ૨૦ થી ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધે છે તેમાં જઘન્યસ્થિતિને બાંધનારા એટલે કે ૨૦ કોડાકોડી સાગરોપમ વાળા સ્થિતિસ્થાનને બાંધનારા જીવો અલ્પ છે. ત્યારબાદ ૧ સમયઅધિક, ૨ સમયઅધિક, એમ યાવત્ સેંકડો સાગરોપમ પ્રમાણ એટલે કલ્પનાથી ૨૫ કોડાકોડીની સ્થિતિ બાંધનારા જીવો સુધી વિશેષાધિક જીવો જાણવા, અને ત્યારબાદ એટલે કે ૨૫ થી ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધનારા બધા જીવો વિશેષહીન વિશેષહીન છે. આમ જાણવું.

આ પ્રમાણે કહેતાં કહેતાં પાપ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ ચતુઃસ્થાનિકરસબંધ કરનારા જીવો પાપ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક આવે તેમ સમજવું ॥ ૯૪ ॥

*અવતરણ : અનન્તરોપનિધા કરી, હવે પરંપરોપનિધા જણાવે છે.*

**पल्लसंखियमूलाणि, गंतुं दुगुणा य दुगुणहीणा य ।**
**नाणंतराणि पल्लस्स, मूलभागो असंखतमो ॥ ९५ ॥**

ગાથાર્થ- પલ્યોપમના અસંખ્યાત વર્ગમૂલ કાઢે છતે જે આંક આવે તેના પ્રમાણનાં સ્થિતિ સ્થાનો ઓળંગે છતે બંધક જીવો ત્રણે જગ્યાએ દ્વિગુણ-દ્વિગુણ અને બીજી ત્રણ જગ્યાએ દ્વિગુણહીન દ્વિગુણહીન થાય છે, આવા પ્રકારનાં દ્વિગુણવૃદ્ધિના સ્થાનો અને દ્વિગુણહાનિનાં સ્થાનો એક પલ્યોપમના પ્રથમ વર્ગમૂલના અસંખ્યાતમા ભાગતુલ્ય થાય છે. ॥ ૯૫ ॥

**વિવેચન :-** પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો ચઉઠાણીયો રસ બાંધનારા અને પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો બેઠાણીયો રસ બાંધનારા જીવો ધ્રુવબંધી પ્રકૃતિઓની જઘન્યસ્થિતિના પ્રથમ સ્થાનકના બંધક તરીકે જે જીવો વર્તે છે તે સૌથી અલ્પ છે. તેની અપેક્ષાએ, બીજા-ત્રીજા આદિ સ્થિતિસ્થાનમાં અધિક અધિક જીવો હોતે છતે પલ્યોપમનાં અસંખ્યાતાં વર્ગમૂલ કાઢે છતે જેટલા સમયો થાય. તેટલા સમય પ્રમાણ સ્થિતિસ્થાનો પસાર કરીએ ત્યારે જે સ્થિતિસ્થિાન આવે છે. તેમાં બંધક તરીકે વર્તતા જીવો દ્વિગુણ અધિક થાય છે. આ જ પ્રમાણે આટલા આટલાં સ્થાનો પસાર કરે છતે જે જે સ્થિતિસ્થાન આવે છે તેમાં તેમાં બંધક જીવો દ્વિગુણઅધિક દ્વિગુણઅધિક હોય છે આમ સેંકડો સાગરોપ્રમાણ સ્થિતિસ્થાનો જાય ત્યાં સુધી કહેવું (એટલે કે કલ્પનાથી ૧ થી ૫ કોાકોડી, ૧૦ થી ૧૫ કોડાકોડી, અને ૨૦ થી ૨૫ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જે સ્થિતિ સ્થાન બંધાય છે. તેમાં આમ કહેવું.) ત્યારબાદ પલ્યોપમના અસંખ્યાતા વર્ગમૂલ કાઢે છતે જેટલા સમયો થાય તેટલા સમય પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગીને પછી પછીના સ્થિતિસ્થાનમાં વિશેષાધિકવાળા સ્થિતિસ્થાનમાં જે ચરમસમય હતો તેમાં જે બંધક જીવો હતા. તેની અપેક્ષાએ દ્વિગુણહીન જીવો બંધક તરીકે જાણવા.

ત્યારપછી ફરીથી તેટલાં જ સ્થિતિસ્થાનો ઓળંગીએ ત્યારે ત્યાં જીવો દ્વિગુણહીન અર્થાત્ અર્ધસંખ્યાવાળા થાય છે. આ પ્રમાણે દ્વિગુણહાનિ દ્વિગુણહાનિની વક્તવ્યતા પાંચ થી ૧૦ કોડાકોડી સાગરોપમાં, ૧૫ થી ૨૦ કોડાકોડી સાગરોપમમાં, તથા ૨૫ થી ૩૦ કોડાકોડી સાગરોપમમાં કરવી.

સારાંશ કે પરાવર્તમાન શુભપ્રકૃતિઓના ચઉઠાણિયા રસના બંધક જીવોમાં જેવુ અર્ધ ભાગ સુધી દ્વિગુણવૃદ્ધિ અને પાછલા અર્ધભાગમાં દ્વિગુણહાનિ કહી તે જ પ્રમાણે પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ત્રણઠાણીયા રસના બંધક જીવોમાં પણ અર્ધ ભાગ સુધી પ્રથમ વિશેષાધિક હોવાથી દ્વિગુણવૃદ્ધિ અને પછીના અર્ધ ભાગમાં વિશેષહીન હોવાથી દ્વિગુણહાનિ કહેવી.

જેમ પરાવર્તમાન શુભપ્રકૃતિઓના ચઉઠાણીયા, ત્રણઠાણીયા અને બેઠાણીયા રસના બંધક જીવોને આશ્રયી પરંપરોપનિધા સમજાવી તે જ પ્રમાણે પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના બેઠાણીયા, ત્રણઠાણીયા અને ચારઠાણીયા રસ બાંધનારા જીવોને આશ્રયી પણ દ્વિગુણવૃદ્ધિ અને દ્વિગુણહાનિ સમજી લેવી.

આ પ્રમાણે થતી આ દ્વિગુણવૃદ્ધિ અને દ્વિગુણહાનિમાં કોઈપણ બે વૃદ્ધિની વચ્ચે અથવા બે દ્વિગુણહાનિની વચ્ચે જે સ્થિતિસ્થાનો આવે છે તે એક પલ્યોપમનાં અસંખ્યાતાં વર્ગમૂલો કરે છતે જેટલા સમયો થાય તેટલા પ્રમાણવાળાં વચ્ચેનાં સ્થાનો છે.

જ્યારે દ્વિગુણવૃદ્ધિવાળાં સ્થાનો અને દ્વિગુણહાનિવાળાં જે સ્થાનો છે તે પલ્યોપમના પ્રથમ વર્ગમૂલના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો આવે તેટલા પ્રમાણવાળાં છે. તેથી કરીને આ દ્વિગુણવૃદ્ધિવાળાં અને દ્વિગુણહાનિવાળાં સ્થાનો થોડાં છે. તેના કરતાં કોઈ પણ બે દ્વિગુણવૃદ્ધિ અને બે દ્વિગુણહાનિની વચ્ચેનાં સ્થાનો અસંખ્યાતગુણાં છે. આ પ્રમાણે અલ્પબહુત્વ જાણવું. ॥ ૯૫ ॥

*અવતરણ :- બન્ધથી ભિન્ન ભિન્ન થનારા રસના ભેદોમાં ભિન્ન ભિન્ન સંજ્ઞાવિશેષ સમજાવે છે :-*

**अणगारप्पाउग्गा बिठाणगया उ दुविह पगईणं ।**
**सागारा सव्वत्थ वि, हेट्ठा थोवाणि जवमज्झा ॥ ९६ ॥**

**ठाणाणि चउठाणे, संखेज्जगुणाणि उवरिमेवंति ।**
**तिठाणे बिठाणे सुभाणि एगंत मीसाणि ॥ ९७ ॥**

ગાથાર્થ- બન્ને પ્રકારની કર્મપ્રકૃતિઓમાં (શુભમાં અને અશુભમાં) અનાકાર પ્રાયોગ્ય (અનાકાર ઉપયોગથી જ બંધાય તેવાં) બેઠાણીયા રસવાળાં જ સ્થાનો હોય છે. પરંતુ સાકારોપયોગ યોગ્ય (સાકારોપયોગથી બંધાય તેવાં) સ્થાનો સર્વત્ર (બેઠાણીયા-ત્રણઠાણીયા અને ચારઠાણીયા રસવાળાં) હોય છે. શુભ પ્રકૃતિઓના ચારઠાણિક રસબંધને યોગ્ય સ્થાનોમાં યવમધ્યની નીચેનાં સ્થાનો સર્વથી થોડાં જાણવાં, તેનાથી યવમધ્ય ઉપરનાં સ્થાનો સંખ્યાતગુણ જાણવાં. આ જ પ્રમાણે ત્રણઠાણીયા અને બેઠાણીયા રસબંધમાં પણ આમ જ જાણવું તેના કરતાં દ્વિસ્થાનક રસબંધના યવમધ્યભાગ કરતાં નીચેનાં એકાન્ત સાકારોપયોગ યોગ્ય અને મિશ્ર ઉપયોગયોગ્ય સ્થિતિસ્થાનો અનુક્રમે સંખ્યાતગુણ કહેવાં. ॥ ૯૬- ૯૭ ॥

**વિવેચન-** બન્ને પ્રકારની શુભ અને અશુભ પરાવર્તમાન પ્રકૃતિઓના રસ બંધને આશ્રયી અનાકાર ઉપયોગ યોગ્ય રસબંધ થતો હોય એવો માત્ર બેઠાણીયો જ રસ હોય છે. (પરંતુ ત્રિઠાણીયો કે ચઉઠાણીયો રસ અનાકાર ઉપયોગથી બંધાય તેવો હોતો નથી વધારે રસબંધ હોવાથી સાકારોપયોગથી જ બંધાય છે.

તથા અનાકાર ઉપયોગ યોગ્ય બેઠાણીયો જ રસબંધ હોય છે. પરંતુ બેઠાણીયો તમામ રસ અનાકાર ઉપયોગ યોગ્ય જ હોય છે. આવો નિયમ નથી. કારણ કે બેઠાણીયો રસ જેમ અનાકાર ઉપયોગ યોગ્ય હોય છે તેમ કેટલોક બેઠાણીયો રસ મિશ્ર પણ (એટલે સાકાર અને અનાકાર એમ બન્ને ઉપયોગ બંધાય તેવો પણ) હોય છે.

બન્ને પ્રકારની પ્રકૃતિઓનો અનાકાર ઉપયોગ પ્રાયોગ્ય જે રસબંધ છે તે બંધને આશ્રયી તેવા પ્રકારના મંદ પરિણામ વડે બંધને યોગ્ય હોવાથી અનાકાર ઉપયોગને યોગ્ય

આવા વ્યવહારનો વિષય તે રસ બને છે. અને તે નિયમા દ્વિસ્થાનક જ હોય છે. અન્ય સ્થાનક (ત્રિસ્થાનિક કે ચતુ સ્થાનિક રસ) અનાકાર ઉપયોગયોગ્ય હોતો નથી.

तु શબ્દ ગાથામાં જે છે. તે એવકાર અર્થમાં છે વ્યાકરણમાં કહ્યું છે કે "तुः स्याद् भेदेऽवधारणे" तु શબ્દ ભેદ અર્થમાં અને અવધારણ અર્થમાં વપરાય છે. તેથી અહીં અવધારણ અર્થ લીધો છે.

सागारा = બન્ધને આશ્રયી તીવ્ર પરિણામથી બાંધવાને યોગ્ય એટલે કે સાકારોપયોગ યોગ્યતા સંબંધી વ્યવહારના વિષયવાળો રસ તો સર્વત્ર દ્વિસ્થાનિક આદિમાં ત્રણેમાં પ્રાપ્ત થાય છે. દ્વિસ્થાનિક ત્રિકસ્થાનિક અને ચતુઃસ્થાનિક રસ એમ ત્રણે પ્રકારનો રસ બંધને આશ્રયી સાકાર ઉપયોગયોગ્ય કહેવાય છે. પરંતુ અનાકાર ઉપયોગ યોગ્ય તો માત્ર દ્વિસ્થાનિક જ હોય છે.

ઉપરની વાતનો સારાંશ એ આવે છે કે ત્રિસ્થાનિક રસ અને ચતુઃસ્થાનિક રસ કેવળ એકલા સાકાર ઉપયોગને યોગ્ય જ છે. પરંતુ દ્વિસ્થાનિક રસ ઉભયયોગ્ય છે. (કેવળ અનાકાર ઉપયોગયોગ્ય પણ છે અને સાકાર ઉપયોગ યોગ્ય પણ છે) આ પ્રમાણે ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક એમ બે પ્રકારનો રસ કેવળ સાકારોપયોગ યોગ્ય જ છે. અને દ્વિસ્થાનિક વાળો જે રસ બંધાય છે તે ઉભયયોગ્ય છે આમ બન્નેમાં સંજ્ઞાનો ભેદ છે આ વાત ફલિત થઇ.

હવે સર્વ સ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ સમજાવે છે "हेठा थोवाणि जवमज्झा ठाणाणि चउठाणे" :- (૧) શુભ પરાવર્તમાન પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક રસબંધને યોગ્ય જે સ્થાનો છે તેમાં યવમધ્યથી નીચેનાં જે સ્થિતિસ્થાનો છે તે સૌથી અલ્પ છે.

(૨) તેનાથી ચતુસ્થાનિક રસબંધને યોગ્ય સ્થિતિસ્થાનોમાં યવમધ્યથી ઉપરનાં જે સ્થિતિસ્થાનો છે. તે સંખ્યાતગુણાં છે. આ જ પ્રમાણે ત્રિસ્થાનિક રસબંધમાં પણ સમજવું. તે આ પ્રમાણેઃ- ચતુઃ સ્થનિક રસબંધને યોગ્ય સ્થિતિ સ્થાનોમાં યવમધ્યની ઉપર જે સ્થિતિસ્થાનો છે. (૩) તેના કરતાં પરાવર્તમાન શુભપ્રકૃતિઓનાં ત્રિસ્થાનિક રસબંધના યવમધ્યથી નીચેનાં સ્થાનો સંખ્યાતગુણાં છે. (૪) તેના કરતાં ત્રિસ્થાનિક રસબંધના યવમધ્યથી ઉપરનાં સ્થાનો સંખ્યાત ગુણાં છે (જો કે મેં પૂર્વ ગાથા નંબર ૯૪ના વિવચનમાં ત્રણે પ્રકારના રસબંધમાં અર્ધે અર્ધે યવમધ્ય કલ્પીને ૫-૧૦-૧૫-૨૦-૨૫-૩૦ સાગરોપમ પ્રમાણની સમાન કલ્પના કરીને પ્રથમ અર્ધા ભાગમાં વૃદ્ધિ અને પછીના અર્ધભાગમાં હાનિ સમજાવી છે તે માત્ર વિદ્યાર્થીઓને આ વિષય સમજવો સરળ પડે તે માટે કલ્પના જ કરેલી છે. વાસ્તવિકપણે આ સમાન ભાગ નથી. તો જ આ અલ્પબહુત્વ સારી રીતે સંભવી શકે છે.) બાકી આ છએ ભાગો સમાન નથી. એમ જાણવું.

ત્રિસ્થાનિક રસબંધના યવમધ્યથી ઉપરનાં જે સ્થાનો છે. (૫) તેના કરતાં દ્વિસ્થાનિક રસબંધના યવમધ્યથી નીચેનાં જે સ્થિતિ સ્થાનો છે. તેમાં જે એકાન્ત સાકાર ઉપયોગ યોગ્ય જે સ્થિતિ સ્થાનો છે. તે સંખ્યાતગુણાં છે. (૬) તેના કરતાં એટલે કે તે દ્વિસ્થાનિક રસબંધની અંદર યવમધ્યથી નીચેનાં એકાન્ત સાકાર ઉપયોગયોગ્ય રસબંધનાં સ્થાનો કરતાં તેની જ ઉપર રહેલાં અને યવમધ્યથી નીચે રહેલાં સાકાર અને અનાકાર બન્ને ઉપયોગને યોગ્ય એવાં મિશ્ર સ્થાનો સંખ્યાતગુણાં છે. ૯૭ મી મૂલ ગાથાના ચરમપદમાં કહ્યું જ છે કે एगंत मीसाणि ત્યારપછીનું અલ્પબહુત્વ હવે પછીની ગાથામાં આવે છે ॥ ૯૬-૯૭ ॥

**उवरिं मिस्साणि जहन्नगो, सुभाणं तओ विसेसहिओ ।**
**होइ सुभाण जहन्नो, संखेज्ज गुणाणि ठाणाणि ॥ ९८ ॥**

**बिठाणे जवमज्झा, हेट्ठा एगंत मीसगाणुवरिं ।**
**एवं तिचउठाणे, जवमज्झाओ य डायठिई ॥ ९९ ।**

ગાથાર્થ- યવમધ્યની ઉપર મિશ્રસ્થાનો સંખ્યાત ગુણાં છે. તેના કરતાં પરાવર્તન શુભપ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. તેના કરતાં અશુભ કર્મપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે. તેના કરતાં અશુભ પરાવર્તમાન પ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસબંધના યવમધ્યથી નીચેમાં એકાન્ત સાકારોપયોગયોગ્ય સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણાં જાણવાં, તેનાથી તે અશુભ કર્મપ્રકૃતિઓના દ્વિસ્થાનિક રસબંધના યવમધ્યથી નીચેનાં પણ પાછળલાં એકાન્ત સાકાર ઉપયોગ યોગ્યથી ઉપરનાં મિશ્રસ્થાનો સંખ્યાતગુણાં છે. તેના કરતાં અશુભ પરાવર્તન પ્રકૃત્તિઓના દ્વિસ્થાનિક રસબંધના યવમધ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો સંખ્યાતગુણાં છે તેનાથી ઉપરનાં એકાન્ત સાકાર ઉપયોગયોગ્ય સ્થિતિસ્થાનો સંખ્યાતગુણા છે. તેના કરતાં પરાવર્તમાન અશુભપ્રકૃતિનાં ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક રસબંધનાં નીચેના અને ઉપરના સ્થિતિસ્થાનો અનુક્રમે સંખ્યાત ગુણાં છે. તેના કરતાં ડાયસ્થિતિ સંખ્યાતગુણ છે. ॥૯૮-૯૯॥

**વિવેચન-** શુભ કર્મપ્રકૃતિઓનાં દ્વિસ્થાનિક રસબંધનાં યવમધ્યથી નીચે રહેલાં સાકાર-અનાકાર ઉપયોગ યોગ્ય મિશ્ર સ્થાનો કરતાં (૭) યવમધ્યની ઉપર રહેલાં મિશ્રસ્થાનો (સાકાર અને અનાકાર એમ બન્ને ઉપયોગને યોગ્ય સ્થાનો) સંખ્યાતગુણાં છે. (૮) તેના કરતાં શુભકર્મપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણો છે. (૯) તેના કરતાં અશુભ પરાવર્તમાન કર્મપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે.

(૧૦) તેના કરતાં અશુભ પરાવર્તમાન કર્મપ્રકૃતિઓનાં જ દ્વિસ્થાનિક રસબંધના યવમધ્યથી નીચેનાં એકાન્ત સાકાર ઉપયોગ યોગ્ય સ્થિતિ સ્થાનો સંખ્યાત ગુણાં છે. (૧૧)

તેના કરતાં તે જ દ્વિસ્થાનિક રસબંધના યવમધ્યથી નીચેનાં પણ પાછલાં એકાન્ત સાકાર ઉપયોગયોગ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિ સ્થાનો (જે સાકાર અને અનાકાર બન્ને ઉપયોગને યોગ્ય) છે. તે સંખ્યાત ગુણાં છે.

(૧૨) તેના કરતાં તે જ અશુભ પરાવર્તમાન કર્મપ્રકૃતિઓનાં દ્વિસ્થાનિક રસબંધના યવમધ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણાં છે. (૧૩) તેના કરતાં યવમધ્યથી ઉપરનાં એકાન્ત સાકાર ઉપયોગયોગ્ય સ્થિતિસ્થાનો સંખ્યાતગુણાં છે.

(૧૪) તેના કરતાં તે જ પરાવર્તમાન અશુભ કર્મ પ્રકૃતિઓનાં ત્રિસ્થાનિક રસબંધના યવમધ્યથી નીચેનાં સ્થિતિ સ્થાનો સંખ્યાતગુણાં છે. (૧૫) તેના કરતાં પણ પરાવર્તમાન અશુભ કર્મ પ્રકૃતિઓનાં ત્રિસ્થાનિક રસબંધને યોગ્યના યવમધ્યથી ઉપરનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણાં છે.

(૧૬) તેના કરતાં પરાવર્તમાન અશુભ કર્મ પ્રકૃતિઓનાં ચતુઃસ્થાનિક રસબંધના યવમધ્યથી નીચેનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણાં છે. (૧૭) તેના કરતાં ચતુઃસ્થાનિકના યવમધ્યથી ઉપરનાં જે સ્થિતિસ્થાનો છે તેના કરતાં ડાયસ્થિતિ સંખ્યાત ગુણ છે.

પ્રશ્ન :- આ ડાયસ્થિતિ એટલે શું ? ડાયસ્થિતિ કોને કહેવાય ?

ઉત્તર :- જે સ્થિતિસ્થાનથી અપવર્તના કરણવડે ઘટાડાયેલી સ્થિતિમાંથી ઉત્કૃષ્ટસ્થિતિ થઈ શકે તે સ્થિતિ સ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધીની જે સ્થિતિ તેને અપવર્તના ડાયસ્થિતિ કહેવાય છે. તે અસંખ્યાતગુણી છે દાખલા તરીકે કોઈ એક કર્મની એક જીવ પાસે ૧૦૦૦ એક હજાર વર્ષની સ્થિતિ છે. તેની અપવર્તના કરણવડે કરીને (ઘટાડો કરીને) ૧૦૦ વર્ષથી ૯૦૦ વર્ષ સુધીની તે જીવ કરી શકે છે. ત્યાં ધારો કે ૧૦૦ વર્ષની કરે, તો તે અપવર્તના કરણવડે જઘન્ય સ્થિતિ કરી કહેવાય. ૧૦૧ થી ૮૯૯ વર્ષની કરે તો તે અપવર્તનાવડે મધ્યમ સ્થિતિ કરી કહેવાય.

અને ૧૦૦૦ વર્ષવાળી તે સ્થિતિ અપવર્તનાકરણ વડે ૯૦૦ વર્ષની કરાય તો તે અપવર્તનાકરણ વડે ઘટાડીને ઉત્કૃષ્ટ સ્થિતિ કરી કહેવાય. આ પ્રમાણે આ સ્થિતિ પ્રથમ હતી ૧૦૦૦ વર્ષ પ્રમાણ, તેને અપવર્તનાકરણ વડે ઘટાડીને વધારેમાં વધારે ઉત્કૃષ્ટથી ૯૦૦ વર્ષની રખાઈ એટલે ૧૦૦૦ માંથી ૯૦૦ વર્ષની સ્થિતિ કુદકો મારીને અર્થાત્ ફાળ મારીને કરી તેથી તે ૧૦૦ વર્ષની જે સ્થિતિ કુદવામાં આવી તેને ડાયસ્થિતિ જાણવી. ॥ ૯૮-૯૯॥

**अंतो कोडाकोडी सुभबिठाण जवमज्झओ उवरिं ।**
**एगंतगा विसिद्ठा, सुभजिद्ठा डायठिइ जिट्ठा ॥ १०० ॥**

ગાથાર્થ- અંતઃકોડાકોડી સાગરોપમનો બંધ, તેનાથી પુણ્ય પ્રકૃતિઓનો યવમધ્યથી ઉપર એકાન્ત સાકારોપયોગયોગ્ય સ્થિતિસ્થાનો, આ બન્ને બોલ સંખ્યાત ગુણ છે. તેનાથી અશુભની બદ્ધડાયસ્થિતિ વિશેષાધિક, તેના કરતાં પાપ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે. ॥ ૧૦૦ ॥

**વિવેચન-** (૧૮) ઉપર કહેલી ડાયસ્થિતિ કરતાં અંતઃકોડાકોડી સાગરોપમવાળો સ્થિતિબંધ સંખ્યાત ગુણો, તેના કરતાં પણ પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસબંધના યવમધ્યથી ઉપરના ભાગમાં રહેલાં જે મિશ્રસ્થાનો છે. (૧૯) તેની પણ ઉપર જે એકાન્ત સાકાર ઉપયોગ યોગ્ય સ્થાનો છે તે સંખ્યાતગુણાં છે. (૨૦) તેના કરતાં પણ પરાવર્તમાન પુણ્યપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક છે. (૨૧) તેના કરતાં પરાવર્તમાન અશુભ કર્મપ્રકૃતિઓની બદ્ધડાયસ્થિતિ વિશેષાધિક છે જે સ્થિતિસ્થાનથી કુદકો મારીને ઉડવાના ન્યાયે ફાળ મારીને વધારેમાં વધારે જે સ્થિતિ બંધાય ત્યારે જયાંથી કુદકો મારી જે સ્થિતિ ઉત્કૃષ્ટથી બાંધી તેને બદ્ધડાયસ્થિતિ કહેવાય છે.

અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધતો જીવ કુદકો મારીને ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ વિગેરે સ્થિતિ બાંધી શકે છે. તે માટે અંતઃ કોડાકોડી ન્યૂન ઉત્કૃષ્ટ સકલ કર્મસ્થિતિ પ્રમાણ બદ્ધ કાયસ્થિતિ કહેવાય છે. કારણ કે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધ કરીને ઉત્કૃષ્ટથી ૩૦, ૨૦, ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધી શકે છે. માટે અંતઃ કોડાકોડી સાગરોપમથી ઉપર ફાયનું (ફાળ મારવાનું) કામ થઈ શકે છે.

(૨૨) તેના કરતાં પણ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. કારણ કે તેમાં ડાયસ્થિતિની નીચેની જે અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ હતી તેનો પણ તેમાં પ્રવેશ થાય છે. ॥ ૧૦૦ ॥

ઉપર પાંચ ગાથામાં આવેલ અલ્પબહુત્વનો સંક્ષેપમાં સાર આ પ્રમાણે છે.

(૧) પુણ્ય પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક રસબંધને યોગ્ય સ્થિતિસ્થાનોમાં યવમધ્યથી નીચેના જે સ્થિતિસ્થાનો છે તે સૌથી અલ્પ છે

(૨) પુણ્ય પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક રસ બંધને યોગ્ય સ્થિતિ સ્થાનમાં યવમધ્યથી ઉપરનાં જે સ્થિતિસ્થાનો છે તે સંખ્યાત ગુણાં છે.

(૩) પુણ્ય પ્રકૃતિઓના ત્રિસ્થાનિક રસ બંધને યોગ્ય સ્થિતિ સ્થાનોમાં યવમધ્યથી નીચેનાં જે સ્થિતિસ્થાનો છે તે તેનાથી સંખ્યાત ગુણાં છે.

(૪) પુણ્ય પ્રકૃતિઓમાં ત્રિસ્થાનિક રસબંધને યોગ્ય સ્થિતિસ્થાનોમાં યવમધ્યથી ઉપરનાં જે સ્થિતિસ્થાનો છે તે તેનાથી સંખ્યાતગુણાં છે

(૫) પુણ્ય પ્રકૃતિઓમાં ત્રિસ્થાનિક રસબંધને યોગ્ય યવમધ્યની ઉપનાં જે સ્થિતિસ્થાનો છે. તેના કરતાં પરાવર્તમાન શુભપ્રકૃતિઓનાં દ્વિસ્થાનિક રસબંધને યોગ્ય સ્થિતિસ્થાનોમાં જે યવમધ્ય ભાગ છે.તેની નીચેનાં એકાન્ત સાકારોપયોગ્યસ્થાનો સંખ્યાત ગુણાં છે.

(૬) તેના કરતાં તે જ પુણ્ય પ્રકૃતિઓના દ્વિસ્થાનિક રસબંધને યોગ્ય સ્થિતિસ્થાનોમાં યવમધ્યથી નીચે અને એકાન્તસાકાર ઉપયોગ યોગ્ય સ્થાનો કરતાં ઉપર રહેલાં મિશ્રસ્થાનો (સાકારોપયોગ અને અનાકારોપયોગ થી બંધાય તેવાં સ્થાનો) સંખ્યાત ગુણાં છે.

(૭) તેના કરતાં તે જ પુણ્ય પ્રકૃતિઓના (દ્વિસ્થાનિક રસબંધને યોગ્ય સ્થિતિસ્થાનોમાં યવમધ્યથી ઉપર રહેલા મિશ્ર ઉપયોગથી બંધાય તેવાં સ્થાનો સંખ્યાતગુણાં છે.

(૮) તેના કરતાં પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણો છે.

(૯) તેના કરતાં પરાવર્તમાન અશુભ કર્મપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે.

(૧૦) તેના કરતાં પરાવર્તમાન અશુભ કર્મ પ્રકૃતિઓના દ્વિસ્થાનિક રસબંધના યવમધ્યભાગથી નીચેનાં એકાન્ત સાકારોપયોગ યોગ્ય સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણાં છે.

(૧૧) તેના કરતાં પરાવર્તમાન તે જ અશુભ પ્રકૃતિઓના યવમધ્યથી નીચેના અને પાછળ કહેલાં એકાન્ત સાકારોપયોગયોગ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણાં છે.

(૧૨) તેના કરતાં તે જ અશુભ પરાવર્તમાન કર્મપ્રકૃતિઓના દ્વિસ્થાનિક રસબંધના યવમધ્યથી ઉપરનાં મિશ્ર સ્થિતિસ્થાનો સંખ્યાતગુણાં છે.

(૧૩) તેના કરતાં તે જ અશુભ પરાવર્તમાન કર્મપ્રકૃતિઓના દ્વિસ્થાનિકના યવમધ્યથી ઉપરનાં એકાન્ત સાકારોપયોગ યોગ્ય સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણાં છે.

(૧૪) તેના કરતાં તે જ અશુભ કર્મપ્રકૃતિઓનાં ત્રિસ્થાનિક રસબંધના યવમધ્યથી નીચેનાં સ્થિતિસ્થાનો સંખ્યાત ગુણાં છે.

(૧૫) તેના કરતાં તે જ અશુભ કર્મપ્રકૃતિઓનાં ત્રિસ્થાનિક રસબંધના યવમધ્યથી ઉપરનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણાં છે.

(૧૬) તેના કરતાં તે જ અશુભ કર્મપ્રકૃતિઓના ચતુઃસ્થાનિક રસબંધના યવમધ્યથી નીચેનાં સ્થિતિ સ્થાનો સંખ્યાત ગુણાં છે.

(૧૭) તે ચતુઃસ્થાનિક રસબંધના યવમધ્યથી ઉપરનાં જે સ્થિતિ સ્થાનો છે તેના કરતાં ડાયસ્થિતિ સંખ્યાતગુણ છે.

સત્તામાં રહેલી સ્થિતિમાંથી અપવર્તના કરણવડે ઘટાડાય છે ત્યાં ઘટાડો કરીને વધારેમાં વધારે જે રખાય તે ડાયસ્થિતિ કહેવાય છે જેમકે ૧૦૦૦ વર્ષની સ્થિતિમાંથી ઘટાડીને ૯૦૦ વર્ષની કરાય તો ૯૦૦ થી ૧૦૦૦ એ ૧૦૦ વર્ષની સ્થિતિ તે ડાયસ્થિતિ જાણવી.

(૧૮) તેના કરતાં અંતઃકોડાકોડીની જે સ્થિતિ બંધાય છે તે સંખ્યાતગુણ જાણવી.

(૧૯) તેના કરતાં પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનાં દ્વિસ્થાનિક રસબંધમાં યવમધ્યથી ઉપરિભાગમાં જે મિશ્ર સ્થાનો હતા ( કે જે સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ એમ બન્ને વડે બંધાય તેવાં) હતાં તે સ્થાનો કરતાં એકાન્ત સાકારોપયોગ યોગ્ય સ્થાનો સંખ્યાત ગુણાં છે.

(૨૦) તેના કરતાં પરાવર્તમાન પુણ્ય પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિ બંધ વિશેષાધિક જાણવો.

(૨૧) તેના કરતાં પરાવર્તમાન પાપ પ્રકૃતિઓની બદ્ધકાયસ્થિતિ વિશેષાધિક જાણવી.

જે સ્થિતિસ્થાન બાંધતા બાંધતા ત્યાંથી જ દેડકાની જેમ કુદકો મારીને (છલાંગ મારીને-ફાળ મારીને) જે સ્થિતિ બંધાય તે બદ્ધ કાયસ્થિતિ કહેવાય છે. આવી આ બદ્ધ કાયસ્થિતિ. અંતઃકોડાકોડી ન્યૂન મૂલ કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ પ્રમાણ જાણવી. કારણ કે પહેલા ગુણઠાણે રહેલા જીવો અતિશય તીવ્ર કષાયવાળા બને ત્યારે અંતઃકોડાકોડી સાગરોપમનો બંધ કરતા છતા કુદકો મારીને ૨૦-૩૦-૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધે છે.

(૨૨) તેના કરતાં પણ પરાવર્તમાન અશુભ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. કારણ કે બદ્ધકાય સ્થિતિમાં જે અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ ન્યૂન કરી હતી તે પણ ઉમેરવાની થાય છે તે માટે

ઉપર છાપેલ અલ્પબહુત્વ ઘણા જ ઉપયોગ પૂર્વક વારંવાર ચિંતન-મન કરવા યોગ્ય છે. ફરી ફરી ધ્યાન પૂર્વક વાંચવા વિનંતી છે.

*અવતરણ :- હવે આ જ વિષયમાં રસનાબંધક એવા જીવોનું અલ્પબહુત્વ કહે છે. :-*

**संखेज्जगुणा जीवा, कमसो एएसु दुविह पगईणं ।**
**असुभाणं तिट्ठाणे, सव्वुवरि विसेसओ अहिगा ॥ १०१ ॥**

ગાથાર્થ- આ પુણ્ય અને પાપ એમ બન્ને પ્રકારની કર્મપ્રકૃતિઓમાં અનુક્રમે જીવો સંખ્યાતગુણા જાણવા. પરંતુ અશુભ પ્રકૃતિઓના ત્રિસ્થાનિક રસનો બંધ કરનારા જીવો સર્વથી ઉપર કહેવા. અને ત્યાં વિશેષાધિક કહેવા. ॥ ૧૦૧ ॥

**વિવેચન-** પુણ્ય અને પાપ એમ બન્ને પ્રકારની કર્મપ્રકૃતિઓના બેઠાણીય-ત્રણઠાણીયા-અને ચારઠાણિયા રસના બંધક જીવો અનુક્રમે પુણ્ય પ્રકૃતિમાં પશ્ચાનુપૂર્વીએ (ચારઠાણીયાથી

બેઠાણીયા તરફ) અને પાપ પ્રકૃતિઓમાં પૂર્વાનુપૂર્વીએ (બેઠાણીયથી ચાર ઠાણીયા તરફ) બંધક જીવો સંખ્યાત ગુણા કહેવા ફક્ત અશુભ પ્રકૃતિઓના ત્રિસ્થાનિક રસના બંધક જીવો સર્વથી ઉપર કહેવા.

ભાવાર્થ આ પ્રમાણે છે - (૧) પરાવર્તમાન શુભકર્મપ્રકૃતિઓના ચઉઠાણીયા રસના બંધક જીવો સૌથી થોડા છે.

(૨) તેના કરતાં પરાવર્તમાન શુભના ત્રિસ્થાનિક રસનાબંધક જીવો સંખ્યાતગુણા છે.

(૩) તેના કરતાં પરાવર્તમાન શુભના દ્વિસ્થાનિક રસના બંધક જીવો સંખ્યાતગુણા છે.

(૪) તેના કરતાં પરાવર્તમાન અશુભના દ્વિસ્થાનિક રસના બંધક જીવો સંખ્યાતગુણા છે.

(૫) તેના કરતાં પરાવર્તમાન અશુભના ચતુઃસ્થાનિક રસના બંધક જીવો સંખ્યાત-ગુણા છે.

(૬) તેના કરતાં પરાવર્તમાન અશુભના ત્રિસ્થાનિક રસના બંધક જીવો વિશેષાધિક છે.

આ પ્રમાણે ઘણા જ વિસ્તાર સાથે સ્થિતિબંધની પ્રરૂપણા કરી. હવે સાદ્યાદિની પ્રરૂપણા કરે છે. તે આ પ્રમાણે જાણવી.

આયુષ્યકર્મને વર્જીને શેષ મૂલ સાત કર્મોનો અજઘન્ય સ્થિતિબંધ ચાર પ્રકારે છે :- સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ. તે આ પ્રમાણે છે :-મોહનીય કર્મને વર્જીને બાકીનાં છ મૂલ કર્મોનો જઘન્ય સ્થિતિબન્ધ ક્ષપકશ્રેણીમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમસમયમાં થાય છે. કારણ કે છ કર્મના બંધક જીવોમાં આ જ જીવ સર્વવિશુદ્ધ છે તે માટે આ જ જીવ જઘન્ય સ્થિતિ બાંધે છે.

આવા પ્રકારનો આ જઘન્ય સ્થિતિબંધ ત્યારે જ (ચરમ સમયે જ) થાય છે, તે માટે સાદિ, બીજા જ સમયે આ જીવ બારમા ગુણસ્થાનકે જાય છે. ત્યાં આ ૬ મૂલકર્મોનો બંધ વિચ્છેદ થાય છે. તે માટે જઘન્ય બંધ અધ્રુવ કહેવાય છે. આ પ્રમાણે જઘન્યબંધના સાદિ અને અધ્રુવ એમ બે જ ભાંગા થાય છે.

આવા પ્રકારના આ જઘન્યબંધથી અન્ય સર્વ પણ બંધ અજઘન્યબંધ કહેવાય છે. કારણ કે આ સ્થાન વિના અન્યત્ર સર્વ ઠેકાણે વધારે જ બંધ હોય છે તે માટે, હવે જે જીવ ઉપશમશ્રેણીમાં ઉપશાન્તમોહ ગુણઠાણે ગયો છે. ત્યાં આ છ મૂલકર્મો બંધાતાં નથી. પરંતુ ત્યાંથી પડીને સૂક્ષ્મસંપરાય ગુણઠાણે આવે ત્યારે આ જ છ મૂલકર્મોની સ્થિતિ ક્ષપકશ્રેણીવાળા જીવ કરતાં ચારગણી બંધાય છે તે માટે અજઘન્ય બંધની સાદિ, જે જીવો ઉપશાન્તમોહ

ગુણસ્થાનક પામ્યા નથી. તેથી અબંધવાળુ સ્થાન પામ્યા નથી. તેવા જીવોને આશ્રયી અનાદિ. અભવ્ય જીવોને આ અજઘન્યબંધ થાય છે. અને સદાકાળ થવાનો છે માટે ધ્રુવ. અને ભવ્યજીવોને આ બંધ ક્યારેક (મોક્ષે જાય ત્યારે) અથવા દશમા ગુણઠાણે જાય ત્યારે વિરામ પામવાનો છે માટે અધ્રુવ એમ અજઘન્યબંધ ચાર પ્રકારે થાય છે.

મોહનીયકર્મનો અજઘન્યબંધ પણ ચાર પ્રકારે જાણવો. પરંતુ તે મોહનીયકર્મનો જઘન્યસ્થિતિબંધ ક્ષપકશ્રેણીમાં અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકના ચરમ સમયે કહેવો. તે જઘન્યસ્થિતિબંધ ત્યાં એક સમય પુરતો જ થાય છે તેથી જઘન્યબંધ સાદિ અને અધ્રુવ છે.

તેનાથી અન્ય સર્વ પણ બંધ અજઘન્ય છે. ઉપશમ શ્રેણીમાં સૂક્ષ્મસંપરાય અને ઉપશાન્તમોહ ગુણઠાણે મોહનીયકર્મનો બંધ થતો નથી. ત્યાંથી પડીને નવમા ગુણઠાણે આવે ત્યારે બંધ ફરીથી શરૂ કરે છે. તે માટે ત્યાં અજઘન્યબંધની સાદિ. જે જીવો દસમું અગીયારમું ગુણસ્થાનક નથી પામ્યા એટલે મોહનીયનો બંધ ક્યારેય અટક્યો નથી. તે માટે અનાદિ. તથા ધ્રુવ અને અધ્રુવ અભવ્ય અને ભવ્યને આશ્રયી સમજી લેવા.

મૂલ છ કર્મોનો બંધ દસમા ગુણઠાણા સુધી જ છે તે કારણે અગીયારમા ગુણસ્થાનકથી પડી દસમે આવે અને મૂલ છ કર્મોનો બંધ ચાલુ કરે ત્યારે તે છ કર્મોના અજઘન્યબંધની સાદિ કહી. ત્યાં વેદનીયકર્મમાં શંકા થાય તેમ છે કારણ કે ૧૧/૧૨/૧૩ આ ત્રણ ગુણઠાણે વેદનીયકર્મ બંધાય છે. તેથી અગિયારમે ગુણઠાણે પણ બંધ ચાલુ હોવાથી ત્યાંથી પડીને દસમે આવે ત્યારે વેદનીયકર્મના અજઘન્યબંધની સાદિ કેવી રીતે થાય ? આવો પ્રશ્ન થવો સંભવિત છે.

પરંતુ તેનો ઉત્તર આપતાં ટીકાકારશ્રી ટીકામાંજ લખે છે કે अत्र साम्परायिकस्थिति-बन्धापेक्षया सादित्वं भाव्यम् = અહીં સામ્પરાયિક (કષાયનિમિત્તવાળુ) તે વેદનીય કર્મ બંધાય છે. તેની અપેક્ષાએ અમે આ સાદિપણું કહ્યું છે. તે કાષાયિક વેદનીય કર્મ દસમા સુધી જ બંધાય છે. એટલે અગીયારમાથી પડતાં સાદિ ઘટી શકે છે. જો સામ્પરાયિક સ્થિતિબંધ ન લઈએ તો બે સમયની સ્થિતિવાળો બંધ તો ઉપશાન્તમોહાદિ ગુણસ્થાનકોમાં પણ ચાલુ જ રહે છે તે માટે ત્યાંથી પડે તેને સાદિ ઘટે નહીં. તે માટે અહીં વેદનીય કર્મનો સામ્પરાયિક જ બંધ લેવો. અને તે બંધ ૧ થી ૧૦ ગુણસ્થાનકમાં જ થાય છે તે સમજવો.

આ સાતે મૂલકર્મોના જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ આ ત્રણે બંધ સાદિ-અધ્રુવ જાણવા. ત્યાં જઘન્યબંધ તો છ કર્મોનો દશમે ગુણઠાણે અને મોહનીય કર્મનો નવમે ગુણઠાણે પૂર્વે જ સમજાવ્યો છે. તેથી ત્યાં સાદિ-અધ્રુવ જ હોય છે.

ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સર્વસંક્લિષ્ટ સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિમાં હોય છે. અને તે પણ ઉત્કૃષ્ટ કષાય હોય ત્યારે જ હોય છે. તે માટે કેટલોક કાળ જ હોય છે. ત્યારબાદ કષાયમંદ થતાં જ અનુત્કૃષ્ટ સ્થિતિબંધ હોય છે ફરી પણ કાળાન્તરે જ્યારે તીવ્ર કષાય આવે ત્યારે

ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે આમ આ ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્તિતિબંધ બન્ને પણ બંધ (પર્યાયવાર) ક્રમસર પ્રાપ્ત થાય છે. માટે તે બન્ને સાદિ-અધ્રુવ છે.

આયુષ્ય કર્મમાં તો જઘન્યાદિ ચારે બંધ ભાંગા સાદિ - અધ્રુવ જ જાણવા. કારણ કે આયુષ્ય કર્મનો બંધ પ્રતિનિયત કાલે જ હોય છે. સદાકાળ ક્યારેય પણ હોતો નથી. માટે અનાદિ અને ધ્રુવપણું સંભવતું જ નથી. આ પ્રમાણે મૂલ ૮ કર્મમાં આયુષ્યકર્મના ૮ ભાંગા અને શેષ સાતકર્મના ૧૦-૧૦ ભાંગા થાય છે. કુલ ૭૮ ભાંગા થાય છે.

હવે ઉત્તરપ્રકૃતિઓમાં સાદ્યાદિ ભાંગાની પ્રરૂપણા કરાય છે. તે આ પ્રમાણે- જ્ઞાનાવરણીય પાંચ, અંતરાયકર્મ પાંચ, દર્શનાવર્ણીય કર્મની ચાર, એમ કુલ ૧૪ ધ્રુવબંધી પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ ક્ષપકશ્રેણીમાં દશના ગુણસ્થાનકના ચરમસમયમાં વર્તતા જીવને સર્વ કરતાં વધારે વિશુદ્ધિ હોવાથી જઘન્ય સ્થિતિબંધ થાય છે.

સંજ્વલન ચાર કષાયનો અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકે વર્તતા ક્ષપકશ્રેણીવાળા જીવને પોતપોતાના બન્ધ વ્યવચ્છેદના ચરમ સમયે જઘન્ય સ્થિતિબંધ થાય છે. આવા પ્રકારનો આ જઘન્યસ્થિતિબંધ એક સમય પુરતો જ થાય છે. તેના પછીના બીજા સમયે બન્ધવિચ્છેદ થવાથી બંધ થતો નથી. તેથી તે જઘન્યબંધ અધ્રુવ છે. આવા પ્રકારના આ જઘન્યસ્થિતિ બંધથી અન્ય સર્વ પણ સ્થિતિબંધ અજઘન્ય સ્થિતિબંધ કહેવાય છે.

ઉપશાન્તમોહ ગુણસ્થાનકે આ અઢારે કર્મપ્રકૃતિઓનો બંધ થતો નથી ત્યાંથી પતન પામતાં જીવ દસમે ગુણઠાણે આવે ત્યારે ૧૪નો અને નવમે આવે ત્યારે ૪નો પુનઃ સ્થિતિબંધ ચાલુ કરે છે. અને તે સ્થિતિબંધ ક્ષપકશ્રેણીવાળા જીવ કરતાં ચાર ગણો હોવાથી ત્યારે અજઘન્યબંધની સાદિ થાય છે.

જે જીવો તે સાદિવાળું સ્થાન પામ્યા નથી. અગીયારમે ગુણસ્થાનકે જઈને અબંધસ્થાનક પણ પામ્યા નથી. તેવા જીવોને આશ્રયી આ ૧૮ કર્મપ્રકૃતિઓનો બંધ અનાદિ છે. અભવ્ય અને ભવ્યને આશ્રયી અનુક્રમે ધ્રુવ અને અધ્રુવબંધ છે.

આ અઢારે કર્મપ્રકૃતિઓના જઘન્ય, ઉત્કૃષ્ટ, અને અનુત્કૃષ્ટ આ ત્રણે સ્થિતિબંધો સાદિ અને અધ્રુવ છે. ઉપર સમજાવ્યા પ્રમાણે નવમા દસમા ગુણસ્થાનકે ક્ષપકશ્રેણિમાં ચાર અને ચૌદનો જઘન્યસ્થિતિબંધ થાય છે. તે અજઘન્ય સમજાવ્યો ત્યારે હમણાં જ સમજાવ્યો છે. તથા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો અતિશય સંક્લિષ્ટ જીવ હોય ત્યારે આ ૧૮નો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરે છે. એક અથવા બે સમય જ ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા આવે છે. ત્યારબાદ મધ્યમ સંક્લિષ્ટતાવાળો જીવ બને ત્યારે અનુત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે. આમ આ બન્ને બંધો વારાફરતી મિથ્યાત્વ ગુણઠાણે આવે છે. તે માટે સાદિ અધ્રુવ છે.

ઉપર કહેલી ૧૮ પ્રકૃતિ વિના સર્વે પણ કર્મ પ્રકૃતિઓ (૧૦૨)ના જઘન્ય અજઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એમ ચારે પ્રકારના સ્થિતિબંધો સાદિ- અને અધ્રુવ જાણવા. તે આ પ્રમાણે :- નિદ્રાપંચક, મિથ્યાત્વમોહનીય અને પ્રથમના બાર કષાય તથા ભય, જાુગુપ્સા, તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ટય, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ સ્વરૂપ કુલ ૨૯ ધ્રુવબંધી પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ પર્યાપ્ત બાદર એકેન્દ્રિય સર્વ વિશુદ્ધ જીવોમાં અન્તર્મુહૂર્ત સુધી સાતીયા ત્રણ ભાગ આદિમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન બાંધે ત્યારે ત્યાં પ્રાપ્ત થાય છે. ત્યારબાદ તે જ એકેન્દ્રિય જીવમાં અધ્યવસાય સ્થાન બદલાવાથી મન્દ પરિણામ થતાં અજઘન્ય સ્થિતિબંધ થાય છે

ફરીથી કાલાન્તરે તે જ ભવમાં અથવા બીજીવાર આવા જ એકેન્દ્રિયના બાદર પર્યાપ્તાના ભવમાં સર્વવિશુદ્ધ હોય ત્યારે જઘન્ય સ્થિતિબંધ થાય છે. આ પ્રમાણે બન્ને સ્થિતિબંધો કાળક્રમે આવ્યા જ કરે છે. તેથી આ ૨૯ ધ્રુવબંધી પ્રકૃતિઓના જઘન્ય અને અજઘન્યસ્થિતિબંધો સાદિ અને અધ્રુવ છે.

તથા આ ૨૯ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સર્વથા સંક્લિષ્ટ એવા સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિ જીવમાં થાય છે. અને તે જ જીવ જ્યારે સર્વસંક્લિષ્ટ પરિણામમાંથી મધ્યમ સંક્લિષ્ટ પરિણામવાળો બને છે. ત્યારે તે જીવમાં જ તે અનુત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે. આમ આ બન્ને સ્થિતિબંધો વારાફરતી આવ્યા જ કરે છે. તે માટે આ બન્ને સ્થિતિબંધો સાદિ-અધ્રુવ છે.

શેષ બાકી રહેલી ૭૩ કર્મપ્રકૃતિઓ તો અધ્રુવબંધી જ હોવાથી જઘન્ય-અજઘન્ય-ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ આ ચારે પણ સ્થિતિબંધો સાદિ-અધ્રુવ જ છે. આ પ્રમાણે ૧૮ કર્મપ્રકૃતિઓના ૧૦-૧૦ અને ૧૦૨ કર્મપ્રકૃતિઓના આઠ-આઠ ભાંગા થાય છે. જેથી ૧૮×૧૦= ૧૮૦ તથા ૧૦૨×૮ =૮૧૬ એમ મલીને કુલ ૯૯૬ સ્થિતિબંધના સાદ્યાદિના ભાંગા થાય છે. (જુઓ શતકનામ પંચમ કર્મગ્રથ ગાથા - ૪૭)

હવે સ્વામિત્વની વિચારણા કરાય છે તે બે પ્રકારનું છે એક ઉત્કૃષ્ટ સ્થિતિબંધનું સ્વામિત્વ અને બીજું જઘન્ય સ્થિતિબંધનું સ્વામિત્વ ત્યાં પ્રથમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધનું સ્વામિત્વ સમજાવાય છે :-

દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્ય આ ત્રણ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઘણી જ વિશુદ્ધિ હોય ત્યારે બંધાય છે બાકીની ૧૧૭ કર્મપ્રકૃતિઓની (પછી તે પ્રકૃતિ પુણ્યની હોય કે પાપની હોય તો પણ તેની) ઉત્કૃષ્ટસ્થિતિ સંક્લિષ્ટતાથી જ બંધાય છે. પાંચમા કર્મગ્રંથમાં કહ્યું છે કે-

**सव्वाणवि जिट्ठठिइ असुभा जं साइसंकिलेसेणं ।**
**इयरा विसोहिओ पुण मुत्तुं नर अमरतिरियाउं ॥ १ ॥**

કારણ કે પાપપ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ તો અશુભ છે જ. પરંતુ ત્રણ આયુષ્યને છોડીને બાકીની સર્વે પણ પુણ્યપ્રકૃતિઓની પણ ઉત્કૃષ્ટસ્થિતિ અશુભ માનવામાં આવી છે. કારણ કે પુણ્યકર્મ પણ એક જાતની બેડી છે. ભલે સોનાની હોય પણ બંધન છે. આ વાતને ધ્યાનમાં રાખી આપણે સ્વામિત્વ વિચારીએ.

જે આત્માએ પૂર્વકાલમાં નરકભવમાં જવાનું નરકાયુષ્ય બાંધ્યું છે. તેવો સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય નરકાયુષ્ય બાંધ્યા પછી ક્ષયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પછી તીર્થંકર નામકર્મ બાંધે તેને બાંધતાં બાંધતાં જ્યારે નરકમાં જવાનો અવસર નજીક આવે ત્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વ લઇને નરકમાં જવાતું નથી તે માટે તે જીવ મિથ્યાત્વે જવા અભિમુખ થાય. ત્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વના ચરમસમયમાં વર્તતો અને નરકમાં જવાને તૈયાર થયેલો તથા મિથ્યાત્વે જવાને તૈયાર થયેલો આ જીવ તીર્થંકર નામકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે. કારણ કે તીર્થંકર નામકર્મના બંધક જીવોમાં આ જ જીવ અતિશય સંક્લિષ્ટ છે. જ્યારે આ સ્થિતિબંધ કરે ત્યારે ઉત્કૃષ્ટસ્થિતિબંધની સાદિ. અને સમયાન્તરે મિથ્યાત્વે જાય ત્યારે તીર્થંકરનામકર્મનો બંધ વિરામ પામે છે ત્યારે ઉત્કૃષ્ટ અધ્રુવ.

પ્રશ્ન :- આવા પ્રકારના અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા જીવને તીર્થંકર નામકર્મ કેમ બંધાય ? અને તે પણ ઉત્કૃષ્ટ સ્થિતિએ બંધાય આ કેમ બને ? તીર્થંકર નામકર્મ તો ઘણી જ વિશુદ્ધિવાળા જીવને બંધાય અને તેમાંપણ અતિશય વધારે વિશુદ્ધ હોય તેનેજ ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય, આમ જ માનવું ઉચિત લાગે છે ?

ઉત્તર :- આ પ્રશ્ન ઉચિત નથી. કારણ કે પૂર્વે લખેલી સાક્ષીભૂત ગાથામાં જ કહ્યું હતું કે ત્રણ આયુષ્ય કર્મ વિના સર્વે પણ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ અશુભ છે. અને અતિશય સંક્લિષ્ટતાથી જ બંધાય છે. તીર્થંકરનામકર્મની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ અશુભ જ છે. કારણ કે ભલે છે આ પુણ્યપ્રકૃતિ, પરંતુ જેટલું આ કર્મ લાંબુ. તેટલો મોક્ષ મોડો થાય. એટલે મોક્ષને માટે આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે બંધનકર્તા છે. માટે પ્રકૃતિ ભલે શુભ છે. પરંતુ તેની લાંબી સ્થિતિ અશુભ છે. આ પ્રમાણે તીર્થંકર નામકર્મના ઉત્કૃષ્ટબંધ ના સ્વામી કહ્યા.

આહારકદ્વિકનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અપ્રમત્ત મુનિ કરે છે. પરંતુ જે મુનિ પ્રમત્તે જવાને સન્મુખ થયા હોય. તે અપ્રમત્તગુણઠાણાના ચરમ સમયમાં વર્તતા મુનિ આહારકદ્વિકનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરે છે. કારણ કે આહારક દ્વિક સાતમે આઠમે બે જ ગુણસ્થાનકે બંધાય છે. તેમાં પણ આઠમા કરતાં સાતમુ ગુણસ્થાનક સંક્લિષ્ટ પરિણામવાળું છે તેમાં પણ જે પ્રમત્તે જવાના હોય તે પડવૈયા હોવાથી વધારે સંક્લિષ્ટ પરિણામવાળા છે અને ત્રણ આયુષ્ય વિના બાકીની બધી જ ૧૧૭પ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંક્લિષ્ટતાએ જ બંધાય છે. માટે આવા જીવોને આહારકદ્વિકના ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી કહ્યા છે.

દેવાયુષ્યના અપ્રમત્ત ભાવને અભિમુખ એવા પ્રમત્ત સંયત મુનિ પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો જીવ પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી પરભવનું ૩૩ સાગરોપમનું અનુત્તરવાસી દેવનું, આયુષ્ય બાંધતો હોય ત્યારે પૂર્વક્રોડના ત્રીજા ભાગના પ્રથમ સમયમાં વર્તતો જીવ સ્વામી જાણવો.

પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો જીવ પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગના દ્વિતીયાદિ સમયમાં વર્તતો હોય ત્યારે ઉત્કૃષ્ટ આયુષ્ય પ્રાપ્ત થતું નથી. કારણ કે અબાધાકાળમાંથી ૧ સમય આદિ ન્યૂન થયેલો હોવાથી મધ્યમાયુષ્ય થઈ જાય છે. તે માટે આદ્ય સમય ગ્રહણ કરેલ છે.

ત્રણ આયુષ્યકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ શુભ કહેવાય છે તેથી વધારે વિશુદ્ધિ હોય ત્યારે જ બંધાય છે. તે માટે અત્યન્ત વિશુદ્ધિ વાળો જીવ લેવા માટે જ અપ્રમત્તભાવાભિમુખ એવો પ્રમત્ત જીવ કહ્યો છે.

પ્રમત્ત ગુણઠાણાથી ઉપરના ગુણસ્થાનકોમાં દેવાયુષ્ય બંધાતું નથી. માટે પ્રમત્ત સ્વામી કહ્યો છે અપ્રમત્તે જો કે દેવાયુષ્ય બંધાય છે. તો પણ ત્યાં પ્રારંભ કરતો ન હોવાથી છઠ્ઠે પ્રારંભ કરીને સાતમે આવે ત્યારે તેટલા સમય ઓછા થઈ જવાના કારણે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ મળતો નથી. માટે વિચારીને જ છઠ્ઠે સ્વામી કહ્યો છે.

બાકી રહેલી (૧૧૬) એકસોહ સોળ કર્મપ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિબંધનો સર્વપર્યાપ્તિએ પર્યાપ્તો અત્યન્ત સંક્લિષ્ટ પરિણામવાળો મિથ્યાદષ્ટિ જીવ સ્વામી જાણવો.

અહીં "સર્વસંક્લિષ્ટ" આવું જે વિશેષણ કહ્યું છે તે પ્રાયઃ સમજવું કારણ કે ત્રણ આયુષ્યનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશુદ્ધિથી થાય છે તેમાં દેવાયુષ્ય કહેવાઈ ગયું છે. પરંતુ તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય આ ૧૧૬માં છે. તેમાં સર્વસંક્લિષ્ટ ન કહેતાં તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામવાળો જીવ સ્વામી કહેવો. કારણ કે આ બન્ને આયુષ્ય શુભ છે અને તેની ઉત્કૃષ્ટસ્થિતિ વિશુદ્ધિ દ્વારા જ બંધાય છે.

**પ્રશ્ન** :- જો આ બન્ને આયુષ્યના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં આ બન્ને આયુષ્ય શુભ હોવાથી વિશુદ્ધિનું જ પ્રયોજન છે. તો પછી મિથ્યાદષ્ટિ જીવ કરતાં તો સાસ્વાદન ગુણસ્થાનક વાળો જીવ વધારે વિશુદ્ધ છે.તે જીવ બન્ને આયુષ્યનો બંધક પણ છે. આમ સાસ્વાદનીને તમે સ્વામી તરીકે કેમ નથી લેતા ? અને મિથ્યાદષ્ટિ જ બંધનો સ્વામી કેમ લો છો ?

કદાચ તમે એવો ઉત્તર આપો કે તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય સાસ્વાદન ગુણસ્થાનકવાળા બાંધતા જે નથી. માટે અમે તેને સ્વામી કહ્યા નથી. તો આવું જો તમારૂ કથન હોય તો તે કથન યુક્તિયુક્ત નથી. કારણ કે છઠ્ઠા કર્મગ્રંથમાં (૧) "તિર્યંચાયુષ્યનો

બંધ મનુષ્યાયુષ્યનો ઉદય અને તિર્યંચ તથા મનુષ્ય આયુષ્યની સત્તા" આ ભાંગો મિથ્યાદષ્ટિ જીવને તથા સાસ્વાદન ગુણસ્થાનકવાળા જીવને એમ બન્નેને કહ્યા છે. તથા (૨) મનુષ્યાયુષ્યનો બંધ, મનુષ્યાયુષ્યનો ઉદય અને મનુષ્યાયુષ્ય તથા મનુષ્યાયુષ્યની સત્તા "આ ભાંગો પણ મિથ્યાદષ્ટિને પણ હોય છે અને સાસ્વાદનને પણ હોય છે. આમ સપ્રતિકાની ટીકામાં સ્પષ્ટ કહ્યું છે. તેથી સાસ્વાદન ગુણસ્થાનકે બન્ને પણ આયુષ્ય બંધાય છે. તથા પહેલા ગુણસ્થાનક કરતાં બીજુ ગુણસ્થાનક બીજુ હોવાથી પહેલા કરતાં જરૂર બધારે વિશુદ્ધિવાળું જ હોઈ શકે છે. તો ત્યાં આ બે આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કેમ કહેતા નથી ?

ઉત્તર :- ઉપરના પ્રશ્નનો ઉત્તર અપાય છે તમારો પ્રશ્ન સાચો છે. સામાન્યથી પહેલા અને બીજા બન્ને ગુણઠાણે તિર્યંચ આયુષ્યનો અને મનષ્યાયુષ્યનો એમ બન્ને આયુષ્યનો બંધ થાય છે. આવી શાસ્ત્રકાર ભગવંતોની અનુજ્ઞા છે. તો પણ અસંખ્યાતવર્ષના આયુષ્યવાળું યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્યોનું ત્રણ પલ્યોપમના પ્રમાણવાળું ઉત્કૃષ્ટ આયુષ્ય સાસ્વાદન ગુણસ્થાનવાળા જીવો બાંધતા નથી.

કારણ કે તેઓ ગુણોથી પતનને અભિમુખ હોવાથી ગુણને અભિમુખ થવાના સ્વભાવવાળા વિશુદ્ધ મિથ્યાદષ્ટિ કરતાં આ સાસ્વાદન વાળામાં વિશુદ્ધિની અધિકતા સંભવતી નથી. સાસ્વાદનવાળો પતનાભિમુખ છે અને સમ્યક્ત્વ પામવાને અભિમુખ થયેલો મિથ્યાદષ્ટિ જીવ ચડવૈયો છે. માટે મિથ્યાદષ્ટિ જીવ સમ્યક્ત્વાભિમુખ હોય ત્યારે સાસ્વાદન કરતાં વધારે વિશુદ્ધ હોવાથી તે જ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધનો સ્વામી જાણવો.

આ ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામિત્વમાં વધારે સૂક્ષ્મ વિચારણા કરીએ તો વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, અને દેવાયુષ્યવિનાનાં બાકીનાં ત્રણ આયુષ્ય, દેવદ્વિક, નરકદ્વિક અને વૈક્રિયદ્વિક એમ કુલ ૧૫ કર્મ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ મિથ્યાદષ્ટિ તિર્યંચ મનુષ્યો જ પ્રતિનિયત સમયે (એટલે કે એકસમય અથવા બે સમય કાલમાં જ) ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે.(પંચમ કર્મગ્રન્થ ગાથા ૪૩)

ઉપર કહેલી પન્નર પ્રકૃતિઓમાંથી તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય આ બે આયુષ્ય વિનાની બાકીની તેર કર્મ પ્રકૃતિઓ તો દેવ અને નારકીના જીવો ભવસ્વભાવે જ બાંધતા નથી. એટલે મનુષ્ય અને તિર્યંચો જ તેના ઉત્કૃષ્ટબંધના સ્વામી છે. તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય આ બે કર્મપ્રકૃતિઓ જો કે દેવ અને નારકીના જીવો બાંધે છે. તો પણ તેઓ પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ સંખ્યાત વર્ષનું જ બાંધે છે. પરંતુ ત્રણ પલ્યોપમના માપ વાળું ઉત્કૃષ્ટ આયુષ્ય દેવ-નારકીના જીવો બાંધતા નથી. કારણ કે તેઓ મૃત્યુ પામીને તેવા યુગલિકના ભવમાં જતા નથી.

તે કારણથી તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યના પણ ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક તિર્યંચ મનુષ્ય જ જાણવા. તે પણ પૂર્વક્રોટી વર્ષના આયુષ્યવાળા અને તે આયુષ્યના બંધને યોગ્ય વિશુદ્ધિવાળા જીવો સ્વામી જાણવા.

જો સમ્યગ્દષ્ટિ તિર્યંચ-મનુષ્યને સ્વામી કહીએ તો તેઓ તો દેવાયુષ્યનો જ બંધ કરે. તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય બાંધે જ નહીં. માટે તેને સ્વામી કહ્યા નથી. તથા અતિશયવિશુદ્ધિવાળા મિથ્યાદષ્ટિને જો સ્વામી કહીએ તો તે પણ કાં તો દેવાયુષ્ય જ બાંધે અથવા અત્યન્તવિશુદ્ધિમાં આયુષ્ય બંધાય જ નહી. ઘોલમાન પરિણામથી જ બંધાય તે માટે અતિશય વિશુદ્ધિવાળા મિથ્યાદષ્ટિ જીવોને પણ સ્વામી કહ્યા નથી.

આ રીતે પૂર્વાપરની વિચારણા કરીને મિથ્યાદષ્ટિ અને તત્પ્રાયોગ્યવિશુદ્ધ આ બન્ને વિશેષણો ગ્રંથકારશ્રીએ જે કહ્યાં છે. તે બરાબર જ છે.

નરકાયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિના બંધક આ જ તિર્યંચો અને મનુષ્યો જ સ્વામી છે. પરંતુ તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામ વાળા કહેવા. કારણ કે અતિશય સંક્લિષ્ટતામાં આયુષ્યકર્મનો બંધ જ થતો નથી. અને સંક્લિષ્ટને બદલે વિશુદ્ધ પરિણામ લઈએ તો નરકાયુષ્ય બંધાય જ નહીં અને કદાચ બંધાય તો પણ નરકાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ન બંધાય પણ જઘન્ય સ્થિતિ અથવા મધ્યમ સ્થિતિ બંધાય તે માટે તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ કહ્યા છે. કારણ કે અત્યન્ત સંક્લિષ્ટ જીવને અને અત્યન્ત વિશુદ્ધ જીવને આયુષ્યના બંધનો જ અસંભવ છે.

નરકદ્વિક અને વૈક્રિયદ્વિકના આ જ તિર્યંચ અને મનુષ્ય અત્યન્ત સંક્લિષ્ટ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધના સ્વામી જાણવા. કારણકે ગમે તેટલા વધારે સંકકિલષ્ટ થાય તો પણ અન્તે નરકપ્રાયોગ્ય જ બંધ થાય અને તેમાં નરકદ્વિકનો અને વૈક્રિયદ્વિકનો જ બંધ થાય છે.

વિકલજાતિત્રિક (બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ ત્રણ જાતિત્રિક) તથા સૂક્ષ્મત્રિક એમ કુલ છ કર્મ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ તિર્યંચ મનુષ્યો સ્વામી કહેવા. કારણ કે જો અતિસંક્લિષ્ટ પરિણામવાળા લહીએ તો તે જીવો તો આ વિકલેન્દ્રિય અને સૂક્ષ્મએકેન્દ્રિય પ્રાયોગ્ય બંધને ઓળંગીને નરકપ્રાયોગ્ય જ બંધ કરે. માટે તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ સમજવા. અને જો વિશુદ્ધ પરિણામવાળા જીવો સ્વામી લઇએ તો વિશુદ્ધિની તરતમતા પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય અથવા મનુષ્યપ્રાયોગ્ય અથવા દેવપ્રાયોગ્ય બંધ કરે. માટે ઘણું વિચારીને તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામવાળા તિર્યંચ મનુષ્યોને સ્વામી કહ્યા છે.

દેવદ્વિકના પણ તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામવાળા તિર્યંચ-મનુષ્યો જ સ્વામી કહેવા. જો અતિશય સંક્લિષ્ટ જીવો સ્વામી લેવા જઇએ તો દેવપ્રાયોગ્યથી અધોવર્તી મનુષ્ય તિર્યંચ

અને નરક પ્રાયોગ્ય બંધ કરે. અને જો સંક્લિષ્ટ પરિણામ ન લઇએ અને વિશુદ્ધ પરિણામ લઇએ તો દેવપ્રાયોગ્ય બંધ તો થાય. પરંતુ ઉત્કૃષ્ટસ્થિતિબંધ ન થાય. કારણ કે ત્રણ આયુષ્ય વિના સર્વે પણ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ અશુભ છે. માટે સંક્લિષ્ટતાથી જ બંધાય છે પણ વિશુદ્ધિથી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાતી નથી, માટે તત્પ્રાયોગ્યસંક્લિષ્ટ કહ્યા છે.

આતપ નામકર્મના ઉત્કૃષ્ટ સ્થિતિના બંધના સ્વામી ઇશાન સુધીના દેવો અતિસંક્લિષ્ટ પરિણામવાળા હોય ત્યારે સ્વામી જાણવા.ઇશાન ઉપરના જે દેવો છે તે એકેન્દ્રિયપ્રાયોગ્ય બંધ જ કરતા નથી. માટે તેને સ્વામી કહ્યા નથી. તિર્યંચ અને મનુષ્યો આ કર્મપ્રકૃતિ જો કે બાંધે છે. તો પણ તેઓ ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે તેવી સંક્લિષ્ટતામાં જ્યારે વર્તે ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધને ઓળંગીને નરક પ્રાયોગ્ય જ બંધ કરે છે માટે તિર્યંચ અને મનુષ્યોને સ્વામી કહ્યા નથી.

તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, ઉદ્યોતનામકર્મ, સેવાર્તસંઘયણ આ છ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક દેવ અને નારકીના જીવો જાણવા. આ છએ કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ અતિશય સંક્લિષ્ટ પરિણામ હોય ત્યારે બંધાય છે હવે તિર્યંચ અને મનુષ્યો જો આ છના બંધને યોગ્ય સંક્લિષ્ટતામાં વર્તતા હોય તો આ છ કર્મપ્રકૃતિઓની વધારેમાં વધારે ૧૮ કોડાકોડી સાગરોપમ જ બાંધે છે. જો ૨૦ કોડાકોડી જેવી ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે તેવા તીવ્ર કાષાયિક પરિણામ આવે તો નરકપ્રાયોગ્ય જ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. માટે તે તિર્યંચ અને મનુષ્યોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામીમાંથી વ્યુદાસ (બાદબાકી) કર્યો છે. દેવ અને નારકી ગમે તેટલા સંક્લિષ્ટ પરિણામવાળા થાય તો પણ તિર્યંચગતિ પ્રાયોગ્ય જ બંધ કરે છે અને તે કાલે આ પ્રકૃત્તિઓ બંધાય જ છે. તે માટે તેઓને સ્વામી તરીકે ગ્રહણ કર્યા છે.

અહીં સામાન્યથી છએ કર્મપ્રકૃતિના ઉત્કૃષ્ટસ્થિતિના બંધક દેવ અને નારકી એમ સામાન્ય કહ્યુ હોવા છતાં પણ સેવાર્ત સંઘયણ અને ઔદારિક અંગોપાંગ આ બે કર્મપ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિના બન્ધક સનત્કુમારાદિ દેવો સ્વામી લેવા પણ ઇશાન સુધીના દેવો સ્વામી ન લેવા. કારણ કે તે ઇશાન્ત સુધીના દેવો જો તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામમાં વર્તતા હોય તો પ્રસ્તુત આ બન્ને કર્મપ્રકૃતિઓની ૧૮ કોડાકોડી સાગરોપમ સુધીની મધ્યમ સ્થિતિ જ બાંધે છે. પણ વધારે ન બાંધે. જો વધારે સ્થિતિ બાંધે તેવા તીવ્ર કષાયવાળા પરિણામ આવે તો એટલે કે ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ હોય તો એકેન્દ્રિયપ્રાયોગ્ય જ બંધ કરે, અને એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ થાય ત્યારે સંઘયણ અને અંગોપાંગ બંધમાં આવતાં નથી. કારણ કે એકેન્દ્રિયના ભવમાં સંઘયણ કે અંગોપાંગ શરીરમાં હોતાં જ નથી.

ઉપર કહેલી કુલ ૨૮ કર્મપ્રકૃતિઓ (૧ તીર્થંકરનામકર્મ, ૧ દેવાયુષ્ય, ૨ આહારકદ્વિક, ૧૫ વિકલેન્દ્રિયત્રિકાદિ, સૂક્ષ્મત્રિક, દેવાયુષ્ય વિના ત્રણ આયુષ્ય, દેવદ્વિક, નરકદ્વિક, અને

વૈક્રિયદ્વિક, તથા ૩ એકેન્દ્રિયજાતિ, સ્થાવર અને આતપ, તથા ૬ તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, ઉદ્યોતનામકર્મ અને સેવાર્તસંઘયણ એમ કુલ (૧+૧+૨+૧૫+૩+૬ =૨૮ આ અઠ્યાવીસ પ્રકૃતિઓ) વિના બાકીની ૯૨ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક ચારે ગતિના સંક્લિષ્ટપરિણામવાળા જીવો જાણવા.

તેમાં વર્ણ ચતુષ્ક ૪, તૈજસ કાર્મણ ૨, અગુરુલઘુ, નિર્માણ, અને ઉપઘાત ૩, એમ ૯ નામકર્મની ધ્રુવબંધી, ભય અને જુગુપ્સા ૨, તથા મિથ્યાત્વમોહનીય ૧, કષાય ૧૬, જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૯ અને અંતરાય ૫, એમ કુલ ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક ચારે ગતિના મિથ્યાદષ્ટિ તીવ્રસંક્લિષ્ટ પરિણામવાળા જીવો સ્વામી જાણવા.

તથા આ ૯૨માં ૪૭ ધ્રુવબંધી છે. તેમ બાકીની ૪૫ અધ્રુવંધી છે. ૪૫ અધ્રુવબંધીમાં ૧ અસાતાવેદનીય, ૧ અરતિ, ૧ શોક, ૧ નપુંસકવેદ ૧ પંચેન્દ્રિયજાતિ, ૧ હુંડકસંસ્થાન, ૧ પરાઘાત, ૧ ઉચ્છ્વાસ, ૧ અશુભવિહાયોગતિ ૪ ત્રસચતુષ્ક, ૬ સ્થિર ષટ્ક, અને ૧ નીચગોત્ર, એમ કુલ ૨૦ પ્રકૃતિઓના સર્વથા ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામવાળા જીવો તેવા પ્રકારના તીવ્રસંક્લેશ વાળા ચારે ગતિના જીવો ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ બાંધે છે.

બાકીની અધ્રુવબંધી (૧) સાતા, ૧ રતિ, ૧ હાસ્ય, ૧ સ્રીવેદ, ૧ પુરુષવેદ, ૨ મનુષ્યદ્વિક, ૫ પ્રથમસંઘયણ પાંચ, ૫ પ્રથમનાં સંસ્થાન પાંચ ૧ પ્રશસ્ત વિહાયોગતિ, ૬ સ્થિરષટ્ક અને ૧ ઉચ્ચગોત્ર, એમ કુલ ૨૫ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિના બંધક તેના બન્ધક જીવોમાં જે જે જીવો તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામવાળા છે. તે જીવો સ્વામી જાણવા કારણ કે જો તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટને બદલે અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા જીવો સ્વામી લઈએ તો આ ૨૫ના બન્ધને ઓળંગીને અસાતા વિગેરે ઉપર કહેલી ૨૦ અશુભ પ્રકૃતિઓ બાંધે પણ આ શુભ પ્રકૃતિઓ ન બાંધે. તે માટે તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ જીવો કહ્યા છે.

આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધના સ્વામી કહ્યા. હવે જઘન્ય સ્થિતિબંધના સ્વામી કહેવાય છે. ત્યાં દેવાયુષ્ય મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્ય આ ત્રણ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ શુભ કહેવાય છે. તેની ઉત્કૃષ્ટ સ્થિતિ જેમ બને તેમ વધારે વિશુદ્ધિથી બંધાય છે તેમ જઘન્ય સ્થિતિ ઘણા જ સંક્લિષ્ટ પરિણામ હોય તો તેનાથી જ બંધાય છે.

તથા આ ૩ આયુષ્યવિના શેષ ૩૯ પુણ્યપ્રકૃતિઓ અને ૮૨ પાપપ્રકૃતિઓ એમ સર્વની જઘન્યસ્થિતિ ઘણી જ વિશુદ્ધિ હોય ત્યારે જ બંધાય છે આ નિયમને ધ્યાનમાં રાખીને જઘન્ય સ્થિતિબંધનું સ્વામિત્વ વિચારીએ.

આહારકદ્વિક અને તીર્થંકર નામકર્મ આ ૩ કર્મની જઘન્યસ્થિતિના બંધક ક્ષપકશ્રેણીમાં વર્તતા આઠમા ગુણઠાણાના છઠ્ઠાભાગના ચરમસમયવર્તી આ ત્રણ પ્રકૃતિને બાંધનારા જીવો તેના સ્વામી જાણવા. કારણ કે તેના બન્ધક જીવોમાં આ જ જીવો વધારે વિશુદ્ધિવાળા છે. અને વધારે વિશુદ્ધિ હોય ત્યારે જ જઘન્યસ્થિતિ બંધાય છે.

સંજ્વલન ચાર કષાય, પુરૂષવેદ આ પાંચ કર્મપ્રકૃતિઓના જઘન્યસ્થિતિના બંધક નવમા અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકે વર્તતા ક્ષપક શ્રેણીના જીવો નવમા ગુણસ્થાનકના તે તે ભાગના ચરમસમયમાં વર્તતા સર્વવિશુદ્ધ જીવો સ્વામી જાણવા. જેમ પુરુષવેદના સ્વામી પ્રથમ ભાગના ચરમસમયે. ક્રોધના સ્વામી બીજા ભાગના ચરમસમયે એમ માનાદિમાં પણ સમજી લેવું. કારણ કે તે પ્રકૃતિના બન્ધક જીવોમાં તે જ વધારે વિશુદ્ધ છે. તે માટે,

જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, સાતાવેદનીય યશઃકીર્તિ અને ઉચ્ચગોત્ર એમ કુલ ૧૭ કર્મપ્રકૃતિઓના જઘન્ય સ્થિતિબંધના સ્વામી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમસમયમાં વર્તનારા ક્ષપકશ્રેણીવાળા જીવો સ્વામી જાણવા. તે ૧૭ પ્રકૃતિઓના બન્ધક જીવોમાં આ જ જીવો વધારે વિશુદ્ધિવાળા છે.

વૈક્રિયષટ્ક (દેવદ્વિક, નરકદ્વિક, અને વૈક્રિયદ્વિક)ના જઘન્ય સ્થિતિબંધના સ્વામી અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવો સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા હોય, ત્યારે સ્વામી જાણવા. કારણ કે સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય એમ બે પ્રકારના જીવો જ આ કર્મ બંધે છે. (એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો દેવ-નરક પ્રાયોગ્ય બંધ કરતા નથી.) સંજ્ઞી અને અસંજ્ઞી પંચેન્દ્રિય આ બે પ્રકારના જીવોમાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવો અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ તો જઘન્યથી પણ સ્થિતિ બાંધે જ છે. જ્યારે અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો એકેન્દ્રિયજીવોના બંધ કરતાં એક હજાર ગણો બંધ કરે છે તે માટે એક સાગરોપમના સાતીયા એક હાજાર ભાગ, અને બે હજાર ભાગ આટલી જ જઘન્યસ્થિતિ બાંધે છે. તેમાં પણ પલ્યોપમનો એક સંખ્યાતમો ભાગ ન્યૂન આટલી જઘન્ય સ્થિતિ બાંધે છે. તે માટે આવા જીવો આ છ કર્મપ્રકૃતિના જઘન્ય સ્થિતિ બંધના સ્વામી જાણવા.

**પ્રશ્ન** :- આ છ પ્રકૃતિઓના અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવો જ સ્વામી કેમ લીધા ? ચારે ગતિમાંથી બીજા કોઈ જીવો કેમ ન લીધા ?

**ઉત્તર** :- દેવો, નારકી, અસંજ્ઞી પંચેન્દ્રિય (સમૂર્છિમ) મનુષ્યો, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો તો નારકીમાં અને દેવલોકમાં જન્મ પામતા જ નથી. તેથી તે જીવો આ છ કર્મપ્રકૃતિના અબન્ધક છે. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો આ છ કર્મપ્રકૃતિ બાંધે છે. પરંતુ તે જીવો અંતઃકોડાકોડી સાગરોપમથી ૨૦ કોડાકોડી સાગરોપમનો બંધ કરતા

હોવાથી મધ્યમસ્થિતિ અથવા ઉત્કૃષ્ટ સ્થિતિ જ બાંધે છે પરંતુ જઘન્યસ્થિતિ બાંધતા નથી. તે માટે તે બધા જીવોની સ્વામી તરીકે ગણના કરવામાં ઉપેક્ષા કરી છે અર્થાત્ સ્વામી તરીકે કહ્યા નથી.

ચારે પ્રકારના આયુષ્યના જઘન્ય સ્થિતિબંધના સ્વામી સંજ્ઞી અથવા અસંજ્ઞી જીવો જાણવા. ત્યાં દેવાયુષ્ય અને નરકાયુષ્યના જઘન્ય સ્થિતિબંધના સ્વામી પંચેન્દ્રિયતિર્યંચો તથા મનુષ્યો, તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા અને તત્પ્રાયોગય મંદસંકિલષ્ટતાવાળા જીવો સ્વામી જાણવા. અને મનુષ્ય આયુષ્ય તથા તિર્યંચાયુષ્યના એકેન્દ્રિયાદિ જીવો જઘન્ય સ્થિતિબંધના સ્વામી જાણવા.

ઉપર કહેલી ૩૫ પ્રકૃતિ વિના (આહારક દ્વિક અને જિનનામ ૧, પુરૂષવેદ અને સંજ્વલન ૪ કષાય એમ ૫, દસમાં ગુણઠાણે બંધાતી જ્ઞાનાવરણીયાદિ ૧૭, વૈક્રિય ષટ્ક ૬, અને ચાર આયુષ્ય ૪, આ પ્રમાણે ૩+૫+૧૭+૬+૪ = ૩૫ પ્રકૃતિ વિના) બાકીની ૮૫ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધના સ્વામી બાદર પર્યાપ્તા એકેન્દ્રિયજીવો સર્વવિશુદ્ધ પરિણામવાળા હોય ત્યારે જઘન્ય સ્થિતિબંધના સ્વામી જાણવા.

બીજા એકેન્દ્રિય જીવોમાં સૂક્ષ્મ અથવા અપર્યાપ્તા એકેન્દ્રિય જીવોમાં તેવા પ્રકારની વિશુદ્ધિ ન હોવાથી મોટી સ્થિતિ બાંધે છે પણ જઘન્ય સ્થિતિ બાંધતા નથી માટે ત્યાં જઘન્ય સ્થિતિબંધ પ્રાપ્ત થતો નથી. વિકલેન્દ્રિય જીવોમાં તથા પંચેન્દ્રિયજીવોમાં એકેન્દ્રિય જીવો કરતાં વિશુદ્ધિ વધારે મળી શકે છે. પરંતુ તે જીવો પોતાના ભવસ્વભાવે જ એકેન્દ્રિય કરતાં ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ ગણી કે સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં તો તેનાથી પણ વધારે જ સ્થિતિ બાંધે છે. તે માટે શેષ સર્વજીવોનો વ્યુદાસ (ત્યાગ) કરીને ઉપર કહેલા એકેન્દ્રિય જીવોને જ સ્વામી કહ્યા છે. આ પ્રમાણે આ જઘન્ય સ્થિતબંધના સ્વામી સમાપ્ત કર્યા ॥ ૧૦૧ ॥

**एवं बन्धनकरणे परूविए सह हि बन्धसयगेणं ।**
**बन्धविहाणाभिगमो सुहमभिगंतुं लहुं होइ ॥ १०२ ॥**

**ગાથાર્થ-** આ પ્રમાણે બન્ધશતક નામના પાંચમા કર્મગ્રંથની પ્રરૂપણા સાથે રાખીને બન્ધનકરણની પ્રરૂપણા કરે છતે બન્ધના સર્વે પણ ભેદો સુખે સુખે જલ્દી સમજાય તેમ છે ॥ ૧૦૨ ॥

**વિવેચન-** આ પ્રમાણે ઉપર કહેલી પ્રક્રિયા પ્રમાણે આ બન્ધન કરણ બન્ધશતક નામના પાંચમા કર્મગ્રન્થની સાથે સાથે પ્રરૂપણા કરાયે છતે ચૌદપૂર્વમાં રહેલા બન્ધના ભેદનું વિશિષ્ટજ્ઞાન સુખે સુખે થાય તેમ છે. પાંચમા કર્મગ્રંથની સાથે આ બન્ધનકરણ કહ્યું. આમ જે મૂલગાથામાં ગ્રંથકારશ્રીએ કહ્યું છે. તેવા પ્રકારના આ વચનોચ્ચારના કારણે આ

કર્મપ્રકૃતિ અને પ્રાચીન શતકનામનો પાંચમો કર્મગ્રંથ એમ આ બન્ને ગ્રંથોના કર્તા એક જ છે. આમ એકકર્તૃકતા સુખે સુખે જણાય છે.

તથા સમુચ્ચયપણે આ બન્ને ગ્રંથોનું અર્થજ્ઞાન અવશ્ય પરસ્પર ઉપયોગી છે. એટલે કે પાંચમો પ્રાચીન કર્મગ્રંથ જેને સારો આવડતો હોય તેને જ આ કમ્મપયડિ સુખે સુખે સમજાય છે. અને આ કમ્મપયડિ જેને સમજાઈ હોય તેને જ પ્રાચીન શતક નામનો પાંચમો કર્મગ્રંથ સમજાય છે એમ બન્નેનું જ્ઞાન પરસ્પર ઉપયોગી છે. પરસ્પર સહાયક છે. આવો ભાવ ગ્રંથકારશ્રીએ જણાવ્યો છે.

इष्यमाण શબ્દ મૂલગાથામાં નથી તેથી અધ્યાહારથી લઈ લેવો અને આવો અર્થ સંગત કરવો કે સુખે સુખે જાણવાની જેની ઇચ્છા છે. તેને એટલે કે સુખે જાણવાની ઇચ્છાવાળાજીવો જો શતકનામના પાંચમા કર્મગ્રંથને સાથે રાખે તો શીઘ્ર-તુરત જ આ બન્ધનકરણ સમજાય તેમ છે. અન્યથા થોડુંક કષ્ટકારી પણ બને. માટે પાંચમો કર્મગ્રંથ અત્યન્ત મુખપાઠ રાખવો. જેથી બન્ધનકરણ સુખબોધ થાય.

**विवृतं बन्धनकरणं, कर्मप्रकृत्तौ गभीर भावायाम् ।**
**श्रीनयविजय बुधानां, कृपयैव यशोविजयसुधिया ॥ १ ॥**

ગાથાર્થ- પંડિત એવા શ્રીનયવિજયજી ગુરુ મહારાજની કૃપા વડે જ પંડિત એવા શ્રી યશોવિજયજી વડે ગંભીરભાવો વાળી (અતિશય સૂક્ષ્મ અર્થવાળી એવી) આ કર્મપ્રકૃતિ નામગ્રંથમાં બન્ધનકરણનું વિવરણ સમાપ્ત કરાયું. ॥ ૧ ॥

આ પ્રમાણે આ બન્ધનકરણનું ગુજરાતી વિવેચન પણ સમાપ્ત થયું ॥ ૧૦૨ ॥

**समाप्त**



**ઉપકારી મહાત્માઓના ઉપકારોની સદા સ્મૃતિ રહેજો...**

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રી શિવશર્મસૂરીશ્વરજી મ.સા. કૃત આ કમ્મપયડિ અર્થાત્ કર્મપ્રકૃતિ નામનો ગ્રંથ એ એક મહાગ્રંથ છે.

તેમાં પ્રવેશ પામવો પણ અતિશય દુષ્કર છે. પાંચમા આરાના વિષમકાળમાં દિન-દિન ન્યૂન થતા ધાર્મિક અભ્યાસવાળા કાળમાં આવા મહાગ્રન્થો ઉકેલવા અને તેનો સતત અભ્યાસ ચાલુ રાખવો ઘણો જ દુર્લભતર છે.

એટલા જ માટે પૂર્વના મહાપુરુષોએ આપણા માટે તેનું વિવેચન સમજાવવા ચૂર્ણિ અને ટીકાઓ બનાવી છે. સંસ્કૃતભાષા જ લુપ્ત પ્રાયઃ થતી જાય છે. તે જોઈને અમે આ ગ્રંથ ચિરંકાળ અભ્યાસમાં ચાલુ રહે એમ સમજીને શક્ય બન્યું તેટલું ગુજરાતી ભાષામાં સરળ રૂપાન્તર કર્યું છે. હવે બીજા ભાગમાં સંક્રમણ, ઉદ્વર્તના અને અપવર્તનાકરણ આવશે. ત્રીજા ભાગમાં ઉત્તરણા અને ઉપશમનાકરણ આવશે અને ચોથા ભાગમાં નિદ્ધતિ-નિકાચના ઉદય અને સત્તા તથા શેષ અધિકાર આવશે.

સર્વે જિજ્ઞાસુ આત્માઓ આવા ગ્રન્થનો નિરંતર આદિથી અંત સુધી અભ્યાસ કરે અને પોત પોતાના જન્મને સફળ કરે.

આવા ગ્રન્થો બનાવનારા મહાત્મા,
પુરુષોને વારંવાર નમસ્કાર

એ જ આશા
દ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106